# યુવ
# વિચાર

# INDEX


| વિષય | પાના નંબર |
| --- | --- |
| I જીવ વિચાર | ૧ |
| II એકેન્દ્રિય (સ્થાવર) જીવો : | ૨૪ |
| (a) પૃથ્વીકાય | ૨૯ |
| (b) અપકાય | ૪૫ |
| (c) તેઉકાય | ૮૭ |
| (d) વાઉકાય | ૧૦૩ |
| (e) વનસ્પતિકાય : | ૧૧૦ |
| (i) પ્રત્યેક વનસ્પતિકાય | ૧૧૮ |
| (ii) સાધારણ વનસ્પતિકાય | ૧૪૪ |
| III વિકલેન્દ્રિય (ત્રસ) જીવો : | ૧૭૯ |
| (a) બેઈન્દ્રિય | ૧૮૦ |
| (b) તેઈન્દ્રિય | ૨૩૪ |
| (c) ચઉરિન્દ્રિય | ૨૬૫ |
| IV પંચેન્દ્રિય (ત્રસ) જીવો : | ૨૭૮ |
| (a) દેવ | ૨૮૩ |
| (b) તિર્યંચ પંચેન્દ્રિય | ૨૯૮ |
| (c) નારક | ૩૨૮ |
| (d) મનુષ્ય | ૩૩૬ |
| V જીવનાં ૫૬૩ ભેદ સંબંધી ૫ દ્વાર : | ૩૫૬ |
| (a) શરીર-અવગાહના દ્વાર | ૩૫૬ |
| (b) આયુષ્ય દ્વાર | ૩૬૪ |
| (c) સ્વકાયસ્થિતિ દ્વાર | ૩૭૪ |
| (d) પ્રાણ દ્વાર | ૩૭૬ |
| (e) યોનિ દ્વાર | ૩૭૯ |
| VI સિદ્ધ - મુક્ત જીવો | ૩૮૫ |


KOKUYO W-N8230L

No. ..........
Date

# જીવ-વિચાર ગ્રંથનું સરળ વિવેચન

કીડી હોય કે હાથી, માણસ હોય કે દેવ, ચૌદ રાજલોકનાં તમામે તમામ જીવો હમણાં સુધીનાં પોતાનાં ભૂતકાળનાં દરેક ભવોમાં સુખ મેળવવાં જ ઈચ્છે છે, સુખ મેળવવાનાં જ પ્રયત્નો કરે છે. એક પણ જીવ દુઃખને ઈચ્છતું નથી. પરંતુ, સુખના સાચા સ્વરૂપની સમજ ન હોવાને લીધે, સુખ મેળવવાની ખાસ ઈચ્છા તથા પ્રયત્નો હોવાં છતાંય સુખને બદલે દુઃખ, દુર્ગતિ અને દુર્મતિનાં શિકાર મોટાં ભાગનાં સંસારી જીવોને બનવું પડે છે. તો ચાલો, હવે સુખની સાચી સમજ મેળવી, તે સુખને મેળવવાં માટેનાં પ્રયત્નો આજથી જ શરૂ કરીએ.

## સુખનાં ૨ પ્રકાર

| સાંસારિક સુખ | મોક્ષ સુખ |
|---|---|
| • નાશવંત, ક્ષણિક સુખદાયી, દુઃખદાયક, આત્મપાપકારી, મલિનકારક, આભાસિક સુખ, ઈન્દ્રિયજન્ય સુખ | • શાશ્વત, અનંત, સુખદાયી, આત્મ સુખદાયક, આત્મ-પવિત્રકારી, વાસ્તવિક સુખ, આત્મજન્ય સુખ |

મોક્ષનું (સાચું) સુખ મેળવવા માટેના કુલ બે મુખ્ય ઉપાયો

| | |
|---|---|
| સંસાર માર્ગ છોડવો પડે | મોક્ષ માર્ગ પકડવો પડે |
| **સંસાર માર્ગ =** સાંસારિક જ્ઞાન + સાંસારિક ક્રિયાનું સેવન | **મોક્ષ માર્ગ =** ધાર્મિક-આત્મિક જ્ઞાન + ધાર્મિક ક્રિયાનું સેવન |
| **સાંસારિક જ્ઞાન =** C.A. ડૉક્ટર વગેરેની ડીગ્રી મેળવવી | **ધાર્મિક જ્ઞાન =** જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરવો. |
| **સાંસારિક ક્રિયા =** લગ્ન કરવા, પૈસા કમાવવા વગેરે | **ધાર્મિક ક્રિયા =** સામાયિક, પૂજાદિ ધર્મક્રિયાઓ |

KOKUYO W-N6280U

∴ સાંસારિક જ્ઞાન + સાંસારિ ક્રિયા = સંસાર માર્ગ | ધાર્મિક જ્ઞાન + ધાર્મિક ક્રિયા = મોક્ષ માર્ગ




એટલે, ઉપરનાં ચિત્ર અનુસાર,
સાંસારિક જ્ઞાન + સાંસારિક ક્રિયા રૂપ સંસાર માર્ગે ચાલવાથી
↓ ફળ સ્વરૂપે
ચાર ગતિનો સંસાર આપણને મળે છે.
તેમજ, ધાર્મિક જ્ઞાન + ધાર્મિક ક્રિયા રૂપ મોક્ષ માર્ગે ચાલવાથી
↓ ફળ સ્વરૂપે
મોક્ષ-મુક્તિ-સિદ્ધગતિ આપણને મળે છે.

એટલે, તમામે તમામ પ્રકારનાં સાંસારિક મિથ્યાજ્ઞાન (Doctor, C.A. વગેરેની degree) તથા સાંસારિક ક્રિયાઓ (પૈસા કમાવવા, લગ્ન કરવા વગેરે) ના સેવનથી આત્માનો ભવભ્રમણરૂપ ચાર ગતિનો સંસાર વધે છે. તેથી જેમ-જેમ સાંસારિક જ્ઞાન + સાંસારિક ક્રિયાઓ છૂટતી જાય અથવા તો ઓછી થતી જાય, તથા જેમ-જેમ તેમના પ્રત્યેનો રસ ઘટતો જાય અને ઉદાસીનતા વધતી જાય, તથા બીજુ બાજુ, જેમ-જેમ ધાર્મિક જ્ઞાન + ધાર્મિક ક્રિયાઓમાં વધારો થતો જાય, તેમ-તેમ આપણો આત્મા ઝડપથી વિકાસ સાધીને સદ્‌ગતિ + પરમગતિ (મોક્ષ) રૂપી મંઝિલ-પ્રાપ્તિની બાજુમાં જતો જાય છે. મોક્ષરૂપી મંઝિલ મેળવવી હોય તો આ ઉપાયને અમલમાં લાવવો જ પડશે. શું પડશે ને ???

પ્રશ્ન: મોક્ષ મેળવવા માટે એકલું જ્ઞાન હોય કે એકલી ક્રિયા હોય, તો શું ચાલે?

જવાબ: મોક્ષ મેળવવા માટે, એકલું ધાર્મિક જ્ઞાન હોય તો પણ ન ચાલે અને એકલી ધાર્મિક ક્રિયાઓનું સેવન હોય તો પણ ન ચાલે. પરંતુ, ધાર્મિક જ્ઞાન + ધાર્મિક ક્રિયા → બંનેનું સેવન જીવનમાં વ્યવસ્થિત ચાલુ હોય તો જ સદ્‌ગતિ + પરમગતિ (મોક્ષ) ની પ્રાપ્તિ થાય.

દા.ત.: એકલો આંધળો અથવા એકલો લંગડો જંગલને પાર નહીં ઉતરી શકે. પરંતુ, બંને જો ભેગાં થઈ જાય, તો જ જંગલને પાર ઉતરી શકે. એ જ રીતે, માત્ર ધાર્મિક જ્ઞાન અથવા માત્ર ધાર્મિક ક્રિયાથી મોક્ષ ન મળે. પરંતુ, બંને ભેગાં થવાથી જ સદ્‌ગતિ અને પરમગતિ (મોક્ષ) મળે છે, એટલે કે ચાર ગતિરૂપ સંસાર જંગલને પાર ઉતરી શકાય છે.

**( જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ: )**

પ્રશ્ન: ધાર્મિક ક્રિયા અને ધાર્મિક જ્ઞાનમાંથી વધુ મહત્વ શેનું? શા માટે?

જવાબ: ધાર્મિક ક્રિયા કરતાંય ધાર્મિક જ્ઞાનનું મહત્વ વધુ છે, કારણ કે,

(૧) જ્ઞાન સાથેની અલ્પ ધર્મ ક્રિયાઓ પણ આત્માને વિશેષ ફળ અપાવે છે, જ્યારે, જ્ઞાન વિનાની ઘણી બધી ધર્મ ક્રિયાઓ પણ આત્માને ફક્ત સામાન્ય ફળ અપાવે છે.

દા.ત. મજૂરને દસગણી મહેનત મજૂરી કરવા છતાંય C.A. આદિના દસમા ભાગની કમાણી પણ માંડમાંડ થાય છે. જ્યારે, બીજુ બાજુ, એન્જીનીયર, ડૉક્ટર, C.A. વગેરે તો મજૂરની અપેક્ષાએ દસમા જ ભાગની મહેનત કરવા છતાંય મજૂર કરતાં તો દસગણી કમાણી કરી લે છે. કારણ કે, મજૂર પાસે મહેનત કરવા સ્વરૂપ પૈસા કમાવવાની ક્રિયા ઘણી હોવા છતાંય વ્યાવહારિક જ્ઞાન તેની પાસે નથી. સંસારના ક્ષેત્રે આ કાયદો છે તો ધર્મક્ષેત્રે પણ આ જ કાયદો લાગુ પડે છે.

(૨) તમારાં સંસારમાં પણ ધંધાકીય સંપૂર્ણ જ્ઞાન, સમજણ, આવડત, હોંશિયારી મેળવ્યાં બાદ જ તમે તમારાં પુત્રને તમારા ધંધાની પેઢી સોંપો છો. પરંતુ, ધંધાનું જ્ઞાન મેળવ્યાં વગર તમે તમારી દુકાનની પેઢી પુત્રને ન સોંપો. એ જ રીતે, સમજણ-જ્ઞાન મેળવીને ધર્મની ક્રિયાઓમાં જોડાવવાથી, આપણને વિશેષ લાભ થાય છે. કારણ કે, જ્ઞાન સાથેની થતી અલ્પ ધર્મ-આરાધનાનું બળ અનેક ગણું વધી જતું હોવાથી, આત્માને કર્મ નિર્જરા રૂપ વિશેષ ફળ મળે છે.

(૩) પંચાચારમાં જ્ઞાનાચાર પ્રથમ :

જ્ઞાનાચાર સહિતનાં, પાછળનાં ચાર આચારોનું સેવન, જો અલ્પ પ્રમાણમાં હોય, તો પણ આત્માને વિશેષ ફળ મળે છે. જ્યારે, બીજી બાજુ, જ્ઞાનાચાર રહિતનાં, પાછળનાં ચાર આચારોનું સેવન, વિશેષ પ્રમાણમાં હોવા છતાંય આપણને ફક્ત સામાન્ય ફળ મળે. એટલે કે, જ્ઞાન (સમજણ) સાથેની પ્રભુભક્તિ, સામાયિક, પૌષધ, તપશ્ચર્યાદિ હોય તો જ વિશેષ ફળ મળે છે.

આપણે સહુ, ક્રિયાઓ તો ઘણી કરીએ છીએ, પણ, હવે સમજણ (જ્ઞાન) સાથેની ક્રિયા થાય, તે માટે આ 'જીવ-વિચાર' ગ્રંથના અભ્યાસનાં માધ્યમે જ્ઞાનનાં માર્ગે વિકાસ સાધવાનો કાંઈક પ્રયત્ન કરીએ.

પ્રશ્ન : પંચાચાર કયા-કયા છે ?

જવાબ :

પંચાચાર → જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર

(૧) જ્ઞાનાચાર : ગાથા, સ્વાધ્યાયાદિ કરવું-કરાવવું
(૨) દર્શનાચાર : પ્રભુભક્તિ સંબંધી પૂજા, સ્નાત્રાદિ આચાર
(૩) ચારિત્રાચાર : સામાયિક, પૌષધ આદિ
(૪) તપાચાર : તપમાં જોડાવું
(૫) વીર્યાચાર : ઉપરનાં ચાર આચારોમાં વિશેષ સત્વ ફોરવવું, શક્તિ ન છુપાવવી.

શ્રાવકો માટે પાયાનું જ્ઞાન (જરૂરી જ્ઞાન) કયું ?

| ૪ પ્રકરણ | 3 ભાષ્ય | ૬ કર્મગ્રંથ |
| --- | --- | --- |
| • જીવ-વિચાર | • ચૈત્યવંદન ભાષ્ય | |
| • નવ તત્વ | • ગુરુવંદન ભાષ્ય | |
| • દંડક | • પચ્ચક્ખાણ ભાષ્ય | |
| • લઘુ સંગ્રહણી | | |

પ્રશ્ન : આ ગ્રંથનું 'જીવ-વિચાર' નામ શા માટે ?
જવાબ: આ ગ્રંથમાં, જીવ અંગે વિશેષથી વિચારણા કરવાની છે. તેથી, આ ગ્રંથનું નામ પડાયું છે → 'જીવ-વિચાર'.

∴ જીવ + વિચાર = જીવવિચાર

પ્રશ્ન : અભ્યાસક્રમમાં સૌ પ્રથમ જીવ-વિચાર શા માટે ?
જવાબ : ભૂતકાળનાં અનંતા ભવો તથા આ ભવમાં પણ, હમણાં સુધી આપણે બધાંએ, અજીવ (જડ પદાર્થો) ની તથા અન્ય જીવોની વિચારણાં કરી છે. પરંતુ, સ્વજીવનો વિચાર પ્રાયઃ કરીને નથી કર્યો. એના લીધે જ, આપણું ચાર ગતિનું ભવભ્રમણ હજુ ચાલું છે. એટલે અનાદિકાળથી, જગતની ચિંતા - સુધારણાં - વધારણાં માટેની ચાલતી આપણી ભૂલનું પુનરાવર્તન અટકાવવા અને સ્વ આત્મ - જીવ દ્રવ્યની ચિંતા - સુધારણાની શરૂઆત કરવા માટે .....

પ્રશ્ન : જીવ-વિચાર માં શું ભણશો ?
જવાબ: જીવોના પ્રકાર, ઉંચાઈ, આયુષ્ય, હિંસાથી બચવાનાં ઉપાયો આદિ.

પ્રશ્ન : જીવવિચાર નાં માધ્યમે જીવદયા પાળવાથી શું લાભ ?
જવાબ : (૧) "જૈસી કરની વૈસી ભરની, જો બોયેગા વહી પાયેગા,
જેવું વાવો તેવું લણો, જેવું આપો તેવું મળે,
જેવું જોઈએ તેવું આપો."

આ નિયમો અનુસારે, આપણી શાતા, સુખ, શાંતિ, સમતા, સમાધિ, સદ્ગતિ અને પરમગતિ (મોક્ષ) નું Reservation (રીઝર્વેશન) કરાવવાં માટે અન્યને પણ સુખ, શાંતિ, શાતા, સમતા, સમાધિ આપવી જરૂરી છે. જીવદયા પાળનાર બીજાને શાતા, સમાધિ આપવાને લીધે, પોતે પણ અશાતા રોગનો શિકાર જલ્દી ન બને. રોગના ઉદયમાં પણ, સમભાવે પીડાને સહન કરી શકે. મૃત્યુ સમાધિમય મળે, પરલોક સદ્ગતિમય બને અને ટૂંક સમયમાં પરમગતિ મળે.

દા.ત. [A] પોતાની શાતા-સમાધિ માટે ૨૪ કલાક બીજા જીવોને અશાતા, અસમાધિ આપીને જીવન જીવનારાં સંસારીઓને, પ્રાયઃ કરીને, અસમાધિ મૃત્યુ મળે છે. તેઓને સમાધિ મરણ દુર્લભ છે. બીજા

બાજુ, સાધુ-સાધ્વીજી ભગવંતોને તો પ્રાય: કરીને સમાધિ મૃત્યુ જ મળે છે. કારણ કે, તેઓ ચોવીસે કલાક, જીવદયા પાળવાનાં માધ્યમે, અન્યને શાતા, સમાધિ આપનારાં હોય છે. પોતાનાં સમગ્ર જીવન દરમિયાન બીજાં જીવોને શાતા, સમાધિ આપનારનું સંપૂર્ણ જીવન પણ શાતા, સમાધિમય પસાર થાય + મરણ સમાધિમય મળે + પરલોક પણ સદ્‌ગતિમય મળે છે.

શું કરવું છે ?? શું જોઈએ છે ??

(B) ભૂતકાળમાં રોગોની અને રોગીઓની સંખ્યા ઓછી હતી અને આજે, વધુ પડતી હિંસા અને બીજાં જીવોને અશાતા મળે એવી જીવનશૈલી થવાને કારણે, રોગોની અને રોગીઓની સંખ્યા ઘણી વધી છે. આ વસ્તુ આજે સ્પષ્ટપણે આપણને જોવા મળે છે. એટલે, નિરોગી અને સ્વસ્થ જીવન જીવવાની જો ઈચ્છા હોય, તો વધુમાં વધુ જીવદયા પાળવાનાં માધ્યમે, બીજાં જીવોને વધુમાં વધુ શાતા-સમાધિ આપતાં રહેવું અત્યંત જરૂરી છે. જીવદયાનાં પ્રભાવે તમારું સંપૂર્ણ જીવન આરોગ્ય સ્વસ્થતા પૂર્વક પૂરું થશે, તેની ખાતરી હું નહીં પરંતુ જ્ઞાની ભગવંતો આપે છે.... હવે શું કરવું છે ???

(૨) આજે કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, લેપટોપ અને મોબાઈલનાં યંત્ર યુગમાં કઠોર થઈ ગયેલ આપણાં હૃદયની ભૂમિને કોમળ કરવાં માટે જીવદયા પાળવી જરૂરી છે. હૃદય કઠોર હોય તો મળેલ ઉંચામાં ઉંચી તરવાની સામગ્રી પણ નિષ્ફળ સાબિત થાય. બીજી બાજુ, હૃદય કોમળ હોય તો મળેલ સામાન્ય સામગ્રી પણ આત્માને વિશેષ લાભ કરાવે છે.

દા.ત.: ખેડૂત બંજર ભૂમિમાં સારામાં સારાં બીજની વાવણી કરવા છતાંય તે નિષ્ફળ જાય અને કોમળ, ફળદ્રુપ ભૂમિમાં સામાન્ય બીજની વાવણી કરે તો પણ વિશેષ ફળ પામે. એજ રીતે, કઠોર હૃદયથી કરેલ ઉંચામાં ઉંચો ધર્મ પણ નિષ્ફળ સાબિત થાય અથવા સામાન્ય ફળ આપે. અને કોમળ હૃદયથી કરેલ નાનાંમાં નાનો ધર્મ પણ સફળ સાબિત થાય અને વિશેષ ફળ અપાવે.

દા.ત.: કોમળ હૃદયથી કરેલ નાગકેતુની પૂજા તેમને કેવળજ્ઞાન અપાવે અને અઈમુત્તામુનિની પણ કોમળ હૃદયથી કરેલ ઈરિયાવહી તેમને કેવળ-

જ્ઞાનનું ફળ અપાવે છે. સંગમનું માત્ર એક જ વખતનું કરેલ સુપાત્રદાન પણ, કોમળ હૃદયથી કરેલ હોવાથી, તેને પણ ફળ સ્વરૂપે શાલિભદ્રનો ભવ + અનાસક્ત ભાવ + સંયમ જીવન વિગેરે ઉત્તમ ફળોની પ્રાપ્તિ કરાવે છે. બીજી બાજુ, વર્ષોથી પૂજા, ઈરિયાવહી અને સુપાત્રદાનનો ધર્મ, હૃદયની કોમળતા વગર કરવાને લીધે, આપણને જોઈએ તેવું ફળ હજુ સુધી મળ્યું નથી. તેથી, ઉંચામાં ઉંચી તરવાની સામગ્રીઓને પણ નિષ્ફળ કરી નાંખનાર આપણાં કઠોર હૃદયને, જીવદયાના પ્રભાવે કોમળ બનાવવાં માટે જ આપણે આ જીવ-વિચાર ગ્રંથ ભણીશું. ફાવશે ને ???

(3) જીવદયાનાં પરિણામોની હાજરીમાં કદાચ અજાણતાંમાં થોડી જીવ વિરાધના થઈ જાય તો પણ, હિંસા નિમિત્તે અલ્પ કર્મ બંધ થાય છે. બીજી બાજુ, જીવદયાના ભાવોના અભાવે, જીવહિંસા ન થવા છતાંય કર્મબંધ તો સતત ચાલુ જ રહે છે. કારણ કે, કર્મબંધનું મુખ્ય કારણ પ્રવૃત્તિ નથી પરંતુ આંતરિક પરિણામો છે. તેથી, માત્ર બાહ્ય પ્રવૃત્તિનાં આધારે જ લાભ કે નુકસાન નથી થતું. પરંતુ, આપણી આંતરિક પરિણતીનાં આધારે જ, આત્માને મુખ્ય લાભ કે નુકસાન થાય છે.

દા.ત.: બિલાડીને ૨૩ કલાકની જીવહિંસા (ઉંદરને મારવાની) ન હોવા છતાં પણ, પરિણામમાં હિંસા હોવાને કારણે, કાયાના સ્તરે હિંસા ન થવા છતાં પણ, કર્મબંધ ૨૪ કલાક માટે સતત ચાલુ જ રહે છે. અને તે કાળે, કાયાના સ્તરે જીવહિંસાનો ત્યાગ હોવાં છતાં પણ, તે જીવદયા નિમિત્તે, બિલાડીને કોઈ જ લાભ થતો નથી. કારણ કે, ઉંદરના અભાવે, બાહ્ય દ્રષ્ટિએ બિલાડી કોમળ-નિર્દોષ અને શાંત દેખાવવા છતાંય, ઉંદરને પકડીને ખલાસ કરવાનાં ક્રૂર પરિણામો એનાં હૃદયમાં ચોવીસે કલાક માટે સતત રમતાં હોય છે. તેથી, જીવહિંસા નિમિત્તે કર્મબંધ તો ચોવીસે કલાક બિલાડીને ચાલુ જ રહે છે. એજ રીતે, સાંસારિક જવાબદારીને લીધે, બાહ્ય દ્રષ્ટિએ થોડી જીવહિંસા થવા છતાંય, જીવદયાનાં પરિણામોથી ચોવીસે કલાક હૃદય ભીનું રાખનારને હિંસા નિમિત્તે અલ્પ કર્મબંધ થાય અને જીવદયા નિમિત્તે સતત કર્મ નિર્જરા ચાલુ જ રહે છે.

દેરાસરથી ઘરે જતી વખતે, કોઈ શ્રાવક નીચે જોયા વિના જો ચાલે અને એકપણ કીડી જો ન મરે, તો પણ, જીવદયાનાં પરિણામો હૃદયમાં

ન હોવાથી, કર્મબંધ થાય છે. જ્યારે, બીજી બાજુ, કાળજી રાખીને, જાગૃતિપૂર્વક, નીચે જોઈને ચાલવાં છતાં પણ, અજાણતામાં કદાચ કોઈક કીડી મરી જાય, તો પણ, અલ્પ ... કર્મબંધ થાય છે. કારણ કે, હૃદયમાં પરિણામ તથા પ્રયત્ન તો જીવદયા પાળવાનો જ છે. શુભ-અશુભ કર્મબંધનું મુખ્ય કારણ → બાહ્ય પ્રવૃત્તિ નથી, પરંતુ, આંતરિક પરિણામો છે. તેથી, જો શક્ય બને તો, આપણી બાહ્ય પ્રવૃત્તિ + આંતરિક પરિણતી, બંનેને બગડવા ન દેવું. તેથી મોક્ષ માર્ગે જરૂરથી વિકાસ સાધી શકાશે. કર્મ સંયોગે, બાહ્ય પ્રવૃત્તિ કદાચ બગાડવી પડે, ત્યારે પણ જો આંતરિક પરિણતિને બગડવા ન દઈએ તો, મોક્ષ માર્ગે આપણી વિકાસ યાત્રા, ધીરે-ધીરે કરીને પણ ચાલુ જ રહેશે. સતત જીવદયાનાં પરિણામોથી હૃદય ભાવિત કરવાનો આ મોટો લાભ ચોવીસે કલાક માટે આપણે મેળવી શકીએ.

❀ <u>જીવ + અજીવનાં સમાનાર્થી / એકાર્થી શબ્દો</u>:

- જીવ = આત્મા = ચેતન = પ્રાણી
- અજીવ = અનાત્મા = અચેતન = જડ

❀ <u>'અજીવ'ની વ્યાખ્યા</u>: નીચે આપેલ 'જીવ'ની વ્યાખ્યાથી વિરુદ્ધ તમામ વ્યાખ્યાઓ અજીવ માટે સમજી લેવી.

❀ <u>'જીવનાં જુદાં-જુદાં નામોના આધારે જુદી-જુદી વ્યાખ્યાઓ</u>:

- જીવ : જે જીવે તેને 'જીવ' કહેવાય.
- ચેતન : જેનામાં ચેતના હોય તેને 'ચેતન' કહેવાય.
  (દા.ત. ટેબલને હથોડો મારવા છતાંય ચીસ ન પાડે. કારણ કે, તેનામાં ચેતના નથી. જ્યારે આપણને સહેજ વાગે તો પણ આપણે ચીસ પાડીએ. કારણ કે, આપણામાં ચૈતન્ય (ચેતના) છે.)
- પ્રાણી : જેનામાં પ્રાણ હોય તેને 'પ્રાણી' કહેવાય.

પ્રશ્ન: પ્રાણોને ધારણ કરનારનાં આધારે આપણે 'પ્રાણી'ની વ્યાખ્યા તો કરી, પરંતુ, ખરેખર 'પ્રાણ' એટલે શું?

No.

Date

જવાબ : લૌકિક માન્યતા મુજબ (અજૈનોમાં) પ્રાણ = શ્વાચ્છોશ્વાસ તરીકે મનાય છે. દા.ત. (૧) શ્વાસ અટકે ત્યારે કહેવાય કે 'પ્રાણ નીકળી ગયાં' અથવા 'પ્રાણ પંખેરું ઉડી ગયું.'
(૨) પ્રાણ (શ્વાચ્છોશ્વાસ) ને આયામ (કાબૂમાં) રાખવાની પ્રક્રિયા = પ્રાણાયામ કહેવાય (રામદેવબાબા મુજબ). અહીં પણ 'પ્રાણ' નો અર્થ શ્વાચ્છોશ્વાસ તરીકે જ કરાયેલ છે.

પરંતુ, આપણી માન્યતા મુજબ માત્ર 'શ્વાચ્છોશ્વાસ' તે જ પ્રાણ તરીકે નથી મનાતું. પરંતુ, તે સિવાય બીજી ૯ વસ્તુઓને પણ પ્રાણ તરીકે જૈન શાસન સ્વીકારે છે. તે નીચે મુજબ છે.

લોકોત્તર માન્યતા મુજબ (જૈન શાસનમાં) પ્રાણ = શ્વાચ્છોશ્વાસ + ૯ = કુલ ૧૦ પ્રાણ મનાય છે.

❀ **કુલ ૧૦ પ્રાણ :** ૫ ઈન્દ્રિય (ચામડી, જીભ, નાક, આંખ, કાન)
+ ૩ બળ (મનબળ, વચનબળ, કાયબળ)
+ શ્વાચ્છોશ્વાસ
+ આયુષ્ય
___
૧૦ પ્રાણ

- મનબળ = મળેલ મન દ્વારા વિચારવાનું બળ
- વચનબળ = મળેલ જીભ દ્વારા બોલવાનું બળ
- કાયબળ = મળેલ પોતાના શરીર દ્વારા પ્રવૃત્તિ કરવાનું બળ.

❀ **પ્રાણી :** આ પ્રાણો જેની પાસે હોય તેને જ 'પ્રાણી' અથવા 'જીવ' કહેવાય.

પ્રશ્ન : જન્મ, જીવન અને મરણ એટલે શું ?

જવાબ :
- જન્મ : પ્રાણોની પ્રાપ્તિ થવી.
- જીવન : મળેલા પ્રાણોને ટકાવવા.
- મરણ : પ્રાણોથી રહિત થવું, પ્રાણોને છોડી દેવું, મળેલાં પ્રાણોથી આત્માનું છૂટાં થવું કે છૂટાં પડવું.

## ❀ બધાં જીવોનો ૫ (પાંચ) ભેદોમાં સમાવેશ

જીવ (૫) ભેદ

↓ એકેન્દ્રિય | ↓ બેઈન્દ્રિય | ↓ તેઈન્દ્રિય | ↓ ચઉરિન્દ્રિય | ↓ પંચેન્દ્રિય

KOKUYO W-N8280U

એકેન્દ્રિય : વનસ્પતિ વિગેરે
બેઈન્દ્રિય : શંખ, અળસિયાં આદિ
તેઈન્દ્રિય : કીડી, મંકોડા આદિ
ચઉરિન્દ્રિય : માખી, ભમરો વિગેરે
પંચેન્દ્રિય : નારક, દેવ, મનુષ્ય, પશુ-પંખી

પ્રશ્ન : ક્યા જીવો પાસે કેટલા પ્રાણ હોય ? અથવા દરેક જીવોને પ્રાણ કેટલા ?

જવાબ : • ખાસ નોંધ : સંસારી દરેકે દરેક જીવ પાસે ઓછામાં ઓછા ચાર પ્રાણ તો હોય જ : ૧ ઈન્દ્રિય + ૧ બળ + શ્વાસોશ્વાસ + આયુષ્ય

• એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય જીવોમાં, તમામે તમામ જીવો, સંમૂર્છિમ તથા અસંજ્ઞી (મન વિનાના) જ હોય.

દરેક જીવોના પ્રાણ નીચે મુજબ હોય છે :

(૧) એકેન્દ્રિય જીવો : ૪ પ્રાણ (ચામડી, કાયબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય)
(૨) બેઈન્દ્રિય જીવો : ૬ પ્રાણ (ચામડી, જીભ, કાયબળ, વચનબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય)
(૩) તેઈન્દ્રિય જીવો : ૭ પ્રાણ (ચામડી, જીભ, નાક, કાયબળ, વચનબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય)
(૪) ચઉરિન્દ્રિય જીવો : ૮ પ્રાણ (ચામડી, જીભ, નાક, આંખ, કાયબળ, વચનબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય)
(૫) અસંજ્ઞી (મન વિનાનાં) પંચેન્દ્રિય જીવો : ૯ પ્રાણ (ચામડી, જીભ, નાક, આંખ, કાન, કાયબળ, વચનબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય) (એટલે ફક્ત મનબળ ન હોય)
(૬) સંજ્ઞી (મન વાળા) પંચેન્દ્રિય જીવો : ૧૦ પ્રાણ (ચામડી, જીભ, નાક, આંખ, કાન, કાયબળ, વચનબળ, મનબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય)

પ્રશ્ન : સિદ્ધનાં જીવો 'જીવ' છે કે 'અજીવ' ?
જવાબ : સિદ્ધનાં જીવો 'અજીવ' તરીકે નથી પરંતુ 'જીવ' જ કહેવાય.

પ્રશ્ન : અગર સિદ્ધોને જીવ તરીકે માનશો તો 'પ્રાણી'ની વ્યાખ્યા મુજબ સિદ્ધો પાસે પણ પ્રાણ તો હોવા જ જોઈએ, તો જ તેમને જીવ કહેવાય

No.
Date

શકાય. તો પછી સિદ્ધના જીવોને કુલ ૧૦ પ્રાણમાંથી કેટલાં અને ક્યાં ક્યાં પ્રાણ હોય ?

નોંધ : જવાબ આપતાં પૂર્વે, પ્રાણનાં બે પ્રકારો સમજીએ.

પ્રાણ (બે પ્રકારે)

| દ્રવ્ય પ્રાણ | ભાવ પ્રાણ |
| --- | --- |
| • ૫ ઈન્દ્રિય, 3 બળ, શ્વાસ્છોશ્વાસ, આયુષ્ય • કુલ ૧૦ | • જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે આત્માનાં અનંતા ગુણો |

જવાબ : સિદ્ધનાં જીવો પાસે ઉપર બતાવેલ ૧૦ દ્રવ્ય પ્રાણોમાંથી એક પણ દ્રવ્ય પ્રાણ ન હોય. પરંતુ, માત્રને માત્ર, આત્માના અનંતા ગુણો સ્વરૂપ ભાવ પ્રાણ જ હોય છે. સંસારી (એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો) જીવો પાસે દ્રવ્ય પ્રાણ + ભાવ પ્રાણ, બંને હોય છે. પરંતુ, સિદ્ધ (મુક્ત) જીવો પાસે માત્ર ભાવ પ્રાણ જ હોય અને દ્રવ્ય પ્રાણ તો હોય જ નહીં. કારણ કે, શરીરધારી અવસ્થામાં જ, કર્મને લીધે, ૧૦ દ્રવ્ય પ્રાણો મળે છે. અને સિદ્ધનાં જીવોએ તો કર્મનો કચરો પૂરેપૂરો નાશ કરેલ હોવાથી, તેમને શરીરધારી અવસ્થા પણ ન મળે. જ્યારે દ્રવ્યપ્રાણો તો શરીરધારી અવસ્થામાં જ હોય. એટલે જ, સિદ્ધોને એક પણ દ્રવ્ય પ્રાણ ન હોય. પરંતુ, માત્ર ને માત્ર ભાવ પ્રાણ જ હોય છે.

∴ દ્રવ્ય પ્રાણ = ૫ ઈન્દ્રિય + 3 બળ + શ્વાસ્છોશ્વાસ + આયુષ્ય
= કુલ ૧૦

ભાવ પ્રાણ = દર્શન, જ્ઞાન, ચારિત્ર, સરળતા, નમ્રતાદિ આત્માનાં ગુણો
= કુલ અનંતા

પ્રશ્ન : સિદ્ધો પાસે તો માત્ર ભાવ પ્રાણ હોય જ્યારે આપણી પાસે તો દ્રવ્ય + ભાવ પ્રાણ, બંને હાજર હોવાથી, આપણે સિદ્ધોની અપેક્ષાએ વધુ આગળ, વધુ શ્રીમંત ન કહેવાઈએ ?

જવાબ : સિદ્ધ ભગવંતો પાસે માત્ર ભાવપ્રાણ જ હોય છે અને આપણી (સંસારી) પાસે તો દ્રવ્ય પ્રાણ + ભાવ પ્રાણ બંને હોય છે. છતાંય આપણે

KOKUYO W-NS280U

સિદ્ધો કરતાં આગળ ન કહેવાઈએ. કારણ કે, સંસારીને મળેલ દ્રવ્યપ્રાણો તો વરદાન રૂપે ન કહેવાય. પરંતુ, કલંક રૂપે કહેવાય છે. કર્મની ગુલામીનાં લીધે જ શરીરધારી અવસ્થા મળે છે તથા ઈન્દ્રિયોને ધારણ કરવું પડે છે, તેની સાર-સંભાળ લેવી પડે છે. જ્યારે, સિદ્ધનાં જીવો તો, આ ગુલામીથી કાયમ માટે મુક્ત થઈ ગયાં છે. આપણી પાસે રહેલ ભાવપ્રાણો કરતાંય સિદ્ધના જીવોના ભાવ પ્રાણો તો Quantity + Quality (ક્વોન્ટીટી + ક્વોલીટી) બંને અપેક્ષાએ ઘણાં-ઘણાં ચઢીયાતાં છે. આપણને મળેલ ભાવ પ્રાણો કરતાંય સિદ્ધોનાં ભાવપ્રાણોને ચઢિયાતાં કઈ રીતે કહેવાય ?, તે નીચે આપેલ 'તફાવત' નો કોઠો વાંચી આપોઆપ ખ્યાલ આવી જશે.

## તફાવત

| સંસારી (આપણાં) ભાવપ્રાણ | સિદ્ધનાં ભાવપ્રાણ |
|---|---|
| (૧) કર્મનો સંપૂર્ણ નાશ કર્યા વિના પ્રાપ્ત થાય. | (૧) કર્મનો સંપૂર્ણ નાશ કરવાથી પ્રાપ્ત થાય. |
| (૨) ક્ષયોપશમ ભાવનાં ગુણો કહેવાય. | (૨) ક્ષાયિક ભાવનાં ગુણો કહેવાય. |
| (૩) આવ્યાં પછી જાગૃતિ ન રાખો તો રવાના થઈ શકે. | (૩) મળ્યાં બાદ, કાયમ માટે સાથે રહે, જાય નહીં. |
| (૪) ભાડાનાં મકાન તુલ્ય – Temporary ગુણો છે. | (૪) ઓનરશીપનાં મકાન તુલ્ય- કાયમ રહનારા ગુણો છે. |
| (૫) ફટકડી ફેરવીને કચરો બેસાડેલ નિર્મળ જળ તુલ્ય ગુણો આપણાં છે. એટલે કે, કર્મરૂપી કચરો માત્ર દબાવેલ છે પરંતુ હજુ પૂરેપૂરો નાશ નથી કર્યો. | (૫) કચરો બાળીને ચોખ્ખું કરેલ તદ્દન નિર્મળ જળ તુલ્ય છે સિદ્ધનાં ગુણો. એટલે કે, કચરો બળી ગયેલ હોવાથી, પાણી હલવા છતાંય પાણી મેલું થવાનું નથી. |
| (૬) દા.ત. આપણાં નમ્રતા, ક્ષમા આદિ ગુણો ક્યારેક હોય અને ક્યારેક ન પણ હોય. આજે છે તો કાલે નથી. આપણે ક્યારેક ક્ષમાવાળાં થઈએ તો ક્યારેક ક્રોધી પણ થઈ જઈએ. | (૬) દા.ત. ક્ષમા, નમ્રતાના ગુણો કાયમ માટે રહે. સિદ્ધો તો ક્યારેય પણ દોષોને ધારણ કરનાર ન બને, કાયમ માટે ગુણોનાં ધારક રૂપે જ રહે. |

## :: વિશ્વમાં માત્ર બે વસ્તુ ::

- જીવ
  - સંસારી જીવ (આપણે બધાં)
  - મુક્ત (સિદ્ધ) જીવ
- અજીવ

સમગ્ર વિશ્વમાં માત્ર બે જ વસ્તુઓ છે : 'જીવ' અને 'અજીવ'. આપણે ગમે ત્યારે આંખ ઉઘાડીને જોઈએ તો, આપણને જે પણ નજર સમક્ષ દેખાશે, તે કાં તો 'જીવ' હશે, કાં તો 'અજીવ' હશે. આ બે પદાર્થ સિવાયની ત્રીજી કોઈપણ વસ્તુ આપણને ન દેખાય. હવે આ બે વસ્તુઓમાંથી, આ ગ્રંથમાં તો આપણને 'જીવ' અંગે વિશેષથી માહિતી મેળવવી છે, પરંતુ 'અજીવ' અંગે નહીં. તેથી, 'જીવ' અંગેની વિચારણા હવે આપણે શરૂ કરીશું. જીવના મુખ્ય બે પ્રકાર છે : 'સંસારી' અને 'મુક્ત'. તેમાંથી 'મુક્ત'ના આત્માઓ તો મોક્ષે પધારેલ હોવાથી, તેમને પણ ડંવર માં રાખીને, 'સંસારી' જીવોનાં ભેદો જાણવાં, આપણે આગળ વધીશું. હવે, 'સંસારી' જીવનાં પણ બે પ્રકાર : 'સ્થાવર' અને 'ત્રસ'. સ્થાવર (એકેન્દ્રિય) જીવોની દુનિયાની વિચારણા કર્યા બાદ, આપણે ત્રસ જીવોની દુનિયા અંગે ક્રમસર વિચારશું. હવે સૌ પ્રથમ, જીવનાં બે પ્રકારો : 'સંસારી' અને 'મુક્ત' જીવો અંગે કંઈક વિચારીશું.

### ❀ સંસારી જીવની વ્યાખ્યા :

જેમનો આત્મા, કર્મથી હજુ બંધાયેલો અથવા કર્મના વાદળોથી હજુ ઢંકાયેલ છે + જેમનાં આત્માનાં અનંતા ગુણો હજુ પૂરેપૂરાં પ્રગટ થયાં નથી (કર્મરૂપી વાદળોથી ઢંકાયેલ હોવાથી) + જેઓ સિદ્ધપદ - મોક્ષને પામ્યા નથી + ચાર ગતિ રૂપ સંસારમાં જેમનું રખડવાનું (પરિભ્રમણ) હજુ ચાલુ જ છે, તે જીવોને 'સંસારી જીવો' કહેવાય.

### ❀ મુક્ત જીવની વ્યાખ્યા :

'સંસારી જીવ' કરતાં તદ્દન ઉલટી વ્યાખ્યા. એટલે કે, જે જીવોએ કાયમ માટે સર્વ કર્મોનો નાશ કરી નાંખેલ છે અથવા

જેમનો આત્મા કર્મનાં વાદળથી જરાય ઢંકાયેલો નથી + જેમના આત્માનાં અનંતા ગુણો પૂરેપૂરાં પ્રગટ થઈ ગયા છે (કર્મરૂપી વાદળાઓ નાશ થવાને કારણે) + જેઓ સિદ્ધપદ-મોક્ષને પામ્યાં છે + ચાર ગતિરૂપ સંસારની રખડપટ્ટીથી હવે કાયમ માટે જેઓ છૂટી ગયાં છે, તે જીવોને 'મુક્ત જીવો' કહેવાય.

ચાલો, હવે ઉપર કરેલ વ્યાખ્યાઓના અનુસારે 'સંસારી' અને 'મુક્ત' જીવો વચ્ચેનો તફાવત આપણે વિચારીએ.

**: તફાવત :**

| સંસારી જીવ | મુક્ત જીવ |
|---|---|
| (૧) જે ભૂતકાળમાં અનંતો કાળ ચાર ગતિનાં સંસારમાં રખડ્યાં છે, વર્તમાનમાં પણ જેમનું રખડવાનું ચાલુ છે અને ભવિષ્યમાં પણ મોક્ષ ન પામે ત્યાં સુધી રખડશે. | (૧) જે ભૂતકાળમાં અનંતોકાળ ચાર ગતિનાં સંસારમાં રખડ્યાં છે પરંતુ કર્મોનો નાશ કરવાને લીધે હવે જેમને રખડવાનું નથી અને ભવિષ્યમાં પણ રખડશે નહીં. |
| (૨) જે જીવો મોક્ષને પામ્યાં નથી. | (૨) જે જીવો મોક્ષને પામ્યાં છે. |
| (૩) આત્માનાં અનંતા ગુણોનો સંપૂર્ણ (પૂરેપૂરો) પ્રકાશ, જેમનો હજુ પ્રગટ થયો નથી. | (૩) આત્માનાં અનંતા ગુણોનો સંપૂર્ણ પ્રકાશ જેમનો પ્રગટ થઈ ગયેલ છે. |
| (૪) કર્મનો કચરો હજુ પૂરેપૂરો જેમનો બળ્યો નથી. | (૪) કર્મનો કચરો પૂરેપૂરો બાળી નાંખેલ છે. |
| (૫) દા.ત. વાદળથી ઢંકાયેલાં સૂર્યનો અલ્પ પ્રકાશ, ખાણમાંથી નીકળેલ માટીથી મિશ્રીત અશુદ્ધ સોનું, કાદવથી મેલું થયેલ મલિન વસ્ત્ર, ઉપરથી કાપી નાંખેલ બાવળનાં વૃક્ષ (જે ફરી ઉગી શકે), તેનાં સમાન-તુલ્ય 'સંસારી આત્મા' કહેવાય. | (૫) દા.ત. વાદળ વિનાના સૂર્યનો પૂર્ણ પ્રકાશ, માટી વિનાનું ૨૪ કેરેટનું શુદ્ધ સોનું, કાદવ-મેલ વિનાનું ઉજ્જવળ-નિર્મળ વસ્ત્ર, મૂળથી બાળી નાંખેલ બાવળનાં વૃક્ષ (જે ફરી પાછાં ક્યારેય નહીં ઉગી શકે) તેનાં સમાન-તુલ્ય 'મુક્ત આત્મા' કહેવાય. |

❀ કર્મનાં બંધનોમાંથી છૂટવાનાં મુખ્ય ઉપાય કુલ બે છે :
(૧) નવાં કર્મો ન બંધાય તેની પૂર્ણ કાળજી - જાગૃતિ :
(રાગ-દ્વેષ ન કરવા દ્વારા રાખવી)
(૨) જૂનાં બંધાયેલાં કર્મોને બાળવા માટે :
(આરાધના, સાધનામાં વિશેષથી જોડાવું)

દા.ત.: બંધાયેલા ૧૦ દોરડાઓથી મુક્ત થવા માટે બે શરતોનું પાલન જરૂરી છે, જે નીચે મુજબ છે :
(૧) નવાં દોરડાં બાંધતાં અટકાવવાં અને
(૨) જૂનાં બંધાયેલાં દોરડાંઓને ધીરે-ધીરે કરીને ઘટાડવાં- છોડવાં.

એટલે, આ રીતે, ઉપરની બે શરતોનું પાલન કરવાથી, ટૂંક સમયમાં જ કર્મોનાં બંધનોમાંથી છૂટીને, આત્મા પૂર્ણતયા મુક્ત થઈ જશે. આપણો આત્મા, સંસારી અવસ્થામાંથી છૂટીને, પરમાત્મા રૂપે થઈ જશે. બોલો, થવું છે ને ???

પ્રશ્ન : પૂ. સાધુ-સાધ્વીજીને 'સંસારી' કહેવાય કે 'સંસારના ત્યાગી' કહેવાય?

જવાબ: સંસારી પુત્ર, પરિવાર, પૈસો, પદાર્થ આદિ બાહ્ય પદાર્થો રૂપ દ્રવ્ય સંસારનો ત્યાગ કરેલ હોવાથી, વ્યવહારથી તેમને 'સંસારના ત્યાગી' કહેવાય અને રાગ-દ્વેષ-વિષય-કષાયાદિ રૂપ ભાવ સંસારનો નાશ કરવાનું હજુ બાકી હોવાથી, નિશ્ચયથી 'સંસારી' કહેવાય.

અથવા

કર્મગ્રંથમાં ૫ પ્રકારનાં સંસાર = મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ કીધાં છે. સંયમ અંગીકાર કરેલ સાધુ-સાધ્વીજી મિથ્યાત્વ + અવિરતિ રૂપ સંસારનો ત્યાગ કરેલ હોવાની અપેક્ષાએ : વ્યવહારથી 'સંસારના ત્યાગી' તરીકે કહેવાય અને કષાય + યોગ + પ્રમાદ રૂપ સંસારનો ત્યાગ હજુ પૂરેપૂરો ન થવાની અપેક્ષાએ : નિશ્ચયથી 'સંસારી' તરીકે જ કહેવાય.

પ્રશ્ન: આત્માને વધુ નુકસાનકારક દ્રવ્ય સંસાર કે ભાવ સંસાર ?

જવાબ: દ્રવ્ય સંસાર કરતાંય ભાવ સંસારથી આત્માને વધુ નુકસાન થાય. કારણ કે, દ્રવ્ય સંસારની હાજરી હોવા છતાંય કેવળજ્ઞાન શક્ય છે. પરંતુ, ભાવ સંસારનાં નાશ વિના, કેવળજ્ઞાન અને મોક્ષ તો ત્રણ કાળમાં પણ મેળવવું શક્ય નથી.

દા.ત: સંસારમાં રહેલ ભરત ચક્રવર્તીનો દ્રવ્ય સંસાર ઉભો હોવાં છતાંય, અંદરથી અલિપ્ત રહેવા દ્વારા, ભાવ સંસારનો નાશ કરીને, તેઓ કેવળજ્ઞાન પામ્યાં, મોક્ષ પામ્યાં.

પ્રશ્ન: તો પછી દ્રવ્ય સંસાર છોડવાની જરૂર શું છે? સંસારનો ત્યાગ કર્યા વિના પણ, ગૃહ સંસારમાં રહીને જ વિષય-કષાયાદિ ભાવ સંસારથી છૂટવાનો પ્રયત્ન માત્ર કરીએ તો ચાલે ને?

જવાબ: ભાવ સંસારથી આત્માને વધુ નુકસાન હોવા છતાંય, સૌ પ્રથમ તો દ્રવ્ય સંસાર છૂટે છે અને પછી જ, ભાવ-સંસારથી છૂટાય. દ્રવ્ય (બાહ્ય) સંસારથી છૂટ્યાં વિના, ભાવ (અભ્યંતર) સંસારથી છૂટવું તો અતિ દુર્લભ છે, પ્રાય: અશક્ય છે. તેથી, દ્રવ્ય-બાહ્ય સંસારનો ત્યાગરૂપી સંયમ જીવનનો સ્વીકાર કરવો અત્યંત જરૂરી છે, અનિવાર્ય છે.

દા.ત.: ડૂબતાં માણસને બચાવવા માટે, સૌ પ્રથમ તેને પાણીમાંથી બહાર કઢાય. ત્યારબાદ જ, અંદર શરીરમાં ઘૂસી ગયેલ પાણીને કઢાય, તો જ ડૂબતો માણસ બચી શકે. બાકી આજુબાજુમાં રહેલ બાહ્ય પાણીથી ડૂબતાં માણસને છૂટાં કર્યા વિના તેના પેટની અંદરમાં ઘૂસી ગયેલ પાણીને કાઢવામાં સફળતા મળી ન શકે.

બહારનું પાણી = દ્રવ્ય (બાહ્ય) સંસાર
અંદર ઘૂસી ગયેલ પાણી = ભાવ (અભ્યંતર) સંસાર

ભરત ચક્રવર્તી જેવા દ્રષ્ટાંતો તો કરોડોમાંથી એકાદ અપવાદ રૂપે જોવા મળે છે કે જેઓ દ્રવ્ય સંસારનો ત્યાગ કર્યા વિનાં પણ કેવળજ્ઞાન પામી ગયાં. પરંતુ, ઉત્સર્ગ માર્ગે તો, દ્રવ્ય સંસાર છોડ્યાં બાદ જ, ભાવ સંસારથી છૂટવામાં સફળતા મળી શકે. ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન થયા બાદ પણ તેઓ જ્યાં સુધી દ્રવ્ય સંસારના ત્યાગ રૂપ સંયમ જીવન ન સ્વીકારે ત્યાં સુધી ઈન્દ્ર મહારાજા આદિ દેવો તેમને વંદન પણ ન કરે. ભૂતકાળનાં ભવોમાં પણ, ભરત ચક્રવર્તીએ દ્રવ્ય સંસારના ત્યાગ રૂપ સંયમ જીવનની સાધના તો અનેક વાર કરેલી જ છે.

Date

## :'જીવ' ની સિદ્ધિ :

❀ 'જીવ'ની સિદ્ધિ કરવી જરૂરી શા માટે ?

⇒ જીવનો (આત્માનો) હાર્દિક સ્વીકાર જ્યાં સુધી ન થાય ત્યાં સુધી, જીવદયાનાં પાલન માટે, વિશેષ ઉત્સાહ ન જાગી શકે. આત્મા છે, આત્મા શરીરથી જૂદો છે, શરીર નાશ પામે અને આત્મા પરલોકમાં જાય છે, પરલોકમાં નવું શરીર મળે છે, ઈત્યાદિ શ્રદ્ધા એકવાર દ્રઢ થયા બાદ, જીવદયા પાળવા અને જીવહિંસાથી બચવાનો પ્રયત્ન થાય. કારણ કે, "હું જીવ છું" એવું સમજ્યા બાદ, મારાં સમાન જીવ (આત્મા) તો જગતનાં બીજા સર્વ જીવોનો પણ હોવાથી, મારે બીજાં જીવોને, જીવહિંસાના માધ્યમથી અશાતા, અસમાધિ હવે નથી આપવી એ રીતે અટકવાનું થઈ શકે અને જીવદયા પાળવાનો ઉત્સાહ આપોઆપ જાગી શકે, તેથી 'જીવ'ની સિદ્ધિ જરૂરી છે.

❀ 'જીવ'ની સિદ્ધિ માટે, રાયપસેણી ગ્રંથમાં આવતું પ્રદેશી રાજાનું દ્રષ્ટાંત

અત્યંત ક્રૂર, હિંસક અને નાસ્તિક શિરોમણી એવો પ્રદેશી રાજા, શ્વેતાંબિકા નગરીનો રાજા હતો. આ રાજાએ, નવાં નવાં કુતર્કો કરીને, પોતાની સંપૂર્ણ પ્રજાને પણ, ધર્મથી વિમુખ અને નાસ્તિક બનાવી દીધી.

રાજાના મિત્ર 'ચિત્ર' સારથીએ, પ્રભુ પાર્શ્વનાથનાં પ્રથમ ગણધર શ્રી કેશી ગણધર પાસે બોધ પામીને ૧૨ વ્રત ઉચર્યા હતા. એકવાર ચિત્ર સારથી પોતાના મિત્ર પ્રદેશી રાજાને પ્રતિબોધ પમાડવા માટે, પૂ. કેશી ગણધર પાસે લાવ્યાં. ત્યાર બાદ, પ્રદેશી રાજાની શંકાઓ સ્વરૂપે પૂછાયેલાં સવાલોનાં તર્કબદ્ધ જવાબો પૂ. કેશી ગણધરે આપ્યાં. Logic સાથેનાં અમુક સવાલ-જવાબો નીચે ટૂંકમાં જણાવ્યાં છે. આ સવાલ-જવાબનાં માધ્યમે, જીવ-પરલોક આદિ સંબંધી આપણી શ્રદ્ધા પણ જડબેસલાક દ્રઢ થઈ જશે:

પ્રશ્ન-૧: જે ન દેખાય તેને માની ન શકાય. 'આત્મા' નામની વસ્તુ તો આ દુનિયામાં છે જ નહીં કારણ કે, તે દેખાતો નથી. ન દેખાતી

KOKUYO W-NB280U

વસ્તુને પણ જો માનો તો પછી, આ દુનિયામાં ગધેડાના શિંગડા અને કુંવારા બાપનું અસ્તિત્વ પણ, ન દેખાવા છતાંય, માનવું પડશે. ચાલશે ને ? પરંતુ, તે તો ઈષ્ટ નથી, માન્ય નથી.

જવાબ-૧: પોતાને ન દેખાતી ઘણી વસ્તુઓને આજે દુનિયા માને છે. તાજ મહેલ, દિલ્હી, લાલ દરવાજા, કુતુબમિનારાદિ સ્થળોને હમણાં સુધી ન જોવા છતાંય, અને હાલમાં ન દેખાવા છતાંય, જો આપણે માનીએ છીએ, તો પછી, અરૂપી એવા આત્માને, ન દેખાવા છતાંય, માનવામાં શું વાંધો છે ? આપણને આત્મા ભલે પ્રત્યક્ષ નથી દેખાતો, પરંતુ, સિદ્ધ ભગવંતો, કેવળી ભગવંતો, અનુભૂતિ સંપન્ન આત્માઓને તો આત્મા પ્રત્યક્ષપણે સાક્ષાત્ અનુભવાય છે.

પ્રશ્ન-૨: આપની માન્યતા મુજબ, અત્યંત ક્રૂર, હિંસક અને પાપી એવા મારા દાદા, મરીને જો નરકમાં ગયાં હોય અને ત્યાંની તીવ્ર વેદના જો સહી રહ્યાં હોય, તો તેઓ અહીં આવીને, શા માટે મને સમજાવતાં નથી ? મારા ઉપર એમનો અતિશય સ્નેહ હોવાથી, મારા અકૃત્યો-પાપો અટકાવવાની પ્રેરણા કરવા માટે, હજુ સુધી અહીં શા માટે નથી આવ્યાં ? એટલે, શરીર અને આત્મા જુદાં-જુદાં નથી પણ એક જ છે અને પરલોક જેવી કોઈ વસ્તુ નથી, નરકલોક જેવી કોઈ દુનિયા જ નથી. જો હોય તો હમણાંજ સાબિત કરીને બતાવો.

જવાબ-૨: અહીંથી મરીને, નરકમાં ગયેલ આત્મા, અહીં રહેલ પોતાનાં પૂર્વભવનાં સ્નેહીજનો પાસે ન આવવાનાં કારણો નીચે મુજબ છે :

(૧) નરકમાં રહેલો જીવ, આ પૃથ્વીલોકમાં આવવા ઈચ્છે, તો પણ આવી ન શકે. કારણ કે, તેને લેશ માત્ર પણ સ્વતંત્રતા ન હોય, પૂરેપૂરો પરતંત્ર હોય. સતત ત્રાસ આપનારા ત્યાંના કઠોર સંત્રીઓ (પરમાધામી દેવો) ક્ષણવાર માટે પણ નારકના જીવોને છૂટો ન મૂકે.

(૨) નરકની ભયંકર વેદના તેને અતિ વિહ્વળ કરી નાંખે છે. ઘણાં રોગોની સતત હાજરીનાં લીધે, શરીર અને મનથી અત્યંત ત્રસ્ત એવાં નારકને કશું સૂઝે નહીં.

(૩) વેદનીય કર્મ પૂરેપૂરું ન ભોગવાય ત્યાં સુધી, નારકનો જીવ પોતાની ઈચ્છા મુજબ ક્યાંય પણ જઈ ન શકે.

No. ............

Date

〈૪〉 નરક આયુષ્યનો પણ ક્ષય થયેલ નથી. તેથી, તમારા દાદાનું અહીં ન આવવાનું કારણ નરકગતિનો અભાવ નથી પરંતુ, નારક જીવોની પરતંત્ર અવસ્થા - એ કારણ છે.

એટલે, નરકલોકનાં નારક જીવોનું, અહીં પૃથ્વીલોકની ઉપર સાક્ષાત્ આગમન ન થવા માત્રથી નરકની દુનિયાનાં અસ્તિત્વનો અભાવ ન માની શકાય, તેથી 'પરલોક' જેવી વસ્તુ તો ચોક્કસપણે છે જ.

પ્રશ્ન-૩: મારાં ઉપર અત્યંત સ્નેહ ધરાવતાં મારાં દાદીમા, જો ધર્મના પ્રભાવે દેવલોકમાં ગયા હોય તો, મને પ્રતિબોધ કરવા માટે અહીં શા માટે ન આવે? આજ સૂચવે છે કે દેવલોક નામની કોઈ દુનિયા છે જ નહીં. અરે, આ લોક સિવાયની પરલોક નામની દુનિયા છે જ નહીં. જો હોય તો અમને સિદ્ધ કરી બતાવો.

જવાબ-૩: દેવલોકમાંથી અહીં ન આવવાનાં કારણો નીચે મુજબ છે:

〈૧〉 સ્વર્ગ (દેવ) લોકની સરખામણીમાં, આ મનુષ્યલોક ઘણો ગંદો છે. આપણાં મનુષ્યલોકથી ૪૦૦-૫૦૦ યોજન દૂર હોવાં છતાંય, અહીંની દુર્ગંધને તેઓ સહી ન શકે. માટે, અહીં ન આવે.

〈૨〉 દિવ્ય કામભોગોમાં ખૂબ મશગૂલ બની જાય છે અને માનવીય સુખોમાં તેમની રૂચિ રહેતી નથી. માટે, અહીં ન આવે.

〈૩〉 એ દેવનો, મનુષ્ય સાથેનો જૂનો સંબંધ તૂટી ગયો હોય છે અને બીજી-બાજુ, દેવ-દેવીઓ સાથેનો નવો ગાઢ પ્રેમ સંક્રમેલો હોય છે. નવાં પાત્રો સાથેની અતિશય ગાઢ લાગણી બંધાઈ જવાથી, જૂના મનુષ્યલોકનાં સ્નેહીજનો સાથેનાં સંબંધોનું પૂરેપૂરું વિસ્મરણ પ્રાયઃ કરીને થઈ જાય છે.

〈૪〉 આજના કાળમાં પણ, દેવતાઓ સાક્ષાત્ ભલે ન દેખાય પરંતુ, ઘણીવાર પરમાત્માનાં પ્રભાવ અને પ્રભુભક્તિથી ખેંચાઈને, આ પૃથ્વીલોક ઉપર આવે છે. જગતનાં જીવોના હૃદયમાં, પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ, અહોભાવ અને શ્રદ્ધા વધે તે માટે, દેવો દ્વારા જિનાલયમાં અમીઝરણાં, કેસર છાંટણાં, છત્રનું હલવું વગેરે ચમત્કારો આજે પણ થાય છે, જે આપણે સહુએ અનુભવેલ - જોયેલ અથવા સાંભળેલ પણ હશે. તેથી, આ દેવતાઓનું નિવાસસ્થાન એવા 'દેવલોક' નામની દુનિયાનું અસ્તિત્વ આના દ્વારા સ્પષ્ટપણે સિદ્ધ થાય છે.

KOKUYO W-N8260U

(૫) દિવ્ય સુખમાં પડેલો એ દેવ, 'બસ, હમણાં થોડી જ વારમાં હું જાઉં છું, બસ હમણાં જ જાઉં છું' એમ વિચારે છે અને ત્યાં તો કેટલોય લાંબો કાળ વહી જાય છે અને મનુષ્યલોકનાં અલ્પાયુષી સંબંધીઓ તથા સ્નેહીજનો એટલામાં તો મરી અને કોક અન્ય ગતિમાં પહોંચી જાય છે. તેથી, તમારા દાદીનું સ્વર્ગમાંથી અહીં ન આવવાનું કારણ, દેવલોકનાં અસ્તિત્વનો અભાવ નથી પરંતુ, સ્વર્ગીય સુખોની તીવ્ર આસક્તિ છે.

પ્રશ્ન-૪ : એકવાર એક ચોરને હાજર કરાવીને, સમગ્ર પ્રજાજનો સમક્ષ, તે ચોરનાં શરીરનાં નાનાં-નાનાં ટુકડાઓ કરાવ્યાં. રાઈનાં દાણાં જેટલાં નાનાં-નાનાં ટુકડાઓ કરાવવાં છતાંય, તમારો મનાયેલો આત્મા ક્યાંય મળ્યો નહીં, દેખાયો નહીં. એટલે નિશ્ચય કર્યો કે, જીવ અને શરીર જુદાં નથી પણ એક જ છે. જો હોય તો અમને સિદ્ધ કરીને હમણાંને હમણાં જ તમે બતાવો.

જવાબ-૪: અરણિનાં પત્થરમાં અગ્નિ વિદ્યમાન હોવા છતાંય, તેનાં નાનાં-નાનાં ટુકડાઓ કરવા છતાંય, દેખાય નહીં. એજ રીતે, માણસમાં બુદ્ધિ વિદ્યમાન હોવા છતાંય, જીવતાં માણસનાં કટકે-કટકા કરવાં છતાંય, બુદ્ધિ દેખાય નહીં. એજ રીતે, ફૂલમાં સુગંધ હોવા છતાંય, ફૂલની એક-એક પાંખડીઓ છૂટી કરીને, ધ્યાનથી શોધવાનો પ્રયત્ન કરવા છતાંય, સુગંધ કોઈને પણ ન દેખાય. બસ, એજ રીતે, શરીરમાં વિદ્યમાન હોવા છતાંય, શરીરનાં કટકે-કટકા કરવાથી, અરૂપી એવો આત્મા ન દેખાવા છતાંય, 'આત્મા'નો અભાવ માની ન શકાય.

પ્રશ્ન-૫ : એક જીવતાં ચોરને લોઢાની કુંભીમાં પૂરીને, સંપૂર્ણ કુંભીને ચારેબાજુથી સીલ-પેક કરાવ્યાં બાદ, અઠવાડિયાને અંતે, કુંભીને ઉઘાડીને જોયું તો, પેલો ચોર બિચારો મરણ પામેલો હતો. પરંતુ, તપાસ કરવા છતાંય, કુંભીમાં કોઈ જગ્યાએ નાની તિરાડ કે નાનું સરખું કાણું પણ પડેલું ન હતું. જો જીવ શરીરથી જુદો હોય અને તે શરીર છોડીને ચાલ્યો ગયો હોય, તો કુંભીમાં કોઈ સ્થળે તો તિરાડ કે કાણું અવશ્ય પડવું જોઈએ, પરંતુ, તેવું થતું નથી. તેથી, જીવ અને શરીર જુદાં નથી પણ એક જ છે. જો હોય તો સાબિત કરી બતાવો.

જવાબ-૫: ચારેબાજુથી સીલ-પેક કરાયેલ એવા એક મકાનમાં અથવા પેટીમાં, વાજીંત્રો વગાડવામાં આવે અને છતાંય, અવાજ બહાર સંભળાય છે. કોઈપણ સ્થળે કાણું કે તિરાડ પાડ્યાં વિના, સીલ-પેક મકાન કે પેટીમાંથી, રૂપી એવા શબ્દોનાં પુદ્ગલો જો બહાર નીકળી શકતાં હોય તો પછી, અરૂપી એવો આત્મા તો, તિરાડ કે કાણું પાડ્યા વિના સહેલાઈથી બહાર નીકળી જ શકે છે. એમાં કોઈ નવાઈની વાત નથી. રૂપી એવા અવાજનાં (શબ્દોનાં) પુદ્ગલો જો પેટીને ભેદીને નીકળી શકે તો પછી, અરૂપી એવો 'આત્મા' શા માટે ન નીકળી શકે? ખુશીથી નીકળી શકે (કાણું કે તિરાડ પાડ્યાં વિના).

પ્રશ્ન-૬: એકવાર જીવતાં ચોરનું વજન કર્યા બાદ, તુરંત તાલપુટ ઝેર ખવડાવીને, ચોરને સખા સમક્ષ મારી નંખાવ્યો. ત્યાર બાદ, ફરી વજન કર્યું. જો આત્મા નામની વસ્તુ શરીરમાંથી નીકળી ગઈ હોય તો, કંઈક અંશે, થોડું-ઘણું પણ વજન તો ઓછું થવું જ જોઈએ. પરંતુ, વજન સરખે-સરખું થાય છે અને જરાય ઘટાડો ન થાય. તેથી, જીવ અને શરીર જુદાં-જુદાં નથી. પરંતુ, એક જ છે. અને પરલોક જેવી કોઈ વસ્તુ નથી. જો હોય તો સિદ્ધ કરીને બતાવો.

જવાબ-૬: અરે! વજન તો પુદ્ગલ-જડ પદાર્થનો ગુણધર્મ છે. જ્યારે, જીવ (આત્મા) તો પુદ્ગલથી ભિન્ન એવો અરૂપી પદાર્થ હોવાથી, આત્મા નીકળવા છતાંય વજનમાં લેશ પણ ઘટાડો ન થાય.

આ રીતે, જીવ અને પરલોક સંબંધી શંકાઓ વિષે સમાધાન મળતાં, પ્રદેશી રાજા નાસ્તિક મટીને આસ્તિક થયા; ધર્મનો બોધ પામી, ૧૨ વ્રતધારી શ્રાવક બનીને, હવે પછી 'હું જીવું ત્યાં સુધી કાયમ માટે, છટ્ઠનાં પારણે છટ્ઠ અને પારણે એકાસણાં કરવાનો' અભિગ્રહ સ્વીકારીને મોક્ષમાર્ગે વિશેષથી આગળ વધ્યાં.

તેથી, સામાન્યથી આ સવાલ-જવાબો દ્વારા 'જીવ-આત્મા' નામની વસ્તુની સિદ્ધિ સ્પષ્ટપણે થઈ જાય છે. વિશેષથી આ અંગે જે જાણવાની જીજ્ઞાસા હોય તો, 'ગણધરવાદ' નામના ગ્રંથમાંથી, જીવની સિદ્ધિ માટેનું વિસ્તૃત વિવેચન મેળવીને, વાંચી શકાશે.

હવે, જીવ-આત્માની સિદ્ધિ થયાં બાદ, પ્રભુને માન્ય એવાં જીવોનાં પ્રકારો આ જગતમાં કેટલાં છે? અને કયા કયાં છે? તે સમજીશું. કારણ કે, જીવોનાં પ્રકારોની સમજણ મેળવ્યાં વિના, તે જીવોની હિંસાથી બચવા માટેનાં પ્રયત્નો કરવાં, તે આપણાં માટે શક્ય નથી.

હવે, સૌ પ્રથમ તો જગતનાં સર્વ જીવોનો સમાવેશ, સામાન્યથી માત્ર પાંચ પ્રકારમાં આપણે કરીશું. ત્યારબાદ, આપણાં 'જીવ-વિચાર ગ્રંથ' મુજબ એકેન્દ્રિયાદિ સર્વ જીવોનાં ભેદ વિષે વિસ્તારથી ક્રમસર સમજીશું.

**જીવ (સામાન્યથી ૫ પ્રકાર)**

- એકેન્દ્રિય
- બેઈન્દ્રિય
- તેઈન્દ્રિય
- ચઉરિન્દ્રિય
- પંચેન્દ્રિય

* કુલ ઈન્દ્રિય પાંચ છે : ચામડી, જીભ, નાક, આંખ, કાન.

* એકેન્દ્રિય જીવો : જેમને ચામડી (સ્પર્શેન્દ્રિય) નામની માત્ર એક જ ઈન્દ્રિય હોય, તે જીવોને 'એકેન્દ્રિય જીવો' કહેવાય.
  દા.ત. : પૃથ્વીકાય થી વનસ્પતિકાય.

* બેઈન્દ્રિય જીવો : જે જીવોને ચામડી (સ્પર્શેન્દ્રિય) અને જીભ (રસનેન્દ્રિય), એ બે ઈન્દ્રિયો હોય, તે 'બેઈન્દ્રિય જીવો' કહેવાય. તેના શંખ, શંખલા, કોડા, ગંડોલ, જળો, અરિયા, અળસિયાં, લાળિયાં, કૃમિ, પોરા, ચૂડેલ વગેરે અનેક ભેદો છે.

* તેઈન્દ્રિય જીવો : જે જીવોને બેઈન્દ્રિય જીવો કરતાં એક નાક (ઘ્રાણેન્દ્રિય) અધિક હોય, તે 'તેઈન્દ્રિય જીવો' કહેવાય. તેમાં કાનખજૂરા, માંકડ, જૂ (લીખ), કીડી, ઉધઈ, મંકોડા, ધાન્યમાં ઉત્પન્ન થતી ઈયળ, ધીમેલ, સાવા, ગીંગોડાની

અનેક જાતો, ગધૈયાં, ચોરકીડાં, છાણનાં કીડાં, ધાન્યનાં કીડાં, કંથવા, ગોલાવણ, ગોળ-ઝાડમાં થતી ઈયળો, ગોકળગાય વિગેરે અનેક ભેદો છે.

❀ <u>ચઉરિન્દ્રિય જીવો</u> : જે જીવોને તેઈન્દ્રિય જીવો કરતાં એક આંખ (ચક્ષુરિન્દ્રિય) અધિક હોય, તે 'ચઉરિન્દ્રિય જીવો' કહેવાય. તેનાં વીંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડ, માંખી, ડાંસ, મચ્છર, કંસારી, ખડમાંકડી વગેરે અનેક ભેદો છે.

❀ <u>પંચેન્દ્રિય જીવો</u> : જે જીવોને ચઉરિન્દ્રિય જીવો કરતાં એક કાન (શ્રોતેન્દ્રિય) અધિક હોય, તે 'પંચેન્દ્રિય જીવો' કહેવાય.
પંચેન્દ્રિય જીવોનાં મુખ્ય ૪ પ્રકાર છે :
(૧) નારક , (૨) તિર્યંચ (પશુ-પંખી) , (૩) મનુષ્ય , (૪) દેવ .

❀ <u>વિકલેન્દ્રિય જીવો</u> : બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોને એકી સાથે 'વિકલેન્દ્રિય' પણ કહેવામાં આવે છે. કારણ કે, તેમને પાંચ ઈન્દ્રિયો કરતાં ઓછી ઈન્દ્રિયો હોય છે.
વિકલ = ઓછી
∴ ૫ કરતાં ઓછી ઈન્દ્રિયોવાળા જીવોને → વિકલેન્દ્રિય જીવો કહેવાય.

<u>નોંધ</u> : આ રીતે, સામાન્યથી જીવોનાં પાંચ પ્રકારો તથા તેનાં દ્રષ્ટાંતો જાણ્યાં. ત્યારબાદ, ચાલો હવે, આપણાં 'જીવ-વિચાર ગ્રંથ'માં આવતાં, જીવોનાં ભેદ જાણવા માટેની સાચી શરૂઆત કરીશું.



## ❀ સ્થાવર (સ્થીર) જીવો :

પોતાને ઠંડી, ગરમી આદિ ત્રાસ પડવાં છતાંય, પોતાની ઈચ્છા મુજબ, એક સ્થાનેથી બીજા સ્થાને, હલનચલન ન કરી શકે, એવાં સ્થિર જીવોને 'સ્થાવર' કહેવાય.
દા.ત. : પૃથ્વીકાય થી વનસ્પતિકાયનાં જીવો (તમામ એકેન્દ્રિય જીવો)

## ❀ ત્રસ જીવો :

પોતાને ઠંડી, ગરમી આદિ ત્રાસ પડે ત્યારે પોતાની ઈચ્છા મુજબ, એક સ્થાનેથી બીજા સ્થાને જે જઈ શકે, હલન-ચલન કરી શકે, તેવાં જીવોને 'ત્રસ' કહેવાય.
દા.ત : તમારાં સંઘના શ્રાવકો, હાથી, કીડી, ઘોડો આદિ
(બેઈન્દ્રિય થી પંચેન્દ્રિય સુધીનાં બધાં જીવો)

સ્થાવર જીવોની દુનિયામાં, માત્ર એકેન્દ્રિય જીવોનો જ સમાવેશ થાય. પરંતુ ત્રસની દુનિયામાં તો બેઈન્દ્રિય થી પંચેન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે. તેથી, હવે સૌ પ્રથમ જેની દુનિયા નાની છે એવા સ્થાવર (એકેન્દ્રિય) જીવોની વિચારણા સૌ પ્રથમ કરીશું.

## ❀ સ્થાવર (એકેન્દ્રિય) જીવો :

સ્થાવર જીવોની વ્યાખ્યા તો આપણે ઉપર વિચારી ગયાં. હવે સૌ પ્રથમ, એકેન્દ્રિય જીવોનાં કુલ ૨૨ (બાવીસ) ભેદો કઈ રીતે થાય અને તે ક્યાં ક્યાં છે, તે આપણે સામાન્યથી માત્ર નામોનાં ઉલ્લેખ દ્વારા જાણીશું. ત્યારબાદ, દરેક ભેદ અંગે ક્રમસર વિસ્તારથી વિચારીશું.

એકેન્દ્રિય = સ્થાવર જીવોનો યંત્ર નીચે મુજબ જાણવો




પર્યા = પર્યાપ્તા
અપર્યા = અપર્યાપ્તા


KOKUYO W-NB280U

❀ ચાલો હવે, સ્થાવરનાં (એકેન્દ્રિયનાં) ૨૨ ભેદોમાંથી દરેક પૃથ્વીકાય, અપકાયાદિ જીવોનાં કુલ ભેદો કેટલાં અને કયા કયાં, તે અલગથી જાણીએ.

❀ પૃથ્વીકાય (કુલ ભેદ ૪) :
(૧) પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય
(૨) અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય
(૩) પર્યાપ્તા બાદર પૃથ્વીકાય
(૪) અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય

❀ અપકાય (કુલ ભેદ ૪) :
(૧) પર્યાપ્તા સૂક્ષ્મ અપકાય
(૨) અપર્યાપ્તા સૂક્ષ્મ અપકાય
(૩) પર્યાપ્તા બાદર અપકાય
(૪) અપર્યાપ્તા બાદર અપકાય

❀ તેઉકાય (કુલ ભેદ ૪) :
(૧) પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય
(૨) અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય
(૩) પર્યાપ્તા બાદર તેઉકાય
(૪) અપર્યાપ્તા બાદર તેઉકાય

❀ વાઉકાય (કુલ ભેદ ૪) :
(૧) પર્યાપ્તા સૂક્ષ્મ વાઉકાય
(૨) અપર્યાપ્તા સૂક્ષ્મ વાઉકાય
(૩) પર્યાપ્તા બાદર વાઉકાય
(૪) અપર્યાપ્તા બાદર વાઉકાય

❀ પ્રત્યેક વનસ્પતિકાય (કુલ ભેદ ૨) :
(૧) પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય
(૨) અપર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય

✿ સાધારણ વનસ્પતિકાય (કુલ ભેદ ૪):

(૧) પર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય
(૨) અપર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય
(૩) પર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય
(૪) અપર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય.

આમ કુલ ભેદ ૨૨ થયા : એમાં
પર્યાપ્તા = ૧૧ અપર્યાપ્તા = ૧૧
બાદર = ૧૨ સૂક્ષ્મ = ૧૦
પ્રત્યેક વનસ્પતિકાય = ૨ અને બાકીનાં ૪-૪ છે.

આ દરેકની વ્યાખ્યા વગેરે વિશેષ સમજૂતી તો આગળ આવશે. હમણાં તો કુલ ભેદોનાં નામો અને તેની સંખ્યા માત્ર યાદ રાખીશું.
આમ, પૃથ્વીકાયનાં (૪ ભેદ) + અપકાયનાં (૪ ભેદ) + તેઉકાયનાં (૪ ભેદ) + વાઉકાયનાં (૪ ભેદ) + વનસ્પતિકાયનાં (૨+૪=૬ ભેદ) = કુલ ૨૨ ભેદ એકેન્દ્રિયનાં થયાં.
હવે આ કુલ ૨૨ ભેદોને એક સાથે નીચે મુજબ લખીશું :

—: સ્થાવરના ૨૨ ભેદોનાં નામ :—

(૧) પર્યા. સૂક્ષ્મ પૃથ્વીકાય (૨) અપર્યા. સૂક્ષ્મ પૃથ્વીકાય
(૩) પર્યા. બાદર પૃથ્વીકાય (૪) અપર્યા. બાદર પૃથ્વીકાય
(૫) પર્યા. સૂક્ષ્મ અપકાય (૬) અપર્યા. સૂક્ષ્મ અપકાય
(૭) પર્યા. બાદર અપકાય (૮) અપર્યા. બાદર અપકાય
(૯) પર્યા. સૂક્ષ્મ તેઉકાય (૧૦) અપર્યા. સૂક્ષ્મ તેઉકાય
(૧૧) પર્યા. બાદર તેઉકાય (૧૨) અપર્યા. બાદર તેઉકાય
(૧૩) પર્યા. સૂક્ષ્મ વાઉકાય (૧૪) અપર્યા. સૂક્ષ્મ વાઉકાય
(૧૫) પર્યા. બાદર વાઉકાય (૧૬) અપર્યા. બાદર વાઉકાય
(૧૭) પર્યા. બાદર પ્રત્યેક વનસ્પતિકાય (૧૮) અપર્યા. બાદર પ્રત્યેક વનસ્પતિકાય
(૧૯) પર્યા. સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય (૨૦) અપર્યા. સૂક્ષ્મ સાધારણ ״
(૨૧) પર્યા. બાદર સાધારણ વનસ્પતિકાય (૨૨) અપર્યા. બાદર સાધારણ વનસ્પતિકાય

હવે, એકેન્દ્રિય જીવોનાં આ ૨૨ ભેદોને નજર સામે રાખીને, આપણી બુદ્ધિની થોડી કસોટી થાય તે માટે કુલ બાવીસ ભેદોમાંથી પ્રત્યેકનાં, સૂક્ષ્મનાં, પર્યાપ્તા વગેરેનાં કુલ ભેદો કેટલાં છે? તે વિચારીને જણાવશો. આ સવાલોનાં જવાબ માટે, એકેન્દ્રિય જીવોનું 'યંત્ર-ટેબલ' સતત મગજમાં ઉપસ્થિત રાખવું જરૂરી છે. આ સવાલોનાં સાચાં જવાબો (જોયા વિના) જો તમને આવડી જાય તો સિદ્ધ થશે કે નાનપણમાં સ્કૂલમાં તમે કોપી કર્યા વગર પાસ થયાં છો અને તમારામાં થોડી ઘણી પણ બુદ્ધિ છે કે નહીં તેની પણ પરીક્ષા હવે થશે.

સ્થાવર જીવોનાં કુલ ભેદો ૨૨ માંથી

| જીવોનાં નામ | કુલ ભેદ | જીવોનાં નામ | કુલ ભેદ |
|---|---|---|---|
| ૧) સાધારણ જીવના | ૪ | ૨૧) પર્યા. પ્રત્યેક જીવો | ૯ |
| ૨) અપર્યા. સૂક્ષ્મ નિગોદ | ૧ | ૨૨) વનસ્પતિકાય | ૬ |
| ૩) પ્રત્યેક જીવ | ૧૮ | ૨૩) અપર્યા. પ્રત્યેક નિગોદ | ૦ |
| ૪) અપર્યા. સૂક્ષ્મ પ્રત્યેક વનસ્પતિકાય | ૦ | ૨૪) પર્યા. બાદર પ્રત્યેક જીવો | ૫ |
| ૫) સૂક્ષ્મ જીવ | ૧૦ | ૨૫) પર્યા. વાઉકાય | ૨ |
| ૬) બાદર સાધારણ જીવ | ૨ | ૨૬) પર્યા. એકેન્દ્રિય જીવો | ૧૧ |
| ૭) બાદર જીવ | ૧૨ | ૨૭) અપર્યા. વાઉકાય | ૨ |
| ૮) અપર્યા. સૂક્ષ્મ વનસ્પતિકાય | ૧ | ૨૮) પર્યા. સૂક્ષ્મ અપકાય | ૧ |
| ૯) પર્યાપ્તા જીવ | ૧૧ | ૨૯) બાદર પ્રત્યેક જીવો | ૧૦ |
| ૧૦) અપર્યા. બાદર પ્રત્યેક જીવો | ૫ | ૩૦) પર્યાપ્ત બાદર તેઉકાય | ૧ |
| ૧૧) પર્યા. બાદર નિગોદ | ૧ | ૩૧) અપર્યા. બાદર પ્રત્યેક વન. | ૧ |
| ૧૨) અપર્યાપ્તા જીવ | ૧૧ | ૩૨) અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો | ૫ |
| ૧૩) અપર્યા. સાધારણ વનસ્પતિકાય | ૨ | ૩૩) પર્યા. સૂક્ષ્મ વનસ્પતિકાય | ૧ |
| ૧૪) પૃથ્વીકાય | ૪ | ૩૪) નિગોદ | ૪ |
| ૧૫) પર્યા. બાદર એકેન્દ્રિય | ૬ | ૩૫) અપર્યા. બાદર જીવો | ૬ |
| ૧૬) અપકાય | ૪ | ૩૬) અનિગોદ | ૧૮ |
| ૧૭) પર્યા. સૂક્ષ્મ વનસ્પતિકાય | ૧ | ૩૭) પર્યા. સૂક્ષ્મ પ્રત્યેક જીવો | ૪ |
| ૧૮) તેઉકાય | ૪ | ૩૮) સૂક્ષ્મ પ્રત્યેક વનસ્પતિકાય | ૦ |
| ૧૯) અપર્યા. બાદર વનસ્પતિકાય | ૨ | ૩૯) અપર્યા. બાદર એકેન્દ્રિય | ૬ |
| ૨૦) વાઉકાય | ૪ | ૪૦) અનિગોદ | ૧૮ |

No. ..........

Date

| જીવોનાં નામ | કુલ ભેદ | જીવોનાં નામ | કુલ ભેદ |
|---|---|---|---|
| ૪૧) પર્યા. સૂક્ષ્મ પ્રત્યેક જીવો | ૪ | ૫૬) બાદર પ્રત્યેક વનસ્પતિકાય | ૨ |
| ૪૨) સૂક્ષ્મ પ્રત્યેક વનસ્પતિકાય | ૦ | ૫૭) સૂક્ષ્મ પ્રત્યેક જીવો | ૮ |
| ૪૩) અપર્યા. બાદર એકેન્દ્રિય | ૬ | ૫૮) સૂક્ષ્મ અપકાય | ૨ |
| ૪૪) સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય | ૨ | ૫૯) અપર્યા. સૂક્ષ્મ પૃથ્વીકાય | ૧ |
| ૪૫) અપર્યા. સૂક્ષ્મ એકેન્દ્રિય | ૫ | ૬૦) પર્યા. સૂક્ષ્મ પ્રત્યેક વનસ્પ. | ૦ |
| ૪૬) બાદર સાધારણ વનસ્પતિકાય | ૨ | ૬૧) અપર્યા. બાદર તેઉકાય | ૧ |
| ૪૭) બાદર પ્રત્યેક જીવો | ૧૦ | ૬૨) અપર્યા. પ્રત્યેક જીવો | ૯ |
| ૪૮) પર્યા. વનસ્પતિકાય | ૩ | ૬૩) પર્યાપ્તા સૂક્ષ્મ જીવો | ૫ |
| ૪૯) અપર્યા. સૂક્ષ્મ સાધારણ વન. | ૧ | ૬૪) પર્યાપ્તા બાદર જીવો | ૬ |
| ૫૦) અપર્યા. વનસ્પતિકાય | ૩ | ૬૫) પર્યા. સૂક્ષ્મ નિગોદ | ૧ |
| ૫૧) પર્યા. પ્રત્યેક નિગોદ | ૦ | ૬૬) અપર્યા. બાદર જીવો | ૬ |
| ૫૨) સૂક્ષ્મ વનસ્પતિકાય | ૨ | ૬૭) અપર્યા. સૂક્ષ્મ પ્રત્યેક જીવો | ૪ |
| ૫૩) પર્યા. સૂક્ષ્મ એકેન્દ્રિય | ૫ | | |
| ૫૪) બાદર વનસ્પતિકાય | ૪ | | |
| ૫૫) સાધારણ વનસ્પતિકાય | ૪ | | |

સ્થાવર એકેન્દ્રિય જીવો

પૃથ્વીકાય — અપકાય — તેઉકાય — વાઉકાય — વનસ્પતિકાય

## પૃથ્વીકાયનાં જીવો (એકેન્દ્રિયનો પહેલો પ્રકાર)

❀ પૃથ્વી (માટી) + કાય (શરીર) = પૃથ્વીકાય

❀ <u>વ્યાખ્યા</u> : પૃથ્વીથી- માટીથી જેમનું શરીર બનેલું હોય, એવાં જીવોને 'પૃથ્વીકાય' કહેવાય.

<u>દા.ત.</u> લાલ-કાળી-પીળી-ભૂખરાં વગેરે જુદાં-જુદાં રંગની દરેક જાતની માટી, આરસ-કોટા લાદી-ગ્રેનાઈટ વગેરે દરેક જાતનાં પત્થરો, દરેક જાતનાં ધાતુઓ (મુખ્ય ૭ : સોનું, ચાંદી, લોખંડ, તાંબુ, પિત્તળ, સીસું, જસત), કોલસા, રત્નો, દરેક જાતનાં

KOKUYO W-N8280U

ખનીજ પદાર્થો, કાચું મીઠું, શીલા, પર્વતો, ડામર વગેરે.

## ✿ પૃથ્વીકાયનાં અમુક વિશેષ દ્રષ્ટાંતો

સ્ફટિક (crystal & quartz), ચંદ્રકાંતમણિ, સૂર્યકાંતમણિ, નીલમ, માણેક, પન્ના, પોખરાજ, પરવાળા (લાલ રંગ) - (માળા, વીંટી નંગ અને ઔષધિમાં), (બેટ = ઉષ્ણ કટીબંધ = ટાપુ = coral island → વેસ્ટ ઈન્ડિઝમાં બાહામનાનો ટાપુ), (red coral); હિંગળોક (સૌભાગ્યવાન સ્ત્રીનો સેંથો) (લાલ ખનીજ) (૧ શેરમાંથી પોણો શેર પારો), પારો (mercury), ખડી (ધોળો રંગ-સ્લેટ), પાપડિયો ખાર, સૂરમો (અંજન) વગેરે વગેરે.

✿ હવે, હલન-ચલન કરનારાં બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોમાં, જીવંત અને મરણ અવસ્થામાં રહેલ જીવો માટે, શબ્દ પ્રયોગ થશે → 'જીવે છે' અને 'મરી ગયો છે'. (દા.ત. કીડી મરી ગઈ, માછલી જીવે છે, માણસ મરી ગયો, હાથી જીવે છે વગેરે ....). પરંતુ, હલન-ચલન નહીં કરનારાં અને એકજ સ્થળે સ્થિર રહેનારાં એકેન્દ્રિય જીવો માટે શબ્દપ્રયોગ જુદો થાય છે. જીવંત અવસ્થામાં રહેલ એકેન્દ્રિય જીવો માટે, શબ્દ પ્રયોગ થાય છે : 'સચિત્ત' અને મૃત અવસ્થામાં રહેલ એકેન્દ્રિય જીવો માટે, 'અચિત્ત' તરીકેનો શબ્દપ્રયોગ થશે.

સ = સહિત , ચિત્ત = જીવ

સ + ચિત્ત = સચિત્ત

∴ સચિત્ત = જીવ સહિત અવસ્થા જ્યારે હોય

અચિત્ત = જીવ રહિત અવસ્થા જ્યારે હોય

(અહીં 'અ' = અભાવનાં અર્થમાં સમજવો)

## ✿ સચિત્ત પૃથ્વીકાય :

ઉપર બતાડેલ તમામ માટીઓ, પત્થરો, ધાતુઓ વગેરે પૃથ્વીકાયનાં દરેક પ્રકારો જ્યારે પૃથ્વીના પેટાળમાં, ખાણમાં, કાચી અવસ્થામાં હોય ત્યારે તેમને 'સચિત્ત પૃથ્વીકાય' તરીકે કહેવાય. માટીની બાબતમાં તો, આપણે જે ભૂમિ ઉપર ચાલીએ

છીએ, તે ભૂમિમાં, ઉપરની ચાર આંગળ માટીને છોડીને, નીચેની માટીને 'સચિત્ત પૃથ્વીકાય' તરીકે કહેવાય. ઉપરનાં ચાર આંગળની માટી માટે, લોકોની અવર-જવર + સૂર્યનો તાપ તો, સચિત્તમાંથી અચિત્ત રૂપે બનાવવા માટે, શસ્ત્રનું કામ કરે છે. તેથી, જીવ નીકળી ગયેલ હોય, એવી જીવ રહિત અવસ્થાવાળી માટીને 'અચિત્ત પૃથ્વીકાય' કહેવાય. દરેક ખનીજ પદાર્થો, પત્થરો, ધાતુઓ વગેરે ખાણમાં હોય (દા.ત. કાચું સોનું) ત્યારે તેઓને સચિત્ત રૂપે જાણવા. પરંતુ, ખાણમાંથી બહાર નીકળ્યાં બાદ જ્યારે તેમનાં ઉપર શસ્ત્રોની ક્રિયા થાય, અગ્નિમાંથી પસાર કરાય, જાતજાતનાં યંત્રોમાંથી પસાર કરાય વગેરે વગેરે processing થાય, ત્યારે તે તમામ પૃથ્વીકાયનાં પ્રકારો, સચિત્તમાંથી અચિત્ત તરીકે થઈ જાય છે. એટલે કે, તેમનામાં રહેલ અસંખ્ય-અસંખ્ય પૃથ્વીકાયનાં જીવો ~~ચ્ય~~ ચ્યવી જાય છે, નાશ પામી જાય છે. એને જ શાસ્ત્રની પરિભાષા મુજબ 'અચિત્ત પૃથ્વીકાય' રૂપે કહેવાય છે.

❀ <u>પૃથ્વીકાય જીવોમાં જીવની સિદ્ધિ</u> :

(૧) આ જગતમાં અસત્ય વચન (જુઠું) બોલવા માટેનાં અમુક કારણો, નીચે પ્રમાણે છે:

ક્રોધ, માન, માયા, લોભ, ભયથી, હાસ્યમાં, અથવા તો રાગ-દ્વેષને લીધે, જગતમાં માણસ ખોટું બોલે છે. સર્વજ્ઞ પરમાત્મામાં તો આમાંનો એકપણ કારણ ન હોવાથી, ખોટું બોલવાનું કોઈ પ્રયોજન નથી. તેથી, આપણા પ્રભુએ જે કહ્યું છે, તે તદ્દન સાચું જ છે, વિશ્વસનીય છે. પ્રભુનાં એકપણ વચન ઉપર શંકા કરનારને, સમ્યક્દર્શન ન મળી શકે અને કદાચ મળ્યું હોય તો, શંકા થતાની સાથે જ તે ચાલ્યું જાય છે. હજારો વર્ષો પૂર્વે, પ્રભુએ કેવળજ્ઞાનનાં માધ્યમથી જોઈને કહેલ અનેક વાતોમાંથી, અમુક વાતોનો સ્વીકાર આજે વૈજ્ઞાનિકો કરે જ છે. વૈજ્ઞાનિકો પાસે, પ્રભુની જેમ કોઈ પૂર્ણ જ્ઞાન નથી. પરંતુ, જાતજાતનાં સાધનો, સામગ્રીઓ અને પ્રયોગોના માધ્યમથી, ઘણી મહેનત કર્યા બાદ, થોડી ઘણી સિદ્ધિ પામી શકે. જ્યારે પ્રભુ તો, કોઈપણ સાધન-સામગ્રીની સહાય વિના જ, પ્રગટ થયેલ સંપૂર્ણ જ્ઞાનથી બધું કહે છે. પ્રભુની અમુક બાબતો, આજે વિજ્ઞાનની દુનિયામાં સાચી ઠરી છે. એ જ સૂચવે છે કે, આજે ન મનાતી એવી પ્રભુની બીજી ઘણી બધી

વાતો પણ સત્ય જ છે. કુકરમાં મગનો એક દાણો સીઝી જાય તો બીજાં દાણાઓ તપાસવાની જરૂર ન પડે. વિશેષ સાધન-સામગ્રીઓ તથા પૂર્ણ જ્ઞાનનાં અભાવે, વૈજ્ઞાનિકોને, પ્રભુએ કીધેલ તમામે તમામ બાબતોની સિદ્ધિ શક્ય ન હોવા માત્રથી, પ્રભુએ કહેલ વાતોમાં શંકા ન કરાય. જગદીશચંદ્ર બોઝે તો ઘણાં-ઘણાં પ્રયોગો કર્યા બાદ, વનસ્પતિમાં જીવ તરીકેની સિદ્ધિ મેળવીને, દુનિયા સમક્ષ રજૂ કર્યું ત્યારબાદ આ દુનિયા સ્વીકારે છે. જ્યારે, હજારો વર્ષો પૂર્વે, એક પણ પ્રયોગ વિના, પ્રથમ તિર્થંકર ઋષભદેવ પ્રભુએ તો, પોતાનાં જ્ઞાનનાં બળે આ વાત કહી જ હતી. જગદીશચંદ્ર બોઝનાં જન્મ થયાં બાદ, તેમનાં દ્વારા પ્રયોગો થયાં બાદ, વનસ્પતિમાં જીવ આવી ગયો અને તેમનાં જન્મ પૂર્વે વનસ્પતિમાં જીવ ન હતો આવું નથી. પરંતુ, તેમનાં જન્મ પૂર્વે પણ વનસ્પતિમાં જીવ તો હતો જ. કોઈ વૈજ્ઞાનિકે સિદ્ધ નહોતું કર્યું તે માટે આ દુનિયા સ્વીકારતી ન હતી.

અજૈનો હાલતાં-ચાલતાં બેઈન્દ્રિયાદિ જીવોને જીવ તરીકે માને છે. પરંતુ, સ્થિર રહેલા એકેન્દ્રિય જીવોને 'જીવ' તરીકે નથી માનતા. જ્યારે, આપણા પ્રભુએ તો પૃથ્વીકાય, અપકાયાદિ એકેન્દ્રિય જીવોને પણ 'જીવ' તરીકે ઓળખાવેલ છે. શાસ્ત્રમાં તે અંગે પુરાવાઓ પણ મળે છે. તેથી, સર્વજ્ઞ-વિતરાગી એવાં મારાં પરમાત્માએ પોતાની પાસે રહેલ કેવળજ્ઞાન રૂપી electron microscope (સૂક્ષ્મ દર્શક યંત્ર) નાં માધ્યમે, પૃથ્વીકાય, અપકાયાદિ તમામ એકેન્દ્રિયોમાં જીવની અસ્તિત્વની વાત કરતાં હોવાથી, પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય આદિ જીવોમાં તો, જીવની સિદ્ધિ કર્યા વગર જ આપોઆપ સિદ્ધ થઈ જશે.

(૨) પોતાનો ખોરાક મળવાથી પોતાની કાયામાં વધારો થવો અને તેના અભાવે ઘટાડો થવો આવું લક્ષણ તો જીવમાં જ જોવા મળે છે. અજીવ પદાર્થોમાં, આ લક્ષણ કદાપિ જોવા ન મળે. પૃથ્વીકાયમાં તો જીવનું આ લક્ષણ સ્પષ્ટપણે જોવા મળે છે.

દા.ત.: (A) કોલસાની ખાણ પૂરેપૂરી ખાલી કર્યા બાદ, થોડાં વર્ષો જતાં, ફરી પાછી ભરાઈ જાય છે. તે કઈ રીતે ? શા માટે !

(B) મકરાણાંની આરસની ખાણો, હસ્તગિરિ તીર્થનાં વિસ્તારમાં રહેલ આરસની અમુક ખાણોમાં તો, માત્ર ૧૫-૨૦ વર્ષનાં ટૂંકા ગાળામાં જ,

ખાલી થયેલ આરસની ખાણ, ફરી પાછી ભરાઈ જતાં જોવા મળે છે, (વરસાદનું પાણી વગેરે ખોરાક રૂપે મળતાં).

(c) ધૂળ સ્વરૂપે રહેલ પૃથ્વીકાય, સમય પસાર થતાં, ધૂળમાંથી ધીરે-ધીરે કરીને ઢેફાં સ્વરૂપે થાય અને ત્યારબાદ, ઠંડી-ગરમી-વરસાદાદિ વાતાવરણમાંથી ખોરાક મળતાં, આગળ જતાં ઘણાં વર્ષે, મોટી શીલા સ્વરૂપે (નક્કર અવસ્થામાં) થતાં જોવા મળે છે કે જેને ઉંચકવા માટે, ૧૦-૧૫ માણસો પણ ઓછાં પડે છે.

ખોરાકનાં આધારે આવો ઘટાડો કે વધારો તો ટેબલાદિ અજીવ પદાર્થોમાં ક્યારેય પણ જોવા ન મળે. તેથી પૃથ્વીકાયમાં જીવ છે, એવું સિદ્ધ થયું.

નોંધ: સચિત્ત પૃથ્વીકાય સ્વરૂપે રહેલ કાચાં મીઠાનાં નાનકડાં કણિયામાં, એક નાની ચપટીમાં પણ, ઓછામાં ઓછાં અસંખ્ય પૃથ્વીકાયનાં જીવો રહેલ હોવાથી, પૃથ્વીકાયની હિંસા થાય ત્યારે, ઓછામાં ઓછાં અસંખ્ય જીવોની વિરાધના થાય. તેથી, જીવહિંસાની આટલી મોટી સંખ્યા (Quantity) ને નજર સામે રાખીને, પૃથ્વીકાયનાં જીવોની હિંસાથી બચવા માટેનાં શક્ય એટલાં પ્રયત્નો કરવાં.

(*) આત્મ-તત્વ તો દરેક જીવમાં એક સરખો જ હોય છે. પછી ભલે ને તે એકેન્દ્રિય હોય કે બેઈન્દ્રિય હોય કે પંચેન્દ્રિય જીવ હોય. તેથી, કાળજી-જાગૃતિપૂર્વક, પૃથ્વીકાયની વિરાધનાથી બચવાનો પ્રયત્ન કરવો. કોઈપણ જીવને મરવું પસંદ નથી. આપણને પણ જો પીડાં અને મૃત્યુ પસંદ ન હોય, તો પછી, બીજા નિર્દોષ જીવોને પીડાં કે મૃત્યુ આપવાનો આપણને શું અધિકાર છે? બીજાં જીવોને નવું જીવન આપી શકીએ તો સારું જ છે, પણ જો એ શક્ય ન બને તો પણ કદાચ ચાલશે. પરંતુ, આપણી શારીરિક શાતા માટે કે પ્રમાદથી, બીજા અસંખ્ય નિર્દોષ જીવોને કિલામના પહોંચાડવી, તે તો જરાય ઉચિત નથી.

# આચારંગ સૂત્ર નાં પ્રશ્ન - જવાબ

જૈન આગમ 'શ્રી આચારાંગ સૂત્ર'નાં પ્રથમ 'શ્રુતસ્કંધ'નાં પ્રથમ અધ્યયનના બીજા ઉદ્દેસામાં, પ્રભુવીરનાં ગણધર શ્રી સુધર્માસ્વામીને પૂછાયેલ અમુક પ્રશ્નો અને પૂજ્ય ગણધર ભગવંત વડે અપાયેલ તેના જવાબો, નીચે પ્રમાણે છે :

પ્રશ્ન-૧ : પૃથ્વીકાયનાં જીવોની હિંસા કરનારને કઈ નુકસાની વેઠવી પડે છે ?

જવાબ-૧ : "પોતાનાં કાર્યોમાં આસક્ત થઈ, અનેક પ્રકારનાં શસ્ત્રો દ્વારા, પૃથ્વી કર્મ સમારંભથી અસંખ્ય નિર્દોષ પૃથ્વીકાયના જીવોની જે હિંસા કરે છે, તેમજ પૃથ્વીને આશ્રિત અન્ય અનેક પ્રકારનાં વનસ્પતિકાય આદિ જીવોની હિંસા પણ જે પોતે કરે છે, કરાવે છે અથવા હિંસાની અનુમોદના જે આત્મા કરે છે, તેને આ ભવમાં તથા પરભવમાં અનેક નુકસાનીઓ વેઠવી પડે છે. કારણ કે, પૃથ્વીકાયની બિનજરૂરી હિંસા, એ કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મરણનું કારણ છે અને નરકગતિમાં જવાનું કારણ છે." - આવું ખુદ પ્રભુવીરે શ્રી સુધર્માસ્વામીને જણાવ્યું હતું અને ગણધર શ્રી સુધર્માસ્વામીએ પોતાનાં શિષ્ય શ્રી જંબુસ્વામીને આચારંગ સૂત્રમાં જણાવેલ છે. તેથી, આત્મા માટે અહિતકારી તથા બોધિબીજનો નાશ કરનારી, બિનજરૂરી પૃથ્વીકાયનાં અસંખ્ય જીવોની હિંસાથી અટકવું.

પ્રશ્ન-૨ : પૃથ્વીકાયનાં જીવો તો દેખતા નથી, સૂંઘતા નથી, સાંભળતા પણ નથી, તો પછી તેમને વેદનાનો અનુભવ કેવી રીતે થાય છે ?

જવાબ-૨ : સુધર્માસ્વામી કહે છે કે,- "જેવી રીતે કોઈક એક માણસ, જન્મથી જ આંધળો, બહેરો અને મૂંગો હોય, તેને કોઈ ભાલાથી ભેદે, તલવારાદિથી છેદે, કોઈ પગને ભેદે-છેદે, ઘૂંટીને, પિંડીને, ઘૂંટણને, જાંઘને, કમરને, નાભિને, પેટને, પાંસળીને, પીઠને, છાતીને, હૃદયને, સ્તનને, ખભાને, બાહુને, હાથને, આંગળીને, નખને, ગળાને, દાઢીને, હોઠને, દાંતને, જીભને, તાળવાને, ગાલને, લમણાને, કાનને, નાકને, આંખને, ભ્રમરને, લલાટને અને મસ્તક ઈત્યાદિ અવયવોને છેદે-ભેદે, તેને મૂર્છિત કરે, મારી નાંખે ત્યારે તેને વેદના થાય છે. પરંતુ, તે

No.
Date

વેદનાને પ્રગટ કરી શકતો નથી. તેવી જ રીતે, પૃથ્વીકાયનાં જીવ પણ અવ્યક્ત રૂપથી વેદનાનો અનુભવ કરે છે. પરંતુ, તેને પ્રગટ કરી શકતાં નથી." – આવો જવાબ પૂ. ગણધર શ્રી સુધર્મસ્વામીજી દ્વારા 'આયારાંગ સૂત્ર'ના 'શસ્ત્ર પરિજ્ઞા' નામનાં પ્રથમ અધ્યયનમાં પોતાનાં શિષ્ય શ્રી જંબુસ્વામીને આપેલ છે.

## ❀ પૃથ્વીકાય જીવોની હિંસાથી બચવાનાં સરળ ઉપાયો :

(૧) ખેતીમાં જોડાવાથી, અસંખ્ય પૃથ્વીકાયની direct વિરાધના થાય છે. તેથી, ખેતીમાં જોડાવું નહીં.

(૨) ખેતરમાં ખેડાણ થાય, ત્યારે ઉપરની ચાર આંગળથી નીચેની માટી ઉપર આવે છે અને ઉપરની માટી નીચે જાય છે. તેથી, ચાર આંગળ નીચેની માટી સચિત્ત હોવાથી, ખેડાયેલ ખેતરની આવી માટી ઉપર ચાલવાનું ટાળવું. આવી સચિત્ત માટીને અડવા માત્રથી પણ, અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની વિરાધનાનો દોષ લાગે છે.

(૩) ક્યારેક ગામડામાંથી પસાર થતાં, ખોદાયેલ ખાડાઓની સચિત્ત માટી ઉપર અથવા તો શહેરમાં પણ કોઈકવાર ટેલિફોનનાં વાયરનાં સમારકામ નિમિત્તે અથવા બિલ્ડીંગના બાંધકામાદિ માટે, ખોદાયેલ ખાડાઓની બાજુમાં, રસ્તા ઉપર રહેલ સચિત્ત માટીનાં ઢગલાં ઉપર ચાલવાનું દૂરથી જ ટાળવું. આ સચિત્ત માટીને અડવા માત્રથી પણ, અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની કિલામના થાય છે. તેથી, રસ્તા ઉપર ચાલતી વેળાએ, આવી માટીનો સ્પર્શ ભૂલથી પણ ન થઈ જાય, તેની પૂર્ણ કાળજી રાખવી.

(૪) બિલ્ડીંગ કંસ્ટ્રક્શનની લાઈનમાં, શક્ય હોય તો, direct કે indirect રીતે પણ, જોડાવાનું ટાળવું. કારણ કે, બિલ્ડીંગ ઊભી કરતાં પૂર્વે, બિલ્ડીંગનાં પાયા માટે, ઉંડા ખાડાઓ ખોદાય છે. તેથી, આ ખોદાયેલા ઉંડા ખાડા નિમિત્તે અસંખ્ય-અસંખ્ય સચિત્ત પૃથ્વીકાયનાં જીવોની હિંસાનો દંડ લાગે છે.

(૫) સુરંગ ફોડવાદિ કાર્યોમાં ન જોડાવું. કારણ કે, પૃથ્વીનાં ચાર આંગળ નીચેની માટી સચિત્ત હોય છે.

(૬) રસોડા આદિ નિમિત્તે વપરાતાં મીઠાનાં માધ્યમે થતી બિનજરૂરી અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની હિંસાના દંડથી પણ આપણા સમગ્ર

પરિવારજનોને બચાવવા માટે હવે વહેલી તકે 'Tata, Captain Cook' વગેરે સચિત્ત મીઠાનો ત્યાગ કરવો. અને રસોઈ આદિમાં હવે પછી, 'સફેદ સિંધાલૂણ મીઠા'નો વપરાશ શરૂ કરી નાંખો. ફાવશે ને? તમે જો તપાસ કરો તો, સફેદ સિંધાલૂણ મીઠું - ગમે તે કરિયાણા-અનાજની દુકાનેથી મળી શકશે. સંસારમાં રહીને મીઠાંનો વપરાશ તો કરવો જ પડશે. પરંતુ, સફેદ સિંધાલૂણ મીઠું વાપરવાથી, બિનજરૂરી અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની હિંસાથી જો બચી શકાતું હોય તો પછી તે વિકલ્પ સ્વીકારવામાં - અમલમાં લેવા માટે, ખોટો પ્રમાદ શા માટે કરવો? આપણાં શરીરનાં આરોગ્ય માટે પણ સફેદ સિંધાલૂણ મીઠાંનો વપરાશ તો અતિશય હિતકારી છે. આરોગ્યની દ્રષ્ટિએ તો, સિંધાલૂણ મીઠાંની જેટલી પ્રશંસા કરીએ, તેટલી ઓછી છે.

(૭) માત્ર, જીભનાં સ્વાદને પોષવા માટે, કોઈપણ ખાદ્ય પદાર્થોમાં ઉપરથી કાચું મીઠું ભભરાવવું નહીં. કારણ કે, એક ચમચી કાચું મીઠું ભભરાવવા માત્રથી, ઓછામાં ઓછાં અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની વિરાધના થઈ જાય. 'સફેદ સિંધાલૂણ મીઠું' તો સ્વાભાવિકપણે અચિત્ત તરીકે જ મળતું હોવાને લીધે, જરૂર પડે ત્યારે, કોઈ પણ ખાદ્ય પદાર્થોમાં ખુશીથી વાપરી શકાય છે. તેમાં સચિત્તની વિરાધનાનો દોષ નહીં લાગે, અને ઘરમાં રોજની ચાલતી અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની બિનજરૂરી વિરાધનાથી બચવાનો ઘણો મોટો લાભ આપણાં સમગ્ર પરિવારજનોને મળી શકશે.

(૮) કાચું મીઠું ન વાપરતાં, પાકું મીઠું (બલવણ) વાપરવાથી અસંખ્ય પૃથ્વીકાયની direct વિરાધનાથી બચી શકાય. રસોઈ આદિમાં બલવણ વાપરવાને બદલે 'લાલ સંચર' મીઠું અથવા 'સફેદ સિંધાલૂણ' મીઠું વાપરવામાં લાભ ઘણો વધારે છે. કારણ કે, બલવણ મીઠું બનાવવા માટે તો, કાચાં મીઠાંને અગ્નિમાં તપાવીને, પાકું (અચિત્ત) કરવું પડે. પરંતુ, સફેદ સિંધાલૂણ મીઠું (સિંધવ મીઠું પણ કહેવાય) તો સ્વાભાવિકપણે, પહેલાંથી જ અચિત્તરૂપે બજારમાં તૈયાર મળતું હોવાથી, અગ્નિકાયની વિરાધના કરવાની જરૂર જ ન પડે. આયુર્વેદની દ્રષ્ટિએ પણ સિંધાલૂણ વાપરવાથી આરોગ્ય વધે છે. એટલે, શરીર અને આત્મા બંને સચવાઈ જાય. B.P., cholesterol, heart, kidney નાં દર્દીઓ માટે તો, સિંધાલૂણ મીઠાંનો વપરાશ અતિશય લાભકારી બને છે. બીજી બાજુ,

બજારમાં મળતાં બીજાં દરિયાઈ મીઠાંઓ તો, આપણાં શરીરનાં આરોગ્ય માટે અત્યંત હાનિકારક બને છે.

(૯) ડાયમંડ (હીરાબજાર) કે ગોલ્ડ બજારમાં કે સોની બજારમાં જોડાનારાં પણ, અસંખ્ય પૃથ્વીકાયની હિંસાની અનુમોદનાનાં માધ્યમથી, મોટી હિંસાના ભાગીદાર બને છે. વાસણોનો ધંધો કરવો પણ ટાળવો; કદાચ જોડાઈ જ ગયા હોય તો વહેલી તકે, છૂટવાનો પ્રયત્ન કરવો. અને ન છૂટાય ત્યાં સુધી હૃદયમાં તેના માટે સતત દયા-પશ્ચાતાપનાં પરિણામો રાખવા. નિયમીતપણે થોડા-થોડા દિવસે આલોચના-પ્રાયશ્ચિત લઈને આત્મ-વિશુદ્ધિ કરી લેવી, પાપોનું પ્રક્ષાલન વહેલી તકે કરી લેવું.

(૧૦) આરસ, ગ્રેનાઈટ આદિ પત્થરોનો direct કે indirect વ્યાપાર પણ શક્ય હોય તો ટાળી દેવો. બિલ્ડીંગ, કંસ્ટ્રક્શન લાઈનમાં દલાલી વગેરે પણ ન કરવી. (અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની indirect વિરાધનાનો દંડ અનુમોદનાનાં માધ્યમે વ્યાપાર કરનારનાં માથે કે દલાલી કરનારનાં માથે લાગતું હોવાથી)

(૧૧) દેરાસરનાં બાંધકામ માટે, મોટાં પ્રમાણમાં આરસની જરૂર હોય અને પૂરેપૂરી ખાણ ખરીદવા જતાં, ઘણું સસ્તું પડતું હોવા છતાંય, આરસની આખી ખાણ ન ખરીદાય. કારણ કે, એવું કરવામાં, ઘણાં મોટા પ્રમાણમાં થતી સચિત્ત પૃથ્વીકાયનાં જીવોની direct વિરાધનામાં આપણને direct જોડાવું પડે અને આ વિરાધના તો specially આપણાં દેરાસર નિમિત્તે જ થતી હોવાથી, મોટો દોષ લાગે. જ્યારે બીજી બાજુ, બજારમાંથી અચિત્ત પૃથ્વીકાય રૂપે મળતું તૈયાર આરસ ખરીદવામાં, કદાચ પૈસાની દ્રષ્ટિએ ભલે મોંઘુ પડશે, પરંતુ, સચિત્ત પૃથ્વીકાયની વિરાધનામાં direct ન જોડાવાથી + આપણા નિમિત્તે special વિરાધના કરવાની મોટી નુકસાનીથી બચી જવાથી, જીવદયાની દ્રષ્ટિએ, આપણાં આત્મા માટે તો આ વિકલ્પ સ્વીકારવું અતિશય હિતકારી છે.

(૧૨) સચિત્ત પૃથ્વીકાયની મોટાં પ્રમાણમાં direct અથવા indirect વિરાધના થતી હોય, એવાં ખનીજ પદાર્થોની કંપનીઓનાં (mines) શેરો, ખરીદાય નહીં. અને જો એક શેર પણ ખરીદવા ગયાં તો, આખી કંપનીમાં, મોટા પાયે થતી, અસંખ્ય પૃથ્વીકાયની વિરાધનાના આપણે સરખે-સરખાં ભાગીદાર થઈએ છીએ (અનુમોદનાનાં માધ્યમે).

(૧૩) મુંબઈ-અમદાવાદની લીસી સડક (Express Highway) ઉપર

full speed થી તમારી ગાડી દોડી જતી હોય ત્યારે, જો મનથી ગમાડીએ કે બોલીએ કે 'રસ્તો બહુ સરસ છે', તો આ રસ્તાઓ બનાવતી વેળાએ કોલસા વિગેરે સચિત્ત પૃથ્વીકાયની મોટાં પાયે થયેલ વિરાધનામાં, આપણે સરખે-સરખાં ભાગીદાર બની જઈએ (અનુમોદનાને લીધે). એટલે, જે પાપ, પોતે કરેલ નથી અથવા કરવાનાં પણ નથી, છતાંય અનુમોદના કરવા દ્વારા, પાપ ન કરવા છતાંય તેનો દંડ પોતાનાં માથે લઈને, ડગલેને પગલે, કર્મગ્રંથાદિ પાયાના ગ્રંથોના અભ્યાસનાં માધ્યમે જયણાદિની સૂક્ષ્મ સમજણ જેણે મેળવી નથી, એવા અજ્ઞાનીને તો કશું બોલવાની કે વિચારવાની છૂટ નથી. અજ્ઞાનીએ તો મૌન રહેવું, એ જ વધારે જરૂરી છે, આવું પ્રભુએ કહેલ છે. આવા અજ્ઞાનીએ તો રસોઈ આદિ ગૃહકાર્યોમાં અથવા ધંધાદિ કાર્યોમાં અથવા લગ્ન જમણમાં પણ જોડાવાનો અધિકાર નથી. અજ્ઞાની પાસે સૂક્ષ્મ વિવેક બુદ્ધિ ન હોવાથી, ચોવીસે કલાક પોતાનાં મન દ્વારા ન વિચારવાનું વિચારવાથી, વચન દ્વારા ન બોલવાનું બોલવાથી અને પોતાની કાયા દ્વારા ન કરવાનું કીધે રાખવાથી, સતત નવા-નવાં કર્મબંધ ચાલુ જ રહેશે. એટલે જ કહ્યું છે કે, 'વિણ ખાધાં ભોગવ્યાં, ફોગટ કર્મ બંધાય.'

(૧૪) અસંખ્ય પૃથ્વીકાયની વિરાધનાથી બનેલ નવા મકાનને, મનથી ગમાડવા જતાં અથવા વાણીથી પ્રશંસા કરવા જતાં, થયેલ તમામ જીવોની વિરાધનાનો દોષ, અનુમોદનાનાં માધ્યમથી આપણને લાગે છે.

(૧૫) તૈયાર થયેલ પોતાનાં નવા (building, બંગલો, mall આદિ) મકાનનાં બાંધકામ સંબંધી પ્રશ્ન અથવા અભિપ્રાય જો તમારા મિત્ર તરફથી પૂછાય તો કાં તો મૌન રહેવું અને કાં તો ટાળી દેવું, કાં તો લઘુતાપૂર્વક સ્વીકારી લેવું કે "મારાં જેવાં અબુધને આમાં શું ખબર પડે", અથવા કહી દેવું કે, 'આ મારાં વિષયની વાત ન હોવાથી મને શું ખબર પડે.' અથવા કહેવાય કે 'મારાં કરતાંય તું વધુ હોંશિયાર છે'. આ રીતે, બોલવામાં કળામ-જાગૃતિ રાખવાથી, અસંખ્ય જીવોની વિરાધનાના નુકસાનથી પણ બચી જવાય અને પૂછનારને ખોટું પણ ન લાગે.

(૧૬) અસંખ્ય પૃથ્વીકાયની હિંસા દ્વારા બનેલ સોના-ચાંદીના દાગીનાં તથા વાસણોને મનથી ગમાડાય નહીં, વાણીથી પ્રશંસા પણ ન કરાય

No.

Date

એટલે, પ્રભુ પૂજાદિ કાર્યો સિવાય, જો શક્ય હોય તો, દાગીનાં પહેરવાનો સદંતર ત્યાગ કરવો. આજે જોજમનાં લીધે, લૂંટાઈ જવાનાં ભયથી દાગીનાં પહેરવાનો ત્યાગ કરવાથી આત્માને લાભ નથી. પરંતુ, જીવદયાનો આશય હોવો જોઈએ, તો આત્માને લાભ થાય.

(૧૭) જો વાપરવા જ પડે એમ હોય તો, દાગીનાઓનું પ્રમાણ વધારવું નહીં. શોખ ખાતર design વારંવાર બદલાવવી નહીં.

(૧૮) બહારથી ભભકાદાર અને આકર્ષક બનાવેલ દાગીનાની દુકાનની બાજુમાંથી પસાર થતાં, દાગીનાઓને ગમાડવાની ભૂલ ન કરાય. અન્ય કોઈકને દાગીનાની ખરીદી માટે જવું હોય ત્યારે પણ તેમની સાથે જવાનું ટાળવું. કારણ કે, દાગીનાની દુકાને ગયા બાદ, મનથી ગમાડવાનું અથવા વાણીથી દાગીનાની પ્રશંસા કરવાનું જો થઈ જાય તો તે દાગીના બનાવતાં પૂર્વે થયેલ અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની વિરાધનાની અનુમોદનાનાં માધ્યમે આપણને દંડ લાગે છે. આજે તો સમજણના અભાવે, કોઈકના દાગીનાની ખરીદી માટે સાથે આવવા અન્યને આમંત્રણ મળે અને જો તમને આમંત્રણ ન મળે, તો રાજી થવાને બદલે ખોટું લાગી જાય છે, દુ:ખી થઈ જવાય છે. કોઈ ન બોલાવે તો રાજી થવાનું કે, 'સારું થયું, મને ન બોલાવ્યાં, હું બચી ગયો, કારણ કે, જો મને બોલાવ્યાં હોત, તો બિનજરૂરી અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની વિરાધનાનો દંડ મારે માથે લાગી જાત (અનુમોદના દ્વારા).'

(૧૯) રસ્તા ઉપરથી પસાર થતાં, રસ્તાની બાજુમાં રહેલ, ખેતરોમાં તૈયાર થયેલ સરસ મજાનો પાક તથા લીલી હરિયાળી જોઈને, ભૂલથી પણ તેની પ્રશંસા ન કરાય. જો તમે પ્રશંસા કરવા ગયાં અથવા તેને મનથી ગમાડવાં ગયા તો, ખેતર ખેડતી વખતે અથવા પાક તૈયાર કરવા માટે થયેલ અસંખ્ય પૃથ્વીકાયની જીવહિંસાની અનુમોદનાનો દંડ તમારા માથે લાગી જાય. કારણ કે, અસંખ્ય પૃથ્વીકાયની હિંસા થયા બાદ જ, ખેતરમાં આ પાક તૈયાર થયેલ છે.

(૧૯) બિનજરૂરી લખાણવાળાં કાગળો અથવા લગ્નની જૂની પત્રિકાઓના સંગ્રહનો નિકાલ કઈ રીતે કરવો? સમજી રાખો કે, પહેલા નંબરમાં તો, કાગળ ફડાય જ નહીં. પરંતુ, બિનજરૂરી કાગળોના ઢગલાઓનો નિકાલ કરવો જ હોય અને લોકો વિગેરેનાં પગ નીચે ન કચડાય તે માટેનો ઉપાય કરવો હોય તો, જયણાપૂર્વક, કાગળનાં નાનાં-નાનાં ટૂકડાઓ કરીને, સ્વાભાવિકપણે રસ્તાની બાજુમાં રહેલ જૂના ખાડામાં પરઠવીને,

Date

તેની ઉપર માટી નાંખીને જો ઢાંકી દેવાય તો, દોષ ઓછો લાગે. પરંતુ, નવો ખાડો ખોદીને ન પરઠવાય. કારણ કે, નવો ખાડો ખોદવા જતાં, ચાર આંગળની જમીન નીચેની માટી સચિત્ત હોવાથી અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની વિરાધનાનો દંડ લાગે છે. આ વધેલાં કાગળોને રદ્દી-પસ્તીમાં પણ ન અપાય કે પછી પાણીમાં પણ ન નંખાય. કારણ કે, પાણી સચિત્ત હોવાથી અસંખ્ય અપકાયનાં જીવોની હિંસાનો દંડ લાગે.

(૨૦) આપણી માલિકીની, બાપ-દાદાની કોઈ જમીન, ગામડાદિમાં જો આપણી પાસે હોય અને કોઈકને ભાગ ઉપર આપેલ આ જમીન ઉપર આપણે પોતે તો ખેતી આદિ ન કરીએ પરંતુ, અન્ય દ્વારા તે જમીન ઉપર જો ખેતી થાય તો તે ખેતી નિમિત્તે થયેલ, અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની વિરાધનાનો દંડ આપણને પણ લાગે છે. કારણ કે, જે જગ્યા ઉપરની આપણી માલિકી ઉભી હોય, તે સ્થળે થનાર તમામ વિરાધનાના ભાગીદાર, આપણને પણ થવું પડે છે. (અનુમોદનાના માધ્યમે). તેથી, આપણી માલિકીની જગ્યા ઉપર ખેતી કરવા માટે અન્યને અપાય નહીં.

(૨૧) સંસારી જીવને ગૃહસ્થ જીવનમાં અસંખ્ય પૃથ્વીકાય જીવોની વિરાધના કરીને બનેલ આરસ, ગ્રેનાઈટ, લાદી વગેરે પોતાનાં ઘરમાં, ના છૂટકે બેસાડવી પડે છે. પરંતુ, આજે ઘણાં લોકો, વધુ પડતાં પૈસાની છૂટનાં લીધે, માત્ર દેખાદેખીથી અથવા શોખ ખાતર અથવા ભભકાદાર ઘર બનાવીને દુનિયા સમક્ષ મોટો દેખાડો કરવા માટે, થોડા થોડા સમયે, વારંવાર ઘરની જૂની લાદીઓ કાઢીને, નવી લાદીઓ માત્ર show-off ખાતર બેસાવડાવે છે. આવું ન કરાય. આવું કરવાથી, બિનજરૂરી અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની વિરાધનાની અનુમોદનાનો દંડ ઘરનાં તમામ સદસ્યોનાં માથે લાગે છે. કારણ કે, ખાણમાં સચિત્ત સ્વરૂપે રહેલ અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની વિરાધના થયા બાદ જ, આ લાદીઓ તૈયાર થાય છે. તેથી, વિશેષ કારણ વિના, ઘરની લાદીઓ બદલવી નહીં, ઘરના Renovation આદિ કાર્યો કરાવવાં નહીં.

(૨૨) દેવલોકમાં ઘણાં દેવતાઓ, દેવલોકનાં પોતાનાં વિમાનોનાં રત્નો ઉપરની તીવ્ર આસક્તિ ધરાવનાર હોય છે. પોતાનું છ મહિનાનું આયુષ્ય માત્ર બાકી હોય ત્યારે, આ દેવતાઓ વિચારે છે કે, "છ મહિન બાદ, આ ભવનું આયુષ્ય પૂર્ણ થશે ત્યારે આ પ્રિય રત્નોને છોડીને

હું કઈ રીતે જઈ શકીશ.' વારંવાર આ વિચારોથી તીવ્ર આર્તધ્યાન કરીને, દેવ ભવ પૂરો કરે છે. ભવ પૂરો થતાં, તીવ્ર આસક્તિના લીધે, પૃથ્વીકાયમાં જ એકેન્દ્રિય તરીકે ઉત્પન્ન થાય છે. તેથી, જાગૃતિનાં અભાવે, પૃથ્વીકાયનાં જીવોની વિરાધનાથી બનેલ વસ્તુઓની ઉપર જો આપણે આસક્તિ રાખીશું તો દેવની જેમ આપણને પણ પૃથ્વીકાયનું આયુષ્ય બાંધીને ભવાંતરમાં ત્યાં ઉત્પન્ન થવું પડશે. ચાલશે ને? ફાવશે ને?

(૨૩) ઘરે વનસ્પતિનાં છોડ કે કુંડા ન રાખવા. કારણ કે, કુંડાની લાલ માટી સચિત્ત હોવાથી, રોજ-રોજ અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની વિરાધના થાય છે. સચિત્ત માટીમાં તો નિગોદ પણ થઈ જાય છે (સતત ભીની રહેવાથી). તેથી, આવી સચિત્ત માટીને તો અડાય પણ નહીં.

(૨૪) અસંખ્ય પૃથ્વીકાયનાં નિર્દોષ જીવોની વિરાધના કરીને બનેલાં દાગીના-ઓને પહેરીને, કોમળ હૃદયી અને જીવદયા પ્રેમી, એવા પ્રભુશાસનનાં શ્રાવક-શ્રાવિકાઓ તો રાજી કઈ રીતે થઈ શકે? તેની પ્રશંસા કઈ રીતે કરી શકે? એટલે કે, રાજી ન જ થાય. અને પ્રશંસા પણ ન જ કરે. તો જ, પ્રભુશાસનને માન્ય, જીવદયા પ્રેમી 'જૈન શ્રાવક'નું બિરૂદ મળી શકે. શું કરવું છે? સાધુ ભલે ન થવાય પરંતુ, શ્રાવક થવું તો આપણાં હાથમાં છે, થવું છે ને?

(૨૫) કોલસાં, મીઠું, માટી, પત્થર, ખનિજો, ધાતુઓ, રત્નો વગેરે પૃથ્વીકાયનાં શરીરો છે. ગમનાગમન, વાહન વ્યવહાર અને શસ્ત્રસંસ્કાર વગેરેથી પૃથ્વીકાય અચિત્ત બને છે. જીવન વ્યવહારમાં, નિરર્થક સચિત્ત પૃથ્વીકાયની વિરાધના ન થાય, તેની કાળજી રાખવી જોઈએ. મીઠું, ખારો વગેરે સચિત્ત ક્ષાર છે. કુંભારની કે કંદોઈની ભઠ્ઠીમાં પકાવેલું મીઠું અચિત્ત થાય છે અને દીર્ઘકાળ સુધી તે અચિત્ત રહે છે. ઘરમાં તાવડી કે લોઢી પર વ્યવસ્થિત શેકેલું મીઠું અચિત્ત થાય છે, પરંતુ તે લાંબો સમય અચિત્ત રહેતું નથી. તેનું કાળ માત્ર ત્રણ દિવસનું જ જાણવું. ત્યારબાદ, તે મીઠાને સચિત્ત મીઠાં તરીકે ગણીને વ્યવહાર કરવો. સફેદ સિંધાલૂણ મીઠું તો વિના સંકોચે, કાયમ માટે, વાપરી શકાય કારણ કે, તે અચિત્ત રૂપે જ હોય છે.

(૨૬) ચૂલા ઉપર ચડતાં દાળ-શાકમાં નાંખેલું મીઠું તો અચિત્ત થઈ જાય છે. પરંતુ, અથાણામાં, મસાલામાં, મુખવાસમાં કે ઔષધાદિમાં, જો ચૂલા પર સંસ્કાર ન થવાનો હોય તો, અચિત્ત મીઠું જ વાપરવું.

કોઈ પણ ખાદ્ય પદાર્થમાં, જમતી વખતે, ઉપરથી સચિત્ત મીઠું ન નાંખવું. એકાસણું, બિયાસણું, આયંબિલ વગેરેમાં સચિત્તનો ત્યાગ હોય છે. પૂ. સાધુ-સાધ્વીજીને પણ સચિત્ત મીઠું વહોરાવી ન શકાય.

(૨૭) મહાનિશીથ સૂત્રમાં બતાવેલાં શ્રી વજ્રઆર્યસૂરિએ સચિત્ત પૃથ્વીની વિરાધના કરવાને બદલે, સિંહના ભક્ષ્ય બનવાનું માન્ય રાખી, પૃથ્વીકાયની રક્ષા કરી. પોતાનાં ઉન્માર્ગગામી શિષ્યોને ઠેકાણે લાવવા, એ આચાર્ય ભગવંત, એમની પાછળ-પાછળ ગયા. શિષ્યો તો સચિત્ત-અચિત્ત માટીની પરવા કર્યા વિના દોડતાં હતાં. આચાર્ય ભગવંત તો પૃથ્વીકાયની હિંસા ન થાય એ માટે, જયણા રાખીને જતાં હતાં. એમાં અચાનક સામેથી સિંહ આવ્યો. જો સચિત્ત પૃથ્વી પર પગ મૂકીને ભાગી જાત, તો બચી જાત. પણ, પૃથ્વીકાયની હિંસા ન થાય એ માટે, આચાર્ય ભગવંતે ~~ભ~~ ભાગી જવાના બદલે, ત્યાં જ અનશન સ્વીકારી લીધું, સિંહના ભક્ષ્ય બની ગયાં. પણ ત્યાં જ વિશુદ્ધ અધ્યવસાય ધારામાં ચઢતાં-ચઢતાં, ક્ષપક શ્રેણી માંડીને, કેવળજ્ઞાન પામ્યાં અને મોક્ષે ગયાં. આવાં મરણાંત ઉપસર્ગનાં પ્રસંગે પણ, પોતાનાં પ્રાણનાં ભોગે પણ, પૃથ્વીકાયના જીવોની હિંસાથી બચવાનો પ્રયત્ન જો મહાત્મા કરે તો, આપણે પણ જીવદયા શા માટે ન પાળી શકીએ? આપણને તો નિર્દોષ જીવોને બચાવવા માટે પ્રાણોનો બલિદાન તો નથી જ આપવો પડવાનો. માત્ર થોડી અનુકૂળતા છોડીએ તો જીવદયા પાળી શકાશે. ફાવશે ને?

(૨૮) જેમાં પૃથ્વીને ખોદવી પડતી હોય, તેવો વ્યવસાય ન કરવો. જેમ વાવ, કૂવા, તળાવ વગેરે ખોદાવવા, હળથી જમીન ખેડવી, પર્વતો કે ખીણોમાંથી પત્થરો કઢાવવા, પત્થરો ઘડવા, સોના-ચાંદી-હીરા-કોલસા-પત્થર-માટી વગેરેની ખાણો ખોદાવવી, કેરોસિન વગેરેના કૂવા, બોરિંગ, પંપો વગેરે ખોદાવવા, મકાનો બનાવવા પાયા માટે જમીન ખોદાવવી — આ બધામાં પૃથ્વીકાય, વનસ્પતિકાય અને ત્રસકાયની ભયાનક હિંસા થતી હોવાથી, તેવા વ્યવસાય કે નોકરી કરવા નહીં.

(૨૯) વઘારેલાં મમરાં, તળેલો ચેવડો, કેળાં વેફર આદિ કોઈપણ ફરસાણ બનાવતી વખતે ચૂલા ઉપર જો કાચું સચિત્ત મીઠું નંખાય તો

હજુ વાંધો નથી. કારણ કે, ચૂલા ઉપર ચઢી જવાને લીધે, તે મીઠું અચિત્ત થઈ જાય છે. પરંતુ, તળેલાં ફરસાણાદિ ખાદ્ય પદાર્થો, ગેસ ઉપરથી નીચે ઉતાર્યા બાદ, જો તેમાં કાચું મીઠું છાંટવામાં આવે તો, કાચું મીઠું અચિત્તરૂપે ન થવાથી, તે ફરસાણાદિ સચિત્તનાં-ત્યાગીઓને અથવા એકાસણાં-બેસણાં કરનારાં શ્રાવક-શ્રાવિકાઓને ખપે નહીં. પૂ. સાધુ-સાધ્વીજીને પણ તે વસ્તુઓ વહોરાવી ન શકાય. ઘણાં ઘરોમાં, સવારે નાસ્તામાં, ખાખરાં ઉપર ભભરાવવામાં આવતું જીરાળું કે સીંગની સૂકી ચટની, કે સીંગનો-મેથીનો-રાઈનો મસાલો વગેરે પણ ન ખપે જો તેમાં નંખાયેલ કાચું મીઠું ચૂલે ન ચઢ્યું હોય. મુખવાસ, ચાર મસાલાદિ કાચાં મીઠાંવાળી દરેક વસ્તુઓમાં આ જ રીતે સમજી લેવાનું. ઘરમાં કાચું મીઠું વાપરવાથી આ બધી કાળજી-જાગૃતિ રાખવી પડે છે. પરંતુ, 'સફેદ સિંધાલૂણ મીઠું' વાપરવામાં આવે તો, કોઈ જ ચિંતા ન રહે. સફેદ સિંધાલૂણ મીઠું, ચૂલા ઉપર છંટાય કે પછી ચૂલાની નીચે છંટાય, તેમાં કોઈ જ વાંધો નથી. અસંખ્ય સચિત્ત પૃથ્વીકાયનાં જીવોની હિંસાથી પણ બચી જવાય.

❀ લૌકિક જગતમાં (વ્યવહારમાં), આજે ગુનો કરનાર + કરાવનારને (બંને વ્યક્તિઓને), આજની પોલિસ (ગવરમેન્ટ) તરફથી સજા ફટકારાય છે. પરંતુ, અન્ય એ કરેલ ગુનાની પ્રશંસા જો વાણીથી કરાય અથવા મનથી ગમાડાય તો આજની સરકાર તરફથી કોઈ જ દંડ ન મળે. પરંતુ, પ્રભુ શાસન તો એક ડગલું આગળની વાત કરે છે. પ્રભુનું શાસન કહે છે કે, 'જે પાપ કરે, તે તો દંડ ભરે જ છે. પરંતુ, જે માણસ મનથી પાપને વરે છે, તે પણ તેનાં દંડને ભરે છે. (મનથી ગમાડનારને પણ દંડ લાગે છે).' કારણ કે, કરણ, કરાવણ અને અનુમોદન, ત્રણેયનાં સરખાં ફળ કહ્યાં છે. દા.ત. : બલભદ્ર મુનિ તો ગોચરી વહોરી રહ્યાં હતાં (કરણ), કઠિયારો તો સુપાત્રદાનનો લાભ લેવાં દ્વારા ગોચરી વહોરાવી રહ્યો હતો (કરાવણ) અને હરણ તો આ દૃશ્ય જોઈને રાજીનો રેડ થઈ નાચી રહ્યો હતો (અનુમોદના). અડધી કપાયેલી વૃક્ષની મોટી વજનદાર ડાળી, ઉપરથી નીચે તેમનાં મસ્તકે પડતાં, એક સાથે ત્રણેય (મહાત્મા, કઠિયારો અને હરણ) મૃત્યુ પામીને સદ્ગતિ સ્વરૂપે, પાંચમાં દેવલોકનું એક સરખું ફળ પામે છે.

એટલે કરણ, કરાવણ, અને અનુમોદનનું સરખું ફળ મળે છે. માત્ર આરાધનાની બાબતમાં નહીં, પરંતુ, વિરાધનાની બાબતમાં પણ, આ જ નિયમ લાગુ પડે છે. તેથી જીવહિંસા કરનાર, કરાવનાર, અને તેની અનુમોદના (મનથી અથવા વાણીથી) કરનાર, ત્રણેયને જીવહિંસા નિમિત્તે સમાન દંડ લાગે છે.

❀ પૃથ્વીકાય જીવોની અનુમોદના અંગે દૃષ્ટાંત :

ધર્મની સમજ અને વિવેક ઓછા હોય એવા એક શેઠ, અતિશય દબાણપૂર્વક આગ્રહ કરીને, પૂ. આચાર્ય મ.સા.ને પોતાનો નવો તૈયાર થયેલ આલિશાન બંગલો દેખાડવા લઈ આવ્યા. સારામાં સારા પદાર્થોથી બનાવેલ પોતાનાં બંગલાની પ્રશંસા કરતાં કરતાં તે શેઠ પૂ. આચાર્ય મ.સા.ને આખું મકાન બતાડે છે. હમણાં પૂ.આચાર્ય મ.સા. મારા બંગલાની પ્રશંસા કરશે એવી આશા અને અપેક્ષા સાથે ૧૫ મિનીટ સુધી પોતાનો બંગલો બતાડવાં છતાંય, પૂ. આચાર્ય મ.સા. તો પ્રશંસાનો એક અક્ષર પણ બોલતાં નથી. અધીરા થયેલાં શેઠે પૂ. આચાર્ય મ.સા. સાથે આવેલ બાલમુનિને પ્રશ્ન પૂછ્યો ત્યારે ખબર પડી કે અસંખ્ય પૃથ્વીકાયની વિરાધના કરીને માત્ર સાંસારિક કાર્ય માટે તૈયાર થયેલ આ મકાનની પ્રશંસાના માધ્યમે થયેલ, અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોની હિંસાની અનુમોદનાનો દોષ લાગે. ત્યારબાદ, શેઠે પૂ. આચાર્ય મ.સા. પાસે જાહેરાત કરી કે, 'આ આખું મકાન હું આજે શ્રી સંઘને ઉપાશ્રય માટે ભેટમાં આપું છું.' આ સાંભળતાંની સાથે જ, હમણાં સુધી મૌન રહેલાં પૂ. આચાર્ય મ.સાહેબે, શેઠની ઉદારતાની ભરપેટ પ્રશંસા કરી.

આ, રીતે, આપણાં રોજીંદા જીવનમાં ચાલતી, પૃથ્વીકાયનાં અસંખ્ય જીવોની બિનજરૂરી વિરાધનાથી, (direct - indirect), બચવાનો શક્ય એટલો વધુમાં વધુ પ્રયત્ન કરવો. ફાવશે ને ?

## પૃથ્વીકાય જીવનો વિભાગ સમાપ્ત (THE END) :

# અપકાય (એકેન્દ્રિય જીવનો બીજો પ્રકાર)

વ્યાખ્યા: અપ = પાણી અને કાય = શરીર અપ+ કાય = અપકાય.
એટલે, પાણીથી જેમનું શરીર બનેલું હોય અથવા પાણી જ જેમનાં શરીર રૂપે હોય, એવાં જીવોને 'અપકાય' કહેવાય.

દા.ત.: સરોવરનું પાણી, બરફ, કરાં, લીલી વનસ્પતિ ઉપર ફૂટી નીકળતું પાણી, નદીનું પાણી, દરિયાનું પાણી, ઝરણાંનું પાણી, ફ્રીજનું પાણી, ધુમ્મસ, ઝાકળ, બરફનું પાણી વગેરે.....

## ❀ શંકા - સમાધાન :

પ્રશ્ન-૧ અપકાયમાં (પાણીમાં) જીવ છે કે નહીં?

જવાબ-૧ કૅપ્ટન સ્કૉર્સબીએ સૂક્ષ્મદર્શક યંત્રના માધ્યમથી જોઈને સાબિત કર્યું છે કે, પાણીનાં એક નાનકડાં ટીપામાં ૩૬,૪૫૦ જીવો રહેલાં છે, જેને વિજ્ઞાન 'બેક્ટેરિયા' (Bacteria) ના નામે ઓળખાવે છે. જ્યારે પ્રભુને તો કોઈ સાધન-સામગ્રીની જરૂર જ નથી. પોતાનાં કેવળજ્ઞાન રૂપી સૂક્ષ્મદર્શકમાં જોઈને પ્રભુએ કહ્યું છે કે, "પાણીનાં એક ટીપામાં માત્ર ગણતરીનાં જીવો નથી. પરંતુ, અસંખ્ય જીવો પાણીનાં એક ટીપામાં રહેલાં છે." પ્રભુ તો કહે છે કે, "પાણીમાં તો જીવો છે જ, પરંતુ, પાણી પોતે પણ જીવ રૂપે છે."

પ્રશ્ન-૨ અમુક લોકોનું એવું માનવું છે કે, પ્રવાહી રૂપે રહેલાં પાણીમાં, જીવ તો કઈ રીતે હોઈ શકે?

જવાબ-૨ પ્રવાહી રૂપે રહેલ પાણીમાં જીવ શા માટે ન હોઈ શકે? કારણ કે, ઈંડામાં પણ પ્રવાહી રૂપે રહેલ રસમાં, જીવનું અસ્તિત્વ તો જોવાં મળે જ છે. ઈંડાનાં રસમાં જો જીવ ન હોય, તો આગળ જતાં, ઈંડાના રસમાંથી મરઘીની ઉત્પત્તિ કઈ રીતે થઈ શકે? હાથીનું બચ્ચું પણ શરૂઆતમાં, ગર્ભમાં તો પ્રવાહી સ્વરૂપે જ હોય છે, જેને 'કલલ' તરીકે કહેવાય છે. આપણે બધાં મનુષ્યો પણ શરૂઆતમાં માતાનાં ગર્ભમાં તો પ્રવાહી રૂપે જ હતાં. એટલે, પ્રવાહી રૂપે રહેલ પાણીમાં જીવનું અસ્તિત્વ હોઈ શકે છે, એમાં કોઈ જ વાંધો આવતો નથી.

પ્રશ્ન-૩ અમુક લોકોનું એવું માનવું છે કે, પાણી ($H_2O$) તો હાઈડ્રોજન ($H_2$)

KOKUYO W-NB280U

અને ઑક્સિજન ($O_2$), આ બે વસ્તુઓનાં સંયોજનથી બનેલું હોવાથી, તેમાં જીવ કઈ રીતે હોઈ શકે ?

જવાબ-૩ અમુક વસ્તુઓનાં સંયોજનથી ઉત્પન્ન થયેલ પદાર્થમાં જીવ શા માટે ન હોઈ શકે ? કારણ કે, છાણમાં પણ, અમુક સમય બાદ, અમુક દ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિનું સંયોજન થતાં, તેમાં આપોઆપ વીંછી તથા કીડાઓની ઉત્પત્તિ જોવા મળે છે. વરસાદને લીધે, અમુક વાતાવરણાદિનો સંયોજન થતાં, આપોઆપ, અળસિયાં-સાપોલિયાં - દેડકાં વગેરેની ઉત્પત્તિ (ગર્ભ કે ઈંડા વિના) સ્પષ્ટપણે જોવા મળે છે જ. એ જ રીતે, હાઈડ્રોજન અને ઑક્સિજનનું મિશ્રણ-સંયોજન થતાં, તેમાં અસંખ્ય પાણીનાં જીવોની ઉત્પત્તિ થઈ શકે છે. એમાં કશો વાંધો નથી.

[$H_2 + O_2 = H_2O$ (પાણી)]

પ્રશ્ન-૪ પાણીનાં એક ટીપામાં અપકાયનાં કેટલાં જીવો રહેલાં છે?

જવાબ-૪ પાણીનાં એક નાનામાં નાના ટીપામાં, ઓછામાં ઓછા 'અસંખ્ય' જીવો રહેલાં છે. એક ટીપામાં રહેલાં આ જીવોનું કદ જો કબૂતર જેટલું (કલ્પનાથી) કરવામાં આવે, તો આખી પૃથ્વી પૂરેપૂરી ભીચો-ભીચ ભરાઈ જાય, એટલી મોટી સંખ્યાનાં જીવો માત્ર એક ટીપામાં રહેલાં છે. તેથી, પાણીનાં જીવોની વિરાધનાથી બચવાનો પ્રયત્ન, વધુમાં વધુ, શક્ય હોય એટલો કરવો.

પ્રશ્ન-૫ શું પાણીમાં જીવ છે ?

જવાબ-૫ જૈન દર્શનમાં જે જીવ-વિજ્ઞાન દર્શાવાયું છે, એમાં પાણીને પણ જીવ સ્વરૂપે માનવામાં આવ્યું છે. આજનું વિજ્ઞાન, પાણીમાં જીવ માને છે, પણ પાણીને જીવ તરીકે માનતું નથી. જેમ, વનસ્પતિ પોતે જીવ સ્વરૂપ છે, તેમ પાણી પણ પોતે જીવ સ્વરૂપ છે. શાકભાજીને સમારીને રાંધવાથી, તે જીવરહિત બને છે, તેમ, પાણીને પણ ઉકાળવાથી, તે જીવરહિત બને છે. એટલે કે, અગ્નિનું શસ્ત્ર લાગવાથી, તે પાણી સચિત્તમાંથી અચિત્તરૂપે થઈ જાય છે.

No. ..........

Date

પ્રશ્ન-૬ કાચાં પાણીને ઉકાળવાથી બનેલું પાકું પાણી શું જીવરહિત બને છે? કઈ રીતે? ગરમ કરીને બનાવેલ ઉકાળેલું પાણી વાપરવામાં શું જીવહિંસાનો દોષ ન લાગે?

જવાબ-૬ કાચાં પાણીમાં, ક્ષણે-ક્ષણે, અસંખ્ય જીવો પોતાની મેળે મરે છે અને એટલાં જ પાછાં પોતાની મેળે નવાં-નવાં પેદા થતાં જ રહે છે. પાણીને જ્યાં સુધી ગરમ ન કરવામાં આવે, ત્યાં સુધી, આ જન્મ-મરણની સાયકલ સતત ચાલ્યાં જ કરે છે. પરંતુ, પાણીને જો એકવાર ગરમ કરી લેવામાં આવે, તો પછી, ક્ષણે-ક્ષણે જે અસંખ્ય જીવોનાં જન્મ-મરણની સાયકલ ચાલતી હતી, તે સ્ટોપ (stop) થઈ જાય છે, અટકી જાય છે. પાણીને ઉકાળવાં જતાં, એકવાર, તો અસંખ્ય જીવોની હિંસા, અચૂકપણે થાય જ છે, પરંતુ, એને બદલે, જો કાચું પાણી પી લેવામાં આવે, તો પણ, શરીરમાં દાખલ થયાં બાદ પણ, જીવોની હિંસા થવાની જ છે. શરીરની ગરમીથી પણ તે જીવો હણાય જ છે. એટલે, પાણી કાચું પીવામાં કે ગરમ કરીને પીવામાં, બંનેમાં, હિંસા તો થવાની જ છે. પરંતુ, બંને પરિસ્થિતિમાં ફરક એટલો પડે છે કે, સીધું કાચું પાણી પીવાથી, જીવતાં જીવોને સીધેસીધા જ મુખમાં પધરાવવાની ધૃષ્ટતા-કઠોરતા કરવી પડે છે, જ્યારે, ઉકાળેલું પાણી પીવાથી, મુખમાં જીવંત નહીં પણ નિર્જીવ પદાર્થોનો પ્રવેશ થાય છે. તેથી ઘણો ઓછો દોષ લાગે.

વધુ વિસ્તારથી નીચે પ્રમાણે સમજી શકાય છે:

[A] સલમાનખાન મિયાં અને શાહરૂખખાન મિયાં, બંને મહમદઅલી રોડ પરથી પસાર થતાં હતાં. રોડની ફુટપાથ પર એક દુકાને, જીવતી મરઘીઓ વેચાતી હતી. બંને મિયાંઓએ એકેક (એક-એક) મરઘી વેચાતી લીધી. સલમાનખાને, મરઘીને થેલીમાં મૂકી દીધી, ઘરે જઈને એક ખૂણામાં તેને હલાલ કરીને પછી તેનું માંસ પકાવીને ખાધું. જ્યારે, શાહરૂખખાને તો, પળનોય વિલંબ કર્યા વિના, ભર રસ્તા વચ્ચે જ, મરઘીની પાંખો ખેંચી નાખી અને મરઘીનાં શરીર પર ચાકુ મારીને, માંસનાં લોચે લોચાં કાઢીને, કાચાંને કાચાં જ ખાવાની શરૂઆત કરી દીધી. પાંચ જ મિનિટમાં આખી મરઘીનો ફેંસલો કરી દીધો.

જીવ હિંસાનું પાપ તો બેઉને લાગ્યું જ. તે છતાં પણ,

પ્રથમ પ્રસંગમાં (સલમાનખાન માં) ક્રૂરતા ઓછી છે, જ્યારે બીજા પ્રસંગમાં (શાહરૂખખાનમાં) ભયંકર ક્રૂરતા વર્તાય છે. તેથી દંડમાં ઘણો મોટો ફેરફાર થાય છે.

[B] કાચું પાણી સીધું મુખમાં નાંખવું અને ઉકાળેલું પાણી મુખમાં નાંખવું, બંને સમયે, મનનાં પરિણામોમાં ફરક પડે છે. કાચું પાણી પીતી વખતે, "આ જીવ છે, સચિત્ત છે" એવો ખ્યાલ હોવાં છતાંય, માણસ ક્રૂર બનીને પાણી પેટમાં પધરાવે છે. જ્યારે ઉકાળેલું પાણી પીતાં માણસ મનમાં સમજે છે કે, "આ જલ નિર્જીવ છે, અચિત્ત છે. હું મારા મુખમાં જીવને મારતો નથી. જલ અચિત્ત કરીને પછી મેં જલનો ઉપયોગ કર્યો છે." હા, ગરમ કરવાં દ્વારા અહીં પણ હિંસા તો જરૂર થઈ છે, પણ તે હિંસા ચૂલા પર થઈ છે, મોઢામાં નથી થઈ. વળી કાચા પાણીમાં ક્ષણે-ક્ષણે જે જન્મ-મરણની સાયકલ ચાલતી હતી, તે હવે પાણી એકવાર ઉકળી ગયાં પછી, નિયત સમય માટે, stop - સ્ટોપ થઈ જાય છે. હવે પાણી જ્યાં સુધી અચિત્ત રહેશે ત્યાં સુધી તેમાં કોઈ નવી જીવોત્પત્તિ થવાની નથી. એટલે, દોષ ઘણો ઓછો લાગશે.

[C] ઉપરની વાત થઈ હિંસા-અહિંસા અને આપણાં ચિત્તનાં પરિણામોની. હવે બીજી વાત કરીએ : કાચું પાણી, આયુર્વેદની દ્રષ્ટિએ, વિકારક છે. કાચું પાણી પીવાથી, માણસનાં મનમાં વિકારભાવ વધુ પ્રમાણમાં જાગૃત થાય છે. માટે, બ્રહ્મચર્યના પરિપાલન માટે તથા વીર્યરક્ષાર્થે પણ, કાચું પાણી ત્યજી દેવું હિતાવહ છે.

(*) શસ્ત્રનાં ૩ પ્રકાર

- સ્વકાયશસ્ત્ર
- પરકાયશસ્ત્ર
- ઉભયકાયશસ્ત્ર

શસ્ત્ર : શસ્ત્રનો ઉપયોગ કરીને, જીવંત માણસને જેમ મારી નંખાય છે, તેમ, અમુક શસ્ત્રોનાં માધ્યમથી, પૃથ્વીકાય, અપકાય આદિ એકેન્દ્રિય જીવો, સચિત્તમાંથી (જીવ-સહિત અવસ્થામાંથી) અચિત્ત (જીવ-રહિત અવસ્થા) રૂપે થાય છે.
સચિત્ત એકેન્દ્રિય જીવોને અચિત્ત કરવાં માટેનાં શસ્ત્રો ૩ પ્રકારનાં છે:
(૧) સ્વકાયશસ્ત્ર, (૨) પરકાયશસ્ત્ર અને (૩) ઉભયકાયશસ્ત્ર.

(૧) સ્વકાયશસ્ત્ર : પોતાનો ભાઈ (સ્વ) જ્યારે પોતાને મારવા માટે શસ્ત્ર રૂપે બને છે, ત્યારે તે ભાઈને 'સ્વકાયશસ્ત્ર' રૂપે કહેવાય. (તમારી લોક ભાષામાં, સરળતાથી સમજ પડે, તે માટે આવી ઉપરછલ્લી વ્યાખ્યા કરી છે.) એટલે, એક પૃથ્વીકાય જ્યારે બીજાં પ્રકારની સચિત્ત પૃથ્વીકાયને અચિત્ત રૂપે બનાવવાં માટે શસ્ત્રનું કામ કરે, ત્યારે સચિત્તને અચિત્ત રૂપે બનાવનાર પૃથ્વીકાયને 'સ્વકાયશસ્ત્ર' કહેવાય છે. એટલે, પૃથ્વીકાયમાં જ્યારે પૃથ્વીકાય, અપકાય માટે જ્યારે બીજો અપકાય, તેઉકાય માટે જ્યારે તેઉકાય, વાઉકાય માટે જ્યારે વાઉકાય શસ્ત્ર રૂપે બને, ત્યારે તેને 'સ્વકાયશસ્ત્ર' રૂપે કહેવાય છે.
દા.ત. : [A] એક ખેતરની સચિત્ત માટી (ખેડાયેલી માટી) બીજા ખેતરની સચિત્ત માટી સાથે જો ભેગી થાય, તો બંને માટીઓ પરસ્પર એક બીજાં માટે સ્વકાયશસ્ત્ર રૂપે બનતાં હોવાથી, બંને માટીમાં રહેલ અસંખ્ય પૃથ્વીકાયનાં જીવોને કિલામના પહોંચે છે.
[B] બે જુદાં-જુદાં કૂવાનાં પાણી ભેગાં કરતાં, બંને પાણી પરસ્પર એક બીજાં માટે, શસ્ત્ર રૂપે બનવાથી, બંને પાણીમાં રહેલ અસંખ્ય અપકાયનાં જીવોની વિરાધના થાય છે. એટલે જ, જુદાં-જુદાં માછલીઘરમાં રહેલ માછલીઓને, જો ભેગી કરવામાં આવે તો બંને જુદાં-જુદાં પાણીઓ પરસ્પર સ્વકાય શસ્ત્ર રૂપે બનવાથી, તે પાણીમાં નવી ઉમેરાયેલી માછલીની વિરાધના થઈ શકે છે.
[C] એ જ રીતે, પાણીમાંથી પોરાં નીકળે તો, જે કૂવાનાં પાણીમાંથી આ પોરાં નીકળ્યાં હોય, તે જ કૂવાનાં પાણીમાં જો આ પોરાંને પાણી સહિત નાંખી દેવામાં આવે, તો જ તે પોરાંનાં જીવોની વિરાધનાથી બચી શકાય. જુદાં કૂવાનાં પાણીમાં પોરાનાં જીવોને

નાંખો તો, તેઓ થોડીવારમાં જ મરણ પામી જશે.

(૨) <u>પરકાયશસ્ત્ર</u> : કોઈ પારકો માણસ પોતાને મારવાં માટે જ્યારે શસ્ત્ર રૂપે બને છે ત્યારે તે પારકાં માણસને "પરકાયશસ્ત્ર" રૂપે કહેવાય છે.

<u>દા.ત.</u> : [A] સચિત્ત (કાચું) પાણીને અગ્નિમાં તપાવીને જ્યારે અચિત્ત કરાય, ત્યારે અગ્નિકાય = પરકાય શસ્ત્ર કહેવાય. (સચિત્ત પાણીને અચિત્ત રૂપે બનાવવાં માટે)

[B] સચિત્ત પાણીમાં માટી નંખાતાં, ૪૮ મિનીટ બાદ, તે પાણી અચિત્ત થાય છે. એટલે, સચિત્ત પાણીને અચિત્ત રૂપે બનાવવાં માટે પૃથ્વીકાય = પરકાયશસ્ત્ર રૂપે બને છે.

હવે વ્યવહારમાં આ પરકાયશસ્ત્ર અંગે જાણવાથી થતો લાભ:

(૧) કાચાં પાણીમાં બનાવેલ સાકરનું પાણી, મીઠાનું પાણી, ગોળનું પાણી, પરિયાળીનું પાણી, છાશ, લીંબુ પાણી વગેરેમાં કાચું પાણી હોવાં છતાંય, એમાં મિશ્રીત થનાર સાકર-ગોળાદિ પદાર્થો, પરકાયશસ્ત્ર રૂપે બનીને, સચિત્ત પાણીને ૪૮ મિનીટમાં, અચિત્ત કરી નાંખે છે. તેથી, એકાસણાં-બિયાસણાંદિમાં પણ આ પદાર્થો વાપરી શકાય છે, અને સાધુ-સાધ્વીજીને પણ ૧૦૦ % વહોરાવી શકાય છે, તેમાં કોઈ દોષ ન લાગે.

(૨) સાધુ-સાધ્વીને અથવા પૌષધમાં શ્રાવકોને, સૂર્યાસ્ત બાદ, હાથ-પગાદિ શુદ્ધિ માટે, જો પાણી વાપરવું હોય, તો ઉકાળેલાં પાણીમાં થોડો ચૂનો નંખાયા બાદ, ૩ દિવસ (૭૨ કલાક) સુધી તે ચૂનો પાણીને સચિત્ત થવા દેતો નથી. તેથી, વધેલાં ઉકાળેલાં પીવાનાં પાણીમાં ચૂનો નાંખી દેવાથી, ૩ દિવસ માટે તે પાણી અચિત્ત રૂપે જ રહેતું હોવાથી, હાથ-પગાદિ બાહ્ય શુદ્ધિ માટે વાપરી શકાય. વધેલું પાણી ફેંકવું પણ ન પડે અને તેનો સદ્ઉપયોગ થઈ જાય.

(૩) ક્યારેક ટ્રેનની લાંબી મુસાફરીમાં જો વર્ષીતપનો ઉપવાસ હોય અને બાજ પ્રયત્નો કરવાં છતાંય, જો પાણી ઉકાળવાની અનુકૂળતા ન થાય, તો છેલ્લે, અપવાદ માર્ગે, કાચાં પાણીમાં એક નાનકડી ચપટી ભરી ત્રિફલા પાવડર, ચૂનો અથવા રાખ

નાંખી દેવાય તો, ૪૮ મિનીટ બાદ, તે કાચું પાણી અચિત્ત રૂપે થઈ જાય છે. આવું પાણી, ઉપવાસમાં અથવા બેસણાંદિમાં, આયાં કટોકટીનાં અવસરે જ વાપરી શકાય. પરંતુ, આ વિકલ્પની છૂટ, સામાન્ય સંજોગોમાં ન મળે. પ્રયત્નો કરવાં છતાંય, પાણી ઉકાળવાની કોઈ અનૂકુળતા ન થાય, તો જ, આ રીતે કરી શકાય, બાકી નહીં. એ સિવાય, જો છૂટું મોઢું હોય અને ઉકાળેલું પાણી વાપરવાનો નિયમ હોય, તો ઉકાળેલું પાણી ન મળતાં, કટોકટીનાં અવસરે, કાચાં પાણીમાં રાખ અથવા ચૂનો અથવા ત્રિફલા ચૂર્ણાદિ અથવા સાકર અથવા મીઠું નાંખીને પણ, ૪૮ મિનીટ બાદ, અચિત્ત થઈ જવાથી, આ પાણી ખુશીથી વાપરી શકાય છે. ઉપવાસાદિનાં અવસરે, સાકરનું પાણી, લીંબુનું પાણી કે મીઠાનું પાણી વગેરે આહારી તરીકે થઈ જવાથી, ઉકાળેલાં પાણીનાં બદલે ન ચાલે. પરંતુ, ત્યારે માત્ર રાખ કે ચૂનાવાળું કે ત્રિફલાવાળું પાણી, કટોકટીમાં ચાલી શકે. એક મોટી બોટલ કાચાં પાણીમાં માત્ર એક જ ચપટી ત્રિફલા કે રાખાદિ નાખો તો ચાલી શકે. પરંતુ, મુઠ્ઠો ભરીને નાખવાનું નથી. છાશની આછની જેમ કાચાં પાણીનો માત્ર આછો રંગ બદલાય તો ચાલે.

(3) <u>ઉભયકાય શસ્ત્ર</u> : પોતાનો ભાઈ + પારકો માણસ, બંને મળીને જ્યારે પોતાને મારવાં માટે શસ્ત્ર રૂપે બને, ત્યારે તે 'ઉભયકાય શસ્ત્ર' રૂપે કહેવાય છે. <u>દા.ત.</u>: કાદવ = અપકાય (પાણી) + પૃથ્વીકાય (માટી) નું મિશ્રણ રૂપે હોવાથી, તેને 'ઉભયકાય' તરીકે કહેવાય. હવે આ ઉભયકાય રૂપે રહેલ કાદવ જો કાચાં પાણીમાં (સચિત્ત અપકાય) સાથે ભળે, તો કાચાં પાણીને સચિત્તમાંથી અચિત્ત રૂપે બનાવવાં માટે, કાદવ = ઉભયકાય શસ્ત્ર રૂપે બને છે. તેથી, આ જાણ્યાં બાદ, ચોમાસામાં ક્યારેક ભીનાં રસ્તાઓ ઉપર ચાલવાનું થાય અને આપણાં ઈચ્છિત સ્થળે પહોંચવાના જો બે રસ્તાઓ હોય, એક કાચાં પાણીનાં ખાબોચીયાંવાળો અને બીજો કાદવવાળો, તો કાદવવાળાં રસ્તે ચાલવામાં ઓછો દોષ લાગવાની સંભાવના છે, કારણ કે, વરસાદનું કાચું પાણી, કાદવ સાથે ભળીને, અચિત્ત થઈ જાય છે.

## ❀ અપકાયનાં જીવોની વિરાધનાથી બચવાનાં ઉપાયો:

(૧) પાણીનાં એક ટીપામાં અસંખ્ય જીવો હોવાં છતાંય, પાણીનાં વપરાશ વિના, આપણે આપણું જીવન ટકાવી શકીએ નહીં. એટલે, પાણીનાં જીવોની વિરાધના તો કરવી જ પડશે, થવાની જ છે. પાણીનાં જીવોની વિરાધનાથી પૂરેપૂરાં ભલે ન બચાય, છતાંય, કાળજી રાખીએ તો, જીવનમાં ચાલતી બિનજરૂરી પાણીની વિરાધનાથી તો ૧૦૦% બચી શકાય છે. તરસ છીપાવવાં માટે, કાચાં પાણીની વિરાધના કરવાને બદલે, ઉકાળેલું પાણી વાપરવાનાં ઘણાં લાભો નીચે પ્રમાણે છે:

[A] તરસ છીપાવવાનું કાર્ય પણ સિદ્ધ થઈ જાય અને જીવ વિરાધનાનો દંડ પણ ઓછો લાગે છે. કારણ કે, કાચાં પાણીમાં, સતત, નવાં-નવાં જીવોની ઉત્પત્તિ ચાલુ જ રહે છે. જ્યારે પાકાં પાણીમાં તો એક વખત ઉકાળી લીધાં પછી, સતત ને સતત ચાલતી જીવોત્પત્તિ અટકી જાય છે. નવી જીવોત્પત્તિ થતી નથી.

[B] કાચું પાણી, જીવ સહિત અવસ્થાવાળું પાણી હોવાથી, તે વાપરવામાં, હૃદયનાં પરિણામો વધુ કઠોર બને છે. ઉકાળેલું પાણી વાપરવાથી, હૃદય કોમળ બને છે, એવો અનુભવ પણ થઈ શકે. ઉકાળેલું પાણી શરૂ કર્યા બાદ, ૧૫-૨૦ દિવસે, સૂક્ષ્મ દૃષ્ટિએ જો નોંધ લેવાય તો ખ્યાલ આવશે કે, પહેલાં કરતાં હવે વિચારો વધુ સારાં આવે છે (જેવું અન્ન તેવું મન. જેમ ખોરાકની અસર આપણાં વિચારો પર પડે છે, તેમ પાણીની અસર પણ આપણાં વિચારો ઉપર પડે છે. પાણી પણ એક પ્રકારનો આહાર જ છે.) ક્રોધાદિનાં નબળાં પરિણામો પણ, ઉકાળેલું પાણી ચાલુ કર્યા બાદ ધીરે-ધીરે કરીને ઘટી જતાં જોવા મળશે. એટલે જ કહેવાય છે કે, 'જેવો આહાર તેવો ઓડકાર'. દા.ત.: ૫ માછલીઓની વિરાધના કરનારા બે મુસલમાન ભાઈ: એક ભાઈ, બજારમાંથી પાંચ મરેલી માછલી લાવે અને રાંધે જ્યારે બીજો ભાઈ, બજારમાંથી પાંચ જીવતી-તરફડતી માછલીઓ લાવે, તેને મારે અને પછી રાંધે. બંનેને જીવહિંસાનો પાપ તો લાગે જ. પરંતુ, બીજા ભાઈને પહેલાં ભાઈ

No.
Date

કરતાં વધુ દંડ લાગે કારણ કે, તેં જીવંત માછલીને લાવીને તેને મારીને પછી રાંધે છે, તેથી તે વધુ કઠોર બને છે. બસ, આ જ રીતે, કાચાં પાણી અને ઉકાળેલાં પાણીમાં સમજવું. એટલે હવે, આપણાં હૃદયમાં રહેલ કોમળતા-સંવેદનશીલતાદિ ગુણોને જો ટકાવવાં હોય, તો આજથી જ, પીવામાં કાચાં પાણીને છોડીને, ઉકાળેલું પાણી વાપરવાનું શરૂ કરી નાંખીએ, ફાવશે ને?

"કલ કરે સો આજ, આજ કરે સો અબ (અભી)"

[C] આરોગ્યની દૃષ્ટિએ, ઉકાળેલું પાણી પચવામાં વધુ હળવું પડે છે. તેથી, આત્મા પણ સચવાય અને શરીર પણ સચવાય. આજે, ઘણાં ડૉક્ટરો, ઈન્ફેક્શન વગેરેથી બચવાં માટે, આરોગ્ય માટે, ઉકાળેલું પાણી (Boiled water) વાપરવાની સૂચના આપે છે. એટલે, પ્રભુની આજ્ઞા પાળવાં જતાં, ડૉક્ટરની આજ્ઞા પણ આપોઆપ પળાઈ જશે. પરંતુ, ડૉક્ટરનાં કહેવાથી ઉકાળેલું પાણી પીવાનું શરૂ કરો, તો પ્રભુની આજ્ઞા પાળવાનો લાભ ન મળે, કંઈ નિર્જરા ન થાય. ઉલટું, દેહાધ્યાસ (શરીર માટેનો રાગ) પોષવા નીમિત્તે, કર્મબંધ થાય. એટલે, સમજુ માણસે, વહેલી તકે, પીવામાં ઉકાળેલું પાણી વાપરવાનું શરૂ કરી દેવું જોઈએ. કદાચ, પૂરો દિવસ ઉકાળેલું પાણી વાપરવાની અનુકૂળતા ન હોય, તો શરૂઆતમાં જેટલું શક્ય હોય, ઘરાદિ સ્થળોમાં જ્યાં જ્યાં શક્ય હોય, ત્યાં-ત્યાં ૩-૪-૬ કલાક માટે પણ, ચાલુ કરી શકાય છે. ફાવશે ને?

(૨) પીવામાં ઉકાળેલું પાણી વાપરવાથી, જીવહિંસા ઓછી થાય છે. પરંતુ, સ્નાન માટે તો, કાચાં (ઠંડા) પાણીથી સ્નાન કરવામાં ઓછામાં ઓછી જીવ વિરાધના કીધી છે. તે અંગે લાભ-નુકસાનો નીચે પ્રમાણે છે:

| | ગરમ પાણીથી કે ગરમ-ઠંડુ mix પાણીથી સ્નાન કરવાથી થતાં નુકસાનો | ઠંડા (કાચાં) પાણીથી સ્નાન કરવાથી થતાં લાભો |
|---|---|---|
| (A) | શરૂઆતમાં, અગ્નિના માધ્યમે પાણીને ગરમ કરવાથી, અગ્નિ-રૂપી 'પરકાય-શસ્ત્ર' દ્વારા પાણીમાં રહેલ જીવોની વિરાધના થાય છે. | (A) ગરમ ન કરેલ હોવાથી; અગ્નિ નીમિત્તે થતી પાણીનાં જીવોની વિરાધના થતી નથી, તેનાથી બચી જવાય. |

KOKUYO W-N6280U

| | | |
|---|---|---|
| (B) | એકદમ ગરમ પાણીથી સીધે-સીધું સ્નાન કરવું શક્ય ન બને. એટલે, તેમાં નવું ઠંડુ પાણી ઉમેરાય. તેથી, ગરમ પાણી = સ્વકાય શસ્ત્ર રૂપે બનીને નવાં ઉમેરાયેલાં કાચાં પાણીનાં જીવોને કિલામના પહોંચાડે છે. આ બીજી નુકસાની આપણને થઈ કહેવાય. | (B) ગરમ-ઠંડુ પાણી mix ન કરવું પડે. એટલે, સામે બતાવેલ વિરાધના થતી નથી. અને આપણને જીવ વિરાધના નીમિત્તે કર્મબંધ પણ થતું નથી. |
| (C) | આ ઠંડુ + ગરમ = mix કરેલું નવસેકું મેલું પાણી આગળ ગટરમાં જાય, ત્યારે ત્યાં ગટરમાં રહેલ કાચાં પાણીનાં જીવો માટે શસ્ત્ર રૂપે બને છે. એટલે, ગટરમાં રહેલ કાચાં પાણીનાં જીવોની વિરાધનાનો દંડ લાગે - આ ત્રીજી નુકસાની થઈ. | (C) સાત્રે બનાવેલ ગટરનાં પાણીનાં જીવોની વિરાધના થતી નથી. એટલે આપણને જીવ વિરાધના નીમિત્તે કર્મબંધ થતું નથી. |
| (D) | સામે બતાવેલ કાચાં પાણીથી સ્નાન કરવાનાં જે લાભો છે, તે લાભો ગરમ પાણીથી સ્નાન કરનારને ન મળી શકે. કારણ કે, અગ્નિ દ્વારા પાણી ગરમ થાય એટલે પૂરેપૂરાં ૧૦૦% પાણીનાં જીવોની વિરાધના થઈ જાય. તેથી, ઠંડા-કાચાં પાણીથી સ્નાન કરવામાં જેવાં-જેટલાં લાભો થાય છે, તેવાં-તેટલાં લાભો ગરમ પાણીથી સ્નાન કરવામાં મળે નહીં. | (D) વપરાયેલાં કાચાં પાણીમાંથી કુલ ૫% પાણીનાં જીવોની જ વિરાધના થાય. કારણ કે, આપણાં શરીરને વ્યવસ્થિત અડીને જતાં ૫% જેટલાં જ પાણીનાં જીવોને, આપણાં શરીરની ગરમીનાં લીધે કિલામના થાય. બાકીના ૯૫% પાણીનાં જીવો બચી જાય છે. કારણ કે, ૯૫% પાણી સરકી જતું હોવાથી તેમાં રહેલ જીવોની વિરાધના થતી નથી. હા, અમુક જીવોને કદાચ થોડી માર લાગે પરંતુ, પૂરેપૂરી વિરાધના તો ન જ થાય. આગળ જ્યારે ગટરમાં જાય, ત્યારે પણ, પોતાનાં તુલ્ય મેલાં-કાચાં પાણીમાં ભળે એટલે વિરાધના ન થાય. ઠંડા (કાચા) પાણીથી સ્નાન કરનારને જ આ લાભ મળી શકે છે. |

No.

Date

| | | |
|---|---|---|
| (E) | સ્નાન માટેનું પાણી જો ગરમ હોય તો ભેંસની જેમ અડધો કલાક, ૧ કલાક અને રવિવારાદિ રજા હોય તો ૨-૩ કલાક સુધી પાણીમાં જ પડી રહેવાનું મન થાય. એટલે, ગરમ પાણી વાપરનારને સ્નાન કરવામાં સમય પણ વધારે લાગે, અને આ રીતે કિંમતી સમયનો બગાડો થાય. | (E) ઠંડા પાણીથી સ્નાન કરનાર, પાણી ઠંડુ હોવાથી, ઝટપટ-ફટાફટ સ્નાન કરીને ઝડપથી બાથરૂમમાંથી બહાર નીકળી જાય છે. તેથી અમૂલ્ય સમયનો બગાડો ન થાય, અને ઓછા સમયમાં સ્નાનનું કાર્ય સિદ્ધ થઈ જાય. |
| (F) | ગરમ પાણીથી સ્નાન કરનારને, પાણી પણ વધારે વપરાય છે. પાણીનાં દરેક ટીપામાં અસંખ્ય જીવો રહેલ હોવાથી, જીવહિંસા પણ વધારે થાય અને કર્મબંધ પણ વધુ થાય. | (F) ઠંડા પાણીથી સ્નાન કરનાર, થોડાં પાણીથી સ્નાન કરી ઝડપથી બહાર નીકળી જાય છે. એટલે પાણી ઓછું વપરાય → જીવહિંસા ઓછી થાય → કર્મબંધ પણ ઓછો થાય. |
| (G) | ગરમ પાણીથી સ્નાન કરનારની રોગ પ્રતિકારક શક્તિ ન વધે. તેથી, આરોગ્યની અપેક્ષાએ પણ ઠંડા પાણીથી સ્નાન કરવામાં ઘણો લાભ છે. | (G) ઠંડા પાણીથી સ્નાન કરનારની રોગ પ્રતિકારક શક્તિ વધે છે. તેથી આરોગ્યની દૃષ્ટિએ શરીર પણ સચવાય અને જીવદયા પળાતી હોવાથી આત્મા પણ સચવાય. |
| (H) | પાણી ગરમ કરવાં ગીઝર વગેરે વાપરવાથી લાઈટ-બીલ વધારે આવે અને ગેસ વાપરવાથી ગેસનાં બાટલાં વધારે લેવાં પડે. તેથી, સ્નાન માટે ગરમ પાણી વાપરવાથી આર્થિક દૃષ્ટિએ નુકસાની વધારે છે. | (H) ઠંડા પાણીથી સ્નાન કરવાથી ગીઝર કે ગેસ વાપરવાની જરૂર પડતી નથી, એટલે લાઈટબીલ કે ગેસના બાટલા વપરાતાં નથી અને આ રીતે આર્થિક નુકસાનીથી બચી જવાય. |
| (I) | ગરમ પાણી વાપરવાથી, અસંખ્ય અગ્નિકાય (તેઉકાય) ના જીવોની હિંસાનો પણ દંડ લાગે છે. | (I) ઠંડા પાણીથી સ્નાન કરવાથી અસંખ્ય અગ્નિકાય (તેઉકાય) ના જીવોની વિરાધનાથી બચી જવાય. |

(૩) બરફ, આઈસક્રીમ અને ફ્રીજનું ઠંડુ પાણી વાપરવાથી, અસંખ્ય અપકાયનાં જીવોની હિંસા થતી હોવાથી, શ્રાવકોએ તેનો વપરાશ ન કરવો. જ્ઞાની ભગવંત કહે છે કે, શ્રાવકોએ તો, ઉકાળેલું પાણી વાપરવાં છતાંય, અંદરથી રાજી નથી થવાનું. ઉકાળેલું પાણી પણ, હૃદયમાં ડંખ-પશ્ચાત્તાપ અને વેદના સાથે વાપરવાનું છે. કારણ કે, ઉકાળેલું પાણી ભલે અચિત્તરૂપે છે, પરંતુ, અગ્નિના માધ્યમે તેને અચિત્ત કરવાં માટે, અસંખ્ય અગ્નિકાય તથા અપકાયના જીવોની હિંસા તો થાય જ છે. હવે, જ્ઞાની ભગવંત પ્રમાણે, ઉકાળેલાં પાણીનાં વપરાશમાં પણ જો ડંખ રાખવાની વાત હોય, તો પછી, રાજીનાં રેડ થઈને, માત્ર જીભની આસક્તિ માટે, કાચું પાણી કે ફ્રીજનું પાણી કે બરફાદિ તો કઈ રીતે વાપરી શકાય? તે શ્રાવકોએ જાતે વિચારી લેવું જોઈએ.

(૪) Bisleri, cold drinks આદિ વાપરવામાં, અણગળ પાણીનાં વપરાશનો મોટો દંડ લાગે છે. તેથી, જો હોટલમાં જવું જ હોય, અને ત્યાં cold drinks વગેરે વાપરવું જ હોય, તો ઘરેથી ગરણું લઈ જઈને, cold drinks વગેરેને પૂરેપૂરું વ્યવસ્થિત ગાળીને જ વાપરવાની છૂટ ! ફાવશે ને ?? એટલે જ, ઠંડા પીણાં, આઈસક્રીમ આદિનો વપરાશ વહેલી તકે છોડી દેવો. પાણી પીવાનું માટલું જો ઘરે રાતનાં ભરાતું હોય, તો સવારે તે પાણીને પૂરેપૂરું ગાળ્યાં બાદ જ વાપરી શકાય. ૧૮ દેશના રાજા કુમારપાળ, રોજ પોતાનાં ૧૧ લાખ ઘોડાઓને તથા ૧૧૦૦ હાથીઓને પણ ફરજીયાત ગાળેલું પાણી જ પીવામાં વપરાવતાં હતાં. હાથી અને ઘોડાઓને ગાળેલું પાણી વપરાવવાની વાત જવા દો, ચલો, કમ-સે-કમ, તમે અને તમારો પરિવાર ૧૦૦% ગાળેલું જ પાણી વાપરે, એની પણ ચોક્કસપણે ખાતરી શું તમે આપી શકશો ?

(૫) ગરણાંથી કાચાં પાણીને ગાળ્યાં બાદ, તે ગરણાંને દોરી ઉપર સૂકાવાય નહીં અને ગરણાંને હાથથી નીચોવાય પણ નહીં. જો ગરણાંને "સૂકવીએ અથવા "નીચોવીએ તો ગરણાંના ઉપરનાં ભાગમાં ગળાઈને આવી ગયેલાં સૂક્ષ્મ નાજુક ત્રસ જીવો તો ટૂંક સમયમાં જ પોતાનું આયુષ્ય પૂરું કરી નાંખશે. કારણ કે, તે નાજુક જીવો તો પાણીમાં જ ઉત્પન્ન થાય છે અને પાણીમાં જ પોતાનું

No. ..........

Date

જીવન ટકાવી શકે. તેથી, તે નાજુક સુકોમળ ત્રસ જીવોને બચાવવાં માટે, ગરણાંને ઉપરનાં બે છેડાનાં ભાગે, બે હાથની બે આંગળી દ્વારા ધીરેથી પકડીને, બીજાં કાચાં પાણીની ડોલમાં નાંખીને હલાવાય, તો તે નાજુક જીવો ધીરે રહીને સરળતાથી નીચે સરી પડે છે. પોતાનું આયુષ્ય જેટલું હોય એટલાં સમય માટે, તે કાચાં પાણીમાં પોતાનું અસ્તિત્વ ટકાવે છે. પરંતુ તેની વિરાધનાનો દંડ આપણને લાગતો નથી.

(૬) ઉનાળામાં બફારો ઘણો હોવા છતાંય, ૨-૩ વાર સ્નાન ન કરવું. માત્ર એક જ વખત જે સ્નાન કરાય, તે પણ, શરીરની શુદ્ધિનાં આશયથી તો ન જ કરી શકાય. અજૈનો બાહ્ય દેહની શુદ્ધિને "સ્નાન" તરીકે માને છે. પરંતુ, પ્રભુનું લોકોત્તર શાસન તો કહે છે કે, બાહ્ય દેહ શુદ્ધિ = દ્રવ્ય સ્નાન છે. કોઈ "વાસ્તવિક સ્નાન" નથી. જ્ઞાની ભગવંતની દૃષ્ટિએ, તત્વની દૃષ્ટિએ, દેહ શુદ્ધિને નહીં પરંતુ આત્મ શુદ્ધિને વાસ્તવિક સ્નાન રૂપે કહ્યું છે. જેમ જેમ, આત્મા ગુણોનાં વિકાસમાં આગળ વધે, જીવદયા વગેરે શુભ પ્રવૃત્તિ અને શુભ વિચારોમાં આગળ વધતો જાય, તેમ તેમ આત્મવિશુદ્ધિમાં વધારો થતો જાય. વાસ્તવિક-ભાવ સ્નાન થાય. ૨૪ કલાક આવું ભાવ સ્નાન કરનારાં સાધુ-સાધ્વીજી વર્ષોનાં વર્ષો સુધી, બાહ્ય દ્રવ્ય સ્નાન ન કરવા છતાંય, તેમનાં શરીરમાંથી કોઈ દુર્ગંધ ન આવે. ઉલ્ટું, દિવસમાં ૨-૩ વાર સ્નાન કરનારાં સંસારીના ચહેરા ઉપર જે સ્ફૂર્તિ-તાજગી-ચમક જોવાં મળે એનાં કરતાં અનેકગણી વધારે સ્ફૂર્તિ-તાજગી-ચમક પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતનાં ચહેરાં ઉપર સ્પષ્ટપણે જોવાં મળે છે. એટલે, આપણે પણ દ્રવ્ય સ્નાનને વધુ મહત્વ ન આપતાં, ભાવ સ્નાનમાં આગળ વધવાનો સતત પ્રયત્ન કરવો જોઈએ. શરીર શુદ્ધિના આશયથી સ્નાન કરવામાં, દેહાધ્યાસ પોષવા નીમિત્તે કર્મબંધ થાય છે. માત્ર, પ્રભુની પૂજા કરવાનાં આશયથી જ સ્નાન કરવાની છૂટ શ્રાવકોને મળે છે. લોહી-માંસ-પરુ-મળ-મૂત્રાદિ અનેક અશુચિઓથી ભરેલાં આ શરીરથી, ત્રણ લોકનાં નાથ એવાં પ્રભુનો સ્પર્શ ન થઈ શકે. તેથી, માત્ર ને માત્ર, પ્રભુ સ્પર્શનાં શુભ આશયથી, પ્રભુને મળવાં તથા પ્રભુમાં ભળવાં માટે તથા પ્રભુ તુલ્ય બનવાનાં આશયથી જ સ્નાનની છૂટ શ્રાવકોને મળે છે. તેથી, જે દિવસે, સંજોગાવશાત્ પૂજા ન થાય, તે દિવસે શ્રાવકે સ્નાન ન કરી શકાય.

KOKUYO W-N6280U

(૭) પ્રભુની પૂજા તો આપણાં આત્માને પરમાત્મા સ્વરૂપે બનાવવાં માટે કરવાની છે. આવાં પવિત્ર આશયથી પ્રભુ પૂજા માટે એક ટંક જે સ્નાન કરાય છે, તે પણ, અલ્પમાં અલ્પ પ્રમાણમાં, ગાળેલાં, પરિમીત જલથી, જયણા-કાળજીપૂર્વક જ કરવું જોઈએ. તો જ તે સ્નાન જ્ઞાની ભગવંતને માન્ય બને. આવાં પવિત્ર આશયથી સ્નાન કરનાર સુશ્રાવકો, સ્નાન માટે ૫-૭ ગ્લાસથી વધારે પાણી વાપરી જ ન શકે. આવી સમજ જેને ન હોય તે ભલે અડધી, પોણી, એક, દોઢ ડોલથી સ્નાન કરે, પરંતુ, તાત્વિક સમજ મેળવનાર આત્મા તો ઓછામાં ઓછી પાણીનાં જીવોની વિરાધના કરીને, સ્નાનનું પોતાનું પ્રયોજન સાધી લે છે. મુંબઈમાં એવાં અનેક શ્રાવકો (જેમની આર્થિક સ્થિતિ પણ સારી હોય એવાં) છે, કે જેઓ, વર્ષોથી સ્નાન માટે, માત્ર ૩-૪ ગ્લાસ પાણી વાપરવાં છતાંય, કોઈ દુર્ગંધાદિની ફરિયાદ ન આવે. જો આવાં પવિત્ર આશય વિના, જયણા-કાળજી-જાગૃતિ વિના, જીવો પ્રત્યે ઉપેક્ષા ભાવ રાખીને, એક-દોઢ ડોલથી સ્નાન કરનારને, અપકાયનાં અસંખ્ય જીવોની બિનજરૂરી હિંસા નીમિત્તે વિશેષ કર્મબંધ થાય છે. તેમનાં આત્માને કર્મથી ભારે થવું પડે છે અને ભવાંતરમાં દુર્ગતિમાં જવું પડે છે. હવે, તમે જ વિચારી લો કે શું કરવું છે? આગળ ભવાંતરમાં ક્યાં-કઈ ગતિમાં જવું છે?

(૮) કાચાં પાણીથી સ્નાન કરવાથી ૯૫% કાચાં પાણીનાં જીવો સહી સલામત બચી જાય છે. પરંતુ, જો સાબુનો વપરાશ થાય, તો તે સાબુનું ફીણ = શસ્ત્ર રૂપે બનીને, બચી ગયેલાં ૯૫% કાચાં પાણીનાં જીવોને કિલામના પહોંચાડશે. તેથી, સાબુ વાપરવાથી, ૯૫% કાચાં પાણીનાં જીવોની વિરાધનાથી બચવાનો મોટો લાભ ન મળી શકે. એટલે, જો શક્ય બને તો, સાબુનો વપરાશ ટાળવો. આપણાં શરીર ઉપર કોઈ તેજાબી એસિડ ઢોળાય ત્યારે આપણી ચામડી બળી જાય છે, કાણું સુદ્ધાં પડી શકે છે, અને અતિશય વેદના-પીડા થાય છે. બસ, સાબુનું ફીણ પણ કાચાં પાણીનાં નાજુક સુકોમળ જીવોને, નાશ કરવાં માટે, તેજાબી એસિડનું જ કામ કરે છે. છેલ્લે, રોજ-રોજ સાબુનાં વપરાશને બદલે, દર ૮-૧૫-૩૦ દિવસે જ, સાબુનો વપરાશ થાય, તો પણ, કંઈક અંશે બચી શકાય.

આજે મુંબઈ શહેરમાં જીવદયા પ્રેમી, પૈસે-ટકે સુખી, એવાં ઘણાં શ્રાવકો વિદ્યમાન છે કે જેઓ, કાચાં પાણીનાં અસંખ્ય નિર્દોષ જીવોની વિરાધનાથી બચવાં માટે, જીવનભર માટે, કાયમ માટે, સાબુનો વપરાશ નથી કરતાં. દર ૨-૨ મહિને કે ૩-૩ મહિને માત્ર એક જ વાર સાબુનો વપરાશ કરનારાં પણ ઘણાં જૈનો આજે મુંબઈમાં છે. આવાં દૃષ્ટાંતોને નજર સામે રાખીને, તમારાં જીવનમાંથી સાબુનો વપરાશ શક્ય એટલો ઘટાડવાનો વધુમાં વધુ પ્રયત્ન કરવો.

(૯) બરફ, આઈસક્રીમાદિ વાપરવાથી પણ અસંખ્ય અપકાયનાં જીવોની બિનજરૂરી વિરાધના થાય છે. તેથી, આ પદાર્થોનો વપરાશ ટાળવું. આપણાં ઘરે ગોઠવાયેલ કોઈપણ લગ્નાદિ સાંસારિક પ્રસંગોમાં કે પછી ધાર્મિક પ્રસંગોમાં, ઉનાળો હોવાં છતાંય, બરફ-આઈસક્રીમાદિ અભક્ષ્ય પદાર્થો ન આવે, ન વપરાય તેની પૂર્ણ કાળજી લેવી. આવાં પ્રસંગોમાં, આવાં અભક્ષ્ય પદાર્થો વપરાવવાથી, મોટા પ્રમાણમાં સામુહિકપણે આપણાં આત્માને વિશેષ કર્મબંધ થાય છે. કારણ કે, એકલામાં આચરાયેલ પાપ કરતાં સામુહિક પાપનું દંડ ઘણું મોટું હોય છે. સ્વાર્થી સગા-સંબંધીઓને ખુશ કરવાં માટે, ઠંડા પીણાં-આઈસક્રીમ-રાત્રિભોજન-અભક્ષ્ય આદિ તમે વપરાવો ભલે પરંતુ, બીજાંને ખુશ કરવાં જતાં, આપણાં આત્માને નરકાદિ દુર્ગતિની કાતિલ વેદના સહન કરવાં દ્વારા મહા-દુઃખી થવું પડશે, એનો વિચાર શું તમને નથી આવતો? જે સગાવ્હાલાંઓ માટે, જે પરિવાર માટે, તમે આ સામુહિક રાત્રિભોજન-જમણવાર-અભક્ષ્યાદિ પાપો કરો છો, તે આપનાં સ્વજનો, નરકાદિ દુર્ગતિની વેદના સહન કરવામાં શું તમને સહાયક બનશે? નરકનાં આપનાં દુઃખ દૂર કરવાં કે ઘટાડવાં કે ભાગ પાડવાં માટે શું તમારા સ્વજનો આવશે? તેમને જરા પૂછી તો લો!!

(૧૦) અજૈનોની જેમ, દિવસ દરમ્યાન, વારંવાર હાથ-પગ-મોઢું આદિ ધોવું નહીં. કારણ કે, બાહ્ય શરીરની શુદ્ધિ કરવાં જતાં, આત્મા કર્મબંધથી અશુદ્ધિવાળો-મેલો થઈ જાય, તો તે શું ઉચિત છે? એટલે કે તે જરાય ઉચિત નથી.

(૧૧) હાથ-પગાદિ વિશેષ મેલાં થઈ જતાં, જ્યારે ધોવાં હોય ત્યારે ઓછામાં-ઓછું પાણી, એક હાથની હથેળીમાં ખોબો બનાવીને ૨-૩ વાર થોડું-થોડું લઈને, હાથ-પગાદિને પરસ્પર ઘસીને, ધોઈ શકાય.

ખુલ્લાં નળ નીચે ધોવામાં ઘણી વધુ વિરાધના થાય.

(૧૨) શ્રાવિકા બહેનોની જે સામાયિક ઓછી થાય તો ચાલે, પરંતુ, ઘરનાં ઝાડું-પોતાં, વાસણ-કપડાં ધોવાનાં કામ વગેરે નોકરોનાં ભરોસે ન સોંપી શકાય. જે કાર્ય શ્રાવિકા બહેનોએ જાતે કરવાનું છે, એ જો નોકરો પાસે કરાવાય, તો જરૂર કરતાં ૨-૧૦ ગણું પાણી વધારે વપરાઈ જાય. નોકરોને જીવદયાનાં પરિણામો ન હોવાથી, પાણીનાં જીવોની હિંસા ઘણી વધી જાય છે. સંજોગાવશાત, છેલ્લે ન છૂટકે, નોકરોને કદાચ ઘરનાં આ કાર્યો સોંપવા પડે તો પણ, મીઠાશથી એને સમજાવી ૨૦૦-૫૦૦ રૂપિયા બક્ષિસ રૂપે વધારે આપીને ઓછામાં ઓછું પાણી વાપરવાની તથા વિશેષ જયણા-જાગૃતિ રાખવાની પ્રેરણા કરી શકાય છે. જરૂર કરતાં વધુ પાણી જો વપરાય, તો ઘરના તમામ પરિવારજનોનાં માથે બિનજરૂરી જીવહિંસા નિમીત્તે મોટું દંડ લાગે છે અને વિશેષથી કર્મબંધ થાય છે. તેથી, શક્ય હોય તો શ્રાવિકા બહેનોએ ઘરનાં કાર્યો જાતે જ જયણાપૂર્વક કરવાં જોઈએ. નોકરોને કહી શકાય કે, 'કપડાં-વાસણ-પોતાં આદિ ઘરનાં કાર્યો માટે જો ઓછું પાણી વાપરશો તો તમને પગાર ઉપરાંત ૧૦૦૦ રૂ. બક્ષિસ રૂપે મળશે.'

(૧૩) ચોમાસામાં શક્ય એટલાં ઓછામાં ઓછાં વાહનોનો વપરાશ કરવો. જેથી, કાચાં પાણીથી ભીનાં થયેલાં રસ્તાઓ ઉપરથી પસાર થતી ગાડીઓ દ્વારાં થતી, અસંખ્ય અપકાયનાં જીવોની વિરાધનાથી બચી શકાય. ભીનાં રસ્તાઓ ઉપર, પગે ચાલતી વખતે પણ, કાચાં પાણીનાં ખાબોચિયાઓમાં પગ રાખવાનું ટાળવું.

(૧૪) જૂના જમાનામાં, ગામડાંઓમાં પાણીમાં તરવાની તાલિમ (swimming શીખવાથી) લેવાથી હજુ પણ કંઈક અંશે લાભ થતો હતો. પરંતુ, આજનાં શહેરી જીવનમાં તો, ડૂબવાનાં પ્રસંગો જ પ્રાય: ઉપસ્થિત ન થવાથી, વર્તમાન કાળમાં, તરવાની કળા શીખવાની કોઈ જરૂર દેખાતી નથી. તેથી, શીખવા ખાતર અથવા માત્ર શોખ ખાતર, સ્વીમીંગ પૂલ-બાથ-ક્લબાદિમાં જોડાવું નહીં. જેથી, નિર્દોષ પાણીનાં અસંખ્ય જીવોની વિરાધનાથી બચી શકાય. શારીરિક કસરત માટે, સ્વીમિંગનો વિકલ્પ સ્વીકારવાને બદલે, યોગાસન-પ્રાણાયામનો વિકલ્પ સ્વીકારવાથી, શરીર પણ સચવાય

અને આપણો આત્મા પણ સચવાઈ જાય. જ્યારે, સ્વીમીંગ કરવાં જતાં, શરીરની સ્વસ્થતા કદાચ સચવાશે, પરંતુ, બિનજરૂરી પાણીનાં અસંખ્ય જીવોની હિંસા થવાથી આત્માને કર્મબંધ થશે અને દુર્ગતિમાં જવું પડશે; એટલે કે આત્મા નહીં સચવાય.

(૧૫) પહેરવાનાં વસ્ત્રો જો વિશેષથી મેલાં ન થતાં હોય, તો રોજ-રોજ ધોવાની જરૂર નથી. એકાંતરે અથવા ૨-૪ દિવસે પણ કપડાં ધોવાય, તો થનારી અસંખ્ય પાણીનાં જીવોની હિંસાથી, કંઈક અંશે બચી શકાશે. પોતાનાં વસ્ત્રો સફેદ હોવાં છતાંય, પૂ. સાધુ-સાધ્વીજી તો પોતાનાં વસ્ત્રો, રોજ-રોજ ધોતાં નથી, પરંતુ, ૧૦-૧૫ દિવસે માંડ-માંડ એકવાર ધોવે છે.(કાપ કાઢે છે). ઉનાળામાં પરસેવો વધારે થાય અને ધૂળ પણ વધારે ઉડે, તેથી વસ્ત્રો વધારે મેલાં થાય; શિયાળા-ચોમાસામાં પરસેવો ઓછો થાય અને વસ્ત્રો ઓછાં મેલાં થાય; રંગીન-dark કલરવાળાં વસ્ત્રો ઓછાં મેલાં થાય ... વગેરે વગેરે વસ્તુઓને ધ્યાનમાં લઈને, વસ્ત્રો વધુ મેલાં થયેલ હોય તો જ જરૂર પ્રમાણે ધોવામાં નાંખવા, બાકી નહીં.

(૧૬) વિશેષ પ્રમાણમાં થતી પાણીનાં જીવોની હિંસાથી બચવાં માટે, ઘરનાં બાથરૂમ-સંડાસમાં ગીઝર, શાવર, ફ્લશ આદિનો વપરાશ ટાળવો. કારણ કે, આ બધાનું કનેક્શન (connection) પાણીની ટાંકી સાથે direct હોવાને લીધે, વપરાતું પાણી ગળાય નહીં તેથી અણગળ પાણી વાપરવાનો મોટો દોષ લાગે છે. તે ઉપરાંત, આ બધી વસ્તુઓનો ઉપયોગ કરવાથી, જરૂર કરતાં ૪-૫-૬ ગણું વધારે પાણી વપરાય છે. તેથી, બિનજરૂરી વધું પડતું પાણી વાપરવાથી, જીવહિંસાનો મોટો દંડ લાગે છે.

(૧૭) પાણીમાં સ્નાનની મજા માણવાં માટે water-park, water-falls, Chowpatty, Resort, Water Kingdom, Water-rides આદિ સ્થળોમાં જવાય નહીં. કારણ કે, આ સ્થળોમાં તો સામુહિક રીતે મોટા પ્રમાણમાં કાચાં પાણીનાં જીવોની હિંસા રસપૂર્વક થાય છે. તેથી, ચીકણામાં ચીકણો મોહનીય કર્મ બંધાય. તે ક્ષણે જો આવતાં ભવનું આયુષ્ય બંધાય, તો જન્મ-જીવન-મરણ જેનું પાણીમાં જ હોય, એવાં માછલાંનું આયુષ્ય બંધાઈ શકે છે. આપણી થોડી મજાનાં પરિણામે, પાણીનાં અસંખ્ય જીવોને મોતની સજા મળે, તે શું ઉચિત

છે? ભવાંતરમાં માછલાંનાં ભવમાં આપણાં આત્માને ગોઠવાઈ જવું પડે એ આપણાં માટે કલંક રૂપ કહેવાય - આખું જીવન, માછલાં તરીકે બનીને, પાણીમાં જ પડી રહેવાની મજા આવશે ને?

(૧૮) ઘરમાં પાણીની ટાંકી ભરાયાં બાદ, છલકાય તે પૂર્વે તરત જ બંધ થાય એવી કાળજી રાખવી. નળ વગેરેમાં લીકેજ ન થાય, ચાલુ ન રહી જાય વગેરેની પણ કાળજી અવશ્ય લેવી જોઈએ. પાણીની ટાંકી ભરાયાં બાદ, આપોઆપ બંધ થઈ જાય, એવી system પણ ગોઠવી શકાય છે, જેથી, ભરાયાં બાદ, બંધ કરો ત્યાં સુધીમાં ૧૦-૧૫-૨૦ લિટર પાણી વહી જવાથી થતી બિનજરૂરી હિંસાના પાપથી બચી શકાય.

(૧૯) વર્ષોથી રાત્રિભોજન ત્યાગ કરવાં છતાંય, સાંજના તિવિહારનાં પચ્ચક્ખાણ લઈને, રોજ રાત્રે કાચું પાણી વાપરનારાં ઘણાં શ્રાવકો જોવાં મળે છે. તેનું શું કારણ? શું રાત્રે પાણી વાપરવામાં દોષ નથી? અરે! રાત્રે પાણી વાપરવાની છૂટ બધાંને ન મળે. જેમને પ્રોસ્ટેટ, એસીડીટી, પથરી વગેરેની વિશેષ તકલીફ હોય અથવા જેઓ નવાં-નવાં ધર્મ માર્ગે જોડાયાં હોય, એવાં શ્રાવકોને જ રાત્રે પરિમીત પાણી વાપરવાની છૂટ જ્ઞાની ભગવંત આપે છે. પરંતુ, આવાં કોઈ પ્રયોજન ન હોવાં છતાંય, આજે રાત્રે પાણી પીવાનું સહજ થઈ ગયું છે, જે ઉચિત નથી. પાણી પણ એક જાતનો આહાર જ છે. રાત્રે સૂર્યાસ્ત બાદ, ખોરાક લેવું = માંસ ખાવા સમાન અને પાણી લેવું = લોહી પીવાં સમાન દોષ લાગે છે - આવું તો અજૈનોનાં શાસ્ત્રો પણ કહે છે. ઉપવાસ, એકાસણા, બિયાસણા વગેરે પચ્ચક્ખાણોમાં, જો રાત્રે પાણી વાપર્યા વિના ચાલી શકે છે, તો પછી, તે સિવાયનાં દિવસોમાં રાત્રે પાણીનો ત્યાગ શા માટે ન કરી શકાય? તેથી, હવે પછી, પાણીનાં એક ટીપામાં રહેલ અસંખ્ય જીવોની વિરાધનાને નજર સામે લાવીને, ગમે તેવાં સંયોગો ઉભા થાય, છતાંય રાત્રે કાચું પાણી વાપરવું નહીં. પૂ. સાધુ-સાધ્વીજી, નાના બાલ-મુનિ પણ, જીવનભર માટે, રાત્રે મોઢામાં એક પાણીનું ટીપું પણ જો ન નાંખતાં હોય, તો શ્રાવકો શા માટે કચાશ રાખે? જીવનભર માટે પાકાં ચોવિહાર કરનારાં ઘણાં સુશ્રાવકો આજે

મુંબઈ નગરીમાં વિદ્યમાન છે.

(૨૦) પીવાં માટે ઉકાળેલું પાણી વાપરવાં કરતાંય કાચું પાણી વાપરવામાં ઘણો મોટો દોષ લાગે છે. અને કાચું પાણી વાપરવાં કરતાંય, ફ્રીજનું ઠંડુ પાણી, ઠંડો બરફ, ઠંડા શરબત, ઠંડો કેરીનો રસ (ઉનાળામાં) વગેરે વાપરવામાં ઘણો વધારે દોષ લાગે છે. તેથી, શક્ય હોય તો, જીવનભર માટે, ફ્રીજની ઠંડી વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો. આરોગ્ય માટે પણ અતિશય હાનિકારક છે. પેટનું પાચનતંત્ર ધીરે-ધીરે કરીને બગડી જાય છે.

(૨૧) પાણીનાં રંગીન ફુવારાં, ઝરણાં, ધોધ આદિ જ્યાં જોવા મળે, એવાં ફરવાનાં સ્થળોમાં પણ જવાય નહીં, વાણીથી પ્રશંસા કરાય નહીં અને મનથી લેશમાત્ર પણ ગમાડાય નહીં. આવી જાગૃતિ જો ન રખાય, તો અસંખ્ય પાણીનાં જીવોની વિરાધનાનો દંડ, અનુમોદનાનાં માધ્યમે લાગી જાય છે. આવાં પાણીનાં ધોધ જોવાં ગયાં અને જોઈને જો વાણી દ્વારાં પ્રશંસા કરતાં અથવા મનથી ગમાડતી વખતે જો આપણાં આવતા ભવનું આયુષ્ય બંધાય, તો ચોક્કસપણે માછલાનાં ભવમાં અથવા એકેન્દ્રિયપણે અપકાયનાં ભવમાં આપણને ફેંકાઈ જવું પડશે, ચાલશે ને? આવાં પાણીનાં પ્રવાહ / ધોધ / ફુવારા વગેરે જોઈને રાજી નથી થવાનું, પરંતુ, દુઃખી હૃદયથી, થતી અસંખ્ય પાણીનાં જીવોની હિંસા માટે, હૃદયમાં કરૂણા ભાવ લાવવાનો છે અને વિચારવાનું કે, "ભૂતકાળની કોક ભૂલનાં લીધે કર્મ બાંધીને, બિચારાં આ જીવો હમણાં એકેન્દ્રિયપણાંને પામ્યાં છે અને આ વેદનાને અનુભવી રહ્યાં છે. ભૂતકાળમાં, આત્મ-જાગૃતિ ચૂકીને, હોંશે-હોંશે જીવહિંસામાં જોડાવાને લીધે, આવાં અપકાય તરીકેના, અનંતા ભવો, મેં પણ-(મારા આત્માએ) ધારણ કર્યા હશે. હવે ફરી, આત્મ-જાગૃતિ ચૂકીને, હું આ પાણીનાં જીવોની હિંસાની અનુમોદના જો કરીશ (વાણી દ્વારા પ્રશંસા કરીને અથવા મનથી ગમાડીને), તો ભવાંતરમાં મારે ફરી-ફરીને આજ પાણીનાં જીવ તરીકે જનમવું પડશે. શું ચાલશે?"

(૨૨) વાતાવરણમાં જ્યારે ધુમ્મસ હોય, ત્યારે ઘરની બહાર નીકળવું નહીં. ઘરનાં તમામ બારી-બારણાંઓ બંધ કરી દેવાં.

ઘરમાં પણ, એક જ જગ્યાએ, ગરમ શાલ વગેરે ઓઢીને સ્થિર રહેવું. ત્યારે વધારે હલનચલન ન કરાય અને વધુ બોલાય પણ નહીં. જેથી, ધુમ્મસ સ્વરૂપે રહેલ, સચિત્ત અપકાયનાં જીવોની વિરાધનાથી બચી શકાય. ધુમ્મસ વિશેષ પ્રમાણમાં થતો હોય, એવાં ઠંડા ફરવાનાં સ્થળો, હીલ-સ્ટેશનાદિ સ્થળોમાં ફરવાં માટે તો જવાય જ નહીં. કાશ્મીર જેવાં સ્થળોમાં જવાથી, બરફ રૂપે રહેલ સચિત્ત અપકાયનાં જીવોની હિંસા, ઘણાં મોટાં પ્રમાણમાં થાય છે. લોનાવલા, મહાબળેશ્વર, કુલુ-મનાલી, માથેરાનાદિ હીલ-સ્ટેશનોમાં પણ ન જવાય. તેથી, શ્રાવકોએ આવાં સ્થળોમાં જવાનું ટાળવું જોઈએ. પૂ. સાધુ-સાધ્વીજી ધુમ્મસમાં વિહાર ન કરે. ચાલુ વિહારમાં જો ધુમ્મસ જણાય, તો રસ્તામાં જ વિહાર અટકાવી દે અને કોઈ બસ-સ્ટોપાદિ સ્થાનમાં ઉભા રહે. ત્યારબાદ જ્યાં સુધી વાતાવરણમાં સૂર્યનાં તાપને લીધે આપોઆપ ધુમ્મસ દૂર ન થાય, ત્યાં સુધી વિહાર ચાલુ ન કરે. ધુમ્મસ દૂર થયાં બાદ જ વિહાર શરૂ કરે. એ જ રીતે, જો ઘરની બહાર ધુમ્મસ હોય, તો શિયાળામાં સવારે શ્રાવકોએ ઘરની બહાર નીકળાય નહીં. શિયાળામાં, શત્રુંજય ગિરિરાજ, સમ્મેતશિખર, ગિરનારજી, આબુ, અચલગઢની જાત્રા અથવા ૯૯ જાત્રા કરતી વેળાએ, જે દિવસે ધુમ્મસ જણાય તે દિવસે જાત્રા ન કરાય અથવા ધુમ્મસ દૂર થતાં મોડેથી જાત્રા કરાય. જેથી, ધુમ્મસમાં ચાલવા દ્વારા, અસંખ્ય પાણીનાં જીવોની હિંસાથી બચી શકાય. ચાલુ જાત્રાએ જો વાતાવરણમાં ધુમ્મસ જણાય, તો જાત્રા અટકાવી દઈને, પાણીની પરબમાં જઈને થોડી વાર વિશ્રામ કરવો.

(૨૩) ઉનાળાની ઋતુ પૂરી થઈ ગઈ હોય અને ચોમાસાની ઋતુ શરૂ થયાં છતાંય, જો વરસાદ હજુ શરૂ ન થયો હોય, અને વાતાવરણમાં બફારો હોય, ત્યારે "વરસાદ ક્યારે પડશે? ગરમી બહુ થાય છે, વરસાદ પડે તો સારું!" વગેરે વાક્યપ્રયોગ ભૂલથી પણ ન કરાય, તેની કાળજી રાખવી. આવું બોલવાથી કે વિચારવાથી આપણને કોઈ લાભ ન થાય. વરસાદ જ્યારે પડવાનો હશે ત્યારે જ પડશે. આપણાં બોલવાથી કે વિચારવાથી વરસાદ કંઈ વહેલો નથી પડવાનો, પરંતુ આવાં વાક્યપ્રયોગો

દ્વારાં આપણો આત્મા કર્મથી જરૂર ભારે થશે. આવું બોલવાં કે વિચારવાં માત્રથી, વરસાદ સંબંધી વનસ્પતિ, કાચું પાણી, સચિત્ત માટી, ખેતરમાં થતાં લાખો કીડાં-મકોડાં, લીલ-નિગોદ આદિ જીવોની તમામે તમામ વિરાધનાનો દંડ, અનુમોદનાનાં માધ્યમે, આપણને લાગી જાય છે. જેમને દુનિયાભરની પારકી પંચાત કરવામાં રસ હોય, જેમને બોલ્યાં વગર ચેન જ ન પડે, એવાં નવરાંધૂપ અને મફતીયાં લોકો જ, આવી મુફલીસ ચર્ચાઓમાં જોડાય છે. પરંતુ, પ્રભુનાં શાસનને પામેલાં, સમજુ શ્રાવકો તો આવાં બિનજરૂરી શબ્દપ્રયોગો કરવાં દ્વારા, પોતાનાં આત્માને ભૂલથી પણ કર્મથી ભારે ન કરે. તેથી, અજ્ઞાની જીવ, બોલવાનો વિવેક ન હોવાથી, પોતાની વાણીનાં ઉપયોગથી ડગલેને પગલે પોતાનાં આત્માને કર્મથી ભારે કર્યે રાખે છે. જ્યારે, સમજુ-વિવેકી-જ્ઞાની આત્માઓ તો, સમજ્યા-વિચાર્યા વગર, એક પણ શબ્દપ્રયોગ વાણી દ્વારાં ન કરે. તમે જ્ઞાની કે અજ્ઞાની હવે શું થવું છે? જ્ઞાની કે અજ્ઞાની?

(૨૪) શાસ્ત્રમાં, અર્ણિકાપુત્ર આચાર્યનું દૃષ્ટાંત આવે છે. જહાજમાં બેસીને તેઓ ગંગા નદી પાર કરતાં હતાં, ત્યારે, પૂર્વ ભવનો કોક વૈરી વ્યંતર દેવ આવીને પૂ. આચાર્ય મ.સા.ને ઉંચે આકાશમાં ઉછાળે છે. ત્યારબાદ, ઉંચે આકાશમાં રહેલ આચાર્ય મ.સા.નાં શરીરમાં તીક્ષ્ણ ભાલો પોરવે છે- જેને લીધે શરીરમાંથી લોહીનાં ફુવારાં ઉડે છે. આવો મરણાંત ઉપસર્ગ થવાં છતાંય, આવી અસહ્ય વેદનાની હાજરીમાં પણ, પૂ. આચાર્ય મ.સા. તે શત્રુદેવ ઉપર લેશમાત્ર પણ દ્વેષ-દુર્ભાવ નથી કરતાં, પોતાનાં શરીરની પીડા નીમિત્તે આર્તધ્યાન પણ નથી કરતાં, પરંતુ ઉલ્ટું, અપકાયનાં જીવોની વિરાધના માટે હૃદયમાં ભારોભાર અફસોસ-ડંખ-પશ્ચાતાપના ભાવો ઉભાં કરે છે. તેઓ વિચારે છે કે, "લોહીનાં ફુવારાં ઉડીને નીચે કાચાં પાણીમાં પડવાથી, લોહીનાં ટીપાંઓ = શસ્ત્ર રૂપે બનીને, પાણીનાં અસંખ્ય જીવોની વિરાધનામાં કારણ રૂપ બની રહ્યાં છે. મારું શરીર આ અસંખ્ય અપકાયનાં જીવોની વિરાધનામાં નીમિત્ત બની રહ્યું છે. ધન્ય છે, સિદ્ધ ભગવંતોને! કે જેઓ શરીરધારી અવસ્થાથી મુક્ત થવાને લીધે, મારી જેમ શરીરનાં નીમિત્તે, અન્ય જીવોની વિરાધનામાં જોડાતાં

નથી." આ રીતે, અસંખ્ય અપકાયનાં જીવોની વિરાધના નીમિત્તે, પશ્ચાત્તાપની ભાવધારામાં આગળ વધતાં-વધતાં, ક્ષપકશ્રેણી માંડીને, ઘાતી-અઘાતી કર્મો ખપાવીને, આચાર્ય મ.સા. કેવળજ્ઞાન અને મોક્ષ પામી જાય છે.

નાનકડાં આઠ વર્ષનાં અઈમુત્તા મુનિ પણ, પોતાનાં દ્વારા થયેલાં અસંખ્ય અપકાયનાં જીવોની વિરાધના પ્રત્યેનો પશ્ચાતાપ કરતાં કરતાં, પ્રભુ સમક્ષ ઈરિયાવહિયં સૂત્ર બોલતાં-બોલતાં, કેવળજ્ઞાન પામી ગયાં.

એટલે, આવાં મહાપુરુષોને નજર સામે રાખીને, શક્ય એટલી અપકાયનાં જીવોની વિરાધનાથી બચવું અને જે વિરાધના થાય છે, તેના માટે પણ, ભારોભાર ડંખ અને પશ્ચાતાપનાં પરિણામો હૃદયમાં રાખવા. જેથી, ધીરે-ધીરે કરીને પણ, મોક્ષ માર્ગે આગળ વધી શકાય. મરણાંત પીડા વચ્ચે પણ જો મહાપુરુષો જીવદયાનાં પરિણામો ન છોડે, તો આપણને તો જીવદયા પાળવાં માટે કોઈ આપણા પ્રાણોનું બલિદાન નથી આપવાનું. એટલે કે, આપણાંથી એટલી જીવદયા તો પળાય જ.

(૨૫) બાવીસ અભક્ષ્યમાંથી, અસંખ્ય અપકાયનાં જીવોની વિરાધનાથી બનેલ 'બરફ' પણ શ્રાવકોએ ન જ વાપરવું જોઈએ. કારણ કે, અણગળ પાણીને થીજાવીને બરફ બને છે, જેનાં કણે-કણે અસંખ્ય જીવો છે અને જે જીવન નિર્વાહ માટે જરૂરી નથી. બરફ કે તેનાથી બનેલાં શરબત- આઈસક્રીમ- કુલ્ફી- આઈસફ્રુટ વગેરેને ખાવાથી મંદાગ્નિ- અજીર્ણ- અપચાનો રોગ લાગુ પડે છે. બરફ તો આરોગ્યનો દુશ્મન છે. ફ્રીજનું પાણી પણ તેવી જ હાનિ પહોંચાડે છે. તેથી, દ્રવ્ય આરોગ્ય અને ભાવ આરોગ્ય બન્નેની નુકસાનીથી બચવાં માટે ફ્રીજનું ઠંડુ પાણી તથા કોલ્ડ ડ્રીંક્સ વગેરે ઠંડાં પીણાંનો પણ ત્યાગ શ્રાવકોએ કરવો જ જોઈએ. ફાવશે ને ?

(૨૬) એક સ્થાનકવાસી કુળનાં સુશ્રાવકે, જીવદયા અંગેની સમજણ મેળવતાં, પાણીનાં દરેક ટીપામાં રહેલ અસંખ્ય જીવોની વાત મહાત્મા પાસેથી સાંભળીને ઘણાં ભાવિત થયાં. બીજાં દિવસે સવારે, સ્નાન માટે બાથરૂમમાં પ્રવેશ્યા છતાંય, ગયા દિવસે

સાંભળેલ અસંખ્ય અપકાયનાં જીવો પ્રત્યેની દયાથી, હૃદય વધુને વધુ સંવેદનશીલ બન્યું - જો એક પાણીનાં ટીપામાં અસંખ્ય જીવો હોય તો, અડધી - એક ડોલથી સ્નાનનાં માધ્યમે કેટલાં જીવોની હિંસા થશે ?" "હમણાં સુધી મેં મારા નાશવંત દેહની શોભા ખાતર પાણીનાં કેટલાં જીવોની હિંસા કરી નાંખી છે." "આટલાં બધાં જીવોની હિંસા કરીને, આ ભવ દરમ્યાન, હજારો લિટરનું પાણી હું વાપરી ચૂક્યો છું, છતાંય લોહી-માંસ-પરૂ આદિ અશુચિથી ભરેલું આ શરીર, હજી પણ એવું ને એવું જ રહ્યું છે." - આ રીતે, એક-દોઢ કલાક સુધી જાતજાતની વિચારણા કરીને, અંતે "હવે પછી જીવનભર માટે મારે સ્નાન ન કરવું" - એવો અભિગ્રહ લઈને બાથરૂમમાંથી બહાર નીકળ્યાં. આ સાંભળીને આપણે શું કરશું ? પાણીનાં અસંખ્ય જીવોની દયા પાળવાં માટે, જીવનભર માટે સ્નાનનો ત્યાગ કરનારની વાત જાણ્યાં પછી, કમ-સે-કમ, સ્નાન માટે વપરાતાં પાણીનું પ્રમાણ તો આપણાં જીવનમાં ઘટી જ જવું જોઈએ. બાકી સમજવું કે આપણું હૃદય કઠોર, નઠોર અને શુષ્ક થઈ ગયું છે.

(૨૭) આપણાં ઘર-ફેક્ટરી આદિ તમામ સ્થળોમાં, આપણાં દ્વારા + આપણાં પરિવાર-મિત્ર વર્તુળ દ્વારાં, રોજીંદા જીવનમાં, ક્યાં પાણીનો વપરાશ ઓછામાં ઓછો થાય, તેની પૂર્ણ કાળજી રાખવી. કારણ કે, કોઈપણ વસ્તુમાં અથવા કોઈપણ સ્થળે, પુષ્કળ જીવોત્પત્તિનું મુખ્ય કારણ તો 'ભેજ' જ છે (ભીનાશ છે). ભેજનાં અભાવે, નવી જીવોત્પત્તિ થવાની સંભાવના, લગભગ રહેતી નથી.

(૨૮) બાથરૂમાદિ દરેક સ્થળોમાં પાણી ઢોળાયેલું ન રહે, તેની પૂરી કાળજી લેવી. પાણી ઢોળાયેલું રહેવાથી, ગંદકી પણ થાય અને મચ્છર વગેરે અનેક જીવો પણ પેદા થાય. પાણી એક જગ્યાએ વધારે પડ્યું રહે તો તેમાં લીલ-સેવાળ બાઝી જાય. એંઠું પાણી જો બે ઘડીથી વધારે રહે, તો અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય. જમીન ઉપર પાણી ઢોળવાથી, કોઈ લપસી જાય કે પડી પણ જાય. પાણી ખુલ્લું રાખવાથી, ઉડતાં જીવજંતુ તેમાં પડીને મરી જાય.

(૨૯) સમુદ્ર કિનારે ફરવાં જનાર, કિનારાનાં ઉછળતાં મોજામાં શોખથી શોખથી ઊભાં રહે, તો આખા સમુદ્રનાં પાણીનાં ઉપભોગની અનુમોદનાનો દંડ લાગે. તેથી, ચોપાટી, જુહુ બીચ, બાથ ક્લબ

આદિનાં પાણીમાં શોખ ખાતર, સ્નાનાદિ માટે, fresh થવા માટે, વ્યાયામ માટે કે picnic માટે પણ જવાય નહીં. આ બધાં પાપો બિનજરૂરી પાપો તરીકે ગણાતાં હોવાથી, આત્માને વિશેષથી કર્મ બંધાવનાર બને છે, દુર્ગતિમાં લઈ જનાર બને છે.

(૩૦) પાણીનાં એક બિંદુમાં અસંખ્ય જીવો હોય છે. તે બધાં અત્યંત સૂક્ષ્મ શરીરવાળાં હોવાથી, એક બિંદુમાં સમાઈ જાય છે. પરંતુ જો બધાં જીવો કબૂતર જેવડું મોટું શરીર ધારણ કરે, તો એક બિંદુમાં રહેલાં પાણીનાં જીવો આખા જંબુદ્વીપમાં પણ ન સમાય. તેથી, દાઢી કરવાં, દાતણ કરવાં, હાથ-પગ ધોવાં, સ્નાન કરવા, કપડાં ધોવાં, વાસણ ધોવાં કે અન્ય કોઈ પણ કાર્ય માટે, જરૂર પૂરતું પાણી, એક ગ્લાસ, ટબ કે બાલદીમાં લઈને જ, તે કાર્ય પતાવો. આ બધી પ્રવૃત્તિઓ નળ ખુલ્લો રાખીને ન કરો. નળ ખુલ્લો રાખીને પાણી વાપરવાથી, જરૂર કરતાં ઘણું-ઘણું વધારે પાણી વપરાઈ જાય અને આપણને ખયાલ પણ ન આવે.

(૩૧) પાણી ભરેલાં વાસણ ખુલ્લાં ન રાખો. જેથી, કોઈ ઉડતી જીવાંત તેમાં પડીને મરી ન જાય. તેથી, બાથરૂમમાં તથા દરેક સ્થળે, દરેક વસ્તુઓ, પાણીની ડોલ, ટબ, કોઠી, પીપડા, ટાંકી વગેરે ઢાંકીને રાખવા. ઢાંકણાનો ઉપયોગ કરવાથી, ખુલ્લાં પાણીમાં પડીને મરી જનાર નાનાં-મોટાં જીવોની હિંસાથી, બચી જવાય. આ બધી વસ્તુઓનો વપરાશ પૂરો થતાંની સાથે જ, વસ્તુઓ તરત ઉંધી રાખી દેવી. એટલે, વપરાશ કાળે વસ્તુઓ ઢાંકીને વાપરવી અને કાર્ય પૂર્ણ થયાં બાદ ઊંધી રાખી દેવી.

(૩૨) પાણીનો નળ લીક ન થાય, તેનું પૂરું ધ્યાન રાખવું. નળ બને એટલાં ઓછાં રાખવા. નળ જેટલા ઓછાં હશે, એટલી પાણીનાં જીવોની વિરાધનાની સંભાવના ઓછી છે.

(૩૩) ઘર બંધ કરીને બહાર જતાં પૂર્વે તપાસી લો કે કોઈ નળ ખુલ્લો તો નથી રહી ગયો ને? ઘરની બહાર ગયાં બાદ પણ, બહાર કોઈક સ્થળે એક નળનું પાણી લીક થતું જણાય, તો તરત જ નળ બંધ કરી નાખવું.

(૩૪) વરસાદનાં પાણીમાં, જાણીજોઈને, શોખ ખાતર કે મનોરંજન માટે પલળવું નહીં. કારણ કે દરેક ટીપાંમાં અસંખ્ય- અસંખ્ય જીવોની

No.
Date

વિરાધના થાય છે. વળી, વરસાદનું પાણી અણગળ હોવાથી, અણગળ પાણીની વિરાધનાનો પણ ઘણો મોટો દંડ લાગે છે.

(૩૫) પાણીનાં ફુગ્ગાં ભરીને ફોડવાં નહીં. હોળી રમવી નહીં. આ અજૈનોનો તહેવાર છે, આપણો નથી. દેખાદેખીથી 'હોળી'માં જો આપણે જોડાઈએ, તો અજૈનોની મિથ્યા પ્રવૃત્તિમાં આપણે જોડાતાં હોવાથી, મિથ્યાત્વ દોષનું પોષણ થશે. આપણને જોઈને બીજાં જૈનોને પણ જોડાવાની ઈચ્છા થશે. જો પાણીનાં એક ટીપામાં અસંખ્ય જીવોની હિંસા થાય છે, તો પછી, 'હોળી' નામનો તહેવાર ઉજવતાં કેટલાં જીવોની હિંસા થશે?

(૩૬) વરસાદમાં પાણી ભરાઈ ગયાં હોય અને તેમાં ચાલવું અનિવાર્ય જ હોય, તો પગ ઘસડીને ન ચાલવું. પરંતુ, દરેક પગલે, પગ ઉંચો કરી પછી મૂકવો. આ રીતે, ખ્યાલ રાખવાથી, ચાલવાથી પાણીનાં જીવોની હિંસામાં ઘણો ઘટાડો થાય છે.

(૩૭) પાણી સ્વયં 'અપકાય' જીવોનાં શરીર રૂપે છે. આ અપકાયનાં જીવો એકેન્દ્રિય છે. તે ઉપરાંત, અણગળ પાણીમાં, હાલતાં-ચાલતાં સૂક્ષ્મ ત્રસ જીવો પણ પુષ્કળ હોય છે. પોરાં વગેરે બેઈન્દ્રિયાદિ જીવો પણ પાણીમાં ક્યારેક ક્યારેક હોય છે. તેથી ત્રસ જીવોની હિંસાથી બચવાં માટે પણ પાણીનો ઉપયોગ બને તેટલો ઓછામાં-ઓછો કરવો.

(૩૮) અણગળ પાણીનાં ઉપયોગથી કે બેદરકારીથી પાણીનો ઉપયોગ કરવાથી, તેમાં રહેલાં ઘણાં બધા ત્રસ જીવોની હિંસા થાય છે. હાલતાં-ચાલતાં ત્રસ જીવો, આપણાં જડબાં વચ્ચે ચવાઈ જવાથી, આપણાં અધ્યવસાય પણ કેટલાં ક્રૂર બને? અપકાયનાં જીવોની તો વિરાધના કરો જ છો; પણ સાથે ત્રસકાય જીવોની હિંસાનું પાપ શા માટે બાંધવું? તેથી, શક્ય બને તો, ઘર સિવાયનું બહારનું પાણી ન પીવું અને બહારની હૉટલાદિની વસ્તુઓમાં પણ, અણગળ પાણી વપરાતું હોવાથી, તે ન વાપરવી. આપણાં ઘરમાં રહેલ નાનું બાળક સ્કૂલમાં પીવા માટે અણગળ પાણી ન વાપરે તે માટે, ઘરેથી ગાળેલું પાણી સાથે આપી દેવું. તમે પણ સાંભળ્યું હશે કે, એક ગ્લાસ અણગળ પાણી વાપરવાથી સાત ગામ બાળવાં તુલ્ય પાપ લાગે છે.

(૩૯) ગીઝરમાં તો અણગળ પાણી જ સીધે સીધું ગરમ થઈ જવાથી, હજારો-લાખો ત્રસ જીવો, બળીને ભડથું થઈ જાય છે. વૉટર-કૂલર વગેરેમાં પણ, પાણીનાં ત્રસ જીવોની પુષ્કળ વિરાધના થાય છે.

પાણીમાં વાસણો ખુલ્લાં રાખવાથી, તેમાં પણ ઘણાં ત્રસ જીવો પડીને મરી જાય છે. પાણી બંધિયાર રહેવાથી, તેમાં દેડકાં-માછલી જેવાં પંચેન્દ્રિય જીવો પણ ઉત્પન્ન થવાની સંભાવના છે. તેથી, આ બધી વિરાધનાથી બચવાનો શક્ય એટલો પ્રયત્ન કરવો, કાળજી લેવી.

(૭૦) રસોઈ આદિ દરેક કાર્યમાં પાણી ગાળીને જ વાપરો.
પાણી ગાળ્યાં પછી, ગરણાંને સીધું સૂકવી ન દેવાય. પરંતુ, તે ગરણાંના ગાળેલાં ભાગ ઉપર ગાળેલું પાણી રેડી, તે પાણી તેનાં મૂળ સ્થાનમાં પહોંચી દેવું ત્યારબાદ જ ગરણાંને સૂકવી શકાય.
આપણાં ઘરનાં લગ્નાદિ પ્રસંગોમાં અથવા અન્ય કોઈ સ્વજનોનાં પ્રસંગોમાં કદાચ જવું પડે તો, જો શક્ય બને તો ત્યાં વાપરવું નહીં. કારણ કે, કેટરર્સવાળાં માણસો તો; સમજણ ન હોવાથી, રસોઈની તમામ વસ્તુઓ, પ્રાયઃ કરીને, અણગળ પાણીનો ઉપયોગ કરીને બનાવે છે. હૉટલાદિમાં પણ બનાવેલ વસ્તુઓમાં અણગળ પાણીનો વપરાશ થવાથી, તે આપણાંથી વપરાય નહીં. ફાવશે ને? પૈસાનું પણ પાણી થાય, આરોગ્ય પણ બગડે અને જીવહિંસા, અભક્ષ્ય ભોજનનો પણ દોષ લાગે. તેથી, શક્ય બને તો છોડી જ દેવું.

(૭૧) ઘરની બહાર જવાનું થાય ત્યારે ગાળેલાં પાણીની વૉટરબેગ સાથે જ રાખવી, જેથી ગમે ત્યાં અણગળ પાણી વાપરવું ન પડે. આપણી સાથે પાણી ન હોવાથી, ક્યારેક ન છૂટકે બહાર પાણી વાપરવું જ પડે, તો ત્યારે પણ, આપણી પાસે રહેલ સ્વચ્છ રૂમાલથી પહેલાં પાણીને ગાળવું અને પછી જ વાપરવું બાકી નહીં.

(૭૨) સ્નાન માટે, શાવરબાથનો ઉપયોગ ન કરવો જોઈએ કારણકે, તેનાં માધ્યમે આવતું પાણી ગાળ્યાં વગરનું-અણગળ હોય છે.
કદાચ, શાવરબાથનો ઉપયોગ કરવો જ હોય, તો શાવરબાથનાં મોઢે કાપડનું ગરણું બાંધીને પછી જ સ્નાન કરવું. ફાવશે ને?? ગરણું લગાડવાથી નહાવાની મજા જો ન આવે, તો પછી શાવરબાથ swimming વગેરેમાં શ્રાવકોએ શા માટે જોડાવું? અને જોડાવાનાં માધ્યમથી, અસંખ્ય બિનજરૂરી હિંસાનો દંડ શા માટે માથે લેવો? તે ઉપરાંત, શાવરબાથથી સ્નાન કરવામાં બીજું મોટું નુકસાન એ થાય કે; સ્નાન દરમિયાન કેટલું પાણી વપરાઈ ગયું તેનો પણ ખ્યાલ ન આવે, ખબર ન પડે. તેથી, ડંખ-પશ્ચાત્તાપ કરીને,

No. ..........

Date

આલોચના લેવાં દ્વારાં આત્મ-વિશુદ્ધિનાં માર્ગે આગળ પણ ન વધી શકાય. Sauna bath, steam bath; Shower bath વગેરેમાં હોંશે-હોંશે સ્નાન કરતી વખતે જો આપણું પરભવનું આયુષ્ય બંધાઈ જશે તો ચાલશે? પંચેન્દ્રિય અવસ્થા અને તરવાની સામગ્રી સહિતનું મળેલું અત્યારનું માનવ ભવ ક્યાં અને હિંસાને લીધે આવતાં ભવમાં મળનારું એકેન્દ્રિયનું અપકાયનું ભવ ક્યાં? જરા શાંતિથી વિચારજો.

(૪૩) કપડાં ધોવાં માટે, ધોબીને કે લોન્ડ્રીમાં ન આપવા. તેમને આપવાથી જરૂર કરતાં ૧૦-૧૫-૨૦ ગણું પાણી વપરાશે અને આ બિનજરૂરી અપકાયનાં જીવોની હિંસાનો દંડ સમગ્ર પરિવારનાં દરેક સભ્યને લાગશે.

(૪૪) જાજરૂનાં (toilet) ફ્લશમાં પણ પુષ્કળ અણગળ પાણી વહી જાય છે. તેનો યોગ્ય વિકલ્પ અપનાવવો. ફ્લશવાળાં English/European toilet જો શક્ય બને તો, ઘરમાંથી કઢાવી નાંખવા. ફ્લશનાં લીધે, જરૂર કરતાં વધારે પાણી વપરાઈ જાય અને પાછું અણગળ પાણી જ વપરાય. તેથી, ઘરમાં સાદાં Indian toilet બનાવડાવવાં.

(૪૫) પાણીનાં વાસણ ઢાંકીને જ રાખો. પાણીનાં વાસણો અથવા ડોલોમાં પાણી ભરતાં પૂર્વે, વ્યવસ્થિત પૂંજ-પ્રમાર્જીને જોઈ લેવું. જેથી અંદર રહેલ જીવાંત મરી ન જાય. આપણાં શ્રાવિકાબહેનો, પોતાનાં ઘરોમાં, રસોઈ-કપડાં-વાસણ માટે બાલદી વગેરે તો રોજ વાપરે છે. પરંતુ, તે વાપરતી પૂર્વે, ધ્યાનથી નજર ફેરાવીને, પૂંજણી દ્વારાં હળવાશથી પૂંજ્યા બાદ જ વાપરનારાં શ્રાવિકાઓ કેટલાં? તમે પૂંજવામાં પ્રમાદ કરો અને પૂંજ્યા વગર જ વાસણો વાપરો અને કદાચ કોઈપણ જીવાંત ન મરે, છતાંય તમને કર્મબંધ થાય. કારણ કે, હૃદયમાં જીવદયાનાં પરિણામો નથી, જીવદયા માટેનો ઉપેક્ષા ભાવ છે. બીજી બાજુ, પૂંજ-પ્રમાર્જીને કાળજી રાખવાં છતાંય અજાણતામાં કદાચ કોક જીવાંત મરી જાય, તો પણ, અલ્પ કર્મ બંધ થાય, કારણ કે, હૃદયમાં જીવદયાનાં પરિણામો હતાં અને પ્રયત્ન પણ જીવદયા પાળવાનો જ હતો.

(૪૬) હોટલ, બજારૂ વાનગીઓ, ઠંડા પીણામાં વગેરેમાં, અણગળ પાણી વપરાય છે. તેનો ત્યાગ કરો. આ બધાં પદાર્થો વાપરવામાં, આહાર સંજ્ઞામાં ભારોભાર વધારો થાય છે. તે ઉપરાંત, ઝાડાં-ઉલ્ટી-food poison-infectior

KOKUYO W-NB280U

વગેરે પણ ઘણીવાર થઈ જાય છે. દરેક ખાદ્ય પદાર્થોમાં, અણગળ-વાસી પાણી વપરાતું હોવાને લીધે, અણગળ પાણી વાપરવાં નીમિત્તે, પણ આત્માને કર્મબંધથી વિશેષ ભારે થવું પડે છે. દુર્ગતિમાં જવું પડે છે.

(૪૭) બીસલેરી વગેરે મિનરલ વૉટરનો ત્યાગ કરો. કારણ કે, તે પાણી તો ઘણાં દિવસનું વાસી + અણગળ હોય છે. ના છૂટકે, કટોકટીનાં સંયોગોમાં જો વાપરવું જ પડે તો પણ ગાળ્યાં વગર તો ન જ વાપરી શકાય. તેથી, ઘરની બહાર નીકળો ત્યારે તમારાં ખીસામાં કાયમ માટે એક ચોખ્ખું વસ્ત્ર અથવા રૂમાલ પાણી ગાળવાં માટે સાથે જ રાખવો.

(૪૮) આગલાં દિવસનું ગાળેલું પાણી પણ બીજાં દિવસે અણગળ બને છે. તેથી બીજાં દિવસે સવારે પાણીને પાછાં ગાળીને જ વાપરવું. ટૂંકમાં, જે પાણી રાતવાસી થઈ જાય તેને અણગળ જ કહેવાય. એટલે, આવાં રાતવાસી પાણીને ગઈકાલે ગાળેલ હોવાં છતાંય બીજાં દિવસે ફરી પાછું ગાળવું પડે. ત્યારબાદ, જ તેને વાપરી શકાય. આડી નહીં.

(૪૯) નળવાળાં માટલામાં, નળનો ભાગ સતત ભીનો રહેવાથી, તેમાં નિગોદ-લીલ થવાની સંભાવના છે. નળવાળાં માટલાંને સાંજે ખાલી કરીને, નળમાંથી ચોખ્ખું કપડું આરપાર નાંખી, નળનો અંદરનો ભાગ બરાબર સાફ કરવો જોઈએ. નળવાળાં માટલાંને બદલે, નળ વગરનાં માટલાં અને પાણી લેવાં માટેનાં ડોયાની વ્યવસ્થા સર્વોત્તમ છે. નળ વગરનાં માટલાં વાપરવામાં, લીલ-નિગોદની વિરાધનાથી આપણે બચી જઈએ છીએ. નળ વગરનાં માટલાં વાપરવાં ફાવશે ને ? કારણ કે, લીલ-નિગોદની વિરાધના દ્વારાં તો અનંતાઅનંત જીવોની વિરાધનાનો મોટો દંડ લાગે છે.

(૫૦) એકનાં એક માટલામાં રોજ પાણી ભરવાથી, તેમાં લીલ થઈ જવાની શક્યતા છે. તેથી, પાણીનાં બે માટલાં રાખવા જોઈએ અને વારાફરતી ૧-૧ દિવસ તેનો ઉપયોગ કરવો જોઈએ. અથવા, ૩-૪ દિવસ સુધી, એક માટલાંને વાપર્યા બાદ ૩-૪ દિવસ તેને કોરું રાખવું અને તે દરમિયાન બીજાં માટલાંનો ઉપયોગ કરવો.

(૫૧) એક જીવદયા પ્રેમી શ્રાવિકાબહેન, પોતાનાં ઘરમાં ઝાડુ-પોતું-વાસણ-કપડાં ધોવાદિ કાર્યો માટે, ઓછામાં ઓછું પાણી વપરાય અને તેના લીધે પરિવારનાં તમામ મેમ્બરોનાં માથે જીવહિંસાનો દંડ ઓછામાં ઓછો આવે, એવી ભાવના ધરાવતાં હતાં. આ ભાવનાને અમલમાં

લેવાં માટે, પૈસે-ટકે સુખી હોવાં છતાંય, પોતે લખપતિ હોવા છતાંય, ઘરનાં એક પણ કાર્યો, નોકરો-માણસોનાં ભરોસે ન કરાવે. પરંતુ, પોતે જ, પોતાનાં હાથે જ, ઘરનાં તમામ કાર્યો જયણા-કાળજીપૂર્વક કરે. અરે! સામાન્ય દિવસોમાં તો જાતે કરે જ, પરંતુ, પોતાની અવાર-નવારની ચાલતી લાંબી-લાંબી તપશ્ચર્યાઓ દરમિયાન પણ, ઘરનું સંપૂર્ણ કામ, જાતે જ કરે. પોતાને 'સિદ્ધિ તપ' હોય કે '૧૬ ઉપવાસ' હોય, તપનાં છેલ્લાં દિવસ સુધી, ઘરનાં તમામ કાર્યો જાતે જ કરે. પરિવારવાળાં, લાગણીપૂર્વક-દબાણ સાથે, નોકર રાખવાની વાત કરે તો તેમને જણાવે કે, 'માણસોનાં ભરોસે ઝાડુ-પોતાં આદિ કાર્યો લેવાં જતાં, જરૂર કરતાં ૧૦ ગણું વધારે પાણી વપરાશે. તે પાણીની બિનજરૂરી હિંસાનો દંડ, સમગ્ર પરિવારને માથે લાગશે. તપ કરીને, નોકરો પાસે જ કામ કરાવવાનું હોય તો, એનાં કરતાં તો better છે કે હું તપ જ ન કરું. કારણ કે, તપ કરીને જે થોડું-ઘણું પુણ્ય બંધાશે, તે તો નોકરો દ્વારાં બેફામ પાણીનાં વેડફાટને લીધે, ધોવાઈને સાફ થઈ જશે.' હવે આવી જીવદયા પાળવાનું ફળ શ્રાવિકાબહેનને શું મળ્યું ? — 'જેવું આપો તેવું મળશે' - એ નિયમ મુજબ, પોતાની જાતને ઘસીને, ઘસાવીને પણ, બીજાં જીવોને શાતા-સમાધિ આપવાં માટેનાં તેમનાં પ્રયત્નો અને ભાવનાને લીધે, તેમને પણ, શરીરક્ષેત્રે, શાતાનો પારાવાર અનુભવ થાય છે. લગભગ, ક્યારેય કોઈ બિમારી ન આવે અને ૧૬ ઉપવાસનાં ૧૬મા દિવસે પણ, તમામે તમામ કાર્યો જાતે કરવાં છતાંય, તેમને પારાવાર સ્ફૂર્તિનો-શાતાનો અનુભવ થાય છે. એમનાં ચહેરા પરની પ્રસન્નતા, તાજગી જોઈને, કોઈ અજાણ્યો માણસ તો માનવા પણ તૈયાર ન થાય કે, તેમને આજે ૧૫-૧૬ મો ઉપવાસ હશે. આ રીતે, પોતાનાં સંસારી જીવનમાં ડગલે ને પગલે, સતત જીવદયા પાળવાનાં પ્રભાવે, ટૂંક સમયમાં જ એમનાં ઘરમાંથી, એક પછી એક ક્રમસર ત્રણ બાળકોએ (બે પુત્રો અને એક પુત્રીએ) દિક્ષા લીધી. ત્યારબાદ, જેમનું સમગ્ર જીવન જીવદયાથી વ્યાપ્ત જ હોય, એવાં અમૂલ્ય 'સંયમજીવન'ની પ્રાપ્તિ તેમને પણ થાય છે. પાળેલ જીવદયાનાં પ્રભાવે, પોતાને સંયમ જીવન તો મળ્યું જ, પરંતુ, દિક્ષા બાદ પણ દર વર્ષે ૧૨ મહિનામાંથી ૮-૧૦ મહિના તો આયંબિલમાં જ પસાર થાય. તે ઉપરાંત, હસતાં-હસતાં, રમતાં-રમતાં, અવારનવાર મોટી-મોટી તપશ્ચર્યાદિ

પણ કરતાં રહે. તપ દરમિયાન પોતે બીજાની વૈયાવચ્ચ ન લે. પરંતુ ઉલ્ટું, પોતે બીજાં ગ્લાનાદિની ઉત્કૃષ્ટ વૈયાવચ્ચ-ભક્તિ કરે. હમણાં પણ, તેમનો સમગ્ર પરિવાર (કુલ પાંચ જણ), સરસ મજાનું સંયમ જીવન પાળી રહ્યાં છે. આવાં તો અનેક દૃષ્ટાંતો શાસ્ત્રનાં પાને વાંચીને અથવા સાંભળીને, આપણાં જીવનમાં પણ, વધુમાં વધુ જીવદયાનું પાલન કરવાં દ્વારાં, તેનાં પ્રભાવે, આ ભવ કે પરભવમાં પણ સુખ, શાંતિ, શાતા, સમાધિ, સદ્‌ગતિ અને પરમગતિની પ્રાપ્તિ આપણે પણ કરીએ, એ જ પ્રભુને પ્રાર્થના.

(૫૨) ઉત્તરાધ્યયન સૂત્રમાં આવતાં દૃષ્ટાંત મુજબ, એક નાનકડાં બાલમુનિ જંગલમાંથી વિહાર કરતાં, તૃષા (તરસ)ના લીધે, અત્યંત પીડીત થયા. તેમની સાથે રહેલ પિતા મ.સા. તરફથી, સરોવરમાં રહેલ કાચું પાણી વાપરીને, અવસરે પ્રાયશ્ચિત લઈ લેવાં માટેની, ખૂબ ખૂબ પ્રેરણા થઈ. પરંતુ, નાનકડાં બાલમુનિ તો ન માન્યાં તે ન જ માન્યાં. ઘણી દલીલો બાદ, પૂ. બાપુજી મ.સા.નાં અતિશય આગ્રહથી તેમનાં દબાણ સામે નાનાં બાલમુનિ ઝૂકી ગયાં અને કાચું પાણી પીવાં તૈયાર થયાં. હાથનાં ખોબામાં સરોવરનું કાચું પાણી પીવા-વાપરવાં માટે લીધું, પરંતુ, તરત જ પ્રભુનાં વચનો યાદ આવ્યાં કે, "કાચાં પાણીનાં એક ટીપામાં જો અસંખ્ય જીવો હોય તો આટલા (ખોબા ભરેલાં) પાણીમાં તો કેટલાં જીવો હશે? એક માત્ર, મારી શાતા-સમાધિ માટે, અસંખ્ય અપકાયનાં જીવોની હિંસા તો કેવી રીતે કરાય? પ્રભુનાં વચનો પરની મારી શ્રદ્ધા સાચી છે કે પોકળ? અને જીવદયા માટેનો પ્રેમ, મારા હૃદયમાં સાચો છે કે ખોટો? તેની ખબર તો આવાં કટોકટીનાં સમયે જ થાય છે. અનુકૂળ સંયોગો વચ્ચે તો, પ્રભુનાં વચનો પકડવાથી જે નિર્જરા થાય છે, એનાં કરતાં અનેકગણી વધારે નિર્જરા તો પ્રતિકૂળ સંયોગોમાં, પ્રભુનાં વચનોને વફાદાર રહેવાથી થાય છે. કદાચ, તરસની પીડા સહન ન થાય અને મૃત્યુ થશે, છતાંય તેની સામે તો અપકાયનાં અસંખ્ય જીવોને અભયદાન મળતું હોવાથી, આ સોદો તો નફાનો જ થશે. અને નાશ તો માત્ર મારાં શરીરનો થશે, પરંતુ, મારાં આત્માનો નાશ તો ત્રણ કાળમાં ન થઈ શકે." — આવાં પ્રકારનાં અનેક શુભ ભાવોથી ભાવિત થઈ, મક્કમતા કેળવીને, પોતાનાં હાથમાં રહેલ

પાણીને ફરી સરોવરમાં નાંખી દીધું. પીડા વધતી ગઈ છતાંય સમતા-સમાધિપૂર્વક વધતી જતી પીડામાં, શુક્લ લેશ્યાને છોડવાં તૈયાર ન થયાં. અંતે, પીડા સહન કરતાં કરતાં, તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું. સમાધિપૂર્વક કાળ કરીને સદ્‌ગતિમાં ગયા. આ રીતે, પોતાનાં પ્રાણનાં ભોગે પણ, અપકાયનાં નિર્દોષ જીવોની હિંસા કરવા જો મહાપુરુષો તૈયાર ન થાય, તો આપણે તો અપકાયનાં જીવોને બચાવવાં માટે આપણા પ્રાણોનું બલિદાન કંઈ નથી આપવું પડવાનું. પરંતુ, માત્ર થોડી અનુકૂળતા છોડીને થોડી પ્રતિકૂળતા વેઠવાની છે. ફાવશે ને? આટલી નાની વયનાં બાળમુનિ જો આવું કરી શકતાં હોય તો આપણે શા માટે કાચાં પડીએ? સામાન્યથી આપણે માનીએ છીએ કે નાની ઉંમરના બાળકોની સહનશક્તિ ઓછી હોય છે. પણ સહનશક્તિને ઉંમર સાથે કોઈ લેવા-દેવા નથી. પરંતુ, સહનશક્તિનો ઉંમર સાથે જેટલો સંબંધ છે, તેનાં કરતાં વધારે સંબંધ સમજણ સાથે છે. આટલી નાની ઉંમરના બાળમુનિ પણ, સમજણ કેળવીને, મૃત્યુ આવી જાય તેવાં સંયોગો, પીડા વચ્ચે પણ, અપકાયનાં જીવોને બચાવવાં ખાતર, મસ્તીથી મરણાંતિક પીડાને જો સહન કરી શકતાં હોય, તો આપણે શા માટે સહન ન કરી શકીએ?

(૫૩) <u>ઉકાળેલું પાણી વાપરવા અંગે કાળજી રાખવા યોગ્ય સૂચનાઓ:</u>

(a) ઉકાળેલું પાણી વાપરનારે એક વાત ધ્યાનમાં રાખવાની કે, પાણી માત્ર ગરમ નહીં પણ ઉકાળેલું વાપરવાનું છે. ગરમ કરવું અને ઉકાળવું, બંનેમાં ઘણો મોટો ફરક છે. ચૂલે મૂક્યાં બાદ, સામાન્ય રીતે, જે પાણી થોડું-ઘણું ગરમ થાય, તેવું ગરમ પાણી અચિત્ત થતું નથી. જ્યારે પાણી ઉકાળવાનું હોય ત્યારે ચાની જેમ તેમાં ત્રણ ઉકાળા આવવાં જોઈએ. પ્રથમ ઉકાળો આવે ત્યારે પાણી સચિત્ત હોય છે. બીજો ઉકાળો આવે ત્યારે 'સચિત્ત-અચિત્ત = મિશ્ર' હોય છે. અને ત્રીજો ઉકાળો આવે ત્યારે પાણી 'અચિત્ત' થાય છે. એટલે, પૂરેપૂરાં ત્રણ ઉકાળાં આવ્યાં વિના જો પાણી ચૂલેથી ઉતારી દેવાય, તો તે ચાલે નહીં. અથવા દૂધની જેમ ઉભરો આવ્યાં બાદ જ પાણીને પૂરેપૂરું અચિત્ત સમજવું.

(b) ઉકાળેલું પાણી કથરોટમાં ઠારવાં માટે નાંખવામાં આવે, ત્યારે ખુલ્લું પડી રહે છે. જેમાં જીવજંતુ પડે, તો વિરાધના થાય. માટે, તેની ઉપર જાળી ઢાંકવી જરૂરી છે. ધગધગતા પાણીની કથરોટ જમીન પર અડવાથી પણ કોઈ જીવની વિરાધના થાય, માટે કથરોટ પાટલા પર

રાખવી જરૂરી છે.

(c) ત્રણ ઉકાળાવાળું પાણી ઉતારતાં અને ઠારતાં પૂરેપૂરો ઉપયોગ રાખવો. જેથી, હાથે-પગે દાઝી જવાનો કે પાણી કોઈની ઉપર પડવાનો પ્રસંગ ન આવે. ઠારેલાં ગરમ પાણીમાં કોઈ ઉડતી જીવાંત આવીને પડી ન જાય, તે માટે પાણીની પરાતને (કથરોટને) ઝીણી નેટવાળી જાળીથી ઢાંકવી.

(d) આકાશમાંથી ઉડતાં જીવો તથા વાઉકાયનાં જીવોની વિરાધનાનો સંભવ હોવાથી, ઉકાળેલું પાણી ક્યારેય પણ ઉઘાડાં આકાશ નીચે ખુલ્લું રાખવું નહીં. પાણીનો ઘડો કે તપેલી લઈ જવાની હોય, તો તે પણ ઢાંકીને જ લઈ જવું જોઈએ.

(e) કથરોટમાં ઠારેલું પાણી ઠર્યું છે કે નહીં, તે જોવાં માટે, સીધે-સીધી આંગળી અંદર નાખવાથી આપણાં નખનો મેલ પાણીમાં ભળે છે. તેથી, તેમાં અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવો પેદા થાય છે. માટે, પરસેવાવાળી કે મેલવાળી આંગળીને ધોઈ-લૂંછીને પછી જ અંદર નંખાય. અથવા તો, કથરોટનાં પાણીમાં આંગળી નાખવાને બદલે, કથરોટનાં તળિયાનાં નીચેનાં ભાગમાં અડવાથી પણ, પાણી ઠરેલ છે કે નહીં, તેનો ખ્યાલ આવી જાય.

(f) ઠારેલું પાણી માટલામાં ભરતાં પૂર્વે, માટલાંની અંદર નજર કરીને, પૂંજણીથી જયણા કરવી જોઈએ. અંદર મચ્છર વગેરે ભરાયાં હોય, તો હિંસા થવાનો સંભવ રહે છે.

(g) ઉકાળેલું પાણી વધ્યું હોય તો, સૂર્યાસ્ત પૂર્વે, તરત સૂકાઈ જાય તે રીતે, તેનું વિસર્જન કરી દેવું જોઈએ. ગટરમાં નાંખી દેવું યોગ્ય નથી. રોડ પર અથવા અગાશીમાં પરઠવી શકાય (જયણાપૂર્વક). જરૂર પૂરતું જ પાણી ઉકળે અને પરઠવવું જ ન પડે, એ વિકલ્પ શ્રેષ્ઠ છે.

(h) ઉકાળેલું પાણી પીનારે પ્રવાસમાં જતાં, પાણીનું સાધન સાથે રાખી લેવું જોઈએ. કદાચ કોઈ સંજોગોમાં, મુશ્કેલી ઉભી થાય તો, રેલ્વે સ્ટેશન પરથી કાચું પાણી ગાળીને, કેટલાંક લોકો, કોઈપણ સ્થળે ગરમ કરાવીને (ઉકાળીને) તે પાણી ઉપયોગમાં લે છે. છૂટાં પચ્ચક્ખાણવાળાંને લીંબુનું શરબત કે ત્રિફળાનું પાણી પણ ચાલી શકે.

(i) રાખનું પાણી, સાકરનું પાણી, લીંબુનું પાણી, ત્રિફળાનું પાણી આદિ બે ઘડી પછી અચિત્ત થાય છે. આ બધાં પાણી, જે

ઘડી બાદ અચિત્ત થાય છે અને પછી પાણીનો કાળ જેટલો હોય, તેટલો જ તેનો પણ ગણાય છે. (બે ઘડી = ૪૮ મીનીટ)

(j) ઉકાળેલું પાણી ગ્લાસમાં પીધાં પછી, તરત જ ગ્લાસને લૂંછી નાખવો જોઈએ. ફરીવાર લેવું હોય, તો ગ્લાસ લૂંછ્યા વિના લેવાય નહીં. એંઠા ગ્લાસમાંથી છાંટો ઉડે તો ઘડામાં અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્યના જીવો પેદા થાય છે. માટે ઉપયોગ રાખવો જરૂરી છે.

(k) ઉકાળેલું પાણી ઉનાળામાં → પાંચ પ્રહર, શિયાળામાં → ૪ પ્રહર અને ચોમાસામાં → ૩ પ્રહર અચિત્ત રહે છે. (એક પ્રહર એટલે દિવસનો ચોથો ભાગ) → (૧૨ કલાકનો દિવસ હોય તો ૧ પ્રહર = ૩ કલાક થાય). ચોમાસામાં ૩ પ્રહરનો જ કાળ હોવાથી, સવારે ઉકાળેલું પાણી બપોરે ત્રણ વાગ્યાં સુધી જ ચાલી શકે, તે પછી તેનું વિસર્જન કરવું પડે. બીજા કાળનું પાણી દસ વાગ્યાં પછી ઉતાર્યું હોય તો તે સૂર્યાસ્ત સુધી ચાલી શકે.

(l) ઉકાળેલું પાણી ઠારવાં માટેની પરાતો બરાબર પૂંજી લો. તે કાચાંપાણીવાળી ન હોય, તે બરાબર તપાસી લો.

(m) કાચું પાણી લેવાં માટેનો જગ કે અન્ય વાસણ ભૂલથી પણ પાકાં પાણીમાં નંખાઈ ન જાય, તેનું ધ્યાન રાખો.

(n) પાણી ઠારવાં માટે પંખાનો ઉપયોગ ન કરવો.

(o) પાણી ઠારવાં માટે તાંબાની પરાતનો ઉપયોગ કરવો. તાંબાની પરાતમાં પાણી ઠારવું, એ તો આરોગ્યની દૃષ્ટિએ ઘણું સારું કહેવાય. બીજી બાજું, એલ્યુમીનિયમની પરાતમાં પાણી ઠારવાંથી, આરોગ્યને પણ હાનિ પહોંચે છે.

(P) ઉકાળેલાં પાણીની કાળમર્યાદા બરાબર સાચવો:

કારતક સુદ ૧૫ થી ફાગણ સુદ ૧૪ (શિયાળો) → ૪ પ્રહર
ફાગણ સુદ ૧૫ થી અષાઢ સુદ ૧૪ (ઉનાળો) → ૫ પ્રહર
અષાઢ સુદ ૧૫ થી કારતક સુદ ૧૪ (ચોમાસું) → ૩ પ્રહર

એટલે કે, ઉનાળામાં બરાબર સૂર્યોદયનાં કાળે ચૂલેથી ઉતારેલું પાણી, સૂર્યાસ્ત પછીનાં એક પ્રહર (અંદાજે અઢી-ત્રણ કલાક) સુધી ખુશીથી ચાલી શકે.

શિયાળામાં સૂર્યોદયનાં કાળે ઉતારેલું પાણી સૂર્યાસ્ત સુધી ચાલી શકે છે, ખપી શકે છે.

ચોમાસામાં, સૂર્યોદયનાં કાળે ઉતારેલું પાણી, પંચાંગમાં લખેલ

અવડ્ઢનાં સમય સુધી ચાલી શકે અને પંચાંગનાં પોરિસીનાં ટાઈમે ઉતારેલું પાણી સૂર્યાસ્ત સુધી ચાલી શકે.

(૧) ઠારેલાં ઉકાળેલાં પાણીમાં, કાચાં પાણીનાં ટીપાં કે વરસાદનાં છાંટા ન પડે તેનું ધ્યાન રાખો. ચોમાસામાં બે કાળનાં પાણી ભરવાનાં માટલાં અલગ-અલગ રાખવા. આજનાં વપરાયેલાં માટલાં, કોરાં કપડાંથી લૂંછ્યા બાદ, તરત બીજા દિવસે ન વાપરી શકાય (ભેજવાળાં હોવાથી) પરંતુ, ઓછામાં ઓછું એક દિવસનું અંતર રાખીને જ (એકાંતરે), કોરાં થયેલાં ઘડાઓ વાપરી શકાય. ઘડાં જો કોરાં ન થયાં હોય અને હજુ જો ભેજ જણાતો હોય, તો એક દિવસનાં બદલે બે દિવસ કે ત્રણ દિવસનાં આંતરે તે ઘડાં વાપરવાં. પરંતુ, ભેજવાળાં ઘડાં તો ન જ વપરાય.

(૨) પાણી વધે તો શું કરવું? સૂર્યાસ્ત બાદ, ઉકાળેલું પાણી શું વાપરી શકાય? તેનો નિકાલ કઈ રીતે કરવો? આ પ્રશ્નો ઘણાંને સતાવતાં હોય છે. હવે તેનું સમાધાન વિચારીએ. હવે, સૌ પ્રથમ તો, ઉકાળેલું પાણી જરાય વધે નહીં અને તેનો કાળ પૂર્ણ થાય તે પૂર્વે પતી જાય, એ રીતે જ ઉપયોગ રાખીને પાણી ઉકાળવું. કાળજી-જાગૃતિ રાખવાં છતાંય, ક્યારેક કોઈક કારણસર કદાચ થોડું ઉકાળેલું પાણી વધી જાય, તો તેને પરઠવું નહીં. પરંતુ, ઘરની બીજી વ્યક્તિ-ઓને તમારાં હાથે ગ્લાસ ભરી-થોડું થોડું આપીને પીવડાવીને પૂરું કરી નાંખવું. છતાંય જો પૂરું ન થાય અને બીજો કોઈ વિકલ્પ જ ન હોય, તો છેલ્લે ન છૂટકે, જયણાપૂર્વક, કોઈ કીડી-વનસ્પતિ આદિ જીવની વિરાધના ન થાય, તેવી માટી વગેરેમાં, જુદામાં થોડું થોડું કરીને છૂટું પરઠવી દેવું. કોઈક છૂટાં પચ્ચક્ખાણવાળી વ્યક્તિને કોઈક વિશેષ શારીરિક મોટી તકલીફનાં લીધે, સૂર્યાસ્ત બાદ, તિવિહારનું પચ્ચક્ખાણ લઈને પાણી વાપરવું જ પડે તેમ હોય અને સાથે કાચાં પાણીનો ત્યાગ પણ હોય, તો મોડેથી ઉકાળેલું પાણી, પાણીનાં કાળ પ્રમાણે કલાકો ગણીને, સૂર્યાસ્ત બાદ, જરૂર પ્રમાણેનું થોડું ઉકાળેલું પાણી વાપરી શકે છે. સૂર્યાસ્ત બાદ, પાણી કે ખોરાક, બંનેનો ત્યાગ જરૂરી છે. પરંતુ, શારીરિક કોઈ મોટી તકલીફવાળાંને વાપરવું હોય અને તિવિહારનું પચ્ચક્ખાણ હોય, તો તે વાપરી શકે. એટલાં પૂરતી જ આ વાત છે.

No. ..........

Date

(૭) પાણી ઉકાળવાનું કાર્ય પણ જો તાંબાનાં તપેલામાં થાય, તો તે શરીર માટે ઘણું લાભકારી-ગુણકારી થાય. બીજુ બાજુ, એલ્યુમીનીય-મનાં વાસણોમાં ઉકાળવાથી આરોગ્ય માટે હાનિકારક પૂરવાર થાય છે.

(૮) ઉકાળેલું કે કાચું પાણી, માટલામાં ભરતાં પૂર્વે, ખાસ અજવાળામાં જોઈને તપાસી લેવું કે તેમાં કોઈ નાની જીવાંત તો નથી ને? એટલે, સૌ પ્રથમ તો દૃષ્ટિથી પડિલેહણ કરવું અને ત્યારબાદ ઘરે રહેલી સુકોમળ પૂંજણીને ઘડામાં ધીરેથી ફેરવીને પ્રમાર્જના કરી લેવી, જેથી કોઈ જીવાંત રાત્રિનાં સમયે, ઘડાંની ઠંડકને લીધે જો ઘડામાં પેસી ગઈ હોય, તો તેની જયણા થઈ શકે. પરંતુ, આ રીતે પૂંજ્યા-પ્રમાર્જ્યા વિના, જો ઘડામાં સીધેસીધું પાણી ભરી નાંખીએ, તો અંદર રહેલી નાની જીવાંત તો તરત જ મરી જશે. ઘડામાં પૂંજણી ફેરવતી વખતે, ઘડો ઉંધો રાખીને હાથ દ્વારાં ઘડામાં પૂંજણી ફેરવવાની છે, જેથી અંદર જો જીવાંત રહેલ હોય, તો તે નીચે સરી પડશે. પરંતુ, જો સીધાં રહેલ ઘડામાં ઉપરથી હાથ નાંખીને જો પૂંજણી ફેરવાય, તો અંદર રહેલ નાની જીવાંત તો ઘડામાં જ ફર્યા રાખશે, બહાર નીકળી શકે નહીં.

(૯) ઘણીવાર સંઘનાં આયંબિલ ખાતામાં બનેલ ઉકાળેલું પાણી, પાણીનો કાળ પૂર્ણ થયાં છતાંય, સૂર્યાસ્ત થયાં છતાંય, માણસોની બેદરકારીને કારણે, આમતેમ પડ્યું રહે છે અને સમયસર જયણાપૂર્વક નિકાલની-પરઠવાની વ્યવસ્થા સચવાતી નથી. આ વસ્તુ જાણીને, આપણે સંઘના વહીવટકારોની નિંદા-ટીકા-ટીપ્પણ નથી કરવાની કે આયંબિલખાતાનાં માણસોને પણ ખખડાવવાનાં નથી, પરંતુ, આપણે પોતે આ વસ્તુની કાળજી લેવાં માટે, વધેલું પાણી કાઢવાનાં સમયે હાજર રહીને, જયણાપૂર્વક, પાણીને પરઠવીને, પાણીનાં વાસણોને લૂંછીને-કોરાં કરીને, ત્રાંસા રાખી દઈએ, તો પચ્ચીસમાં તિર્થંકર રૂપે કહેવાતો શ્રી સંઘને જીવહિંસા દ્વારાં થનારી મોટી નુકસાનીથી બચાવવાંનો ઘણો મોટો લાભ, આપણને મળી શકે. ઉપાશ્રયનાં માણસોની ફરિયાદ ટ્રસ્ટીઓને કરવાંને બદલે, તેમને ૨૦૦-૫૦૦ રુપિયાની બક્ષિસ આપીને, પ્રેમથી જયણા પાળવા અંગે સમજાવો, તો માણસો પણ, બેદરકારી છોડીને, વિશેષ કાળજી રાખવાની શરૂઆત કરશે - તેની ખાતરી છે. ત્યારબાદ, થોડાં-થોડાં દિવસે, ફરી તપાસ કરો કે માણસો કાળજી રાખે છે કે નહીં. અને જરૂર લાગે તો ફરી પાછી પ્રેમથી ટકોર કરી શકાય. સંઘ કે સંઘના

KOKUYO W-N8280U

સ્થાનો, કોઈ એક વ્યક્તિની માલિકીનાં નથી. પરંતુ, તમારાં બધાં શ્રાવકોનાં સમૂહ મળીને જ સંઘરૂપે કહેવાય છે. આપણાં ઘર-દુકાન કે પરિવારમાં "મારાંપણા"ની બુદ્ધિ રાખવાથી, આત્માને કર્મબંધ થાય. પરંતુ, શ્રી સંઘ, દેરાસર, ઉપાશ્રય, આયંબિલ ખાતું વગેરેમાં "મારાંપણા"ની બુદ્ધિ રાખીએ, તો આત્માને લાભ જ થાય. આપણાં શ્રીસંઘમાં, દેરાસરમાં કે આયંબિલખાતામાં થનારી જીવહિંસાને વિનય-વિવેકપૂર્વક અટકાવવાની જવાબદારી માત્ર ટ્રસ્ટીઓ કે વહીવટકારોની નથી, પરંતુ, સંઘના તમામ સદસ્યોની છે. આ જવાબદારીનું વહન કરવાં જતાં, અજયણા અટકાવવાં જતાં, આપણાં દ્વારાં વિનય-વિવેક કે ઔચિત્યનો ભંગ ન થઈ જાય, તેની પૂર્ણ કાળજી રાખવી.

(૫૪) જો ડાઈનીંગ ટેબલ પર કાચાં પાણીનો ગ્લાસ પડ્યો હોય, તો તે ટેબલ પર રહેલાં રોટલી-દાળ-ભાતાદિ એક પણ વસ્તુ પૂ. સાધુ-સાધ્વીજી ન વહોરે. કારણ કે, ટેબલ પર રહેલ રોટલી-દાળ-ભાતાદિ વસ્તુઓ વહોરવાં માટે, ટેબલ ઉપરથી લેતાં-મૂકતાં, ટેબલમાં થતાં સ્પંદનને (ધ્રુજારીને) લીધે, ગ્લાસમાં રહેલ પાણીનાં અસંખ્ય જીવોને કિલામના પહોંચે છે. તેથી, ડાઈનીંગ ટેબલ ઉપર કાચાં પાણીનો ગ્લાસ ભૂલથી પણ ન રહી જાય તેની ખાસ કાળજી રાખવી. જેથી, સુપાત્ર દાનનાં લાભથી વંચિત ન રહેવું પડે.

(૫૫) રાજા કુમારપાળની અશ્વશાળામાં અગિયાર લાખ ઘોડા અને ગજશાળામાં અગિયારસો (૧૧૦૦) હાથીઓને રોજ ગાળીને જ પાણી પીવડાવવામાં આવતું. આજનાં શ્રાવકો, હાથી-ઘોડાને તો નહીં, પણ પોતાનાં સંતાનોને પણ ગાળેલું પાણી પાઈ શકતાં નથી. ઘણાં લોકો, મોટે ભાગે બિસલેરી વૉટર, કોલ્ડ્રીંક્સ અને ફ્રીઝમાં ઠંડી કરેલી બોટલોનું પાણી વાપરતાં હોય છે, જે સર્વથા અણગળ જ હોય છે. કુમારપાળ રાજા દ્વારાં જો પોતાનાં લાખો ઘોડાંઓને ગાળેલું પાણી જ વપરાવાતું હોય, તો કમ-સે-કમ, તમારાં પરિવારનાં સદસ્યો, તમારાં બાળકો તો અણગળ પાણી ન જ વાપરે ને? હૉટલમાં પણ તમારાં બાળકો તો ગાળેલું જ પાણી વાપરે ને?

(૫૬) મુંબઈ, અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં કેટલાંક (આંગળીનાં વેઢે ગણી શકાય તેટલાં) શ્રાવકો આજે પણ એવાં છે,

No.
Date

જેમના ઘરોમાં કાચાં પાણીનું પાણિયારું (માટલું) જ નથી. ઘરનાં તમામ સભ્યો, ઉકાળેલું પાણી જ પીએ છે. નવા બાળકનો જન્મ થાય, તો તેને પણ જન્મથી જ ઉકાળેલું પાણી પીવડાવાય છે. હવે, આવાં ઘરો તમારા સંઘમાં કેટલાં? હમણાં કદાચ એવાં ઘરો ન હોય તો ચાલશે. પરંતુ, આ વાત જાણ્યાં બાદ હવે તો આવાં શ્રાવકોનાં ઘરો અહીં મળશે ને?

(૫૭) ગરમ વાસણ સીધાં ખાળમાં ધોવાં માટે ન મૂકાય. અપકાયનાં જીવોને ખૂબ કિલામના થાય. ગરમ પાણીનાં વાસણો, કોરાં કપડાંથી લૂંછીને જો કોરાં કરી લેવાય તો વાંધો નથી.

(૫૮) દેરાસરમાં પાણી ગાળેલું જ વાપરવું. શક્ય હોય તો, ટાંકાનું પાણી વાપરવું. શક્ય બને તો જિનાલયમાં, પક્ષાલ આદિની સંપૂર્ણ જવાબદારી શ્રાવકોએ સંભાળવી. પૂજારીને ભરોસે કાંઈ ન છોડવું. તો જ, વિધિ અને જયણા સંપૂર્ણ રીતે પળાય અને આશાતનાનું નિવારણ થાય. જો પૂજારીને ભરોસે રખાય તો જરૂર કરતાં ચાર ગણું પાણી વધારે વપરાય. પૂજારીઓ દ્વારા વધુ પડતું પાણી વપરાયાં બાદ, અંગલૂંછણા વગેરેમાં પણ વ્યવસ્થિત કાળજી-જયણા ન રખાતી હોવાને લીધે, પ્રભુજીની પ્રતિમામાં સતત પાણીનાં ભેજને લીધે, ઘણીવાર પ્રતિમાનાં ખાંચાઓમાં લીલ-નિગોદ થઈ જાય છે, જેથી મોટી આશાતના થાય છે.

(૫૯) બહાર ઑફિસો કે જાહેર સ્થળોમાં, મોટે ભાગે ખુલ્લાં નળો હોય છે. તેમાંથી પાણી વાપરવાનો પ્રસંગ આવે ત્યારે, અણગળ પાણી ન વાપરવું પડે તે માટે હંમેશા, નળ પર બાંધવાની ગરણાંની થેલીઓ, બેગમાં સાથે જ રાખવી. થેલી બાંધીને પછી જ પાણી વાપરવું. જો કે આ થેલીની પદ્ધતિમાં ગાળેલાં પાણીનાં સંખારાનો વિધિ જળવાતો નથી. પરંતુ, બીજો કોઈ ઉપાય ન હોય ત્યારે, પોતાનાં પરિણામ તો આ રીતે અવશ્ય સાચવી શકાય. જો નળમાં થેલી બાંધેલી હોય તો તે થેલી સૂકાઈ જાય તે પૂર્વે બદલી નાંખવી. થેલી સૂકાઈ ન જાય તે માટે, કેટલાંક કાળજીવાળાં ગૃહસ્થો નળ ઉપર પાણી ભરેલી નાની બાલદી લટકાવી રાખે છે. જેમાં ગરણું ડૂબેલું રહેવાથી સૂકાતું નથી અને આ રીતે જયણા સચવાય છે.

(૬૦) ઘરમાં બોરવેલનું પાણી આવતું હોય અને સાથે નગરપાલિકાનું પાણી પણ આવતું હોય, ત્યારે અલગ-અલગ પ્રકારનાં પાણીને ગાળવાં

KOKUYO W-NB280U

માટે, કેટલાંક કાળજીવાળાં શ્રાવકો, અલગ-અલગ ગરણું રાખતાં હોય છે. આટલી બધી કાળજી જો શક્ય ન હોય, તો એક પ્રકારનાં પાણીવાળાં ભીનાં ગરણાંથી બીજાં પ્રકારનાં પાણીને તરત ન ગાળવું. સંખારો કાઢ્યાં બાદ, નિચોવ્યાં વગર જ, ૧૫-૨૦ મીનિટ સુધી નિતારીને, પછી જ, બીજાં પ્રકારનું પાણી ગાળવું.

(૬૧) અણગળ પાણીવાળાં માટલાંમાંથી પાણી ગાળ્યાં બાદ (પાણી ખાલી કર્યા બાદ) તરત જ તે માટલાંને હાથ નાંખીને વીંછોળવું નહીં. શક્ય બને તો, પાણી ભરવાનાં માટલાંની બે જોડી રાખવી. આજે ખાલી કરેલાં માટલાં આજે ન વાપરવાં. તેવું જો શક્ય ન બને તો, સવારે વાસી પાણી ગાળી લીધાં બાદ, વાસી પાણીનાં ભીનાં માટલાંને બે-ત્રણ કલાક આડાં રાખવાં. કોરાં થયાં બાદ જ તેનો ઉપયોગ કરાય. માટલું કોરું થયા વિના નવું પાણી તેમાં ભરાય નહીં. ફાવશે ને ?

(૬૨) વાવણી વગેરે માટે ખેતરમાં ભરાઈ ગયેલ પાણીને, નીકો કરીને કે યંત્ર દ્વારા ખેંચાવીને બહાર કાઢવું - નદીઓ, દ્રહો, સરોવરો, તળાવો વગેરેનાં પાણી યંત્ર દ્વારા ખાલી કરવાં કે સૂકાવી દેવામાં અપકાયની તથા પાણીમાં રહેલ પોરાં, માછલાં, જળો વગેરે ત્રસ જીવોની હિંસા થાય છે. વળી, પાણી જ્યાં જાય ત્યાં પણ વિરાધના કરે છે. માટે આવો વ્યવસાય કે નોકરીનો ત્યાગ કરવો.

(૬૩) સંઘનાં આયંબિલખાતામાં અને ઉકાળેલાં પાણીનાં વિભાગમાં ઘણી અજયણા થવાની સંભાવના છે. સંઘના પીઢ-જાણકાર બે-ત્રણ શ્રાવકો રોજ પૂરી દેખરેખ રાખીને જયણાનું સુંદર પાલન કરાવે, તે ખૂબ જરૂરી છે.

(૬૪) દાઢી કરવા, દાંતણ કરવા, સ્નાન કરવા, હાથ-મોં ધોવા, કપડાં ધોવા, વાસણ માંજવા કે અન્ય કોઈ પણ કાર્ય માટે, જરૂર પૂરતું જ પાણી, ટબ, ગ્લાસ-બાલદી વગેરેમાં લઈને વાપરવું. પરંતુ, આમાંથી કોઈપણ પ્રવૃત્તિ નળ ખુલ્લો રાખીને ન કરવી.

(૬૫) Automatic વૉશીંગ મશીન : વૉશીંગ મશીનમાં કપડાં ધોવાનો આગ્રહ રાખીને, વૉશીંગ મશીન વસાવતાં પહેલાં, તેમાં થતો પાણીનો દુરુપયોગ જાણી લેવો જોઈએ. મશીન અણગળ પાણીથી જોડાયેલ હોય છે. એકવારમાં ઓછામાં ઓછું લગભગ ૫૦ લિટર

No. ............

Date

જેટલું પાણી વપરાય. એવું ઘણીવાર પાણી નળમાંથી ખેંચે. આમ, સામાન્ય વપરાશ કરતાં અનેકગણું વધારે અને તે પણ અણગળ પાણી વપરાય છે. વળી બધું પાણી સાબુવાળું થઈ જાય અને પછી ખાલી થાય એટલે પરકાય શસ્ત્રની વિરાધના પણ વધારે થાય. આ ઉપરાંતમાં, ઈલેક્ટ્રીસીટીનો વપરાશ પણ એક કલાક સુધી મીનીમમ ચાલે. તેથી, અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધના પણ થાય. આ બધું વિચારીને, જો શક્ય હોય તો, વોશીંગ મશીનનો ઉપયોગ ન જ કરાય અને ન છૂટકે જો કરવો જ પડે તો બને એટલો ઓછીવાર ઉપયોગ થાય તે જ ઈચ્છનીય છે.

(૫૫) તમારી ફોર વ્હીલર ગાડી ધોવાં માટે, જરૂર હોય કે ન હોય, આખાં મહિના માટે માણસને રોકી લેવામાં આવે છે. ગાડીનાં ગ્લાસ, બમ્પર, વ્હીલ વગેરે ધોવામાં ૩ થી ૪ બાલદી પાણી વાપરી નાંખે છે. શું આ જરૂરી છે? વિચારો અને બની શકે તો ૧૦-૧૫ દિવસે કે અઠવાડિયે એક વાર ગાડી ધોવડાવવી. આ રીતે જો આ પ્રવૃત્તિ ઘટાડવામાં આવે અને સાથે-સાથે, કામ કરનારને (ગાડી ધોનારને) બક્ષિસ અને પ્રેમપૂર્વક સમજણ આપીને ઓછામાં ઓછું પાણી વાપરીને અથવા માત્ર ભીનાં પોતાથી કામ પતાવીને જો કામ કરવામાં આવે તો બિનજરૂરી મોટી વિરાધનાથી બચી શકાય. ફાવશે ને?

(૫૬) સાધુ-સાધ્વીજી ભગવંત જ્યારે ઘરે પધારે, ત્યારે રસ્તામાં અથવા વચ્ચે પડેલ પાણીની ડોલ, ગ્લાસ કે કોઈપણ વાસણ, અથવા સચિત્ત શાકભાજી, ફ્રૂટ વગેરે કાંઈપણ પડેલ હોય, તો તેને સહેજ પણ ખસેડાય કે હલાવાય નહીં. કારણ કે, આગળ જણાવ્યાં પ્રમાણે, તેમ કરવાથી, પાણીનાં-અપકાયનાં જીવોને અત્યંત કિલામના થાય છે. માટે, જો તેમ કરવામાં આવે, તો સાધુ-સાધ્વીજી ભગવંત, એક પણ વસ્તુ વહોર્યા વગર, પાછાં ચાલ્યાં જાય અને આપણે સુપાત્રદાનનાં લાભથી વંચિત રહી જઈએ.

(૫૭) મહારાજ સાહેબને ગોચરી વહોરાવવાનો લાભ મેળવવાની દ્રષ્ટિથી, જ્યારે મહાત્મા પધારે ત્યારે જો પોતું કરેલું હોય અને ઘરનું ફ્લોરીંગ ભીનું હોય, તો તેને કપડાંથી લૂંછવાનો કે પંખાથી સૂકવવાનો પ્રયત્ન કરવો નહીં. આમ કરવાથી, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતને ગોચરીમાં દોષ લાગે છે. અને તેનાં કારણરૂપે આપણે બનતાં, આપણને પણ દોષ લાગે છે. તેથી, આવી કોઈ પણ પ્રવૃત્તિ કરવી નહીં. પૂ. સાધુ-સાધ્વીજી ન વહોરે, કારણ કે, એમને વહોરાવવાં નીમિત્તે, કાચું

પાણી લૂંછવામાં આવે, તો અસંખ્ય અપકાયનાં જીવોને થયેલ કિલામનાનાં ભાગીદાર તેમને પણ થવું પડે.

(૬૯) પાલીટાણા-શત્રુંજયની જાત્રા કરતી વખતે, વચ્ચે આવતી પરબમાં પાણી વાપરવાનું જો થાય, તો તે ઘડાં, કોઠીમાં લીલ-નિગોદ છે કે નહીં તેની ચકાસણી કરવી ખૂબ જ જરૂરી છે. આ પાણીની વ્યવસ્થા, અજૈન એવાં ગામડાંનાં લોકો દ્વારાં કરાતી હોવાથી, આ બધાં દોષો-વિરાધના થયેલી હોવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. પણ, આપણે દોષમાં ન પડીએ તેની પૂર્ણ કાળજી લેવી. જ્યાં લીલ-નિગોદ વગેરે અનંતા જીવોની વિરાધના ન થાય, એવાં જ સ્થળે પાણી વાપરવું. ઘડાં-કોઠીને અડતાં જ, તેમાં થતાં કંપનથી, નિગોદનાં જીવોને અત્યંત કિલામના પહોંચે છે, અને આ મોટાં દોષનાં આપણે પાણી વાપરવાં દ્વારાં ભાગીદાર બનીએ છીએ. માટે, આ વસ્તુનો ખ્યાલ રાખીને આવાં સ્થળોમાં પાણી વાપરવાની પ્રવૃત્તિ ટાળવાનો પ્રયત્ન કરવો.

(૭૦) Morning walk માટે આજે યુવા-વૃદ્ધ લોકોમાં ઘણો ઉત્સાહ જોવાં મળે છે. શરીરનાં આરોગ્ય-દેહાધ્યાસ માટે સૂર્યોદયથી પહેલાં આ પ્રકારની પ્રવૃત્તિ યોગ્ય નથી. પ્રકાશનાં અભાવમાં walking કે jogging કરવાં દ્વારાં ઘણાં નાનાં-નાનાં ત્રસકાયનાં જીવો, અપકાયનાં જીવો (ઘાસ ઉપર ઝાકળ વગેરે), વનસ્પતિકાય, નિગોદ વગેરે ઘણાં પ્રકારનાં જીવોની વિરાધનાને ગૌણ કરીને આવી પ્રવૃત્તિ કરી શકાય નહીં. વળી આ પ્રવૃત્તિઓ, દરિયા કિનારે, બગીચા વગેરે સ્થાનોમાં પણ જોવાં મળે છે, જ્યાં હિંસાનું પ્રમાણ અનેકગણું વધી જાય છે. કારણ કે, આવાં સ્થળોની આજુબાજુમાં જીવયોનિનું પ્રમાણ અત્યંત વધારે હોય છે - જે સમજી શકાય એવી બાબત છે. વળી, ચોમાસામાં તો ઠેર-ઠેર પાણીનાં ખાબોચિયાં, વરસાદની ભાપરથી ભીનાશ, પાણીનો ભરાવો વગેરે સહજતાથી હોય છે, માટે અપકાયનાં અસંખ્ય જીવોની વિરાધના થતી હોવાનાં કારણે ચોમાસામાં આ પ્રવૃત્તિઓ (walking-jogging-cycling) ચોક્કસપણે ટાળવી જોઈએ. આનાં પર્યાય રૂપે પ્રાણાયામ-યોગાસન વગેરે જે જરૂરી હોય તે કરી શકાય છે, જે આત્માને નુકસાન કરનાર નથી અને સાથે શરીરને ફાયદો કરાવનાર બની શકે છે. માટે, વિવેક વાપરીને, દરેકે સમજીને, જીવદયાનો દૃષ્ટિકોણ રાખીને, બિનજરૂરી વિરાધનાથી બચવાનું છે.

(૭૧) આજે જૈનો લોક તહેવારોમાં જોડાતાં હોય છે. દિવાળી વગેરે તહેવારોની ઉજવણી જૈનોથી લૌકીક પ્રમાણે ન કરી શકાય. દિવાળીને પણ આપણા શાસનમાં 'પર્વ' બતાવ્યું છે - જેમ કે "પર્યુષણ પર્વ". પર્વનાં દિવસોમાં આરાધના વિશેષ પ્રકારે કરવાથી ફળ અનેકગણું વધારે મળે છે અને વિરાધનાનું ફળ પણ વધારે છે, જે સમજીને લોકો પર્યુષણમાં વધારે આરાધના કરે છે અને વિરાધના ટાળે છે. તેવી જ રીતે, દિવાળી એ આપણાં પાંચમા આરાનાં લોકો માટે આ ચોવીસીના છેલ્લાં તિર્થંકરનું નિર્વાણ પર્વ છે. તેથી તેની ઉજવણી અને તૈયારી લૌકિક રીતે કેવી રીતે કરી શકાય? પ્રભુ મહાવીરનાં શાસનનાં શ્રાવકો, તેમનાં નિર્વાણને છઠ્ઠનો તપ, જાપ, વાંચના વિગેરેથી કરવાને બદલે લોકપરંપરાને અનુસરીને અભક્ષ્ય મિઠાઈ, સૂકાં મેવા તથા વિવેક વગરનાં કાર્યોથી તો ન જ કરી શકે. વિશેષથી તેની તૈયારી માટે, ઘર-ઘરનાં ફર્નિચર વગેરેની સાફસફાઈ - પાણીથી ધોવાં દ્વારાં - અસંખ્ય અપકાયનાં જીવોની વિરાધના કરીને કરે તે શું યોગ્ય છે? જીવદયા અને જયણાનાં ઉપકરણોનો ઉપયોગ કરીને, શાસ્ત્રમાં બતાવેલ વિધિ પ્રમાણે, આ કાર્ય મર્યાદિત પાણીનાં ઉપયોગથી પણ કરી શકાય છે. તેથી, દૃષ્ટિકોણ બદલીને જો દિવાળીનું મહત્વ ગુરુ પાસેથી જાણી લેશો તો ચોક્કસપણે આ પ્રવૃત્તિથી બચી મોટી વિરાધનામાંથી બચી શકશો.

(૭૨) આજનાં લૌકિક વાતાવરણમાં, ઑફિસ - shopping malls - સંમેલનનાં સ્થળો વગેરે મોટે ભાગે centrally air-conditioned થઈ ગયાં છે. આવાં સ્થળોમાં જો જવાનું ટાળી ન શકાય તો atleast મનથી તેમાં અનુકૂળતાની, પ્રશંસાની, હાશકારાની લાગણીનાં ભાવો તો ન જ થવાં જોઈએ. જો એવું થાય, તો A.C. plants દ્વારાં થતી અપકાયનાં જીવોની વિરાધનાનાં ભાગીદાર આપણે બની જઈશું. માટે, સતત મનને જાગૃત રાખીને, અલિપ્ત રહીને, પ્રભાવિત થયાં વગર, કાર્ય પતાવીને આવાં સ્થળોમાંથી જલ્દીમાં-જલ્દી નીકળી જવું. આ જ પ્રમાણે, આવા સ્થળોની બાજુમાંથી પસાર થતાં, ગરમીનાં દિવસોમાં જે અંદરનાં A.C. ની લહેર બહાર આવે, તેની અસરમાં આવવાનું નથી, અને મનથી ભાવો કર્યા વગર રહીને મોટી વિરાધના જે દિવસભર ચાલે છે તેની ભાગીદારીથી બચીને મોટા પાપ-દંડથી આપણે બચવાનું છે.

(૭૩) શું પૂનમની યાત્રા કે નિયમથી તિર્થસ્થળોની યાત્રા ચોમાસામાં ધોધમાર વરસાદમાં કરી શકાય ?

ચોમાસાનાં ધોધમાર વરસાદમાં, પૂનમના નિયમથી કે તિર્થસ્થળોની યાત્રાનાં નિયમમાં જ્ઞાનીઓએ છૂટ આપીને આવાં સંજોગોમાં યાત્રા ટાળવાનું કહે છે. કારણ કે તેમાં વિરાધનાનું પ્રમાણ પુષ્કળ છે. જેવી રીતે, રોજ પૂજા કરવાનાં નિયમવાળાને પૌષધના દિવસે પૂજા ન કરવાં દ્વારાં નિયમ ખંડિત કરવાનું પાપ લાગતું નથી, તેવી રીતે આ નિયમમાં પણ વિરાધનાથી બચવાં માટે છૂટ લેવાતી હોવાથી, નિયમ ખંડિત થતો નથી. વળી, તિર્થયાત્રા વિગેરે માટે પણ special વાહન કરવાની જગ્યાએ regular બસ-ટ્રેન નો ઉપયોગ કરવાથી પણ વિરાધના ઓછી થાય છે. માટે આનો ખાસ વિવેક રાખીને નિર્ણય લેવો.

આ રીતે, આપણાં રોજીંદા જીવનમાં ચાલતી, અપકાયનાં અસંખ્ય જીવોની બિનજરૂરી direct-indirect વિરાધનાથી બચવાનો શક્ય એટલો વધુમાં વધુ પ્રયત્ન કરવો. ફાવશે ને ?

~: અપકાય જીવનો વિભાગ સમાપ્ત (THE END) :~

No.

Date

# તેઉકાય (અગ્નિકાય) (એકેન્દ્રિયનો ત્રીજો પ્રકાર)

વ્યાખ્યા: તેઉ = અગ્નિ, કાય = શરીર. એટલે, અગ્નિથી જેમનું શરીર બનેલું હોય અથવા અગ્નિ જ જેમનાં શરીરરૂપે હોય, એવાં જીવોને 'તેઉકાય' અથવા 'અગ્નિકાય'નાં જીવો કહેવાય.

દા.ત.: અંગારા, અગ્નિનાં તણખાં, અગ્નિનો ભડકો, મશાલનો અગ્નિ, ગેસનો અગ્નિ, વીજળી, બલ્બનો પ્રકાશાદિ તમામ પ્રકારની ઈલેક્ટ્રીસીટી, દીવાની જ્યોત, બલ્બનો અગ્નિ, ટૉર્યનો અગ્નિ, દાવાનલનો અગ્નિ, આકાશમાંથી ખરતાં તારાં, ઉલ્કાપાત વગેરે વગેરે.

(*) પૃથ્વીકાય અને અપકાયની જેમ અગ્નિકાયનાં જીવોની પણ જો વિરાધના થાય તો, ઓછામાં ઓછી, અસંખ્ય જીવોની જ વિરાધના થાય છે; કારણ કે, અગ્નિનાં નાનામાં નાનાં અંશમાં પણ, અસંખ્ય જીવો તો રહેલાં જ હોય છે.

## (*) —: તેઉકાયમાં (અગ્નિકાયમાં) જીવની સિદ્ધિ :—

(૧) પોતાનો ખોરાક વધારવાથી શરીરની વૃદ્ધિ થવી, પોતાનો ખોરાક ઘટાડવાથી શરીરમાં ઘટાડો થવો અને ખોરાક ન મળવાથી નાશ થઈ જવું, મૃત્યુને પામવું → આવું લક્ષણ તો, માત્ર ને માત્ર, જીવમાં જ જોવા મળે છે. એકપણ અજીવ પદાર્થમાં, આવું લક્ષણ જોવાં ન મળે. અગ્નિકાયનાં જીવોમાં, આ લક્ષણ તો સ્પષ્ટપણે જોવા મળે છે. પોતાનો ખોરાક = ઈંધન (ઘાસલેટ, પેટ્રોલ, ડીઝલ, લાકડાં વગેરે) મળવાથી વધારો થાય, પોતાનો ખોરાક મળતો ઘટાડવાથી કાયામાં ઘટાડો થાય અને અગ્નિમાં નવાં લાકડાં, પેટ્રોલાદિનો ખોરાક નાંખતાં બંધ કરી દેવાથી, અગ્નિ પૂરેપૂરી નાશ થઈ જાય, શાંત પડી જાય, ઓલવાઈ જાય. તેથી 'અગ્નિ = જીવ' છે → એવું સિદ્ધ થઈ જાય છે.

(૨) ગરમીનાં કારણે, આપણું શરીર ટકેલ છે. થર્મોમીટરમાં જો માપવામાં આવે તો, મિનીમમ ૧૪.૫°F નું તાપમાન, કાયમ આપણાં શરીરનું આવે છે. શરીરની આ ગરમી, આપણાં 'તૈજસ શરીર'ને લીધે છે. આ, તૈજસ શરીર તો, જ્યાં સુધી મોક્ષ ન મળે, ત્યાં સુધી કાયમ માટે દરેક આત્માઓની સાથે ને સાથે જ રહેનાર છે. આપણાં શરીરની આ ગરમીનાં લીધે જ, આપણે લીધેલ ખોરાકનું પાચન થાય છે. આપણી જેમ, તેઉકાયનાં જીવોનું શરીર પણ ગરમ હોવાથી, આનાં

KOKUYO W-NB280U

દ્વારા પણ, તેઉકાયમાં જીવની હાજરી, સિદ્ધ થાય છે.

## શ્રી ઈલેક્ટ્રીસીટીનાં અગ્નિની ઉત્પત્તિ ?

લાઈટની સ્વીચ ચાલુ કરતાંની સાથે તરત જ, વીજળીની પ્રાપ્તિ થાય છે. તેને ઉત્પન્ન કરવાની પ્રક્રિયામાં અનેક જીવોની હિંસા થાય છે. Niagra falls, Zenith falls જેવાં મોટાં-મોટાં પાણીનાં ધોધ, જ્યારે નીચે તરફ પડે છે, ત્યારે તે પાણીનાં ધોધને તીવ્ર ગતિમાં ફરતાં, એવાં મોટાં-મોટાં ટરબાઈન્સ (Turbines) માંથી પસાર કરાય છે. અત્યંત તીક્ષ્ણ ધારીવાળાં આ ટરબાઈન્સ-માંથી ધોધનું પાણી વહે છે, ત્યારે તેમની વચ્ચે મોટું ઘર્ષણ થવાથી, વીજળી ઉત્પન્ન થાય છે. આ ઉત્પન્ન થયેલ વીજળીને, તરત જ, મોટાં-મોટાં જનરેટરોમાં સંગ્રહિત (store) કરી નાંખવામાં આવે છે. પછી, આ મોટાં-મોટાં જનરેટરોમાં સંગ્રહિત થયેલ તે વીજળીને, આગળ નાનાં-નાનાં જનરેટરોમાં ક્રમે મોકલતાં-મોકલતાં, અંતે લોકોનાં ઘરોમાં રહેલ નાનકડાં સ્વીચ બોર્ડમાં, તે વીજળીને પહોંચાડાય છે. એટલે જ, બટન ચાલું કરતાંની સાથે જ, લાઈટ-પંખો આદિ તરત ચાલુ થાય છે. હવે, આ પ્રક્રિયા દરમિયાન, પાણીમાં રહેલાં (ધોધમાં રહેલાં) હજારો માછલાં-મગરમચ્છાદિ જલચર પશુઓ, ટરબાઈન્સની તીક્ષ્ણધારી blades થી કપાઈને ખલાસ થઈ જાય છે. તેથી, લાઈટનો ઉપયોગ કરનારાં લોકોને પણ, વીજળીની ઉત્પત્તિ કાળે થયેલ, આ જીવહિંસાનો દંડ, અનુમોદનાનાં માધ્યમે લાગે છે. એવું સાંભળવામાં આવ્યું છે કે, લાઈટની સ્વીચ એકવાર ચાલુ કરવાથી, એક છટ્ઠનો દંડ લાગે અને એકવાર બંધ કરવાથી, એક અટ્ઠમનો દંડ લાગે છે. હકીકત તો કેવળી ભગવંતને જ ખબર. તેથી, લાઈટની આ જીવહિંસાથી લાગતાં દંડને નજર સામે રાખીને, મોબાઈલ-કમ્પ્યુટર-લેપટોપ આદિની વિરાધનામાં જોડાતાં પૂર્વે લાખ વાર વિચારશો.

પ્રશ્ન: અગ્નિકાયમાં જીવોની સંખ્યા કેટલી ?

જવાબ: સંબોધસિત્તરી ગ્રંથમાં આવે છે કે: ચોખાનાં એક દાણાં જેટલાં અગ્નિનાં તણખામાં જે અગ્નિકાયનાં જીવો હોય, તે દરેકને જો ખસખસ જેવડાં મોટાં કરવામાં આવે તો તે આખા જંબુદ્વીપમાં

પણ સમાય નહીં, એટલાં બધાં અગ્નિકાયનાં જીવો, અગ્નિનાં એક નાનાં તણખાં માત્રમાં હોય છે.

## અગ્નિકાયનાં જીવોની વિરાધનાથી બચવાનાં ઉપાયો :

પૃથ્વીકાય અને અપકાયની જેમ અગ્નિકાયમાં પણ ઓછામાં ઓછી અસંખ્ય જીવોની હિંસા થાય છે, પરંતુ, તેથી ઓછી ન જ થાય. કારણ કે, નાનામાં નાનાં અગ્નિનાં એક તણખામાં, ઓછામાં ઓછાં અસંખ્ય જીવો રહેલાં હોય છે. તેથી, શક્ય એટલી અગ્નિકાયનાં જીવોની હિંસાથી બચવાનો વધુમાં વધુ પ્રયત્ન કરવો.

(૧) એક વખત બની ગયેલી ચા, કૉફી કે રસોઈને, ગરમાગરમ વાપરવાની ઈચ્છાથી, આપણાં માટે specially, ફરી પાછું ગરમ ન કરાવવું. એથી, અસંખ્ય તેઉકાયનાં જીવોની બિનજરૂરી વિરાધનાથી બચી શકાય.

(૨) મોબાઈલ, ઈન્ટરનેટ, કમ્પ્યુટર, લેપટોપાદિ સાધનોની શોધ થવાથી, જગતને આજે બાહ્ય લાભો કદાચ વધ્યાં હશે, પરંતુ, જ્ઞાની ભગવંતની દ્રષ્ટિએ તો જીવ વિરાધનામાં પણ ઘણો વધારો થયો છે. "Reliance to Reliance mobile free" ની કંપનીવાળાંની જાહેરાત જ્યારે તમને સંભળાય છે, ત્યારે 'અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધના પણ ફ્રીમાં સાથે મળશે' → આવી પ્રભુની જાહેરાતનાં શબ્દો શું સાથે-સાથે સંભળાય છે ? – દેખાય કે ન દેખાય ? આજે, મોબાઈલ આદિનો ઉપયોગ માત્ર જરૂરિયાત માટે જ, કે બિનજરૂરી મેસેજ, એસ.એમ.એસ., રમતાદિ શોખ માટે પણ કરાય છે ? આ પાપનાં સાધનો, જરૂરી ઉપયોગ માટે જેટલાં વપરાય છે તેનાં કરતાં ઘણો વધારે ઉપયોગ તેનો બિનજરૂરી મનોરંજનાદિ માટે થતો હોય તો સમજી લેવું કે, પ્રભુની જાહેરાત હજુ સુધી આપણને સંભળાઈ નથી. એક વખત, બટન દબાવવા માત્રથી થતી અસંખ્ય અગ્નિકાયનાં જીવોની વિરાધના જો નજર સામે દેખાતી હોય, તો પછી, 'તમે ક્યાં પહોંચ્યા છો ? ... હું અહીં પહોંચ્યો છું..' વગેરે વગેરે મુફલીસ કારણોથી મોબાઈલનો ઉપયોગ ન જ થઈ શકે. અરે ! ધંધાદિ માટે, મોબાઈલનો જરૂરી ઉપયોગ કરતી વેળાએ પણ, અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધના નિમિત્તે, હૃદયમાં ડંખ, વેદના અને ભારોભાર પશ્ચાતાપ હોવાં જોઈએ. તમારા દ્વારા થતી, અસંખ્ય તેઉકાયનાં જીવોની

વિરાધના નિમિત્તે, શું તમારી આંખમાં આંસુ છે કે પછી, હૃદય કઠોર-નઠોર થઈ ગયેલ છે? શાંત ચિત્તે વિચારીને, શક્ય એટલી તેઉકાયનાં જીવોની વિરાધનાથી બચવાનો પ્રયત્ન કરવો. તમારી પાસે રહેલ મોબાઈલાદિ પાપનાં સાધનોની સંખ્યા કેટલી? ઘરે મોબાઈલ આવ્યાં બાદ, તમારાં ફોન કરવાનાં વધ્યાં કે ઘટ્યાં? રાખેલ મોબાઈલ સાદો હોય કે પછી અપ-ટુ-ડેટ? રંગીન હોય કે પછી સામાન્ય? સસ્તો હોય કે મોંઘો? આ બધાં સવાલોનાં, સંતોષકારક જવાબો જો આપણી પાસે ન હોય તો સમજી લેવું કે, વર્ષોથી પૂજાદિ કરવાં છતાંય, પ્રભુનાં વચનો પર શ્રદ્ધા નથી. અથવા શ્રદ્ધા છે તો પણ, જોઈએ એવી દૃઢ શ્રદ્ધા ન હોવાથી જ બિનજરૂરી અસંખ્ય તેઉકાયની વિરાધનામાં હોંશે-હોંશે જોડાવાનું થાય છે. દરેક પાપ અને દરેક પાપનાં સાધનો, ચાર ગતિમાં રખડાવનાર હોવાથી, પાપનાં સાધનો જેમની પાસે હોય જ નહીં, અથવા હોય તો પણ, તે પાપનાં સાધનોની 'Quantity' ઓછામાં ઓછી અને 'Quality' સાદામાં સાદી જ હોય, તેનું નામ છે 'શ્રાવક'. તમે 'શ્રાવક' છો ને??

(3) ઘરમાં ટી.વી. સામે બેસવાથી અથવા Theatre માં જવાથી, અસંખ્ય અગ્નિકાયનાં જીવોની વિરાધના થાય છે. ટી.વી.ની સીરિયલ બનાવતી વખતે અથવા પિક્ચરની શુટીંગ ચાલે તે વખતે પણ, અસંખ્ય તેઉકાયનાં જીવોની જે વિરાધના થઈ હોય, તે તમામ વિરાધનાનો દંડ પણ, સિરીયલ-પિક્ચર જોનારાંઓને અવશ્ય લાગે છે. જોતી વેળાએ પણ, તમારી સાથે-સાથે, આ દુનિયાનાં ઘણાં લોકો, જોવાની પ્રવૃત્તિમાં જોડાયેલાં હોવાથી, તમને 'સામુહિક પાપ' લાગે છે. એકલાં આચરેલાં પાપો કરતાંય, સામુહિક પાપોનું દંડ, ઘણું વધારે મોટું મળે છે. તેથી, જો શક્ય બને તો, ટી.વી., થીયેટરનાં પાપોથી દૂર રહેવું.

(૪) તેંડુલકર, ધોની વગેરે ક્રિકેટરોનાં આકર્ષણથી, કલાકોનાં કલાકો સુધી, સતત ક્રિકેટ મેચ જોવાથી, અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધનાની-અનુમોદનાનાં માધ્યમે, તમને ઘણો મોટો દંડ લાગે છે. કારણ કે, ક્રિકેટનાં ગ્રાઉન્ડ ઉપર, માત્ર એક જ દિવસમાં વપરાતી વીજળીનું પ્રમાણ તો, હજારો ઘરોમાં વપરાતી વીજળીનાં પ્રમાણ કરતાંય વધી જાય છે. એટલે જ, ગોઠવાયેલાં મોટાં-મોટાં લાઈટનાં ફોકસનાં પ્રકાશને લીધે, રાત્રે રમાતી મેચ પણ જાણે કે દિવસે જ રમાતી હોય, તેવી પ્રતીતિ

આપણને કરાવે છે. કરોડો રૂપિયાનાં ભ્રષ્ટાચાર અને ફીક્સીંગના તકલાદી પાયા ઉપર જ રમાતી આ મેચોમાં, જે તેંડુલકર-ધોનીનું તમને ગાંડું આકર્ષણ હોય, તે ધોની તો એક મિનીટ માટે પણ તમને મળવા તૈયાર ન થાય. અરે! પોતાનાં ખોળામાં રહેલ પોતાનાં કૂતરાંને અડધો કલાક - એક કલાક રમાડવાનું ટાઈમ મળશે, પણ તેમને મળવાં માટે છેક તેમનાં બંગલે ગયેલાં તમારાં માટે, તેંડુલકર-ધોનિ આદિ અથવા આજનાં હીરો-હીરોઈનોને પણ, તમારી સાથે મુલાકાત માટે, ૫ મિનીટનો પણ પોતાનો સમય આપવા માટે તેઓ તૈયાર ન થાય. એટલે, તેંડુલકર, ધોની, પિક્ચરનાં હીરો આદિનાં મનમાં તો, તમારી કિંમત કરતાં પોતાનાં કૂતરાંની કિંમત વધારે છે. હવે, આવાની પાછળ ગાંડા થઈને, અસંખ્ય તેઉકાયનાં જીવોની બિનજરૂરી વિરાધનાનો પાપ, તમારાં માથે તમારે શા માટે લેવો? દુર્ગતિનું Reservation (રીઝર્વેશન) શા માટે કરવું?

(૫) નવરાત્રિ-દિવાળી-ક્રિસમસ આદિ તહેવારો તો અજૈનોનાં છે, આપણાં જૈનોનાં નથી જ. તેથી, આ તહેવારોનાં દિવસોમાં, ડેકોરેશન-લાઈટીંગ વગેરેમાં જોડાઈને, અસંખ્ય તેઉકાયની વિરાધનામાં આપણે જોડાવું નહીં. દિવાળીમાં પોતાનાં ઘરોમાં અજૈનો ભલે દિવડાંઓ પ્રગટાવે, પરંતુ, તેમની દેખાદેખીથી, આપણે જૈનોએ, દિવડાંઓ પ્રગટાવીને, અસંખ્ય અગ્નિકાયનાં જીવોની બિનજરૂરી વિરાધનામાં જોડાવાય નહીં. અજૈનો આપણાં એક પણ તહેવારોમાં જોડાતાં નથી, તો પછી, લોકોત્તર જૈન ધર્મ પામ્યાં બાદ આપણાંથી અજૈનોનાં તહેવારોમાં કઈ રીતે જોડાવાય? આપણાં બાળકોને નવરાત્રિ, અંબેમાની આરતી, ગણેશ ચતુર્થી આદિ તહેવારોમાં કઈ રીતે જવા દેવાય? અજૈનોનાં તહેવારોમાં, હોંશે-હોંશે જોડાવનારાં જૈનોને, મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય છે અને ભવાંતરમાં તેમને જૈન ધર્મ જ નહીં મળે અને અજૈનોનાં ઘરે જનમવું પડશે. ચાલશે ને?

(૬) લગ્ન પ્રસંગોમાં, સ્ટેજ-ગ્રાઉન્ડાદિની સજાવટમાં થયેલ લાઈટીંગને જોઈને, તેને મનથી ગમાડાય નહીં તથા વાણીથી તેની પ્રશંસા પણ કરાય નહીં. જો મનથી ગમાડીએ અથવા વાણીથી પ્રશંસા કરીએ તો થયેલ અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધનાની અનુમોદનાનો દંડ લાગે છે. આપણાં ઘરે પણ કોઈ પુત્રાદિનાં લગ્ન વગેરે પ્રસંગ આવે તો લોક-પ્રવાહમાં જોડાઈને, દેખાદેખીથી, લાઈટીંગ આદિ સજાવટો-ભભકાં કરવાં નિમિત્તે, અસંખ્ય અગ્નિકાયનાં જીવોની વિરાધનામાં જોડાવવું નહીં.

(૭) લાઈટની direct અથવા indirect વિરાધના થાય તેવાં - electrician, લાઈટની દુકાનાદિ - વ્યવસાયમાં, શ્રાવકોએ શક્ય બને તો, જોડાવવું નહીં. હવે જો, જોડાઈ જ ગયાં હોય અને આ વ્યવસાયને છોડવું કે બદલવું જો શક્ય ન હોય તો, હૃદયમાં તેના માટેનો ભારોભાર પશ્ચાતાપ - ડંખ ભાવ રાખવો તથા, થોડાં-થોડાં દિવસે કોઈક આચાર્ય ભગવંત પાસે આલોચના - પ્રાયશ્ચિત લઈને, આત્માની શુદ્ધિ કરી લેવી.

(૮) જેમાં અગ્નિની મોટાં પાયે વિરાધના થાય એવી ફેક્ટરી, મિલ કે ભઠ્ઠી આદિ પણ શ્રાવકો ચલાવે નહીં. આવાં મોટાં આરંભ-સમારંભને, જ્ઞાની ભગવંતો, નરક ગતિનાં કારણ તરીકે બતાવે છે.

(૯) કોઈ ધર્મશાળાદિની રૂમમાં, સૌ પ્રથમવાર પ્રવેશ કરતાં, લાઈટ-પંખો આદિનાં બટનોનો ખ્યાલ ન હોવાથી, કોઈક લોકો અધીરાઈને લીધે, એકી સાથે, તરત જ, સ્વીચ બોર્ડનાં તમામે તમામ બટનો ફટાફટ ચાલુ કરી નાંખે છે. આ રીતે કરવામાં, બિનજરૂરી અસંખ્ય અગ્નિકાયનાં જીવોની હિંસા થતી હોવાથી, ધીરજપૂર્વક, ત્યાંના કોઈક જાણીતાં માણસને પૂછી કરીને, શાંતિથી, ઓછામાં ઓછાં બટનો દબાવીને, સ્વકાર્ય સિદ્ધ કરી શકાય, જેથી ઓછામાં ઓછી તેઉકાયની વિરાધના થાય.

(૧૦) કોકનાં લગ્નપ્રસંગમાં, તમને મફતમાં મળેલ, ગરમાગરમ - ટેસ્ટી - મસાલેદાર અભક્ષ્ય વાનગીઓ (રસોઈ)ની પ્રશંસા, ભૂલથી પણ ન કરી શકાય. પ્રશંસા જો કરવાં ગયાં અથવા મનથી જો ગમાડવાં ગયાં તો, સામુહિક સ્તરે, મોટાં પાયે થયેલ, અસંખ્ય અગ્નિકાયનાં જીવોની વિરાધનાનાં, તમારે ભાગીદાર થવું પડશે. સામે ચાલીને તો પ્રશંસા ન જ કરી શકાય. પરંતુ, આમંત્રણ આપનાર તમારાં સ્વજન અથવા મિત્રનાં પૂછવાં છતાંય મૌન રહેવું, અને બોલવું જ પડે તો વાતને ઉડાડી દેવી - ટાળી દેવું. પરંતુ, પ્રશંસામાં હોંશે-હોંશે જોડાવાની ભૂલ તો ન જ કરી શકાય.

(૧૧) એકવાર લાઈટની સ્વીચ ચાલુ કરતાં, અસંખ્ય-અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધના થતી હોવાથી, સમજુ-વિવેકી જયણાંવાળાં શ્રાવકો, પોતાનાં ઓફિસ - ઘર - સંડાસ - બાથરૂમ આદિ દરેક સ્થળો પર, જો શક્ય હોય તો, લાઈટની સ્વીચ ચાલુ કરવાનું ટાળે છે. અને ન છૂટકે કદાચ કરવું જ પડે તો પણ, ડંખ-વેદના-પશ્ચાતાપ સાથે, ઓછામાં ઓછી વિરાધના કરીને ચલાવી લેવાનો પૂર્ણતયા પ્રયત્ન કરે છે. વાલકેશ્વર -

No.
Date

શ્રીપાલનગરનાં સુખી વિસ્તારમાં રહેનારાં સુશ્રાવક શૈલેષભાઈનું નિવાસ સ્થાન, શાંતિનાથ ટાવરનાં નીચે જઈને, કોઈ અજાણ્યા માણસને ઉભો રખાય તો પણ પૂછ્યાં વિના જ - શૈલેષભાઈનું ઘર તરત ખ્યાલ આવી જાય - શેનાં આધારે? પોતાની નજર સામે અસંખ્ય તેઉકાયની વિરાધનાં દેખાતી હોવાથી, સૂર્યાસ્ત પછી પણ, એમનાં ઘરનાં કોઈપણ સદસ્યો, લાઈટ ચાલુ કરવાં તૈયાર ન થાય. એટલે, સમજી લેવું કે રાત્રે અંધારું થવાં છતાંય, બિલ્ડીંગમાં જે ઘરની લાઈટ બંધ હોય, તે ઘર 'શૈલેષભાઈનું' છે. આવાં શ્રાવકો જો ગોતવાં હોય તો - તમારાં એરિયામાં કેટલાં મળશે? એમનાં દ્રષ્ટાંતો અમારે બીજે લેવાં હોય તો?

(૧૨) કોઈ સ્થળે, બિનજરૂરી લાઈટ-પંખો આદિ ચાલું રહી ગયાં હોય તો, આવું જોઈ-જાણીને તમારે શું કરવું? → આવા અવસરે, તમારે લાઈટ-પંખાની સ્વીચ બંધ કરવી એ આચરણીય - આદરણીય છે. કારણ કે, લાઈટની સ્વીચ બંધ કરવાથી, તમને કદાચ થોડો દોષ લાગશે, પરંતુ, તેની સામે, લાભનું પ્રમાણ ઘણું મોટું છે. જોવા-જાણવા છતાંય, તમે જો કઠોર થઈને, સ્વીચ બંધ ન કરો તો, પ્રવાહ રૂપે લાઈટની વિરાધના આગળ ચાલુ રહેવાથી, પરંપરાએ, અસંખ્ય તેઉકાયની વિરાધનાનો વધારો થશે. તેથી, ચાલુ રહેલ લાઈટને બંધ કરવાથી કદાચ દસ રૂપિયાની નુકસાની થશે, તો તેની સામે, બિનજરૂરી મોટી વિરાધના અટકાવવામાં તમે નિમિત્ત બનતાં હોવાથી, તમને સો રૂપિયાનો લાભ થશે. એટલે, હિસાબ માંડતાં, ૧૦૦ - ૧૦ = ૯૦ રૂપિયાનો લાભ જ થતો હોવાથી, બીજાં દ્વારા, ચાલુ રહી ગયેલ લાઈટાદિની વિરાધના પણ અટકાવતાં, તમને અપેક્ષાએ લાભ જ થાય છે.

(૧૩) ઘરમાં દેવ-દેવીનાં ફોટાં સામે, રોજ સવારે, દીવાબત્તી, અગરબત્તી આદિ કરવાની ખોટી પ્રથા, આજે જૈનોનાં ઘણાં ઘરોમાં જે ઘુસી ગઈ છે, તે ઉચિત નથી, કાઢવા જેવી છે. આ તો, જેમને અષ્ટપ્રકારી પૂજાનો ધર્મ નથી મળ્યો એવાં અજૈનો દીવાબત્તીમાં ભલે જોડાય. પરંતુ, જેમને અષ્ટપ્રકારી પૂજાનો ધર્મ મળેલ હોય, એવાં પ્રભુશાસનનાં જૈનોએ- શ્રાવકોએ, દીવાબત્તીમાં જોડાઈને, બિનજરૂરી અસંખ્ય તેઉકાયના જીવોની વિરાધનામાં જોડાવાની કોઈ જ આવશ્યકતા નથી. અષ્ટપ્રકારી પૂજામાં તો ધૂપપૂજા અને દીપક પૂજા સિવાય બીજી પણ પૂજાઓનો સમાવેશ થઈ જાય છે.

(૧૪) કોકનાં લગ્ન પ્રસંગમાં જમવાથી અથવા કેટરર્સનાં અભક્ષ્ય જમણવારની પ્રશંસા વાણી દ્વારા કરવાથી અને મન દ્વારાં ગમાડવાં માત્રથી,

તે રસોઈને બનાવતાં થયેલ અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધનાની અનુમોદનાનો દંડ, તમને લાગી જાય છે. કોકનાં ઘરે અથવા તમારાં ઘરે રંધાયેલ જયણાયુક્ત ભક્ષ્ય ભોજનનું જમણ પણ મનથી ગમાડવાં જતાં અથવા વાણીથી પ્રશંસા કરવાથી, આપણને અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધનાનાં ભાગીદાર બનાવી દે છે.

(૧૫) આજે, દિવાળીનાં દિવસોમાં, આપણાં ઘણાં-ખરાં જૈનો, ફટાકડાં ફોડવામાં જોડાય છે. ઘણાં માતા-પિતા પોતાનાં સંતાનોને તે અંગે પ્રેરણા- પ્રોત્સાહન પણ આપે છે. અસંખ્ય તેઉકાયનાં જીવોની હિંસામાં આ રીતે જોડાવું અથવા જોડાવવા માટે સંતાનોને પ્રોત્સાહન આપવું, તે તો જૈનો માટે જરાય ઉચિત નથી.

(૧૬) આજે, દિવાળીમાં ઘણાં જૈનો ચોપડાં પૂજન, લક્ષ્મી પૂજન, ગણેશ પૂજનાદિ નિમિત્તે અગરબત્તી, દીવો, આરતી વગેરેનાં માધ્યમે, અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધનામાં જોડાય છે, તે પણ ઉચિત નથી. કારણ કે, દેરાસરમાં રહેલ અંજનશલાકા- પ્રતિષ્ઠાવાળાં પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરવા જેમને મળેલ હોય, એવાં જૈનો માટે, અન્ય દેવ-દેવી નિમિત્તે ધૂપ, અખંડ દીવો, અગરબત્તી, આરતી વગેરેની બિનજરૂરી વિરાધનામાં જોડાવાની કોઈ આવશ્યકતા નથી. પૈસાનાં પૂજારી થવાં માટેની ખોટી ઘેલછાંને લીધે લક્ષ્મી પૂજનમાં, ગણેશ પૂજનમાં જોડાઈને, મિથ્યાત્વનું પોષણ તો ભૂલથી પણ શ્રાવકોએ ન કરાય. પૈસાનાં પૂજારી થવાં માટે, આ પ્રભુનું શાસન આપણને નથી મળ્યું. પરંતુ, પ્રભુનાં પૂજારી થઈને ટૂંક સમયમાં જ, પ્રભુની પૂજાનાં માધ્યમે, આપણામાં રહેલી પ્રભુતાને પ્રગટાવીને, આપણે પ્રભુતુલ્ય થવાનું છે. પૈસો મળે છે પુણ્યનાં આધારે અને પ્રભુ મળે છે પાત્રતા- પુરુષાર્થનાં આધારે. તમારું પુણ્ય જો બળવાન હશે તો લક્ષ્મી પૂજન અને ગણેશ પૂજન ન કરવાં છતાંય, સામે ચાલીને પૈસો આવશે. બીજુ બાજુ, પુણ્ય જો પરવારેલું હોય તો લાખો પ્રયત્નો અને અનેક લક્ષ્મી પૂજનાદિ કરાવવાં છતાંય, પૈસો નહીં મળે. હવે શું કરવું છે ? ચોપડાં-પૂજન પણ જૈનો માટે નથી જ. પરંતુ, જેમને 'જ્ઞાન પૂજન'નો ધર્મ નથી મળ્યો, એવાં અજૈનો આ બધામાં જોડાય, તો હજુ ચાલે. પરંતુ, દિવાળીનાં દિવસોમાં, હોંશે-હોંશે, આ બધામાં જૈનો જોડાય, તે કેટલું ઉચિત ગણાય ? એટલે, આ બધામાં અજૈનો જોડાય તો ચાલે, પરંતુ, જૈનોએ તો ન જ જોડાવાય.

(૧૭) દિવાળીની રજાઓમાં મોજ-શોખ-હોટલ-હીલ સ્ટેશને ફરવું વગેરે મનોરંજનમાં પણ આપણાંથી જોડાવાય નહીં. કારણ કે, દિવાળીનો તહેવાર તો અજૈનો માટે છે. આપણાં માટે તો 'દિવાળી પર્વ' કહેલ છે. એકનો એક દીકરો અથવા તો પોતાનાં પૂજ્ય માતા-પિતાદિ નજીકનાં કોઈ સ્નેહીજનો, જે દિવસે મૃત્યુ પામ્યાં હોય, તે તિથીનાં દિવસે, મોજ-શોખ-જશનાદિ ન કરાય. પરંતુ, વિશેષથી ધર્મ-આરાધના, તપ-ત્યાગાદિ કરાય. જો આલોકનાં ઉપકારી એવાં માતા-પિતાનાં મૃત્યુનાં દિવસે પણ જો મોજ-શોખ ન કરાય, તો પછી, આલોક + પરલોકનાં, તેમજ ભવોભવનાં, આપણાં પરમ ઉપકારી એવાં ત્રણ લોકનાં નાથ, પ્રભુ વીરનું નિર્વાણ દિવાળીનાં દિવસે થયેલ હોવાથી, તે નિમિત્તે, મોજ-શોખાદિ છોડીને દિવાળીનો છઠ્ઠ કરવો, એ જ આપણાં માટે ઉચિત છે. તે નિમિત્તે, ફરવાનું અથવા હોટલાદિનો પ્રોગ્રામ તો કઈ રીતે ગોઠવી શકાય? દિવાળી નિમિત્તે, પૂરાં ઘરની સાફસફાઈમાં જોડાઈને અસંખ્ય અપકાય, કરોળિયાંનાં જાળાં તોડવાથી, જીવોની વિરાધનામાં, સમજુ શ્રાવકોએ જોડાવાય નહીં. અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરનારાં, ભાવ દીપક સ્વરૂપ પ્રભુ, હવે મોક્ષે ચાલ્યાં ગયાં હોવાથી, તેમનાં પ્રતિક રૂપે દ્રવ્ય દીપક (દીવડાંઓ) ઘરોમાં પ્રગટાવી શકાય. પરંતુ, માત્ર દેખાદેખીથી, ઘરને સજાવવા, દિવાળી મનાવવા, આ દિવસોમાં ઘરે દીવડાં ન રખાય.

(૧૮) તમારાં જીવનમાં ચાલતી તેઉકાયનાં જીવોની વિરાધના કદાચ પૂરેપૂરી રીતે અટકાવવી તમારાં માટે શક્ય ન બને, પરંતુ, જો જાગૃતિ રખાય, તો આ વિરાધનાને ઘટાડવામાં, સફળતા અવશ્ય મળી શકે. એટલે, તેઉકાયની હિંસા પણ ઓછી થાય અને જે થાય તેમાં પણ સતત ડંખ-પશ્ચાતાપ-વેદના રાખવાથી, કર્મબંધ પણ અલ્પ થાય. આવી જાગૃતિ રાખનારાં શ્રાવક રત્નો, આજે પણ, પ્રભુનાં જયવંતા શાસનમાં વિદ્યમાન છે. <u>દા.ત.</u> : ગૃહસ્થ અવસ્થામાં રહેલ જૂનાગઢનાં રમાબેનને નિયમ છે કે, કોઈપણ લાઈટની સ્વીચ ચાલુ કરતાં અથવા ફોન ઉપાડતાં અથવા રસોઈ માટે ગેસ ચાલુ કરતાં પૂર્વે, અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધના નિમિત્તે, પોતાનાં ઘરે રાખેલ જીવદયાની પેટીમાં, દંડ રૂપે ૧-૧ પાવલી નાંખવી અને વરસનાં અંતે, તે રકમ ભેગી કરીને જીવદયામાં વાપરી નાંખે. આ દ્રષ્ટાંત તો જૂનાગઢનાં ગામડાંનું અને ૧૨-૧૩ વર્ષો પૂર્વેનું છે. એટલે પાવલીનો દંડ રાખેલ હતો. પરંતુ, તમારાં વિસ્તારમાં તો સ્વીચ ચાલું કરતાં, દરેક વખતે, રૂપિયાનો દંડ રખાય તો પણ વાંધો ન આવે.

દુભવશે ને? દર વખતે, લાઈટની સ્વીચ અથવા ચૂલો ચાલુ કરતાં પૂર્વે, રમાબેન આંખમાં પશ્ચાતાપના આંસુ સાથે વિચારે છે કે, 'આ નિર્દોષ તેઉકાયનાં અસંખ્ય જીવોની વિરાધના કરવાનો મારો કોઈ અધિકાર નથી. છતાંય, સંસારમાં રહેલ હોવાથી, આ વિરાધનામાં મારે જોડાવું પડે છે. તેથી, તે અસંખ્ય જીવોને મારાં તરફથી ભાવભર્યું મિચ્છામી દુક્કડં. ધન્ય છે પૂ. સાધુ-સાધ્વીજીને કે જેઓ, આ રીતે નિર્દોષ તેઉકાયનાં જીવોની વિરાધનાથી, કાયમ માટે મુક્ત થઈ ગયાં. મારો પણ આવો સોનાનો સૂરજ વહેલી તકે ઉગે અને આ નિર્દોષ જીવોની વિરાધનાથી હું છૂટું, એવી પ્રભુને હાર્દિક પ્રાર્થના.' — આ રીતે, પ્રાર્થના કરવાથી, અગ્નિકાયનાં જીવો પ્રત્યે, આપણાં હૃદયમાં સંવેદનશીલતા અને કોમળતા વધે છે. અને બિનજરૂરી વિરાધનાથી બચવાનો પ્રયત્ન વધારેમાં વધારે થઈ શકે.

(૧૯) આપણાં ઘરે વહોરવાં માટે આવેલ કોઈ મહાત્માને, તમારાં વિસ્તારમાં રહેલ બીજાં જૈનોનાં ઘરો બતાડવા માટે જો તમારે જવાનું થાય, તો ભૂલથી પણ, કોઈ ઘરની ઘંટી (door bell) વગાડાય નહીં. જો બેલ વગાડીએ, તો મહાત્મા તે ઘરની ગોચરી વહોરી શકે નહીં. કારણ કે, બેલ વગાડવાં છતાંય, જો મહારાજ સાહેબ તે ઘરની ગોચરી વહોરે, તો ડોર-બેલ વગાડવાને લીધે થયેલ અસંખ્ય અગ્નિકાયનાં જીવોની હિંસાની અનુમોદનાનો દોષ તેમને લાગે છે.

(૨૦) તમારાં ઘરે કોઈપણ સાધુ-સાધ્વીજી વહોરવા માટે આવે ત્યારે તમારે ભૂલથી પણ લાઈટ-પંખો વગેરે ચાલુ-બંધ કરાય નહીં. કારણ કે, પૂ. સાધુ-સાધ્વીજીનો પ્રવેશ તમારાં ઘરે થયાં બાદ, તેમનાં નિમિત્તે, જો લાઈટ-પંખો-ગેસાદિ ચાલુ-બંધ કરાય અને છતાંય, સાહેબજી અગર વહોરે તો, સ્વીચ ચાલુ-બંધ કરવા નિમિત્તે થયેલ અસંખ્ય તેઉકાયની વિરાધનાની અનુમોદનાનો દંડ, પૂ. સાધુ-સાધ્વીજીને લાગે છે.

(૨૧) એ જ રીતે, પૂ. સાધુ-સાધ્વીજીનો, લાભ લેવાનાં આશયથી, ભક્તિ-ભાવપૂર્વક, તેમનાં માટે, મેવા-મિઠાઈ-ફરસાણાદિ, કોઈ શ્રાવકે જો બનાવેલ હોય, તો લાભ આગ્રહ હોવાં છતાંય, પૂ. સાધુ-સાધ્વીજી તે ગોચરી ન વહોરી શકે. કારણ કે, પૂ. સાધુ-સાધ્વીજીનાં આશયથી, એમનાં નિમિત્તે બનાવેલ રસોઈ, જો સાહેબજી વહોરે, તો તે શીરો-મિઠાઈ આદિ બનાવવાં માટે, જે પણ, અગ્નિકાય, અપકાય, વનસ્પતિકાય આદિની વિરાધના થયેલ હોય, તે વિરાધનાનાં-જીવહિંસાનાં ભાગીદાર

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને પણ થયું પડે છે. તેથી, સમજુ-વિવેકી શ્રાવકોએ આવો ખોટો આગ્રહ રાખવો ઉચિત નથી. જ્ઞાની ભગવંતોએ શ્રાવકોને, પૂ. સાધુ-સાધ્વીજીનાં 'હિતચિંતક માતા-પિતા' તરીકેનું બિરૂદ આપેલ છે. તેથી, આધાકર્મી-દોષિત ગોચરી વહોર વાનો મોટો દોષ પૂ. સાધુ-સાધ્વીજીને ન લાગે તેવી કાળજી-જાગૃતિ, શ્રાવક-શ્રાવિકાઓએ રાખવી અત્યંત જરૂરી છે. પૂ. સાધુ-સાધ્વીજીને કોઈ દોષ ન લાગે એવી કાળજી રાખે, તેમને જ સમજુ-વિવેકી શ્રાવકો તરીકે જ્ઞાની ભગવંતો ઓળખાવે છે. માંદગી આદિ વિશેષ કારણ હોય અને ડૉક્ટર આદિની સૂચના પ્રમાણેની વસ્તુ સાધુ-સાધ્વીજી માટે શ્રાવકો બનાવે અને વહોરાવે, તે જુદી વાત છે. આવાં વિશેષ કારણો આવી પડે ત્યારે પૂ. સાધુ-સાધ્વીજી માટે બનાવેલ ફ્રૂટ જ્યુસ, સૂપ આદિ, દવા માટે બનાવીને, વહોરાવવામાં શ્રાવકોને ઘણો લાભ થાય છે. પરંતુ, વિશેષ કારણ વિના, માત્ર લાભ લેવાનાં આશયથી, પૂ. સાધુ-સાધ્વીજી માટે special એકપણ વસ્તુ બનાવાય નહીં, વહોરાવાય નહીં.

આ રીતે, રોજીંદા જીવનમાં ચાલતી અગ્નિકાયનાં જીવોની direct - indirect વિરાધનાથી બચવાનો શક્ય એટલો પ્રયત્ન કરજો.

(૨૨) એક ચોખાનાં દાણાં જેવડાં અગ્નિમાં અથવા અગ્નિનાં એક તણખામાં જે અગ્નિકાયનાં જીવો હોય છે, તે દરેકને જો ખસખસ જેવડાં કરવામાં આવે, તો આખા જંબુદ્વીપમાં પણ તેઓ સમાય નહીં. અલબત્ત, તેટલાં બધાં અગ્નિકાયનાં જીવો માત્ર એક તણખામાં હોય છે. ગેસ, વીજળીથી ચાલતી લાઈટ, પંખા વગેરેનો બેફામ ઉપયોગ, કેટલી ઘોર હિંસાનું કારણ છે, તે જરા શાંતિથી વિચારજો અને શક્ય એટલું આ વિરાધનાથી અટકવાનો પ્રયત્ન કરજો.

(૨૩) વળી અગ્નિ 'જલદ' હોવાથી, જ્યાં અગ્નિ હોય ત્યાં અન્ય સ્થાવરકાય અને ત્રસકાય જીવોની વિરાધના પણ સંભવિત છે. તેથી અગ્નિકાયની, વિરાધનાથી બચવાના માધ્યમથી, સાથે-સાથે અન્ય સ્થાવર તથા ત્રસકાય જીવોની વિરાધનાથી પણ બચી જવાનો લાભ મળે છે.

(૨૪) આજે ડોર-બેલના વપરાશ દ્વારા, બિનજરૂરી અસંખ્ય તેઉકાયની

વિરાધનાનો દંડ, તમારા માથે ચાલુ છે કે જે સહેલાઈથી ટાળી શકાય છે, અટકાવી શકાય છે. આ વિરાધના અટકાવવાથી, તમારી રોજીંદી life style (લાઈફ સ્ટાઈલ) માં, તમને કોઈ જ તકલીફ પડે તેમ નથી. દરવાજો ખોલાવવા માટે, બારણે ટકોરા પાડવાની પદ્ધતિ નિર્દોષ છે, તેમાં ડોરબેલનો ઉપયોગ ટાળવો જોઈએ. બિનજરૂરી તેઉકાયની વિરાધનાથી બચવા માટે, આજે ઘણાં ઘરોમાં દોરીથી જોડાયેલ ઘંટડીનો ઉપયોગ પણ કરાય છે. ડોરબેલ વગાડવાથી, દરેક વખતે, અસંખ્ય-અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધનાનો દંડ લાગે છે. સવારથી રાત સુધી, દૂધવાળો - કામવાળો આદિ અનેક લોકોની અવરજવર સતત ચાલુ રહેવાની. એક દિવસમાં કેટલીવાર ડોરબેલ દ્વારા અસંખ્ય જીવોની વિરાધનાનો દંડ લાગે છે, તે શાંત ચિત્તે વિચારજો.

(૨૫) દિવાળી વગેરે તહેવારોમાં કે અન્ય કોઈ પણ પ્રસંગે ફટાકડાં ફોડવાં નહીં. તેમાં અગ્નિકાય ઉપરાંત ત્રસ જીવોની પણ મોટી વિરાધના થાય છે. કોઈ બીજા ફોડતાં હોય તો જોવા માટે પણ ઉભા ન રહેવાય અને મનથી તેને ગમાડાય પણ નહીં.

(૨૬) બિનજરૂરી ગેસ બળતો ન રહે, તેનું ધ્યાન રાખો, કારણ કે, એક સેકન્ડ માટે પણ, ગેસ ચાલુ કરીને જો તરત બંધ કરી નંખાય તો પણ અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધના થઈ જાય છે.

(૨૭) ઉનાળામાં અડધી રાત્રે જો લાઈટ જાય અને તેનાં લીધે પંખો બંધ થઈ જાય, તો તમે રાજી થાઓ કે દુઃખી? તેનાં નિમિત્તે, મનમાં ઉચાટ કે આર્તધ્યાન, ન થાય ને? હવે, તે સમયે, જો આપણું મન બગડે, તો અગ્નિકાયનાં જીવોની હિંસા આપણાં દ્વારા ન થવા છતાંય, તેની અનુમોદનાનો દંડ આપણને લાગે જ છે. જેમ કે, બિલાડીને ઉંદર ન મળવાં છતાંય, ચોવીસે કલાક માટે, સતત, હિંસા નિમિત્તે કર્મબંધ ચાલુ જ રહે છે, કારણ કે, ઉંદરની હિંસા ન થવાં છતાંય, બિલાડીનાં પરિણામો તો ૨૪ કલાક માટે, હિંસાનાં જ ચાલતાં હોય છે. એજ રીતે, લાઈટ જાય ત્યારે, કાયાનાં સ્તરે, અસંખ્ય અગ્નિકાયનાં જીવોની હિંસા ન થવાં છતાંય, પરિણામો તો તેઉકાયનાં જીવોની હિંસાના જ હોવાથી, અસંખ્ય તેઉકાયનાં જીવોની હિંસાનો દંડ, આપણાં માથે ચાલુ જ રહે છે. તેથી, જે હિંસા આપણે કરતાં જ નથી, તેનો દંડ, આર્તધ્યાનના

લીધે, આપણાં માથે શા માટે લેવો? ઉલ્ટું, લાઈટ જાય ત્યારે દુ:ખી થવાને બદલે, રાજી થઈને વિચારવું કે, "હું સામે ચાલીને તો અસંખ્ય તેઉકાયનાં જીવોની હિંસાને છોડું, એવું સત્વ તો મારામાં નથી. તેથી સારું છે, લાઈટ જવાને લીધે, થોડીવાર માટે તો, ક્રમસેક્રમ લાઈટનાં નિમિત્તે થતી અસંખ્ય અગ્નિકાયનાં જીવોની વિરાધનાનાં દંડથી હું બચી શકીશ. ધન્ય છે પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને કે જેઓ, જીવનભર માટે, આ વિરાધનાથી છૂટી ગયાં છે. હે પ્રભુ! હું પણ કાયમ માટે, આ નિર્દોષ જીવોની હિંસાથી બચી જાઉં, એવો સુવર્ણ દિવસ, મારા જીવનમાં પણ ક્યારે આવશે?" લાઈટ જવાનાં અવસરે, આ રીતે વિચારીને, હૃદય ભીનું કરીને, કર્મ નિર્જરાનો લાભ મેળવવો. પરંતુ, ઉંચા-નીચાં થઈને, આર્તધ્યાન કરીને, નવો કર્મબંધ ન કરવો.

(૨૮) લાઈટનો ઉપયોગ શક્ય એટલો વધુમાં વધુ ટાળો. સાંજે લાઈટ કરતાં પૂર્વે, બારી-બારણાં બંધ કરો; કારણ કે, સૂર્યાસ્ત થયાં બાદ જ, આ ઉડતી જીવાંતો, વિશેષ સંખ્યામાં, પ્રાય: કરીને ઘરમાં પ્રવેશતાં હોય છે.

(૨૯) આપણાં ઘરમાં, સૂર્યાસ્ત બાદ, એક રૂમમાંથી બીજા રૂમમાં કોઈ કારણસર જતાં, અથવા તમારાં ઘરમાં રહેલ બાથરૂમાદિમાં જતાં, તરત ને તરત લાઈટ ચાલુ કરવાની ટેવ છોડી દેવી. કારણ કે, વર્ષોથી જે ઘરમાં તમે રહો છો, તે ઘરનાં બાથરૂમાદિની ગોઠવણનો તમને ચોક્કસપણે ખ્યાલ હોવાથી, અંધારામાં પણ, લાઈટ જો ચાલુ ન કરો, તો પણ, ચાલી શકે. આજુબાજુમાંથી street lights (સ્ટ્રીટ લાઈટ) વગેરેની આવતી પ્રભાને લીધે, થોડો ઘણો પ્રકાશ તો હોય જ છે. તેથી, જો શક્ય બને તો, જો તમે ધારો તો, આ બિનજરૂરી લાઈટની વિરાધનાથી બચવું હોય તો, સરળતાથી બચી શકાય છે. પ્રકાશવાળાં સ્થળમાંથી અંધારાવાળાં પ્રદેશમાં તમે આવો, ત્યારે કદાચ તરત તમને ન દેખાય; પરંતુ, ધીરજપૂર્વક ૫-૭ સેકન્ડ માટે અંધારાવાળાં સ્થળમાં જો તમે ઉભાં રહો, તો આપોઆપ તમને દેખાશે, લાઈટ ચાલુ કરવાની જરૂર પણ નહીં પડે. અને બિનજરૂરી અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધનાથી પણ બચી શકાશે. ફાવશે ને?

(૩૦) એક વખત, પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા. ને કોક વૈદે, આરોગ્ય માટે, રોજ બપોરે ગોચરી વાપરવાની પૂર્વે, મગનું પાણી વાપરવાનું સૂચન કર્યું. પૂ. આ. મ. સાહેબને પોતાનાં માટે special, મગનું પાણી કરાવીને વાપરવાની ઈચ્છા ન હોવાથી, નીચે આયંબિલશાળામાં

આયંબિલનાં તપસ્વીઓ માટે, સ્વાભાવિકપણે, બનેલ મગનું પાણી, શિષ્યો પાસે મંગાવીને વાપરતાં હતાં. એક વખત, મગનું પાણી લાવનાર શિષ્યે, મગનું પાણી વહોરી લાવીને ગોચરી રૂમમાં મૂકી દીધું. ત્યારબાદ, પૂ. આ. મ. સાહેબ પાસે આવીને બોલ્યાં કે, 'ગુરુદેવ! ગરમાગરમ મગનું પાણી આવી ગયું છે, તેથી આપ જલ્દીથી પધારશો. મોડું થશે તો ઠંડુ થઈ જશે.' – આ શબ્દો સાંભળતાંની સાથે જ, પૂ. આ. મ. સાહેબે શિષ્યને ઠપકો આપતાં કહ્યું કે, "આપણે સાધુપણાંમાં રહીને, 'ગરમાગરમ' - આવાં સાવધ વચનો બોલીએ, તો આપણા માટે તે ઉચિત ન કહેવાય. ભાષાસમિતિ અંગે કાળજી (જાગૃતિ) ચૂકીને, 'ગરમાગરમ' એવો શબ્દ પ્રયોગ કરીએ, તો આ મગનું પાણી બનાવવાં માટે થયેલ અસંખ્ય અગ્નિકાયનાં જીવોની હિંસાની અનુમોદનાનો દંડ, આપણને તરત લાગી જાય છે અને આત્મા કર્મથી ભારે બને છે. મારાં, આ નાશવંત-તકલાદી શરીર નિમિત્તે, બિનજરૂરી આવાં શબ્દ પ્રયોગો, કોઈ ભૂલથી કરી બેસે અને અસંખ્ય અગ્નિકાયનાં જીવોની હિંસાની અનુમોદનાનો દંડ લાગી જાય, તે મને નહીં ચાલે. એટલે, વૈદ્યનું સૂચન તથા તમારાં બધાંનો ભાવ આગ્રહ હોવા છતાંય, હવે પછી આવતીકાલથી હું મગનું પાણી વાપરીશ નહીં." જાગૃતિ ચૂકીને, ક્યારેક જ આવાં શબ્દ પ્રયોગો કરી બેસે તો તેમને કર્મબંધ થાય, તો પછી રોજીંદા જીવનમાં અવાર-નવાર આવાં શબ્દ પ્રયોગો કરવાથી શું તમને-શ્રાવકોને કર્મબંધ ન થાય? શાંતિથી વિચારજો. કોઈ જમણવારમાં અથવા તમારાં પોતાનાં ઘરે પણ, તમને પીરસાયેલ ગરમાગરમ સ્વાદિષ્ટ ભોજન વાપરતી પૂર્વે, વાપરતી વખતે, અથવા વાપર્યા બાદ, તમે તો આવાં કોઈ શબ્દ પ્રયોગો ન જ કરોને? કોઈ પણ વાનગીની પ્રશંસામાં ન જોડાય ને? મનથી ગમાડવાની ભૂલ તો ન જ કરોને?

(૩૧) જેમાં મોટાં પાયે અગ્નિકાયનાં જીવોની હિંસા થતી હોય (ઇલેક્ટ્રીસીટી, ભઠ્ઠી વગેરેનાં માધ્યમે) એવી કંપનીઓનાં શેરો ખરીદાય નહીં. કારણ કે, શેર ખરીદનારને પણ તે કંપનીમાં મોટાં પ્રમાણમાં થતી અગ્નિકાયનાં જીવોની હિંસાનો દંડ (અનુમોદના દ્વારા) લાગી જાય છે.

(૩૨) દીક્ષા પૂર્વે, રાજ્ય અવસ્થામાં, રાજકુમાર તરીકે રહેલ હોવાથી, કષ્ટો સહન કરવાની કોઈ જ પ્રેક્ટીસ ન હતી. છતાંય, દીક્ષાનાં પ્રથમ દિવસે જ, પ્રભુની આજ્ઞાથી, અનશન સ્વીકારીને સ્મશાનમાં જઈ

No.
Date

કાઉસગ્ગ ધ્યાને રહ્યાં. 'આ મારી દીકરીનો ભવ બગાડનાર છે' → એ રીતે વિચારીને, સોમિલ નામનાં સગાં સસરાએ, કાઉસગ્ગ ધ્યાનમાં રહેલ મહાત્માના મસ્તકે માટીની પાળ બાંધીને, ધગધગતી સગડી રચી. દીક્ષાનાં પ્રથમ દિવસે જ આવી ગયેલ આવા મરણાંત ઉપસર્ગ વચ્ચે પણ, મહાત્મા સમતાપૂર્વક પીડાને સહન કરે છે. આવી ભયંકર વેદના હોવાં છતાંય, મહાત્મા સસરાં પ્રત્યે જરાય દ્વેષભાવ નથી લાવતાં. પોતાનાં શરીરની ભયંકર પીડાની ચિંતા કરવાને બદલે, ઉલ્ટાં, એમ વિચારે છે કે, "મારા મસ્તકે ધગધગતી સગડી ચાલુ રહેવાને લીધે, નિર્દોષ અસંખ્ય અગ્નિકાયનાં જીવોની વિરાધનામાં, આ મારું શરીર નિમિત્ત બની રહ્યું છે. ધન્ય છે સિદ્ધ ભગવંતોને કે જેઓ શરીરધારી અવસ્થામાંથી મુક્ત થવાને લીધે, તેમનું શરીર, કોઈ બીજાં જીવોની હિંસામાં નિમિત્ત નથી બનતું. પરંતુ, કર્મથી કલંકિત, મારી શરીરધારી અવસ્થા હજુ ઉભી જ રહેવાથી, તે શરીર નિમિત્તે, આજે અસંખ્ય તેઉકાયનાં જીવોની વિરાધના ચાલુ છે. હે પ્રભુ! સિદ્ધ ભગવંતોની જેમ, કર્મના કલંક + શરીરધારી અવસ્થાથી, હું પણ સદાને માટે ક્યારે છૂટીશ?" → કોણ છે આ મહાપુરુષ? → આ મહાપુરુષ છે: 'ગજસુકુમાલ મુનિ'!! આવી મરણાંતિક વેદના વચ્ચે પણ, જો આવી પરાકાષ્ઠાની સમાધિ અને તેઉકાયનાં જીવો પ્રત્યે જીવદયાનાં આવાં પરિણામો, જો તેઓ કેળવી શકતા હોય, તો આપણે શા માટે નહીં? આપણે તો નિર્દોષ અગ્નિકાયનાં જીવોને બચાવવાં માટે કાંઈ આપણાં પ્રાણ આપવા પડવાના છે જ નહીં. ફાવશે ને?

(૩૩) જેમાં અગ્નિકાયનાં જીવોની પુષ્કળ હિંસા થતી હોય અને તે દ્વારા બીજાં ત્રસ વગેરે જીવોની પણ હિંસા થતી હોય, તેવાં વ્યવસાયને 'અંગાર કર્મ' કહેવાય છે: જેમ લાકડાં બાળીને કોલસાં કરવાં, કોલસાં પડાવવાં, વેચવાં, વેચાવવાં, ભઠ્ઠીથી અનાજ શેકવાં, ઈંટો પકાવવી, નળિયાં પકાવવાં, કુંભાર, લુહાર, સોની વગેરેનો ધંધો કરવો, ત્રાંસુ, કલાઈ, સીસુ, પિત્તળ વગેરે બનાવવા-ઘડવા, કોલસાંનો કોન્ટ્રેક્ટ (contract) રાખવો, બોયલરમાં કોલસાં પૂરવાનું કામ કરવું, ઘાસતેલ, પેટ્રોલ, ઈલેક્ટ્રીક, પેટ્રોમેક્સ વગેરે બત્તીઓ, દિવાસળી, મીણબત્તી, સુગંધી-કલરફૂલ મીણબત્તી વગેરેનો વેપાર કરવો, એન્જીન (engine) ચલાવવાં, જેમાં વિજળી વગેરેનો ખૂબ વપરાશ થતો હોય તેવો વ્યવસાય કરવો, અગ્નિની ભઠ્ઠીઓથી લોખંડ ઓગાળી રેલવેનાં પાટાં વગેરે બનાવવાના

KOKUYO W-N8280U

વ્યવસાયમાં જોડાવું વગેરે. ટૂંકમાં, અગ્નિકાયની અને તેમાં પડતાં અનેક ત્રસ વગેરે જીવોની હિંસા થતી હોય, તેવો વ્યવસાય કે નોકરી વગેરેનો, એટલે કે અંગાર કર્મનો, ત્યાગ કરવો.

(૩૪) ખેતર વગેરેમાં સૂકું ઘાસ બાળવું, ઉકરડાં સળગાવવાં, જંગલનાં બીડો સળગાવવાં, કૌતુકથી જ્યાં-ત્યાં અગ્નિ સળગાવવો, મરણ નિમિત્તે કે ધર્મ નિમિત્તે કે પુણ્યબુદ્ધિથી કે સુશોભન માટે, દીવાં વગેરે પ્રગટાવવાં અને ખાસ હોળી વિગેરે લોક-તહેવારની ઉજ્જવણીમાં હોંશે-હોંશે જોડાવવું, તેમાં યોગદાન આપવું, દર્શન કરવાં વિગેરે → આ બધું જ, અગ્નિકાય, વનસ્પતિકાયની વિરાધનામાં ભાગીદાર બનાવીને આત્માને કર્મબંધ કરાવે છે. માટે, આ બધામાં, ત્રસ તથા સ્થાવર જીવોની હિંસા હોવાથી, તે ત્યાજ્ય છે.

(૩૫) 'દીવો સળગાવ', 'ગેસ સળગાવ' જેવાં શબ્દોનો પ્રયોગ ન કરવો. 'દીવો પ્રગટાવ', 'ગેસ ચાલુ કર', 'લાઈટની જયણા કરો' જેવાં શબ્દોનો પ્રયોગ કરી શકાય. કડવાં શબ્દો કહેવાં નહીં. અમુક વ્યક્તિને 'ફોન મારો' એવું કહેવાં કરતાં 'ફોન લગાવો' કહેવું.

(૩૬) અગ્નિ જલદ હોવાથી, જ્યાં અગ્નિ હોય, ત્યાં અન્ય સ્થાવરકાય અને ત્રસકાય જીવોની વિરાધના પણ સંભવિત છે. ઈલેક્ટ્રીક સાધનોનો ઉપયોગ ઓછામાં ઓછો કરો. પરંપરાગત ઓછી વિરાધનાંવાળાં સાધનો અથવા પદ્ધતિથી જ, બધી પ્રવૃત્તિ કરવાનો આગ્રહ રાખો. આધુનિક જીવનશૈલીમાં, વીજળીનાં સાધનોનો ખૂબ વપરાશ છે, જેનાથી અગ્નિકાયનાં જીવોની સખત વિરાધનાં થતી જ રહે છે. જેમ-જેમ નવાં-નવાં ઈલેક્ટ્રોનીક સાધનો બજારમાં આવે છે, તેમ-તેમ તેઉકાયનાં જીવોની વિરાધના વધતી જાય છે.

(૩૭) મકાનમાં કચરો કાઢવાં માટે કે સાફ-સફાઈ કરવાં માટે, વેક્યુમ ક્લીનર (ઈલેક્ટ્રીક સાવરણી) નો ઉપયોગ બિલકુલ ન કરો. તેમાં ત્રસ જીવોની પણ ખૂબ હિંસા છે. ઘણીવાર એમાં વાંદા, ગરોળી જેવાં જીવો પણ ખેંચાઈને મરી જાય છે. ઘણું ક્રૂર સાધન છે. બિલકુલ ન વાપરવું.

**: તેઉકાય જીવનો વિભાગ સમાપ્ત (THE END) :**

(103) **વાઉકાય (હવા)** (એકે. જીવનો ચોથો પ્રકાર)

<u>વાઉકાયનાં જીવોનાં દૃષ્ટાંતો</u>: ઠંડો વાયુ, ગરમ વાયુ, ગુંજારવ કરતો વાયુ, મંદ-મંદ વહેતો વાયુ, ઉપર તરફ જતો વાયુ, તીરછી દિશામાં જતો વાયુ, નીચે તરફ વહેતો વાયુ, ઘનવાત, તનવાત, પંખાનો પવન, A.C. નો ઠંડો પવન, Heater નો ગરમ વાયુ વગેરે.

<u>વ્યાખ્યા</u>: વાયુ = પવન, કાય = શરીર. એટલે પવનથી બનેલું જેમનું શરીર હોય અથવા વાયુ જ જેમનાં શરીર રૂપે હોય, એવાં જીવોને, 'વાયુકાયનાં જીવો' કહેવાય.

આ જીવો દેખાતાં ભલે નથી પરંતુ, તેનો અનુભવ તો 100% થાય જ છે. 'આજે ઠંડો પવન છે અથવા ગરમ પવન વહી રહ્યો છે' ઈત્યાદિ લોક વ્યવહારમાં પણ બોલાય છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાયની જેમ, વાયુકાયનો નાનામાં નાનો અંશ, એટલે કે, પવનની એક સામાન્ય લહેરથી પણ, ઓછામાં ઓછાં અસંખ્ય વાયુકાયનાં જીવોની હિંસા થાય છે.

<u>વાયુકાયનાં જીવોની બિનજરૂરી હિંસાથી બચવા માટેનાં ઉપાયો</u>:

(1) ઘર-ઓફિસાદિ સ્થળોમાં થતાં પંખાના વપરાશથી અસંખ્ય વાયુકાયનાં જીવોની હિંસા થાય છે. આ અસંખ્ય નિર્દોષ જીવોની વિરાધનાને જો નજર સામે લાવો, અથવા, જીવનભર માટે, પંખાનો ત્યાગ કરનારાં પૂ. સાધુ-સાધ્વીજીને જો નજર સામે લાવો, તો પંખા દ્વારા થતી અસંખ્ય વાયુકાયની વિરાધનાથી છૂટવાનો અથવા ઘટાડવાનો પ્રયત્ન, ઉત્સાહ જાગી શકે. કહેવત છે ને : 'Where there is will, there is way'.

(2) ગરમીનાં લીધે, વાતાવરણમાં બફારો હોય અને પરસેવો કદાચ વધારે થાય, તો તેમાં નુકસાન શું છે? પરસેવો વધારે થવાથી શું માણસ મરી જાય? "મારા નાશવંત શરીર ખાતર, મારે અસંખ્ય વાયુકાયનાં જીવોની વિરાધના નથી કરવી" → આવું વિચારીને, જીવનભર, પંખાનો ત્યાગ કરનારાં એવાં ઘણાં સુશ્રાવકો પ્રભુનાં શાસનમાં, આજે પણ વિદ્યમાન છે. "આવાં શ્રાવક રત્નોમાં, મારે પણ મારું નામ નોંધાવું છે" આવો શુભ વિચાર શું તમને નથી જાગતો? હમણાં સુધી ભલે નથી જાગ્યો, પરંતુ, હવે પછી શું જાગશે? અગર જાગશે તો ક્યારે? આ ભવમાં કે આવતાં ભવમાં?

(3) સત્ય ઓછું પડે, સત્યની કચાશથી કદાચ પંખો ચાલુ કરવા તમે તૈયાર થાઓ, તો પણ, ઘરે અથવા ઓફિસે આવ્યાં બાદ, બીજી જ મીનીટે, તરત ને તરત, પંખો ચાલુ કરવાની જરૂર શું? ઘરે અથવા ઓફીસે પહોંચતી વેળાએ, રસ્તામાં ટ્રાફીકમાં જો અટકી ગયાં હોત અને 15 મીનીટ જો મોડું થયું હોત, તો ગરમી સહન કરવાનાં જ હતાં ને....

KOKUYO W-N8280U

તો પછી; પંખાની સ્વીચ, તરત જ, શા માટે ચાલુ કરી નાંખો? ગરમી સહન થતી નથી કે પછી ગરમી સહન કરવી નથી? ભૂતકાળનાં, નરકનાં ભવમાં, તો આનાં કરતાંય, અનેકગણી ગરમી આપણે સહન કરેલ જ છે. ત્યાં ઘણું સહન કરવાં છતાંય, કોઈ વિશેષ લાભ ન થયો. કારણ કે, ત્યાં નરકમાં, પરાણે- સમજણ વિનાં, મન બગાડીને, ગરમી સહન કરેલ છે. નરકની ગરમીની સામે અહીંની ગરમી તો, કંઈ જ ન કહેવાય. અહીં આ ભવમાં, થોડું સહન કરવાં છતાંય, લાભ ઘણો મળે, કારણ કે, સામે ચાલીને, જીવદયાનાં આશયથી સહન કરાય છે. એટલે હવે નક્કી કરો કે, ઘરમાં આવ્યાં બાદ, કમ સે કમ, ૧૫-૨૦ મીનીટ માટે, ગરમી સહન કરવી છે અને પંખો ચાલુ નથી કરવો. ફાવશે ને? પરસેવો વધુ પડવાથી શું મરી જવાય?

(૪) અત્યંત અનિવાર્ય હોય તે સિવાય પંખો ચાલુ કરવો નહીં. પંખો ચાલુ થાય, ત્યારે પણ, સીધે-સીધું ૫-૬ નંબર ઉપર જ રાખવાની જરૂર શું છે? પંખો ચાલુ કર્યા બાદ, ૧૦ મીનીટ પછી, શું તમે પંખો બંધ કરી દો છો કે પછી ચાલુ ને ચાલુ જ રહેવા દો? ગરમીનાં કારણે, પંખો ચાલુ કર્યાં બાદ, ૧૦-૧૫ મીનીટમાં તો વાતાવરણ અને શરીર - બંને ઠંડું પડી ગયાં બાદ, તો હવે, પંખો બંધ કરી નાંખો તો ચાલી શકે. પરંતુ, જીવદયાનાં પરિણામોથી હૃદય ભાવિત થયેલ ન હોવાથી, એક વખત ચાલું કર્યાં બાદ, પંખો ચાલુ ને ચાલુ જ રાખવાની જરૂર શું છે? તેથી, જરૂર ન લાગતાં, તરત જ, પંખો કે એ.સી.ની જયણા કરવી. બિનજરૂરી એક મીનીટ માટે પણ વધારે ચાલુ ન રાખવા.

(૫) પંખામાં થતી વાયુકાયનાં જીવોની હિંસા કરતાંય, અનેકગણી વધારે વિરાધના તો, A.C. વાપરવામાં થાય છે. કારણ કે, પંખો વાપરવાથી, માત્ર પંખાની આજુબાજુમાં રહેલ વાયુકાયનાં જીવોની જ વિરાધના થાય છે. પરંતુ, A.C. વાપરવાથી, સંપૂર્ણ રૂમમાં રહેલ, પવનનાં જીવોની વિરાધના થાય છે. કારણ કે, A.C.ના માધ્યમથી, પૂરાં રૂમમાં રહેલ સ્વાભાવિક પવનને ઠંડો કરી નાંખવામાં આવે છે. તેથી, A.C. નો ઠંડો વાયુ = પરકાય શસ્ત્ર રૂપે બનીને, પૂરાં રૂમમાં રહેલ સ્વાભાવિક વાયુનાં જીવોને કિલામના પહોંચાડે છે.

(૬) દેરાસર-ઉપાશ્રય, ઘર-ઓફિસ અથવા બજારમાં નવરાં બેઠાં

No.
Date

હોય ત્યારે, 'આજે બફારો ઘણો થાય છે', 'આજે સરસ મજાનો ઠંડો પવન આવે છે', 'આજે તો પવન છે જ નહીં એટલે બફાઈ ગયાં' વિગેરે મુફલીસ વાક્ય પ્રયોગો, નકામાં કરવાથી, અસંખ્ય વાયુકાયનાં જીવોની, અનુમોદના દ્વારા, વિરાધના થાય છે. તેથી, આવાં વાક્ય પ્રયોગો કરતાં અટકવું. ઠંડા પવનની પ્રશંસા ન કરાય અને જો આવતો હોય તો પણ જરાય ગમાડાય નહીં (મનથી).

(૭) કોઈપણ વસ્તુઓ, પરસ્પર લેતાં અથવા મૂકતાં, ફેંકાય નહીં. વસ્તુ ફેંકીને લેતાં-મૂકતાં, અસંખ્ય વાયુકાયનાં જીવોની વિરાધના થાય છે.

(૮) ગ્લાસમાંથી પાણી પીવું હોય, તો ઉપરથી અદ્ધર રીતે, પાણી વાપરવું નહીં, તેવું કરવા જતાં, અસંખ્ય વાયુકાયનાં જીવોની વિરાધના થાય છે. ગ્લાસ મોઢે લગાડીને, નીચેથી પાણી પીધાં બાદ પણ, ગ્લાસ તરત કપડાથી લૂંછી નાંખવો પડે. ત્યારબાદ, લૂંછવાથી ભીનું થયેલ કપડું સૂકાવી દેવું પડે અને સૂકાઈ જતાં તરત જ દોરી ઉપરથી ઉતારી દેવું પડે.

(૯) તમારાં કોઈપણ નાનાં કે મોટાં વસ્ત્રો, દોરી ઉપર સૂકાવ્યાં બાદ, સૂકાઈ જતાં તરત જ લઈ લેવાં જોઈએ. વસ્ત્રો સૂકાઈ ગયાં હોવા છતાંય જો ૪-૬-૮ કલાક સુધી, પવનમાં ને પવનમાં જો ફરફરતાં રહે, તો અસંખ્ય વાયુકાયનાં જીવોની બિનજરૂરી વિરાધનાનો દોષ લાગે છે.

(૧૦) સાંસારિક પ્રસંગો, જન્મદિવસાદિ પ્રસંગોમાં પણ, તાળી પડાય નહીં. તાળી પાડવાથી પણ, અસંખ્ય વાયુકાયનાં જીવોની હિંસા થાય છે. એ જ રીતે, મોઢાથી ફૂંક પણ મરાય નહીં.

(૧૧) ટ્રેનની મુસાફરી કરવા કરતાંય, વિમાન-પ્લેનની મુસાફરી કરવામાં, વાયુકાયનાં જીવોની વિરાધના વધારે થાય છે. તેથી, શક્ય બને તો, પ્લેનની મુસાફરી ટાળવી.

(૧૨) ક્યારેક આપણી આજુબાજુમાં રહેલ કીડી અથવા ધૂળ-કચરો વગેરેને દૂર જો કરવું હોય તો, મોઢા દ્વારા ફૂંક મારીને દૂર ન કરવું. પરંતુ, સુકોમળ ઝાડુ, ચરવળો, પૂંજણી અથવા દંડાસનની આગળની સુકોમળ દસીઓથી, ધીરે-ધીરે કરીને દૂર કરવું. ફૂંક મારવાથી, અસંખ્ય વાયુકાયનાં જીવોની વિરાધનાનો દંડ લાગે છે. કારણ કે, પૃથ્વીકાય, અપકાય અને તેઉકાયની જેમ, વાઉકાય (વાયુકાય) માં પણ, ઓછામાં ઓછી વિરાધના, અસંખ્ય જીવોની જ થાય છે.

(१३) ઘણીવાર બહેનો, ભીનાં કપડાંઓને દોરીની ઉપર સૂકવતાં પૂર્વે અને સૂકાઈ ગયેલાં વસ્ત્રોને સંકેલતા પૂર્વે, વસ્ત્રોને જોરથી ઝાટકવાનું કરે છે. ઘણાં શ્રાવકો પણ, સામાયિક - પૂજા - પ્રતિક્રમણાદિ કર્યા બાદ, ધોતીની ઘડી વાળતાં પૂર્વે - સંકેલતા પૂર્વે, ધોતીને જોરથી ઝાટકવાનું કાર્ય કરે છે. પરંતુ, તે ઉચિત નથી. કારણ કે, વસ્ત્રોને જોરથી ઝાટકવાથી, અસંખ્ય વાયુકાયનાં જીવોની વિરાધના થાય છે અને આ રીતે વસ્ત્રો ઝાટકવાથી આપણાં હૃદયનાં પરિણામો પણ, ધીરે- ધીરે કરીને કઠોર બને છે.

(१४) જેમાં વાયુકાયનાં જીવોની direct અથવા indirect વિરાધના થતી હોય, તેવી ફેક્ટરી અથવા મિલાદિ વ્યવસાયમાં, શ્રાવકોએ જોડાવું નહીં. તે ઉપરાંતમાં, જેમાં મોટાં પાયે, વાયુકાયનાં જીવોની વિરાધના થતી હોય, એવી કંપનીઓનાં શેર આદિ પણ શ્રાવકોએ ખરીદવા નહીં. કારણ કે, આવી કંપનીઓનાં શેર ખરીદવા માત્રથી, તે કંપનીમાં થતી વાયુકાયનાં જીવોની તમામ વિરાધનાનો દંડ (અનુમોદના- નાં માધ્યમે), શેર ખરીદનારને લાગે છે.

(१५) ધોયેલાં વસ્ત્રો વ્યવસ્થિત નીચોવીને સૂકવવા. જો બરાબર ન નીચોવાય, તો વસ્ત્રો સૂકાતાં વાર લાગે છે. તેથી, પવનમાં વધારે સમય ફરફર થવાથી, વાયુકાયનાં જીવોની વિરાધના વધુ થાય છે.

(१६) શ્રાવકોએ તો પોતાનાં ઘરે, શોખ ખાતર, હીંચકો (ઝૂલો) બેસાડીને, તેમાં હીંચકા ખાવાનાં પાપમાં ન જોડાવાય. હીંચકો ખાવાથી અસંખ્ય- અસંખ્ય વાયુકાયનાં જીવોની બિનજરૂરી હિંસાનો દંડ લાગી જાય. હીંચકાનું પાપ - 'અનર્થદંડનું પાપ' કહેવાય.

પાપો બે પ્રકારનાં છે : (૧) અર્થદંડના પાપો, (૨) અનર્થદંડના પાપો.

→ જે પાપોનું સેવન કર્યા વગર ચાલી જ ન શકે અને ન છૂટકે કરવાં જ પડે, એવાં જરૂરી કક્ષાનાં પાપોને 'અર્થદંડનાં પાપો' કહેવાય.

→ જે પાપોનાં સેવન વિનાં પણ જીવન જીવવામાં કોઈ જ તકલીફ ન પડે, life style માં જરાય disturbance ન થવાનું હોય છતાંય, માત્ર ને માત્ર, મનોરંજન અથવા શોખ ખાતર કે પ્રમાદનાં લીધે સેવાતાં હોય, તેવાં પાપોને 'અનર્થદંડનાં પાપો' કહેવાય.

શ્રાવકનાં અતિચારોમાં, દર ચૌદસે જે બોલાતાં હોય છે, તેમાં પણ, અનર્થદંડનાં પાપોનાં વિભાગમાં, 'હિંચોળે હિંચ્યા' એ

No.
Date

પ્રમાણે, આનો સમાવેશ કર્યો છે. અર્થદંડનાં પાપોનું સેવન તો અનિવાર્ય - જરૂરી હોવાથી, તે પાપોથી કદાચ છૂટી ન શકાય, એવું હજુ સમજી શકાય છે. એવાં પાપોનો દંડ પણ આત્માને ઓછો લાગે. પરંતુ, અનર્થદંડનાં પાપોનું સેવન તો બિનજરૂરી હોવાથી, આત્માને કર્મબંધની મોટી નુકસાની વેઠવી પડે છે. શું ચાલશે ?

(૧૭) ઘરમાં પોતું મારવાના લીધે ભીની થયેલ લાદીને વહેલી તકે સૂકાવવા માટે અથવા ઉકાળેલ પાણીને ઠારવા માટે, આજે ઘણાં ઘરોમાં, specially પંખો full ઉપર જે ચાલુ કરી દેવાય છે, તે તદ્દન અનુચિત છે. એકબાજુ, આપણે ઉકાળેલું પાણી વાપરીએ અને બીજી બાજુ, તે પાણીને ઠારવા માટે, બિનજરૂરી અસંખ્ય વાયુકાયનાં જીવોની હિંસા થાય, તે કેટલું ઉચિત કહેવાય ? ધોવાયેલાં ભીનાં વસ્ત્રોને સૂકાવવા માટે પણ, ઘણાં ઘરોમાં special પંખો આજે ચાલુ કરાય છે, તે પણ ઉચિત નથી. તેથી, શક્ય બને તો આપણા ઘરમાં ચાલતી બિનજરૂરી અસંખ્ય વાયુકાયનાં જીવોની હિંસાથી, વહેલી તકે છૂટી જઈએ તો સારું.

(૧૮) આજે ઘણાં ઘરનાં રસોડામાં તથા બાથરૂમમાં, ગરમ હવા તથા ખરાબ સ્મેલવાળી (દુર્ગંધવાળી) હવાને બહાર ફેંકવા માટે, 'exhaust fan' નો ઉપયોગ થાય છે. તેનાથી, બિનજરૂરી વાયુકાયનાં અસંખ્ય જીવોની હિંસા થાય છે. બેદરકારીથી આ exhaust fan સતત ચાલુ રહે છે અને વિરાધના તથા કર્મબંધ પણ તેનાં લીધે સતત ચાલુ રહે છે. માટે, શક્ય હોય તો, આવાં exhaust fan ને કઢાવી નાંખવા અને નવાં તો ક્યારેય પણ નખાવવાં નહિ. ફાવશે ને ? થોડાં વર્ષો પૂર્વે, આ exhaust fan ની જ્યારે શોધ જ નહોતી થઈ, ત્યારે તે વખતનાં લોકો શું કરતાં હશે ? આ બધી, વિરાધનાવાળી વસ્તુઓનાં વપરાશ વિનાં પણ, મસ્તીથી, શ્રાવક-શ્રાવિકાઓનું જીવન, જો થોડાં વર્ષો પૂર્વે ચાલી શકતું હતું, તો તેનાં અભાવે, હમણાં શા માટે જીવી ન શકાય ?? જરા પ્રયત્ન તો કરી જુઓ. કોઈ જ વાંધો નહિ આવે તેની ખાતરી. બાકી આ બિનજરૂરી વિરાધના જો આપણાં ઘરોમાં ચાલુ રહે તો બિનજરૂરી, કર્મબંધથી ભારી થઈને આપણાં આત્માને દુર્ગતિમાં જવું પડે. ચાલશે ?

(૧૯) અસંખ્ય બિનજરૂરી વાયુકાયનાં જીવોની વિરાધનાથી બચવા માટે, વસ્ત્રો સૂકવતી પૂર્વે અથવા વસ્ત્રો સૂકાયાં બાદ લેતી વખતે, વસ્ત્રોને

જોરથી ઝટકાય નહીં → એ તો આપણે વિચારી ગયાં. પરંતુ, સૂકાયેલાં વસ્ત્રો દોરી ઉપરથી લેતી વખતે પણ વસ્ત્રોને ખેંચીને-ઝટકો મારીને લેવાય નહીં. આ કાળજી જો ન રાખો, તો જોરથી ઝટકા-પૂર્વક દરેકે દરેક વસ્ત્ર દોરી પરથી લેતી વખતે, દરેક વખતે, અસંખ્ય-અસંખ્ય વાયુકાયનાં જીવોની વિરાધનાનો દંડ આપણા આત્માને તથાં આપણાં સમગ્ર પરિવારને માથે પણ લાગે છે. તેથી, સૂકાઈ ગયેલાં કપડાં, ઝટકા-પૂર્વક ખેંચીને લેવાને બદલે, આપણાં બંને હાથોનો ઉપયોગ કરીને, એક હાથથી હળવાશથી વસ્ત્ર વાળવું અને સાથે બીજા હાથે લઈ લેવું. આ રીતે કરવાથી, અસંખ્ય વાયુકાયનાં જીવોની વિરાધનાથી બચી શકાય. ફાવશે ને?

(૨૦) 'આજે સરસ મજાનો ફર્સ્ટ ક્લાસ પવન આવે છે, આજે હવા ખાવાની મજા આવે છે' - વગેરે વગેરે વાક્ય પ્રયોગો વાણી દ્વારાં ઉચ્ચારાય નહીં, અથવા મનથી પણ વિચારાય નહીં. આત્મ જાગૃતિ ચૂકીને જો આવું બોલવાં ગયાં કે વિચારયાં ગયાં કે મનથી ગમાડયાં ગયાં, તો સુસવાટા પવનને લીધે થતી, અસંખ્ય વાયુકાયનાં જીવોની હિંસાનો દંડ (અનુમોદના દ્વારા) આપણાં આત્માને લાગી જાય છે. સુસવાટો પવન વહેતો હોય; ત્યારે રાજી થવાને બદલે, થતી અસંખ્ય વાયુકાયનાં જીવોની હિંસા પ્રત્યે, હૃદયમાં કરુણાંનાં ભાવો અને લાગણીનાં ભાવો લાવવાનાં.

(૨૧) ઉનાળામાં, ખાસ ઠંડા પવનની હવા ખાવા માટે, સાંજના સમયે, જુહુ-ચોપાટીનાં દરિયા કિનારે ફરવા જવાથી પણ, બિનજરૂરી અસંખ્ય વાયુકાયનાં જીવોની વિરાધનાંનો દંડ, આપણાં આત્માને લાગી જાય. સમભાવે, બફારો-ગરમી સહન કરવાથી, કર્મ નિર્જરા થાય અને બીજી બાજુ, special ઠંડો પવન ખાવા માટે જો sea-shore જાય, તો આત્માને કર્મબંધથી ભારે થવું પડશે. શું કરવું છે? શાંતિથી વિચારજો.

(૨૨) આજે ઘણાં લોકો, ટ્રેન, બસ, વાહન દ્વારાં મુસાફરી વખતે, બારી પાસે - window seat માટેનો આગ્રહ રાખતાં હોય છે. આનાં દ્વારાં અસંખ્ય વાઉકાયનાં જીવોની વિરાધનાનો દંડ લાગે છે, અને જીવહિંસાને પુષ્ટતા અપાય છે. ઉપાશ્રય, દેરાસર વગેરે ધર્મસ્થાનકોમાં પણ, પ્રતિક્રમણ-વ્યાખ્યાનાદિમાં બેસવા માટે, હવાની અવર-જવર

No.
Date

અથવા અનુકૂળ વાતાવરણની જગ્યાઓનો જે આગ્રહ રખાય છે, તે પણ યોગ્ય નથી. અને આનાં કરતાં આગળ વધીને, રૂમાલ, મુહપત્તિ, છાપાં, બુક વિગેરેનો ઉપયોગ હવા-પંખા તરીકે, હવા ખાવા માટે કરાતો ઘણીવાર જોવા મળે છે, તે તો બિલકુલ અયોગ્ય છે. દેહાધ્યાસને છોડીને, આપણાં મનને-આત્માને, જીવદયા પ્રેમી બનાવવાનાં છે. આજીવન માટે પંખા, A.C.નો ત્યાગ કરનાર, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોનો વિચાર કરશો, તો થોડું સહન કરવામાં કોઈ જ મુશ્કેલી નહીં પડે. Ambulance બોલાવીને તમને હૉસ્પિટલમાં દાખલ પણ કરવા નહીં પડે, તેની ખાતરી. ફાવશે ને?

(૨૩) ઘણાં સંઘમાં, રીટાયર્ડ થયેલાં, અમુક મોટી ઉંમરનાં ભાઈઓ, ટાઈમ-પાસ માટે તથા હવા ખાવાં માટે, સંઘની પેઢીમાં અથવા પેઢીની બહાર, ઉપાશ્રયનાં કેમ્પસમાં, આવીને ગપ્પાં મારે છે. આવાં ભક્તિવાં, શ્રાવકો-કાકાઓ, ઉપાશ્રયમાં આવે છે, તેનો વાંધો નથી. અરે, ગપ્પાં મારે છે, તેનો પણ વાંધો નથી. પરંતુ, સંઘના ખર્ચે ચાલતાં લાઈટ-પંખાદિનો વપરાશ કરવાં દ્વારા, બિનજરૂરી અસંખ્ય વાઉકાય-તેઉકાયનાં નિર્દોષ જીવોની વિરાધનામાં જે જોડાય છે, તે ઉચિત નથી. તેથી, આપણાં નિમિત્તે, સંઘનાં ઉપાશ્રયાદિ સ્થળોમાં, બિનજરૂરી ગેસ, લાઈટ કે પંખા વગેરે દ્વારા વિરાધના ન થાય, તેની પૂરી કાળજી લેવી. આ કાળજી રાખવાથી, સંઘનું બિનજરૂરી ઋણ આપણાં માથે ન ચઢે અને અસંખ્ય એકેન્દ્રિય જીવોની બિનજરૂરી વિરાધનાથી પણ બચી જવાય છે.

## : વાઉકાય જીવનો વિભાગ સમાપ્ત (THE END) :

## : હવે, વનસ્પતિકાય જીવનો વિભાગ શરૂ (START)

KOKUYO W-NB260U

No. ........

Date

# વનસ્પતિકાય (એકેન્દ્રિયનો પાંચમો પ્રકાર)

પોતાનો ખોરાક મળવાથી વધવું અને ન મળવાથી, કરમાઈ જવું, વગેરે ઘણાં પ્રયોગો, દુનિયાની સામે રાખીને, આજે વૈજ્ઞાનિકો પણ વનસ્પતિને જીવ તરીકે માને છે.

**વ્યાખ્યા:** વનસ્પતિ દ્વારા જેમનું શરીર બનેલું હોય, તેવાં જીવોને 'વનસ્પતિકાયનાં જીવો' કહેવાય.
વનસ્પતિકાયનાં મુખ્ય બે ભેદ છે :
(૧) પ્રત્યેક વનસ્પતિકાય અને (૨) સાધારણ વનસ્પતિકાય.

❀ Variety ની અપેક્ષાએ વિચારીએ, તો આ દુનિયામાં, બીજા તમામે તમામ જીવો કરતાંય, સહુથી વધારે variety તો, વનસ્પતિની દુનિયામાં જ જોવા મળશે. કારણ કે, તમામ પ્રકારનાં ફળો + તમામ પ્રકારનાં ફૂલો + તમામ પ્રકારનાં અનાજ + તમામ પ્રકારનાં શાકભાજીઓ + તમામ પ્રકારની વનૌષધિઓ + જડીબુટ્ટીઓ + તમામ પ્રકારનાં કંદમૂળો, લીલ, ફુગ, શેવાળાદિનો સમાવેશ, આ વનસ્પતિકાયની દુનિયામાં થાય છે. તેથી, સૌથી વધુ variety તો, આ વનસ્પતિકાયનાં જીવોમાં જ છે.

❀ વનસ્પતિકાયનાં મુખ્ય બે પ્રકાર

↓ પ્રત્યેક વનસ્પતિકાય

↓ સાધારણ વનસ્પતિકાય

**દા.ત.** તમામે તમામ પ્રકારનાં ફળો, ફૂલો, શાકભાજીઓ, અનાજો, વનૌષધિઓ, જડીબુટ્ટીઓ, વૃક્ષ, થડ, મોટી ડાળીઓ, નાની ડાળીઓ, વૃક્ષનાં મૂળિયાં, વૃક્ષની છાલ, પાંદડાઓ, ફળની છાલ, બીજ, ઘાસ, વેલડી, કાષ્ઠ (લાકડું), કંદમૂળ વગેરે વગેરે .....

**પ્રશ્ન:** એક વૃક્ષમાં હજારો પાંદડાં, ફળ, ફૂલ વગેરે વગેરે હોય છે, તો એક શરીરમાં અનેક જીવ શું ન થાય?

**જવાબ:** જેમ તલસાંકળીમાં પ્રત્યેક તલ, અલગ-અલગ છે અને આખી તલસાંકળી એક છે, તેમ, મૂળ, થડ, ફળ, ફૂલ, પાંદડાં – દરેકનાં

KOKUYO W-N8280U

જીવો અલગ-અલગ હોય છે અને આમાં વૃક્ષનો, વૃક્ષવ્યાપી જીવ એક જ હોય છે. જેમ એક જ ઘરમાં, દસ વ્યક્તિઓ સાથે મળીને રહેવા છતાંય, જીવ તરીકે તો બધાં જ એકબીજાંથી જુદાં-જુદાં છે, એ જ રીતે, એક જ વૃક્ષને આશ્રય રૂપે કરીને ફળ, ફૂલ, ડાળી આદિ જીવો એક સાથે રહેવાં છતાંય, દરેક જીવો એકબીજાથી જુદાં-જુદાં છે. માટે, એક શરીરમાં એક જ જીવ કહેવાય, વૃક્ષ = એક જીવ તરીકે છે, તેમ જ, તે વૃક્ષની છાલ, દરેક ફળ-ફૂલ, પાંદડાંઓ, ડાળીઓ, થડ, મૂળાદિ તમામે તમામમાં, જુદાં જુદાં જીવો રહેલાં છે.

❀ વનસ્પતિની વિરાધના કર્યા વિના, પોતાનું જીવન ચલાવનાર, વનસ્પતિ-લીલોતરીનો જીવનભર ત્યાગનાં નિયમવાળાં ઘણાં સાધુ-સાધ્વીજીનાં દૃષ્ટાંતો, પ્રભુનાં શાસનમાં મળશે. આ રીતે, વનસ્પતિનો સંપૂર્ણ ત્યાગ, આપણાં જીવનમાં, ભલે કદાચ ન થઈ શકે, પરંતુ, તેની બિનજરૂરી વિરાધનાથી તો અવશ્ય બચી શકાય છે.

## ❀ વનસ્પતિમાં જીવની સિદ્ધિ :

જગદીશચંદ્ર બોઝે, વનસ્પતિમાં જીવનું અસ્તિત્વ હોવાની સિદ્ધિ કરેલ હોવાં છતાંય, આજનાં નવાં વિચારોવાળાં ઘણાં જીવોને, તેની શ્રદ્ધા નથી અથવા તો શ્રદ્ધા હોવા છતાંય જોઈએ તેવી દૃઢ શ્રદ્ધા થતી નથી. માટે જ, જીવનમાં, વનસ્પતિનાં જીવોની, બેફામ, બિનજરૂરી વિરાધનાઓ થતી જોવા મળે છે. આવાં બુદ્ધિગામી જીવોને એમની ભાષામાં logic સાથેનાં પુરાવાં આપીને, વનસ્પતિનાં જીવોમાં પણ, આપણી જેમ લાગણીઓ વગેરે હોવાથી, જીવ તરીકેની શ્રદ્ધા દૃઢ કરવા માટે, અમુક સત્ય દૃષ્ટાંતો વિષે નીચે મુજબ આપણે વિચારી લઈએ. વનસ્પતિનાં, આ હૃદયસ્પર્શી દૃષ્ટાંતો જાણીને, માત્ર આશ્ચર્યચકિત નથી થવાનું, પરંતુ, જીવનમાં આ વનસ્પતિ જીવોની વિરાધનાને શક્ય એટલી વધુમાં વધુ ઘટાડવાનો પ્રયત્ન કરવાનો છે.

(૧) જીવનતત્વ : જે જીવનતત્વ આપણામાં વહી રહ્યું છે, તે જ જીવનતત્વ, પશુ-પક્ષીઓમાં, કીડા-જંતુઓમાં તથા વનસ્પતિ વર્ગમાં વહી રહ્યું છે. માત્ર કાયાનો ફેર છે, પરંતુ તેને મહત્ત્વ શા માટે આપવું? વળી વનસ્પતિ એકેન્દ્રિય છે, અબોલ છે, છતાંય તે માનવજાત પર કેટલો

ઉપકાર કરે છે? તે, પોતાના ભોગે, મનુષ્યને ખોરાક પૂરો પાડે છે, જુદી-જુદી જાતની ઔષધિઓ આપે છે અને તાજગીભર્યું સુંદર વાતાવરણ ખડું કરે છે। આમ છતાંય, મનુષ્ય જો તેનાં તરફ સદ્ભાવવાળો ન થાય, તો તેનાં જેવો જડ, મૂઢ કે કૃતઘ્ની કોણ?

(૨) <u>ત્રણ અવસ્થાઓ</u> : સામાન્ય રીતે, જીવનમાં ત્રણ અવસ્થાઓ હોય છે: (૧) બાલ્યાવસ્થા, (૨) યુવાવસ્થા અને (૩) વૃદ્ધાવસ્થા. આ ત્રણેય અવસ્થાઓ, વનસ્પતિનાં જીવનમાં, બરાબર જોઈ શકાય છે. તે ઉગે ત્યારે બાલ્યાવસ્થામાં હોય છે અને તેનાં અંગોપાંગો વિશેષ કોમળ હોય છે. પછી કાળક્રમે, યુવાવસ્થામાં આવે છે, ત્યારે તેનાં અંગોપાંગો બરાબર ખીલે છે અને ચોક્કસ આકાર ધારણ કરે છે. આ રીતે, કેટલોક કાળ વ્યતીત થયા પછી તેને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે અને તેનાં અંગોપાંગો કૃશ કે વિકૃત થવા લાગે છે. છેવટે તે કાળનાં અબાધિત નિયમને આધીન થઈ, મરણ પામે છે અને પોતાનું જીવન પૂરું કરે છે.

(૩) <u>આયુષ્ય</u> : મનુષ્ય, પશુ-પંખી, વગેરે જીવંત પ્રાણીઓને નિયત આયુષ્ય હોય છે, તેમ વનસ્પતિને પણ, નિયત આયુષ્ય હોય છે. કેટલીક વનસ્પતિનું આયુષ્ય ટૂંકુ હોય છે, તો કેટલીક વનસ્પતિનું આયુષ્ય લાંબું કે ઘણું લાંબું હોય છે. આપણે સો વર્ષનાં ઉપરનાં મનુષ્યોને ખોળવા જઈએ તો કોઈક જ મળે છે, પણ સો વર્ષ જૂનાં વૃક્ષો હજારોની સંખ્યામાં મળી આવે છે. ખજૂરીનાં વૃક્ષો ૩૦૦-૪૦૦ વર્ષનું આયુષ્ય સહેલાઈથી ભોગવે છે. જેરૂસલેમમાં ઓલીપ્સા નામનાં વૃક્ષો થાય છે, તે ૮૦૦ વર્ષનું આયુષ્ય ભોગવે છે. ચેસ્ટનટમાં વૃક્ષો ૧૦૦૦ વર્ષો સુધી જીવે છે. પ્રયાગ પાસે ભોંયરાનો વડ ૧૫૦૦ વર્ષ જૂનો ગણાય છે. અને હવે તો કેટલાંક ૫૦૦૦ વર્ષ જૂનાં વૃક્ષો પણ મળી આવ્યાં છે.

(૪) <u>શરીર રચના</u> : મનુષ્યાદિ જીવંત પ્રાણીઓને જેમ વિશિષ્ટ પ્રકારની શરીર-રચના હોય છે, તેમ વનસ્પતિને પણ વિશિષ્ટ પ્રકારની શરીર રચના હોય છે. તેમાં મૂળ, સ્કંધ (થડ), શાખા, પ્રશાખા, પત્ર, પુષ્પ, ફળ આદિ અનેક અંગો અવલકી શકાય છે.

(૫) આધુનિક વનસ્પતિશાસ્ત્રીઓ કહે છે કે, 'વનસ્પતિનાં મૂળિયાં હોજરીનું કામ કરે છે, તેમાં ફરતો રસ લોહીનું કામ કરે છે અને પાંદડાં ફેફસાંનું સ્થાન સાચવે છે.' કેટલાંક વનસ્પતિનાં મૂળિયાં તો એટલાં શક્તિશાળી હોય છે કે તે દૂર-દૂર પથરાય છે અને ત્યાંથી પોતાને જોઈતો આહાર

ગ્રહણ કરી લે છે. એક બાવળનાં મૂળ ૬૬ ફૂટ દૂર આવેલાં કૂવા સુધી પહોંચ્યા હતાં અને તેમાંથી પાણી ચૂસતાં હતાં.

(૬) વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી શોમાને કહ્યું છે કે, 'વનસ્પતિ અને જંતુરચનાની ગોઠવણનો પાયો એક જ છે. બંનેના શરીરમાં રહેલાં કોષો તપાસીએ તો તે ઘણાં મળતાં આવે છે.'

(૭) આહાર : બધાં જીવંત પ્રાણીઓ આહારથી વૃદ્ધિ પામે છે. અને આહારનાં અભાવે મૃત્યુ પામે છે. આ જ રીતે, વનસ્પતિ પણ, આહારથી વૃદ્ધિ પામે છે અને આહારનાં અભાવે મૃત્યુ પામે છે. એ વાત ખરી છે કે, મનુષ્ય અને પશુ-પક્ષીઓની પેઠે, વનસ્પતિને મોઢું કે જઠર હોતાં નથી, પણ તે પોતાનાં વિશિષ્ટ વિવરો (છિદ્રો) દ્વારા આહાર ગ્રહણ કરે છે અને તેનો રસ બનાવી પોતાની સમસ્ત કાયાનું પોષણ કરે છે.

(૮) ફ્રેન્ચ વૈજ્ઞાનિક કુવિએ પોતાનાં 'પ્રાણીરાજ્ય' નામનાં ગ્રંથમાં લખ્યું છે કે, 'આપણી પેઠે વનસ્પતિ પણ સચેતન છે. તે માટી, પાણી કે હવામાંથી હાઈડ્રોજન, ઓક્સિજન, નાઈટ્રોજન વગેરે પ્રાણપોષક તત્વોને ખેંચી લે છે. તેને બીજાં જંતુઓની જેમ મોઢું કે હોજરી હોતાં નથી, પણ નીચલી પંક્તિનાં જંતુઓની જેમ, તે વિવર દ્વારા આહાર ગ્રહણ કરી, તેને પચાવે છે.'

(૯) પ્રખ્યાત પ્રાણીશાસ્ત્રી ક્યારેબાચે લખ્યું છે કે, "વનસ્પતિ પોતાનાં સચેતન કણો વડે ખનીજ પદાર્થોને ગ્રહણ કરી પોતાને જોઈએ તે પ્રકારનાં આહાર રૂપે પરિણમાવી લે છે.' અનુકૂળ આહારથી પ્રાણીઓનાં શરીર નીરોગી તથા પુષ્ટ રહે છે અને પ્રતિકૂળ આહારથી રોગગ્રસ્ત તથા કૃશ બને છે. હવે વનસ્પતિમાં પણ આ જ સ્થિતિ જોવાય છે. તેને અનુકૂળ ખાતર-પાણી મળે, તો તે નિરોગી રહે છે અને પુષ્ટ થાય છે તથા પ્રતિકૂળ આહાર મળે તો રોગગ્રસ્ત અને કૃશ બને છે. અમુક વખતે અમુક પ્રમાણમાં પાણી પાવું વગેરે જે નિયમો બાંધવામાં આવ્યાં છે, તેમાં મુખ્ય વસ્તુ આ જ છે. આજે ખેતીવાડીનાં પ્રદર્શનોમાં ૧૨ રતલનો મૂળો, ૧૫ રતલનું રીંગણું કે ૨૫ રતલનાં પપૈયાં મૂકવામાં આવે છે, તે એમ બતાવવા માટે કે, અનુકૂળ ખાતર આપીએ તો વનસ્પતિની કાયા કેટલી કદાવર થાય છે!

(૧૦) કેટલીક વનસ્પતિનાં પાંદડાં કીડાં, કરોળિયાં, માખી વગેરે જંતુઓને પકડી લે છે અને તેનો રસ ચૂસી લે છે. ડ્રસેરા, આલન્ડ્રો, પીંગીકૂલા,

ઓટ્રીકુલેરિયા વગેરે આ જાતની વનસ્પતિ છે. રતાળુનાં પાંદડાં વિશે પણ આવું જ કહેવાય છે. ડ્રૂસેરાનાં છોડથી અડધો ઈંચ ઊંચે માખીને લટકાવવામાં આવે, તો થોડીવારમાં તો પોતાનાં પાંદડાંનાં કાંટાં તે તરફ ઊંચા કરીને, તેને પોતાનાં પંજામાં સપડાવે છે.

(૧૧) આફ્રિકાનાં મડાગાસ્કર ટાપુમાં, એક વૃક્ષ 'મનુષ્યભક્ષી' તરીકે ઓળખાય છે. તે આઠથી દસ ફૂટ ઊંચું હોય છે અને તેનાં પર કુંવારપાઠાનાં આકારનાં લાંબાં પાંદડાં હોય છે કે જેની ધારોમાં, તીક્ષ્ણ કંટકોની હાર આવેલી હોય છે. વળી, આ વૃક્ષને કેટલાંક તંતુઓ હોય છે જે હવામાં લટકતાં હોય છે. જો કોઈ મનુષ્ય તેને અડકે, તો તે તરત વીંટળાઈ જાય છે અને બીજાં તંતુઓ પણ તેનાં તરફ ધસારો કરી, તેનાં શરીરે ભરડો લઈ લે છે. પછી, એ મનુષ્ય, થડ તરફ ધકેલાય છે અને તેનાં રાક્ષસી પાંદડાંઓ વાંકાં વળવા લાગે છે. જ્યારે તે તદ્દન નજીક આવી પહોંચે છે ત્યારે તેનાં તીક્ષ્ણ કંટકો, પેલા મનુષ્યનાં શરીર પર ભોંકાવા લાગે છે અને તેમાંથી રક્ત છૂટે છે, તે થડ અને પાંદડાં ચૂસી લે છે અને તેને થોડી જ વારમાં, નિર્જીવ બનાવી દે છે. જ્યારે એ મનુષ્યનાં રક્ત-માંસ પૂરાં ચૂસાઈ જાય, ત્યારે પાંદડાંઓ ફરી ઊંચા થવા લાગે છે, તંતુઓ છૂટાં પડે છે અને એ વૃક્ષ પાછું મૂળ હાલતમાં આવી જાય છે. ત્યાંના જંગલી લોકો, કોઈપણ મનુષ્યને પ્રાણવધની શિક્ષા કરવી હોય, ત્યારે તેને આ વૃક્ષની પાસે લાવે છે અને તેનાં થડ તરફ ધકેલી દે છે. એટલે, ઉપર કહ્યું તેમ, તેનાં જીવનનો કરુણ અંજામ આવે છે. કેટલાક વિદેશી પ્રવાસીઓએ, આ દૃશ્ય સાક્ષાત્ જોયું છે અને તેની છબીઓ વર્તમાનપત્રોમાં પ્રકટ કરેલી છે.

(૧૨) <u>નિદ્રા અને જાગૃતિ</u> : જીવંત પ્રાણીઓમાં, 'નિદ્રા અને જાગૃતિ' એ બે પ્રકારની અવસ્થાઓ જોવામાં આવે છે. આવું કંઈ વનસ્પતિમાં છે કે? તેનો ઉત્તર હકારમાં સાંપડે છે. પુંઆડ, આંબલી વગેરે વૃક્ષોનાં પાન અમુક વખતે, બીડેલાં રહે છે અને અમુક વખતે, પૂરેપૂરાં ખીલેલાં હોય છે. આને, નિદ્રા તથા જાગૃતિનો ભાવ સમજવો. વળી, સૂર્યવિકાસી કમળ, રાત્રે બીડાઈ જાય છે અને દિવસે ખીલે છે. તથા ચંદ્રવિકાસી કમળ કે જેને સામાન્ય રીતે, કુમુદ કે પોયણાં કહેવામાં આવે છે, તે દિવસે બિડાઈ જાય છે અને રાત્રે ખીલે છે. એને પણ, નિદ્રા અને જાગૃતિનો ભાવ સમજવો. અંબાડી વગેરે પુષ્પોમાં પણ આમ જ બને છે. વૈજ્ઞાનિકોએ એવી નોંધ કરી છે કે, મદ્રાસનાં અનંતપુર જિલ્લાનું, ખજૂરીનું એક વૃક્ષ,

KOKUYO W-N8280U

મધ્ય રાત્રિથી નીચે પડવા માંડતું અને બપોર પહેલાં તદ્દન સૂઈ જતું. પછી, તે ઊભું થવા માંડતું અને મધ્યરાત્રિ પહેલાં તદ્દન ટટ્ટાર થઈ જતું. બંગાળમાં એક ખારેકનું વૃક્ષ એવું હતું કે, જે, રાત્રે ત્રણ વાગે તદ્દન નીચે પડી જતું અને મધ્યાહ્ન પછી ઊભું થવા માંડતું અને સાંજ સુધીમાં બરાબર ઊભું થઈ જતું. આને પણ, નિદ્રા અને જાગૃતિનો ભાવ સમજવો.

(૧૩) ભય : જીવંત પ્રાણીઓ માટે આહાર, નિદ્રા, ભય અને મૈથુન - એ ચાર સંજ્ઞાઓ મોટી ગણાય છે. તેમાંથી, આહાર અને નિદ્રાની, વાત ઉપર આવી ગઈ. હવે ભય સંબંધી વિચાર કરીએ. જ્યારે પ્રાણીને ભય લાગે છે, ત્યારે તે કંપે છે, ઘણીવાર, ચીસ પણ પાડે છે અને કોઈ સ્થળે છુપાઈ જવાનો પ્રયત્ન કરે છે. આમાં, જીજીવિષા એટલે જીવન-સંરક્ષણની વૃત્તિ મુખ્ય હોય છે. નિરીક્ષણ તથા પ્રયોગોએ એમ બતાવી આપ્યું છે કે, વનસ્પતિને પણ અમુક સંયોગોમાં ભય લાગે છે અને ત્યારે તેનાં શરીરમાં, અંતર્ગત કેટલાંક ફેરફારો થાય છે. લજ્જામણીનાં પાંદડાંને આપણો સ્પર્શ થતાં જ, તે એકદમ બીડાઈ જાય છે. આને ભયસંજ્ઞા સમજવી. તેમાં લજ્જા પણ મીશ્રિત હોય છે.

(૧૪) મૈથુન : મનુષ્યાદિ પ્રાણીઓની પેઠે, વનસ્પતિમાં પણ, મૈથુન સંજ્ઞા જોવામાં આવે છે. પ્રાચીન પુરુષોનાં કથન મુજબ, અશોક, બકુલ, ફણસ, કુરબક, તિલક વગેરે વૃક્ષો, સાલંકાર નવયૌવના સ્ત્રીનાં પાદપ્રહારથી, તેનાં મુખનું તાંબુલ નાંખવાથી, તેનાં સસ્નેહ આલિંગનથી, તેમ જ તેનાં હાવભાવ-કટાક્ષયુક્ત સ્વરથી, જલ્દી ફળ આપે છે. આધુનિક યુગનાં પુરુષોએ, આ વસ્તુની, અન્ય રીતે, પુષ્ટિ કરી છે. તેઓ કહે છે કે, પુષ્પોમાં - સ્ત્રીકેસર અને પુંકેસરની - રચના હોય છે. તે બંનેનો સમાગમ થવાથી ફૂલની ઉત્પત્તિ થાય છે. ફ્રાન્સ અને ઈટાલીમાં, વેલિસ્નેરિયા અને સ્પાઈરેલિશ - નામનાં જળરોપાઓ થાય છે. તેનો સમાગમ હેરત પમાડે એવો છે. જ્યારે, નારી-ફૂલ જળની સપાટી પર આવે છે, ત્યારે નર-ફૂલ પોતાનાં રોપામાંથી છૂટું પડીને તેની પાસે જાય છે અને તેને અડતાં જ ફાટે છે. આથી, તેનો પરાગ નારી-ફૂલમાં પડે છે. બીજા પણ કેટલીક વનસ્પતિઓ વિશે, એવી જ કે આ પ્રકારની, હકીકતો નોંધાયેલી છે. તેથી, વનસ્પતિમાં મૈથુન સંજ્ઞા હોવાનું સિદ્ધ થાય છે. આવી સંજ્ઞા, ચૈતન્ય શક્તિ વિના, કેમ સંભવી શકે?

No.
Date

(૧૫) ક્રોધ : કોકનદ વૃક્ષ, મનુષ્યનો પગ લાગતાં, હુંકાર કરે છે → તે ક્રોધનો ભાવ જાણવો.

(૧૬) માન : રુદંતીના છોડમાંથી પાણી ટપકે છે, તે એવા માન કે અહંકારથી કે, 'હું સુવર્ણસિદ્ધિ કરાવનાર છતાં લોકો દુઃખી કેમ છે ?'

(૧૭) માયા : ઘણું કરીને, સઘળી વેલડીઓ, પોતાનાં પાંદડાંથી ફળને છૂપાવે છે, તે માયાનો ભાવ જાણવો.

(૧૮) લોભ : 'શ્વેત અર્ક' એટલે ધોળો આકડો, પલાશ એટલે ખાખરો અને બિલીવૃક્ષ વગેરે પોતાનાં મૂળ, લોયમાં રહેલાં નિધિ તરફ લંબાવે છે અને તેનાં તરફ ફેલાઈ જાય છે → એ લોભનો ભાવ જાણવો.

(૧૯) ઓઘસંજ્ઞા : નબળો અંકુર પણ, ઢેફાં કે કઠિન ભાગ ફોડી, બહાર નીકળે છે, તે ઓઘસંજ્ઞા જાણવી. અથવા, વેલાઓ, ગમે ત્યાં ઉગ્યા હોય છતાંય, ચડવા માટે ઝાડ, વાડ વગેરે તરફ સહજ રીતે, પોતાની મેળે વળે છે અને તેનાં પર ચડે છે, વીંટળાય છે → તે ઓઘસંજ્ઞા જાણવી

(૨૦) હર્ષ : કેટલીક વનસ્પતિઓમાં, અકાળે, ફળ-ફૂલ ખીલી ઉઠે છે, તે હર્ષનો ભાવ જાણવો.

(૨૧) શોક : કેટલીક વનસ્પતિઓ, અકાળે સૂકાવા લાગે છે, તે શોકનો ભાવ જાણવો.

(૨૨) શબ્દગ્રહણ શક્તિ : કંદલ અને કુંડલ વગેરે વનસ્પતિઓ, મેઘગર્જનાથી પલ્લવિત થાય છે → તે શબ્દગ્રહણની શક્તિ સમજવી. વળી, વૃક્ષ તથા છોડવાઓ ઉપર, સંગીતની અસર થાય છે → તે પણ શબ્દ-ગ્રહણ શક્તિ સમજવી.

(૨૩) રૂપ ગ્રહણ શક્તિ : કુરબકાદિ વૃક્ષો, સાલંકાર, નવયૌવના સ્ત્રીઓનાં સાંનિધ્યથી ફળ આપે છે → તે રૂપગ્રહણ શક્તિ સમજવી.

(૨૪) ગંધગ્રહણ શક્તિ : કેટલીક વનસ્પતિ એવી હોય છે કે, જે ધૂપની સુગંધથી વધે છે → તેને ગંધગ્રહણ શક્તિ સમજવી.

(૨૫) રસગ્રહણ શક્તિ : બધી વનસ્પતિઓ, મૂળથી રસગ્રહણ કરે છે અને શેરડી જેવી કેટલીક વનસ્પતિઓ, ભૂમિમાંથી, મધુર રસ, વિશેષ પ્રકારે ખેંચે છે → તે રસગ્રહણ શક્તિ સમજવી.

(૨૬) સ્પર્શગ્રહણ શક્તિ : વનસ્પતિને અડકતાં, તેનાં શરીરમાં સ્પંદન થાય છે અને લજ્જાવંતી વગેરે સંકોચાઈ જાય છે → તે સ્પર્શગ્રહણ શક્તિ સમજવી.

(૨૭) રોગ : જેમ જીવંત પ્રાણીઓને, જુદી-જુદી જાતનાં રોગો લાગુ પડે છે,

અને તે યોગ્ય ઉપચારોથી સારાં થાય છે, તેમ વનસ્પતિને પણ, જુદી-જુદી જાતનાં રોગો લાગુ પડે છે અને તે યોગ્ય ઉપચારોથી સારા થાય છે.

(૨૮) <u>ઝેરની અસર</u> : જીવંત પ્રાણીઓ ઉપર ઝેરની અસર બહુ બૂરી થાય છે, તેમ વનસ્પતિ ઉપર પણ બહુ બૂરી થાય છે. તેનાં મૂળમાં કે થડની આસપાસ, અમુક પ્રકારનું ઝેર રેડાતાં, તે સૂકાઈ જાય છે, એટલે કે, પોતાનો પ્રાણ ત્યજે છે. પહેલાં, સૌરાષ્ટ્ર વગેરે દેશોમાં, 'હાથલિયાં થોર' ઘણાં થતાં પરંતુ, એક પ્રકારની દવા છાંટવાથી, એની આખી જાતિનો લગભગ નાશ થઈ ગયો છે.

(૨૯) મહાન વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બોઝ કહે છે કે, "આપણી પેઠે, વૃક્ષો વગેરે વનસ્પતિ પણ, ટાઢથી ઠરી જઈ મુડદાલ થાય છે અને હૂંફથી તેજમાં આવે છે; દારૂ જેવાં માદક પદાર્થોથી વધારે ચંચળ થાય છે અથવા ઘેનમાં પડે છે; ખરાબ હવાથી ગૂંગળાઈ જાય છે; અતિશ્રમથી થાકી જાય છે; મારવાથી પીડાય છે; બેભાન કરનારી દવાથી મૂર્છા પામે છે; વીજળીથી વિશેષ ચંચળ થાય છે; પરસાદથી સુસ્ત થાય છે; સૂરજની રોશનીથી સ્ફૂર્તિમાં આવે છે અને ઝેર કે બળાત્કારથી પ્રાણ ત્યજે છે. વૃદ્ધિ-ક્ષય, સુખ-દુઃખ, ટાઢ-તડકો, થાક-આરામ, નિદ્રા-જાગૃતિ → એ સર્વ, આપણી માફક તેઓ પ્રકટ કરે છે."

વનસ્પતિમાં જીવ કે જીવન હોવાની, આથી વધારે સાબીતિઓ બીજી કઈ જોઈએ !!

વનસ્પતિકાય (મુખ્ય બે પ્રકાર)

- ↓ પ્રત્યેક વનસ્પતિકાય
- ↓ સાધારણ વનસ્પતિકાય

No.
Date

## ॐ પ્રત્યેક વનસ્પતિકાયનાં લક્ષણો :

→ જે વનસ્પતિનાં પાંદડાંની નસો તથા તેનાં સ્કંધ-શાખાદિ વગેરેનાં સંધિસ્થાનો અને પર્વો સ્પષ્ટ જોઈ શકાય છે,

→ જેને ભાંગીએ તો બે સરખાં ભાગ થતાં નથી પણ વાંકાચૂંકા કે ખાંચાવાળા ભાગ થાય છે,

→ જેને ભાંગીએ તો તેમાં કોઈને કોઈ પ્રકારનાં તાંતણાં જણાય છે,

→ જેને છેદવાથી તે ફરી ઉગતી નથી.

આ સર્વે પ્રત્યેક વનસ્પતિકાયનાં લક્ષણો છે.

સંસારમાં રહેલ, સંસારી જીવોને, કદાચ વનસ્પતિની વિરાધના કરવી પડે, પરંતુ, બિનજરૂરી વનસ્પતિની થતી વિરાધનાથી બચવું હોય, તો ખુશીથી બચી શકાય છે. ભૂતકાળમાં, આપણે અનંતો કાળ, આ વનસ્પતિકાયમાં જ પસાર કરેલો હોવાથી, વનસ્પતિ ઉપરનો સહજ રાગ આપણાં અંતરમાં રહેલ હોય છે, તેથી, લીલોતરીની વિરાધનાને છોડવા માટે, ઘટાડવા માટે, જીવ જલ્દીથી તૈયાર ન થાય.

## ॐ —: સચિત્ત - અચિત્ત :—

એકપણ વનસ્પતિ આદિ જીવોની હિંસા કરવાની ઈચ્છા ન હોય, તેનું નામ 'શ્રાવક'. પરંતુ, સંસારમાં જવાબદારીઓની વચ્ચે રહેલ શ્રાવકે, અમુક હિંસા તો કરવી જ પડવાની છે. આ શરીર ટકાવવા માટે પણ, વનસ્પતિકાયની હિંસા તો કરવી જ પડશે. સમજુ-વિવેકી શ્રાવકને વનસ્પતિની હિંસા કદાચ કરવી પડે, છતાંય તેઓ સચિત્ત વનસ્પતિની વિરાધનામાં તો ન જ જોડાય. અચિત્ત (જીવ રહિત) અવસ્થામાં રહેલ વનસ્પતિ આદિનો ઉપયોગ કરવાથી પણ, આત્માને જીવહિંસાનો દંડ તો લાગે જ છે. પરંતુ, અચિત્તના બદલે સચિત્તની વિરાધનાનો દંડ, અનેકગણો વધારે લાગે છે. તેથી, મૂળ વિધિએ, શ્રાવકો સચિત્તના ત્યાગી હોય છે, પરંતુ, સચિત્ત કોને કહેવાય અને અચિત્ત કોને કહેવાય, એ પાયાની સમજણ વિના, સચિત્તનો ત્યાગ ન કરી શકાય. તેથી ચાલો, તેની કંઈક સમજણ લઈએ અને સચિત્તના ત્યાગી થવા દ્વારા, જ્ઞાની ભગવંત માન્ય, શ્રાવકનું બિરુદ મેળવીએ.

KOKUYO W-NB280U

જેમાં 'જીવ' હોય, તે 'સચિત્ત' કહેવાય અને જેમાં 'જીવ' ન હોય, તે 'અચિત્ત' કહેવાય.
સ = સહિત , ચિત્ત = જીવ ∴ જીવ સહિત અવસ્થા = સચિત્ત
અ = રહિત , ચિત્ત = જીવ ∴ જીવ રહિત અવસ્થા = અચિત્ત

(૧) ઘઉં, બાજરી વગેરે આટો થવાથી, શેકવાથી કે રાંધવાથી અચિત્ત બને છે. ધાણા, જીરું, સુવા, અજમો વગેરે ખાંડવાથી કે અગ્નિનું શસ્ત્ર લાગવાથી અચિત્ત બને છે. વરિયાળી સૂકી હોય તો તે પણ શેકવાથી અચિત્ત બને છે.

(૨) ચોક, ખડી પાણીમાં ઉકાળીને સૂકાવવાથી અચિત્ત બને છે. લીલાં દાતણ સૂકાં થવાથી અચિત્ત બને છે.

(૩) લીમડાનાં પાન કઢીમાં રંધાયા હોય તો અચિત્ત બને છે. તુલસી વગેરેનાં પાન ગરમ ઉકાળા વગેરેમાં બાફવાથી અચિત્ત બને.

(૪) કોથમીરની ચટણી કે ફુદીનાની ચટણીમાં મીઠું સચિત્ત હોય, તો પણ, બંને ખૂબ ઘૂંટાવાથી, પરસ્પર શસ્ત્ર બનીને, બંનેય, બે ઘડી પછી અચિત્ત બને છે. (બે ઘડી = ૪૮ મીનીટ)

(૫) દાડમનો રસ અને શેરડીનો રસ, રસ કાઢ્યા પછી બે ઘડીએ અચિત્ત બને છે. આમાં, શેરડીનો રસ, રસ કાઢ્યાથી બે પ્રહર પછી અભક્ષ્ય થાય છે. વર્ષીતપનાં પારણે, આ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. કેરીનો રસ ગોટલો જુદો પડ્યા પછી બે ઘડીએ અચિત્ત બને છે

(૬) જાંબુ, રાયણ, બોર, લીલી બદામ, લીલી દ્રાક્ષ, જળદાલું વગેરે ઠળિયા કાઢ્યા પછી, બે ઘડી બાદ અચિત્ત થાય છે. પાકાં સર્વે ફળો જેવાં કે, ચીભડાં, સક્કરટેટી, પપૈયું, સફરજન, મોસંબી, ચીકુ, નારંગી વગેરે બધાં બી કાઢ્યા પછી, બે ઘડી બાદ, અચિત્ત થાય છે. બદામ, અખરોટ ⟶ મીંજ કાઢ્યાં પછી, બે ઘડી બાદ 'અચિત્ત' થાય છે. સોપારી ભાંગ્યા બાદ, બે ઘડી બાદ, અચિત્ત બને છે. ગુંદર ઝાડ ઉપરથી ઉતાર્યા બાદ, બે બ ઘડી બાદ અચિત્ત બને છે.

(૭) પાકાં કેળાં, લૂમથી જુદાં પાડ્યાં પછી, તરત જ, અચિત્ત બને છે. શ્રીફળ (નાળિયેર) નું પાણી અને ટોપરું બી કાઢ્યા પછી, બે ઘડી બાદ, અચિત્ત બને છે.

(૮) કાચાં લીલાં ફળો (કાકડી, કાચી કેરી, જામફળ વગેરે) માંથી

No.

Date

બીજ કાઢી નાંખવા છતાં પણ, બે ઘડી પછી પણ, અચિત્ત થતાં નથી.
કારણ કે, તેમાં જીવ પ્રથમની માફક જ રહે છે, તેથી તે ફળો
એકાસણાં વગેરેમાં અને સચિત્તનાં ત્યાગીને કલ્પે નહીં. કાકડીનું શાક
બરાબર સીઝવવામાં આવે, તો તે અચિત્ત બને છે. જામફળનાં
બી ચૂલે ચડાવ્યાં બાદ પણ ગળતાં ન હોવાથી, તેનાં બી કાઢીને
બનાવેલું, જામફળનું શાક, અચિત્ત બને છે. બી સહિત શાક હોય,
તો અચિત્ત ગણાય નહીં. તેજ રીતે, ગોટલો જુદો કર્યા પછી, કાચી
કેરીને અગ્નિનું શસ્ત્ર આપવામાં આવે, તો તે અચિત્ત બને છે.
જ્યારે, પાકાં ફળો, બીજ રહિત કર્યા પછી, બે ઘડી બાદ, અચિત્ત
થાય છે.

(૯) સાકર અને રાખનું પાણી, બે ઘડી બાદ, અચિત્ત બને છે.
ત્રિફળા ચૂર્ણનું
પાણી પણ બે ઘડી બાદ જ અચિત્ત બને છે અને તે પછી પાણીનાં
જેટલાં સમય સુધી જ અચિત્ત રહે છે, ત્યારબાદ સચિત્ત બને છે. બરાબર ત્રણ
ઉકાળા લઈને ઉકાળેલ પાણી, શિયાળામાં ચાર પ્રહર સુધી, ઉનાળામાં
પાંચ પ્રહર સુધી, અને ચોમાસામાં ત્રણ પ્રહર સુધી, અચિત્ત રહે છે,
ત્યારબાદ ફરી સચિત્ત બને છે. જો તે પહેલાં, તેનામાં ચૂનો ભેળવી
દેવામાં આવે, તો તે પાણી, બીજા ૭૨ કલાક સુધી અચિત્ત રહે છે.

(૧૦) કાચું મીઠું નવા માટલામાં ભરી, તેની ઉપર માટીની ઢાંકણી મૂકી,
તેને કાચી ચીકણી માટીથી પેક કરી, કુંભારનાં ઈંટના નિભાડાની
વચમાં પકવવામાં આવ્યું હોય કે સખત ભઠ્ઠીમાં પકવવામાં આવ્યુંહોય,
તો તે ૨-૪ વર્ષ, કે તેથી પણ વધારે વખત, અચિત્ત રહે છે.
તાવડી ઉપર બરાબર શેકેલું કે ચૂલે પાણીમાં ઓગાળીને ચાસણી
કરીને પકાવેલું મીઠું, ચોમાસામાં ૭ દિવસ સુધી, શિયાળામાં ૧૫
દિવસ સુધી અને ઉનાળામાં ૩૦ દિવસ સુધી, અચિત્ત રહે છે.
પછી ફરી સચિત્ત થઈ જાય છે. સંચળ અચિત્ત મનાય છે.
સિંધાલુણ (સિંધવ): મીઠું
અચિત્ત મનાય છે.

(૧૧) વીંધેલા મીંઢળનો અંતર્મુહૂર્ત પછી (બે ઘડી પછી) વૃદ્ધ પુરુષો
અચિત્તપણે વ્યવહાર કરે છે. (સેન પ્રશ્ન ગ્રંથમાંથી)

(૧૨) લીલા ચણા, ઘઉં, મગફળી, પાપડી, બાજરી વગેરેનો પોંક

શેકેલો હોય, તો તે મિશ્ર છે → એટલે કે, તેમાં સચિત્તપણું હોય છે. માટે, સચિત્તનાં ત્યાગી કે એકાસણાં-બેસણાં કરનારને વપરાય નહીં. લીલાં ચણા, ઘઉં, મકાઈ વગેરે બાફેલાં હોય, તો તે અચિત્ત છે. લવિંગ, સૂકા મરી અચિત્ત છે. અજમો સચિત્ત છે. સેકેલો અથવા વાટેલો અજમો હોય, તો તે અચિત્ત કહેવાય છે.

(૧૩) ગુલાબજળ સચિત્ત હોય છે. તેથી, લગ્નાદિ સાંસારિક પ્રસંગોમાં, શક્ય બને તો તેનો વપરાશ છોડી દેવો. દેરાસર- ઉપાશ્રયમાં, કોઈક વિશેષ ધાર્મિક પ્રસંગે, અથવા તો પર્યુષણમાં જન્મ-વાંચન આદિનાં કોક વિશેષ મોટાં દિવસે, અથવા વરઘોડાદિમાં, ગુલાબજળનો છંટકાવ કદાચ શ્રી સંઘ ઉપર થતો હોય, ત્યારે પણ, પૂ. સાધુ-સાધ્વીજી અથવા પૌષધાર્થીઓ અથવા સામાયિકવાળાં શ્રાવકો ઉપર, ગુલાબજળનાં ટીપાંઓ ન ઉડે, તેની ખાસ કાળજી રાખવાની. તેઓ, વિરતીમાં- સામાયિકમાં રહેલાં હોવાથી, સચિત્ત દ્રવ્યનો સ્પર્શ તેઓ દ્વારાં ન કરી શકાય.

(૧૪) કાચાં પાણીમાં બનાવેલ છાશ, લીંબુનું પાણી, તજ-લવિંગ-સાકર પાણી, ગોળનું પાણી વગેરે સચિત્ત કહેવાય. આ તમામ વસ્તુઓ, કાચાં પાણીમાં બનેલ હોવાં છતાંય, બે ઘડી બાદ, અચિત્ત થઈ જતી હોવાથી, પૂ. સાધુ-સાધ્વીજીને (૪૮ મીનીટ બાદ) વહોરાવી શકાય અને એકાસણાદિમાં શ્રાવકો પણ વાપરી શકે. આ બધાંનો કાળ, તે તે ઋતુમાં ઉકાળેલાં પાણીનો કાળ જે પ્રમાણે હોય, તે પ્રમાણે જ સમજવો

નોંધ: સચિત્ત-અચિત્ત અંગેની માહિતી, માત્ર જાણવાથી લાભ ન થાય. પરંતુ, જાણેલું જીવનમાં અમલ કરાય, જીવનમાં ઉતારાય, તો જ આત્માને લાભ થાય. તેથી, પેટનો ખાડો ભરવા માટે કે આરોગ્ય માટે, કદાચ વનસ્પતિની વિરાધના કરવી પડે, તો પણ, કમ-સે-કમ સચિત્ત વનસ્પતિની વિરાધનામાં તો, હવે પછી જોડાવવું નહીં. તો જ, જાણેલું- સાંભળેલું સાર્થક સાબિત થઈ શકશે, અન્યથા નહીં.

No. ............
Date

# ❀ પ્રત્યેક વનસ્પતિની બિનજરૂરી વિરાધનાથી બચવાના ઉપાયો:

(૧) શિયાળાનાં ચાર મહિના સિવાય, બાકીનાં આઠ મહિનાં માટે, (ચોમાસામાં ૪ મહિના + ઉનાળાનાં ૪ મહિના), કોથમીર આદિ તમામે-તમામ ભાજીપાલો (મેથીની ભાજી, તાંદલિયાની ભાજી આદિ) વાપરવાનો નિષેધ કરવો → એ પ્રભુની આજ્ઞા છે. આવું જાણવા છતાંય, માત્ર રસનાને પોષવા માટે, સ્વાદ ખાતર, આજે ઘણાં લોકો, શિયાળા સિવાય પણ, કોથમીર આદિનો વપરાશ ચાલુ રાખે છે. આ રીતે, જાણી જોઈને, પ્રભુની આજ્ઞાને તોડનારાંઓને, ભવાંતરમાં, દુર્લભ એવું પ્રભુનું શાસન અને આવી પ્રભુની આજ્ઞા કઈ રીતે મળી શકે ?? એટલે કે, ન જ મળી શકે.

(૨) ઘણાં ખરા જીવોનો, પરભવ સંબંધી આયુષ્યનો બંધ, પ્રાયઃ કરીને તિથિનાં દિવસોમાં થવાની શક્યતા વધારે હોય છે. તેથી, તિથિનાં દિવસોમાં, સદંતર લીલોતરી ત્યાગની, પ્રભુ આજ્ઞા છે. લીલાં શાકભાજી, જેમ તિથિનાં દિવસોમાં ન વપરાય, તેમ જ, તમામે-તમામ ફળ, ફ્રૂટ, કેળાનું શાક, ટામેટાં, લીંબુનો રસાદિ પણ તિથિનાં દિવસે ન વપરાય. કારણ કે, કાચાં-પાકાં કેળાં આદિ, આ બધી વસ્તુઓનો સમાવેશ પણ લીલોતરીમાં થાય છે. શાકભાજી જો લીલોતરી ગણાય, તો શાકભાજી કરતાંય વધુ રાગ કરાવનાર, ફળ-ફ્રૂટ તો મહા-લીલોતરી તરીકે કહી શકાય.

"આયુષ્યનો બંધ = પરભવ સંબંધી આપણી સારી કે ખરાબ ગતિનું નક્કી થવું." એટલે કે, આપણાં સંપૂર્ણ જીવન દરમ્યાન (આ ભવ દરમ્યાન), કોક ક્ષણ એવી આવે છે કે જ્યારે આપણું પરભવનું આયુષ્ય બંધાય છે. આયુષ્ય બંધાતી વખતે, તે ક્ષણે, જો આપણાં ભાવ સારાં હોય, તો આવતાં ભવમાં આપણને સારી ગતિ મળે છે અને તે ક્ષણે, જો આપણાં ભાવ ખરાબ હોય, તો આવતાં ભવમાં આપણે કોક હલકી ગતિમાં ઉત્પન્ન થવું પડે છે. પ્રાયઃ કરીને, મોટાં ભાગે, તિથિનાં દિવસોમાં આ આયુષ્ય બંધ થવાની શક્યતા વધુ હોવાથી, જ્ઞાની ભગવંતોએ, તિથિનાં દિવસે લીલોતરી વાપરવાની ના પાડી છે.

આપણો અનંતો ભૂતકાળ, જે પસાર થયેલ છે, તેમાંથી, ઘણો મોટો કાળ, આપણો આત્મા, વનસ્પતિમાં જ રહ્યો છે,

ઉત્પન્ન થયેલ છે. તેથી જ, વનસ્પતિ પ્રત્યે, આપણાં હૃદયમાં, સહજપણે ગમાપણાનો પરિણામ (રાગ) વર્તે છે. હવે, તિથિનાં દિવસે, જો આપણે રાગપૂર્વક લીલોતરી વાપરતાં હોઈએ, અને તે જ ક્ષણે, જો આપણું આયુષ્ય બંધાય (આયુષ્યનાં બંધ પડે તો), તો, 'જેવી મતિ તેવી ગતિ' નાં નિયમ અનુસાર, આવતાં ભવમાં, આપણને વનસ્પતિનાં ભવમાં ઠોકાઈ જવું પડે. તેથી, તિથિનાં દિવસે, ચુસ્તપણે વનસ્પતિનો ત્યાગ રાખવો.

(૩) જો શક્ય બને તો, સૂકવણીવાળાં લીલાં શાક પણ, તિથિનાં દિવસે વાપરવાનાં ટાળવાં. જેમને કઠોળાદિ વાપરવાથી, વિશેષ પ્રમાણમાં, વાયુ, પિત્ત, એસિડીટી વગેરે મોટી શારીરિક તકલીફ થતી હોય, તેવાં લોકો કદાચ સ્વાસ્થ્યની દૃષ્ટિએ, સૂકવણી વાપરે તો વાંધો નથી. પરંતુ, આવાં કોઈ વિશેષ કારણ વિનાં, જો આપણે તિથિનાં દિવસે, સૂકવણી વાપરવાનું રાખીએ, તો તિથિનાં દિવસે, વનસ્પતિ ઉપરનો આપણો રાગ ઘટાડવાનો, તોડવાનો, જ્ઞાની ભગવંતોનો આશય, ન સચવાય. કારણ કે, તિથિનાં દિવસે સૂકવણી શાક વાપરતી વેળાએ, વાપરનારને તો જાણે કે 'હું લીલોતરી જ વાપરી રહ્યો છું.' એવાં ભાવો-પરિણામો ઉભાં થાય છે, એટલે, લીલોતરી ઉપરનો રાગ તો ઉભો જ રહ્યો ને ? રાગ તોડવાનાં બદલે વધુ તગડો થાય.

(૪) બગીચા વગેરે ફરવાનાં સ્થળોમાં રહેલ ઘાસ ઉપર ચાલવું, બેસવું કે સૂવું નહીં. અરે ! ઘાસને અડાય પણ નહીં. પાર્ટી-પ્લોટ, ગ્રાઉન્ડ, મેદાનાદિ સ્થળોમાં, સમજુ-વિવેકી શ્રાવકો, પોતાનાં ઘરનાં કોઈપણ સાંસારિક કે ધાર્મિક પ્રસંગોમાં, જમણવારાદિ ન ગોઠવે. સમજુ શ્રાવકો આવી ભૂલ પોતે તો ન જ કરે, પરંતુ, પ્રેરક રૂપે બનીને, બીજાં પાસે આવા પ્રસંગોની ગોઠવણાદિ કરાવે પણ નહીં. કોકનું આમંત્રણ મળવા છતાંય, આવા પ્રસંગોમાં જવાનું શ્રાવક ટાળી દે છે. કારણ કે, કોકે ગોઠવેલ આવાં પ્રસંગોમાં, હાજરી આપવા માત્રથી પણ, મોટાં પાયે થયેલ વનસ્પતિની વિરાધનાની અનુમોદનાનો દંડ લાગે છે. તાજાં જન્મેલાં બાળકનાં સુકોમળ શરીરનાં ૩.૫ કરોડ રૂંવાટામાં, એક સાથે, ૩.૫ કરોડ ધગધગતી સોય ભોંકવાથી, જે પીડા નાના બાળકને થાય છે, તેનાં કરતાંય અનેકગણી વધારે પીડા, ઘાસાદિ વનસ્પતિનાં જીવોને, અડવા માત્રથી, થાય છે. જો અડવા માત્રથી આ પીડા હોય,

તો તે વનસ્પતિ ઉપર ચાલવાથી, બેસવાથી, સૂવાથી કે શસ્ત્રક્રિયા કરવાથી, પીડા વધારે કે ઓછી ??

પાર્ટી-પ્લોટ વગેરે સ્થળોમાં તો થોડાં-થોડાં દિવસે, બુલડોઝર-કટરાદિ ફરાવીને, વનસ્પતિને કાપવામાં પણ આવે છે. આ રીતે કપાતાં, એકેન્દ્રિય રૂપે રહેલાં, એવાં વનસ્પતિકાયનાં જીવોની વેદના કેટલી અને કેવી હશે ? વનસ્પતિ ઉપર ચાલવાથી, નિર્દોષ વનસ્પતિનાં જીવોને કચડવાનાં દંડ રૂપે, ભવાંતરમાં આપણને પણ વનસ્પતિના ભવમાં જ્યારે ગોઠવાઈ જવું પડશે અને જ્યારે આપણી ઉપર શસ્ત્રો ફેરવવામાં આવશે તો ત્યારે સમાધિપૂર્વક આ વેદનાને શું આપણે સહી શકીશું ?

(૫) ટી.વી. ઉપર અથવા તો રૂબરૂ સ્ટેડિયમે જઈને, ક્રિકેટ-મેચ જોવાથી, ઘણાં મોટાં પ્રમાણમાં થતી વનસ્પતિકાયની હિંસાનો દંડ લાગે છે. જે ગ્રાઉન્ડ ઉપર ક્રિકેટ મેચ રમાય છે, તે પૂરેપૂરા ગ્રાઉન્ડ ઉપર, ઘાસ રહેલ હોવાથી, સતત ૧૦-૧૨ કલાક સુધી, ક્રિકેટરો દ્વારાં, આ ઘાસની ઉપર દોડાદોડ કરવાથી, વનસ્પતિનાં જીવોની વિરાધના થાય છે. તે સંપૂર્ણ વિરાધનાનો દંડ, જોનારાઓને માથે પણ લાગે છે. કારણ કે, કરણ, કરાવણ અને અનુમોદન → ત્રણેયનાં સરખાં ફળ કહ્યાં છે. આ મેચ રમતાં પૂર્વે, ગ્રાઉન્ડ ઉપર, જાણી જોઈને, ઘાસ ઉગાડાય છે અને ત્યારબાદ, થોડાં-થોડાં દિવસે, ઉગેલાં ઘાસને બુલડોઝરનાં કટર દ્વારાં કાપીને સમતલ કરવામાં આવે છે. પૂર્વે કહેલ પ્રમાણે, ઘાસને અડવા માત્રથી થતી વનસ્પતિનાં જીવોની કિલામનાનો દંડ, શું જોનારાઓને ન લાગે?

(૬) જ્યાં ચારેબાજુ લીલી વનસ્પતિ પથરાયેલી હોય, એવાં હીલ-સ્ટેશન, બગીચાદિ ફરવાનાં સ્થળોમાં, ફરવા માટે ન જવાય. આ હરિયાળી (greenery) માણવા જઓ ત્યારે, વનસ્પતિ જોતાં-જોતાં, જો મનથી ગમી જાય, અથવા વાણીથી એની પ્રશંસા થાય તો, ચીકણામાં-ચીકણાં મોહનીય કર્મ બંધાય છે. ગમાડતી વખતે જો આપણું આયુષ્ય બંધાય, તો ચોક્કસપણે વનસ્પતિનાં ભવમાં ઠોકાઈ જવું પડે. વનસ્પતિનાં જીવોને (લીલી હરિયાળી) જોઈને રાજી થવાનું નથી, પરંતુ, તેમનાં પ્રત્યે દયા ચિંતવવાની છે. વનસ્પતિનાં જીવોને જોઈને, રડતાં હૃદયે આપણે વિચારવાનું કે, 'ભૂતકાળની કોક ભૂલને લીધે, આ જીવોને, વનસ્પતિનો ભવ મળ્યો છે. ને ભવમાં, વૃક્ષનાં પાંદડાં બનીને આખી જીંદગી, માત્ર ને માત્ર ઉંધા લટકવાનું અને ઠંડી, ગરમી, વરસાદાદિ તમામ

KOKUYO W-NB280U

દુઃખોને ચૂપચાપ સહન કરવાનું અને એનાં જન્મ-મરણની કોઈપણ નોંધ ન લેવાય. કયું પાંદડું ક્યારે આવ્યું અને ક્યારે ખરી પડ્યું, તેની નોંધ પણ દુનિયામાં કોઈ લેવા તૈયાર નથી. આવી નિઃસહાય અવસ્થાવાળાં, આ વનસ્પતિનાં ભવમાં, મેં પણ મારો અનંતો ભૂતકાળ પસાર કર્યો છે, અને હવે વર્તમાનમાં, જો આ વનસ્પતિને જોઈને હું રાજી થઈશ તો ભવાંતરમાં ફરી પાછું આ વનસ્પતિનાં ભવમાં મારે જવું પડશે.' આ રીતે, વનસ્પતિનાં જીવોનાં દુઃખોને, નજર સામે લાવીને, હૃદયમાં, તે જીવો પ્રત્યે, કરુણા-દયાભાવ પ્રગટાવવો, પરંતુ, રાજીનાં રેડ થઈને કર્મબંધ ન કરવાં. ભવિષ્યમાં, આવાં પ્રકારનો વનસ્પતિનો ભવ જો આપણને મળશે, તો શું આપણી સમાધિ ટકશે? અતિ દુર્લભ....

(૭) દેવલોકમાંથી ચ્યવીને, ઘણાં દેવતાઓ, વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. અહીં આપણી પૃથ્વી ઉપર રહેલાં, સારામાં સારાં, Switzerland આદિનાં આકર્ષક મનમોહક બગીચાઓ કરતાંય, અનેકગણાં વધારે આકર્ષક, નંદનવનાદિનાં બગીચાઓ દેવલોકમાં હોય છે. હવે, આ બગીચાઓની, કારમી આસક્તિ, જે દેવોને હોય છે, તે દેવતાઓ, પોતાનો ભવ પૂરો કરીને, વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે.

ક્યારે દેવલોકનું આયુષ્ય, માત્ર ૬ મહિનાનું બાકી હોય, ત્યારે, દેવતાઓનાં ગળામાં રહેલ ફૂલની માળા, કે જે હમણાં સુધી કરમાતી ન હતી, તે કરમાવા લાગે છે, આંખો જે હમણાં સુધી પલકારાં નહોતી મારતી, તે પણ પલકારાં મારવાનું શરૂ કરી દે છે, દેવીઓ તરફથી અપમાન સહન કરવું પડે છે અને દેવીઓ તેમની આજ્ઞા પાળવાનું છોડી દે છે. આ બધું થવાથી, દેવો અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને, પોતાનું માત્ર ૬ મહિનાનું આયુષ્ય બાકી છે, એવું જાણે છે. હવે હજારો, લાખો, કરોડો, અસંખ્ય-અસંખ્ય વર્ષોનાં પોતાનાં દેવ આયુષ્યમાં, જે વનસ્પતિ ઉપર, જે નંદનવનાદિ ઉપવનો ઉપર, કારમી આસક્તિ ઉભી કરી છે, તેને એક ઝાટકે, કાયમ માટે, છોડીને જવું પડશે. આ વિચાર માત્રથી પણ, દેવો અત્યંત દુઃખી-વ્યથીત થઈ જાય છે, તીવ્ર આર્તધ્યાન કરે છે. છેલ્લાં ૬ મહિનાનાં આયુષ્યની અવધિ જેમ-જેમ ઓછી થતી જાય, તેમ-તેમ આર્તધ્યાન વધુને વધુ તીવ્ર થતું જાય છે. આ જ આર્તધ્યાન અને વનસ્પતિ પ્રત્યેના મમત્વભાવમાં રહીને, દેવનું પરભવનું આયુષ્ય વનસ્પતિનું બંધાય છે. એટલે, દેવ ભવ પૂરો થતાં જ,

વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. તેથી, વનસ્પતિને ગમાડવાં જતાં, આપણને પણ વનસ્પતિનાં ભવમાં ઠોકાઈ જવું પડશે. શું ફાવશે? ચાલશે!

(૮) અનાજનાં છોડથી, દાણાં છૂટાં થવા માત્રથી, કાંઈ અનાજનાં દાણાં સચિત્તમાંથી અચિત્ત થઈ જતાં નથી. પરંતુ, છોડમાંથી છૂટાં થયાં બાદ, ચૂલે ચઢાવવામાં આવે અને ત્યારબાદ પૂરેપૂરાં સીઝી ગયાં બાદ જ, તે અનાજને અચિત્ત તરીકે ઓળખાવી શકાય. એટલે, અનાજની દુકાનની બાજુમાંથી પસાર થતી વેળાએ, દુકાનની બહાર રસ્તામાં રહેલાં, મગ, ઘઉં, જુવારાદિ અનાજનાં દાણાંઓ ઉપર પગ ન આવે, તેની પૂરેપૂરી કાળજી રાખવી. જો પગ આવી જાય, તો અનાજ-રૂપે રહેલ, સચિત્ત વનસ્પતિની વિરાધનાનો દંડ લાગે છે.

દેરાસરમાં સાથિયો કરવાં માટે વપરાતાં અક્ષત (ચોખા) તો અચિત્ત-રૂપે જ હોવાથી, તેને અડવાથી અથવા પગ નીચે આવવાથી પણ, સચિત્તની વિરાધનાનો દોષ ન લાગે. કારણ કે, ડાંગર-રૂપે ફોતરાં સાથે રહેલાં ચોખાંને જ સચિત્ત તરીકે કહેવાય છે. પરંતુ, તે સિવાય, દેરાસરે વપરાતાં ચોખાં, તો અચિત્ત રૂપે જ ગણાય છે.

(૯) એ જ રીતે, વૃક્ષ ઉપરથી ફૂલ-પાંદડાં, ખરી પડવાં માત્રથી, કાંઈ અચિત્ત-રૂપે થઈ જતાં નથી. પરંતુ, વૃક્ષ ઉપરથી ખરી પડ્યાં બાદ પણ જ્યાં સુધી પૂરતાં પ્રમાણમાં સૂર્યની ગરમી રૂપ શસ્ત્ર ન લાગે અથવા તેની ઉપરથી લોકોની અવરજવર પૂરતાં પ્રમાણમાં ન થાય અથવા તડકાંની ગરમીથી સૂકાઈને પાંખડીઓ કડક ન થઈ જાય અને હાથે દબાવવા માત્રથી, પાપડની જેમ, જ્યાં સુધી બટકી ન પડે, ત્યાં સુધી, તે પાંખડીઓ-પાંદડાંઓને, સચિત્ત તરીકે જ કહી શકાય. એટલે, રસ્તાં ઉપર રહેલ વૃક્ષની બાજુમાંથી પસાર થતી વખતે અથવા બગીચાદિ સ્થળોમાં, નીચે રહેલ સચિત્ત ફૂલની પાંખડીઓ-પાંદડાંઓ ઉપર, ભૂલથી પણ પગ ન આવી જાય, તેની કાળજી રાખવી. આમ, સચિત્ત વનસ્પતિની વિરાધનાથી બચી શકાય.

(૧૦) સમજુ-વિવેકી, પ્રભુ શાસનને પામેલાં-સમજેલાં, શ્રાવકોને તો, મૂળ વિધિએ, જેમ સચિત્ત પાણીનો (કાચાં પાણીનો) ત્યાગ હોય છે, તેમ સચિત્ત વનસ્પતિનો પણ ત્યાગ હોય છે. તેથી, લગ્ન પ્રસંગોમાં અથવા પોતાનાં ઘરાદિ સ્થળોમાં પણ, કાચાં સલાડ, કચૂંબર, પપૈયાંની કાચી છીણ, કાચાં ટામેટાં-કાકડી, કાકડી આદિનું કાચું-

પાકું શાક (અધકચરૂ રંધાયેલું) વગેરે વસ્તુઓ, સચિત્ત વનસ્પતિરૂપે હોવાથી, શ્રાવકોને, સદાને માટે, તેનો ત્યાગ હોવો જોઈએ. માત્ર જીભનાં સ્વાદ માટે અથવા તો આરોગ્ય પ્રાપ્તિનાં નામે, આ બધી સચિત્ત વસ્તુઓનો વપરાશ, કંઈ ઉચિત ન કહેવાય. ઉપર દીધેલ કાચાં ટામેટાં, કાકડી, કાચું પપૈયું વગેરે સમારવા માત્રથી અચિત્તરૂપે થતાં નથી. પરંતુ, છરાથી સમારાયા બાદ, ચૂલા ઉપર પૂરેપૂરાં સીઝી જાય એ રીતે ચડાવવામાં આવ્યાં બાદ જ, તેમને અચિત્તરૂપે કહી શકાય અને વાપરી શકાય. તે પૂર્વે નહીં.

(११) જૂનાગઢનાં સુશ્રાવિકા રમાબેન, પોતાનાં ઘરનાં રસોડામાં - વનસ્પતિ સમારતાં પૂર્વે, રડતાં હૃદયે, આંખમાં આંસુ લાવીને, હાથ જોડીને, વનસ્પતિનાં નિર્દોષ જીવો પાસે, ક્ષમા-યાચનાં કરતાં કહે છે કે, 'હું સંસારમાં પડી છું, એટલે જ, આપની વિરાધનામાં મારે જોડાવું પડે છે. તે બદલ, આપની પાસે ક્ષમા યાચના કરું છું. હે પ્રભુ! આપ એવી કૃપા વરસાવો કે, પૂ. સાધુ-સાધ્વીજીની જેમ, હું પણ, વહેલી તકે, સંયમ જીવન અંગીકાર કરીને, સદાને માટે, જીવોની વિરાધનાથી બચી શકું.' → આ રીતે, પ્રાર્થના કરીને, દરેક વખતે, વનસ્પતિ સમારતાં પૂર્વે, તેની વિરાધનાનાં નિમિત્તે, દંડ રૂપે, જીવદયાની પેટીમાં અમુક રકમ નાંખી દે છે. વર્ષના અંતે, આ રીતે જમા થયેલ, તે રકમને, જીવદયાનાં માર્ગે વાપરી નાંખે છે. તમારાં એરિયામાં, આવાં શ્રાવિકા બહેનો ખરાં કે નહીં? કેટલાં મળશે? આવી જીવદયાની પેટીઓ કેટલાં ઘરોમાં?

(१२) એક વખત, એક સાધ્વીજી ભગવંત વિહાર કરી રહ્યાં હતાં અને અચાનક પગમાં કાંટો લાગી જાય છે. કાંટાની પીડા સહન કરતાં, પગમાંથી કાંટો નીકાળીને, વિચાર કરે છે કે, "મારા પગમાં એક કાંટો વાગતાં જો આટલી બધી પીડા થાય છે, તો પછી, ગૃહસ્થોનાં ઘરોમાં શ્રાવિકા બહેનો, છરાંની ધારદાર અણીથી, જ્યારે શાકભાજી સમારતાં હશે, ત્યારે તે વનસ્પતિકાયનાં જીવોની પીડા કેવી અને કેટલી હશે?" આટલું વિચારીને, તરત જ, ત્યાંને ત્યાં જ, પૂ. સાધ્વીજી એ, જીવનભર માટે, લીલી-વનસ્પતિ એટલે કે લીલોતરી (ફળ-શાકભાજી આદિ) નાં ત્યાગનો નિયમ લઈ લીધો.

પૂ. સાધુ-સાધ્વીજીનાં આવાં દૃષ્ટાંતોને નજર સામે લાવીને,

શ્રાવકોએ, પોતાનાં જીવનમાંથી, પ્રત્યેક વનસ્પતિકાયની વિરાધનાથી બચવા માટેનો શક્ય એટલો, વધુમાં વધુ, પ્રયત્ન કરવો જોઈએ.

(૧૩) એકવાર, સર્પદંસથી મૂર્છિત થયેલ મહાત્માને બચાવવા માટે, સારવાર અર્થે, એક વનસ્પતિનાં પાંદડાંઓને નીચોવીને - લેપ સ્વરૂપે બનાવીને, શરીરનાં અંગ ઉપર - સર્પદંસના સ્થાને, ઔષધિ રૂપે લગાડીને, મહાત્માને બચાવવામાં આવ્યાં. મહાત્મા ભાનમાં તો આવ્યાં, પરંતુ, પોતાને બચાવવાં માટે થયેલ વનસ્પતિની વિરાધનાનાં સમાચારે અત્યંત વ્યથીત થયાં. ત્યારબાદ, તરત જ, જીવનભર માટે, લીલોતરી ત્યાગનાં પચ્ચક્ખાણ, તે મહાત્માએ લઈ લીધાં. ધન્ય છે તે મહાત્માને! આપણે પણ આ દ્દષ્ટાંતનાં માધ્યમે, પ્રેરણા લઈને, વનસ્પતિની વિરાધનાનું પ્રમાણ, શ્રાવક જીવનમાંથી ઘટાડીએ તો ઘણું સારું !!

(૧૪) કોથમીર, માત્ર શિયાળાનાં ચાર મહિનાં માટે જ ખપે છે. શિયાળામાં પણ, ઘણાં ઘરોમાં, સમજણનાં અભાવે અથવા જીભનાં સ્વાદને પોષવા માટે, દાળમાં - કઢીમાં - ઢોકળાં - ખાંડવી - દહીંવડાં વગેરે ફરસાણોમાં અથવા શાકાદિમાં પણ, કોથમીર ઉપરથી નાંખવામાં - ભભરાવવામાં આવે છે. તે ઉચિત નથી. તેથી જો શક્ય હોય, તો શ્રાવકોએ, આ રીતે, ઉપરથી નંખાયેલ કોથમીરવાળી વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ, જેથી, સચિત્ત વનસ્પતિની direct વિરાધનાનાં દોષથી બચી શકાય. સાધુ-સાધ્વીજીને વહોરાવવા માટે અથવા શ્રાવકોનાં એકાસણાંદિ તપમાં વાપરવા માટે, આ રીતે, ઉપરથી ભભરાવેલી કોથમીરવાળી વસ્તુઓ ન ખપી શકે. ચૂલે ચઢી ગયેલ કોથમીર અચિત્ત થઈ જવાથી શિયાળામાં વાપરી શકાય. પરંતુ, સચિત્ત કોથમીર શિયાળામાં પણ ન વપરાય.

(૧૫) આજે આપણાં ઘણાં જૈનોનાં ઘરોમાં, સાંજના અથવા રાતનાં સમયે, પૂર્વ તૈયારી રૂપે, બીજા દિવસ માટે, શાકભાજીને સમારવાનું કાર્ય બહેનો કરી નાંખતા હોય છે. ત્યારબાદ, બીજા દિવસે, સવારે - બપોરે, તે શાકભાજીને ચૂલે ચઢાવી, રાંધીને વપરાય છે, તે ઉચિત ન કહેવાય. કારણ કે, જે દિવસે વનસ્પતિ સમારાય છે, તે જ દિવસે, જો તે ન વપરાય અને જો બીજે દિવસે વપરાય, તો તે વનસ્પતિમાં, અસંખ્ય સૂક્ષ્મ નિગોદની ઉત્પત્તિ થઈ જાય છે. માટે, એકવાર છરી વગેરે શસ્ત્ર લાગ્યાં બાદ, તમામે તમામ વનસ્પતિને, એ જ દિવસે વાપરી નાંખવી પડે. પરંતુ, બીજા દિવસે ન વપરાય. કલીંગર, પપૈયું,

KOKUYO W-NB280U

દૂધી આદિ ફળ-ફ્રૂટ માટે પણ, આ જ નિયમ લાગુ પડે છે. તેથી, ફ્લીગર કે દૂધી આદિ અર્ધું વપરાયા બાદ, જો વધી પડે તો, અનુકંપાદાન કરી શકાય. પરંતુ, વધી ગયેલ વનસ્પતિને ફ્રીજમાં રાખીને બીજા દિવસે વાપરી ન શકાય.

(૧૬) સાંસારિક લગ્નાદિ પ્રસંગોમાં, લગ્નનાં સ્ટેજ આદિ, લચક ફૂલોથી સજાવવામાં આવે છે. ભૂલથી પણ, આ સજાવટની પ્રશંસા વાણી દ્વારા ન કરાય તથા મનથી ગમાડાય પણ નહીં. જો પ્રશંસા અથવા ગમાડવાની ભૂલ કરો, તો સજાવવા માટે વપરાયેલ, મોટાં પ્રમાણમાં થયેલ વનસ્પતિની વિરાધનાનો દંડ લાગી જાય છે (અનુમોદના દ્વારા). શ્રાવકોએ પોતાનાં સંતાનોનાં લગ્નાદિ પ્રસંગોમાં પણ, સજાવવા માટે, આ રીતે ફૂલાદિ વનસ્પતિની વિરાધનામાં જોડાવું ન જોઈએ.

(૧૭) જેમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું વધારે હોય, તથા જે ખાવાથી તૃપ્તિ થતી નથી કે શક્તિ મળતી નથી, પરંતુ, માત્ર સ્વાદને પોષવાં માટે વપરાતાં હોય, તેવાં ફળોને, જ્ઞાની ભગવંતોએ, 'તુચ્છ ફળો' (અભક્ષ્ય) તરીકે ઓળખાવ્યાં છે. તેથી, શ્રાવકોએ આવાં ફળોનો ત્યાગ કરવો જોઈએ.

દા.ત: સીતાફળ, બોર, જાંબુન, ચણી બોર વગેરે વગેરે.

આવાં ફળો ખાધાં બાદ, તેમનાં ઠળિયાં ફેંકતા, તેની ઉપર કીડી વગેરે જંતુઓ આવવાથી, વિકલેન્દ્રિય જીવોની પણ વિરાધના પાછળથી થાય છે. મોઢે નાંખીને, ઠળિયાં બહાર કાઢ્યાં હોવાથી, તે એંઠાં કહેવાય છે. આવાં એંઠાં ઠળિયામાં, ૪૮ મીનીટ બાદ, તેમાં સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવોની પણ વિશેષ ઉત્પત્તિ અને વિરાધના થાય છે. અવરજવર કરનારાં લોકોનાં પગ નીચે, ઠળિયાં કચડાતાં, તે કીડી આદિ તેમજ સંમૂર્છિમ જીવો, નાશ પામે છે. તેથી, જો શક્ય બને તો, તુચ્છ ફળો - શ્રાવકોએ, કાયમ માટે, વાપરવાં જ નહીં. કદાચ, છોડી ન શકાય, તો વાપર્યા બાદ, તમામે તમામ, એંઠાં ઠળિયાંઓને વ્યવસ્થિત રીતે પાણીથી ધોઈને, કપડાંથી લૂછીને પૂરેપૂરાં કોરાં કરીને, યોગ્ય સ્થાને જઈને, જયણાપૂર્વક પરઠવવાં. આથી, વાપર્યા બાદ, કીડી આદિ વિકલેન્દ્રિય જીવોની તથા સંમૂર્છિમ જીવોની વિરાધના ન થાય. જો આવી કાળજી-જયણા

No.
Date

અને જાગૃતિ રાખવાની તૈયારી હોય, તો જ તુચ્છ ફળ વાપરવાં, બાકી છોડી જ દેવું સારું.

(१८) રસ્તા ઉપર હાલતાં-ચાલતાં કે બગીચામાં વૃક્ષનાં પાંદડાં, ફૂલ, ફળાદિને તોડવાં નહીં.

(१९) શરીરનાં આરોગ્ય માટે, આજે ઘણાં શ્રાવકો, વહેલી સવારે, "walking" કરવા નીકળી પડે છે. ઘણી વાર તો, વનસ્પતિ (ઘાસ) ઉપર બગીચાદિ સ્થળોમાં લોકો ચાલતાં જોવા મળે છે. આ રીતે, સવારનાં વહેલાં walking માટે જવાથી, પ્રત્યેક વનસ્પતિકાયનાં જીવોની વિરાધના તો થાય જ, પરંતુ, તે ઉપરાંત, પાણીનાં અસંખ્ય જીવોની + લીલ-નિગોદાદિ સાધારણ વનસ્પતિનાં અનંતા જીવોની + કીડી, મંકોડા, અળસિયાં આદિ વિકલેન્દ્રિય જીવોની પણ વિશેષથી હિંસા થતી હોવાથી, શક્ય બને તો, walking છોડી દેવું. તેમાં પણ, ચોમાસામાં જ્યારે ચારેબાજુ જીવોત્પત્તિનું પ્રમાણ વધારે હોય, ત્યારે તો walking ન જ કરવું. Walking ના વિકલ્પ રૂપે, યોગાસન-પ્રાણાયામ આદિ કરો તો શરીર પણ સચવાઈ જાય અને બિનજરૂરી કર્મબંધ ન થવાથી, આત્મા પણ સચવાઈ જાય. શાંતિથી ફક્ત આટલું વિચારજો કે, "walking કરીને ઢગલાબંધ નિર્દોષ જીવોની હિંસા કરીને, અનંતા નિગોદાદિ જીવોને અશાતા-અસમાધિ આપીને, આપણાં શરીરને શાતા-સમાધિ કઈ રીતે મળી શકે ??" કારણ કે, સનાતન કાયદો છે – "જૈસી કરની વૈસી ભરની". દ્રવ્ય આરોગ્ય + ભાવ આરોગ્ય → બંને જોખમાય છે.

(२०) જે શાક, ફળાદિમાં નાનાં-નાનાં, ઘણાં બધાં બીજ હોય અને બે બીજ વચ્ચે, અંતરપડ ન હોય, તે પુષ્કળ બીજવાળાં ખાદ્ય દ્રવ્યોને "બહુબીજ" કહેવાય છે. બે બીજ વચ્ચે જો ચિકાશવાળો પડ ન હોય, તો તે પદાર્થમાં વિશેષ પ્રમાણમાં જીવોત્પત્તિ થઈ જતી હોવાથી, આવાં પદાર્થો વાપરી ન શકાય, તેથી આવાં પદાર્થોને 'અભક્ષ્ય' રૂપે જ્ઞાની ભગવંતોએ ઓળખાવેલ છે. દા.ત. રીંગણાનું શાક, અંજીર વગેરે બહુબીજ રૂપે હોવાથી, કાયમ માટે ન વપરાય. બીજી બાજુ, ટામેટાં, કાકડી, કલિંગર, પપૈયું, ભીંડા વગેરે માં, બીજ ઘણાં હોવાં છતાંય, તે વાપરી શકાય છે. કારણ કે, આ બધામાં બીજ ઘણાં હોવાં છતાંય, બે બીજ વચ્ચે એક પ્રકારની ચીકાશવાળો અંતરપડ રહેલો હોય છે.

KOKUYO W-NB280U

આ અંતરપડનાં લીધે, જીવોત્પત્તિ ન થતી હોવાથી, બહુબીજ તરીકે ન કહેવાય, અલક્ષ્ય રૂપે ન કહેવાય એટલે ખુશીથી વાપરી શકાય છે.

(૨૧) ખાંડને બરાબર સાફ કરીને, ચુસ્ત ડબ્બામાં રાખો, કારણ કે, તેને ભેજ લાગતાં, તેમાં ઝીણી-ઝીણી સફેદ ઈયળો થવાની સંભાવના છે, ઘણીવાર થઈ પણ જાય છે.

(૨૨) લાલ બોર મરચાંમાં, તે જ વર્ણની પુષ્કળ જીવાંત થવાની સંભાવના છે. ખૂબ જયણાપૂર્વક, મરચાં બરાબર જોઈ લેવાં. તેલ અને પાકા મીઠાથી મોઈ દેવાથી, લાલ મરચાં સુરક્ષિત રહે છે, તેમાં જીવાંત થતી નથી.

(૨૩) રાઈ, મરચાં, ધાણાજીરૂં તથા અન્ય મસાલામાં, તેજ વર્ણની ઝીણી જીવાંત થવાની સંભાવના છે. સાફ કરીને, બરણીમાં ભરો અને ઉપયોગ કરતાં પહેલાં પણ, ખૂબ બારીકાઈથી જોઈ લો. આ ચીજોને ભેજ ન લાગે, તેનું ખાસ ધ્યાન રાખો.

(૨૪) આખા ગંઠોડામાં પુષ્કળ જીવાંતની સંભાવના છે. તેથી ગંઠોડા (પીપરામૂળ)નો તૈયાર પાવડર વાપરવો નહીં. તેમાં ગંઠોડા સાથે પુષ્કળ જીવાંતો કૂટાયેલી હોય તે સંભવિત છે. આખાં ગંઠોડાં લાવી, ખૂબ જયણાપૂર્વક જોઈને, ઘરે કૂટવાથી, મોટી જીવવિરાધનાથી બચી જવાય છે. ફાવશે ને?

(૨૫) ધાણાજીરાનાં પાવડરમાં, શેકેલું પાકું મીઠું મિશ્ર કરવાથી, જીવાંત પડતી નથી.

(૨૬) પીપરામૂળનાં ડબ્બામાં, 'પારાંની થેપલી' મૂકી રાખવાથી, જીવાંત પડતી નથી, જીવહિંસાથી બચી જવાય છે.

(૨૭) ચાની ભૂકી ચાળીને વાપરવી. ચોમાસામાં કે ભેજવાળાં વાતાવરણમાં, તેમાં જીવાંત થવાની સંભાવના ઘણી છે.

(૨૮) ઘઉં-બાજરા વગેરેનાં ડબ્બામાં, પારાંની થેપલી મૂકી રાખવાથી તેમાં જીવાંત પડતી નથી.

(૨૯) અનાજનાં ડબ્બામાં, ઉપર લાલ આખાં મરચાં મૂકી રાખવાથી, તેમાં જીવાંત પડતી નથી.

(૩૦) બાજરાનાં ડબ્બામાં, કડવાં લીમડાનાં પાન મૂકી રાખવાથી, જીવાંત પડતી નથી.

(૩૧) તુવેરની દાળને જો દિવેલથી મોયેલી હોય, તો જીવાંત થતી નથી.

No.

Date

(૩૨) અનાજને બોરિક પાવડર ઘસી લેવાથી, અનાજ સડતું નથી.

(૩૩) ચોખા-મગને તેલ અથવા બોરિક પાવડરથી મોઈ દેવાથી, જીવાત પડતી નથી.

(૩૪) મસાલાનાં ડબ્બામાં, પાણીનાં છાંટાં ન પડે, તેનું ખાસ-ખાસ ધ્યાન રાખવું. બાકી, તેમાં જીવાત ઉત્પન્ન થતાં વાર નહીં લાગશે.

(૩૫) મસાલાનાં ડબ્બામાં, કાચું મીઠું સાથે ન રાખવું. તે જુદા ડબ્બામાં ભરવું, નહીંતર મીઠાનાં અંશો પડવાથી, બીજો મસાલો, પોતે અચિત્ત હોવાં છતાં પણ, સચિત્તયુક્ત થઈ જશે. તેથી તે, અડવા માત્રથી પણ, સચિત્તની વિરાધનાનો દોષ લાગશે.

(૩૬) જો ચટણી વાટતાં, તેમાં પાણી નાંખ્યું હોય અથવા તો તેમાં મેથી, દાળિયાં, ચણાનો લોટ વગેરે કાંઈ અનાજ ભેળવ્યું હોય, તો તે ચટણી બીજે દિવસે વાસી બને છે, માટે, બીજે દિવસે ન વપરાય. પણ જો લીંબુનો રસ નાંખ્યો હોય અને પાણી કે લોટ વિનાં વાટેલી હોય, તો તે ત્રણ દિવસ સુધી ચાલે છે. ચટણી બનાવતાં, કોથમીર, મરચાં પાણીથી ધોયાં હોય તો, તે પાણી ચટણીમાં રહી જવાથી, તે ચટણી બીજે દિવસે અભક્ષ્ય બને છે. આમલીની ચટણી પણ બીજે દિવસે અભક્ષ્ય બને છે.

(૩૭) લોટ, મેથી કે પાણી નાંખીને બનાવેલ સંભારો, બીજે દિવસે વાસી ગણાય છે.

(૩૮) આર્દ્રા નક્ષત્ર બેસે ત્યારથી, કેરી કે તેનો રસ (ચલિત થવાથી) અભક્ષ્ય બને છે. તથા આર્દ્રા પહેલાં પણ, ગંધાઈ ગયેલી, સડેલી કે ઉતરી ગયેલી કેરી, અભક્ષ્ય જાણવી. કેરી આર્દ્રાથી માંડીને કારતક સૂદ પુનમ સૂધી (વિશાખા નક્ષત્ર) બંધ સમજવી. આ રીતે, પાકી રાયણ પણ, આર્દ્રા નક્ષત્ર પછી અભક્ષ્ય બને છે.

(૩૯) ફાગણ ચોમાસી પૂર્વે, ઓસાવ્યાં ન હોય, તેવાં તલ, ફાગણ ચોમાસી પછી વપરાય નહીં. જમણવારોમાં આ વિવેક જળવાતો નથી. તેથી, ખપી જીવોએ ખાસ ઉપયોગ રાખવો. ફાગણ ચોમાસી પછી ખારેક-ખજૂર વગેરે અભક્ષ્ય બને છે. ફાગણ સુદ ચૌદસ પહેલાં બનાવેલ, ખજૂરપાક જેવી પાકી વાનગી, ફાગણ સુદ ચૌદસ પછી વાપરવી ઉચિત નથી. કેટલાંક સુશ્રાવકો, તલની જેમ ખારેક અને ખજૂરને પણ ઓસાવીને, ફાગણ ચોમાસી પછી

વાપરે છે, તે વિચારણીય છે. ગીતાર્થ ગુરુ ભગવંતને પૂછી લેવું. એટલે ફાગણ ચોમાસી બાદ, આઠ મહિના માટે, તલ કે તલમાંથી બનેલ તલસાંકળી, તલવટ, તલનાં લાડુ, કે ઢોકળાં ઉપર છંટાયેલ તલ કે બાજરા, થેપલા, હાંડવામાં તલ હોય, તો પણ ચાલે નહીં. તેનું ખાસ ખ્યાલ રાખવું.

(૪૦) નીચેની ચીજો ક્યારે વપરાય - ક્યારે નહીં ? :

| ખાદ્ય ચીજ | શિયાળો | ઉનાળો | ચોમાસું |
|---|---|---|---|
| ખજૂર | ✓ | × | × |
| ખારેક | ✓ | × | × |
| સૂકા મેવા | ✓ | × | × |
| તલ | ✓ | × | × |
| તમામ પ્રકારની ભાજી | ✓ | × | × |
| તમામ પ્રકારનાં પાન | ✓ | × | × |
| ગુલાબ વગેરે ફૂલ | ✓ | × | × |
| સૂકી રાયણ | ✓ | × | × |
| સૂકવણી | ✓ | ✓ | × |

ઉપરનાં કોઠામાં જણાવેલ પદાર્થની વિસ્તારપૂર્વક સમજણ નીચે મુજબ છે :

[A] બદામ, પિસ્તા, કાજુ, ચારોળી, સૂકી દ્રાક્ષ (કીસમીસ), અખરોટ, જરદાલુ, ખજૂર વગેરે સૂકાં મેવા ગણાય. તેમાં, બદામ શિયાળા-ઉનાળામાં વપરાય છે અને ચોમાસામાં - આજે ફોડેલી બદામ આજે ચાલે, પરંતુ બીજે દિવસે અભક્ષ્ય ગણાય છે. જો આજે ફોડેલી બદામ, ઘીમાં તળવામાં આવે, તો બીજે દિવસે પણ ચાલે. તે બનાવ્યાંના દિવસથી ૧૫ દિવસ સુધી ચાલે. ઉપધાનમાં તળેલી બદામ એક મહિનો ચાલે. બાકીનાં સૂકાં મેવા શિયાળામાં ચાલે, પરંતુ ઉનાળા- ચોમાસામાં અભક્ષ્ય ગણાય છે.

[B] તલ, તલવટ, તલનાં લાડુ, રેવડી વગેરે ઉનાળા- ચોમાસામાં ન ચાલે. પરંતુ જો શિયાળામાં (ફાગણ સુદ તેરસ સુધીમાં) તલ ગરમ પાણીમાં, ચૂલે ચડાવીને, ઓસાવીને રાખે, તો ઉનાળા- ચોમાસામાં

પણ ચાલી શકે. તેમાં જંતુ પડવાં ન જોઈએ, બગડવા ન જોઈએ. આ રીતે, ઓસાવેલાં તલ અથવા તેમાંથી બનેલ ખાદ્ય પદાર્થો ફરીથી વાપરી શકાય. પરંતુ, તે સિવાય ન વપરાય.

[C] મેથીની ભાજી, તાંદળિયાની ભાજી, કોથમીરની ભાજી, ફુદીનો, વગેરે તમામ પ્રકારની ભાજી તથા પત્તરવેલનાં પાન, નાગરવેલનાં પાન વગેરે ઉનાળા-ચોમાસામાં ચાલે નહીં. હા... ભાજી વગેરેની સૂકવણી કરી હોય, તો ઉનાળામાં ચાલે, ચોમાસામાં ન ચાલે. નાગરવેલનાં પાન વાપરવામાં વિશેષ વિરાધના હોવાથી તથા કામોત્તેજક હોવાથી, ક્યારેય વાપરવા જેવાં નથી. એ જ રીતે, કોબીમાં ઘણાં પાંદડાં હોવાથી તથા પાંદડાં-પાંદડાં વચ્ચે તેવા જ વર્ણનાં જીવોનો સંભવ હોવાથી, ખાવા યોગ્ય નથી. પાંદડાં-પાંદડાં સાફ કરો તો પણ, ખૂબ જીવોની હિંસા હોવાથી, ત્યાગ કરવો. ફુદીના માટે મત-મતાંતર છે. અમુક ગુરુ ભગવંતોનું માનવું છે કે, કાયમ માટે, બારે માસ ચાલે. જ્યારે અમુક મહાત્માઓ શિયાળાં સિવાય તેનો નિષેધ કરે છે. હવે, હકીકત તો કેવળી ભગવંત જ જાણે. આપણે જેમને ગુરુ માનતાં હોઈએ તેમને પૂછીને, તેમની માન્યતા- આજ્ઞા મુજબ વર્તવું. પરંતુ, પરસ્પર ખોટી ચર્ચામાં પડવું નહીં, એ જ આપણાં માટે ઉચિત છે.

[D] ટોપરું - લીલું- સૂકું - શિયાળા-ઉનાળામાં વાપરી શકાય. પરંતુ ચોમાસામાં તો આજે ફોડેલ લીલું ટોપરું આજે જ વપરાય. ચોમાસામાં વપરાતી બદામની જેમ જ. સૂકું ટોપરું (આખી કાચલી) આજે ફોડેલ આજે જ ચાલે. જો, આજે ફોડ્યાં બાદ, છીણીને ઘીમાં તળીને રખાય, તો તળ્યાં પછી ૧૫ દિવસ પણ ચાલી શકે (આજે ફોડેલ બદામ તળ્યાં બાદ જેમ ચાલે- તે રીતે). ચોમાસામાં, પોતાનાં મૂળ કાચલી વિનાનું સૂકું ટોપરું હોય, તો આખું હોવાં છતાંય, તે ચાલે નહીં. લીલું ટોપરું પણ, બારે માસ માટે, ફોડ્યાં બાદ, એ જ દિવસે ચાલે. પરંતુ, બીજા કે ત્રીજા દિવસે (ફ્રીજમાં રાખવાં છતાંય) ચાલે નહીં.

(૪૧) વધુ સમય, કેળાં, વટાણાં, કાકડી, ટામેટાં વગેરે ફ્રીજમાં રહે, તો તેનો રંગ ચોક્કસપણે બદલાઈ જાય છે. ધ્યાનથી તમે જોશો, તો સ્પષ્ટ ખ્યાલ આવશે. અમુક ફળો તો, જેટલાં વધુ ઠંડા થાય, તેમ-તેમ તેમાં "માઈક્રોબ" તરીકે ઓળખાતાં, નાનાં-નાનાં જંતુઓ પડી જાય છે. ઘણાં ઘરોમાં, ફ્રીજ આવ્યાં પછી, શરદી, ઉધરસ

KOKUYO W-NB280U

અને આંતરડાંની બિમારી વધવા માંડી છે. ફ્રીજમાં રાખેલી વસ્તુઓ, આરોગ્ય માટે ખતરનાક સાબિત થાય છે. ઉપર-ઉપરથી ભલે તે ચીજો તાજી લાગે, પણ અંદરથી તો, રોગ કરનારાં જંતુના ભંડાર જેવી બની જાય છે, તે વાતમાં કોઈ શંકા નથી. ફ્રીજમાંથી સતત ૨૮ પ્રકારનાં એમોનિયા ગેસાદિ છૂટે છે. તેથી, ફ્રીજમાં રખાયેલ વસ્તુઓ વાપરવામાં, આરોગ્ય માટે ઘણું મોટું જોખમ ઊભું થાય છે.

(૪૨) આજે વર્તમાનમાં તો, ખેતરોમાં ટૂંક સમયના ગાળામાં, વધુમાં વધુ ઉત્પાદન મેળવવા માટેનો ગાંડો લોભ વધી ગયેલ હોવાથી, જાત-જાતની દવાઓ છાંટીને, પાક વહેલી તકે તૈયાર કરવામાં આવે છે. આને કારણે, ઘણી મોટી નુકસાની આપણને આજે વેઠવી પડે છે. પૂર્વે તો, અમુક જ વનસ્પતિઓમાં - શાકભાજીમાં નાની-નાની ઈયળો- જીવાંતો નીકળતી હતી. પરંતુ, દવા વગેરે છાંટીને પાક તૈયાર થવાને લીધે, આજે તો, મોટાં ભાગની શાકભાજી - વનસ્પતિમાં ઈયળો- જીવાંતો, પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. પહેલાં કરતાંય આજે તો, વનસ્પતિ- શાકભાજી વાપરતી વખતે, સમારતી વખતે, અત્યંત કાળજી- જયણાપૂર્વક કરવાની જરૂર વધારે છે. કાળજી-જયણા પૂર્વક છોતરાં કાઢ્યાં બાદ, સમાર્યા બાદ, ઘણી વાર તો, આ જીવાંતો, તરત ન દેખાય. પરંતુ, ચાયણીમાં થોડી વાર રાખી મૂક્યાં બાદ, ધ્યાનથી જુઓ ત્યારે, ધીરે- ધીરે હલતી નાની-નાની જીવાંતો, ઈયળો, માંડ-માંડ દેખી શકાય, બાકી નહીં. તેથી, ખાસ કાળજી રાખવી.

(૪૩) બેદરકારીપૂર્વક શાક સમારવામાં આવે, તો ઈયળ જીવતે-જીવતી કપાઈ જાય છે, કચડાઈ જાય છે. શાક સુધાર્યા વગર, આખા શાકને જો રાંધવામાં આવે, તો અંદર રહેલી ઈયળ જીવતે-જીવતી બફાઈ જાય છે. તેથી, વનસ્પતિને સમારતાં અથવા બાફતાં પૂર્વે, ખાસ કાળજી રાખવી.

(૪૪) પાપડી - વટાણાં - ભીંડા - શીંગો - સીમલા મરચાં - કારેલાં વગેરેમાં ઈયળની સંભાવના, બીજી વનસ્પતિઓ કરતાં, વધારે છે. તેથી આ વનસ્પતિઓનો ઉપયોગ કરતી વખતે, ઈયળની વિરાધનાથી બચવાનો ખાસ પ્રયત્ન કરવો. આ શાકભાજીઓમાં ઈયળની સંભાવના વધારે હોવાથી → આ શાકભાજી ખાવાનો આગ્રહ બની શકે તો છોડો.

ના છૂટકે વાપરો, તો પણ કાળજીપૂર્વક જ, ફાવશે ને?

(૪૫) કોબી-ફ્લાવરમાં, બેઈન્દ્રિય જીવો અત્યંત સૂક્ષ્મ હોય છે અને પોલાણ-ખાંચામાં ભરાયેલાં હોય છે. તેથી, કોબી-ફ્લાવરનો ઉપયોગ કરવો નહીં. ક્યારેક નાનાં સાપ પણ તેમાં ભરાયેલાં હોય છે. કોબી-ફ્લાવરમાં ઉત્પન્ન થતી નાની જીવાંતો તો તેજ વર્ણની હોવાથી જલ્દીથી દેખાય પણ નહીં. તેથી, જો શક્ય બને તો, કાયમ માટે, તેનો વપરાશ છોડી દેવો.

(૪૬) બીજા શાકને પાણીમાં પલાળ્યાં બાદ સુધારવા, પણ ભાજીપાલાને જયણાપૂર્વક ચૂંટ્યા બાદ, ચાયણીમાં ચાળવા અને પછી જ વાપરવાં. કારણ કે, તેમાં ઘણી વાર ઈયળો-જીવાંતો નીકળે છે. માટે, કાળજી-જાગૃતિ રાખવાની વિશેષ જરૂર છે.

(૪૭) કોઈ શાકભાજી સમાર્યા વગર આખા ન રાંધવા. ભીંડા આડા ન સુધારવાં, ઊભા સુધારતી વખતે પણ, ખૂબ જ જયણા રાખો. શાક સમારતી વખતે, વાતચીત કે અન્ય પ્રવૃત્તિ કરવી નહીં. ટી.વી-સીરિયલ વગેરે જોવાનું તો ખાસથી-અચૂકપણે ન કરવું. ઈયળ નીકળે, તો તેને નાનાં વાસણમાં ભેગી કરીને, જયણાપૂર્વક, સલામત સ્થળે મૂકી દેવી. ઈયળવાળાં ફોતરાં પણ, યતનાથી સલામત સ્થળે છોડવા.

મુંબઈનાં એક સંઘમાં, કોઈક મહોત્સવનાં જમણવાર પ્રસંગે, સવારે મહાત્માની પ્રેરણાથી યુવકોની એક ટીમ, શાક સમારનાર માણસો ઉપર દેખરેખ રાખવા માટે, ખાસ તૈયાર કરવામાં આવી. દરેક શાક સમારનારને, એક ઈયળ જીવતી કાઢી આપે તો તેને દર ઈયળ-જીવાંત દીઠ રૂ.૧૦/- નું ઈનામ મળશે, એવું નક્કી કરવામાં આવ્યું. યુવકોની ધારણા પ્રમાણે ૧૫-૨૦ ઈયળ મળશે, એવી ધારણા હતી. પણ આશ્ચર્યરૂપે, ન માની શકાય તેમ, ૪૦૦ થી ૪૨૫ ઈયળો, શાક સમારનાર ભાઈઓએ કાઢી આપી. આ ઉદાહરણને ગંભીરતાથી લઈને, દરેક સંઘના મોભીઓ, કાર્યકર્તાઓએ સીઝ મેળવીને, આનું અનુકરણ કરીને, ચતુર્વિધ સંઘને બિનજરૂરી વિરાધનાથી બચાવવા-અચૂક પ્રયત્ન-પુરુષાર્થ કરવો જોઈએ. આ અંગે કાળજી-જાગૃતિ રાખવાની જવાબદારી માત્ર સંઘના ટ્રસ્ટીઓની નથી, પરંતુ, સંઘના દરેકે-દરેક શ્રાવક-શ્રાવિકાઓની છે. ફાવશે ને?

(૪૮) શાક સમારવા જેવું, ખૂબ જ જયણાપૂર્વકનું કામ, નોકરોનાં

ભરોસે કે મહારાજ કે રસોઈવાળાં બહેનનાં ભરોસે ન છોડો.
મેથીની ભાજીમાં, ખૂબ સૂક્ષ્મ કેસરી રંગની ઈયળો હોય છે.
ચાયણીમાં ચાળવાથી, તેની જયણા થઈ શકે. આંખની
કચાશવાળાએ અથવા આંખના નંબરવાળાએ, ચશ્મા વગર શાક
સમારવું નહીં. કારણ કે, સરળતાપૂર્વક, જો આ ઈયળો-જીવાંતો,
દેખી ન શકાય તો પછી તેની જયણા કઈ રીતે રાખશો. આજે
ભાજીપાલાને કાયમ માટે છોડી દેવું તે સહુથી ઉત્કૃષ્ટ વિકલ્પ છે.

(૪૯) સૂકવેલી ગવાર, મેથી, વાલોર વગેરેમાં ઘણી જીવાંત થઈ
જાય છે. તેથી, ચોમાસામાં સૂકવણીનાં શાક બિલકુલ ન વાપરવા.
અન્ય ઋતુમાં પણ, બરાબર તપાસ્યાં પહેલાં અને ચાખ્યાં વગર,
તેનો ઉપયોગ ન કરવો. શારીરિક તબિયતનું વિશેષ કારણ જો ન
હોય તો, સૂકવણીનાં શાક વાપરવાનું ટાળવું. ફાવશે ને ?

(૫૦) પર્વતિથિનાં દિવસે કે ઉપધાન વગેરેમાં, આંબોળિયાનું શાક,
સ્વાદિષ્ટ લાગતું હોવાથી, ખાસ વાપરવામાં આવે છે. ઘણીવાર
તેનાં પોલાણમાં નાની જીવાંત થઈ જાય છે. તેથી, ઝીણાં ટુકડાં
કરીને, બારીકાઈથી બરાબર જોઈ લેવા, તેનાં પહેલાં આંબોળિયાંનો
ઉપયોગ ન કરવો. આવી કાળજી-જાગૃતિ જો ચોક્કસપણે રખાઈ હોય
તો જ આંબોળિયાનું શાક વાપરવું, બાકી છોડી દેવું સારું.

(૫૧) 'શાક કાપવું' તેમ ન બોલવું. 'શાક સમારવું' બોલી શકાય.
"વરસાદ ક્યારે પડશે, બફારો ઘણો છે' વગેરે ન બોલવું. "મિસ
કૉલ મારવાનું" ન કહેવાય. ચેસની રમતમાં પણ 'તારો ઘોડો-હાથી
માર્યો' બોલવાને બદલે 'તારો ઘોડો-હાથી લીધો' અથવા
મને મળ્યો અથવા હરી ગયો' કહેવાય. કારણ કે, હિંસક શબ્દ
પ્રયોગ કરવાથી પણ આપણાં આત્માનાં પરિણામો ધીરે-ધીરે કરીને
કઠોર થઈ જાય અને આપણને ખબર પણ નહીં પડે. બોલતી
વખતે, આવી સૂક્ષ્મ કાળજી રાખવા માટે આપણાં પ્રભુએ આપણાં
ઉપર કરુણાં કરીને કહેલ છે.

(૫૨) અનાજની સફાઈ કે શાક સમારવાની પ્રવૃત્તિ પણ રાત્રિના
સમયે કરવી ઉચિત નથી. શાક આગલાં દિવસે ન સમારવું. તે જ
દિવસે વપરાય તો જયણા પળાય. સૂર્યાસ્ત બાદ, મીઠાઈ-ફરસાણાદિ
પણ બનાવાય નહીં.

(૫૩) પુષ્પમાળા બનાવવાં માટે, પુષ્પોને વીંધવા નહીં. દોરીની આછી ગાંઠ વડે જ માળા બનાવવી. કારણ કે, દરેક પુષ્પમાં, આપણાં જેવો જ જીવ છે. પુષ્પોને વીંધવાથી, આપણું હૃદય પણ કઠોર થાય, વિશેષ કર્મબંધ થાય.

(૫૪) પાલોર-પાપડીને દાણાં સહિત સમારવાં કે બાફવાં નહીં. પરંતુ, કાળજીપૂર્વક દાણાં કાઢીને સમારવાં. તેમાં ઈયળ હોવાની સંભાવના ઘણી જ હોય છે. લીંડામાં પણ ઈયળની સંભાવના ઘણી છે. લીંડાને ઉભા કે આડા સમારવામાં ઈયળની વિરાધના થવાની સંભાવના ઘણી છે. તેથી, કેટલાંક કાળજીવાળાં શ્રાવકો તો, ચપ્પુથી સહેજ છેદ પાડી, હાથ વડે જ લીંડાના ટુકડાં કરે છે. દરેકે-દરેક વનસ્પતિ સમારતી વખતે, જો આ રીતે કાળજી રખાય તો, ઈયળની બિનજરૂરી હિંસાનાં દંડથી આપણાં સમગ્ર પરિવારને બચાવી શકાય.

(૫૫) સરગવાની શીંગ દાળમાં, શાકમાં ઉપયોગમાં લેવાય છે. ખાતી વખતે, તેનાં એંઠા છાલ-રેસાં વગેરે ફેંકી દેવા પડે છે. તેથી ૪૮ મીનીટે તેમાં અસંખ્ય-અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્યોની ઉત્પત્તિ અને હિંસાની લાંબી પરંપરા ચાલે છે. માટે, જો શક્ય બને તો આ વસ્તુ ન વાપરવી શ્રેષ્ઠ છે.

(૫૬) જેમાં વનસ્પતિકાયની પુષ્કળ હિંસા થતી હોય અને તે વનસ્પતિમાં રહેલ ત્રસ વગેરે જીવોની પણ હિંસા થતી હોય, તેવાં વ્યવસાયને 'વનકર્મ' કહેવાય. જેમ કે : કાપેલાં કે નહીં કાપેલાં જંગલો, ઝાડ, પાંદડાં, ફળો, ફૂલો, કંદ, મૂળિયાં, ઘાસ, લાકડાં, છાલ વગેરેને કાપવા-વેચવા, અનાજ દળવા-ખાંડવાનો વ્યવસાય કરવો, જંગલને પાણી પાવું, વૃક્ષો ઉગાડવા વગેરેનો વ્યવસાય કરવો, જંગલનાં બીડ લેવાં-વેચવાં-કપાવવાં-વાવવાં, બગીચાં-વાડીઓ વગેરે વવરાવવાં-ઉછેરવાં, દાતણનો કોન્ટ્રેક્ટ રાખવો-કપાવવાં-ખરીદવાં-વેચવાં, કઠોળની દાળો બનાવરાવવી, મેંદો-સોજી બનાવરાવવાં, આટો દળવાની-ડાંગર ખાંડવાની વગેરે ફેક્ટ્રીઓ ચલાવવી વગેરે વ્યવસાયો કે તેમાં નોકરી કરવાનો ત્યાગ કરવો. કારણ કે, આ તમામ વ્યવસાયોમાં, direct-indirect વનસ્પતિનાં જીવોની હિંસા મોટાં પાયે થાય છે, ને આત્માને કર્મ બંધાવીને દુર્ગતિમાં લઈ જાય.

(૫૭) આયંબિલખાતાનાં તથા સંઘના જમણવારો માટેનાં અનાજ,

સંઘના શ્રાવિકા બહેનો ભેગાં થઈને સાફ કરે તો કેટલી સરસ જયણા સચવાય! દરેક સંઘમાં, શ્રાવિકા બહેનોનું એક જયણા-મંડળ હોવું જોઈએ. સંઘના શ્રાવિકા બહેનોનાં જયણા મંડળ અથવા સામાયિક મંડળનાં બહેનોએ ભેગાં મળીને, થોડાં થોડાં દિવસે, સંઘનાં આયંબિલખાતામાં વપરાતાં સંપૂર્ણ અનાજની સાફ-સફાઈનું કાર્ય પણ કરવા જેવું છે. જો આવી જયણા ન પળાય અને માણસોનાં ભરોસે જ કામ લેવાય, તો ઘણીવાર બનાવેલ મગની દાળાદિ આયંબિલની વસ્તુઓમાં, મરેલી જીવાત- મરેલી ઈયળો અથવા કાંકરાદિ પણ જોવા મળે છે, નીકળે છે. કારણ કે, આયંબિલખાતાનાં માણસો વગેરે અજૈનો હોવાથી, અનાજની સાફસફાઈનું કાર્ય તો જોઈએ એવું ન સચવાય. જો શ્રાવિકા બહેનો આ જવાબદારી સ્વીકારી લે, તો અનાજમાં ઉત્પન્ન થનાર ત્રસ જીવોને બચાવી શકાય. અનાજમાં આવતાં કાંકરાં વિગેરેનાં લીધે તપસ્વીઓનાં આરોગ્યને પણ બગડતાં અટકાવી શકાય. આ રીતે, પચ્ચીસમો તિર્થંકર તરીકે કહેવાતાં એવા શ્રી સંઘના તપસ્વીઓ- સાધર્મિકોની ભક્તિનો ઉત્કૃષ્ટ લાભ મળી શકે છે. ફાવશે ને? આયંબિલખાતામાં બનેલ રસોઈ આદિમાં, અજયણાના લીધે, જીવતે-જીવતાં કચડાઈ જતાં તથા બફાઈ જતાં અથવા શેકાઈ જતાં, ઢગલાબંધ ધનેરાં, ઈયળો આદિ જીવોની વિરાધનાનો દંડ કોના માથે? શું માત્ર રસોઈયાઓ જ તેનાં માટે જવાબદાર બને કે પછી આપણે પણ?

(૫૮) શું ગાયને ઘાસ ખવડાવવાથી દોષ લાગે છે? ઘાસ વપરાવવાથી તો પ્રત્યેક વનસ્પતિરૂપે રહેલ ઘાસની વિરાધનાનો દંડ શું આપણને ન લાગે? જે વ્યક્તિઓ રોજીંદા જીવનમાં પોતાના માટે, પ્રત્યેક વનસ્પતિકાયનો ઉપયોગ કરતાં હોય, તેમને મૂંગા તિર્યંચના જીવો માટે, ઘાસ ખવડાવવાની પ્રવૃત્તિ કરવામાં કોઈ દોષ લાગતો નથી. જો પોતાનાં માટે પ્રત્યેક વનસ્પતિકાયનો ઉપયોગ કરતાં હોઈએ, તો મૂંગા- અબોલ તિર્યંચના જીવને, પરોપકાર-રૂપે ઘાસ ખવડાવવું, એ તો શ્રાવકનું કર્તવ્ય બને છે અને જીવદયાનું મોટું કારણ તરીકે પણ બતાવ્યું છે. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તો, કોઈપણ કારણ સર, પ્રત્યેક વનસ્પતિકાયની વિરાધનામાં direct જોડાતાં નથી. તેથી જ, ગાયાદિ પશુઓને, તેઓ ઘાસ ન ખવડાવે છતાંય તેમને કર્તવ્ય ભંગનો દોષ ન લાગે.

(૫૯) ફરવાનાં સ્થળે, વનસ્પતિ, હરિયાળી, બગીચાં જોઈને શું વિચારો

No.
Date

છો ? મનમાં ક્યારેય પણ તેનાં માટે, પ્રશંસાના કે ગમાડવાનાં વિચારો ન આવે, તેની પુરી જાગૃતિ રાખવી. વનસ્પતિકાયનાં ભવમાં રહેલાં તે જીવોની પરવશતાનો વિચાર કરતાં જણાશે કે, તે પુરા ભવ દરમ્યાન એક જ સ્થળે સ્થિર પડી રહેવાનું, કોઈ ભાવ પણ ન પૂછે, તેવી અસહાય, નિઃસહાય અને અત્યંત દયનીય સ્થિતિમાં રહેલ આ વનસ્પતિનાં વખાણ કરવાથી, તેવી જ દશામાં, અનંતા સમય માટે, કર્મસત્તા આપણને ધકેલી શકે છે. માટે ન છૂટકે કદાચ જવું પડે, તો પણ, તેવાં સ્થળોની ક્યારેય પ્રશંસા, અનુમોદના કે વખાણ કરી શકાય નહીં. ઉલ્ટું વિચારવું કે, 'પૂરો ભવ ઉંધા માથે વનસ્પતિનાં પાંદડાં તરીકે લટકવાનું, જન્મ-મરણની નોંધ લઈને કોઈપણ Birth certificate કે Death certificate ન બનાવે એવો ભવ પસાર કરવાનો, ઠંડી-ગરમી આદિ તમામ દુઃખોને અનિચ્છાએ પણ ચૂપચાપ સહન કરવાનાં અને કોઈ નોંધ પણ ન લે - શાતા પણ ન પૂછે → એવા આ ભવમાં તો હું પણ અનંતીવાર ભૂતકાળમાં ઉત્પન્ન થયો છું. હવે જો આ વનસ્પતિને ગમાડીશ, તો ભવિષ્યમાં ફરી પાછાં અનંતકાળ માટે આ ભવમાં મારે ફેંકાઈ જવું પડશે. ચાલશે ને ?'

(૬૦) ભાજીવાળાઓ તો, ખાસ કરીને, લીલી ભાજી ઉપર, થોડી-થોડી વારે, પાણી છાંટ્યા કરતા હોય છે (ભાજીને તાજી રાખવાં માટે). આ પાણી, ભાજીનાં પોલાણવાળાં દાંડા, શાખા વગેરેમાં જાય છે અને ત્યાં નાની-નાની ઈયળોની ઉત્પત્તિ થાય છે, જે તેવાં જ રંગની હોવાથી, જલ્દીથી દેખાતી નથી. પાણીનાં ભેજ + ઉભી થયેલ ઠંડક + ભાજીની મીઠાશને કારણે, તેમાં જીવાત-કીડાઓ-ઈયળો થઈ જાય છે. માટે, આ વસ્તુનો ખ્યાલ રાખીને, જયણાપૂર્વક, સાફ-સફાઈ કરીને, ભક્ષ્ય હોય તે જ ભાજી, કાળમર્યાદામાં રહીને, વાપરવી. નહીં તો, અનેક વિરાધનાનાં ભાગીદાર આપણે બની જઈશું.

(૬૧) કાચાં અને પાકાં કેળાં, અન્ય વનસ્પતિ-ફ્રુટની અપેક્ષાએ વાપરવામાં, ઘણી ઓછી વિરાધનાવાળાં છે. કારણ કે,

(૧) બીજી વનસ્પતિઓમાં - એક ફળ/વનસ્પતિમાં અનેક જીવો હોય છે, જ્યારે, એક કેળામાં માત્ર એક જ જીવ હોય છે. કેળાંની છાલ, ગર વગેરેમાં અલગ-અલગ જુદાં જીવો નથી.

(૨) કેળું પ્રમાણમાં (માપમાં) મોટું હોવાથી, એક જ વાપરવાથી,

પેટ જલ્દી ભરાઈ જાય છે. સરખામણીમાં, પેટ ભરવાં માટે બીજી વનસ્પતિનો વધારે ઉપયોગ કરવો પડે છે, ત્યારે માંડ-માંડ પેટ ભરાય છે.

(૩) કેળાં લગભગ બારેમાસ મળતાં હોય છે અને સસ્તાં પણ હોય છે. બીજી વનસ્પતિ-તથા-ફ્રૂટ સીઝનલ હોય છે અને મોંઘા પણ હોય છે.

(૪) કેળાંમાં calcium નું પ્રમાણ પણ વધારે હોય છે. માટે, તે આરોગ્ય માટે પણ હિતકારી છે.

આ બધાં કારણોસર, તથા ફ્રૂટ-વનસ્પતિની વિરાધના ઘટાડવાં માટે, આપણાં ઘરમાં, શક્ય એટલો વધારેમાં વધારે કાચાં + પાકાં કેળાંનો ઉપયોગ કરવો. ફાવશે ને ?

(૬૨) પેરુંનાં બીજ સચિત રૂપે હોવાથી, દરેક બીજમાં જીવ રહેલો છે. તેથી, જ્યારે પેરુનો વપરાશ, એકાસણા-બિયાસણાંમાં કરાતો હોય અથવા સાધુ-સાધ્વીજી ભગવંતને વહોરાવવાં હોય, તો દરેક બીજ અને છાલ કાઢી નાંખવા પડે. ત્યાર પછી, ૪૮ મીનીટ બાદ, તે અચિત બને છે. પેરુંનું શાક જ્યારે પણ બનાવવામાં આવે છે, ત્યારે ગમે એટલું ચઢાવવાં છતાંય, તેનાં બીજ, પૂરેપૂરાં ચઢતાં ન હોવાથી, પ્રાય: અચિત થતાં નથી. માટે, સાધુ-સાધ્વીજી ભગવંતને કે એકાસણા-બિયાસણાંમાં ચાલી શકે નહીં. જો બીયાં સંપૂર્ણપણે કાઢી નાંખ્યા હોય, તો જ તેનું શાક ખપી શકે. શાક બન્યાં બાદ, એક પણ બી જો પાછળથી નીકળે, તો સચિતની વિરાધનાનો દંડ લાગે છે. તેથી, જો શક્ય બને તો, પેરુનો વપરાશ છોડી દેવો.

(૬૩) કેરીનાં ગોટલાંનો વપરાશ કર્યા પછી, કેવી રીતે નિકાલ કરશો? તો હવે સમજી લો કે : કેરીનાં ગોટલાં સચિત છે. માટે કેરીનો રસ કાઢ્યાં પછી, તેને હળવે-હળવે પાણીથી સાફ કરીને, કપડાંથી હળવેથી પાણી લૂંછીને - કોરાં કરીને, ઝાડ-વૃક્ષ નીચે, તડકો ન આવે તેવાં સ્થળે, પરઠવી દેવાં. (બીજાં ફળોનાં બીજ પણ આ રીતે જયણાપૂર્વક પરઠવવાં.) જો કેરી, મોઢેથી વાપરી હોય, તો ૪૮ મીનીટ બાદ, તેમાં સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થઈ જાય છે. માટે, તેને ૪૮ મીનીટ પહેલાં જ, પાણીથી ધોઈ, સાફ કરીને, ઉપર જણાવ્યાં મુજબ પરઠવી દેવાં. ધોવા માટે વપરાયેલ પાણીને

No.
Date

વાપરી જવાનું છે. પરંતુ ફેંકવાનું નથી. બાકી, જો તે પાણી ફેંકી દેવાય, તો મીઠાશને લીધે કીડીઓ ખેંચાઈને આવશે અને તેની વિરાધના થશે. વળી એંઠું હોવાને કારણે અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ પણ થશે. માટે વાપરી જ નાંખવું જરૂરી છે. અન્ય ફળોનાં બીજ માટે પણ આ રીતે સાવધાની વરતવી.

શ્રી જૈનોનાં રસોડામાં થતી ષટ્કાયની હિંસાના શું ફળ આપણને ભવાંતરમાં - નરકમાં મળી શકે, તેની સરખામણી તથા નરકમાં રહેલ ૧૫ પરમાધામી રાક્ષસનો વિચાર નીચે મુજબ છે :

| | પરમાધામીનું નામ | એકેન્દ્રિય પર આપણી ક્રિયા | આપણને નરકમાં પરમાધામી દ્વારા અપાતું ફળ |
|---|---|---|---|
| ૧. | અંબ | • આપણે અનાજ ઉછાળીએ, શાક-બરફ ઉછાળીએ. | • ઉછાળીને પછાડવાનું કામ કરે. |
| ૨. | અંબરીશ | • આપણે ટુકડાં કર્યા હોય તેનો જ્યુસ બનાવીએ | • અંબે જેને અધમુઆ કર્યા હોય તેને પીસવાનું કાર્ય કરે |
| ૩. | શ્યામ | • ફ્રૂટ વગેરે કાંટાથી ખાઈએ | • ભાલા ભોંકવાનું કાર્ય કરે. |
| ૪. | સબલ | • શાકભાજીનાં ગર કાઢીએ અને તેનાં સંભારીયાં કરીએ | • આંતરડાં બહાર કાઢે |
| ૫. | રુદ્ર | • સોયા ઉપર શેકવાનું શાકભાજી જાળી બનાવવી | • શેકવાની, ભૂંજવાની ક્રિયા કરે |
| ૬. | ઉપરુદ્ર | • શાકભાજી, ફ્રૂટ સુધારીએ | • ટુકડાં કરવાનું કામ કરે |
| ૭. | કાલ | • મગ-મકાઈ શેકીએ, ઢોસાં બનાવતાં, ઈસ્ત્રી કરતાં પાણી ગરમ સપાટી પર છાંટીએ | • તવી પર શેકવાનું કામ કરે. |
| ૮. | મહાકાલ | • સલાડ કરીએ તે | • કચુંબર કરે. |
| ૯. | અસી | • ભીંડા, ગવારનાં ડીટીયા કાઢીએ | • અવયવો છેદે. |
| ૧૦. | પત્રધનુ | • ફ્રૂટનું ડેકોરેશન કરીએ, પ્રશંસા કરે | • જીવોને લાઈનમાં ઉભા કરી પ્રશંસા કરે, પછી ટુકડાં કરે. |

KOKUYO W-N8280U

| | | | |
|---|---|---|---|
| ૧૧. | કુંભ | • મરચાં-ભજીયાં તળીએ | • જીવોને કુંભીમાં તળે |
| ૧૨. | વાલુક | • મગ, ધાણી શેકીએ | • જીવને રેતીમાં શેકે. |
| ૧૩. | વૈતરણી | • શાકભાજી, કઠોળ પાણીમાં પલાળીએ | • અશુચિ નદીમાં ડુબાડે. |
| ૧૪. | ખરસ્વર | • ફ્રૂટ-શાકની છાલ ઉતારે | • ચામડી ઉતારે |
| ૧૫. | મહાઘોષ | • ફટાકડાંના અવાજ, કુકરની સીટી વિગેરેનાં અવાજથી એકેન્દ્રિય જીવને ગભરાવે | • મોટો અવાજ કરે જેથી કાનનાં પડદાં ફાટી જાય. |

(૬૪) આસોપાલવ વિગેરેના તોરણોનો આજકાલ છૂટછાટથી ઉપયોગ થતો જોવા મળે છે. તેનો શક્ય તેટલો બિનજરૂરી ઉપયોગ પોતાનાં ઘર, દુકાન, વાહન, સામાજિક પ્રસંગોમાં ટાળવાનો છે. ન છૂટકે ઉપયોગ કરવો જ પડે તો, ધ્યાન રાખવાનું કે ઘરનાં મેઈન દરવાજા ઉપર કે જાળી ઉપર લગાડેલ હોય, તો દરેક વખતે દરવાજો ખોલ-બંધ કરતી વખતે, તેના હલનચલનથી તે વનસ્પતિકાયનાં જીવોને ત્રાસ પહોંચે છે. માટે સાધુ-સાધ્વીજી ભગવંત જો વહોરવા આવ્યાં હોય તો ઘરમાં પ્રવેશ ન કરે અને આ રીતે સુપાત્ર દાનનો અવસર ગુમાવવાનો વખત પણ આવી શકે છે. માટે, જરૂરી જ હોય ત્યારે, વિવેક પૂર્વક દરવાજો-જાળી ખોલતાં વચ્ચે ન આવે, તેમ તેનો ઉપયોગ કરવો.

તેવી જ રીતે, સવારે ફૂલ આવતાં હોય અને જો જાળીમાં ફસાવેલાં હોય, ત્યારે પણ આવું બની શકે છે. તે ટાળવા માટે, નાની ખીલી જો બાજુની ભીંતમાં લગાડેલી હોય, તો તેના ઉપર નાની થેલીમાં ફૂલ રાખીને ટીંગાડી શકાય અને આ રીતે, દરવાજો-જાળી ખોલતી વખતે તેનું હલનચલન ટાળી શકાય છે.

આ રીતે, આપણાં રોજીંદા જીવનમાં ચાલતી, પ્રત્યેક વનસ્પતિકાયનાં જીવોની બિનજરૂરી direct-indirect વિરાધનાથી બચવાનો શક્ય તેટલો વધુમાં વધુ પ્રયત્ન કરવો. ફાવશે ને ??

~: પ્રત્યેક વનસ્પતિકાયનો વિભાગ સમાપ્ત :~

## ★★ વનસ્પતિકાયનો બીજો પ્રકાર = સાધારણ વનસ્પતિકાય

વ્યાખ્યા : સાધારણ વનસ્પતિકાય (અનંતકાય) -> જે વનસ્પતિનાં એક જ શરીરમાં અનંતા જીવો રહેલાં હોય, તે સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. (દા.ત.) = બટાટાં, બીટ, ગાજર, આદુ, લસણ, મૂળાં, કાંદા, શક્કરિયાં વગેરે તમામ કંદમૂળો, લીલ, ફૂગ, શેવાળ અથવા સેવાલ, લીલી હળદર, લીલી આદુ, બિલાડીનાં ટોપ, કચુરો, મોથ, થોર, કુંવાર, ગળો વગેરેને સાધારણ વનસ્પતિકાય કહેવાય છે.

ઉપર જણાવેલ તમામે-તમામ સાધારણ વનસ્પતિઓને એક જ શરીરમાં અનંતા જીવો એકી સાથે રહેલાં હોવાથી, સાધારણ વનસ્પતિકાયના જીવોને "અનંતકાય" તરીકે પણ કહેવાય છે.

આ રીતે, સાધારણ વનસ્પતિકાયનાં એક શરીરમાં અનંતા જીવો હોય છે. અને બાકીનાં પૃથ્વીકાય વગેરે અન્ય એકેન્દ્રિય જીવોનાં એક શરીરમાં, એક જ જીવ હોય છે.

એનો અર્થ એમ થયો કે, પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાયાદિ જીવોનો નાનામાં નાનો કણ, ટીપું, અંશ જે આપણને દેખાય છે, તે અસંખ્ય શરીરોનો પિંડ હોય છે. એટલે કે, અસંખ્ય શરીરો ભેગાં થયા પછી જ, પૃથ્વીકાયાદિ જીવો આપણને દેખાય છે. બાકી ન દેખાય.

પ્રત્યેક વનસ્પતિનાં એક શરીરમાં, એક જીવ હોય છે અને તે, ચર્મચક્ષુ વગેરેથી દેખી શકાય છે.

પૃથ્વીનાં દેખાતાં નાનામાં નાનાં કણમાં, અસંખ્ય શરીર અને અસંખ્ય જીવ છે. અને આખી દુનિયાનાં બધાં પૃથ્વીકાયની અપેક્ષાએ વિચારીએ તો પણ, કુલ અસંખ્ય શરીર અને અસંખ્ય જીવ હોય છે.

આ રીતે, પાણીનાં દેખાતાં નાનામાં નાનાં ટીપામાં, દેખાતાં નાનામાં નાનાં અગ્નિકણમાં, સ્પર્શથી અનુભવતાં નાનમાં નાનાં વાયુમાં, અસંખ્ય શરીર અને અસંખ્ય જીવો હોય

KOKUYO W-NB260U

Date

છે. તથા આખી દુનિયાનાં સર્વ પ્રાણી વગેરેની અપેક્ષાએ વિચારીએ તો પણ, અસંખ્ય શરીર અને અસંખ્ય જીવો થાય છે.

સાધારણ વનસ્પતિનાં દેખાતાં નાનામાં નાનાં કણમાં અસંખ્ય શરીર હોય છે. અને (તેનાં દરેક શરીરમાં અનંત-અનંત જીવ હોય છે.) અનંત જીવો હોય છે. આખી દુનિયાની સાધારણ વનસ્પતિની અપેક્ષાએ વિચારીએ તો પણ, અસંખ્ય શરીર અને અનંતા જીવો થાય છે.

પ્રત્યેક વનસ્પતિમાં તો એક શરીર અલગ દેખાય છે આખી દુનિયાની અપેક્ષાએ વિચારીએ તો, તેનાં અસંખ્ય શરીર અને અસંખ્ય જીવો છે. પૃથ્વી આદિ સર્વ સ્થાવર જીવોની અપેક્ષાએ વિચારીએ તો પણ, આખી દુનિયામાં તેમનાં અસંખ્ય શરીર છે. અને જીવો અનંતા છે.

★ સવાલ : પૃથ્વી આદિનાં દેખાતાં, નાનામાં નાનાં કણમાં, અસંખ્ય શરીરો હોય છે અને આખી દુનિયાની પૃથ્વી આદિ ભેગી કરીએ તો પણ, અસંખ્ય શરીર જ. તો બન્નેનું ટોટલ સરખું થયું કહેવાય. આ કઈ રીતે બને?

★ જવાબ : નાનું અસંખ્યાતું, તેનાથી મોટું અસંખ્યાતું, તેનાથી મોટું અસંખ્યાતું, એમ અસંખ્ય અસંખ્યાતા છે. માટે અમુક જગ્યાએ નાનું અસંખ્યાતું સમજવું અને અમુક જગ્યાએ તેનાં કરતાં મોટું અસંખ્યાતું સમજવું. આમ ટોટલ સરખું ન થાય.

★ સવાલ : સાધારણ વનસ્પતિકાયનાં એક જ શરીરમાં, અનંતા જીવો કઈ રીતે હોઈ શકે?

★ જવાબ : સાધારણ વનસ્પતિના એક જ શરીરમાં, અનંતા જીવો પોતાનાં આત્મપ્રદેશોને એક-બીજાનાં આત્મપ્રદેશોમ

સંક્રમીને રહે છે. જેમ એક જ ઓરડામાં, સો દીવાઓ પ્રગટાવવામાં આવે, તો દરેક દીવાનો પ્રકાશ એક-બીજામાં સંક્રમીને રહે છે તેમ.

★ **સવાલ** : સાધારણ વનસ્પતિનાં જીવોને દુઃખ હોય ખરાં?

★ **જવાબ** : સાધારણ વનસ્પતિનાં જીવોને તો ભયાનક દુઃખ વેદના હોય છે. સાતમી નરકનાં જીવોનાં દુઃખ કરતાંય, તેમને અનંતગણું દુઃખ હોય છે. ફરક એટલો જ કે, સાતમી નરકનાં જીવોનું દુઃખ વ્યક્તપણે હોય છે જ્યારે, સાધારણ વનસ્પતિનાં જીવોને ઈન્દ્રિયોનો વિકાસ ન હોવાથી, અવ્યક્ત વેદના હોય છે. બંધ રૂમમાં, મોઢે ડુચો ભરાવેલ, દોરડાંથી બંધાયેલ માણસ ને થતી પીડાંની જેમ. એટલે કે, ભયંકર પીડાં થવા છતાંય, પીડા વ્યક્ત ન કરી શકે.

## ★★ નિગોદ નું સ્વરૂપ (લીલ - ફુગાદિ)

લોકમાં નિગોદનાં (સુક્ષ્મ કે બાદર નિગોદનાં) અસંખ્યાત ગોળાં છે. દરેક ગોળામાં, અસંખ્યાતા નિગોદો (સાધારણ વનસ્પતિનાં શરીર) છે. તે દરેક શરીરમાં, અનંત-અનંત જીવો હોય છે. સોંય ની અણી જેટલો સાધારણ વનસ્પતિનો (જેમ કે બટાટાનો) કણિયો લેવામાં આવે તો, તેમાં પણ નિગોદનાં અસંખ્ય ગોળા હોય છે. અને તે દરેક નિગોદમાં (શરીરમાં), અનંત- અનંત જીવો હોય છે.

★ **સવાલ** : લીલ, ફુગ અને સેવાલ એટલે શું? તેને કઈ રીતે ઓળખવા?

★ **જવાબ** : ૧) **લીલ** (નિગોદ) = બિલ્ડીંગના કમ્પાઉન્ડમાં અથવા દીવાલાદિ ઉપર ભેજનાં કારણે, જે લીલી વનસ્પતિ દેખાય તે. તે માત્ર લીલા રંગની ન હોય પરંતુ, તે ઉપરાંત, કાળાં, ભુખરાં, ચોકલેટી અને સફેદ રંગની એમ કુલ પાંચ વર્ણની **લીલ** (નિગોદ) હોય છે.

૨) **ફુગ** = વાસી રોટલી, મીઠાઈ વગેરે ખાવાની વસ્તુઓ ઉપર ભેજનાં લીધે, તે વસ્તુનાં રંગની જ થતી રૂ જેવી મુલાયમ વનસ્પતિને **ફુગ** તરીકે કહેવાય.

૩) **સેવાલ** = સરોવર, તળાવ વગેરેનાં પાણીનાં ઉપરનાં ભાગમાં પથરાયેલ, લીલોતરીનાં પડને, **સેવાલ** તરીકે ઓળખાય.

★ **સવાલ** : કંદમૂળ, લીલ, ફુગ, સેવાલ, નિગોદાદિ સાધારણ વનસ્પતિકાય (અનંતકાય) જીવોના, માત્ર ૧ શરીરમાં રહેલાં જીવોની જંગી સંખ્યા કેટલી?

★ **જવાબ** : નિગોદાદિ અનંતકાય જીવોનાં, માત્ર ૧ નાનકડાં શરીરમાં રહેલા જીવોની સંખ્યા નીચે પ્રમાણે સમજવી:-

૧) ભૂતકાળ અનંતો પસાર થઈ ગયો છે, તો અનંતા ભૂતકાળમાં, આજ સુધીમાં અનંતા જીવો મોક્ષને પામ્યાં છે. હવે મુક્તિપદ-સિદ્ધપદને પામેલાં એવાં આ અનંતા મુક્તાત્માઓ કરતાં પણ, સાધારણ વનસ્પતિકાયના એક જ શરીરમાં રહેલાં જીવોની સંખ્યા અનંતગણી છે.

૨) દર ૬ મહિને, ઓછામાં ઓછો એક આત્મા તો, મોક્ષમાં જાય જ છે. તેથી, ભવિષ્યનાં અનંતકાળ પસાર થશે ત્યાં સુધીમાં, બીજાં

અનંતા આત્માઓ મોક્ષમાં પધારી જશે. હવે ભાવિનાં
અનંતકાળ પછી, સિદ્ધનાં જીવોની જે જંગી સંખ્યા મળશે, તેનાં
કરતાં પણ, નિગોદનાં એક શરીરમાં રહેલ જીવોની સંખ્યા,
અનંતગુણી જ થશે.

૩) હવે ભૂતકાળમાં ગયેલ, વર્તમાનમાં જતાં અને ભવિષ્યમાં
જનારાં તમામ મોક્ષનાં જીવોની સંખ્યા તથા સાધારણ
વનસ્પતિ સિવાય, તમામ જીવરાશિનો સરવાળો કરવામાં
આવે તો પણ, નિગોદનાં એક શરીરમાં રહેલાં જીવોની
સંખ્યા અનંતગુણી જ છે.

૪) આંખનાં એક જ પલકારામાં, અસંખ્ય સમયો પસાર થઈ
જાય છે. અનાદિ ભૂતકાળ, એક સમયનો વર્તમાનકાળ અને
અનંત ભવિષ્યકાળનાં બધાં જ સમયોનાં સરવાળા કરતાંય,
એક નિગોદનાં જીવો, અનંતગુણા છે.

૫) એકદમ જાડી ભાષામાં વાત વિચારીએ -> મોક્ષનાં
આત્માઓની સંખ્યા + દુનિયાનાં તમામ દેવો, નારકો
અને માનવોની સંખ્યા + તમામ પશુઓની સંખ્યા +
તમામ કીડી, મચ્છર આદિ જીવજંતુઓની સંખ્યા + તમામ
રેતીનાં કણ કણ ની સંખ્યા + કુવા, વાવ, તળાવ, સમુદ્ર
વગેરે બધાં જ પ્રકારનાં બધાં જ પાણીનાં ટીપાંઓની
સંખ્યા + તમામ અગ્નિનાં જીવોની સંખ્યા + તમામ
વાયુનાં જીવોની સંખ્યા + તમામ પ્રત્યેક વનસ્પતિ ઘાસ,
પાંદડા, ફળ, ફૂલ, શાખાઓ, થડ, વૃક્ષો, શાકભાજી વગેરેની
સંખ્યા -> આ બધાંનો સરવાળો કરવામાં આવે, તેની જે
સંખ્યા થાય તેનાં કરતાં પણ, બટાટાં વગેરે સાધારણ
વનસ્પતિનાં એક જ શરીરમાં રહેલાં જીવોની સંખ્યા
અનંતગુણી છે.

## ** સાધારણ વનસ્પતિકાય જીવોને ઓળખવાનાં લક્ષણો (ચિન્હો)

સાધારણ વનસ્પતિનું મુખ્ય લક્ષણ અનંતકાયિત્વ છે. એ પ્રથમ જણાવ્યું છે. હવે શાસ્ત્રમાં તેનાં જે અન્ય લક્ષણો દર્શાવ્યા છે, તે નીચે જણાવ્યાં છે.

૧) તેમાં પ્રથમ લક્ષણ એ કહ્યું છે કે, જેના પાંદડાની નસો વગેરે સ્પષ્ટ દેખાતી ન હોય કે જેના થડ અથવા ડાળીઓનાં સંધિસ્થાન - એટલે સાંધા અને પર્વો સ્પષ્ટ જણાતા ન હોય, તેને સાધારણ શરીર સમજવું. દા.ત. કુંવારપાઠું સાધારણ છે, તો તેમાં કોઈ નસ સ્પષ્ટ તથા જણાતી નથી; અને ભૂમિ-કોળાનો વર્ગ સાધારણ છે. તો તેમાં સંધિસ્થાન, પર્વ આદિ નજરે પડતાં નથી.

૨) અહીં બીજું લક્ષણ એ કહ્યું છે કે, જેને ભાંગતાં સરખાં ભાગ થાય, તો પણ, સાધારણનું જ લક્ષણ જાણવું. દા.ત. મૂળાનો કંદ, ગાજર કે શક્કરિયાંને ભાંગીએ તો તેના સરખા ભાગ થાય છે. પણ ખાંચાવાળાં ભાગ થતાં નથી. આજ રીતે, ખારી જાળનાં પાંદડાને ભાંગીએ તો, બે સરખા ટુકડા થાય છે. પણ એરંડા વગેરેનાં પાંદડાની જેમ વાંકાચૂકા કે ખાંચાવાળા ભાગ થતાં નથી. એટલે આ બધાની ગણતરી સાધારણમાં થાય છે.

૩) અહીં ત્રીજું લક્ષણ એ કહ્યું છે કે, જેને ભાંગતાં તાંતણા ન હોય, તે પણ "સાધારણ"નું શરીર જાણવું. દા.ત. મૂળાનો કંદ, ગાજર, શક્કરિયાં કે બટાટા ને છેદવામાં આવે તો, તેમાં તાંતણા જણાતા નથી. માટે તેમને સાધારણ નું લક્ષણ લાગુ પડે છે. અંકુર અને કિસલયમાં પણ, આ જ સ્થિતિ હોય છે. એટલે, તેમને પણ "સાધારણ" ગણવામાં આવે છે.

૪) અહીં ચોથું લક્ષણ એ કહ્યું છે કે, જેને છેદવામાં આવે છતાં

ફરી ઊગે, એ "સાધારણ"નું શરીર જાણવું. તેના દાખલાં રૂપે થોર, કુંવાર, ગુગ્ગુલિ વનસ્પતિ અને ગળોના ઉદાહરણો આવે છે.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે, કેટલીક સાધારણ વનસ્પતિ, તેનો આગળનો ભાગ વાવવાથી ઊગે છે, કેટલીક તેની ડાળો રોપવાથી ઊગે છે, કેટલાક તેનાં મૂળ વાવવાથી ઊગે છે, કેટલીક તેની ગાંઠો વાવવાથી ઊગે છે, કેટલીક તેનાં બીજ વાવવાથી ઊગે છે, તો કેટલીક વગર વાવ્યે, માત્ર અમુક વસ્તુઓનું સંયોજન થવાથી પણ ઊગે છે.

## ☆ અનંતકાય - કંદમૂળ ત્યાગ.

જૈન દર્શનની થીયરી એવી છે કે, ફર્સ્ટ નંબરમાં, બિલકુલ હિંસા રહિત જીવન જીવવું. એવી જો શક્યતા ન હોય તો, સેકંડ નંબરે, ઓછામાં ઓછી હિંસા થાય, એવી જીવન પદ્ધતિથી જીવવું. એટલે જ, પ્રથમ નંબરે, લીલોતરી મા નો ત્યાગ કરી દેવો જરૂરી છે. એવી ભિષ્મપ્રતિજ્ઞાનો ઉલ્લાસ ન જાગતો હોય તો છેવટે, જે વનસ્પતિનાં અલ્પ ભક્ષણમાં પણ, અનંત જીવોનો સંહાર થાય છે, એવી અનંતકાય સ્વરૂપ ગણાતી વનસ્પતિનો તો અચૂક ત્યાગ કરી દેવો.

☆ સવાલ. ૧ :- નિગોદનું સાચું સ્વરૂપ શું છે?

☆ જવાબ. ૧ :- લોકમાં નિગોદનાં (સૂક્ષ્મ કે બાદર નિગોદના) અસંખ્યાતા ગોળા છે. દરેક ગોળામાં અસંખ્યાતા નિગોદો (સાધારણ વનસ્પતિના શરીરો) છે. તે દરેક શરીરમાં, અનંત-અનંત જીવો હોય છે. સોયની અણી જેટલો સાધારણ વનસ્પતિનો (જેમ કે બટાટાનો) કણિયો લેવામાં આવે તો, તેમાં પણ,

KOKUYO W-N0280U

No.
Date

નિગોદનાં અસંખ્ય ગોળા હોય છે, તેનાં દરેક ગોળામાં, અસંખ્ય નિગોદો (શરીર) હોય છે. અને તે દરેક નિગોદમાં (શરીરમાં), અનંત-અનંત જીવો હોય છે.

★ **સવાલ. ૨ :-** આજે ઘણાં અજૈનો, જૈનોને સંભળાવે છે કે, તમે ટામેટાં, ભીંડા, ટીંડોળા વગેરે જો વાપરો છો, તો ગાજર, મૂળા, બટાટાં ખાવામાં શો વાંધો છે? આ તો બેય વનસ્પતિ કહેવાય. એક ખવાય તો બીજું કેમ ન ખવાય? આવો પ્રશ્ન પૂછાય ત્યારે અજ્ઞાત જૈનો મૂંઝવણમાં મૂકાઈ જાય છે. હવે આનો જવાબ શું આપશે?

★ **જવાબ. ૨ :-**

ના, આમાં મૂંઝવાની કાંઈ જરૂર નથી. બન્ને વનસ્પતિ હોવા છતાંય બન્નેમાં, આભ-ગાભનું અંતર છે. એક વનસ્પતિને 'સાધારણ-અનંતકાય-કંદમૂળ' કહેવાય છે. જ્યારે બીજી વનસ્પતિને 'પ્રત્યેક' કહેવાય છે. જે વનસ્પતિઓને અનંતકાય-કંદમૂળ ગણવામાં આવે છે, તેમાં જીવો લોટ ઓફ હોય છે. ઈનફીનીટ-અનંત હોય છે. ગણ્યાં ગણી ન શકાય. કોઈ પણ આંકડામાં, તેનો જવાબ આપી ન શકાય, એટલો વિરાટ જીવ જથ્થો, અનંતકાય ગણાતી વનસ્પતિનાં એક સુક્ષ્મ પોઈન્ટ પર રહેલો છે. બટેટાનાં એક પોઈન્ટને સોયની અણીથી ટચ કરીએ તેટલી જગ્યામાં, જીવનાં અસંખ્ય શરીરો રહેલાં છે, અને તે અસંખ્ય શરીરોમાંથી, દરેક શરીરમાં પાછાં, અનંત જીવો રહેલાં છે. જો કોઈ મેથડ દ્વારા, માત્ર એક જ શરીરમાં રહેલાં અનંત જીવોને, કબૂતર જેવડાં મોટાં કરીને આકાશમાં ઉડાડી દેવામાં આવે તો, આખું વર્લ્ડ આ જીવોથી ચિક્કાર ઉભરાઈ જાય. છતાંએ, પોઈન્ટમાં રહેલાં જીવોને સંપૂર્ણતયા ખાલી કરી શકાતાં નથી. હવે તમે સોચો! જો એક શરીરમાં આટલાં બધાં જીવો હોય તો, સોયની અણી તળે તો બીજાં અસંખ્ય શરીરો છે રે! એક આખાં બટેટામાં શરીરો કેટલાં? ઓહ! ૫૦૦ ગ્રામ બટેટામાં

શરીરો કેટલા? અને જીવો કેટલાં? અ....ર....ર....ર....! જ્યારે બટેટાનાં એક પોઇન્ટની જીવસૃષ્ટિ આટલી મોટી છે ત્યારે, જૈન દર્શન કહે છે કે, આખી કેળાની લૂમમાં, માત્ર એક જ જીવ છે. માટે લૂમથી કેળું છૂટું પડતાની સાથે, તરત જ તે નિર્જીવ (અચિત્ત) થઈ જાય છે. બીયા કે ટીંડોળાના જીવોને ગણવા બેસો તો, જેટલાં બીજ છે, તેટલાં જીવ છે. એક જીવ છાલનો ગણાય છે. આમ અન્ય 'પ્રત્યેક' ગણાતી વનસ્પતિનાં જીવોની સંખ્યાનો આંક તો દર્શાવી શકાય છે. જ્યારે, 'સાધારણ' કંદમૂળનો આંક તો દર્શાવી શકાતો નથી.

સાધારણ-અનંતકાય-કંદમૂળ, એ એક વિશાળ હોસ્પિટલનો જનરલ વોર્ડ છે જેમાં એક જ વોર્ડમાં, અનેક બેડ પડેલાં છે. જ્યારે પ્રત્યેક વનસ્પતિકાય, એ એક સ્પેશ્યલ વોર્ડ છે જેમાં એક રૂમમાં માત્ર એક જ ખાટલો છે.

બેય પ્રકારની વનસ્પતિમાં, આટલો મોટો વિશાળ ફર્ક હોવાનાં કારણે, ઓછામાં ઓછી હિંસાથી જીવવા માંગતા માણસો, અનંતકાય નું ભક્ષણ કેવી રીતે કરી શકે? એટલે કે, ન જ કરી શકે. ફાવશે ને?

★ સવાલ ૩ :- બટેટાનું શાક, પાઉંવડા, કાંદા, લસણની ટેસ્ટીચટણી, ગાજરનો હલવો, ગાજરનો સૂપ વગેરે કંદમૂળ માંથી બનેલ વાનગીઓ બહુ ભાવતી હોય તો તેમનો ત્યાગ કરવો અમારા માટે કઈ રીતે શક્ય બને?

★ જવાબ ૩ :-

જીભનાં ટેસ્ટ માટે, બટેટાનું શાક ઝાપટવા બેસી જતાં માણસોએ વિચારવું જોઈએ કે, માત્ર એક જીભનાં ટેસ્ટ (સ્વાદ) માટે, કેટલાં બધાં જીવોને છરીથી સમારવામાં આવે છે,

KOKUYO W-NB280U

સમારેલાં એ જીવોને ઉકળતાં પાણીમાં કેવાં બાફવામાં આવે છે. બફાયાં પછી, તેનાં ઉપર કેવાં મીઠાં-મરચાં ભભરાવવામાં આવે છે. આવી ક્રુરીલ હિંસા આચર્યાં પછી, એ શાક જ્યારે થાળીમાં પીરસાય છે, ત્યારે આંખના આંસુ તો દૂર રહો, પણ માણસ વટથી શાક આરોગતાં બોલે છે કે, "વાહ! શું આજે ટેસ્ટ-ફુલ શાક બન્યું છે!" આ રીતે ટેસ્ટને વખાણનારાઓને ભાન નથી કે અનંતજીવોના સંહાર પછી, આ ટેસ્ટ તૈયાર થયો છે. ટેસ્ટ કાજે આવો હિંસાચાર જરાપણ વ્યાજબી નથી. વહેલી તકે, અનંતકાય માત્રનું ભક્ષણ ત્યજી દેવું જોઈએ. ત્યજી દેશોને?

★ **સવાલ. ૪ :-** શું આપણા જૈન શાસ્ત્રોમાં, કંદમૂળ ત્યાગની વાત ક્યાંય આવે છે? અજૈનો, આપણાં જૈન ધર્મની, આ માન્યતાને શું સ્વીકારે છે?

★ **જવાબ. ૪ :-**

300 વર્ષ પૂર્વે, રચાયેલ "ધર્મ સંગ્રહ" નામનાં ગ્રંથમાં, "આવશ્યક ચૂર્ણિનાં" પાઠનો અધિકાર આપીને જણાવ્યું છે કે, ઉત્સર્ગ માર્ગે તો શ્રાવક, પોતાનાં નિમીત્તે, હિંસા કરીને બનાવેલ ભોજનનો ત્યાગ કરે. તેમ ન બને તો, પોતાના નિમીત્તે થયેલાં ભોજનને ગ્રહણ કરે. પરંતુ, તેમાં કોઈ પ્રકારનાં સચિત્ત આહારને તો ન જ વાપરે. તેવું પણ ન કરે તો, અનંતકાયવાળી વનસ્પતિ તથા બહુબીજ વાળી વનસ્પતિ તો ન જ વાપરે. કોઈ વાર જો જંગલમાં ભૂલો પડ્યો હોય, એવી કટોકટીનાં સમયમાં પણ શ્રાવકે, અચિત્ત (જીવરહિત) ભોજન કરવું જોઈએ. એવાં પદાર્થો ન મળે તો, ઉપવાસ કરી દેવો જોઈએ. પરંતુ, તેવી શક્યતા ન હોય અને પ્રાણ ટકાવી રાખવા માટે, ભોજન કરવું પડે તો, ન છૂટકે સચિત્ત એવાં ફળ-ફુટાદિ ને વાપરે. પણ અનંતકાય કંદમૂળને તો, આવા સમયે પણ ન જ વાપરે. જંગલ અને દુષ્કાળ જેવાં કટોકટીનાં

સમયમાં પણ, જે પદાર્થોના ભક્ષણની રજા શાસ્ત્ર નથી આપતું, તેવાં પદાર્થો વગર દુષ્કાળે, મુશળધાર વરસાદે પણ જ્યારે માણસો ડાઈનીંગ ટેબલ પર બેસીને બે હાથે ખાવા મંડી પડે ત્યારે સમજવું કે, દિલમાંથી પાપ નો ડર નીકળી ગયો છે, પરલોક ની ચિંતા મટી ગઈ છે, અને બીજા જીવોની હિંસાનો કોઈ વિચાર હવે રહ્યો નથી. એવું આપણે માટે જાતે સમજી લેવું - વિચારી લેવું.

★ **સવાલ. ૫ :-** કેટલાંક લોકો પોતાની જીભનો ટેસ્ટ છોડી શકતાં નથી. એટલે જ સાવ વાહિયાત દલીલો કરતાં હોય છે કે, "જો આદુ સુકાયાં પછી બનતી સૂંઠ વપરાય છે તો પછી બટેટાં સૂકાયાં પછી તેની વેફર કેમ ન વપરાય? હવે આનો શું જવાબ આપવો?

★ **જવાબ. ૫ :-**

બટેટાંની વેફર તો ન જ વપરાય, પણ સૂંઠ જે વપરાય છે, તે પણ સ્વાદ માટે નહીં પણ, ઔષધ માટે જ વપરાય છે. આખી લાઈફમાં, માણસ સૂંઠ ખાઈ-ખાઈને પણ કેટલી ખાશે? બટેટાં તો એક જ દિવસમાં, એક કિલો પણ ખાવાં હોય તો ખાઈ શકાય છે. સૂંઠ આટલી બધી ન ખાઈ શકાય. કહેવત છે કે, "કોની મા એ સવા શેર સૂંઠ ખાધી છે?" પરંતુ જગતમાં એવી કોઈ કહેવત નથી કે, "કોની મા એ સવા શેર વેફર ખાધી છે?" એનો મતલબ એ થયો કે, સવા શેર વેફર ખાઈ જવાનું કામ તો કોઈ પણ મમ્મી માટે આસાન છે. પરંતુ સવા શેર સૂંઠ ખાવી બહુ 'ટફ' છે. સૂંઠનો અલ્પ વપરાશ, આરોગ્ય પ્રદાયક છે. તેથી બિમારીને લીધે થતી બીજી અનેક પ્રકારની વધુ વિરાધનાથી બચવા માટે, સૂંઠ ની રજા આપવામાં આવી છે, નહિ કે, સ્વાદ માટે. જો સૂંઠનું શાક બનાવવાનું હોત તો ભગવાને તેની પણ

KOKUYO W-NB280U

અચૂક ના જ પાડી હોત. માટે દલીલબાજી છોડી દઈને, વહેલી તકે કંદમૂળનો ત્યાગ કરી દેવો હિતાવહ છે. બજારમાં મળતી તૈયાર સૂંઠ વાપરી શકાય પરંતુ બજારમાંથી લીલી આદુ લાવીને, તેને સૂકવીને, તેનો ભૂક્કો કરીને, સૂંઠ તરીકે ન વપરાય. કારણકે લીલી આદુ સૂકવવા દ્વારા, સ્પેશિયલ અનંતકાયની વિરાધનામાં, આપણને Direct જોડાવાય નહીં.

## ★★ સાધારણ વનસ્પતિકાયનું વિશેષ સ્વરૂપ

એક શરીરમાં અનંતા જીવોનો વાસ હોવાથી, તે અનંતકાય કહેવાય છે. તેનું બીજું નામ, નિગોદ કહેવાય છે.

આ અનંતા સમગ્ર જીવોને આહાર, શરીરની રચનાની ક્રિયા એક જ હોય છે. શ્વાસોશ્વાસ લેવાં-મૂકવાંની ક્રિયા એક સાથે થાય છે. જન્મ-મરણ પણ, એક સાથે થાય છે.

એક શ્વાસોશ્વાસમાં, સત્તરથી વધુ જન્મ-મરણ હોય છે. સૂક્ષ્મ નિગોદ, ચક્ષુથી અગોચર છે.

સ્થાન :- ચૌદ રાજલોકમાં સિદ્ધશિલા પર્યંત સર્વત્ર નિગોદનાં ગોલક (પિંડ) અસંખ્યાતા છે. એક-એક પિંડમાં, અસંખ્યાત નિગોદો છે. એક-એક નિગોદમાં, અનંત જીવો છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ એક સ્પર્શેન્દ્રિયવાળાં આ જીવોનું સ્વરૂપ, કેવળીગમ્ય છે. સંસારી જીવો માટે તે, શ્રુત અને શ્રદ્ધાગમ્ય છે.

### સૂક્ષ્મ નિગોદ (બે પ્રકારે)

A) સાંવ્યાવહારિક સૂક્ષ્મ નિગોદ
B) અસાંવ્યાવહારિક સૂક્ષ્મ નિગોદ

A) સાંવ્યા. સૂ. નિગો. જગત સ્થિતિનાં ન્યાયે, એક જીવ મુક્તિમાં જાય ત્યારે યોગાનુયોગ એક જીવ અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળી,

વ્યવહાર રાશિમાં આવે છે. તે જીવ મરણ પામીને પુન: સૂક્ષ્મ નિગોદમાં જાય તો પણ, તે વ્યવહાર રાશિનો જીવ કહેવાય છે. અહીં તેની અતિ-અતિ મંદ ચેતના છતાં, વિકાસ યાત્રાનો પ્રારંભ માની શકાય. કારણકે અનાદિકાળથી પછીજ, જીવની આવી યોગ્યતા થાય છે. કારણ કે, તે પુન: હવે અવ્યવહાર રાશિમાં જવાનો નથી.

## B.) અસાંવ્યાવહારિક સૂક્ષ્મ નિગોદ

જે જીવો હજુ અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળ્યાં જ નથી, તેમની વિકાસયાત્રાનો, અંશમાત્ર પણ પ્રારંભ થયો નથી.

- ઇન્દ્રિય :- એક સ્પર્શેન્દ્રિય છે. [માત્ર]
- દુ:ખ :- સૂક્ષ્મ નિગોદનાં જીવોનું દુ:ખ, નારકી કરતાં પણ, કથંચિત વિશેષ મનાય છે. કારણકે, ચૈતન્ય જેવું તત્વ છતાં, સ્વરૂપનો કોઈ વિકાસ શક્ય નથી. જન્મ-મરણનું વિશેષ દુ:ખ. જ્ઞાનાદિનું ગાઢતમ આવરણ. તેમનાં અસ્તિત્વની જગતનાં જીવોને કોઈ નોંધ નથી.
- ભવસ્થિતિ :- એક અંતમુહૂર્તમાં, ૬૫૫૩૬ ભવો કરે છે. આ નિગોદમાં કેટલાંય અભવ્ય, દુર્ભવ્ય કે ભવ્ય હોય છે. અનંતજીવો ક્યારેય પણ આ સ્થાનથી બહાર નીકળવાના નથી. જે જીવો નીકળ્યાં છે તે પણ, ક્રમશ: સૂક્ષ્મ બાદર એકેન્દ્રિય - વિકલેન્દ્રિયપણું પામી, અનંતકાળ જન્મ-મરણનું સવિશેષ દુ:ખ પામી, પ્રબળ પુણ્યોદયે પંચેન્દ્રિયપણું, તેમાં પણ, મનુષ્યદેહે, મન સહિત વાચાશક્તિ પ્રાપ્ત છે. તેવાં અવસરે, જો કર્મોનો નાશ કરી, મુક્તિ સિદ્ધ ન કરી તો, પાછો ઉતરતો-ઉતરતો નિગોદ સુધી પહોંચી જાય છે.

- સૂક્ષ્મ-પૃથ્વીકાય, સૂક્ષ્મ-અપ્કાય, સૂક્ષ્મ તેઉકાય, સૂક્ષ્મ વાઉકાય અને સાધારણ વનસ્પતિકાયનાં જીવો, એટલાં સૂક્ષ્મ છે કે તેમને, કોઈ જીવોથી ઉપઘાત નથી. અગ્નિથી બળતાં નથી. પાણીથી ભીંજાતા નથી, શસ્ત્રથી છેદાતાં નથી, તેમની હિંસા હાલતાં-ચાલતાં થતી નથી. ચૌદ રાજલોક વ્યાપી છે.

KOKUYO W-NB280U

## ★★ સાધારણ વનસ્પતિકાયમાં રહેલાં અનંતા નિર્દોષ જીવોની વિરાધનાથી બચવા માટેનાં સરળ ઉપાયો

૧) પેટ ભરવા માટે, વનસ્પતિની વિરાધના કરવી પડે છે, તે આપણી કમનસીબી છે. પરંતુ, પ્રત્યેક વનસ્પતિની વિરાધના કરવા માત્રથી જો આપણાં પેટનો ખાડો ભરાઈ શકે છે તો પછી, અનંતકાય-કંદમૂળાદિનાં વપરાશ થી, અનંતા જીવોની હિંસામાં જોડાઈને, પેટનો ખાડો ભરવાની જરૂર શું છે? તેથી બટાટાં, ડુંગળી, લસણ, ગાજર, શક્કરિયાં, મૂળા વગેરે જમીનમાં થનારાં જમીનકંદ કે કંદમૂળનો કાયમ માટેનો ત્યાગ, શ્રાવકોનાં જીવનમાં હોવું જરૂરી છે. બટાટા, ડુંગળી, લસણ, મૂળાં, આદુ, લીલી હળદર, રતાળું, ગાજર, કોમળ આમલી, ફણગા ફૂટેલાં કઠોળ, ગરમર વગેરેનો સમાવેશ ૩૨ પ્રકારનાં અનંતકાયમાં થતો હોવાથી તે વર્જ્ય-ત્યાજ્ય છે. જે ખાવાથી આપણી બુદ્ધિ વિકારી-તામસી અને જડ બને છે, એવાં અભક્ષ્ય અનંતકાય તો કઈ રીતે વાપરી શકાય? ખાનારને, ધર્મ વિરુદ્ધ વિચારો આવે છે. તથા અનંતકાય નરકનું આગમન દ્વાર છે. એટલે કે કંદમૂળાદિ સાધારણ વનસ્પતિકાયનાં અનંતા જીવોની વિરાધના કરનારને નરક ગતિનાં મહેમાન થવું પડે છે. તેથી શ્રાવકોએ માત્ર ઘરમાં નહિ પરંતુ, ઘરની બહાર પણ, કાયમ માટે કંદમૂળાદિ અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ. ખાનારાંઓનાં હૃદયનાં પરિણામો, કઠોર-નિષ્ઠુર બને છે.

૨) મૂળો કંદમૂળ છે અને ઉપર નાં પત્ર, મોગરાં, દાંડાં અને મોગરાંનાં બીજ પ્રત્યેક વનસ્પતિકાય છે. છતાંય, તેમાં ઘણાં ત્રસજીવો હોવાથી તથા મૂળા સાથે સંલગ્ન હોવાથી, મૂળાનાં પાંચેય અંગ અભક્ષ્ય છે. તેથી, મૂળાનાં પાંચેય અંગોનો, શ્રાવકોએ ત્યાગ કરવો.

૩) લીલફૂગ પાંચેય વર્ણની હોય છે. વરસાદનાં કારણે કે પાણીના કારણે, રસ્તામાં, કમ્પાઉન્ડમાં ભીંતો ઉપર, ઈંટ ઉપર વગેરેમાં લીલાં, કાળાં વગેરે વર્ણની લીલ થઈ જાય છે. આ લીલમાં પણ, અનંતા જીવો રહેલાં હોય છે. ચોમાસા જેવી ભેજવાળી સીઝનમાં, ઘરમાં જવાં આવવાનાં રસ્તામાં,

બિલ્ડીંગનાં કમ્પાઉન્ડમાં કે અન્યત્ર લીલ ન થઈ જાય, તેની કાળજી લો, વરસાદ આવે તે પહેલાં જ, લઈ લેવી જોઈએ. કારણ કે, ચોમાસાનો વરસાદ એકવાર શરૂ થયા બાદ, સતત ને સતત ભીનાશ રહેવાને લીધે, થઈ ગયેલ લીલથી, બચવા માટેનાં યોગ્ય ઉપાયો કરી ન શકાય. લીલ થઈ ગયાં બાદ, તેનાં ઉપર પગ પણ ન મૂકાય કે તેનો નાશ પણ ન કરાય. તેને અડવા માત્રથી પણ, અનંતા જીવોની વિરાધના થઈ જાય.

આ વિરાધનાથી બચવા માટે, સમજુ વિવેકી શ્રાવકો તો, વરસાદ શરૂ થયા પૂર્વે જ, ઘરની બહાર કમ્પાઉન્ડમાં, જવાં-આવવા નાં રસ્તા ઉપર, ડામરનો કે સફેદ કલરનાં ઓઈલ પેઈન્ટ નો પટ્ટો કરાવી દે છે. ડામર અથવા ઓઈલ પેઈન્ટ ગરમ હોવાથી, લીલની ઉત્પત્તિ જ થવા ન દે. આ કાળજી જો ન રખાય તો, ઘરનાં તમામ સદસ્યો તથા બિલ્ડીંગનાં તમામ મેમ્બરો, જેટલી-જેટલી વાર કમ્પાઉન્ડમાંથી પસાર થાય, તેટલી-તેટલી દરેક વખતે, લીલ ઉપર પગ આવવાને લીધે, અનંતા જીવોની વિરાધના થાય છે. એ ઉપરાંતમાં, કમ્પાઉન્ડમાં લીલ થઈ ગયેલ બિલ્ડીંગનાં ઘરોમાં તો, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો, ગોચરી-પાણી વહોરવા ન આવી શકવાથી, શ્રાવકો એ સુપાત્ર દાનનાં ઉત્તમ લાભથી પણ, વંચિત રહેવું પડે છે. સફેદ ઓઈલ પેઈન્ટનો પટ્ટો, એકલો મારવાથી ન ચાલે. કારણકે, મુંબઈનો મુશળધાર-ધોધમાર વરસાદમાં તો, મરાયેલ સફેદ પટ્ટો, ૨-૪ દિવસમાંજ નીકળી જાય. આ રંગ લાંબો સમય વરસાદમાં પણ ટકી રહે, તે માટે ઓઈલ પેઈન્ટની સાથે અમુક ચીકાશ વાળાં કેમીકલ પદાર્થો પણ મેળવ્યાં બાદ, જો પટ્ટો મરાય તો, ભારે વરસાદમાં પણ, પટ્ટો ન નીકળે. માત્ર ચાલવા માટે ઉપયોગી થાય, તેવો બે-ફૂટની જાડાઈ વાળો સફેદ પટ્ટો ન કરવો, પરંતુ, તમારાં સ્કૂટર, ગાડી આદિ વાહનો પણ સહેલાઈથી પસાર થઈ શકે અને છતાંય લીલની વિરાધના ન થાય, તેવો પટ્ટો કમ્પાઉન્ડમાં મરાવવાનો હોય. લીલ-નિગોદમાં અનંતા જીવો હોવાથી, આ મોટી હિંસાથી બચવા માટે, દરેક ગૃહસ્થોએ અવશ્ય પ્રયત્નશીલ રહેવું જોઈએ. જીવદયાનાં ખાતામાં કદાચ ૨૫-૫૦ લાખની રકમ લખાવવાથી જે લાભ મળે તેનાં કરતાં પણ, સમયસર કાળજી પૂર્વક, સફેદ પટ્ટો ચોમાસા પૂર્વે મરાવીને, ઘર તથા બિલ્ડીંગનાં તમામ સદસ્યોને અનંતકાયની વિરાધનાથી બચાવવાનો લાભ, અનેક ઘણો મોટો મળે છે. અમુક જાણાં નિગોદની વિરાધનાથી બચવા માટે

KOKUYO W-NB280U

No.

Date

બિલ્ડીંગનાં કમ્પાઉન્ડમાં સફેદ લાદી અથવા આરસ બેસાડી દે છે. તે પણ સરસ ઉપાય છે.

૩) તળાવ, પાણીની ટાંકી વગેરેનાં પાણી ઉપર, લીલાં વર્ણની શેવાળ જે બાઝી જાય છે, તે પણ અનંતકાય છે. તેથી આ શેવાળની વિરાધનાથી બચવાનો પ્રયત્ન કરવો.

૪) શાકભાજીવાળો જે લારી ઉપર કાંદા-બટેટાં આદિ કંદમૂળ વેચતો હોય, તે લારી ઉપરથી, કંદમૂળ સિવાયનાં ફળ-ફૂટ કે અન્ય શાકભાજી ખરીદાય નહિ. અરે! જે લારી ઉપર અનંતકાય રહેલ હોય, તે લારીને અડવા માત્રથી પણ, અનંતા જીવોને કિલામણાં થતી હોવાથી, એવી લારીને, અડાય પણ નહીં.

૫) સતત ને સતત પાણી રહી જવાને કારણે, બાથરૂમની લાદી ઉપર અથવા બાથરૂમની ભીંતો ઉપર, લીલાં-કાળાં વગેરે વર્ણની લીલ થઈ જાય છે. તેમાં પણ, અનંતા જીવો રહેલાં હોય છે. આ અનંતા જીવોની વિરાધનાથી બચવા માટે, બાથરૂમને કાયમ કોરું રાખવાની વિશેષ કાળજી લેવી. જેથી ભેજનાં કારણે થતી લીલની ઉત્પત્તિની શક્યતા જ ન રહે.

૬) સંડાસ-બાથરૂમનાં નળનાં ગરણાંઓ, સતત ભીનાં રહેવાને લીધે, તેની ઉપર જે લીલાં-કાળાં રંગની બીકાશ બાઝી ગયેલી લાગે છે, તેને પણ લીલ જ કહેવાય છે. નળનાં ગરણાં ઉપર થયેલ લીલનાં અનંતા જીવોની વિરાધનાથી બચવા માટે, દર બે-બે દિવસે જો નળનાં ગરણાં બદલી નાંખવામાં આવે તો, લીલની સંભાવના અટકી જાય છે.

૭) લીલી સૂંઠ (આદુ), લીલી હળદર અને લીલો કચૂરો, આ ત્રણ અનંતકાય છે. માટે, લીલાં હોય ત્યારે ન વપરાય. તેમને આર્દ્રકત્રિક તરીકે કહેવામાં આવે છે. આ ત્રણેય વસ્તુઓ સૂકવ્યાં પછી, અચિત્ત અવસ્થામાં વાપરી શકાય. પરંતુ, સૂકવવાનાં આશયથી, આપણે પોતે, બજારમાંથી લીલી સૂંઠ (આદુ) લાવીને સૂકવીએ, તો ન ચાલે. પરંતુ, બજારમાં સામાન્ય જન માટે, મોટાં પ્રમાણમાં લીલી આદુ સૂકવાય અને સૂંઠ રૂપે બનાવાય, તો તે આપણને ખપી શકે. કારણ કે, આપણાં માટે સ્પેશિયલ સૂકવીને અનંતા જીવોની વિરાધના થયેલ નથી.

સવાલ: જો લીલી આદુ સૂકાઈને અચિત્ત થયાં બાદ વાપરી શકાય તો પછી એજ

રીતે, બટાટાનું શાક વગેરે બીજાં કંદમૂળો પણ, ચૂલે રંધાઈ ગયાં બાદ, અચિત્ત રૂપે હોવાથી શા માટે વાપરી ન શકાય?

જવાબ: સૂંઠ વગેરે ઔષધિ રૂપે અને માત્ર અલ્પ માત્રામાં જ વપરાય છે. તે પેટ ભરવા માટે નથી. જ્યારે બટાટાનું શાક વગેરે પેટ ભરવા માટે, સ્વાદ માટે અને વધુ પ્રમાણમાં વપરાય છે. વળી બટાટાનું શાક વાપરતાં કંદમૂળ ખાઈએ છીએ તે સ્પષ્ટ જણાય છે, જ્યારે સૂંઠ વગેરેમાં તો પર્યાય (અવસ્થા) સંપૂર્ણ બદલાઈ ગઈ છે. ઔષધાદિ કારણે અને પરિણામ બગડતાં ન હોવાથી મહાપુરુષોએ કોઈક વસ્તુની છૂટ આપી હોય તેથી બટાટાના શાક વગેરેની પણ છૂટ લઈ લેવાથી કે તેના બચાવ માટે દલીલ-તર્ક લગાડવાથી પાપકર્મના બંધથી બચી જવાશે?

૮) ચોમાસામાં છત્રી જેવાં આકારનાં બિલાડીનાં ટોપ જે થાય છે, તે પણ અનંતકાય છે. માટે તે, તોડવા નહીં કે તેને, અડવું પણ નહીં.

૯) મગ, ચણાં, ચોળે વગેરે કઠોળ-ધાન્યને રાત્રે જો પાણીમાં પલાળી નંખાય, તો પછી, બીજા દિવસે, તેમાં અંકુરા ફૂટે છે, જે અનંતકાય તરીકે કહેવાય છે. તેથી સ્વાદ માટે આવાં ફણગાવેલાં કઠોળોને વાપરવા નહીં. ઘણાં સ્થળોમાં, રસ્તા ઉપર, આવાં ફણગાવેલાં મગાદિ કઠોળ વેચવામાં આવે છે. સમજુ-વિવેકી શ્રાવકોએ, આવાં કઠોળ, સ્વાદ માટે વાપરવાં નહીં.

૧૦) જેનાં બીજ કે ઠળિયાં બંધાયા ન હોય. તેવા, સર્વ પ્રકારનાં કોમળ-કૂણાં ફળોને, અનંતકાય કહેવાય છે. દા.ત. બીજ ન બંધાયેલ એવી કોમળ આંબલી = અનંતકાય છે. તેથી તેની કાળજી રાખવી.

૧૧) ગુપ્ત નસોવાળાં શણ વગેરેનાં પાંદડાંઓ અનંતકાય છે. તેથી, તેને વાપરવું નહીં કે પછી, તેને અડવું નહીં.

૧૨) છેદ્યાં પછી ફરી ઊગે, તેવાં થોર, કુંવાર, ગુગળ, ગળો (લીમડે કે વાડો ઉપર જે વીંટળાય છે) વગેરે અનંતકાય હોવાથી, તેમની વિરાધનાથી બચવું.

૧૩) દરેકે-દરેક પ્રત્યેક વનસ્પતિકાય, પોતાની ઉત્પત્તિ જ્યારે થાય ત્યારે, અતિ કોમળ-અંકુરાદિની અવસ્થામાં, અનંતકાય રૂપે જ હોય છે. તેથી, તેમની વિરાધનાથી બચવાનો પ્રયત્ન કરવો. બાકી, અનંતા જીવોની વિરાધનાનો દંડ લાગી જાય.

KOKUYO W-NB280U

૧૪) જેને ભાંગતા તાંતણાં (રેસાઓ) ન જણાય, એવાં શક્કરિયાં વગેરે વનસ્પતિને, અનંતકાય રૂપે ગણાય છે. તેથી, સ્વાદ ખાતર, તેમની વિરાધનાથી બચવું.

૧૫) બટાટાં, કાંદા, લસણ, થોર, કુંવારાદિ વનસ્પતિમાં, ગમે તે ભાગ કાપીને ગમે તે રીતે ઉગાડવામાં આવે તો, ફરી ઊગે છે, કારણકે, તેઓ સાધારણ વનસ્પતિકાય છે. લીમડો, ગુવાર, કેળાં આદિ પ્રત્યેક વનસ્પતિકાયમાં આવું જોવા ન મળે. તેથી, સ્વાદ અથવા ઔષધિ માટે પણ કાંદા, લસણ, ગાજરાદિ અનંતકાયની વિરાધનામાં જોડાવું નહીં. બીજાં અનંતા નિર્દોષ જીવોની વિરાધના કરીને, અશાતા આપીને, પોતાની શારિરીક શાતા મેળવવા જનારને, શાતા કઈ રીતે મળી શકે? કારણકે, "જેવું આપશો, તેવું મળશે."

૧૬) જેમાં લીલ થઈ જાય, તે વસ્તુનો અથવા જ્યાં લીલ થઈ જાય, તે સ્થળનો વપરાશ બંધ કરી દેવો જોઈએ. અમુક દિવસો પસાર થયાં બાદ, ગરમીનાં કારણે, કુદરતી રીતે જ, આપમેળે તે લીલ સૂકાઈ ગયા બાદ જ, તે વસ્તુનો અથવા તે સ્થળનો વપરાશ શરૂ કરી શકાય છે. પરંતુ, લીલમાં અનંતા જીવો હોવાથી, "આ લીલ તડકાદિ થી જલ્દી સૂકાય તો સારૂં" આવું બોલાય નહીં કે પછી, આવું વિચારાય પણ નહીં. આવું બોલવા, વિચારવાથી અનંતા જીવોની વિરાધનાનો દંડ લાગે છે. લીલ જલ્દી સૂકાઈ જાય તે માટે, લીલવાળી વસ્તુઓને તડકામાં પણ મૂકાય નહીં.

૧૭) સ્વાદને પોષવા માટે, આદુવાળી ચા, બટેટાંની વેફર, ગાજરનો હલવો, ગાજરનો સૂપ આદિ વપરાય નહીં. પૂર્વે કીધું તેમ, બીજાં અનંતા નિર્દોષ જીવોને અશાતા આપીને, પોતે શાતા મેળવવાનો પ્રયત્ન કરનારને, શાતા કઈ રીતે મળે? કારણકે, જેવું આપો તેવું મળે છે. શાતા આપો તો શાતા મળે અને બીજાને અશાતા આપવાથી અશાતા મળે છે. "જૈસી કરની, વૈસી ભરની".

૧૮) ફૂલનાં કૂંડા ઘરે રાખવાથી, સતત ભેજનાં લીધે, કૂંડાની આસપાસ ચારે બાજુ, બહારનાં તથા અંદરના ભાગમાં, લીલ-નિગોદની પુષ્કળ ઉત્પત્તિ થઈ જાય છે. તે ઉપરાંત, કૂંડાની અંદરમાં રહેલ લાલ માટી પણ, સતત ભીની રહેવાને લીધે, તેમાં પણ, નિગોદની ઉત્પત્તિ થઈ જાય છે. એટલે, નિગોદનાં અનંતા જીવોની વિરાધનામાં, Direct જોડાવવું પડતું હોવાથી, કૂંડા ઘરે રાખવાને બદલે, બજારમાંથી મળતાં તાજાં ફૂલો મંગાવીને, દેરાસરમાં વાપરી શકાય. કૂંડા ઘરે રાખવાથી, અનંતા નિગોદની સાથે-સાથે, સચિત્ત-

અપકાયનાં અસંખ્ય જીવોની તથા સચિત્ત પૃથ્વીકાયનાં અસંખ્ય જીવોની વિરાધના પણ, તે ઉપરાંત થાય છે. અને પ્રત્યેક વનસ્પતિની વિરાધના પણ થાય છે.

૧૯) સ્વીમીંગ પુલ, બાથ ક્લબ, વોટર પાર્ક, પાણીનાં ધોધ (water fall) વગેરે સ્થળોમાં, સતત ને સતત પાણી રહેવાને લીધે, મોટા પ્રમાણમાં લીલ-નિગોદની ઉત્પત્તિ થાય છે. તેથી, શોખ ખાતર અથવા મનોરંજન ખાતર, આવાં સ્થળોમાં ફરવા માટે, નાહવા માટે ન જવાય. અગર જઈએ તો, ઉત્પન્ન થયેલાં, મોટા પ્રમાણની લીલાદિનાં અનંતા જીવોની વિરાધનાનો દોષ લાગે છે. આવાં સ્થળોમાં, ફરવા માટેનાં સામુહિક પ્રોગ્રામો ગોઠવવામાં, આપણે જોડાવું નહીં અને કોઈ બીજાં ગોઠવતાં હોય તો, તેને પ્રોત્સાહન, સાથ-સહકાર ન આપવો, મનથી ગમાડાય નહીં તથા વાણીથી પ્રશંસા પણ કરાય નહીં.

૨૦) ઘરની આજુબાજુમાં રહેલાં છાપરાઓ, જો સીમેન્ટ-કોન્ક્રિટનાં હોય અથવા પતરાંનાં હોય તો, ચોમાસાને (વરસાદને) લીધે, તેની ઉપર વિકાર લીલ-નિગોદ થઈ જાય છે. તેથી, જો શક્ય હોય તો, સીમેન્ટ, કોન્ક્રિટ અથવા લોખંડનાં છાપરાં બેસાડવાને બદલે, અગર પ્લાસ્ટિકનાં છાપરાં બેસાડવામાં આવે તો, ભીનાં થવા છતાંય, પ્લાસ્ટિકના છાંપરાઓ પર, લીલ-નિગોદ થવાની શક્યતા પ્રાયઃ નથી રહેતી. તેથી, લીલની વિશેષ વિરાધનાથી બચી શકાય છે.

૨૧) ચોમાસામાં ભારે વરસાદને લીધે, બિલ્ડીંગના કમ્પાઉન્ડની જેમ, મોટા ભાગની બિલ્ડીંગની ટેરેસ ઉપર પણ, ભારોભાર લીલ-નિગોદ થઈ જતી હોવાથી, શક્ય બને તો, કોઈપણ કારણવશાત્, બિલ્ડીંગની ટેરેસ ઉપર ચોમાસમાં ન જવું. ચીકાશવાળી લીલ-નિગોદ ઉપર લપસી જવાનાં ભયે, ટેરેસ ઉપર જવાની નિષેધની વાત નથી. પરંતુ નિગોદમાં રહેલા અનંતા સાધારણ વનસ્પતિકાયનાં નિર્દોષ જીવોની વિરાધનાથી બચવા માટે, અગાસી ઉપર જવાનું ટાળવું. તમારાં બાળકો વગેરે પણ, ટેરેસ ઉપર ન જાય, તેવી ભલામણ તેમને કરવી.

૨૨) તળાવ, સરોવર અથવા કૂવાનું પાણી, જે લીલું દેખાય, તેની પાછળનું કારણ પણ, લીલ-નિગોદ જ છે. તેથી આવાં સ્થળોમાં જવું નહીં. ક્યારેક જોવામાં આવે તો પણ, તે અનંતા જીવો પ્રત્યે દયા ચિંતવવી અને ત્યાંથી પણ, પાણી લેવાનું ટાળવું.

No.

Date

૨૩) ચાલી-ઝૂંપડપટ્ટીનાં વિસ્તારોમાંથી, ક્યારેક પસાર થવાનું થાય તો, ખાસ ખ્યાલ રાખવો. કારણકે, આ સાંકડી ગલીઓમાં, કપડાં ધોવાનું અથવા વાસણ ધોવાનું અથવા વહેતા ગટરના પાણીને લીધે, સતત ભેજ વાળી જમીનમાં, પુષ્કળ નિગોદની ઉત્પત્તિ, ઘણીવાર જોવા મળે છે. તેથી નિગોદના અનંતા જીવોની વિરાધનાથી બચવા માટે, આવી ભેજવાળી જમીન-સ્થળો-ગલીઓમાંથી પસાર થવાનું ટાળવું.

૨૪) આજે ઘણાં સ્થળો પર, ગવર્મેન્ટ તરફથી, બનાવાયેલાં પેવર બ્લોક્સ ઉપરથી પણ ચાલવાનું ટાળવું. કારણકે, વરસાદનાં પાણીને લીધે, સતત ભીનાં રહેવાથી, આ પેવર-બ્લોક્સ ઉપર તો, લીલ થઈ જ જાય. પરંતુ, તે ઉપરાંત, પેવર-બ્લોક્સનાં ખાંચાઓમાં તો, પાણી સૂકાવાની શક્યતા ઘણી ઓછી હોવાથી, ત્યાં તો લીલ-નિગોદ તરત થઈ જાય અને એકવાર થઈ ગયાં બાદ, જલ્દીથી સૂકાવાની શક્યતા પણ પ્રાયઃ નથી રહેતી. આ વિરાધનાથી બચવું હોય તો ચોમાસા પૂર્વે જ પેવર બ્લોક્સની ઉપર કેમીકલ મિશ્રીત સફેદ ઓઈલ પેઈન્ટનો વ્યવસ્થિત પટ્ટો મરાઈ જવો જોઈએ.

૨૫) બગીચાદિ સ્થળોમાં પણ, વિશેષ પ્રમાણમાં લીલ-નિગોદની ઉત્પત્તિ થતી હોવાથી, ચોમાસામાં આવા સ્થળોમાં, જવાનું જો ટાળી શકાય તો ટાળવું.

૨૬) પાણીની ટાંકી પણ જો પ્લાસ્ટિકની (સીન્ટેક્ષ) હોય અને નિયમિતપણે થોડાં-થોડાં દિવસે, તેની ઉપરનું પાણી જો લૂંછી નખાતું હોય તો, તેની ઉપર લીલ-નિગોદ થવાની શક્યતા પ્રાયઃ રહેતી નથી.

૨૭) મીઠાઈ-ફરસાણાદિનો ૧૫ દિવસ (ચોમાસામાં), ૨૦ દિવસ (ઉનાળામાં), ૩૦ દિવસ (શિયાળામાં)નો કાળ પૂર્ણ થયાં બાદ, ઘણીવાર તેમાં જ, તે જ વર્ણની ફૂગ (નિગોદ) ઉત્પન્ન થઈ જાય છે. તેમાં અનંતા જીવો હોય છે. તેથી, આ અનંતા જીવોની વિરાધનાથી બચવા માટે, મીઠાઈ આદિનો કાળ પૂર્ણ થયાં પહેલાં જ, તેનો વપરાશ કરી નાખવો જોઈએ.

૨૮) ઘણીવાર મીઠાઈ આદિનો કાળ પૂરો ન થવા છતાંય, તેમાં નિગોદ-ફૂગ ઉત્પન્ન થઈ જાય છે. કારણકે, મીઠાઈ આદિ બનાવતી વખતે, જો ચૂલે બરોબર (પુરતું) રંધાયું ન હોય તો, તેમાં રહેલ પાણી, પૂરેપૂરું ન બળવાને લીધે, રહી ગયેલ પાણીનાં ભેજથી જ, નિગોદ-ફૂગની ઉત્પત્તિ થઈ જાય છે. તેથી, આ

વિરાધનાથી બચવા માટે, મીઠાઈ આદિ ચૂલે રાંધતી વખતે, તેમાં પાણી રહી ન જાય, તેની પૂરેપૂરી કાળજી લેવી. પાણી પૂરેપૂરું બળી જાય તો, ભેજનાં લીધે ફૂગ થવાની સંભાવના જ ન રહે.

૨૯) મીઠાઈ-ફરસાણાદિ બન્યાં બાદ, જો Airtight ડબ્બામાં ન રખાય તો, ચોમાસાનાં વાતાવરણની ભેજ લાગીજવાથી પણ, તેમાં નિગોદ-ફૂગની ઉત્પત્તિ ઘણીવાર થઈ જાય છે. તેથી, મીઠાઈ આદિ બન્યાં બાદ, ભેજ ન લાગે તેવાં સાધનોમાં પેક કરીને રાખવું.

30) ઘણીવાર મીઠાઈ આદિ બની ગયા બાદ, ઠર્યા વગર જો ગરમાગરમ જ, ડબ્બામાં તરત ભરીને જો પેક કરી નખાય તો, બંધ ડબ્બામાં બાફ થવાને લીધે, ભેજ લાગી જાય અને ટૂંક સમયમાં, ફૂગની સંભાવના થાય છે. તેથી, મીઠાઈ આદિ ચૂલેથી ઉતાર્યા બાદ ઠરી જાય, ત્યારબાદ જ, ડબ્બામાં ભરવું.

31) આજની બનાવેલી રોટલી, જો બીજે દિવસે વાસી થઈ જવાથી ન વાપરી શકાય તો પછી, બ્રેડ-પાંઉ તો, કેટલાંય દિવસનાં વાસી હોવા છતાંય, શ્રાવકો તેને કઈ રીતે વાપરી શકે? વાસી રોટલીમાં રહેલ ભેજનાં લીધે, જેમ નિગોદ-ફૂગની ઉત્પત્તિ થઈ જાય છે તેમ જ, વાસી બ્રેડ-પાઉં આદિમાં પણ, ફૂગાદિની ઉત્પત્તિ થઈ જવાથી, કાયમ માટે ન વાપરી શકાય. શરૂઆતની અવસ્થામાં, નિગોદ-ફૂગ કદાચ ન દેખાય. કારણકે, બ્રેડ-પાઉં આદિ જે રંગના હોય છે, તે જ રંગની નિગોદ, તેમાં થઈ જવાથી, શરૂઆતની અવસ્થામાં ઉત્પન્ન થવાં છતાંય, આપણને કદાચ ન દેખાય. પરંતુ, એ જ બ્રેડ-પાઉંમાં, જો વધારે દિવસ પસાર થાય તો, તેની ઉપર વિકરાળ ફૂગની ઉત્પત્તિ, સ્પષ્ટપણે જોવા મળે છે.

૩૨) બજારનો તૈયાર માવો તો પ્રાયઃ કરીને કાચો હોવાથી, તે શ્રાવકોને ન ખપે. કાચા સફેદ રંગના માવાને વેપારી, ચૂલે ઓછું શેકે છે. જેથી દૂધ ઓછું બળે અને પ્રમાણ પણ, વધારે ન ઘટે. આવા માવામાં, પાણીનો ભાગ રહી જવાથી, અન્ય મીઠાઈઓની જેમ ૧૫-૨૦ દિવસ તો, ન જ ચાલે. પરંતુ, માત્ર એક જ દિવસ ચાલે. એટલે, બજારનો માવો તો બન્યાં બાદ, ઘણીવાર ફ્રીજ આદિમાં કેટલાંય દિવસથી રખાયેલ હોય, તો આપણને ખબર ન હોવાથી, બજારનો કાચો માવો અથવા કાચા માવામાંથી બનાવેલ સફેદ અને કેસરી રંગના પાલીતાણાનાં પેંડા કે પછી કેસર બરફી આદિ પણ બન્યાં બાદ, માત્ર એક જ દિવસ માટે ચાલે. તેથી આવી વસ્તુઓ શ્રાવકોએ

KOKUYO W-NB280U

ખરીદવી નહીં. વાપરવી નહીં. એટલે, બજારનો માવો કે તેમાંથી બનાવેલ મીઠાઈ આદિ શ્રાવકોએ વાપરવું નહીં. ઘરે બનાવેલ માવો, જો વ્યવસ્થિત શેકીને લાલ કરેલ હોય ત્યારબાદ જ, તે માવો અથવા તેમાંથી બનેલ મીઠાઈ વાપરી શકાય. આ રીતે પૂરેપૂરો લાલ થયેલ માવાની મીઠાઈ પણ, ૭-૮ દિવસથી વધારે દિવસ સુધી ન વપરાય તો સારું.

૩૩) આજે સમારેલ શાકભાજી કે ફળ-ફ્રૂટાદિ, એકવાર થોડું પણ સમાર્યા બાદ, બીજા દિવસે ન ખપે. પરંતુ સમાર્યા બાદ એ જ દિવસે, વપરાઈ જવું જોઈએ. બીજા દિવસે વપરાય તો તેમાં, તે જ વર્ણની નિગોદની ઉત્પત્તિ થઈ જવાથી, આજે સમારેલ ફળ-ફ્રૂટાદિ, બીજા દિવસે ન વપરાય, પરંતુ, તે જ દિવસે, વપરાય જાય તેવી કાળજી-જાગૃતિ રાખવી, અને વધશે એવું જો લાગે તો ફ્રીજમાં રાખીને, બીજે દિવસે વાપરવાને બદલે, કોઈ ગરીબને અથવા કોઈ પશુને વપરાવી દેવું. અડધું સમારેલ કલિંગર કે દૂધી આદિ પણ, બીજા દિવસે ન ખપે.

૩૪) દૂધીનો હલવો, જે દિવસે બનાવેલ હોય, તે જ દિવસે ચાલે. પરંતુ, બીજા દિવસે તેમાં, નિગોદની ઉત્પત્તિ થવાની વાત, જ્ઞાની ભગવંત કરતાં હોવાથી, તે જ દિવસે વપરાય જવો જોઈએ.

૩૫) વરસાદમાં ભીનાં થયેલાં તમારાં બૂટ-ચંપલાદિ અથવા તો ભીનાં ન થયેલ એવા તમારાં વપરાયેલાં બૂટ-ચંપલ, પર્સ, પાકીટ, બેગ આદિ વસ્તુઓ પણ, ચોમાસામાં એક ખૂણે અથવા કબાટાદિમાં પડી રહેવાથી, થોડા દિવસોમાં, તેમાં સ્પષ્ટપણે ફૂગ-નિગોદાદિ અનંતા જીવોની ઉત્પત્તિ જોવા મળે છે. તેથી ભીનાં-પરસેવા વાળાં બૂટાદિ રહી ન જાય, તેની કાળજી રાખવી. કદાચ નિગોદ થઈ જાય તો ત્યારબાદ, આપોઆપ લીલ સૂકાઈ ન જાય, ત્યાં સુધી તે વસ્તુને વપરાય નહીં, અડાય પણ નહીં. જલ્દી સૂકાવા માટે, તડકે પણ ન રખાય અને સૂકાઈ જાય તેવી ઈચ્છા પણ ન કરાય, વિચાર પણ કરાય નહીં.

૩૬) પરસેવાવાળી વપરાતી નવકારવાળી કે રૂમાલાદિ વસ્તુઓ પણ, ચોમાસામાં થોડાં દિવસ ન વપરાય અને જો પડી રહે તો, ભેજ લાગીને તેમાં પણ, થોડાં દિવસે, તુરંત નિગોદ-ફૂગાદિ ની ઉત્પત્તિ થઈ જાય છે.

૩૭) આગળ વધીને તો, પુસ્તકાદિમાં અથવા આયુર્વેદિક ગોળીઓ આદિમાં પણ, જો વાતાવરણની ભેજ લાગી જાય તો, તુરંત લીલ-નિગોદની ઉત્પત્તિ થાય છે,

૩૮) ધંધા નિમિત્તે બહારગામ જવાનું થાય ત્યારે, અન્ય કંપનીમાં અથવા દુકાનોમાં જતી વખતે અને સગાવહાલાંઓનાં ઘરોમાં વ્યવહારિક પ્રસંગો જતી વખતે, કંપની-બિલ્ડીંગાદિ કમ્પાઉન્ડમાં જો લીલ થઈ ગયેલ હોય તો, તેવામાં શ્રાવકોએ જવાય નહીં. પૈસાનું Payment લેવા માટે જતી વેળાએ પણ નિગોદ લીલનાં અનંતા જીવોની વિરાધના થાય તેમ હોય તો, શ્રાવકોએ તે રસ્તે વિરાધના કરીને જવાય નહીં. ફાવશે ને?

૩૯) નોટોનાં બંડલો ગણતી વખતે, ઓફિસના ટેબલની ઉપર, જે ભીનાં સ્પંજની ડબ્બીમાં, વારંવાર આંગળી નખાય છે, તેમાં પણ, સતત ભીનું રહેવાથી, નિગોદની ઉત્પત્તિ ઘણીવાર થઈ જાય છે. તેથી, નોટો ગણવા માટે, આ રીતે ભીનું સ્પંજ રાખવાથી નિગોદની વિરાધનમાં જોડાવાનો દોષ લાગે છે. માટે, આ રીતે ભીનું સ્પંજ રાખવાની, વાપરવાની જરૂર નથી.

૪૦) તડકે બરોબર સૂકવ્યાં વિનાનો મુરબ્બો હોય અથવા જેમાં ત્રણ તારની ચાસણી ન થતી હોય, એવાં મુરબ્બામાં, ભેજ રહી જવાથી, થોડા દિવસોમાં લીલ-ફૂગ થઈ જવાથી અનંતા જીવોની બીનજરૂરી વિરાધના થાય છે. કદાચ ચાસણી પાકી બની હોય એવો મુરબ્બો પણ, જો બરણીમાં વ્યવસ્થિત પેક ન થયેલ હોય અને જો વાતાવરણની ભેજ લાગી જાય તો, તેમાં પણ, લીલ-ફૂગની ઉત્પત્તિની પૂરી સંભાવના હોય છે. તેથી, ચૂલે અથવા તડકે, વ્યવસ્થિત તપાવાય અને ભેજ ન રહી જાય, એવી કાળજી, બનાવતી વેળાએ, વિશેષથી લેવી જોઈએ. બની ગયાં બાદ, બરણીમાં વ્યવસ્થિત પેક થઈ જાય અને હવા ન લાગે, તેની પણ બરોબર કાળજી લેવાથી, આ નિર્દોષ અનંતકાયની વિરાધનાથી બચી શકાય છે.

૪૧) બજારમાં બનેલ મીઠાઈ આદિનો પણ શક્ય બને તો, શ્રાવકોએ ત્યાગ કરવો જોઈએ. જેથી, કાચા માવાને લીધે, વધુ પડતું વાસી થવાને લીધે, નિગોદ-ફૂગાદિની ઉત્પત્તિ અને વિરાધનાથી બચી શકાય.

૪૨) ચોમાસામાં આસો મહિના સુધી, ભેજનું પ્રમાણ વાતાવરણમાં વધુ પડતું હોવાથી, મગનાં પાપડ, ખીચ્યાં પાપડાદિ પાપડો, આસો મહિના સુધી ન વપરાય. કારણ કે, પાપડમાં ક્ષારનું પ્રમાણ વધારે હોવાથી, ક્ષાર તો, વાતાવરણ-માંથી ભેજને ખેંચે છે. પછી ભેજનાં લીધે, નિગોદ-ફૂગાદિની ઉત્પત્તિ, ઘણીવાર થઈ જાય છે. તેથી, પાપડનો વપરાશ કે, પાપડનું શાક આદિ પણ, ચોમાસામાં

KOKUYO W-NB280U

છોડી દેવું જોઈએ.

૪૩) બિલ્ડીંગમાં, નિગોદની વિરાધનાથી બચવા માટે, કરેલ ડામરનો અથવા ઓઈલ પેઈન્ટનાં સફેદ પટ્ટામાં પણ, જો વચ્ચે-વચ્ચે ખાંચાઓ હોય અને જો વચ્ચે-વચ્ચે પાણી એકત્રિત થઈને, સૂકાતું ન હોય તો, પટ્ટા ઉપર પણ લીલ-નિગોદની ઉત્પત્તિ થઈ જાય છે. તેથી, જે જમીન ઉપર, પાટો કરવામાં આવેલ હોય તેમાં પાણી ભેગું ન થઈ જાય, પરંતુ, સહેલાઈથી વહી જાય, એ રીતે જમીનને લીસી-સપાટ સમતલ કર્યા બાદ જ, પટ્ટો આદિ કરાવેલ હોય તો, તેની ઉપર નિગોદ થવાની સંભાવના ન રહે.

૪૪) ચોમાસામાં મુંબઈનાં ભારે વરસાદને લીધે, ચારેય બાજુમાં, પૂરતાં પ્રમાણમાં લીલ-નિગોદની ઉત્પત્તિ થઈ જવાને લીધે, ચોમાસનાં ચાર મહિના માટે, તીર્થ-યાત્રા કરવાનું ટાળવું. કારણકે, તીર્થનાં કમ્પાઉન્ડ આદિમાં પણ ચાલવાથી, લીલ-નિગોદનાં અનંતા જીવોની વિરાધના થઈ જવાથી, તે યાત્રા કઈ રીતે ફળી શકે? કારણકે, આ રીતે પ્રત્યક્ષ નિગોદ-લીલ-ઘાસાદિ ઉપર ચાલીને, પૂજાદિ કરવાથી, કદાચ લાભ કરતાંય, વિરાધનાની નુકસાની વધી જાય, તેવી શક્યતા છે.

૪૫) ચોમાસાની શરૂઆતમાં લીલ-નિગોદ આદિની વિરાધનાથી બચવા માટે, ડામર અથવા સફેદ ઓઈલ પેઈન્ટનાં પટ્ટા મારવાની, શ્રાવકોની જાગૃતિનાં અભાવે, બિલ્ડીંગનાં કમ્પાઉન્ડમાં તો લીલ-નિગોદની વિરાધના વિના, પગ રાખવું પણ શક્ય ન બને, એવી સ્થિતિ સર્જાઈ જાય છે. એકવાર ચોમાસું શરૂ થઈ ગયાં બાદ, સતત ઓછો-વધતો વરસાદ મુંબઈમાં ચાલુ જ રહેવાથી, સળંગ ૪-૪ મહિના સુધી પણ, બિલ્ડીંગની લીલ-નિગોદ સૂકાતી નથી. તેથી શ્રાવકોના લાભ આગ્રહ અને ભક્તિભાવ હોવા છતાંય, ચોમાસામાં પ્રવેશ બાદ, સળંગ ૪-૪ મહિના સુધી, સંઘનાં ૯૫%-૯૮% શ્રાવકોનાં ઘરોમાં, એકપણ વાર ગોચરી વહોરવા જઈ ન શકાય, આવું પણ બને છે. અરે! સામાન્યતયા તો વહોરવા ન જ જઈ શકાય. પરંતુ, પર્યુષણમાં અઠ્ઠાઈ, ૧૬ ઉપવાસ, માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણીતપાદિ મોટી તપશ્ચર્યા કરનારાંઓ, તપસ્વીઓનાં આંખે આંસુ આવી જાય અને કરગરીને પારણા માટે, પધારવા માટેની લાભ વિનંતી હોવા છતાંય, એક પણ તપસ્વીનાં ઘરે, લીલ-નિગોદનાં કારણે જઈ ન શકાય, એટલી હદે, પરિસ્થિતિનું સર્જન થઈ જાય. શ્રાવકોનો આગ્રહ અને

ભક્તિભાવ સારામાં સારા હોવા છતાંય, ભાવકોનાં ભાવ સાચવવા માટે, લીલ-નિગોદનાં અનંતા નિર્દોષ જીવોને કચડીને, ગોચરી વહોરવા માટે, અમારે જવાનો નિષેધ પ્રભુએ કરેલ છે. તેથી, કાળજી-જાગૃતિ પૂર્વક ચોમાસા પૂર્વે જ, સફેદ પટ્ટીઓ મરાઈ જાય તો, અનંતા જીવોની વિરાધના-થી, ઘરનાં તથા બિલ્ડીંગનાં બધા સદસ્યોને બચાવવાનો મોટો લાભ મળી શકે અને પૂ.સાધુ-સાધ્વીજીનો સુપાત્રદાનનાં લાભથી પણ વંચિત ન રહેવું પડે.

૪૬) બિલ્ડીંગમાં થયેલ લીલ-નિગોદ ઉપરથી રોજ-રોજ પસાર થવાને લીધે, ધીરે-ધીરે કરીને હૃદયનાં પરિણામો કઠોર થઈ જાય. તેથી શરૂઆતનાં દિવસોમાં, લીલ ઉપરથી ચાલવામાં જે ડંખ-પશ્ચાતાપ ને અરેરાટી હૃદયમાં થતી હતી, તે ધીરે-ધીરે કરીને નીકળી જવાથી, હૃદયનાં સુકોમળ પરિણામો કઠોર-નઠોર થઈ જવાની મોટી નુકસાની ભાવકોએ વેઠવી પડે છે. આ રીતે જાણી જોઈને કઠોર કરી નાખેલ હૃદયથી પછી પૂજા-સામાયિક-પ્રતિક્રમણ ની શુભ આરાધનાઓ કરવા છતાંય, માત્ર બાહ્ય કાયાના સ્તરે, આરાધનામાં જોડાવાય છે. પરંતુ, હૃદયનાં શુભ ભાવો સાથે, ભાગ્યે જ જોડાવાનું થતું નથી. તેથી, સારામાં સારી પૂજા-પ્રવચન શ્રવણ-પુસ્તક વાંચનાદિ કરવા છતાંય, તેના માધ્યમે, આત્મા ને જે લાભ, જેવો લાભ, થવો જોઈએ, તે લાભ, તેવો લાભ થતો નથી. હૃદયનાં પરિણામોની આ કઠોરતાનાં સંસ્કારો, આવતાં ભવમાં પણ સાથે આવવાથી, આવતાં ભવમાં, કદાચ જીવંત પરમાત્મા સીમંધર સ્વામીની વૈરાગ્ય સભર દેશના, મહાવિદેહ ક્ષેત્રમાં જો સાંભળવા મળશે તો ત્યાં પણ, દેશના શ્રવણ બાદ, પ્રભુની પ્રેરણા ઝીલીને આગળ વધવાનો ઉત્સાહ, આપણાં આત્માને નહીં જાગે. તેથી લીલ-નિગોદ ઉપર ચાલવાથી, માત્ર આ ભવમાં નહી પરંતુ, ભવાંતરમાં પણ, આપણાં આત્માને, મોટી નુકસાની વેઠવી પડે, તેવી શક્યતા છે.

૪૭) આજે બનાવેલ ચટણી આદિ પણ વધી જવાથી, ફ્રીઝમાં રાખીને બીજે દિવસે વાપરવાથી, તે જ વર્ણની નિગોદ-ફૂગાદિની ઉત્પત્તિ, તેમાં થવાની શક્યતા છે. તેથી આજે બનાવેલ ચટણી, બીજા દિવસે, ૧૦૦% ન ખપે. પરંતુ, તે જ દિવસે વપરાય જવી જોઈએ.

૪૮) અનંતા જીવોની હિંસા જેમાં રહેલી છે, તેવાં બટાટાં, ડુંગળી, લસણ, ગાજર, મૂળા, શક્કરિયાં વગેરેના ભોજનનો તથા લીલ, સેવાલ વગેરેની હિંસાનો સદંતર

ત્યાગ જ કરી દેવો જોઈએ. બટાટા, ડુંગળી, લસણાદિ જમીનમાં થાય છે. માટે, તેને "જમીનકંદ" કે "કંદમૂળ" કહેવામાં આવે છે. વૈજ્ઞાનિકો પણ કહે છે કે, (Where there is darkness, there are germs) (જ્યાં અંધારું છે, ત્યાં ઘણાં જીવો હોય છે.) આમ, તેઓ પણ જમીનકંદમાં અને રાત્રિભોજનમાં, ઘણાં જીવોની ઉત્પત્તિનો સ્વીકાર કરે છે.

૪૯) એકનાં એક માટલાં વગેરેમાંજ, રોજ-રોજ પાણી ભરવાથી તેમાં લીલ થવાની પૂરી સંભાવના છે. માટે ૩-૪ દિવસે, માટલાં બદલતાં રહેવું અને ખાલી માટલાં-ઓને, સંપૂર્ણ સુકાવા દેવાં. માટલાં ખાલી થયા બાદ તેમાં રહેલ પાણીનાં ટીપાં-ઓને વ્યવસ્થિત નીતરવા દેવાં. ત્યારબાદ, કોરાં કપડાથી, ૩-૪ વાર વ્યવસ્થિત ઘડાંને કોરો કર્યા બાદ, ૨-૩ દિવસ બાદ, નવું પાણી ભરવું.

૫૦) વાસી ખોરાક ઉપર તથા બરાબર ન બનેલ મીઠાઈ, ખાખરાં વગેરે ઉપર, જે સફેદ કલરની ફૂગ બાઝી જાય છે, તે "અનંતકાય" છે. ખાસ કરીને, ચોમાસામાં જ્યાં-ત્યાં ફૂગની વધુ સંભવના રહે છે. મીઠાઈ, ખાખરાં, પાપડ, વડી, દવાની ગોળીઓ, સાબુ, ચામડાંનાં પાકીટ, પુસ્તકનાં પૂંઠાઓ, અથાણાં વગેરે ઉપર ઘણી વખત ફૂગ થઈ જાય છે. ફૂગ ન થાય તેની પહેલેથી કાળજી રાખવી જોઈએ. પાણી કે ભેજ લાગવાનાં કારણો તથા મીઠાઈ, અથાણાં વગેરે બરાબર બનાવ્યાં ન હોય કે બરાબર રીતે સાચવ્યાં ન હોય, ત્યારે આવું ખાસ બને છે. ફૂગ થયાં પછી, તે ખાવાનાં પદાર્થો, અભક્ષ્ય બને છે. તેથી, તે ખવાય નહીં, અને તેને અડાય પણ નહિ. એની મેળે અમુક-ઘણો કાળ પસાર થયાં પછી, એ ફૂગ દૂર થઈ જાય પછી જ, તે ખાવાની ચીજો પરઠવી દેવી જોઈએ અને સાબુ વગેરેને, ઉપયોગમાં લઈ શકાય. પણ ફૂગ જ ન થાય, તેની સંભાળ તો, પહેલેથી જ રાખવી પડે. નહીં તો ફૂગ થઈ જાય અને તેથી જ, અનંત જીવોની ઘોર હિંસાનું પાપ, આપણાં લલાટે ચોંટાય. ભીનાં હાથે મીઠાઈ, પાપડ વગેરેને ન અડવું, અથાણાં વગેરે ખુલ્લાં ન મૂકવાં, રાણ તાવી સામગ્રી વગેરે નીતિ-નિયમો બરાબર પાળવાં. તો જ, આ અનંતા જીવોની બીનજરૂરી વિરાધનાથી બચી શકાય.

૫૧) ખાદ્યપદાર્થો વાસી ન રાખવા. તે તે ખાદ્યપદાર્થોની, તે તે કાળમર્યાદાનું ઉલ્લંઘન થવાથી, તેમાં ફૂગાદિ અનંતા જીવોની ઉત્પત્તિ + વિરાધના થાય છે. તેથી, આ અંગે કાળજી રાખવી.

૫૨) વાતાવરણમાં ભેજને લીધે ઘણીવાર, કેસરની ડબ્બીમાં પણ, ફૂગાદિ અનંતા જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. પરંતુ, કેસરની ડબ્બીમાં જો કાળાં મરીનાં દાણાં મૂકી રાખીએ તો, ભેજનાં કારણે થતી જીવોત્પત્તિ + વિરાધનાથી બચી શકાશે.

૫૩) ઘરમાં રહેલ કપડાંનાં કબાટ, શોકેસ, પુસ્તકોનાં બોગાદિ દરેક જુદાં-જુદાં સ્થળોમાં જો ડામરની ગોળીઓ મૂકી રખાય તો, નવી જીવોત્પત્તિ થતી નથી.

૫૪) નિગોદ ઉપર પગ મૂકીને ચાલવાથી, તેની ઉપર ટેકો દઈને બેસવાથી, તેની ઉપર વાહન ચલાવવાથી, તેની ઉપર કોઈ બીજ વસ્તુ મૂકવાથી કે તેની ઉપર પાણી ઢોળવાથી નિગોદનાં અનંતા જીવોની હિંસા થાય છે.

બટાટાં અનંતકાય છે. તેથી, તેને બે ટકડા વચ્ચે ન કચડી શકાય. તો પછી બટાટાંની જેમ જ અનંતકાય રૂપે રહેલ એવી નિગોદને તો, પગ નીચે કેવી રીતે કચડી શકાય? એટલે કે, કાંદા-લસણ-ડુંગળી-બટાટાં આદિ કંદમૂળ વાપરવાથી જેવું પાપ-જેટલું પાપ લાગે છે, એટલું જ પાપ અને એવું જ પાપ, નિગોદ ઉપર ચાલવાથી-તેની વિરાધનાથી, આત્મા ને લાગે છે. બોલો! ચાલશે?

૫૫) જે જગ્યા, વધુ સમય માટે ભીની ને ભીની રહે, ત્યાં નિગોદ ઉત્પન્ન થાય છે. બાથરૂમ પણ, આખો દિવસ ભીનો રહે, તો, તેમાં પણ નિગોદ થઈ જાય છે. તેથી, ઘરનાં કોઈપણ સ્થાનો, વધુ વખત માટે ભીનાં ન રહે, તેની પૂર્ણ કાળજી રાખવી. કમ્પાઉન્ડમાં પણ, જ્યાં વધુ પડતાં પાણીથી ગાડીઓ ધોવાતી હોય, તે સ્થળે પણ, સતત ભીનું રહેવાથી, નિગોદ થઈ જાય છે.

૫૬) નીચે જોઈને ચાલો, રસ્તામાં ક્યાંય નિગોદ છવાયેલી દેખાય તો, ખસીને બાજુની ચોખ્ખી જગ્યા પર ચાલો. મકાનમાં કે કમ્પાઉન્ડમાં, ચાલવાનાં રસ્તા ઉપર નિગોદ ન થઈ જાય તે માટે, વરસાદની ઋતુ શરૂ થાય તે પહેલાં જ, તે રસ્તા ઉપર, નિગોદ ઉત્પન્ન જ ન થાય, તેવાં ઉપાય કરો, જેવા કે . . . . . .

* નિગોદ ન થાય તેવી માટી પાથરી દેવી.
* નિગોદ ન થાય તેવું ફ્લોરીંગ કરી દેવું. (લાદી વગેરેનું)
* ડામરનો પટ્ટો લગાવી દેવો.
* સફેદ રંગનો પટ્ટો લગાવી દેવો.

૫૭) એક વાર નિગોદ થઈ ગયાં પછી, તેને ઉખેડાય નહિ, સાફ કરાય નહિ, તેની ઉપર માટી કે લાદી કાંઈ નખાય નહિ, કલર કે કાંમરનો પટ્ટો પણ કરાય નહિ, કુદરતી રીતે સૂકાય નહિ, ત્યાં સુધી, કાંઈ પણ કરાય નહિ. "જલ્દી સૂકાય" તેવું ઇચ્છાય કે વિચારાય પણ નહિ. બાકી, નિગોદ (લીલ)માં રહેલ અનંતા જીવોની વિરાધનાનો દંડ, આપણાં સમગ્ર પરિવારને લાગે છે. ચાલશે ?

૫૮) લાકડા પર રંગ, વાર્નિશ કે પોલીશ કરવાથી, તેનાં ઉપર નિગોદ થતી નથી. ઉધઈ આદિ જીવંતો ની ઉત્પત્તિ ની પણ સંભાવના, પ્રાય: કરીને રહેતી નથી.

૫૯) મેલાં કપડાનાં કોલર, બાંય જેવા ભાગમાં, ટોપીમાં તથા ચશ્માની દાંડીની નાક પાસેની કેશીમાં પણ લીલ-ફૂગ થવાની પૂરી શક્યતા છે. જ્યાં ભેજનું પ્રમાણ, થોડા વખત માટે પણ જો સતત રહે, તો ત્યાં, નિગોદ થવાની સંભાવના ઘણી વધી જાય. તેથી ભેજ-પરસેવા વાળી વસ્તુઓ ન રહે, તેની પૂરી કાળજી રાખવી.

૬૦) ખાદ્યપદાર્થોને, ચુસ્ત ઢાંકણા વાળાં સાધનોમાં, બંધ કરીને રાખો. ફૂગ થાય તેવાં પદાર્થોને, ભેજવાળાં વાતાવરણમાં ન રાખો. ડબ્બામાંથી વસ્તુ કાઢતાં, હાથ જરા પણ ભીનો ન હોવો જોઈએ. બાકી, સહેજ પણ ભેજ લાગેલ આવાં ખાદ્ય પદાર્થોમાં, તરત લીલ-ફૂગ ઉત્પન્ન થઈ જતાં તો, વાર જ નથી લાગતી.

૬૧) મીઠાઈ વગેરે વાપરતાં પહેલાં, બરાબર ચકાસી લો કે, તેનાં ઉપર ફૂગ તો નથી થઈ ને? બાકળા વગેરે ભાંગીને ચોકસાઈ કરી લેવી. ફૂગ લાગી ગઈ હોય તેવી ચીજને, એક બાજુ મૂકી રાખો. તે ચીજને કોઈ અડે નહિ, તેનું ધ્યાન રાખો. ફૂગ થઈ ગઈ હોય તેવાં ખાદ્ય પદાર્થો "અભક્ષ્ય" બની જાય છે. તે ખાવા નહિં, બીજાને ખવડાવવાં નહિં.

૬૨) બજારનાં તૈયાર વડી-પાપડ, સૂકવણી કે મીઠાઈ ખાવા નહીં. છૂંદા-મુરબ્બા વગેરેને તડકે મૂકવામાં કે ચૂલે ચઢાવવામાં, જો કચાશ રહી ગઈ હોય તો, તેમાં ફૂગ થવાની પૂરી શક્યતા છે. બુંદીમાં ચાસણી, થોડી વધારે કાચી રહી ગઈ હોય તો, તરત ફૂગ થઈ જાય છે. મીઠાં આમળા, આયુર્વેદિક દવાની ગોળીઓ, સ્ટ્રીપમાંથી કાઢી રાખેલી દવાની ટીકડીઓ વગેરેમાં,

Date

લીલ-ફૂગ થવાની પૂરી સંભાવના છે. બુટ, ચંપલ, પર્સ, ચશ્મા વગેરે રોજ વ્યવસ્થિત સાફ કરતા રહેવું. મેલા કપડાં, થેલા વગેરે મૂકી ન રાખવા. તો જ, લીલ-ફૂગની ઉત્પત્તિ અને વિરાધનાથી બચી શકાશે. બાકી નહીં.

૬૩) કેસર ઘસવાનો ઓરસીયો, રોજ પાણીથી વ્યવસ્થિત સાફ કરીને લૂંછી નાખવો. તેની આસપાસ નિગોદ ન થઈ જાય, તેની કાળજી રાખવી. બાકી, સાફ કરવાનો તથા કોરાં વસ્ત્રથી લૂંછવાનો જો ન રખાય તો, ત્યાં પણ લીલ-ફૂગ-નિગોદ થતાં વાર ન લાગે.

૬૪) દેરાસરમાં, પગ ધોવાના સ્થાને, પાણી ઢોળવાને સ્થાને તથા નમણની કુંડીમાં, લીલ ન થાય તેની કાળજી રાખવી. આ કાળજી લગભગ ન રખાતી હોવાથી, આજે મોટા ભાગનાં દેરાસરમાં, પગ ધોવાનાં સ્થાને, જરૂર કરતાંય ઘણું વધુ પાણી શ્રાવકો પગ ધોવા માટે વાપરે છે. સતત ભેજ રહેવાને કારણે, તે જગ્યાએ લીલ-નિગોદ થઈ જાય છે. ત્યાર બાદ, તે નિગોદ-લીલ ઉપર જ, ફરી પાછું પગ ધોવા વગેરે પ્રવૃત્તિઓ, સમજ ન હોવાને કારણે શ્રાવકો કરે છે. તેથી, આ અનંતા જીવોની હિંસાથી બચવાનો વિશેષ પ્રયત્ન કરવો.

૬૫) ધાતુનાં પ્રતિમાજીમાં, બાંધા-કોતરણી-પરિકર વગેરે સ્થાનોમાં, જો અંગલૂછણું બરાબર ન થાય અને ભીનું રહે, તો, નિગોદ થઈ જવાની પૂરી શક્યતા છે. તે જ રીતે, પાષાણની પ્રતિમાજીની પાસે પબાસણ ઉપર પાણી ભરાઈ રહેવું હોય તો, ત્યાં પણ નિગોદ થવાની ઘણી શક્યતા છે. પાણી જરાય ન રહી જાય તેના માટે, ખૂબ ઉપયોગ રાખવો. જો શક્ય હોય તો દર ૧૫ દિવસે, બધા પ્રભુજીની, દહીં વગેરે દ્રવ્યોથી વિશેષ શુદ્ધિ કરવી. તેથી, નિગોદની ઉત્પત્તિ + વિરાધનાની સંભાવના જ ટળી જાય.

૬૬) પાણીની ટાંકીમાં, તાંબાનો ટુકડો મૂકી રાખવાથી, તેમાં લીલ થતી નથી. બાકી, પાણીથી ભરેલ ટાંકી, સતત ભીની રહેવાને લીધે, તેમાં પુષ્કળ લીલ-ફૂગ-સેવાલ-નિગોદ થઈ જાય છે. જે ઘણી મોટી વિરાધના છે.

૬૭) બજારની 'ચા' તો મોટે ભાગે, આદુવાળી હોય છે. જે અભક્ષ્ય છે. સ્વાદ માટે, દૂધની ક્વૉલીટી હલકી કરીને, આદુ જેવાં પદાર્થોનો ઉપયોગ, બજારની-હોટલની 'ચા' માં કરાય છે. તેથી, અનંતકાય એવાં કંદમૂળવાળી ચાનો, સદાય માટે ત્યાગ કરવો.

(૬૮) કોઈ વસ્તુ પર લીલ-ફુગ થઈ ગયાં પછી શું કરશો?

ડબ્બામાં પડેલી વસ્તુમાં જો લીલ થઈ ગઈ છે અથવા જૂનાં, મેલાં જોડાં, પૂઠાંના બોક્સ, ફાઈલમાં ભેજને કારણે જો લીલ થઈ ગઈ છે, તો તેવી વસ્તુને અડાય પણ નહીં. તેનો નિકાલ પણ કરાય નહીં. કારણ કે, આ અનંત જીવોનું સ્થાન અને યોનિ છે. માટે, તેને હળવાં હાથે, બીજાં કોઈનો ભૂલથી પણ સ્પર્શ ન થાય, જરાય હલન-ચલન ન થાય, તેવી જગ્યાએ લાંબા સમય સુધી રાખી દેવું. જ્યાં સુધી, આપમેળે તે નિગોદ-લીલનો નિકાલ ન થઈ જાય, ત્યાં સુધી, એમજ પડી રહેવા દેવી. અને, આ જ એક શ્રેષ્ઠ ઉપાય છે. તેને સાફ પણ ન કરાય. 'ક્યારે આ લીલ જશે'- તેવો વિચાર પણ ન કરાય. આવો વિચાર, મહા પાપકર્મનો બંધ કરાવી શકે છે. માટે, સૌથી પહેલાં તો, બિનજરૂરી કે લાંબા સમયે કામમાં આવનાર વસ્તુને સંઘરવી નહીં અને રાખવી જ હોય તો, તેની સરખી જાળવણી કરીને રાખવી, જેથી આવું ક્યારેય પણ આપણી બેદરકારીથી ન થાય. વસ્તુ ઉપરની નિગોદ સૂકાવવા માટે, તેને તડકે પણ રખાય નહીં.

(૬૯) આથાવાળી કોઈપણ વસ્તુમાં બીજા દિવસે નિગોદ થઈ જાય છે. તેવી જ રીતે, રાત્રે આથો અપાયેલ વસ્તુમાં પણ બીજાં દિવસે સવારે, નિગોદ થઈ જાય છે. - આવાં જ્ઞાની ભગવંતના વચનો છે. માટે, આજે આથો અપાયેલ વસ્તુ, આજે જ વપરાય અને રાત્રે કોઈપણ વસ્તુમાં આથો અપાય નહીં. નહીં તો, નિગોદનાં અનંતકાય જીવોની ઉત્પત્તિ અને વિરાધના કરવાનાં મહાપાપમાં ભાગીદાર બનીને, આપણો આત્મા, કર્મબંધથી ભારે થઈ જશે.

(૭૦) બદામની જેમ, સૂકાં ટોપરાંનો આખો ગોળો પણ પોતાની મુખ્ય કાચલી સાથે, જો મળે, તો તે જ દિવસ માટે, ચોમાસામાં વાપરી શકાય આજે ફોડેલો ગોળો, કાલે રાખી શકાય નહીં. અને રાખવો હોય તો, તેને ઘીમાં પાકી ગરમી આપીને શેકવો પડે છે. બજારમાં મળતાં, કાચલી વગરનાં સૂકાં ટોપરાનાં આખાં ગોળાં હોવાં છતાંય, તે અભક્ષ્ય છે. કારણ કે, વાતાવરણની direct અસરથી, તેનાં અંદરના ભાગમાં, લીલ-ફુગ, માટે ભાગે, થઈ જ જાય છે. - શ્રી કેવળી ભગવાનનાં

જ્ઞાનનો વિષય છે, અને આપણે કદાચ, નરી આંખે તેને જોવા સક્ષમ નથી. ડાયલી વગરનાં આખા ગોળામાં, પ્રાયઃ કરીને, નાની-સી તિરાડ (crack) કે નાની ફાડ પડી જાય છે (વાતાવરણને લીધે). અને આ તિરાડનાં માધ્યમે, વાતાવરણમાંથી ભેજ ખેંચાય છે અને પ્રાયઃ કરીને તેમાં અંદરમાં ફુગ-નિગોદ થઈ ગયેલ જોવા મળે છે. તેથી, તે ન વપરાય.

(૭૧) શંખ કુદરતી-રીતે, દરિયા કિનારે મળતાં હોય છે. તે સફેદ હોય છે અને ઘણી જાતનાં હોય છે. શંખનો ઉપયોગ દવામાં અને ડેકોરેશનમાં થતો હોય છે. તેની માંગ પુષ્કળ હોવાથી, દરિયાનાં પેટાળમાંથી કાઢવામાં આવે છે. લાંબા સમય સુધી, સતત, પાણીમાં જ રહેવાથી, સફેદ શંખ પૂરાં લીલથી ઢંકાઈ જાય છે. એટલે જ, પાણીમાંથી કઢાય ત્યારે, સફેદ ન દેખાતાં, કાળાં કે લીલાં વર્ણનાં દેખાય છે. માટે શંખનો વપરાશ કરવાથી, તે પોતે બેઈન્દ્રિય જીવ રૂપે હોવાથી, સૌ પ્રથમ તો, બેઈન્દ્રિય જીવની હિંસાનો દંડ લાગે અને તે ઉપરાંત, અનંતા નિગોદ જીવોની હિંસા પણ થાય છે. લીલ-નિગોદનો જાડો થર, પાણીમાંથી કઢાયેલ શંખ ઉપર જામી જવાને લીધે, તેજાબી એસિડમાં ધોવાયા પછી પણ, તે શંખને જોર-જોરથી ઘસવામાં આવે ત્યારે, માંડ-માંડ, ઉપરની નિગોદ દૂર થાય અને ઓરીજીનલ શંખનો કલર દેખાય. તેથી, શંખ વગેરે વપરાયેલ વસ્તુઓ-દવા વગેરેનો પણ વપરાશ ટાળવો.

આ રીતે, આપણાં રોજીંદા જીવનમાં ચાલતી, સાધારણ વનસ્પતિકાયનાં અનંતા જીવોની બિનજરૂરી direct-indirect વિરાધનાથી બચવાનો શક્ય એટલો વધુમાં-વધુ પ્રયત્ન કરવો. ફાવશે?

## સાધારણ વનસ્પતિકાયનો વિભાગ સમાપ્ત (THE END):

KOKUYO W-NB280U

આ રીતે, સ્થાવર એકેન્દ્રિયના ૨૨ ભેદ થયા. જેમાંથી ૧૧ પર્યાપ્તા છે અને ૧૧ અપર્યાપ્તા છે. તો આ - 'પર્યાપ્તા-અપર્યાપ્તા' એટલે શું ? એની વિશેષ જાણકારી મેળવીએ.
જીવના દરેક ભાગમાં - એકેન્દ્રિયમાં, વિકલેન્દ્રિયમાં, પંચેન્દ્રિયમાં આ બંને - 'પર્યાપ્તા-અપર્યાપ્તા' હોય છે. તેથી તેનો અર્થ સમજવો જરૂરી છે.

પ્રશ્ન: પર્યાપ્તા અને અપર્યાપ્તા એટલે શું ?
જવાબ: જે જીવો, સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી જ, મૃત્યુ પામે છે, તેઓ 'પર્યાપ્તા' કહેવાય. અને જે જીવો, સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યાં પહેલાં જ, મૃત્યુ પામે છે, તેઓ 'અપર્યાપ્તા' કહેવાય.

પ્રશ્ન: 'પર્યાપ્તિ' એટલે શું ?
જવાબ: 'પર્યાપ્તિ' એટલે જીવન જીવવાની એક પ્રકારની શક્તિ. આવી કુલ છ પ્ર્યાપ્તિઓ છે. આ પર્યાપ્તિઓ, જીવ ઉત્પત્તિનાં પ્રથમ સમયથી અંતર્મુહૂર્તમાં જ મેળવી લે છે અને તે જીવન પર્યંત રહે છે.

પ્રશ્ન: એ પર્યાપ્તિઓનાં નામ અને વ્યાખ્યા સમજાવશો ?
જવાબ: પર્યાપ્તિઓ છ છે. તે નીચે મુજબ છે :
(૧) આહાર પર્યાપ્તિ : આહારનાં પુદ્ગલોને ગ્રહણ કરવાની અને તેને પરિણમાવીને ખલ (મળ, મૂત્ર વગેરે) તથા રસ રૂપે જુદાં પાડવાની એક શક્તિ, તે 'આહાર પર્યાપ્તિ' કહેવાય
(૨) શરીર પર્યાપ્તિ : રસમાંથી લોહી, માંસ, મેદ વગેરે સાત ધાતુરૂપ શરીર બનાવવાની એક પ્રકારની શક્તિ, તે 'શરીર પર્યાપ્તિ' કહેવાય. ૭ ધાતુ : અસ્થિ (હાડકાં), મજ્જા, માંસ; મેદ (ચરબી), લોહી, રસ, વીર્ય.
(૩) ઈન્દ્રિય પર્યાપ્તિ : સાત ધાતુરૂપ શરીરમાંથી ઈન્દ્રિયો બનાવવાની એક પ્રકારની શક્તિ, તે 'ઈન્દ્રિય પર્યાપ્તિ' કહેવાય.

KOKUYO W-NB280U

(૪) શ્વાચ્છોશ્વાસ પર્યાપ્તિ : શ્વાચ્છોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની, ગ્રહણ કરીને શ્વાચ્છોશ્વાસ રૂપે પરિણમાવવાની અને તેનું જ આલંબન લઈને મૂકવાની એક પ્રકારની શક્તિ, તે 'શ્વાચ્છોશ્વાસ પર્યાપ્તિ' કહેવાય. આ પર્યાપ્તિ (શક્તિ)ના કારણે, જીવ શ્વાસ લઈ શકે છે અને મુકે છે.

(૫) ભાષા પર્યાપ્તિ : ભાષા વર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરવાની, ગ્રહણ કરીને ભાષા રૂપે પરિણમાવવાની અને તેનું જ આલંબન લઈને મૂકવાની, એક પ્રકારની શક્તિ, તે 'ભાષા પર્યાપ્તિ' કહેવાય. આ પર્યાપ્તિનાં કારણે, જીવ બોલી શકે છે.

(૬) મન પર્યાપ્તિ : મનોવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરવાની, ગ્રહણ કરીને મન રૂપે પરિણમાવવાની અને તેનું જ આલંબન લઈને મૂકવાની, એક પ્રકારની શક્તિ, તે 'મન પર્યાપ્તિ' કહેવાય. આ પર્યાપ્તિનાં કારણે, જીવ મનથી વિચારાદિ કરી શકે છે.

આ પર્યાપ્તિઓ મેળવતાં, જીવને ઉત્પત્તિનાં પ્રથમ સમયથી અંતર્મુહૂર્તનો કાળ લાગે છે. પણ, તે પર્યાપ્તિઓ, જીવની પાસે, જીવન પર્યંત રહે છે. એ શક્તિઓ દ્વારાં, આહાર ગ્રહણ, ખલ અને રસ રૂપે જુદાં થવું, રસમાંથી સાત ધાતુરૂપ શરીર બનવું, તેમાંથી ઈન્દ્રિયો બનવી, શ્વાસ લેવા-મૂકવા, વાણી વ્યવહાર કરવો, મનથી વિચારવું આદિ થઈ શકે છે. જો આવી શક્તિઓ જીવ મેળવે નહીં, તો શક્તિનાં અભાવે, ઉપર જણાવ્યાં મુજબની, જીવન જીવવા માટેની જરૂરી ક્રિયાઓ, કઈ રીતે થઈ શકે?

પ્રશ્ન: આ પર્યાપ્તિઓ જીવ કેવી રીતે અને ક્યારે મેળવે છે? બધી પર્યાપ્તિઓ શું એક સાથે મેળવે છે?

જવાબ: જીવ, ઉત્પત્તિનાં પ્રથમ સમયથી જ, આહારનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે. એથી, આ પર્યાપ્તિઓ મેળવવાની શરૂઆત, ઉત્પત્તિનાં પ્રથમ સમયથી જ, શરૂ થઈ જાય છે. કેમ કે, પુદ્ગલોનાં

(આહારાદિ પુદ્ગલોનાં) મળવાથી જ, આ શક્તિઓ પેદા થાય છે.
બધી પર્યાપ્તિઓ મેળવવાની શરૂઆત, એક સાથે જ, ઉત્પત્તિનાં પ્રથમ સમયથી જ, થઈ જાય છે. પરંતુ, પૂર્ણાહુતિ તો ક્રમશઃ પછી પછી જ થાય છે. કારણ કે, પહેલી પર્યાપ્તિ સ્થૂલ છે. અને, તે પછીની પર્યાપ્તિઓ, એક-એક કરતાં વધુ-વધુ સૂક્ષ્મ-સૂક્ષ્મ છે. જેમ સૂક્ષ્મતા વધુ, તેમ પૂર્ણાહુતિ માટે વધુ પુદ્ગલોની જરૂર પડે અને તે માટે, સમય પણ વધુ થાય.

❀ <u>એક દૃષ્ટાંત વિચારીએ</u> : છ બહેનો, એક સાથે, દોરાં બનાવવાની શરૂઆત કરે છે. તેમાંથી, જે બહેન જાડી-જાડી (સ્થૂલ-સ્થૂલ) દોરીઓ બનાવશે, તેનું કોકડું જલદી પૂરું થઈ જશે. અને, જે બહેનો, પાતળા-પાતળાં દોરાં બનાવશે, તેને વધુ-વધુ સમય લાગશે.

❀ <u>બીજું દૃષ્ટાંત વિચારીએ</u> : મોટાં પત્થરોથી, ડબ્બો જલ્દી ભરાઈ જશે, જ્યારે ધૂળ ભરવામાં વધુ સમય લાગશે.

આ રીતે, જેમ સૂક્ષ્મતા વધુ, તેમ પર્યાપ્તિ મેળવવામાં વધુ સમય લાગે.

પહેલી પર્યાપ્તિ (આહાર) જીવ, ઉત્પત્તિનાં પ્રથમ સમયે જ મેળવી લે છે. તથા, પછી-પછીની પર્યાપ્તિઓ, અનુક્રમે, અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્તનાં આંતરે મેળવે છે. તથા, છએ પર્યાપ્તિઓ મેળવતાં, કુલ સમય પણ, અંતર્મુહૂર્ત જ થાય છે. જો કે, દરેક જીવને, બધી જ પર્યાપ્તિઓ પ્રાપ્ત થતી નથી. માટે, જેને જેટલી પર્યાપ્તિ પ્રાપ્ત થતી હોય, તેનો કુલ સમય-અંતર્મુહૂર્ત છે, તેમ સમજી લેવું.

પ્રશ્નઃ કયા જીવને કેટલી પર્યાપ્તિઓ પ્રાપ્ત થાય છે?

જવાબ: • અપર્યાપ્તા જીવોને, પહેલી ત્રણ પર્યાપ્તિઓ પ્રાપ્ત થાય છે. (પહેલી ત્રણ પર્યાપ્તિઓ મેળવ્યાં પહેલાં, આગામી (આવતાં) ભવનાં આયુષ્ય કર્મનો બંધ થતો નથી. તેથી, પહેલી ત્રણ પર્યાપ્તિ પ્રાપ્ત કર્યાં પહેલાં, કોઈ જીવ મૃત્યુ પામતો નથી.) અપર્યાપ્તા જીવો, ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરીને, એક અંતર્મુહૂર્તમાં, આયુષ્ય બાંધીને, ત્યાર પછી (અબાધાકાળરૂપ) અંતર્મુહૂર્ત જીવીને જ, મરે છે.
(અંતર્મુહૂર્ત નાનાં-મોટાં અનેક પ્રકારે હોવાથી, ત્રણ પર્યાપ્તિ પછીનાં

પસાર થયેલાં અંતર્મુહૂર્તમાં પણ ચોથી પર્યાપ્તિ પૂર્ણ કરી નથી શકતો - તેમ સમજવું)

• પર્યાપ્તા જીવોમાં :
એકેન્દ્રિયને પહેલી ચાર ,
પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચ , ગર્ભજ મનુષ્ય , દેવ તથા નારકને છ ,
બાકીનાં સઘળાં પર્યાપ્તા જીવોને પાંચ
પર્યાપ્તિ પ્રાપ્ત થાય છે. આ તેમની 'સ્વયોગ્ય પર્યાપ્તિ' કહેવાય છે.

| | જીવો | પર્યાપ્તિ કેટલી | પર્યાપ્તિ કઈ-કઈ |
|---|---|---|---|
| १) | પર્યાપ્તા એકેન્દ્રિય જીવો | ४ | આહાર , શરીર , ઈન્દ્રિય શ્વાસોચ્છ્વાસ |
| २) | પર્યાપ્તા વિકલેન્દ્રિય જીવો | ५ | આહાર , શરીર , ઈન્દ્રિય , શ્વાસોચ્છ્વાસ , ભાષા |
| ३) | પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | ५ | આહાર , શરીર , ઈન્દ્રિય , શ્વાસોચ્છ્વાસ , ભાષા |
| ४) | પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | ६ | આહાર , શરીર , ઈન્દ્રિય શ્વાસોચ્છ્વાસ , ભાષા , મન |
| ५) | સઘળાં અપર્યાપ્તા | ३ | આહાર , શરીર , ઈન્દ્રિય |

No. ............

Date ............

# SUMMARY OF એકેન્દ્રિય (સ્થાવર જીવ)

- વિશ્વ
  - જીવ
    - સંસારી જીવ
      - સ્થાવર (તમામ એકેન્દ્રિય જીવ)
      - ત્રસ (બેઈન્દ્રિય થી પંચેન્દ્રિય જીવ)
    - મુક્ત જીવ
  - અજીવ

## ❀ સ્થાવર (એકેન્દ્રિય) જીવના કુલ ૨૨ ભેદ

- પૃથ્વીકાય
  - સૂક્ષ્મ
    - પર્યા
    - અપર્યા
  - બાદર
    - પર્યા
    - અપર્યા
- અપકાય
  - સૂક્ષ્મ
    - પર્યા
    - અપર્યા
  - બાદર
    - પર્યા
    - અપર્યા
- તેઉકાય
  - સૂક્ષ્મ
    - પર્યા
    - અપર્યા
  - બાદર
    - પર્યા
    - અપર્યા
- વાઉકાય
  - સૂક્ષ્મ
    - પર્યા
    - અપર્યા
  - બાદર
    - પર્યા
    - અપર્યા
- વનસ્પતિકાય
  - પ્રત્યેક (બાદર)
    - પર્યા
    - અપર્યા
  - સાધારણ
    - સૂક્ષ્મ
      - પર્યા
      - અપર્યા
    - બાદર
      - પર્યા
      - અપ

## ❀ સ્થાવર જીવોનાં ૨૨ ભેદોનાં નામ : (ફરી એક વાર - Revision માટે)

૧) પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય
૨) અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય
૩) પર્યાપ્તા બાદર પૃથ્વીકાય
૪) અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય
૫) પર્યાપ્તા સૂક્ષ્મ અપકાય
૬) અપર્યાપ્તા સૂક્ષ્મ અપકાય
૭) પર્યાપ્તા બાદર અપકાય
૮) અપર્યાપ્તા બાદર અપકાય
૯) પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય
૧૦) અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય
૧૧) પર્યાપ્તા બાદર તેઉકાય
૧૨) અપર્યાપ્તા બાદર તેઉકાય
(૧૩) પર્યાપ્તા સૂક્ષ્મ વાઉકાય
(૧૪) અપર્યાપ્તા સૂક્ષ્મ વાઉકાય
(૧૫) પર્યાપ્તા બાદર વાઉકાય
(૧૬) અપર્યાપ્તા બાદર વાઉકાય
(૧૭) પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય
(૧૮) અપર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય
(૧૯) પર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય
(૨૦) અપર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય
(૨૧) પર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય
(૨૨) અપર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય

KOKUYO W-NB280U

# ☆ વિકલેન્દ્રિય જીવો

- સંસારી જીવ
  - સ્થાવર (એકેન્દ્રિય)
  - ત્રસ
    - વિકલેન્દ્રિય
      - બેઈન્દ્રિય
      - તેઈન્દ્રિય
      - ચઉરિન્દ્રિય
    - પંચેન્દ્રિય

## ❀ કુલ પાંચ ઈન્દ્રિયો :

- શીત, ઉષ્ણ, લીસું, ખરબચડું વગેરેનો અનુભવ કરી શકાય છે, તે સ્પર્શેન્દ્રિયને (ચામડી) આભારી છે.
- ખાટું, મીઠું, તીખું, તુરું, કડવું વગેરે સ્વાદનો અનુભવ કરી શકાય છે, તે રસનેન્દ્રિય (જીભ) ને આભારી છે.
- સુગંધ, દુર્ગંધ વગેરે ગંધનો અનુભવ કરી શકાય છે, તે ઘ્રાણેન્દ્રિય (નાક) ને આભારી છે.
- સફેદ, કાળું, લાલ વગેરે વર્ણ તથા જુદાં-જુદાં આકારવાળી વસ્તુઓ જોઈ શકાય છે, તે ચક્ષુરિન્દ્રિય (આંખ) ને આભારી છે.
- અવાજ સાંભળી શકાય છે, તે શ્રોતેન્દ્રિય (કાન) ને આભારી છે.

એકેન્દ્રિય જીવોને માત્ર સ્પર્શેન્દ્રિય જ હોય છે. માટે તેઓ ફક્ત સ્પર્શ પારખવાનું કામ કરે છે. પણ રસ, ગંધ, રૂપ કે શબ્દ પારખી શકતાં નથી. બેઈન્દ્રિય જીવોને ચામડી અને જીભ હોય છે. માટે તેઓ સ્પર્શ અને રસ પારખી શકે છે. પણ ગંધ, રૂપ કે શબ્દ પારખી શકતાં નથી. તેઈન્દ્રિય જીવોને ચામડી, જીભ અને નાક હોય છે, માટે તેઓ સ્પર્શ, રસ અને ગંધ પારખી શકે છે. પણ રૂપ કે શબ્દ પારખી શકતાં નથી. ચઉરિન્દ્રિય જીવોને ચામડી, જીભ, નાક અને આંખ હોય છે. માટે તેઓ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ પારખી શકે છે. પણ શબ્દ પારખી શકતાં નથી. પંચેન્દ્રિય જીવોને ચામડી, જીભ, નાક, આંખ અને કાન હોય છે. માટે તેઓ સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ - પાંચેય પારખી શકે છે.

❀ વિકલેન્દ્રિય : જે જીવોને પાંચેય ઈન્દ્રિયો ન હોય, પરંતુ પાંચથી ઓછી (વિકલ) અને એકથી વધારે ઈન્દ્રિય હોય, તેમને 'વિકલેન્દ્રિય જીવો' કહેવાય.

☆ એકેન્દ્રિય + વિકલેન્દ્રિય જીવોનાં કુલ ભેદો → એકેન્દ્રિય (કુલ ૨૨ ભેદ) + બેઈન્દ્રિ(૨) + તેઈ(૨) + ચઉ(૨) = ૨૮ ભેદ

# ☆ બેઈન્દ્રિય જીવો

બેઈન્દ્રિય જીવો (કુલ ૨ ભેદ) → પર્યાપ્તા ભેદ, અપર્યાપ્તા ભેદ

**વ્યાખ્યા:** ચામડી + જીભ = આ બે ઈન્દ્રિયોને ધારણ કરનારા જીવોને 'બેઈન્દ્રિય જીવો' કહેવાય. કુલ બે ભેદ માત્ર હોય છે. (ઉપર મુજબ)

**દા.ત.:** શંખ, કોડા, કોડી, અક્ષ, છીપ, ગંડોલા, જળો, અળસિયા, લાળીયા, પોરા, મામણમુંડા, કરમિયા, માતૃવાહ, વાળા, દ્વિદળ, વાસી દહીંમાં થનારાં જીવો વગેરે .....

## ❀ બેઈન્દ્રિય જીવોની બિનજરૂરી વિરાધનાથી બચવાનાં ઉપાયો

(૧) એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીનાં જીવો સંમૂર્છિમ હોવાથી, તે જીવોને ઉત્પન્ન થવાં માટે, માતા-પિતાના સંયોગની જરૂર નથી રહેતી. પરંતુ, ઉત્પન્ન થવા માટેનું અનુકૂળ ભેજાદિનું વાતાવરણ મળવા માત્રથી, તુરંત ઉત્પન્ન થઈ જાય છે. ચોમાસામાં, વરસાદને લીધે, આપોઆપ મોટી સંખ્યામાં અળસિયાં (બેઈન્દ્રિય જીવો) ની ઉત્પત્તિ થઈ જાય છે. રસ્તા ઉપર ચાલતી વખતે, નીચે જોઈને જો ન ચલાય, તો આ જીવો પગ નીચે કચડાઈને મરી જાય છે. તેથી, નીચે જોઈને ચાલવું અને શક્ય બને તો, ચોમાસામાં સ્કુટર, રીક્ષા, ગાડી વગેરે વાહનોનો વપરાશ ન કરવો. કારણ કે, આ વાહનોની નીચે પણ, ઘણાં અળસિયાં કચડાઈને મરી જતાં જોવા મળે છે.

(૨) આજે બજારમાં જે શંખ, કોડા, કોડી વગેરે જોવા મળે છે, તે જીવ સ્વરૂપે નથી. પરંતુ, બેઈન્દ્રિય રૂપે રહેલ શંખ, કોડા, કોડીનાં જીવોનાં 'કલેવર' રૂપે હોય છે. શત્રુથી પોતાનો બચાવ કરવાં માટે, કાચબાને સુરક્ષા કવચરૂપે, પૂંઠનાં ભાગમાં કડક પડ, કુદરત તરફથી ભેટ રૂપે જેમ મળે છે, તેમ શંખાદિનાં જીવોને પણ, સુરક્ષા રૂપે મળે છે. આપણને જે શંખાદિ નજર સામે દેખાય છે, તેની સાથે, માંસના કટકાં સ્વરૂપે જીવ જોડાયેલ હોય છે. શત્રુથી જ્યારે ભય લાગે, ત્યારે શંખાદિનાં જીવો, પોતાનાં નાનકડાં શરીરને સંકોચીને શંખાદિની નીચે છુપાવીને સ્થિર થઈ જાય. શત્રુનો ભય દૂર થવાથી, ફરી પાછું, પોતાનાં શરીરનું ભાગ ઉંચુ કરીને, ધીરે-ધીરે, ચાલવા માંડે છે. દરિયા કિનારે અથવા, વધુ પડતાં ભેજવાળાં સ્થળોમાં ઉત્પન્ન થનારાં આ શંખ, કોડા, કોડી આદિ બેઈન્દ્રિય જીવો, પગ નીચે આવીને કચડાઈ ન જાય, તેની કાળજી લેવી જોઈએ. તે ઉપરાંતમાં, ઘર આદિને સજાવવાં માટે (decoration),

KOKUYO W-NB280U

આજે શંખ-છીપલાં-કોડા-કોડી આદિમાં બેઇન્દ્રિય (માંસરૂપે રહેલ) જીવોને ; છરો ફેરવીને , માછીમારાદિ હિંસક મનુષ્યો મારી નાંખે છે. ત્યારબાદ, આ જીવોનાં કલેવર રૂપે રહેલ શંખ, છીપલાં આદિને બજારમાં વેચાય છે, અને તોરણો વગેરે સજાવટની સામગ્રીઓ બનાવવાનાં ઉપયોગમાં લેવાય છે. તેથી, શંખાદિમાં રહેલ નિર્દોષ બેઇન્દ્રિય જીવોની વિરાધના કરીને, બનાવેલાં કોડા-કોડી-છીપલાં આદિના તોરણો, ઘરને સજાવવા માટે , બજારમાંથી ખરીદવા નહીં. તે ઉપરાંત, ઘરમાં શોકેસ આદિને સજાવવા માટે, શોભા માટે પણ, શંખાદિને શુકનરૂપે માનીને, ઘરમાં જે રખાય છે, તે પણ શ્રાવકોએ ન કરવું.

(૩) આજે હાડકાંના દુઃખાવા માટે, ઘણાં ડૉક્ટરો જે કેલ્શિયમની ગોળીઓ લખી આપે છે, તે મોટાં ભાગની કેલ્શિયમની ગોળીમાં, આ શંખાદિનો ચૂર્ણ કરીને તેમાં નંખાય છે. તેથી, કેલ્શિયમની ગોળીઓ કદાચ વાપરવી પડે તો પણ, શંખાદિ જીવોની વિરાધના કર્યા વિનાની ગોળીઓ તપાસ કરીને વાપરી શકાય. જે કેલ્શિયમની ગોળીઓમાં શંખાદિની વિરાધના થયેલ હોય, તેનાં પેકેટ ઉપર 'shell' એટલે કે 'શંખ' આ રીતનાં શબ્દો, સ્પષ્ટપણે લખેલ જ હોય છે. અમુક જ સ્થળોમાં આ shell વગરની કેલ્શિયમની ગોળીઓ મળે છે, જે થોડી વ્યવસ્થિત તપાસ કરવાથી મળી શકે છે. સ્વાભાવિકપણે શંખાદિનાં જીવો જેમાં મરી ગયેલાં હોય, તેવાં શંખાદિનાં કલેવરોમાંથી બનેલ કેલ્શિયમની ગોળીઓ વાપરવામાં દોષ નથી. પરંતુ, આ રીતે ; સ્વાભાવિકરૂપે મરી ગયેલાં શંખાદિ બેઇન્દ્રિય જીવોની સંખ્યા તો અતિ અલ્પ હોય અને તેવા મૃત કલેવરોની પ્રાપ્તિ થવાની સંભાવના તો હજુ પણ ઘટી જાય છે. જ્યારે બીજી બાજુ, માર્કેટમાં તો, કેલ્શિયમની ગોળીઓ માટેની demand ભારોભાર હોવાથી, કેલ્શિયમની ગોળીઓ બનાવતી મોટી-મોટી ઢગલાબંધ કંપનીઓ આજે ચાલતી હોવાથી, મોટાં પ્રમાણમાં શંખાદિ જીવોની વિરાધના આજે થાય છે. તેથી, આવી હિંસાથી બનેલ ગોળીઓનો આપણે ત્યાગ કરવો જોઈએ અને તપાસ કરીને, અહિંસક કેલ્શિયમની ગોળીઓ વાપરવી જોઈએ.

(૪) ઘણીવાર વાસી પાણીમાં, નાનાં-નાનાં 'પોરાં' નામનાં બેઇન્દ્રિય જીવો આપોઆપ ઉત્પન્ન થઈ જાય છે. આ જીવોની વિરાધનાથી બચવા માટે, વાસી થયેલ પાણી, સ્નાનાદિ માટે વાપરવું નહીં.

અને ક્યારેક પાણીમાં, આવાં જીવો ઉત્પન્ન થઈ ગયેલાં ઝગર જેવાં મળે તો, તે પાણીને ખુલ્લામાં ન નાંખવું. ખુલ્લામાં પાણી પરઠવવાથી એની અંદરમાં રહેલ 'પોરાં' ના જીવો, થોડીવારમાં મરી જાય, કારણકે, આ જીવો પાણીમાં જ ઉત્પન્ન થયેલાં હોવાથી, પાણીમાં રહેવાથી જ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે. એટલે, ખુલ્લામાં પાણી નાંખી દેવાથી અથવા આ જીવોને પાણીમાંથી બહાર કાઢી દેવાથી, માછલીની જેમ, આ જીવો પણ ટૂંક સમયમાં મૃત્યુ પામશે. તેથી, તેમને બચાવવાં માટે, પાણી સહિત આ જીવોને લઈને, તેમને તકલીફ ન થાય એ રીતે, અન્ય પાણીમાં ભેળવી દેવું કે જ્યાં તેઓ પોતાનું આયુષ્ય પૂરું કરી શકે અને તેમને કિલામના પણ ન થાય.

(૫) પર્વતવાળાં, ડુંગરિયાં વિસ્તારોમાં, જ્યાં ભેજ-લીલોતરી આદિનું પ્રમાણ વધારે હોય, ત્યાં એકદમ ધીમે-ધીમે ચાલતાં 'ગોકળગાય' નામનાં બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ વિશેષ પ્રમાણમાં થતી હોવાથી, ભેજનું વાતાવરણ હોય ત્યારે, ગિરનારાદિ તીર્થોની જાત્રા કરતી વખતે, આવાં જીવો પગ નીચે કચડાઈને મરી ન જાય, તેની કાળજી રાખવી. અંગ્રેજીમાં ગોકળગાય'ને 'Snail' તરીકે ઓળખાય છે.

(૬) છીપલાંઓનો ઉપયોગ કરીને બનેલાં તોરણો આદિ સજાવટની વસ્તુઓ ન ખરીદવી. કારણ કે, શંખ-કોડા-કોડીની જેમ છીપલાંઓ પણ બેઈન્દ્રિય જીવોનાં કલેવર સ્વરૂપે હોવાથી, તેમાંથી બનેલ વસ્તુઓનાં વપરાશથી, બેઈન્દ્રિય જીવોની વિરાધના થાય છે.

(૭) ખોરાક-પાચનાદિ પેટની તકલીફ જેમને હોય છે અથવા સાકરાદિ મીઠાશનું પ્રમાણ જેઓ વધારે વાપરે છે, તેમનાં પેટમાં ઘણીવાર 'કરમિયાં' ઉત્પન્ન થઈ જાય છે. આ જીવો સફેદ રંગની નાની ઈયળો જેવાં હોય છે અને અંતર્મુહુતનું માત્ર આયુષ્ય ધારણ કરનારાં હોય છે. તેમને બેઈન્દ્રિય જીવો રૂપે કહેવાય છે. વધુ પડતી ચોકલેટ-પીપર ખાનારાં નાનાં બાળકોનાં પેટમાં પણ, ઘણીવાર આ કરમિયાં (કૃમિ) ઉત્પન્ન થઈ જાય છે. તેથી આ જીવોની ઉત્પત્તિ ન થાય, તેની પૂર્ણ કાળજી લેવી.

(૮) વેંગણ-રીંગણા અભક્ષ્ય : જેમાં ઝીણાં બીજની સંખ્યા અગણિત છે, તેનાં ટોપમાં સૂક્ષ્મ ત્રસ જીવો હોય છે. તે વાપરવાથી, તામસભાવ જાગે છે. વાસના-ઉન્માદ વધે છે. હૃદય કઠોર બને છે. નિદ્રા-પ્રમાદ વધે છે. તાપ-ક્ષયરોગ લાગુ પડે છે. ઈશ્વર સ્મરણમાં બાધક છે. પુરાણમાં પણ તેનો નિષેધ કરેલ છે.

(૯) બે રાત પછીનું દહીં વાપરવાથી, તેમાં ઉત્પન્ન થયેલ અસંખ્ય બેઈન્દ્રિય જીવોની વિરાધના થાય છે. આ ઉત્પન્ન થયેલાં બેઈન્દ્રિય જીવો, દહીંના વર્ણનાં જ હોવાથી, તરત ને તરત, બે દિવસ બાદ ન દેખાવા છતાંય, સર્વજ્ઞ ભગવંતે પોતાનાં કેવળજ્ઞાનમાં જોઈને કીધેલું હોવાથી, તેમાં શંકા ન કરી શકાય. એજ દહીંને સળંગ ૮-૧૦ દિવસ સુધી જો રાખવામાં આવે, તો આવા વાસી દહીંમાં તો વિકસિત અવસ્થાવાળાં હાલતાં-ચાલતાં અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થઈ ગયેલ સ્પષ્ટપણે જોવા મળે છે - એવાં પ્રયોગો પણ ભૂતકાળમાં થયેલ છે - જે આપણે કરવાનું નથી. આ તો માત્ર જાણ ખાતર લખેલ છે. પરંતુ, આવો કોઈ પ્રયોગ આપણે કરવો નહીં. આ વિરાધનાથી બચવાં માટે, બહારનું દહીં વાપરવું નહીં કે મંગાવવું નહીં. બહારનાં દહીંમાંથી બનેલ કરંબાદિ, મિઠાઈ આદિ, શ્રીખંડ વગેરે પણ ન વપરાય. કારણ કે, તે દહીં, બે દિવસથી વધારે વાસી હોવાની પૂર્ણ સંભાવના છે. બહારનું દહીં કદાચ તાજું હોય, પરંતુ, જે વાસણમાંથી કઢાય, તે વાસણમાં જૂના વાસી દહીંના અંશ હોવાથી, તાજું દહીં પણ વાસી જ થઈ ગયેલું કહેવાય છે.

(૧૦) ઘણાં શ્રાવકોનાં ઘરમાં વપરાતી ચેમ્બુર (આદેશ્વર) દેરાસરની મિઠાઈઓ અથવા અન્ય પણ જૈન સંસ્થા-મંડળોમાં બનેલ મિઠાઈઓમાં ઘણીવાર, જોઈએ તેવી જયણા પળાતી નથી. ચોમાસાનાં ચાર મહિના દરમ્યાન બનતી, મોહનથાળાદિ મિઠાઈઓમાં તો કાજુ, પિસ્તાં, ખજરોટાદિ વાપર્યા હોય, તો ન જ ચાલી શકે. ચોમાસામાં માત્ર બદામ જ વાપરી શકાય. પરંતુ, તે પણ, પડ સાથેની કાગદી બદામ, આજની ફોડેલી હોય તો જ ચાલે. પરંતુ, બીજી સાદી બદામો ન ચાલે. આજની ફોડેલી કાગદી બદામ જો, મિઠાઈમાં અંદર નંખાઈ હોય, તો ચૂલે ચઢી ગયેલ હોવાથી, મિઠાઈનાં કાળ પ્રમાણે, ૧૫ દિવસ માટે, તે બદામવાળી મિઠાઈ વાપરી શકાય. પરંતુ, આજની ફોડેલ કાગદી બદામ જો મિઠાઈ ઉપર છંટાયેલ હોય, તો તેવી મિઠાઈ, એજ દિવસ પૂરતી ચાલી શકે, અને બદામ છંટાયાનાં બીજા દિવસથી તે મિઠાઈ, અભક્ષ્ય રૂપે થઈ જવાથી, આ રીતે બદામ છંટાયેલ મિઠાઈઓ, બીજા દિવસે ન ખપે, ન વાપરી શકાય, કારણ કે, ફોડેલી બદામ ઉપરથી છંટાયેલ હોવાથી તથા ચૂલે ચઢેલી ન હોવાથી, બીજા

દિવસે અલક્ષ્ય રૂપે થઈ જાય. અલક્ષ્ય રૂપે થયેલ બદામાદિ મેવો અથવા તેમાંથી બનેલ મિઠાઈ, શીરો આદિ વાપરવાથી, તેમાં ઉત્પન્ન થયેલ બેઈન્દ્રિયાદિ વિકલેન્દ્રિય જીવોની વિરાધના શક્ય બને છે- આવું જ્ઞાની ભગવંતો જણાવે છે. તેથી, ઉપરથી છંટાયેલ ફોડેલ કાગદી બદામવાળી મિઠાઈઓનો પણ વપરાશ, સમજુ શ્રાવકોએ ન કરવો. દિવાળી વખતે પણ, અણસમજુ શ્રાવકો, કાજુકતરી અથવા સાદી બદામવાળી બદામકતરી આદિ, અલક્ષ્યરૂપે થયેલ (dry fruit) મેવાવાળી મિઠાઈઓ અથવા તો તેજ દિવસે ફોડેલ બદામ સિવાયનાં કાજુ આદિ અન્ય dry fruits, એકલાં વાપરવાથી, અલક્ષ્યરૂપે જ્ઞાની ભગવંત જણાવતાં હોવાથી, તેમાં બેઈન્દ્રિય આદિ ત્રસ જીવોની વિરાધનાની શક્યતા છે.

(૧૧) કોલ્ડ્રીંક્સ અપેય છે. કોલ્ડ્રીંક્સના ઝેરની અસર : કોલ્ડ્રીંક્સમાં ભળેલાં જંતુનાશકોની ભયાનક અસરો માનવ શરીર ઉપર થાય છે. કયા ઝેરની કેવી અસર થાય છે તે જાણ્યા પછી માણસ ધ્રુજી જાય તેવી સ્થિતિ છે. <u>લિન્ડેન</u> : નર્વસ સિસ્ટમ ખતમ કરી નાખે છે. યાદશક્તિ નબળી પડે છે. કેન્સર થઈ શકે. લીવર ઉપર સોજો આવે. નવજાત બાળકને કેન્સર થઈ શકે.

(૧૨) આજની બનેલી બંગાળી મિઠાઈ, ગુલાબજાંબુ, રસગુલ્લાં, નરમ લોચાં પૂરી, દાળ-ભાત, શાક, આજની રોટલી- રોટલાં, આજે બનાવેલાં ઢોકળાં, કેળાવડાં આદિ ગરમ ફરસાણો, બીજા દિવસે વાસી તરીકે થઈ જવાથી, બીજા દિવસે ન વાપરી શકાય. કારણ કે, આવી વસ્તુઓમાં, પાણીનો અંશ રહી જવાથી, બીજા દિવસે, મોટાં પ્રમાણમાં લાળિયાં જીવો (એક પ્રકારનાં બેઈન્દ્રિય જીવો) ઉત્પન્ન થઈ જવાથી, તેમની વિરાધનાથી બચવાં માટે, આવાં વાસી ખોરાકનો ત્યાગ શ્રાવકોએ અવશ્ય કરવો જોઈએ.

(૧૩) વાસી વસ્તુઓને 'ચલિત રસ' રૂપ અલક્ષ્ય તરીકે ઓળખાવાય છે. તે ઉપરાંતમાં, કોહવાઈ ગયેલી, કાળ વીતી ગયેલી મિઠાઈ, લોટ વગેરે પણ અલક્ષ્ય રૂપે કહેવાય છે. કારણ કે, તેમાં પણ, બેઈન્દ્રિયાદિ વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને વિરાધના થાય છે. આ અલક્ષ્ય પદાર્થો ખાવાથી, શારીરિક આરોગ્યને પણ હાનિ પહોંચે છે, અકાળે માંદગી કે મરણ નીપજે છે.

(૧૪) ઘોલવડાં-દહીંવડા, દ્વિદળ અભક્ષ્ય : જેમાંથી તેલ ન નીકળે, બે સરખી ફાડ થાય અને ઝાડનાં ફળરૂપ ન હોય, તે દ્વિદળ કઠોળનો, કાચાં દૂધ + દહીં + છાશ સાથે સંયોગ થવાથી તુરંત બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. જીવહિંસાની સાથે-સાથે શરીરનું આરોગ્ય પણ બગડે છે. દ્વિદળ ને પ્રભુએ તો 'અભક્ષ્ય' રૂપે કહ્યું છે. મગ-મઠ-અડદ-ચણા-તુવેર-વાલ-ચોળા-કુમરીયાં-મસુર-વાલોર-કળથી-વટાણાં-લાંગ-મેથી-લીલવાં-ગુવાર તથા તે કઠોળનાં લીલાં-સૂકાં પાંદડાં, ભાજી, તથા લોટ-દાળ અને તેની તમામ બનાવટો વગેરે 'દ્વિદળ' ગણાય છે. મેથીનો સંભાર, મેથીનાં અથાણાં, તમામ દાળો, મેથીથી વઘારેલી કઢી, સેવ, ગાંઠિયા, ખમણ ઢોકળાં, પાપડ, બુંદી, વડાં, ભજીયાં વગેરે સાથે કાચાં દૂધ-દહીં કે છાશનો યોગ થતાં 'અભક્ષ્ય' થાય છે. શ્રીખંડ-દહીં-છાશ સાથે કઠોળવાળું ભોજન લેવાય નહીં. દૂધ-દહીં-છાશને સારી રીતે બરાબર ગરમ કર્યા પછી, તે ઠંડી થયેલ વસ્તુ સાથે, કઠોળની ચીજો જો વપરાય, તો દ્વિદળનો દોષ નથી. કોઈપણ ભોજન જમતી વખતે, 'દ્વિદળ' ન થાય, તેની ખાસ કાળજી રાખવી. બહારનાં દહીંવડા તો, કાચા દહીંના હોવાથી, અભક્ષ્ય છે. એજ રીતે ઈડલી, ઢોસા, ખાંડવી, દહીંવડા વગેરે હોટેલ આદિ સ્થળો પર અથવા લગ્ન આદિ બહારના પ્રસંગોમાં બનેલ હોય, તે બધામાં, દ્વિદળ થવાની પૂર્ણ સંભાવના હોવાથી, વપરાય નહીં. કારણ કે, બહાર બનેલ આ બધી ફરસાણોમાં, અડદ આદિનો લોટ હોવાથી, કાચાં દહીં-છાશ આદિ સાથે મિશ્રણ થતાંની સાથે જ, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થઈ જવાથી, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની વિરાધના થાય છે. ઘરમાં પણ બનેલ આ ફરસાણો તો જ વાપરી શકાય, જો બનાવતી વખતે, કાચાં દહીંને પૂરેપૂરું વ્યવસ્થિત ઉકાળીને પછી જ, તેમાં ચણા, અડદ આદિ કઠોળ નંખાય. દહીં-છાશને થોડું-ઘણું નવસેકું ઉકાળવા માત્રથી ન ચાલે. પરંતુ, ઉકાળેલાં પાણીની જેમ, પૂરેપૂરું વ્યવસ્થિત ઉકાળ્યાં બાદ જ, તેમાં લોટ આદિ નાંખી શકાય. ઘણીવાર તો દહીંને વધારે ઉકાળવા જતાં, તેમાં ફોદાં-ફોદાં થઈ જવાની સંભાવના હોવાથી, જો કાચાં દહીં-છાશમાં, ચોખાનો થોડો લોટ અથવા બાજરાનો થોડો લોટ અથવા થોડું મીઠું નાખીને,

No.
Date

સતત હલાવતાં રાખીને, જો ઉકાળવામાં આવે, તો દહીં ફાટી જવાનું અથવા ફોદાં-ફોદાં થઈ જવાની ફરિયાદ ન રહે. જામી ગયેલાં દહીંને ભાંગ્યા વગર જો કુકરમાં રાખીને માત્ર એક સીટી અપાઈ જાય, તો પણ પછી તે દહીંની સાથે અન્ય કઠોળ આદિ ખુશીથી વાપરી શકાય, અને દહીંમાં ફોદાં-ફોદાં પણ ન થાય, કોઈ વિરાધના પણ ન થાય, દહીંનો સ્વાદ પણ ન બગડે. ટૂંકમાં, ચૂલા-ગેસ ઉપર, ખુડ-ખુડ અવાજ આવે ત્યાં સુધી અથવા ઉભરો આવે ત્યાં સુધી, સખત ગરમ કરેલ દૂધ, દહીં કે છાશ હોય, તો કોઈ ચિંતા જ નથી. પરંતુ, સામાન્ય ગરમ કરેલ હોય, તો ન ચાલે. તેથી, દ્વિદળનો દોષ ન લાગે તે માટે, પૂરેપૂરી કાળજી-સંભાળ રાખવી.

(૧૫) શું રાઈ-સરસવ-તલ-સાંગળી (મારવાડી શાક)-બાજરી-જુવાર વગેરેને દ્વિદળ કહેવાય કે નહીં? શા માટે?

જવાબ: દ્વિદળ (વિદળ) એટલે સામાન્ય રીતે જેને આપણે કઠોળ-ધાન્ય કહીએ છીએ, તે દરેકને "દ્વિદળ" તરીકે કહેવાય.

<u>દ્વિદળની સામાન્ય વ્યાખ્યા</u> : (૧) જેમાંથી તેલ ન નીકળે, (૨) જે ઝાડનાં ફળરૂપ ન હોય, (૩) જેની બે સરખી ફાડ થાય, તે દ્વિદળ ગણાય.

રાઈ, સરસવ, તલ વગેરેમાંથી તેલ નીકળે છે, માટે તે દ્વિદળ ન ગણાય. સાંગળી ઝાડનાં ફળરૂપ હોવાથી તે દ્વિદળ ન ગણાય. બાજરી, જુવાર વગેરે ઝાડનાં ફળરૂપે નથી અને તેમાંથી તેલ પણ નીકળતું નથી, છતાં તેની બે ફાડ થતી ન હોવાથી, દ્વિદળ ન ગણાય.

(૧૬) આજે બનેલાં દહીંના થેપલાં આજે + આવતીકાલે, એમ બે દિવસ માટે વાપરી શકાય. પરંતુ, ત્યારબાદ તેમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિની સંભાવના હોવાથી, બે દિવસથી વધારે ન ચલાવવા. તે પૂર્વે, વપરાઈ જાય તેવી કાળજી રાખવી. વધ્યાં હોય તો, અનુકંપાદાન કરી શકાય અથવા તાવડે શેકીને તે થેપલાંનાં ખાખરાં જો બનાવી દેવાય, તો પણ ચાલી શકે. કારણ કે, બે દિવસ પસાર થતાં, તે થેપલાંઓમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવો (ત્રસ જીવો) ની ઉત્પત્તિ + વિરાધના થાય છે.

(૧૭) દ્વિદળની વિરાધનાથી બચવા માટે, જો શક્ય બને તો, કાચાં દહીં-છાશ આદિ વાપરવાનું શ્રાવકો ટાળી શકે. જો વાપરવું જ હોય, તો જેની સાથે દ્વિદળ થવાની શક્યતા હોય, એવી વસ્તુઓની સાથે નહીં વાપરવું. પરંતુ, અલગથી જ, મોઢું ચોખ્ખું કર્યા બાદ, થોડી વાર પછી બીજા

KOKUYO W-N8280U

સ્થાને બેસીને, જુદાં વાસણમાં લઈને, વાપરી શકાય. જે પાણીથી દાળ-ભાત, ફરસાણ આદિ વપરાયેલ થાળી ધોવાઈ હોય, એ જ પાણીથી નહીં, પરંતુ, જુદાં ચોખ્ખાં પાણીથી, દહીં-છાશ વપરાયેલ થાળી-વાટકો-ગ્લાસ વગેરે ધોઈને વાપરવું. જે સ્થળે દાળ-કઠોળાદિનાં વાસણો ધોવાય, તેજ સ્થળે, દહીં-છાશાદિનાં ભાજનો ન ધોવાં.
આ બધી સૂક્ષ્મ કાળજી લેવાનું કારણ એટલું જ છે કે, એક ટીપાં જેટલું અંશ માત્ર પણ, કાચાં દહીં-છાશ જો કઠોળાદિ સાથે ભળે, તો તરત જ, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ + વિરાધના થાય છે.

(૧૮) આખા કઠોળમાં પોલાણ હોય તથા વાતાવરણમાં વિશેષ પ્રમાણમાં ભેજ હોવાથી, ચોમાસામાં મગ સિવાયનાં આખાં કઠોળ (ચોળા, વાલ, લાલ ચણા, સૂકાં વટાણાં, કાબુલી ચણાં, રાજમા આદિ) ન વાપરી શકાય. ચોમાસામાં ભેજનાં વાતાવરણને લીધે, આખા કઠોળમાં, બેઈન્દ્રિય આદિ વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિની સંભાવના હોવાથી, ચોમાસામાં શ્રાવકોએ, મગ સિવાયનાં આખાં કઠોળનો ત્યાગ કરવો.
મગની દાળ, તુવેરની દાળ, મોગર દાળ, અડદની દાળ, ચણા દાળાદિમાં તથા મગમાં પણ, આ વિરાધનાની શક્યતા ન હોવાથી, ખુશીથી વાપરી શકાય છે. તેથી, ચોમાસામાં, આખાં કઠોળનાં વપરાશથી બનેલ રગડા-પેટીસ, છોલે-પૂરી, પાણીપુરી આદિ સ્વાદિષ્ટ વાનગીઓનો શ્રાવકોએ ત્યાગ કરવો.

(૧૯) જે વસ્તુનાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ બગડી ગયા હોય, એવી સડેલી-બોરી વસ્તુઓ, ટીન-પેક-ફાસ્ટફુડ, શરબત-પીણાઓ, રાતવાસી રોટલી-ભાખરી-થેપલાં-નરમ લોચાં પૂરી-શીરો-બ્રેડ-પાંઉ-ઢોકળાં-માવો-બાસુંદી-શ્રીખંડ-ચક્કો વિગેરેમાં અગણિત બેઈન્દ્રિયાદિ ત્રસ જીવોની હિંસા થાય તથા શરીરમાં રોગ વિકૃતિ કરે, ઝાડાં-ઉલ્ટી-મરણ નીપજે. બજારની મિઠાઈઓ, વાસી માવાની વસ્તુઓ, કોલ્ડ્રીંક્સ, પીણાંઓ વગેરે બધું અભક્ષ્ય-અપેય છે.

(૨૦) બોળ અથાણું : ખટાશ વગરનાં અને મેથી નાંખેલાં અથાણાં-માત્ર એક જ દિવસ વાપરી શકાય. પરંતુ, બનાવ્યાનાં બીજા દિવસે, તે અથાણાં 'અભક્ષ્ય' રૂપે કહેવાતાં હોવાથી, વાપરી ન શકાય.
ખટાશવાળાં અથાણાં ૩ દિવસ સુધી જ વાપરી શકાય છે અને ચોથે દિવસે અભક્ષ્યરૂપે કહેવાય છે. હવે, બરાબર તડકે સૂકવ્યાં ન હોય

અથવા જેની ચાસણી પાકી ન હોય અથવા જેમાં ફુગ થઈ ગઈ હોય અથવા જેનો સ્વાદ કે ગંધ બગડી ગયા હોય – એવાં અથાણાં તો અભક્ષ્ય રૂપે જ કહેવાય, તેથી વાપરી ન શકાય. મેથીવાળાં અથાણાં, કાચા દૂધ-દહીં-છાશ સાથે 'દ્વિદળ' થવાથી, અભક્ષ્ય રૂપે બને છે. બંને ભેગાં થવા માત્રથી જ અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને વિરાધના થાય છે. માટે જ, કાચા દૂધ-દહીં-છાશ સાથે, ક્યારેય પણ, આવાં મેથીવાળાં અથાણાં વાપરવાની ભૂલ ન કરવી. ફાવશે ને ?

(૨૧) ફુલવડી-બાજરનાં વડાં: ફુલવડી અને બાજરનાં વડાં તો થોડાં નરમ હોવાથી, તેમાં પાણીનો ભાગ અંદર રહી ગયાની, પૂરેપૂરી સંભાવના છે. તેથી, આજે બનાવેલાં બાજરીનાં વડાં અથવા ફુલવડી, માત્ર આજના દિવસે જ ખપી શકે, પરંતુ, બીજે દિવસે, તે ન ખપી શકે. તેની અંદર રહેલ પાણીનો ભાગ કાઢવા માટે, જો વધારે ગરમ કરો, તો પત્થર જેવી કડક થઈ જવાથી, કોઈને પણ વાપરવાની કે ખાવાની ઈચ્છા ન થાય.

(૨૨) અનાજ, લોટ, મસાલા, સમારેલ શાકભાજી વગેરે ઘરમાં વપરાતી વસ્તુઓને, ચૂલે ચઢાવતાં પૂર્વે, ચાયણીમાં એકવાર ચાળી લેવી. જુદી-જુદી વસ્તુઓને ચાળવા માટે, જુદાં-જુદાં પ્રકારની ચાયણીનો ઉપયોગ કરવો. ચક્ષુ દ્વારા ધ્યાનથી જોવાં છતાંય, તરત ખ્યાલ ન આવે એવી નાની-નાની ઈયળ આદિ જીવાંતો, ચાયણીથી ચાળ્યાં બાદ, થોડી વાર તેને એમ ને એમ રાખી મૂકો તો, હલન-ચલન કરતી જીવાંતો દેખાશે. વસ્તુઓનાં વર્ણની જ ઝીણી-ઝીણી જીવાંતો, તેમાં ઉત્પન્ન થતી હોવાથી, જોવાં માત્રથી ઘણી વાર તે ખ્યાલ ન આવે. તેથી આ ઈયળો જીવતે-જીવતી ચવાઈ જાય, કપાઈ જાય અથવા બફાઈ જાય, ચૂલે રંધાઈ જાય, એવું પણ બને. એક તો વનસ્પતિની વિરાધના તો થાય જ છે, તેમાં કદાચ તમારે ન છૂટકે પણ જોડાવું પડે, પરંતુ, બેદરકારીનાં લીધે, વનસ્પતિકાય ઉપરાંતમાં, નાની-નાની જીવાંત-ઈયળોની (જે બેઈન્દ્રિય છે) પણ વિરાધનાનો દંડ આપણે શા માટે લેવો ? એટલે કે, ન જ લેવો.

(૨૩) ચંદરવો : રંધાતી રસોઈમાં, ઉપરથી જંતુ ન પડે તે માટે, રસોડામાં ચૂલાની ઉપરનાં ભાગમાં, એક કપડું બાંધવું જોઈએ. આજે પણ અમુક ઘરોમાં આ વસ્તુ જોવા મળશે. આવાં કપડાંને 'ચંદરવો' કહેવાય છે.

(૨૪) સૂકવેલી ગવાર, મેથી, વાલોર વગેરેમાં ઘણી જીવાંત થઈ જાય

KOKUYO W-NB280U

છે. તેથી ચોમાસામાં સૂકવણીનાં શાક બિલકુલ ન વાપરવાં. અન્ય ઋતુમાં પણ, બરાબર તપાસ્યાં પહેલાં અને ચાખ્યાં વગર, તેનો ઉપયોગ ન કરવો.

(૨૫) તૈયાર ખાખરામાં કાળમર્યાદા સાચવવાનું - જાળવવાનું. આજે તો, કાળમર્યાદા જાળવવાનું મુશ્કેલ બને છે. તેથી, ઘરે બનાવેલાં ખાખરાં વાપરવાનો જ આગ્રહ રાખવો ચાલશે?

(૨૬) ઘણાં ઘરોમાં, મોગરી વગેરે શાકમાં, ઉપર દહીં નાંખીને, ખાવાની પદ્ધતિ જણાય છે. દાળ વગેરે બીજી રસોઈ સાથે દ્વિદળનો દોષ ન થાય, તે માટે, દહીં વાપરવું હોય તો ગરમ કરેલું જ વાપરવું. બાકી, એકલી મોગરી સાથે કાચું દહીં લેવું થાય તો તે દ્વિદળ ન થવાથી દોષ ન લાગે અને ખુશીથી વાપરી શકાય. પરંતુ તેની સાથે દ્વિદળની સંભાવનાવાળી બીજી વસ્તુઓ વાપરી ન શકાય.

(૨૭) લગ્ન વગેરે પ્રસંગોની પાર્ટીઓમાં એસેન્સવાળું દૂધ-શરબત આપવાની પ્રથા ખૂબ વ્યાપક બનતી જાય છે. આવાં એસેન્સ ખાવાં લાયક નથી, અભક્ષ્ય હોવાની પૂરી સંભાવના છે. વળી, કાચા દૂધમાં જ આ શરબત બનાવવામાં આવતું હોય છે, તેથી, સંપૂર્ણ મુખશુદ્ધિ વિના ભોજન કરવાથી દ્વિદળ દોષ થવાની પૂરી સંભાવના છે. તેથી અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ + વિરાધના થાય છે.

(૨૮) મેથીનો મસાલો, મેથીનાં ખાખરાં, મેથીનાં વડાં, મેથીનાં થેપલાં, મેથી નાંખેલી કઢી, મેથીનું શાક, મેથીનાં કુરીયાવાળું અથાણું વગેરે સાથે કાચાં દૂધ-દહીં-છાશ ખવાય નહીં. દ્વિદળ થવાથી અભક્ષ્ય બને છે, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની વિરાધના થાય છે.

(૨૯) આજકાલ પાર્ટીઓમાં, ક્રીમ સલાડનો પ્રચાર ઘણો જોવા મળે છે. તેમાં વપરાતું ક્રીમ તો વાસી હોવાથી - આ વસ્તુ સ્વયં અભક્ષ્ય છે. વળી, તેમાં ક્રીમ તો કાચાં દૂધનું હોવાથી, કઠોળ સાથે ખાવાથી, દ્વિદળ થાય છે. તેથી, આ ક્રીમસલાડ વાપરનારને, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની વિરાધનાનો દંડ લાગે છે.

(૩૦) પાણીપૂરીમાં વપરાતી પૂરી, બહારથી તૈયાર લાવીને વપરાય છે. તેમાં, કાલાતીત વગેરે દોષો રહેલાં છે. તેથી 'અભક્ષ્ય' બને છે. બહારની પૂરી મેંદામાંથી બનેલ હોવાથી પણ ન ખવાય. વાપરનારને અસંખ્ય વિકલેન્દ્રિય-ત્રસ જીવોની હિંસાનો દોષ લાગે છે. છોડવું ફાવશે ને?

(૩૧) સાબુદાણાંની ઉત્પાદન-પ્રક્રિયા અત્યંત હિંસક છે. માટે, સાબુદાણાંની કોઈપણ વાનગી વાપરવી નહીં. આ સાબુદાણાંના વપરાશથી બિનજરૂરી જીવહિંસાનો દોષ આત્માને લાગે છે, કારણ કે, સાબુદાણાં બનાવવાની process માં જ પુષ્કળ જીવહિંસા થાય છે.

(૩૨) મિઠાઈ, ખાખરાં, નાસ્તાંની ફરસાણ, લોટ વગેરેનો કાળ વીતી ગયા પછી, તે 'અભક્ષ્ય' બને છે. લોટ, ખાખરાં, મિઠાઈ, નાસ્તાની કડક તળેલી ફરસાણ વગેરેનો કાળ નીચે મુજબ છે:

(૧) કારતક સુદ ૧૫ થી ફાગણ સુદ ૧૪ : ૧ મહિનો
(૨) ફાગણ સુદ ૧૫ થી અષાઢ સુદ ૧૪ : ૨૦ દિવસ
(૩) અષાઢ સુદ ૧૫ થી કારતક સુદ ૧૪ : ૧૫ દિવસ

(૩૩) બહારનાં ખાખરાં, મિઠાઈ કે તળેલી ફરસાણ, શુદ્ધ ઘરગથ્થુ, ખાતરીવાળાં અને ભક્ષ્ય હોય તો પણ, તેમાં કાળમર્યાદા જાળવવાનું મુશ્કેલ જણાય છે. તેથી આવી વસ્તુ લાવીને લાંબો સમય સુધી ન રહેવા દેવી ઉચિત છે. હોટલની વાનગી અભક્ષ્ય અને જયણારહિત બનાવેલી હોય છે. માટે, હોટલની વાનગીનો સંપૂર્ણ ત્યાગ કરવો. હોટલની ચા પણ, અણગળ પાણી આદિ અનેકવિધ અજયણાથી યુક્ત હોય છે, માટે તે પીવાય નહીં. ફાવશે ને ?

(૩૪) બહારની તૈયાર વાનગીઓ, ઇન્સ્ટન્ટ ફૂડ, આઈસક્રીમ, ઠંડાં પીણાં, વગેરે 'અભક્ષ્ય-અપેય' છે. બે રાત ઉલ્લંઘી ગયેલ દહીં-છાશ પણ અભક્ષ્ય છે. દહીંમાં બનાવેલાં થેપલાં-વડાં પણ બે રાત ઉલ્લંઘી ગયા પછી અભક્ષ્ય બને છે.

(૩૫) આર્દ્રા નક્ષત્ર પછી કેરી-રાયણ અભક્ષ્ય બને છે. તે પહેલાં (આર્દ્રા પહેલાં) પણ જો વહેલો વરસાદ થઈ જાય તો કેરીમાં જીવાંત પડવાની સંભાવના છે. તેથી, વરસાદ થયા પછી, શક્ય હોય તો, કેરીનો ત્યાગ કરવો. તૈયાર ટીન-પેકીંગમાં મળતો કેરીનો રસ ન વપરાય.

(૩૬) બહારનાં તૈયાર રવા-મેંદામાં પુષ્કળ જીવાંત હોવાની સંભાવના છે. તેની ઉત્પાદન પ્રક્રિયામાં જરાય જયણા સચવાતી નથી. માટે, બહારનાં રવા-મેંદાની કોઈપણ ચીજ વાપરવી નહીં. ફાવશે ને ?

(૩૭) મધ, માખણ (બટર), ચીઝ 'અભક્ષ્ય' છે. તેનાં લક્ષણમાં, પુષ્કળ વિકલેન્દ્રિય જીવોનું લક્ષણ છે. માટે તેનો ત્યાગ કરવો. પ્રભુનું શાસન પામનારનાં જીવનમાં તો આ વસ્તુઓનો ત્યાગ કાયમ માટે હોય છે.

(૩૮) ભાગ્ય ભણવાં ભાભર: પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો પાસે રહેલ સ્થાપનાચાર્ય (ભગવાન)માં, અક્ષ-ચંદનક જે વપરાય છે, તે પણ બેઈન્દ્રિય જીવોનાં કલેવર રૂપે છે. વિશેષથી પવિત્ર તરીકે કહેવાનું હોવાથી, તેમાં રહેલ બેઈન્દ્રિય જીવ, સ્વાભાવિક રીતે, આપોઆપ ચ્યવી ગયાં બાદ જ, તેમનાં કલેવરનો ઉપયોગ સ્થાપનાચાર્યમાં કરાય છે.

(૩૯) શહેરોમાં કેરીનો રસ, ઘરે કાઢવાની પ્રથા ઓછી થતી જાય છે અને બહારથી તૈયાર રસ લાવીને વાપરવામાં આવે છે. આવો રસ વાપરવો ઉચિત નથી. કારણ કે, રાત્રે કે આગલાં દિવસે જ મોટે ભાગે કાઢેલો હોય છે. વળી, ઘણીવાર આ બહારનાં રસમાં કાચું દૂધ ભેળવવામાં આવે છે. તેથી તેવાં રસ (કાચાં દૂધવાળાં) સાથે મગની દાળ કે કઠોળની અન્ય કોઈપણ ચીજ ખાવાથી દ્વિદળ થવાની સંભાવના છે. કેરીનાં રસમાં આપણે તો કાચું દૂધ ભેળવવું જ નહીં. પરંતુ વધારે કમાવવાનાં આશયથી બહારનાં રસમાં તો કાચાં દૂધનું મિશ્રણ કરવામાં આવે છે. વળી, તૈયાર કેનનાં કેરીનાં રસમાં તો હાનિકારક એવાં એસેન્સ પણ નંખાય છે. તેમાં કાચું-અળગળ પાણી અને પપૈયાનો રસ પણ, ઘણીવાર નંખાય છે. હવે આ બધું જાણીને તમે શું કરશો ? બજારુ કેરીનો રસ છોડવા તૈયાર ?

(૪૦) ઘણાં લોકો ચાની ભૂકી ઉકાળીને, કાવો બનાવે છે અને તેમાં ઉપરથી દૂધ નાંખે છે. આ દૂધ જો કાચું હોય અને દૂધ નાંખ્યા પછી વ્યવસ્થિત ઉકાળવામાં ન આવ્યું હોય તો, તેવી ચા સાથે, સેવ-ગાંઠિયા, ફાફડાં વગેરે કઠોળનાં લોટમાંથી બનાવેલી કોઈપણ વાનગી ખાઈ શકાય નહીં. બાકી, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને વિરાધના થઈ જાય.

(૪૧) મિઠાઈ ઉપર શોભા માટે કેસરનું પાણી છાંટેલું હોય, તો તે મિઠાઈ બીજાં દિવસે વાસી-અભક્ષ્ય બને છે. કારણ કે, છંટાયેલ પાણીનો અંશ અંદર રહી જવાથી, બીજે દિવસે, તે મિઠાઈમાં અસંખ્ય લાળિયાં જીવો (બેઈન્દ્રિય જીવો)ની ઉત્પત્તિ + વિરાધના થાય છે.

(૪૨) ચોમાસામાં, તે દિવસે ફોડેલી બદામ જ વપરાય. આજે ફોડેલી બદામ, મિઠાઈ ઉપર ભભરાવી હોય, તો તે મિઠાઈ બીજાં દિવસે અભક્ષ્ય બને. પરંતુ, આજે ફોડેલી બદામ ઘીમાં તળીને જો શેકેલી હોય અથવા મિઠાઈમાં અંદર જ શેકાઈ ગઈ હોય, તો બાધ નથી, ખુશીથી મિઠાઈનાં કાળ પ્રમાણે, ૧૫ દિવસ માટે, તે મિઠાઈ કલ્પી શકે, વાપરી શકાય.

No.

Date

(૪૩) દૂધમાં નાંખીને વાપરવાનાં જાત-જાતનાં પાવડરો, આજે બજારમાં મળે છે. તેમાં, તે વર્ણની ઝીણી-ઝીણી ઈયળો થઈ જવાની પૂરી સંભાવના છે. બીજી રીતે પણ, આ પાવડરો 'અભક્ષ્ય' હોવાની શક્યતા છે. અભક્ષ્ય ન હોય તેવાં ખાતરીવાળાં પાવડર પણ, વાપરતાં પહેલાં, તેમાં ઈયળ વગેરે જંતુ ન હોય, તેની બરાબર તપાસ કરવી. ત્યારબાદ જ વાપરી શકાય, પરંતુ, તે પૂર્વે નહીં.

(૪૪) મગ વગેરે કઠોળ રાંધતાં પહેલાં, લાંબો સમય પાણીમાં પલાળી રાખવાથી, તેમાં ફણગાં ફૂટવાની ઘણી સંભાવના છે. તેથી, લાંબો સમય પલાળી ન રાખો.

(૪૫) દૂધીનો હલવો, ગુલાબજાંબુ વગેરે બનાવ્યાં હોય, તો તે જ દિવસે વપરાય. ગુલાબજાંબુનો માવો પણ, તે જ દિવસનો તાજો જોઈએ. બાકી વપરાય નહીં. આજનાં લગ્નાદિ જમણવારોમાં રહેલ ગુલાબજાંબુ-રસગુલ્લાં આદિ વાનગીઓ, મોટે ભાગે, આગલાં દિવસની જ હોય છે. તેથી તે વાપરનારને અસંખ્ય બેઈન્દ્રિય જીવોની વિરાધનાનો દંડ લાગે છે.

(૪૬) જમતી વખતે અથવા જમ્યાં પછી, તરત જ, કાચાં દહીં-છાશ ન વાપરવાં. દ્વિદળનો દોષ લાગે. વાપરવાં જ હોય તો, જમ્યાં બાદ સંપૂર્ણ મુખશુદ્ધિ કરી લેવી. ભોજનનાં સ્વચ્છ કરેલાં થાળી-વાટકી વગેરે દૂર મૂકી દેવાં. પાટલો કપડાંથી શુદ્ધ કરી દેવો. કોઈ દાણો વગેરે પડેલાં ન રહે તેની ખાતરી કરી લેવી. પાણીનો ગ્લાસ પણ કપડાંથી સંપૂર્ણ સ્વચ્છ કરી, નવું પાણી તેમાં લેવું. જેનાથી થાળી-વાટકી-ગ્લાસ સ્વચ્છ કર્યાં હોય તે કપડું પણ દૂર મૂકી દેવું. પછી, ચોખ્ખી વાટકીમાં દહીં-છાશ લઈને વાપરી શકાય. તે વાટકી તથા પાણીનો ગ્લાસ, બીજાં ચોખ્ખાં નેપકીનથી સ્વચ્છ કરવાં. તે નેપકીન અલગથી ધોવો. આમાંથી જો જરાય કાળજી લેવાનું ચૂક્યાં, તો તરત જ, દ્વિદળ થવાને લીધે, તેમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને વિરાધના થઈ જાય. તેથી, જો આ કાળજી ઝીણવટપૂર્વક ન રખાતી હોય, તો કાચાં દહીં-છાશનો ત્યાગ જ કરી દેવો. દહીં-છાશ જો કુકરમાં પૂરેપૂરાં ગરમ થઈ જાય, તો કોઈ જોખમ નથી.

(૪૭) કાચાં દહીં-છાશ-શ્રીખંડ સાથે મગ, મગની દાળ વગેરે કોઈપણ કઠોળ ન વપરાય. તેમાં લીલી ચોળી, લીલી તુવેર, લીલાં વટાણાં, લીલાં ચણાં વગેરે લીલું કઠોળ પણ ન વપરાય. પાપડ, પત્તરવેલીયાં,

કઠોળના લોટમાંથી બનેલ કોઈપણ ફરસાણ વગેરે પણ ન વપરાય. તે થાળીમાં ચણાના લોટવાળી કઢી પણ ન વપરાય. કઢીમાં મેથીનો વઘાર કરેલ હોય તો તે પણ ન ખાવે.

(૪૮) દ્વિદળ ન થાય તે માટે ગમે તેટલી કાળજી રાખવાં છતાં, છેવટે દહીં-છાશનું ભાજન જે મોરીમાં સાફ કરો, તેમાં જ અન્ય રસોઈના વાસણો સાફ થવાથી, ત્યાં દ્વિદળ થવાની સંભાવના તો છે જ. તેથી, કેટલાંક કાળજીવાળાં શ્રાવકો, ગરમ કર્યા વગરનું દહીં-છાશનું ભાજન (વાસણ) રાખતાં જ નથી.

(૪૯) [A] લગ્ન આદિ પ્રસંગે યોજાતાં ભોજન સમારંભોમાં પણ, કેટરીંગ પદ્ધતિ અપનાવવા જેવી નથી. તેમાં, બિલકુલ જયણા સચવાતી નથી. તે પ્રસંગોમાં, શરૂઆતથી અંત સુધી, જાણી જોઈને, પ્રભુ આજ્ઞાને કચડીને, જયણા વિના સામૂહિક હિંસા થતી હોય છે.

[B] ભોજન સમારંભ તો બપોરનાં જ ગોઠવવો, સાંજનાં ન ગોઠવવો, જેથી, રાત્રિભોજનનો પ્રશ્ન જ ઉભો ન થાય. પર્યુષણમાં, જન્મ વાંચનનાં દિવસે આ વાતનો ખાસ ખ્યાલ રાખવો.

[C] ભક્ષ્યાભક્ષ્યનો વિવેક પૂરો જાળવવો. આજે, જન્મદિવસ કે સગપણ કે રિસેપ્શન વગેરે પ્રસંગોમાં આઈસક્રીમ, કોલ્ડ્રીંક્સ વગેરે અભક્ષ્ય પદાર્થો તો ન જ આપવા. ફ્રુટ ડીશ, ફ્રુટ જ્યુસ વગેરે અનેક સારાં વિકલ્પો છે. સામૂહિક મોટી હિંસાથી બચવું છે કે નહીં તે આપણાં જ હાથની વાત છે.

[D] લગ્ન સમારંભો કે ભોજન સમારંભો માટે, ઘાસવાળાં પાર્ટી-પ્લોટ ક્યારેય પસંદ ન કરાય. વનસ્પતિકાયની ઘોર વિરાધના છે.

[E] લગ્નાદિ પ્રસંગોમાં ફટાકડાં ફોડવાં નહીં.

[F] લગ્નાદિ નિમિત્તે દાંડિયારાસ વગેરે કોઈપણ રાત્રિ-કાર્યક્રમ રાખવા નહીં. રાત્રિ કાર્યક્રમોમાં અજયણા, મર્યાદાભંગ અને રાત્રિભોજન વગેરે અનેક દોષો સંભવિત છે.

(૫૦) જમણવારોમાં થતી ટોપરાંની ચટણીમાં, ચણાની દાળ વપરાય છે. અને તે ચટણી કાચાં દહીં સાથે બનાવવામાં આવે છે. દ્વિદળનાં દોષથી બચવાં, આવી ચટણી જમણવારમાં રાખવી નહીં. ચણાની દાળનો ઉપયોગ ન કરે, તો પણ, કઠોળવાળી અન્ય વાનગીઓનાં કારણે, કાચાં દહીંની સાથે, દ્વિદળ થવાની પૂરી સંભાવના છે જ, તે ખાસ ધ્યાનમાં રાખવું.

(૫૧) કાળજીવાળાં શ્રાવકો, ઘરમાં વપરાશનું બધું જ દહીં, સવારમાં જ

ગરમ કરી દે છે. ગરમ કરેલું દહીં જ, ઘરમાં વપરાય છે. તેથી, સાક્ષાત્ કે પરંપરાએ પણ દ્વિદળ થવાની સંભાવના ઉભી રહેતી નથી.

કાચાં દહીંવાળાં વાસણને, સાફ કરતાં પહેલાં, ચૂલા ઉપર ગરમ કરી લેવું જેથી દ્વિદળ થવાની સંભાવના ન રહે.

(૫૨) ધાર્મિક પ્રસંગોનાં કે વ્યવહારિક પ્રસંગોનાં જમણવારોમાં, ભીંડા, ચોળી, વટાણાં વગેરે ઇયળોની સંભાવનાવાળાં શાક, પસંદ ન કરાય. શાક સમારવાનું કામ, શ્રાવક-શ્રાવિકાઓએ જાતે જ કરવું; માણસોનાં ભરોસે ન છોડવું. માણસોને સોંપવું જ પડે તો, દરેક જીવતી ઇયળ દીઠ ૫૦-૧૦૦ રૂપિયાનું ઈનામ આપવું, જેથી, વધુમાં વધુ ઇયળો તે બચાવશે. જૈન સંઘનાં ઉપાશ્રયાદિ સંકુલમાં, પૂજારી વગેરે કર્મચારીઓ દ્વારાં રાત્રિભોજન કે અભક્ષ્ય ભક્ષણ થતાં હોય, તો તે ન ચાલે. તેની પૂરી તકેદારી-કાળજી વહીવટકારોએ રાખવી જોઈએ. જો શક્ય હોય તો, આપણાં ઉપાશ્રયમાં કંદમૂળ, બીડી-સિગરેટ, તંબાકુ, રાત્રિભોજનાદિ બંધ કરાવવાં.

(૫૩) 'સ્ટિવન સોન્સીનો' નામનો બ્રિટનનો વૈજ્ઞાનિક કહે છે કે, "તમે માની લો કે, ફ્રીજમાં રાખેલી ચીજ દેખાવથી, વાસથી કે ટેસ્ટથી ખાસ બગડતી નથી. પરંતુ, એ ભ્રમણાં છે. બે-ત્રણ દિવસમાં તો, તે ચીજોમાં, સારાં એવાં પ્રમાણમાં હાનિકારક જંતુઓ પેસી ગયાં હોય છે. આધુનિક ઢબથી રાંધેલી વાનગી, પુલાવ વગેરે કલાકો સુધી ફ્રીજમાં રાખ્યાં પછી ખાવાથી, નવાં-નવાં રોગો ઉભાં થાય છે. અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ તથા વિરાધના પણ, ફ્રીજનાં વાસી ખોરાક વાપરવાનાં માધ્યમે, થઈ જાય છે. ફ્રીજની ઠંડી વસ્તુઓનાં વપરાશથી આપણી હોજરી પણ ધીમે-ધીમે મંદ પડતી જાય છે અને આગળ જતાં ખોરાકનાં પાચનતંત્ર વગેરેમાં પણ અનેક તકલીફો ઉભી થાય છે.

(૫૪) <u>મદિરા-દારૂ</u> : વ્હીસ્કી, રમ, જીન, બીયર, શેમ્પેઈન, વાઈન, બોરબોન બ્રાન્ડી, ખજૂરાહો, હેવર્ડ્સ, લંડન પિલ્સનર, સ્કૉચ, ટકીલા, વૉડકા, રૉયલ સેલ્યુટ, થોમસ હાર્ડી, કાદંબરી, દારૂ, શરાબ, દ્રાક્ષાસવ, લઠ્ઠો, બેવડો વગેરે જુદાં-જુદાં અનેક નામ ધારણ કરીને, દારૂનાં દૈત્યે માનવજાતને પશુથી પણ વધારે ભૂંડી બનાવી છે. દારૂ તો મહુડાં, દ્રાક્ષ, ગોળ, લોટ વગેરેને ખૂબ સડાવીને બનાવવામાં આવે છે. તેમાં સેંકડો કીડાંઓ પેદા થાય છે. કીડાંઓને છૂંદીને, તેનો રસ નીચોવાય છે. તેમાંથી, આલ્કોહૉલ તૈયાર થાય છે. દારૂમાં સતત અસંખ્ય

બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને નાશ થતો જ રહે છે.

આપણાં પેટની દિવાલમાં જે સ્કીન છે, તે એકદમ મુલાયમ છે. ટર્કીશ ટુવાલની જેમ ચારે તરફ, સ્કીન પર રેસાંઓ ફૂટેલાં હોય છે. શરાબ પેટમાં જતાંની સાથે જ, પેલાં રેસાંઓ તરત જ તેને ચૂસવાનું કામ શરૂ કરે છે. એ રેસાંઓ દ્વારા ચૂસાયેલ આલ્કોહોલ, તરત જ, લોહીમાં ભળી જાય છે. દારૂ પીધાં પછી, બ્લડ ચેકઅપ કરવામાં આવે તો તેમાંથી અવશ્ય આલ્કોહોલ મળી આવે.

લોહીમાં શરાબ ભળી ગયાં બાદ, જે શરાબ વધે, તે નાનાં આંતરડામાં ઠલવાય છે. ત્યાં પણ, રેસાઓ દ્વારાં, આલ્કોહોલને ચૂસીને, લોહીમાં ભળાવવાની પ્રક્રિયા ચાલુ જ રહે છે. જો આલ્કોહોલને ચામડાંનાં જૂતાં ઉપર નાંખવામાં આવે, તો ચામડાંનાં જોડાં પણ કોહવાઈ જાય, એવો જલદ આલ્કોહોલ આપણાં પેટમાં-આંતરડામાં ગયાં બાદ અને લોહીમાં ભળ્યાં બાદ, કેટલું નુકસાન કરે, તે જરા શાંતિથી વિચારજો.

દારૂ વાપરનારનું ઓછામાં ઓછું ૧૦-૧૫-૨૦ વર્ષનું આયુષ્ય ટૂંકાઈ જાય છે. આયુષ્ય ટૂંકાય તે પૂર્વે, કૅન્સર વગેરેની કાતિલ વેદનાઓ સહન કરવી પડે. વાપરનાર તો દુઃખી થાય, પરંતુ, તેની પાછળ તેનો પરિવાર પણ ઘણો દુઃખી થાય. ટ્રીટમેન્ટ કરવાની પાછળ, જીવનભરની મૂડી-સંપત્તિ સાફ થઈ જાય. નાની ઉંમરમાં જ મૃત્યુ પામીને પરલોક રવાના થતાં, પાછળ રહેલ પત્ની-પુત્રાદિ પરિવાર, રસ્તે રઝળતાં થઈ જાય, ખાવાનાં પણ ફાંફાં થઈ જાય. આપણો આ લોક તો બગડે પણ સાથે પરલોક પણ બગડે.

શરાબ પીવાય છે ત્યારે પેટમાં ઈન્સ્યુલીન ઝરવાં માંડે છે, તેથી હોજરીમાં ચાંદા પડે છે અને નર્વસ સિસ્ટમ ઉપર ભયંકર અસર પડે છે.

શરાબના કારણે બી.પી., હાઈપર ટેન્શન, એટેક, એનીમીયા વગેરે રોગો ઉત્પન્ન થાય છે. બ્લડમાં રેડ અને વ્હાઈટ સેલ્સનું પ્રમાણ પણ ઘટી જવાથી, ભારે રોગોની સંભાવના રહે છે. હોજરીમાં સ્ટેમીના ખલાસ થઈ જવાથી, વાપરનારનું પાચનતંત્ર સદાને માટે ખલાસ થઈ જાય છે. આલ્કોહોલનાં કારણે, નપુંસકતા આવી જાય છે. લીવર, પેટ, આંતરડાં, અન્નનળી અને સ્તનનાં કેન્સર પણ ઘણાંને થાય છે. આંખના રેટીનાંના જીવ-કોશીકાઓ મૃત્યુ પામતાં, દરદી આંધળો બને છે.

માથાનો દુઃખાવો, વારંવાર ઉલટી, પેટમાં કારમી વેદના, શ્વાસની તકલીફ, ગભરામણ વગેરે તકલીફો પણ ઉભી થાય છે. નસો તણાઈ જતાં મૃત્યુ પણ નીપજે છે. સ્પીરીટ, આલ્કોહોલ, ટીંક્ચર, આસવ, તાડી અને નીરો - એ સર્વેમાં, એક યા બીજી રીતે પણ, મદિરા જેવું ઉન્માદક નશાવાળું તત્વ હોવાથી, તે સર્વે પણ મદિરાની જેમ અભક્ષ્ય છે.

દારૂ પીવાનાં આ નુકસાનોને સતત નજર સામે રાખવાથી, દારૂ અથવા તેનાં જેવાં ઉન્માદક દ્રવ્યોને આપણે સરળતાથી છોડી શકીશું. પરંતુ, ખાસ કરીને, તમારાં ધ્યાનમાં રહેલ દારૂ પીનાર અન્ય વ્યક્તિઓને પણ આ લખાણ વંચાવી - સંભળાવીને, દારૂ છોડાવવા માટેનાં શક્ય પ્રયત્નો કરવાં. ફાવશે ને ?

(૫૫) <u>માખણ</u> : માખણ જ્યાં સુધી છાશ સાથે લગેલું હોય ત્યાં સુધી 'અભક્ષ્ય' નથી બનતું, પણ, જો તેને છાશથી છૂટું પાડવામાં આવે, તો તરત જ (લઘુ અંતર્મુહૂર્તમાં) તેમાં અસંખ્ય-અસંખ્ય બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થઈ જાય છે. શ્રાવકોનાં ઘરોમાં જ્યારે વલોણાં ચાલતાં હતાં, ત્યારે ઉપયોગવંત શ્રાવિકાઓ ગોળામાંથી ચારેકોરથી માખણ ભેગું કરીને ખોબો ભરીને, છાશ સાથે જ, તે માખણને સીધે-સીધું તાવડા ઉપર નાંખતી. પછી, છાશ સાથે જ, તે તાવડાને ચૂલે ચઢાવીને તેમાંથી ઘી તાવી લેવામાં આવતું હતું.

(૫૬) <u>બરફ</u> : સાદા પાણીનાં એક બારીકમાં બારીક ટીપામાં, પાણીનાં અસંખ્ય જીવો હોય છે. તે દરેક જીવનું શરીર જો સરસવનાં દાણાં જેવડું કરવામાં આવે તો એક લાખ યોજનનાં વિસ્તારવાળો જંબુદ્વીપ ભરાઈ જાય. પાણીનાં એક ટીપામાં - કેટલાં બધાં જીવો !! વળી, તે પાણીનાં ટીપામાં, બીજાં હજારો 'બેઈન્દ્રિય' જીવો પણ હોય છે. આધુનિક વૈજ્ઞાનિક કૅપ્ટન જેકોર્સબીએ, સૂક્ષ્મદર્શક યંત્રથી, પાણીનાં એક ટીપામાં - <u>૩૬,૪૫૦</u> હાલતાં-ચાલતાં જીવો જોયાં છે.

આ પાણીનું ઘન રૂપ, એટલે જ, 'બરફ'. 'બરફ' એટલે 'વિશાળ જળરાશિ'. બરફ વિનાનું સાદું પાણી પણ જો ગાળ્યાં વિના વાપરવામાં આવે તો, સાત ગામ બાળ્યાં જેટલું પાપ - પુરાણ ગ્રંથોમાં કહેવાયું છે. તો પછી, બરફ માટે તો પૂછવું જ શું ?

બરફમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવો હોય છે. તેને પરમાત્માએ

અલક્ષ્ય રૂપે કહેલ છે. માટે, બરફ વાપરી શકાય નહીં. બરફનો ઉપયોગ - કેરીનો રસ, શ્રીખંડ, ફ્રુટસલાડ, શેરડીનો રસ, શરબત વગેરેમાં કરતાં, તે લક્ષ્ય ચીજો પણ અલક્ષ્ય બની જાય છે, વાપરી ન શકાય. તેથી, ઉનાળામાં પણ બરફનો વપરાશ ન જ કરવો.

બરફની જેમ આઈસક્રીમ, કુલ્ફી, ઠંડાં પીણાં, આઈસ વૉટર, આઈસ કેન્ડી, ફ્રીજનું પાણી, પેપ્સી- કોલ્ડ્રીંક્સ વગેરે પણ 'અલક્ષ્ય' છે. વળી, આ બરફ, આઈસક્રીમ વગેરે પેટની અગ્નિ (ઉર્જા) નો નાશ કરે છે, તેથી જઠરાગ્નિ મંદ પડે છે, અને પરિણામે, અનેક રોગો આપણાં માથે ચડી બેસે છે. એટલે કે, આપણું શરીર અનેક રોગોથી ગ્રસ્ત બની જાય છે. ચાલશે ?

(૫૭) રસવાણિજ્ય : 'રસ' એટલે મધ, દારૂ, માંસ, માખણ, ચરબી, મજ્જા (શરીરનાં હાડકામાં થતો ચીકણો ધાતુ), દૂધ, દહીં, ઘી, તેલ, દરેક જાતિનાં આસવો, સ્પીરીટ, તેજાબ, મુરબ્બા, અથાણાં, ફીનાઈલ વગેરે. આવાં પદાર્થોનો વેપાર કે નોકરી direct કે indirect કરવી નહીં. આ બધાં પદાર્થો બનતી વેળાંએ કે બન્યાં બાદ, તેમાં અસંખ્ય બેઈન્દ્રિયાદિ ત્રસ જીવોની ઉત્પત્તિ તથા વિરાધના થાય છે. તેથી આવાં વ્યવસાયોમાં જોડાવનારાઓનાં માથે પણ આ દંડ લાગે છે.

## ચલિત રસ

પ્રશ્ન: 'ચલિત રસ' એટલે શું ? ચલિત રસનો ત્યાગ ન કરવાથી, આપણને ક્યાં ક્યાં નુકસાનો વેઠવાં પડે ?

જવાબ: 'ચલિત રસ'નો ત્યાગ એ જૈનદર્શનની એક આગવી વિશેષતા છે. કોઈ દર્શનકારોની કે વૈજ્ઞાનિકોની પણ જ્યાં નજર પહોંચી નથી, ત્યાં પ્રભુ મહાવીરની દ્રષ્ટિ પહોંચી છે. પ્રભુએ ફરમાવ્યું છે કે, 'લક્ષ્ય ગણાતાં કેટલાંક પદાર્થો પણ, તેનું અસલ સ્વરૂપ, તેનાં ઑરીજીનલ સ્વાદ, સુગંધ, સ્પર્શ અને કલર્સને જ્યારે ગુમાવી બેસે, ત્યારે તે 'અલક્ષ્ય' બની જાય છે. આવાં પદાર્થોનાં લક્ષણમાં જીવો તો હણાય જ, છે, પણ સાથોસાથ, આપણાં શરીરનું આરોગ્ય પણ હણાય છે.

જેમ, મેડિકલ ફેક્ટરીમાં બનતી દવાઓનાં લેબલ પર તેની એક્સપાયરી ડેટ છપાય છે, તથા અમુક સમય જતાં તે દવાઓનો

બાદ્ય ખલાસ થઈ જાય છે, જેમ, પ્લાસ્ટીકની ડોલો પણ તરડાઈ જાય છે, જેમ, દરેક પદાર્થની સલામત રહેવાની પોતાની ટાઈમ-લીમીટ (time-limit) હોય છે, તેમ, દરેક ખાદ્યપદાર્થોની પણ અમુક ટાઈમ-લીમીટ હોય છે. એ લીમીટ પૂરી થઈ જતાં, તે તે પદાર્થનું સ્વરૂપ પણ બદલાવા માંડે છે. જે પદાર્થનું સ્વરૂપ બદલાઈ જાય, તે પદાર્થ ભક્ષ્ય હોવાં છતાં પણ, 'અભક્ષ્ય રૂપે' બની જાય છે, 'અભક્ષ્ય' તરીકે કહેવાય - ઓળખાય છે.

આવાં સડવાં માંડેલા પદાર્થોમાં, હાલતાં-ચાલતાં ત્રસ જીવો, લાળિયાં જીવો, લીલ-ફૂગ, નિગોદનાં જીવો ઉત્પન્ન થાય છે, કે જે આપણાં શરીરનાં આરોગ્યને હાનિ પહોંચાડે છે, અને આત્માને હિંસાનો ભયંકર દોષ લાગે છે. આવાં ચલિત રસવાળાં પદાર્થોનાં ભક્ષણથી ફૂડ-પોઈઝન, ઝાડાં-ઉલ્ટી આદિના કેસો આજે ઠેરઠેર બનતાં હોય છે.

'ચલિત રસ' એટલે, જેનો સ્વાદ ચલાયમાન થઈ ગયો હોય, તેવાં પદાર્થો. ઉપસંહારથી : જેનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ચલાયમાન થઈ ગયાં હોય, અલબત્ત, ચાલ્યાં ગયાં હોય → તે બધાંને 'ચલિત રસ' કહેવાય છે. આ માટે, જૈનદર્શને કેટલાંક પદાર્થોની ફિક્સ કાળમર્યાદા નક્કી કરી આપી છે. પરંતુ, ક્યારેક બનાવટમાં કે મિલાવટમાં ભૂલ થવાને કારણે, અંડર-લીમીટ (before limit) પણ પદાર્થોનું સ્વરૂપ બદલાઈ જતું હોય છે, તેવાં પદાર્થો અંડર-લીમીટ હોવા છતાં પણ અભક્ષ્ય બની જાય છે. દા.ત. બુંદીના લાડવાની લીમીટ ૧૫ દિવસની છે. પરંતુ, લાડવા બનાવીને ગરમાગરમ જ ડબ્બામાં ભરી દીધા → રાત્રે તેમાંથી વરાળ નીકળી → વરાળનું પાણી અને ભેજનાં કારણે સવારે લાડવાં ઉપર સફેદ ફૂગ વળી ગઈ → આ રીતે લાડુનો સ્વાદ અને કલર ફરી જવાથી, તે લાડુ ૧૫ દિવસને બદલે, બીજે જ દિવસે અભક્ષ્ય બની જાય છે.

હવે આપણે, ક્રમશઃ ચલિત રસવાળાં પદાર્થોને વિગતવાર સમજીશું :

પ્રશ્ન : ચલિત રસનાં પ્રકારો કેટલા ? તે જણાવશો ? તેનાં વિશે સમજણ આપશો

જવાબ: ચલિત રસનાં ત્રણ પ્રકારો નીચે મુજબ છે :

(૧) બીજા દિવસમાં જ અભક્ષ્ય બને તેવાં રાતવાસી પદાર્થો
(૨) ૧૫ / ૨૦ / ૩૦ દિવસ પછી અભક્ષ્ય બને તેવાં પદાર્થો
(૩) ૪ માસ / ૮ માસ પછી અભક્ષ્ય બને તેવાં પદાર્થો.

## ચલિત રસ

| બીજા દિવસે જ અભક્ષ્ય બને તેવાં રાતવાસી પદાર્થો | ૧૫/૨૦/૩૦ દિવસ પછી અભક્ષ્ય બને તેવાં પદાર્થો | ૪ માસ / ૮ માસ પછી અભક્ષ્ય બને તેવાં પદાર્થો |
|---|---|---|

[૧] **બીજે દિવસે અભક્ષ્ય બનતાં પદાર્થો :**

જે પદાર્થોમાં પાણીનો અંશ રહી જાય છે, તે બધાં પદાર્થોને 'વાસી' કહેવામાં આવે છે. આવાં વાસી બનતાં તમામે-તમામ પદાર્થોનો ત્યાગ કરવો જરૂરી છે. પાણી, પોતે એક એવી તાકાત ધરાવે છે કે, એ જે પદાર્થની સાથે ભળે છે, તે પદાર્થને ટૂંક સમયમાં જ સડાવી નાંખે છે. ફર્નિચર પણ જો ઘરમાં રહેશે તો સલામત રહેશે, પરંતુ, જો એક દિવસ પણ વરસાદમાં પલળી જશે તો, તરત જ સડવા માંડશે. તે જ રીતે ખાદ્ય પદાર્થોમાં પણ, જ્યારે પાણીનો અંશ તેમાં રહી જાય છે અને રાતવાસી થાય છે, ત્યારે તે પદાર્થો પણ સડવા માંડે છે, તેમાં જીવોત્પત્તિ થવા માંડે છે. આવાં પદાર્થો નીચે પ્રમાણે છે :

### રાતવાસી પદાર્થો (માત્ર એક જ દિવસ ચાલે)

| | | | | |
|---|---|---|---|---|
| રોટલાં | ભજીયાં | દૂધપાક | ઘારી | શેકેલાં પાપડ |
| રોટલી | કેળાંવડાં | ખીર | ગુલાબજાંબુ | પાણીવાળી ચટણી |
| લોચાંપૂરી | ઢોકળાં | મલાઈ | કાચો માવો | શરબતનાં એસેંસ |
| ભાખરી | હાંડવો | બાસુંદી | જલેબી | |
| પુડલાં | ઈડલી-ઢોસાં | શ્રીખંડ | રસમલાઈ | |
| પુરણપોળી | કચોરી | ફ્રુટ-સલાડ | રસગુલ્લાં | |
| દાળઢોકળી | સમોસા | દૂધીનો હલવો | બંગાળી મિઠાઈ | |
| | મેંદુવડા | ચીકુનો હલવો | માલપુઆ | |
| | કટલેસ | લીલો ખોપરાપાક | | |

## ૨ ઘણાં દિવસ (૧૫/૨૦/૩૦ દિવસ) પછી અભક્ષ્ય બનતાં પદાર્થો:

જૈન દર્શને, કેટલાંક ડ્રાય પદાર્થોની એક સ્ટાન્ડર્ડ લીમીટ નક્કી કરેલ છે. જે પદાર્થોને શેકીને બનાવવામાં આવે છે, જે પદાર્થોને તળીને બનાવવામાં આવે છે, જે પદાર્થોનો પાક કરીને રાખવામાં આવે છે, તેવાં પદાર્થો, ઉપરોક્ત પાક-પદ્ધતિનાં કારણે, દીર્ઘ સમય સુધી પણ સલામત રહી શકે છે, બગડતાં નથી. આવાં પદાર્થોની સમય મર્યાદામાં - શિયાળો, ઉનાળો અને ચોમાસામાં - સીઝન પ્રમાણે ફેરબદલી કરવામાં આવે છે.

### સીઝનલ ટાઈમ લીમીટ

| શિયાળો | ઉનાળો | ચોમાસું |
|---|---|---|
| કારતક સુદ ૧૫ થી ફાગણ સુદ ૧૪ સુધી ટાઈમ લીમીટ | ફાગણ સુદ ૧૫ થી અષાઢ સુદ ૧૪ સુધી ટાઈમ લીમીટ | અષાઢ સુદ ૧૫ થી કારતક સુદ ૧૪ સુધી ટાઈમ લીમીટ |
| ૩૦ દિવસ | ૨૦ દિવસ | ૧૫ દિવસ |

### સીઝનલ ટાઈમ લીમીટવાળા પદાર્થો

| શેકેલાં પદાર્થો | વઘારેલાં પદાર્થો | તળેલાં પદાર્થો | પાકી મિઠાઈ |
|---|---|---|---|
| ચણાં | ચેવડો | સેવ | મોહનથાળ |
| મમરાં | મમરાં | ગાંઠિયા | બુંદી લાડુ |
| ધાણી | | ફાફડાં | તળેલાં ચુરમા લાડુ |
| દળેલો લોટ | | કડક પૂરી | મોતીચુર વગેરે |
| ખાખરાં | | તમામ ફરસાણ | |

ઉપરોક્ત પદાર્થોની ટાઈમ લીમીટ સીઝન પ્રમાણે, શિયાળામાં - ૩૦ દિવસ, ઉનાળામાં - ૨૦ દિવસ, ચોમાસામાં - ૧૫ દિવસ, જાણવી. ઓવર લીમીટ થાય, તો તે ત્યજી દેવાં જોઈએ. બીફોર ટાઈમ (before time) પણ જો બગડી જાય, તો ત્યજી દેવાં.

KOKUYO W-N8260U

3 ઘણાં મહિનાઓ (૪ માસ / ૮ માસ) પછી અલક્ષ્ય બનતાં પદાર્થો:

કેટલાંક પદાર્થોનું નેચરલ સ્વરૂપ જ એવું હોય છે કે તે ૪ માસ / ૮ માસ પર્યંત પણ ચાલી શકે છે. કેટલાંક પદાર્થોને તૈયાર કરવાની પદ્ધતિ એટલી જોરદાર હોય છે કે તે પદાર્થો પણ લાંબો સમય સુધી ચાલી શકતાં હોય છે. દા.ત: વડી, પાપડ, ખીચીયાં, અથાણાં વગેરે.

એક્સપાયરી ડેટ ક્યારે ? કાળ કેટલો

| કારતક સુદ ૧૫ થી ફાગણ સુદ ૧૪ સુધી વપરાય તેવાં પદાર્થો | ફાગણ સુદ ૧૫ થી અષાઢ સુદ ૧૪ સુધી વપરાય તેવાં પદાર્થો | અષાઢ સુદ ૧૫ થી કારતક સુદ ૧૪ સુધી વપરાય તેવાં પદાર્થો | કારતક સુદ ૧૫ થી અષાઢ સુદ ૧૪ સુધી ૮ માસ ચાલે તેવાં પદાર્થો | આર્દ્રા નક્ષત્ર પછી ત્યાજ્ય પદાર્થો |
|---|---|---|---|---|
| ભાજીપાલો, કોથમીર, પત્તરવેલનાં પાન, ખજૂર, ખારેક, તલ, ટોપરું, બદામ, કાજુ, ચારોલી, પિસ્તા, અખરોટ, જરદાલુ, વગેરે સૂકા મેવા | બદામ, ટોપરું, પિસ્તા, ઓસાવેલાં તલ, ભાજી-ગુવારફળી આદિની સૂકવણી, (મતાંતરે ખજૂર, ખારેક સિવાયનો મેવો અ.સુ.૧૪ પછી અલક્ષ્ય ગણ્યો છે.) | આખી બદામ આખું ટોપરું (કાછલી પૂર્વકનું) જે દિવસે ફોડાય તે જ દિવસે વાપરી શકાય. | વડી, પાપડ, ખીચીયાં, સારેવડાં, ખીચડાં, સૂકવણી | કેરી રાયણ વગેરે |

હવે, ચલિત રસની સમજણ મેળવ્યાં બાદ, આ વિરાધનાથી કઈ રીતે બચાય, તે આપણે સમજીશું. કારણ કે, ચલિત રસવાળાં પદાર્થોમાં, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ તથા વિરાધના થાય છે. ખાદ્ય પદાર્થોની ટકવા માટેની સમય મર્યાદા પૂર્ણ થતાં, તે પદાર્થો બગડવા માંડે છે. તેમનાં વર્ણ, ગંધ, સ્વાદ વગેરે બદલાઈ

જવાથી એમને 'ચલિત રસ' કહેવાય છે. આ ચલિતરસવાળાં પદાર્થો અલક્ષ્ય બનવાથી, તેમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવો તથા લીલ-ફૂગ (અનંતકાય નિગોદ) ની ઉત્પત્તિ અને વિરાધના થાય છે તથા આરોગ્યને પણ નુકસાન કરે છે. ઘણી વાર આવાં પદાર્થોનાં વપરાશથી ફૂડ પોઈઝન ઝાડાં-ઉલ્ટી વગેરે પણ થાય છે. તેથી ચલિત રસવાળાં પદાર્થોનો અવશ્ય ત્યાગ કરવો.

ચલિત રસવાળાં પદાર્થો દ્વારાં થતી અસંખ્ય બેઈન્દ્રિય જીવોની વિરાધનાથી બચવાં માટેનાં ઉપાયો :

(૫૮) ચુરમાનાં લાડું બનાવતાં પૂર્વે, ચુરમું બનાવવાં માટે, મુઠીયાં બનાવવામાં આવે છે. મુઠીયાં જો બરાબર તળાયાં ન હોય, તો અંદર પાણીનો ભેજ રહી જાય છે. આવાં ભેજવાળાં મુઠીયાં ભાંગીને કરેલ ચુરમાનાં લાડું, બીજે જ દિવસે, અલક્ષ્ય બને છે. માટે, ખ્યાલ રાખવું જરૂરી છે. બરાબર તળ્યાં હોય તો પણ, અંદરથી નરમ રહી જવાની શક્યતા છે. માટે, મુઠીયાં ભાંગી, શેકીને, પછી ઘી ભેળવાય, તો બીજે દિવસે પણ ખપે. મુઠીયાંના ભૂક્કાંને શેકીને કરેલ લાડું, બરફી ચુરમું ચાલે. ખસખસ, તો અલક્ષ્ય રૂપે હોવાથી, તે ચુરમાનાં લાડુ વગેરેમાં નાંખવી નહીં.

(૫૯) જલેબી બનાવવાં માટે, રાત્રે જ આથો નાંખી દેવામાં આવે છે. આ આથો રાતવાસી થતો હોવાથી, સવારે તેની જલેબી ચાલી ન શકે. તેને બદલે, રાત્રે આથો નાંખ્યા વિના બનતી 'અમરતી' ચાલી શકે છે. જલેબીનો આથો સવારે નાંખે, તો જલેબી ચાલી શકે છે. પણ રસોઈયા તો કાળી રાત્રે કામ પતાવી દે છે. જલેબીમાં, બીજે દિવસે, અસંખ્ય-અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ તથા વિરાધના થઈ જાય છે.

(૬૦) દૂધનો માવો પણ, બીજે દિવસે, વાસી થાય છે. માટે, બજારનો માવો તો ચાલી શકે જ નહીં. ઘરે બનાવેલ માવો જો બીજે દિવસે રાખવો હોય, તો તેને ઘીમાં શેકીને લાલ બનાવવો જોઈએ. આવો લાલ માવો અલક્ષ્ય બનતો નથી. જો માવો ઘીમાં શેકીને લાલ-કડક બનાવ્યો હોય અથવા દૂધમાં ખાંડ નાંખીને ચૂલે હલાવતાં-હલાવતાં પેંડા બનાવ્યાં હોય અથવા દૂધને ફાડીને, ચૂલા ઉપર જ ખાંડ ભેળવીને પેંડા કે માવાની

બરફી બનાવી હોય, તો તે વાસી બનતાં નથી. અલબત્ત, બીજે દિવસે પણ ચાલી શકે છે. માવાની બરફીમાં માવો ઢીલો રહી ગયો હોય, તો બીજે દિવસે તે અલક્ષ્ય બને છે.

(૬૧) સુરતની ઘારીમાં, જે માવો પેક કરવામાં આવે છે, એ જો પહેલાં ઘીમાં શેક્યાં વિનાનો હોય, તો વાસી થાય છે. કેટલાંક શ્રાવકો, સ્પેશ્યલ શેકેલાં માવાની ઘારી બનાવે છે, તે ચાલી શકે છે. બજારું ઘારી 'અલક્ષ્ય' જાણવી. વધુમાં શેકેલાં માવાની ઘારીનું ઉપરનું પડ, ઘીમાં સખત રીતે તળાતું નથી. પરંતુ, માત્ર ઉકળતાં ઘીમાં ઝબોળીને કાઢી લેવાય છે. માટે, ઉપરનું પડ, રોટલીની જેમ કાચું રહે છે. માટે, તે બીજે દિવસે વાસી થાય છે. માટે, કોઈપણ ઘારી, બીજે દિવસે રાખી શકાય નહીં. કારણ કે, વાસી ઘારીમાં બીજે દિવસે અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ + વિરાધના થાય છે.

(૬૨) માવો કાઢીને, જુદુ ખાંડ મેળવીને બનાવવામાં આવતાં પેંડા પણ, બીજે દિવસે વાસી બને છે. પરંતુ જો દૂધને ફાડીને ચૂલા ઉપર જ, ખાંડ ભેળવીને, પેંડા બનાવાય, તો તે વાસી થતાં નથી. તે જ રીતે, દૂધને ફાડીને, ચૂલા ઉપર જ ખાંડ ભેળવીને બનાવાતી માવાની બરફી, પણ, બીજા દિવસે વાસી બનતી નથી. દૂધને ફાડ્યાં વિના, દૂધમાં ખાંડ નાંખીને, ચૂલે હલાવતાં - હલાવતાં, જે પેંડા બનાવાય છે, તે પણ વાસી થતાં નથી. બજારનો માવો, પ્રાયઃ વાસી જ હોવાથી, બજારનો માવો, તેનાં પેંડા, તથા માવાની અન્ય ચીજો 'અલક્ષ્ય' જ સમજવી. પ્રભાવના વગેરેમાં પણ આપવી ઉચિત નથી.

(૬૩) ગુલાબજાંબુમાં માવો વાસી થાય છે અને ચાસણી કાચી પડે છે. માટે, બીજાં દિવસે, રાખી શકાતાં નથી. તેજ રીતે, રસગુલ્લાં, રસમલાઈ આદિ બધી કાચી ચાસણીની બંગાળી મિઠાઈઓ, બીજે દિવસે 'અલક્ષ્ય' જાણવી.

(૬૪) ઘણાં લોકો દૂધની મલાઈ રોજ ભેગી કરે છે, પછી તેને તાવીને 'ઘી' બનાવે છે. આ પદ્ધતિ યોગ્ય નથી. 'મલાઈ' તો રાત રહેવા માત્રથી, વાસી થાય છે. તેમાં અસંખ્ય લાળિયાં જીવો ઉત્પન્ન, થાય છે. જો આજની મલાઈમાં સાંજે મેળવણ નાંખેલ હોય, તો તે મલાઈ, બે રાત પછી, 'અલક્ષ્ય' બને છે. તેથી, બીજી રાત પસાર થાય તે પહેલાં - સૂર્યોદય પહેલાં, તાવવું જોઈએ. સારાંશ એ કે,

No.

Date

મેળવણ વિનાની મલાઈ ખવાય જ નહીં. બાકી, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ + વિરાધના થાય છે.

(૬૫) લીલો-સૂકો હલવો, ઘઉંના લોટને ૨-૩ દિવસ સડાવીને, બનાવાય છે. સડેલા લોટમાં, ત્રસ જંતુઓ ઉત્પન્ન થતાં હોય છે, માટે તે 'અભક્ષ્ય' છે. બંગાલનું હલવાસન પણ 'અભક્ષ્ય' ગણાય છે. માટે ન ખવાય, ત્યાજ્ય છે.

(૬૬) આજે શેકેલો બાજરો ૧૫ દિવસ જે રીતે ચાલે છે, તેમ શેકેલો પાપડ ચાલી શકતો નથી. તેમાં ખાર હોવાને કારણે, તે હવામાંથી ભેજ પકડે છે. માટે, બીજે જ દિવસે, તે વાસી બને છે. તેલ કે ઘીમાં તળેલો પાપડ, બીજે દિવસે વાપરી શકાય છે. જો હવાઈ જાય તો ન ચાલે. કારણકે, હવાઈ ગયેલાં તળેલાં પાપડમાં ફૂગ થવાની પૂરી સંભાવના છે.

(૬૭) પાઉં-બિસ્કીટ આદિ પદાર્થોનાં લોટની, તેમજ તેની બનાવટની, કોઈ કાળમર્યાદા ખ્યાલમાં હોતી નથી. માટે, તે 'અભક્ષ્ય' જાણવાં. વળી, તેમાં આથાને પણ લાંબો સમય સડાવી રાખવામાં આવે છે. માટે, હિંસાનો દોષ પણ લાગે છે. પાઉં-બિસ્કીટ વગેરે મેંદાના પદાર્થો તો, આરોગ્યને હણી નાંખવા માટે, ટાઈમ-બૉમ્બ જેવું કામ કરે છે. આજનાં સાયન્સે પણ, મેંદાના પદાર્થોને આરોગ્ય માટે 'ખરાબ' નહીં પણ 'ખતરનાક' ગણ્યાં છે. દુઃખની વાત એ છે કે, જૈન ઘરોમાં, બાજરાંની જગ્યા આજે બ્રેડ અને પાઉંએ લીધી છે. આવતીકાલે, તેની જગ્યાએ કેલોગ્સ કંપનીનાં કૉર્ન-ફ્લેક્સ, વ્હીટ-ફ્લેક્સ, Lays ની પોટેટો ચીપ્સ, કુરકુરે, પેપ્સી, મૅગી વગેરે નવાં-નવાં નાસ્તાંઓ ગોઠવાઈ જવાનાં છે. ફોરેનનો બધો કચરો, ભારતીયોનાં પેટમાં ઠલાઈ જવાનો છે. આમ થાય તો જ, પરદેશી દવાઓની કંપનીઓનો વેપાર જોરમાં ચાલે. આજે ઘણાં જૈનોનાં ઘરોમાં, આ બધાં અભક્ષ્ય પદાર્થો, સવારનાં નાસ્તામાં ગોઠવાઈ ગયાં છે. તેથી, ખાસ બચીને રહેશો.

(૬૮) બરફનાં ગોળાં ઉપર છાંટવામાં આવતાં 'એસેન્સ' અને કાચી ચાસણીનાં ભરી રાખવામાં આવતાં 'લીંબુના રસ' વગેરે તમામ પદાર્થો, 'અભક્ષ્ય' જાણવાં. આજે ઘણાં ઘરોમાં, જૈન ઠંડાઈ-શરબત-ચાસણી વગેરેનાં બાટલાંઓ મળે છે, તે પણ ન ખપે. આ અભક્ષ્ય વસ્તુઓ, તમારાં ઘરે તો નથી ને?

(૬૯) બજારનાં શ્રીખંડ વગેરે ૬-૬ મહિનાનાં વાસી હોય છે. તેને

તાજાં માનીને ખાનારાઓની બુદ્ધિ સાચે જ વાસી થઈ ગઈ હોવી જોઈએ. આવો શ્રીખંડ, આપણાં તથા આપણાં પરિવારનાં આરોગ્ય માટે પણ વિશેષ હાનિકારક બને છે.

(૭૦) કેટલાંક લોકો, દૂધમાં બાંધેલી ભાખરી, બીજે દિવસે વાસી નથી થતી એવું માને છે → તે ભ્રમણાં છે. દૂધ વાસી થાય, તો ભાખરી કેમ વાસી ન થાય? આવી વાસી ભાખરી વાપરવાથી, તેમાં ઉત્પન્ન થયેલ અસંખ્ય બેઈન્દ્રિયાદિ ત્રસ જીવો તથા નિગોદ-ફૂગાદિ અનંતા જીવોની વિરાધનાનો દંડ લાગે છે.

(૭૧) જો ચટણી વાટતાં, પાણી નાંખ્યું હોય અથવા ચણાનો લોટ ભેળવ્યો હોય, તો તે ચટણી બીજા દિવસે જ 'અલક્ષ્ય' બને છે. પણ જો લીંબુનો રસ નાંખ્યો હોય અને પાણી કે લોટ નાંખ્યાં વિના વાટેલી હોય, તો તે ત્રણ દિવસ સુધી ચાલે છે. ચટણી બનાવતાં, કોથમીર-મરચાંને પાણીથી ધોયાં હોય, તો તે પાણી, ચટણીમાં રહી જવાથી, ચટણી બીજે દિવસે 'અલક્ષ્ય' બને છે. તેથી, પાણીનો અંશ ન રહે તે માટે ઉપયોગ રાખવો જરૂરી છે. આમલીની ચટણી, બીજે દિવસે, 'અલક્ષ્ય' બને છે. તેમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ + વિરાધના થાય છે.

(૭૨) ફાટી ગયેલું દૂધ તથા બેસ્વાદ લાગતી રસોઈ, 'ચલિત રસ' ગણાય છે. માટે, ઉપયોગ કરવો યોગ્ય નથી. આવી બેસ્વાદ થઈ ગયેલ વસ્તુમાં, અસંખ્ય બેઈન્દ્રિયાદિ ત્રસ જીવો અથવા લીલ-ફૂગ-નિગોદાદિ અનંતા જીવોની ઉત્પત્તિ થવાની પૂરી શક્યતા જાણવી.

(૭૩) વડી, પાપડ - ખીચીયાં વગેરે જ્યારે એકદમ સૂકી હવા હોય, ત્યારે, શિયાળામાં જ, બનાવવાં યોગ્ય છે. ચોમાસામાં તેમાં ઉબ (ફૂગ) લાગવાનો સંભવ છે. માટે, ચોમાસાં પહેલાં પૂરાં કરી દેવાં જોઈએ. વડી, પાપડ તો ચોમાસામાં 'અલક્ષ્ય' છે. એવું 'શ્રાદ્ધવિધિ ગ્રંથ'માં જણાવેલું છે. તેવી જ રીતે, સંભારો, સેવ, ખેરો, ફરફર, અડદની સેવ, સાળીવડાં, ખીચડાં વગેરે પણ શિયાળા-ઉનાળામાં સૂર્યોદય થયે તેનો લોટ બાંધી, બનાવવાં અને સૂર્યાસ્ત પહેલાં બરોબર સૂકાઈ જવાં જોઈએ, નહીંતર, વાસી થાય. ઘેંસવડી સૂકાઈ જાય તે રીતે તડકે મૂકવી. કદાચ ન સૂકાય તો પણ તે અલક્ષ્ય ન થાય કારણ કે તેમાં છાશ છે. ચોમાસામાં આવી ચીજો બનાવવી, રાખવી કે

ખાવા યોગ્ય નથી. કારણ કે, ચોમાસામાં તેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ અને લીલ-ફૂગ થવાનો સંભવ ઘણો છે. કદાચ, ચોમાસામાં પાપડ રાખવાં હોય, તો તે અષાઢ સુદમાં બનાવવાં પડે, તેને અવારનવાર તડકો દેવો પડે, તેને વારંવાર પ્રમાર્જવાની તથા વારંવાર ફેરવવા-ફેરવવાની બહુ સંભાળ લેવી પડે. વર્તમાન કાળમાં કોઈક જ આવી સંભાળ લેતું હશે. જો સંભાળ ન લેવાય, તો લીલ-ફૂગ થવાની સંભાવના છે. માટે, ચોમાસામાં ન જ વાપરવું શ્રેષ્ઠ છે. ઉત્તમ રીતે કારતક સુદ પૂનમ પછી જ બનાવવી અને અષાઢ સુદ ચૌદસ પહેલાં વાપરી નાંખવી. તે પછી રાખવી નહીં. સેવ, પાપડ વગેરે બજારમાં તૈયાર મળે છે, તે વાપરવાં યોગ્ય નથી. આ રીતે, સૂકવણી પણ શિયાળા-ઉનાળાના કુલ આઠ માસ ચાલે, ચોમાસામાં ન ચાલે.

(૭૪) વિરાધનાનો સંભવ હોવાથી, મકાઈનાં ડોડાં, ઘઉંનો પોંક, જુવારનો પોંક વગેરે પણ ન વાપરવાં. કારણ કે, જે વસ્તુઓ પોલાણવાળી, લેજવાળી, મીઠા સ્વાદવાળી હોય, તેમાં બેઈન્દ્રિયાદિ ત્રસ જીવોની ઉત્પત્તિની પૂરી શક્યતા છે.

(૭૫) ડોરડું મગ વગેરેનાં દાણાં અચિત્ત છે. પણ અખંડ યોનિ હોવાથી ચાવવાં નહીં. ભાખાં ઉતારી નખાં - એમ 'શ્રાદ્ધવિધિમાં' જણાવેલ છે.

(૭૬) ફાગણ ચોમાસી બાદ ટોપરું, બદામ, પિસ્તાં વપરાય છે. ચોમાસા દરમ્યાન, આજે ફોડેલી કાગદી બદામ, પિસ્તાં તથા કાછલી ફોડીને કાઢેલું ટોપરું (ગોળો ફોડીને કાઢેલું નહીં - કાચલી ફોડીને કાઢેલું ફેકળ ટોપરું) જ ચાલે. કારણ કે, ટોપરાંનાં ગોળામાં ઊંડાં ચીરાં પડેલાં હોય છે. આ ચીરામાં નિગોદ, કુંથવા, વગેરે પડવાનો સંભવ છે. માટે, જેમ બદામ ફોડ્યાં પછી જ વપરાય છે, તેમ, ટોપરું પણ, કાછલી ફોડ્યાં પછી જ વપરાય. આ બધી વસ્તુ જો બીજે દિવસે વાપરવી હોય, તો તેને ઘીમાં તળીને રખાય, તો ચાલે. બદામ, પિસ્તાં તળી શકાય છે. ટોપરાંને તળવાં માટે, તેની છીણ કરીને તળાય છે.

(૭૭) 'તલ' ફાગણ ચોમાસી પછી અભક્ષ્ય ગણાય છે. પણ જો રાખવાં પડે તેમ હોય, તો તેને ગરમ પાણીમાં ચૂલે ચડાવીને, ઓસાવીને રાખવાં. ઓસાવેલાં તલમાં જીવ પડતાં નથી, તેથી આઠ માસ ચાલી શકે છે.

(૭૮) કેટલીક કેરીનો પાક આર્દ્રા નક્ષત્ર પછીથી જ આવે છે. તેમ છતાં

KOKUYO W-N6280U

તેને પણ 'અલક્ષ્ય' જ માનવામાં આવે છે. કેરી, આર્દ્રાથી માંડીને, કારતક સુદ પૂનમ સુધી (વિશાખા નક્ષત્ર સુધી) બંધ સમજવી. કારણ કે, આર્દ્રા નક્ષત્ર બેસે ત્યારથી કેરી કે કેરીનો રસ (ચલિત રસ થવાથી) અલક્ષ્ય છે. તેમજ આર્દ્રા પહેલાં પણ ગંધાઈ ગયેલી, સડેલી કે ઉતરી ગયેલી કેરી 'અલક્ષ્ય' જાણવી. આ રીતે, પાકી રાયણ પણ, આર્દ્રા નક્ષત્ર પછી, અલક્ષ્ય બને છે.

(૭૯) રોટલાં, રોટલી, ભાખરી, દાળ, ભાત, શાક, ખીચડી, શીરો, લાપસી, લચ્છુયાં, થેપલાં, પુડલાં, વડાં, નરમ પૂરી, ઢોકળાં, પુરણપોળી, માલપુંઆ, હાંડવો, ઈડલી, ઢોસા, કચોરી, સમોસા વગેરે જે દિવસે બનાવ્યાં હોય, તે જ દિવસે ચાલે. બીજે દિવસે વાસી ગણાય છે. તેમાં પાણીનો અંશ હોવાને કારણે, અસંખ્ય 'રસજ-લાળિયાં' બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. માટે, તે ખવાય નહીં. તેમજ કૂતરાં વગેરેને પણ (બીજા દિવસે) ખવડાવાય નહીં. જે દિવસે બનાવ્યું હોય, તે દિવસે સાંજ સુધીમાં, નિકાલ કરી દેવો જોઈએ, તો જ અસંખ્ય બેઈન્દ્રિય જીવોની વિરાધનાથી બચી શકાય.

(૮૦) સવારે દોહેલ દૂધ, ચાર પહોર સુધી જ લક્ષ્ય છે. (ચાર પ્રહર = લગભગ ૧૨ કલાક). જો સાંજે દૂધ દોહેલું હોય, તો તેનો ઉપયોગ, મધ્યરાત્રિ અગાઉ થઈ જવો જોઈએ. (જો કે રાત્રે દૂધ પીવાય નહીં, રાત્રિભોજનનો મહાપાપ લાગે). આજનાં ડેરીનાં પાવડરિયાં કે કોથળીનાં દૂધ તો અલક્ષ્ય અને આરોગ્ય માટે ખતરનાક છે. માટે, વધુ રૂપિયાં ખર્ચીને પણ શુદ્ધ દૂધનાં આગ્રહી બનવું જોઈએ. દૂધ ફાટી જાય કે બગડી જાય, તો તે 'અલક્ષ્ય' છે. ૧૦ દિવસ સુધી વિઆયેલી ગાયનું દૂધ, ૧૫ દિવસ સુધી વિઆયેલી ભેંસનું દૂધ અને ૮ દિવસ સુધી વિઆયેલી બકરીનું દૂધ વપરાય નહીં. તથા, તરત વિઆયેલી ગાય-ભેંસના તરતનાં દૂધની 'બરઈ' જે બનાવાય છે, તે પણ વપરાય નહીં.

(૮૧) દૂધપાક, ખીર, દૂધની મલાઈ, બાસુંદી, શ્રીખંડ, ફ્રૂટ સલાડ, દૂધીનો હલવો, ચીકુનો હલવો, અમરતી જે દિવસે બનાવ્યાં હોય, તે જ દિવસે ચાલે. બીજે દિવસે, વાસી ગણાય છે. માટે ન ખવાય. જો વાપરો, તો તેમાં ઉત્પન્ન થયેલ, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની વિરાધનાનો દોષ લાગે છે.

No.
Date

(૮૨) લોટ, મેથી કે પાણી નાંખીને બનાવેલ સંભારો, બીજે દિવસે વાસી ગણાય છે. બીજે દિવસે, તેમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ + વિરાધના થાય છે.

(૮૩) ચોખાની કણકી સાથે અડદની દાળ તથા ચણાની કે તુવેરની દાળને ભરડી, છાશમાં આથો કરીને, ખાટાં ઢોકળાં બનાવાય છે. જો કાચી છાશ હોય, તો દ્વિદળ થવાથી 'અભક્ષ્ય' બને છે. જો ઉકાળેલી છાશનો આથો, રાત્રે કર્યો હોય, તો પણ તે 'અભક્ષ્ય' બને છે. માટે, સૂર્યોદય પછી, બરાબર રીતે - એકદમ ઉકાળેલી છાશમાં આથીને કરેલાં ઢોકળાં સાંજ સુધી ચાલે છે.

(૮૪) કેળાં, દ્રાક્ષ, ખારેક વગેરે અન્નનાં મિશ્રણ વગરનાં રાયતાંનો કાળ ૧૬ પ્રહર (બે રાત સુધીનો) છે. જો તે રાયતું, દ્વિદળ સાથે વાપરવાનું હોય, તો દહીં એકદમ ગરમ કરેલું હોવું જોઈએ. કળી (સેવો), ગાંઠિયા, બુંદી વગેરે નાંખીને રાયતું કરવું હોય, તો પહેલાં દહીં બરાબર ગરમ કરવું પડે, પછી કળી વગેરે નાંખીને રાયતું બનાવાય. આવું રાયતું સાંજ સુધી જ ભક્ષ્ય છે. (એક વાત ધ્યાનમાં રાખો - 'રાત્રિભોજન' તે 'અભક્ષ્ય' ભોજન છે.)

(૮૫) જુવારનાં લોટને છાશમાં રાંધવામાં આવે છે. તેમાં, ધાન્ય થોડું અને છાશ ઘણી હોય, તો તે 'જુગલીરાબ' કહેવાય છે. તે ૧૨ પ્રહર સુધી ચાલે. જો છાશ ઓછી અને ધાન્ય વધુ હોય, તો તે 'ઘેંશ' કહેવાય છે. તે ૮ પ્રહર સુધી ચાલે. તેનો મતલબ એ નહીં કે, તે રાત્રે ખવાય. કેમ કે, રાત્રિભોજન, એ તો, 'અભક્ષ્ય' ભોજન છે, મહાપાપ છે. (એક દિવસનાં ૪ પ્રહર અને દિવસ-રાતનાં ૮ પ્રહર થાય છે.)

(૮૬) જે પદાર્થોમાં પાણીનો અંશ હોય છે તે બીજે દિવસે વાસી બને છે. આ વાસી પદાર્થો 'ચલિત રસ' વાળાં હોવાથી, 'અભક્ષ્ય' છે. કોઈપણ ખાદ્ય પદાર્થ, કદાચ સવાર સુધી ચાલે તેમ હોય, તો પણ, તે સૂર્યાસ્ત પછી ખવાય નહીં. કારણ કે, ભક્ષ્ય ચીજ પણ, રાત્રે ખાવામાં અભક્ષ્ય છે. રાત્રિભોજન એ 'મહાપાપ' છે. તે વાત, રાત્રિભોજનનાં પાઠમાં, વિચારી લીધેલ છે.

(૮૭) દળેલો લોટ, ચણાં, મમરાં, ધાણી, ખાખરાં, પૌંઆ વગેરે શેકેલાં ધાન્ય તથા ચેવડો, મમરાં વગેરે વઘારેલાં પદાર્થો તથા

KOKUYO W-NB280U

સેવ, ગાંઠિયા, ફાફડાં, કડક પૂરી, કડક ફૂલવડી, ફરસાણ વગેરે તળેલાં પદાર્થો, તથા મોહનથાળ, બુંદીનાં લાડું, મોતીચુર વગેરે પાકી ત્રણ તારી ચાસણીથી બનેલ મિઠાઈ; તથા રેવડી, શિંગની ચીક્કી વગેરે ચાસણીમાં બનાવેલ ચીજો - આ બધાં પદાર્થો, જે દિવસે બનાવ્યાં હોય, તે દિવસથી માંડીને, શિયાળામાં ૩૦ દિવસ સુધી, ઉનાળામાં ૨૦ દિવસ સુધી અને ચોમાસામાં ૧૫ દિવસ સુધી ચાલી શકે. ત્યારબાદ, ચલિત રસવાળાં થવાનાં કારણે, 'અભક્ષ્ય' છે. ખાખરાં વગેરે વેચાતાં લેવાય છે તેથી કેટલાં દિવસ પહેલાં બન્યાં છે, તેની શું ખબર પડે? ત્યાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક જળવાતો નથી. તેથી, ખાખરાં ઘરે જ બનાવવાં યોગ્ય છે, જેથી દિવસની નોંધ રહે. આવાં સાધર્મિકને વધુ રકમ આપવી સારી, પણ પૈસા બચાવવાં માટે, વેચાતાં લેવા - યોગ્ય નથી. ફરસાણમાં ફુલવડી જાડી હોવાથી, કડક થતી ન હોવાથી, બીજે દિવસે 'અભક્ષ્ય' બને છે.

(૨૮) ઉનાળાનાં અંતે અને ચોમાસું શરૂ થાય તે પહેલાં બનાવેલ દ્રવ્યનો સમય, ચોમાસાંની જેમ ૧૫ દિવસ સમજવો. ચોમાસાનાં અંતે અને શિયાળો શરૂ થાય તે પહેલાં બનાવેલ દ્રવ્યનો સમય પણ, ચોમાસાની જેમ ૧૫ દિવસ સમજવો. અલબત્ત, બનાવ્યાંની ઋતુ અને વપરાશની ઋતુ જો અલગ હોય, તો જે ઋતુમાં સમય મર્યાદા ઓછી છે; તે મુજબ કરવું. જેથી, દોષ લાગવાનો સંભવ જ ન રહે. ફાવશે ને?

(૨૯) મિઠાઈ વગેરે પાકી ત્રણ તારી ચાસણીથી જો વ્યવસ્થિત બનાવવામાં ન આવે અથવા બનાવવામાં કચાશ રહી જાય, તો સમય મર્યાદા કરતાં વહેલાં પણ 'ચલિત રસવાળી' થઈ જવાથી, બગડી જાય છે. આવી ચીજો, વહેલી તકે 'અભક્ષ્ય' બને છે. આવી ચીજો તો બીજે જ દિવસે, વાસી થવાથી 'અભક્ષ્ય' સમજવી યોગ્ય લાગે છે. આજે, રસોઈયા વગેરે ત્રણ તારી ચાસણી કરે છે કે કેમ, તે સવાલ છે. વળી બનાવ્યાં પછી, યોગ્ય રીતે સાચવવામાં ન આવે, તો પણ, વહેલાં બગડી જવાથી 'અભક્ષ્ય' થઈ જાય છે. બુંદીનાં લાડું બનાવીને, તરત જ ડબ્બામાં ભરી દેવામાં આવે, તો વરાળનાં પાણીનાં ભેજને કારણે, સવાર પડતાં તો લાડવાં

No.
Date

ઉપર લીલ-ફૂગ થઈ જાય. આવું બને તો, તે લાડવાંઓ 'અભક્ષ્ય' બની જાય છે.

(૯૦) સડેલું ધાન્ય તથા ખોરાં થઈ ગયેલ ઘી-તેલ અભક્ષ્ય છે. માટે તેની બનાવેલ મિઠાઈ વગેરે પણ 'અભક્ષ્ય' ગણાય. બજારની મિઠાઈ વગેરે બરાબર બનવાનો સંભવ ઓછો છે, માટે, તે બીજા જ દિવસે, વાસી સમજવી યોગ્ય છે. વળી, વર્તમાનકાળમાં તો, બજારની મિઠાઈ વગેરે વાપરવાં જ યોગ્ય નથી, કેમ કે, પાણી અણગળ વપરાયું હોય, ગમે તે વ્યક્તિએ એંઠું કરેલ પાણી કે એંઠા ગ્લાસનો ઉપયોગ થયો હોય, જૂનાં પડેલાં માલને નવાં માલમાં ભેળવેલ હોય, લોટ ઘણો જૂનો અને ચાળ્યાં વિનાનો વપરાયો હોય, સડેલાં ધાન્ય કે જેમાં ધનેરાં-ઈયળ થઈ ગયાં હોય, તેવાં ધાન્ય-લોટનો ઉપયોગ થયો હોય, રાત્રે ઘણો આરંભ કરીને બનાવેલો હોય, અભક્ષ્ય પરદેશી તૈયાર મેંદાનો ઉપયોગ કર્યો હોય, ઘી હલકું અને ખોરું થઈ ગયેલ હોય-બગડી ગયેલ વપરાયું હોય, લોટમાં અન્ય અભક્ષ્ય ચીજો કે રસાયણો વપરાયાં હોય → વગેરે કારણોસર, બજારની મિઠાઈ, સેવ-ગાંઠિયા, બુંદી, અથાણું, ભેળ વગેરે તમામ ચીજો, પ્રાય: 'અભક્ષ્ય' છે. વાપરવાં માટે અયોગ્ય છે, તથા શરીરનાં આરોગ્યને પણ બગાડનાર છે. તથા, બજારનાં શ્રીખંડ, સમોસાં, ઈડલી વગેરે તમામ પણ 'અભક્ષ્ય' હોવાનો સંભવ છે. માટે, વાપરવાં યોગ્ય નથી.

(૯૧) દૂધમાં મેળવણ નાંખ્યાં પછી, દહીં બરાબર જામી જાય, ત્યારે તે ચાલે. તે બે રાત પછી 'અભક્ષ્ય' બને છે. માટે, બે રાત પૂરી થવાં દેવી નહીં. બીજી રાત પૂર્ણ થાય તે પહેલાં જ, વહેલી સવારે જો દહીંને વલોવીને છાશ બનાવી દેવાય, તો તે છાશ પુન: બે દિવસ સુધી ચાલે. એ છાશ પણ જો ન વપરાય, તો બે રાત પૂર્ણ થાય તે પહેલાં જ, તેમાંથી છાશનાં થેપલાં બનાવી દેવાય. આ થેપલાં બે દિવસ સુધી ચાલે. ટૂંકમાં દહીં, છાશ કે છાશમાં બનાવેલ થેપલાં, બન્યાથી બે રાત પસાર કરે તો, તેમાં અસંખ્ય બેઈન્દ્રિય જીવો ઉપજતાં હોવાથી 'અભક્ષ્ય' બને છે. વળી, આ કાળ તો વલોણાની છાશનો અથવા સારી રીતે ફેરીને-વલોવીને બનાવેલી છાશનો સમજવો. જે લોકો, પૂરું મંથન કર્યા વગર ઉતાવળે-ઉતાવળે દહીં વલોવી નાંખે છે, તેવી છાશ ચાલે નહીં. પાણી સાથે દહીંનો અંશ-

KOKUYO W-N8280U

અંશ મળી જવો જોઈએ. બજારનાં દહીં-છાશ વગેરે ભરોસાપાત્ર ન હોવાથી, વાપરવાં ઉચિત નથી.

(૯૨) મહા માસમાં, વેરાવળનાં એક ઉપાશ્રયમાં, એક મુનીરાજ બિરાજમાન હતાં. તેમની તબિયત જોવાં માટે, એક મુસલમાન હકીમજી આવેલાં. તેમણે નિદાન, ઔષધ આદિની વાત કર્યા પછી, ઉઠતાં-ઉઠતાં ભલામણ કરી કે, "અલી-અલી ભોજનમેં જરા બાજુપાલા ઈસ્તેમાલ કરતે રહીએ." મુનિરાજશ્રીએ કહ્યું કે, "અચ્છાં-અચ્છાં, હમ ધ્યાન રખેંગે." એમ કહીને, એમને રજા આપી. એકાદ માસ પછી, ફાગણ વદમાં ફરી હકીમજી તબિયત તપાસવાં આવ્યાં ત્યારે, તેમણે ઉઠતાં-ઉઠતાં પૂછ્યું કે, 'ક્યા આપને બાજુપાલાં લીયા થા?' મુનિશ્રીએ ના પાડી તો, હકીમજીએ કહ્યું કે, 'ઠીક હૈં, લિયા હોતા તો અચ્છા રહેતાં લેકિન અબ લેના નહીં.' મુનિશ્રીએ પૂછ્યું કે, 'અબ ક્યોં મના કર દિયા?' ત્યારે હકીમજીએ આકાશમાં સામે જોઈને જણાવ્યું કે, "અબ સીઝન નહીં રહા. હોલી નીકલ જાને કે બાદ, બાજુપાલાં નુકસાન પહુંચાતા હૈં. અબ આકાશ બદલ ગયાં હૈં. મૈંને બોલા, તબ લિયા હોત્તં તો ઠીક રહેતાં લેકિન અબ લેનેકી જરૂરત નહીં હૈં." અરે! હકીમજીકો કહાં પતા હૈ કિ, ભગવાન મહાવીરને તો ૨૫૦૦ સાલ પહેલે હી, યહ બાત બતા દી હૈં કિ, હોલી કે બાદમેં આકાશ બદલ જાતા હૈં, ઈસલીયે બાજુપાલાં ત્યાગ કર દેના !! એટલે કે, માત્ર શિયાળાનાં જ મહિનાં જ, બાજુપાલો ખપે છે, પરંતુ, ત્યારબાદ ન જ ખપે.

(૯૩) બેબી કોર્ન, જે માર્કેટમાં, મળે છે, તે તો મકાઈની અત્યંત શરૂઆતની અવસ્થા હોય છે. તેને વાપરવાથી આપણાં હૃદયનાં પરિણામો ઘણાં કચડાય છે. અત્યંત શરૂઆતની અને કોમળ અવસ્થામાં તેને વાપરવું, તે આત્માનાં કોમળતાનાં પરિણામોને કઠોર બનાવે છે. તેથી, તેનો સંપૂર્ણપણે ત્યાગ કરવો જ હિતાવહ છે. એટલે, કાયમ માટે, આપણે 'baby corn' ન ખરીદાય, ન વપરાય.

No. 
Date

# દહીં, દહીં, દહીં ≈ જોખમ, DANGER

લગભગ સંસારી જીવોનાં જીવનમાં, આજે દહીંનો વપરાશ તો ઓછાં-વધતાં અંશે હોય જ છે. દહીં ખપે કે નહીં? ખપે તો કેવું દહીં? કેટલાં દિવસ સુધી દહીં ખપે? વગેરે-વગેરે ઘણાં પ્રશ્નો-મુંઝવણો આજે લોકોને હોય છે. આ તમામ પ્રશ્નોનાં, મુંઝવણોનાં સમાધાન મળે તે માટે, ચાલો હવે, દહીં અંગે વિશેષ માહિતી આપણે મેળવીએ.

પ્રશ્ન: દહીં માટે સાયન્સ એમ કહે છે કે, 'દૂધમાં મેળવણ પડતાંની સાથે જ એમાં બેક્ટેરિયાં પેદા થવાં માંડે છે.' શું આ વાત સાચી છે?

જવાબ: જૈન દર્શન, આવી માન્યતામાં સંમત નથી. જો દહીંમાં મેળવણ પડતાં જ બેક્ટેરિયાં પેદાં થતાં હોય, તો બેઈન્દ્રિય જીવોની હિંસાથી નિર્મિત થતું દહીં, કોઈપણ જૈન, સદાને માટે, વાપરી જ ન શકે. જ્યારે દહીંનો વપરાશ તો, ભગવાનનાં આનંદ-કામદેવ આદિ શ્રાવકોનાં સમયમાં પણ હતો અને આજે પણ છે. વિજ્ઞાન જેને બેક્ટેરિયાં કહે છે, તેને આપણે માત્ર પૌદ્ગલિક પરાવર્તન કહીએ છીએ. પરંતુ, તેને જીવ તરીકે આપણે સ્વીકારતાં નથી. એક દ્રવ્યમાં બીજું દ્રવ્ય મીક્ષ (mix) થવાથી, એમાં રાસાયણિક ફેરફારો થાય છે. આવાં ફેરફારનાં સમયે, દૂધના કટોરામાં ત્યારે તોફાન ઉઠતું હોય છે. એને જીવ માની લેવાની કોઈ જરૂર નથી. એ તોફાન જીવકૃત નહીં પણ કેમિકલ્સકૃત માનવું યોગ્ય ગણાશે.

પ્રશ્ન: દહીં માટેની કાળમર્યાદા શું છે? તે કેટલાં ટાઈમ માટે ચાલી શકે?

જવાબ: દહીં માટે જૈન દર્શને, કાળમર્યાદાઓ નક્કી કરેલી છે. દહીંમાં મેળવણ પડ્યાં પછી, એ દહીં, બે રાત રહે, તો અભક્ષ્ય બની જાય છે, અસંખ્ય જીવોથી યુક્ત બની જાય છે. માટે, દહીં મેળવ્યાં બાદ, ક્યારેય પણ બે રાત પૂરી થવા દેવી નહીં. બે નાઈટ ક્રોસ થતાં પૂર્વે જ દહીં પતાવી દેવું જોઈએ. બીજી રાત્રિ પૂર્ણ થતાં પૂર્વે, પહેલી સવારે જો દહીંને વલોવી નાંખીને, છાશ બનાવી લેવામાં આવે, તો તે છાશ પુનઃ બીજાં બે દિવસ ચાલી શકે છે. હવે, એ છાશ પણ બે રાત્રિ પૂર્ણ થતાં પૂર્વે, તેમાંથી થેપલાં બનાવી દેવામાં આવે, તો એ થેપલાં પુનઃ આગળ બે દિવસ ચાલી શકે છે. આ થેપલાંને બે રાત્રિ પૂર્ણ

થતાં પૂર્વે જો ભાખરાંની જેમ શેકીને ડ્રાય કરી લેવામાં આવે, તો આ થેપલાં ફરી આગળ ૧૫ દિવસ ચાલી શકે છે. હા, ૧૫ દિવસ પૂરાં થતાં પૂર્વે, આ થેપલાંનો ભૂક્કો કરીને, વઘારીને, જો ચેવડો બનાવી દેવાય, તો એ ફરી પાછાં ૧૫ દિવસ ચાલી શકે. આમ કુલ ૩૬ દિવસ સુધી, દહીંની મર્યાદાને લંબાવી શકાય છે. પણ, તમે આવો ધંધો કરતાં નહીં, અનુકંપાદાનનો લાભ મેળવીને જલ્દીથી ફેંસલો કરી દેજો.

પ્રશ્ન: દહીંની બતાવેલ આ કાળમર્યાદા, સરળ ભાષામાં અમને દૃષ્ટાંત સાથે સમજાવશો?

જવાબ: દહીંની કાળમર્યાદા ધ્યાનમાં આવે તે માટે, ચાર્ટ દ્વારા નીચે મુજબ સમજવું :

(૧) સોમવારે દહીં મેળવ્યું : ૪ પ્રહર (૧૨ કલાક) સોમવારનો પહેલો દિવસ પસાર થયો. ૪ પ્રહર (૧૨ કલાક) સોમવારની પહેલી રાત પસાર થઈ. આમ સોમવારનાં કુલ ૪+૪ = ૮ પ્રહર = ૨૪ કલાક

(૨) હવે, તે જ દહીં, મંગળવારે આખો દિવસ ચાલે = ૪ પ્રહર
મંગળવારની (બીજી) રાત પણ પસાર થઈ = ૪ પ્રહર
આમ કુલ ૮+૮ = ૧૬ પ્રહર = ૪૮ કલાક દહીંનો કાળ કહેવાયો છે. (તેજ રીતે છાશ અને થેપલાંનો પણ ૧૬-૧૬ પ્રહરનો કાળ છે. જે દિવસે બને, તે દિવસના પ્રહરો ગણી લેવાં).
બુધવારનાં સૂર્યોદય પૂર્વે, તે દહીં લેવાઈ જવું જોઈએ અથવા છાશાદિ બનાવી દેવાય.

(૩) બુધવારનો સૂર્યોદય થતાં પૂર્વે છાશ બની. ત્યારબાદ, બુધવારની એક રાત પસાર થઈ. એટલે બુધવારનો પૂરો દિવસ + રાત્રિ, તે છાશ ખપે.

(૪) ગુરુવારે આખો દિવસ તે છાશ ખપે. ગુરુવારની રાત પસાર થઈ.

(૫) શુક્રવારનાં સૂર્યોદય પૂર્વે થેપલાં બનાવી લીધાં.
શુક્રવારની રાત પસાર થઈ.

(૬) શનિવારનો આખો દિવસ થેપલાં ચાલે.
રવિવારનાં સૂર્યોદય પૂર્વે થેપલાં શેકી નાંખ્યા.
બરાબર ૧૫ દિવસ સુધી શેકેલાં થેપલાં ચાલે.

(૭) ૧૫ દિવસ પૂર્ણ થતાં પૂર્વે, શેકેલાં થેપલાંનો ભૂક્કો કરીને, વઘારીને, ચેવડો બનાવ્યો.
આ ચેવડો બીજાં ૧૫ દિવસ સુધી ચાલે.

ખાસ નોંધ: દહીંનો કાળ ૧૬ પ્રહરનો સેનપ્રશ્નમાં કહેવાયો છે. પણ તે સવારે મેળવ્યું હોય, તે હિસાબે ૧૬ પ્રહર ગણ્યાં છે. જો સાંજે મેળવ્યું હોય તો, ૧૨ પ્રહર જ ગણવાનાં.

પ્રશ્ન: છાશમાં પલાળેલાં ભાત ચાલે કે ન ચાલે? તેની કાળમર્યાદા કેટલી?
જવાબ: જે રીતે દહીંનો ૧૬ પ્રહરનો સમય ગણવામાં આવ્યો છે, તે જ રીતે, ભાત રંધાય ત્યારથી તેનો ૮ પ્રહરનો સમય ગણવામાં આવ્યો છે. એટલે, રાંધેલા ભાત છાશમાં પલાળીને, બીજે દિવસે પણ રાખી શકાય છે. છાશમાં પલાળવાથી તે વાસી થતાં નથી. પરંતુ, છાશમાં દાણે-દાણો છૂટો કરી દેવો જોઈએ અને પલાળ્યાં બાદ, તે પૂરેપૂરાં અંદર ડૂબેલાં રહેવાં જોઈએ. તેની ઉપર ચાર આંગળ જાડી છાશ તરવી જોઈએ. આ રીતે, માત્ર છાશ છાંટેલાં નહીં, પણ છાશ ડૂબેલાં ભાત, વઘારીને બીજે દિવસે ઉપયોગમાં લેવાય છે. તે જ રીતે, આજે છાશમાં રાંધેલી ઘેંસ અને ઘાર પણ, બીજે દિવસે વાસી થતી નથી. - એવું 'સેનપ્રશ્નગ્રંથ'માં જણાવેલ છે. તેમ છતાં, આજનાં કાળે, આ રીતે રાખવાનો રિવાજ, લગભગ નામશેષ થઈ ગયો છે. સાંજે કોઈ જમતું જ નથી. મોટાં લાગનાં લોકો રાત્રે જ ઝાપટે છે. પછી, તાજું શું અને વાસી શું? જે કાળે, સૂર્યાસ્ત થતાં પૂર્વે જ, રસોડું સાફ કરી દેવામાં આવતું હતું, તે કાળે, વધેલી ચીજોને, આ રીતે પણ, સાચવી લેવામાં આવતી હતી. આજે તો, 'સબકા સહારા એક ફ્રીજ' બની ચૂક્યું છે. વધ્યું-ઘટ્યું બધું જ ફ્રીઝમાં મૂકીને આજે આરામથી લોકો સૂઈ જાય છે. સવારે ઊઠીને, ફ્રીઝ ખોલીને, પેલો ગઈકાલનો વધારો બહાર કાઢીને લોકો તાજી (!!) રસોઈ જમી લે છે. આને તાજી રસોઈ કહેવાય કે વાસી???

પ્રશ્ન: કાકડીનું રાયતું કેટલી કાળમર્યાદા સુધી ચાલે?
જવાબ: દહીંની સાથે કાકડી mix કરીને જે 'રાયતું' બનાવાય છે, તેની

કાળમર્યાદા પણ, 'સોળ પ્રહર' એટલે કે ૪૮ કલાક ની ગણવામાં આવેલ છે.

આવી દીર્ઘ મર્યાદા રાખવાનું કારણ માત્ર એટલું જ છે કે, દહીં-છાશમાં 'લેક્ટીક' નામનું એસીડ હોય છે. આ એસીડનાં અસ્તિત્વનાં કારણે જ, ૪૮ કલાક સુધી, એમાં કોઈપણ જીવોત્પત્તિ થઈ શકતી નથી. લેક્ટીક નામના એસીડનું અસ્તિત્વ તો આજનાં વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે, માન્ય કર્યું છે.

✿ દહીંમાં થતી અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ તથા વિરાધનાથી બચવાનાં ઉપાયો :

(૯૪) દહીં, છાશ, દૂધને જ્યારે ગરમ કરવામાં આવે, ત્યારે ખાસ ધ્યાન રાખવું કે, તે સખત રીતે ગરમ થવું જોઈએ. અંદરથી બુડ-બુડ અવાજ આવે ત્યાં સુધી, તેને એકદમ કડક રીતે ગરમ કરવું જોઈએ. કેટલીક બહેનો, માત્ર તપેલી ગરમ કરીને નીચે ઉતારી દે છે, તે વ્યાજબી નથી. આંગળી દાઝે તેવું સામાન્ય ગરમ નહીં, પરંતુ ચાયની જેમ ઉભરો આવે અથવા તેમાં બુડ-બુડ અવાજ થાય, એવાં bubbles થાય, તો જ વાપરી શકાય.

(૯૫) દહીં ગરમ કરવાથી, કેટલીક બહેનોને, તે ફાટી જવાનો ડર લાગે છે. દહીં ગમે તેટલું સોલીડ હોય, તોય વડાં પર પાથર્યા પછી તો ફાટે જ છે, છેવટે, મોંમા પધરાવ્યાં પછી તો ચોક્કસ ફોદાં-ફોદાં વેરાઈ જતાં હોય છે. તેથી, ખોટી ધારણાઓ કાઢી નાંખવી. હા, કેટલીક બહેનો, દહીંને ફાટતું અટકાવવાં માટે, ગરમ કરતી વખતે જ અંદર સહેજ બાજરાનો લોટ અથવા ચોખાનો લોટ અથવા મીઠું ભભરાવે છે. જેથી, તે ફાટતું પણ નથી અને તેનો સ્વાદ પણ બગડતો નથી. એનાં કરતાંય સરળ ઉપાય : જામેલાં દહીંને સહેજ પણ ભાંગ્યા વિના, કુકરમાં રાખીને, માત્ર એક સીટી જો વગાડી દેવાય, તો તેવું દહીં ખુશીથી કઠોળ સાથે પણ વાપરી શકાય અને ફોદાં-ફોદાં પણ ન થાય અને સ્વાદ પણ જળવાઈ રહે છે. ફાવશે ને ?

(૯૬) કેટલાંક લોકો, દહીં કે છાશને સખત ગરમ કર્યા પછી, તેને પાછું ફ્રીઝમાં મૂકીને આઈસકોલ્ડ બનાવી દેવાની ચેષ્ટા કરે છે,

આ રીતે, ગરમ કરીને; ફરી શીતળ બનાવવાથી, દ્વિદળનો દોષ તો નથી લાગતો, પણ 'સ્વાદલંપટતાનો' મોટો દોષ લાગે છે. વળી, આ શીતળ પદાર્થો, હોજરીની ઉર્જાને ખલાસ કરી નાંખે છે. તેથી, ખોરાક પચી શકતો નથી. આરોગ્યને હણનારી આ પ્રવૃત્તિ બિલકુલ વ્યાજબી નથી.

(૯૭) છાશનાં થેપલાં તેમજ છાશ વગેરેનો જે બે રાત્રિ સુધીનો કાળ કહેવાયો છે, તે કાળ વલોણાની છાશનો અથવા સારી રીતે ઝેરીને બનાવેલી છાશનો સમજવો. જે લોકો પૂરું મંથન કર્યા વિના, ઉતાવળે-ઉતાવળે દહીં વલોવી નાંખે છે, તેવી છાશ ન ચાલે. પાણી સાથે દહીંનો અંશેઅંશ મળી જવો જોઈએ.

(૯૮) એક શ્રાવિકાએ, પ્રવચનમાં સાંભળેલું કે કાચાં દહીં, છાશ, દૂધ સાથે કઠોળ વાપરવું નહીં. પણ જ્યારે વાપરવાનો ખરો પ્રસંગ આવ્યો ત્યારે તેમને ખ્યાલ રહ્યો નહીં અને એમણે દહીં ગરમ કરવાને બદલે, ઠંડા થઈ ગયેલ વડાંને તાવડી પર ફરી ગરમ કરીને, તેની ઉપર કાચું દહીં પાથરી દીધું. પ્લીઝ! તમે આવું નહીં કરતા! કારણ કે, આવી ભૂલ કરવાને લીધે, અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને વિરાધના થઈ જાય છે.

(૯૯) વડોદરામાં, એક ભાઈને કરિયાણાંની દુકાન હતી. સાથે-સાથે સરકારી રેશનીંગનું કામ પણ તેઓ સંભાળતાં હતાં. એક ફાતીમાબીબી જ્યારે પણ, ચણાની દાળનો રેશનીંગનો ક્વોટા આવે; ત્યારે આડોશી-પાડોશી બધાંના રેશનીંગ કાર્ડ ભેગાં કરીને, ચણાની દાળનો મોટો જથ્થો, આ દુકાનદારને ત્યાંથી ઉપાડી જતી. એક વાર દુકાનદારે તેને પૂછ્યું કે, 'આટલી બધી ચણાની દાળનું તું શું કરે છે?' ત્યારે તેણે જવાબ આપ્યો કે, 'આ દાળને છાશમાં પલાળીને, ઘરે જે મરઘાં અને બતકો પાળ્યાં છે, તેમને ખવડાવું છું. રાત્રે છાશમાં દાળને પલાળી દઉં છું. સવારે મરઘાંનાં પાંજરા પાસે તબડકું મૂકી દઉં છું. બધાં મરઘાં અને બતકો તૂટી પડે છે.' પેલા ભાઈએ તેને કહ્યું કે, 'તું દાળને છાશમાં પલાળવાને બદલે, પાણીમાં પલાળીને આપે તો, શું વાંધો આવે?' ફાતીમાબીબીએ કહ્યું કે, "તે રીતે મેં કરેલું. પણ મરઘાંએ એક દાણો સુદ્ધા ખાધો નહીં. કારણ કે, તેમને દાળ કરતાંય કીડાં વધારે ભાવે છે. ચણાની દાળ છાશમાં પલળે એટલે એમાં સૂક્ષ્મ

Date

કીડાંઓ પેદા થાય છે અને કીડાં એ તો મરઘાંનો સ્વાદિષ્ટ ખોરાક છે. ઉકરડામાં પણ મરઘાંઓ તો કીડાં જ શોધતાં હોય છે.'

આ સત્ય પ્રસંગ પૂરવાર કરે છે કે, ક્યાં દહીં, છાશ, દૂધમાં કઠોળ ભળવાથી, અસંખ્ય કીડાઓ પેદાં થાય છે.

(૧૦૦) જૈન મુનિશ્રી શોભનવિજય, એકવાર પોતાનાં સંસારી મોટાં ભાઈ ધનપાલનાં ઘરે ભિક્ષાર્થે પધાર્યાં હતા. ધનપાલ કબાટમાંથી દહીંનો કટોરો બહાર કાઢી, મુનિશ્રીને વહોરાવવાં ગયાં. મુનિશ્રીએ પૂછ્યું કે, 'હે ધનપાલ! દહીંને જમાવ્યાં બાદ, કેટલી રાત પસાર થઈ છે?' ધનપાલ કહે કે, 'રાતની વાત જાણીને શું કરશો? આટલું સરસ દહીં છે, તો વહોરી લો. શું તમને આવાં સફેદ બાસ્તા જેવાં દહીંમાં પણ મહાવીરનાં જીવડાં દેખાય છે?' શોભનમુનિએ કહ્યું કે, 'હા ધનપાલ, મારાં ભગવાને કહ્યું છે કે, જો દહીં બે રાત ઓળંગી જાય, તો એમાં અસંખ્ય કીડાઓ પડી જાય છે. તારે જાણવું હોય તો, પગ રંગવાનો જે લાલ કલરનો અલતો આવે છે, તે લાવ. દહીંની ઉપર તેને ભભરાવી જો! તને તરત જ સફેદ કીડાઓ દેખાશે.' ધનપાલે તેમ કર્યું, તો તરત જ બધું દહીં લાલ રંગથી રંગાઈ ગયું, પણ અંદરનાં કીડાઓએ કલર પકડ્યો નહીં. હવે રેડ બેકગ્રાઉન્ડમાં વ્હાઈટ કીડાંઓ ખદબદ-ખદબદ થતાં સ્પષ્ટ દેખાયાં- જોઈ શકાયાં. રાજા ભોજનાં માનીતા પંડિત ધનપાલનું મસ્તક પ્રભુ મહાવીરનાં ચરણોમાં અહોભાવથી ઝૂકી ગયું. જૈનોનું જીવવિજ્ઞાન અને આહારવિજ્ઞાન જાણીને, અજૈન પંડિત પણ જૈનધર્મના રંગે રંગાઈ ગયાં. તેમણે 'તિલકમંજરી' જેવા મધુર કાવ્યની રચના કરી, જે આજે પણ, આપણાં જ્ઞાનભંડારોમાં ઉપલબ્ધ છે. અજૈન પંડિતો જો જૈન ધર્મનાં રંગે રંગાયા, તો તમે જૈનો શું જૈન ધર્મનાં રંગે રંગાયા કે નહીં?

No.
Date

# દ્વિદળ

પ્રશ્ન: દ્વિદળ એટલે શું ?

જવાબ: જેમાં બે દળ, બે વિભાગ હોય, તેવાં ધાનને 'દ્વિદળ' કહેવાય છે. એટલે કે જેની દાળ બને તે બધાં 'દ્વિદળ' કહેવાય છે. આજે વપરાતાં તમામ કઠોળ, દ્વિદળમાં ગણાય. દા.ત.: મગ, તુવેર, અડદ, ચણા, મઠ, વાલ, ચોળા, વટાણાં, મેથી, મસૂર, કળથી, લોંગની દાળ વગેરે. આ બધાંના લીલાં પાન, લીલાં દાણાં તેમજ તેનાં આટા, બધું જ 'દ્વિદળ' ગણાય.

દ્વિદળની વ્યાખ્યા – નિશાની :

(૧) જે વૃક્ષનાં ફળ રૂપે ન હોય,
(૨) જેને પીલવાથી તેલ ન નીકળે,
(૩) જેને ભરડવાથી દાળ બને,
(૪) જેના બે ભાગ વચ્ચે પડ ન હોય.

ઉપરોક્ત ચારે-ચાર લક્ષણો જેમાં ઘટતાં હોય, તેને 'દ્વિદળ' જાણવું, અન્યથા નહીં. રાઈ, સરસવ, તલ અને મગફળીમાંથી તેલ નીકળે છે, માટે તે દ્વિદળમાં ન ગણાય. સાંગરી, તો ઝાડનાં ફળરૂપે આવે છે, માટે દ્વિદળ ન ગણાય. બાજરી, જુવાર વગેરે ઝાડનાં ફળરૂપે પણ નથી અને તેમાંથી તેલ પણ નથી નીકળતું, છતાંય, તેની બે ફાડ થતી ન હોવાથી, દ્વિદળ રૂપે તેને ન ગણાય.

પ્રશ્ન: ઉપર જણાવેલ ધાન્ય, માત્ર તે ધાન્ય અવસ્થામાં જ દ્વિદળ ગણાય કે તે સિવાયની અન્ય અવસ્થામાં પણ ગણાય ?

જવાબ: મગ, તુવેર, અડદ, ચણા, મઠ, વાલ, ચોળા, વટાણાં, મેથી, મસૂર, કળથી, લોંગની દાળ, લીલવાં, કુમરીયાં, વગેરે કઠોળ 'દ્વિદળ' ગણાય. વળી, એ દ્વિદળની ફળીઓ, લીલાં-સૂકાં પાંદડાં, ભાજી, તેનાં આટા, દાળ, તેની કોઈપણ બનાવટો વગેરે પણ 'દ્વિદળ' જ ગણાય. જેમ કે, કોઈપણ કઠોળનાં પાંદડાની ભાજી, વાલોર, ચોળાફળી, તુવેર, મગ, ગુવારફળી, વટાણાંની ફળી, લીલાં ચણાં, કઠોળની સૂકવણી, મેથીનો સંભારો, મેથી નાંખેલ અથાણાં, દાળ, સેવ, ગાંઠિયા, પાપડ, બુંદી, વડી વગેરે પણ દ્વિદળમાં ગણવા.

KOKUYO W-NB280U

પ્રશ્ન: દ્વિદળનાં કેવાં વપરાશથી, કઈ પ્રકારની જીવહિંસા થાય છે, તેની સમજૂતી આપશો?

જવાબ: ઉપર બતાવેલ વ્યાખ્યામાં ફીટ થતાં તમામ પ્રકારનાં કઠોળમાંથી બનતી કોઈપણ વાનગી જો કાચાં (૧) દહીં (૨) છાશ (૩) દૂધ સાથે મીક્સ કરવામાં આવે, તો અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. પછી, તેનું લક્ષણ કરવાથી હિંસાનો દોષ લાગે છે. માટે, કાચાં ગોરસ સાથે ક્યારેય પણ કઠોળને મીક્સ કરવું નહીં. જો દહીં, દૂધ, છાશને બરાબર-પાકી રીતે ગરમ કરી દેવામાં આવે, તો પછી કઠોળ સાથે જમવામાં દોષ લાગવાનો સંભવ રહેતો નથી. એકલાં કઠોળની વેરાયટીઝ ખાવામાં કે માત્ર એકલાં ગોરસ ખાવામાં, દ્વિદળનો કોઈ દોષ નથી, પણ, બંનેનું સંયોજન કરીને ખાવામાં જ હિંસાદિ દોષો લાગે છે. આવા સાંયોગિક દોષને પણ દ્વિદળ તરીકે ઓળખાવાય છે.

પ્રશ્ન: બે પદાર્થનાં સંયોજનને બીજા ઉદાહરણથી કઈ રીતે સમજાવી શકાય-ઘટાવી શકાય?

જવાબ: જાહેર રસ્તા ઉપર એક છાણનો પોદરો પડ્યો છે. બપોરના ધૂમ તાપમાં, તે સૂકાઈને એકદમ ડ્રાય થઈ ગયો છે. આ છાણમાં, હાલ કોઈ જ જીવ નથી. પણ, સાંજ પડતાં, વરસાદ અંધાર્યો અને વાદળ તૂટી પડ્યાં. છાણનાં પોદરાં સાથે પાણી મીક્સ થયું. બીજા દિવસનાં પ્રભાતે જોયું, તો પેલાં પોદરામાં સેંકડો કીડાઓ ખદબદ-ખદબદ થઈ રહ્યાં હતાં. આમ કેમ બન્યું? છાણમાં જીવોત્પત્તિ કરવાની ક્ષમતા હતી. પણ, તેમાં પાણીનો સંયોગ થવો અપેક્ષિત હતો. જો તેમાં, પાણીનો સંયોગ ન થયો હોત, તો કોઈ જીવ પેદા થાત નહીં! બસ, આજ રીતે, કઠોળમાં પણ, જીવોત્પત્તિની શક્તિ પડેલી છે. માત્ર, કાચાં ગોરસનાં સંયોગની અપેક્ષા રહે છે. જો કાચાં ગોરસનો સંયોગ ટાળી દેવાય, તો જીવોત્પત્તિની સંભાવના રહેતી નથી. દોષ લાગતો નથી. તેથી, કઠોળની સાથે કાચાં દૂધ, દહીં, છાશ મીક્સ થવાનાં પ્રસંગો ટાળવાં જોઈએ.

આજે વર્તમાનમાં, સમજણનાં અભાવે અથવા બેદરકારીનાં લીધે, ઘણાં શ્રાવકોનાં જીવનમાં, દ્વિદળનાં લીધે અસંખ્ય બેઈન્દ્રિય

No.

Date

જીવોની વિરાધના થાય છે. આ વિરાધનાથી બચવા માટે, તે અંગે વિશેષ કાળજી રાખવાં માટેનાં સૂચનો - ઉપાયો નીચે પ્રમાણે બતાવ્યાં છે. તેની કાળજી રાખવી જરૂરી છે.

(૧૦૧) હમણાં-હમણાં, ઘરમાં તથા જાહેર ફંક્શનોમાં દહીંવડા ખૂબ જ પીરસાય છે. વડાં ચોળાનાં લોટમાંથી બનાવાય છે. પછી, તેનાં ઉપર, ફ્રીઝમાંથી કાઢેલું આઈસક્રીમ જેવું દહીં પાથરવામાં આવે છે. આ દહીં અને વડાંનો સંયોગ થવા માત્રથી જ; તત્કાળ અસંખ્ય બેઈન્દ્રિય જીવો પેદા થઈ જાય છે. આ બેક્ટેરિયાંનાં કીડાઓ, જે ચીજમાં પેદા થાય છે, તે ચીજ જેવાં કલરની હોય, તેવાં જ કલરનાં પેદા થાય છે. વળી, અતિ સૂક્ષ્મ હોવાથી, નજરે જોઈ શકાતાં નથી. પરમાત્મા જિનેશ્વર દેવ તો કેવળજ્ઞાનનાં સ્વામી હતાં. જ્ઞાનપ્રકાશમાં પરમાત્માએ જે જીવોત્પત્તિ નિહાળી છે, તે આપણે, how અને why કર્યાં વિના, મસ્તક નમાવીને, સ્વીકારવી જ જોઈએ. આ સ્થળે, જો દહીંને, વડાંની સાથે મીક્સ કરતાં પૂર્વે, ચૂલા પર ધગધગતું ગરમ કરી લેવામાં આવે, તો દોષ લાગતો નથી. ગરમ કર્યાં બાદ, જમતી વખતે, તે ઠંડુ થઈ ગયું હોય, તોય કોઈ બાધ નથી. કેમ કે, એકવાર ગરમ કરવાથી, તેનામાં રહેલી જિવોત્પાદક શક્તિ, નષ્ટ થઈ જાય છે.
(દા.ત. ઘઉં, બાજરી કે જુવારને એકવાર શેકી નાંખવામાં આવે, તો પછી વાવ્યાં છતાં પણ, ફરી તે ધાન ઉગી શકતાં નથી. કેમ કે, તેમની ઉત્પાદક શક્તિ (શેકવાં દ્વારા) નષ્ટ કરી દેવામાં આવી છે. તેજ રીતે, ગોરસ ગરમ કર્યાં બાદ, જીવોત્પાદક રહેતાં નથી).

(૧૦૨) દહીંનું રાયતું અનેક રીતે બને છે. એમાં જ્યારે કઠોળની ચણાના લોટની બુંદી મીક્સ કરીને બનાવાય છે, ત્યારે દ્વિદળનો દોષ લાગે છે. કઠોળ સાથે મીક્સ કરતાં પૂર્વે, દહીંને સારી રીતે ઉકાળી લીધું હોય, તો દોષ નથી.

(૧૦૩) મેથી કઠોળ ગણાય છે. તેજ રીતે, મેથીની ભાજી પણ, કઠોળ ગણાય છે. આજકાલ, બહેનો જ્યારે મેથીનાં થેપલાં બનાવવાં બેસે છે, ત્યારે થાળીમાં, ઘઉં-બાજરાનાં લોટનો ઢગલો થાળીને કરે છે અને તેમાં મેથીનાં પાંદડાં પધરાવે છે. પછી, તે પાંદડાં ઉપર કાચી છાશનો લોટો રેડી દે છે અને લોટ બાંધવા મંડી પડે છે.

આ વખતે, તેમને ખ્યાલ નથી કે, તેમનાં લોટમાં, આખા મુંબઈમાં પણ ન સમાય તેટલાં અસંખ્ય સૂક્ષ્મ બેઈન્દ્રિય જીવો પેદા થઈ ચૂક્યાં છે, જે તેમનાં બે હાથે હાલ મસળાઈ રહ્યા છે. ટૂંક સમયમાં, તેઓ એને વધસ્તંભ પર (તાવડી પર) ચડાવી દેવાનાં છે. પ્લીઝ બહેનો, આવું ન કરશો!! તમારાં લોટાની છાશ ગરમ કરેલી હોવી જોઈએ. તે પછી જ, તેને મેથીનાં પાંદડાં સાથે મીક્સ કરી શકાય.

(૧૦૪) જ્યારે છાશની કઢી કરવાની હોય છે, ત્યારે બહેનો, ચૂલા પર તપેલીમાં છાશ ચડાવીને, છાશ ગરમ થયાં પૂર્વે જ, એમાં તરત ચણાનાં લોટનું અરામણ ઉમેરી દે છે. કાચી છાશમાં ચણાનો લોટ ભળવાથી, તત્કાળ અસંખ્ય જીવો પેદા થાય છે. અને જ્યારે કઢી ઉકળે છે, ત્યારે બધાં તપેલીમાં જ સ્વાહા થઈ જાય છે. આ રીતે, જીવોની ઉત્પત્તિનો અને સંહારનો ઉભય દોષ, એક સાથે લાગી જાય છે. વળી આ કઢી સાથે જો શ્રીખંડ વાપરવાનો હોય, તો અરામણ ચણાનાં લોટનું ન નાંખતાં, ચોખાનાં લોટનું નાંખવું જોઈએ. વઘારમાં પણ, મેથીનો ઉપયોગ ન થાય, તેનો ખ્યાલ રાખવો જોઈએ. કેમ કે, મેથી કઠોળ ગણાય છે. ઘણાં લોકો શ્રીખંડના જમણવારમાં, દોષથી બચવા માટે, શાકમાં સીંગદાણાના શાક, ખમણ- ચોખાના લોટનાં અને કઢીમાં પણ ચોખાનો લોટ વાપરે છે. શક્ય હોય ત્યાં સુધી, ક્યારેય જમણવારમાં, શ્રીખંડ કે દહીંવડાવાળી ગોરસની વેરાયટીઝ બનાવવી નહીં. ફાવશે ને ?

(૧૦૫) સમારંભોનાં જમણવારમાં, શ્રીખંડ આવે એટલે જોખમ ઘણું વધી જાય છે. આખા રસોડામાં, જો કોઈપણ કઠોળની આઈટમ હશે, તો એ જમતાં થાળીમાં ભેગી થઈ જશે અને દહાડો ઉઠાડી મૂકશે. શ્રીખંડની હાજરીમાં, લીલાં-સૂકાં કઠોળનાં શાક, ફેળાંવડાં, ચણાનાં લોટનાં ખમણ, ખમણની ચટણી, મગની દાળ, પાપડ, ચણાનાં લોટવાળી કઢી અને મેથીનાં વઘારવાળી કઢી, - આ કશું જ ચાલી શકે નહીં. માટે, શ્રીખંડને કાયમ માટે, દૂરથી જ, સો ગજનાં નમસ્કાર કરી દેવાં.

(૧૦૬) ખાટાં ઢોકળાં બનાવવાં માટે, કઠોળનો આટો છાશમાં પલાળવામાં આવે છે. આ આટો પલાળતાં પૂર્વે, છાશને ગરમ

કરેલી હોવી જોઈએ. છાશને ગરમ કર્યા વિના, સીધો જ આટો પલાળવાથી, દ્વિદળનો દોષ લાગે છે.

(૧૦૭) મેથીનાં ઢેબરાં સાથે દહીં ખાઈએ છીએ, ત્યારે એ ખ્યાલ નથી હોતો કે ઢેબરાંની અંદર મેથીની ભાજી નાંખેલી છે. કાચાં દહીંની સાથે મેથીનો સંયોગ થતાં, અસંખ્ય બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. માટે, આવાં મેથીનાં ઢેબરાં, કાચાં દહીંની સાથે ન ખવાય. પણ, દહીંને ગરમ કરી લેવું. અથવા તો ચા સાથે ઢેબરાં ખાઈ લેવાં અથવા તો મેથી અને કઠોળ વગરનાં ઢેબરાં બનાવવાં. ચાલશે ?

(૧૦૮) શ્રીખંડ આદિના જમણવારમાં, લોકો મેથી નાંખેલા અથાણાંનો ઉપયોગ કરતાં હોય છે. અથાણાંમાં રહેલી મેથી અને શ્રીખંડનું કાચું દહીં મીક્સ થતાં દ્વિદળ થાય છે. માટે, આ દોષના ત્યાગ માટે, મેથીવાળું અથાણું ન વાપરવું યોગ્ય છે.

(૧૦૯) કેટલાંક લોકો જમીને છેલ્લે છાશ પીવાનો આગ્રહ રાખે છે. ખાસ કરીને, કચ્છી લોકોને, લચ્છી વિનાં ચેન પડતું નથી. જાહેર સમારંભોમાં પણ છાશનાં કાઉન્ટર હોય છે. જમવાની થાળીમાં દાળ, શાક, ભજીયાં આદિ અનેક ચીજોમાં કઠોળનો વપરાશ તો હોય જ છે. પછી, એંઠા મોઢે, એંઠા હાથે, તરત જ, છાશ-પાન કરાય છે. આ રીતે, કાચી છાશ સાથે કઠોળનો સંયોગ થવાથી, અસંખ્ય બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. આ દોષથી બચવા ઈચ્છતા લોકો, સવારે કડક રીતે છાશને ગરમ કરી લે છે. આ રસ્તો, સરળ અને સેફ છે. તેમ છતાં પણ, કાચી છાશ પીવાનો પ્રસંગ આવે તો, હાથ-મોં બિલકુલ સાફ કરેલાં હોવાં જોઈએ. ક્યાંય કઠોળનો ટચ ન હોય એ રીતે, અલગથી છાશ પીધાં પછી, તેનો ગ્લાસ અલગથી સાફ કરીને મૂકવો જોઈએ. કઠોળનાં એંઠવાડ સાથે જો છાશવાળો ગ્લાસ ભેગો થાય, તો હિંસાનો સંભવ છે. માટે, એ ગ્લાસને અલગથી સાફ કરીને, પાણી પી જવું જોઈએ. પેટમાં ગયાં પછી, અંદર કઠોળ સાથે ભેગું થાય, તો દ્વિદળનો દોષ નથી, કારણ કે, શરીરમાં તો એક જબ્બર અણુભઠ્ઠી ચાલુ છે.

(૧૧૦) કાચું દૂધ વાપરવાનો પ્રસંગ બહુ ઓછો આવે છે. તેમ છતાં, ઘરમાં કાચાં દૂધની તપેલી ખુલ્લી રાખવાથી, ક્યારેક તેમાં કઠોળનો દાણો યા ભાજીનું પત્તું પડી જવું સંભવિત છે. આ રીતે, કાચાં દૂધ સાથે કઠોળનો સમાગમ થતાં પણ અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ

થાય છે. ઊંટડીનું દૂધ દોહ્યાં પછી જો તરત ગરમ ન કરવામાં આવે, તો તેમાં પણ અસંખ્ય કીડાં પડવાનો પ્રારંભ થઈ જાય છે. ડેરીનાં દૂધ તો મોરે લાગે, ત્રણ દિવસનાં વાસી હોય છે, જેનું આખો દેશ આજે સેવન કરે છે. અને ભગવાનનાં અભિષેકમાં પણ તે જ વપરાવાં લાગ્યું છે. પશુ હત્યાઓ નહીં રોકવામાં આવે તો દૂધ નામની ચીજ અદૃશ્ય જ થઈ જશે.

(૧૧૧) સેવ, ગાંઠિયા, ચણાની પૂરી, ગવાર ફળીની તળેલી શીંગો વગેરે કઠોળમાંથી બનાવેલી ચીજો, કાચાં દૂધ, દહીં, છાશ સાથે વપરાય નહીં. સેવ, ભજીયાં જે તેલમાં તળ્યાં હોય, તે તેલથી શાક વઘારાય કે ભાખરાં, રોટલીમાં મોણ નંખાય, તો તે શાક, ભાખરાં, રોટલી સાથે કાચાં દહીં, છાશ, દૂધ ન વપરાય. દ્વિદળનો દોષ લાગે.

(૧૧૨) બજારનાં રસ વાસી હોય અથવા વાસી રસ ભેળવેલ હોય, તેવી પૂરી સંભાવના છે. તેથી 'અભક્ષ્ય' છે. વળી, આ રસમાં કાચું દૂધ ભેળવેલું હોય છે. માટે, તે કઠોળ સાથે વાપરવાથી 'દ્વિદળ' થાય છે. ઘરમાં પણ કેરીનાં રસ સાથે કાચું દૂધ ભેળવવું નહીં. આરોગ્ય માટે પણ તે અતિ હાનિકારક છે.

(૧૧૩) ચણાનો લોટ વગેરે ચાળવાની ચાયણી જુદી રાખવી. જો તે જ ચાયણીથી ઘઉં વગેરેનો લોટ ચાળવામાં આવે, તો તેની બનાવટ કાચાં દહીં સાથે ન વપરાય.

(૧૧૪) યુધિષ્ઠિરે એકવાર અર્જુનને કહ્યું કે, 'હે કૌન્તેય! જે લોકો કાચાં દૂધ, દહીં, છાશ સાથે કઠોળને જમે છે, તે લોકો, ખરેખર, માંસનું ભક્ષણ કરી રહ્યાં છે.' — અજૈન 'મહાભારત' માંથી.

(૧૧૫) આજે ચાળેલો લોટ, આજે જ ઉપયોગમાં લેવો. આવતીકાલે વાપરવાં માટે, તેને પાછો ચાળી લેવો. આજે બાંધેલો લોટ, આજે જ વાપરવો. બીજા દિવસે તે વાસી થઈ જાય છે. ફ્રિઝમાં રાખવાથી પણ તે વાસી જ રહે છે, ફ્રેશ નથી થઈ જતો. ફ્રિઝ એ કોઈ જાદુઈ કબાટ નથી કે જેમાં અન્ન પદાર્થો સડે જ નહીં.

No.
Date

# અથાણું - છુંદો - મુરબ્બો

પ્રશ્ન : અથાણાં, છુંદો, મુરબ્બો શું વાપરી શકાય? જો વાપરી શકાય, તો કઈ રીતે, કઈ કાળજી રાખવી, તે અંગે સમજણ આપશો?

જવાબ: આજકાલ, અથાણાં, છુંદા, મુરબ્બા સંબંધમાં, જોઈએ તેવી કાળજી લેવાતી નથી. માટે, ન જ વાપરવા, તે શ્રેષ્ઠ છે. તેમાં પાણીનો લાગ રહી જાય અને તેથી અસંખ્ય બેઈન્દ્રિય જીવોની અને અનંતા નિગોદની ઉત્પત્તિ તથા વિરાધના થાય છે. જો વાપરવાં જ હોય, તો તે સંબંધી બધી જ કાળજી લેવી જોઈએ. અને નીચેની બાબતો બરાબર લક્ષમાં લેવી જોઈએ.

(૧૧૬) કેરી, લીંબુ વગેરેની સાથે નહીં ભેળવેલાં ગુવાર, ગુંદા, કાળાં, ચીભડાં, મરચાં વગેરે અથાણાં, ખટાશ વિનાંના હોવાથી, જે દિવસે બનાવ્યાં હોય, તે જ દિવસે ચાલે. બીજે દિવસે 'અભક્ષ્ય' બને છે. ખાટાં ફળોનું અથવા ખાટાં રસમાં બનાવેલ અથાણું (તડકા દીધાં ન હોય તેવું) ત્રણ દિવસ ચાલે પછી 'અભક્ષ્ય' બને છે. કેરી, ગુંદા, ખારેક, મરચાં વગેરેનું જે સૂકવેલું અથાણું બનાવવામાં આવે છે, તે પણ, જો બરાબર તડકાં ન દેવાયાં હોય, અને ભીનાશ રહેવાથી વાળ્યું વાળી શકાતું હોય, તો તેવું અથાણું પણ ત્રણ દિવસ સુધી જ ચાલે. પછી 'અભક્ષ્ય' બને છે. એટલે કે, ત્યારબાદ તેમાં અસંખ્ય બેઈન્દ્રિય ત્રસ જીવો તથા નિગોદ-ફૂગાદિ અનંતા જીવોની ઉત્પત્તિ + વિરાધના થાય છે.

(૧૧૭) જે અથાણામાં, મેથી વગેરે ધાન્ય, ચણા વગેરેનો લોટ કે દાળિયાં ભેળવેલ હોય અથવા પાણી નાંખ્યુ હોય કે પાણી રહી ગયું હોય, તો તે બધાં અથાણાં, બીજે દિવસે વાસી થવાથી 'અભક્ષ્ય' બને છે. એટલે કે, બીજા દિવસે તેમાં અસંખ્ય બેઈન્દ્રિય તથા અનંત નિગોદાદિ જીવોની ઉત્પત્તિ થાય છે.

(૧૧૮) કેરી, મરચાં, ગુંદા વગેરેમાં મીઠું ભેળવીને, તેને તડકે મૂકવામાં આવે છે. તડકાથી ધીરે-ધીરે પાણી સૂકાતું જાય છે. આ તડકા 'ત્રણ જ દિવસ આપવાનાં' એવું નથી. જ્યાં સુધી, કેરી, મરચાં, ગુંદા વગેરે સૂકાઈને કડક બંગડી જેવાં ન થાય, ત્યાં સુધી, ત્રણ, પાંચ, સાત કે વધુ દિવસ પણ તડકાં આપવાં પડે. તે પછી, તેની ઉપર ગોળ, રાઈ વગેરે

ચડાવીને, સરસવનાં તેલમાં ડૂબાડૂબ ડુબાડવામાં આવે છે. આવાં વ્યવસ્થિત બનાવેલાં અથાણાં, તેનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે બદલાય નહીં ત્યાં સુધી, અલબત્ત, વરસ સુધી પણ ચાલી શકે છે. જો સરસવનું તેલ ઓછું નાંખ્યુ હોય, તો પહેલાં બગડી જવાનો સંભવ છે. માટે, તેલ વધું નાંખવું.

(૧૧૯) તડકામાં કેરીનો છૂંદો વગેરે પણ બનાવાય છે. તેમાં કેરીની છીણમાંથી ખાટું પાણી કાઢી નાંખીને, છીણ સાથે મીઠું તથા સાકર ભેળવીને, તડકે મૂકવામાં આવે છે. જેમ-જેમ તડકાં થતાં જાય, તેમ તેમ ચાસણી કડક થતી જાય છે અને પાણી સૂકાતું જાય છે. જ્યારે ચાસણી ત્રણ તારવાળી થાય ત્યારે પાકી ચાસણી થઈ સમજવી. જ્યાં સુધી, બે કે અઢી તાર નીકળે, ત્યાં સુધી, ચાસણી કાચી સમજવી. પૂરાં ત્રણ તાર ખેંચાય ત્યારે જ પાકી સમજવી. આવો છુંદો, મુરબ્બો, પણ લાંબો સમય સુધી ચાલે છે. બાકી નહીં.

(૧૨૦) છુંદો, મુરબ્બો વગેરે ચૂલા પર પણ કરવામાં આવે છે. એમાં, પહેલાં ખાંડને ચૂલે ચડાવી, તેમાં છુંદાની છીણ કે મુરબ્બાનાં ટુકડાં નાંખવામાં આવે છે. પછી, ચાસણી ત્રણ તારવાળી થાય ત્યાં સુધી, હલાવતાં રહેવું પડે છે. ચાસણી પાકી થઈ ગયાં બાદ, તેને ચૂલેથી ઉતારીને, ઠંડુ થઈ ગયાં બાદ, કાચની બરણીમાં ભરી દેવાય છે. આવાં, છુંદા, મુરબ્બાં પણ, લાંબો સમય સુધી ચાલે છે. બાકી ન ચાલે

(૧૨૧) કેર, મરચાં વગેરેને કાચી કેરીનાં ખાટાં પાણીમાં અથવા લીંબુનાં રસની ખટાશમાં, ત્રણ દિવસ પલાળીને, પછી બહાર કાઢીને, ફરી ત્રણ કે વધુ દિવસ તડકે બરાબર સૂકાવીને, બંગડી જેવાં કડક કર્યાં બાદ, સરસીયાનાં તેલમાં રાઈ વગેરે ફીણીને, પછી કેર કે મરચાંને અંદર ડૂબાડવામાં આવે છે. આવાં અથાણાં પણ લાંબો સમય ચાલે છે. લાંબો સમય ચાલતાં અથાણાં, છુંદા, મુરબ્બા માટે ખૂબ જ ચીવટથી, ઝીણવટભરી કાળજી લેવી પડે છે. જો તેવી કાળજીમાં ખામી રહી જાય તો એ અથાણાં વગેરે અસંખ્ય બેઈન્દ્રિય જીવો અને લીલ-ફૂગનાં ઉત્પત્તિ સ્થાન બની જાય છે. આવાં અથાણાં અભક્ષ્ય બને છે, અને આરોગ્ય પણ બગાડે છે. તેથી, વ્યવસ્થિત પદ્ધતિસર નીચે મુજબની કાળજી લેવી.

No. ..........
Date ..........

(ક્રમ) અથાણાં - મુરબ્બાં બનાવતી વેળાએ તથા બનાવ્યાં બાદ પણ જીવહિંસાથી બચવા માટે કઈ-કઈ કાળજી લેવી, તેની વિશેષ વાત, ક્રમસર વ્યવસ્થિત points સાથે, નીચે મુજબ વિચારીએ:

(૧) મુરબ્બાં વગેરેની ચાસણી, જો નરમ રહી જાય, તો ૧૦-૨૦ દિવસમાં જ લીલ-ફુગ થઈ જવાનો સંભવ રહે છે. માટે, ત્રણ તારવાળી પાકી ચાસણી કરવી. ચાસણી ત્રણ તારી કરવાથી, ઢીલાં ગોળ જેવો મુરબ્બો થશે.

(૨) સૂકવણી જેવી તેવી કરાય, બરાબર તડકાં ન દેવાય, તો તે અથાણાં વગેરે ત્રણ દિવસથી વધુ ચાલી શકે નહીં. માટે, કડક બંગડી જેવાં કરવાં. તે માટે ત્રણ, પાંચ, સાત કે પંદર દિવસ પણ તડકો આપવો પડે.

(૩) અથાણાં વગેરે કરતાં, પાણીનો અલ્પ પણ સ્પર્શ ન થવા દેવો. પાણીવાળાં હાથ હોય તો તે બરાબર કોરાં કરવાં.

(૪) અથાણાં વગેરે ભરવાની બરણી, ગરમ પાણીથી સાફ કરીને, કોરી કરવી. જરૂર પડે તો, તડકામાં ખુલ્લી પણ મૂકવી. અંદર ક્યાંય પણ પાણીનો અંશ રહેવો જોઈએ નહીં. નહીં તો, તેમાં ભરેલાં અથાણાં વગેરેને બગડી જતાં કે લીલ-ફુગ થતાં, વાર લાગશે નહીં.

(૫) અથાણાં વગેરે હાથથી (ખુલ્લાં) બહાર કાઢવાં નહીં. એકદમ કોરાં ચમચાથી જ કાઢવાં. કાઢતી વખતે પણ, તેમાં પાણીનો અંશ પણ દાખલ ન થઈ જાય, તેની સંભાળ લેવી. અથાણું નોકર-ચાકર કે બાળકો પાસે કઢાવવું નહીં. ઉપયોગવાળી વ્યક્તિએ જાતે જ કાઢવું. જરૂર પડે તેટલું અથાણું કાઢીને, તરત જ બરણી બંધ કરી દેવી, ખુલ્લી રાખવી નહીં. બરણી ઉપરનું ઢાંકણ સખત (airtight) હોવું જોઈએ, પોલું ન ચાલે. વળી, ઢાંકણ બંધ કર્યા પછી, તે ઢાંકણ કપડાંથી મજબૂત રીતે બાંધવું. ટૂંકમાં, જરાય હવાનો પ્રવેશ થવો જોઈએ નહીં. જો ભેજવાળી હવા, સહેજ પણ, અંદર પ્રવેશી જાય, તો અથાણું તરત બગડી જાય, લીલ-ફુગ થઈ જાય. ક્યાંય પણ, અજાણપણે પણ ભૂલ થઈ જાય તો મોટી વિરાધના ઉભી થાય છે. માટે, મનને મનાવીને, અથાણાંનો ત્યાગ જ, કરી દેવો 'શ્રેષ્ઠ' છે. ચાતુર્માસમાં તો ખાસ તેનો ત્યાગ કરી દેવો અને ચાતુર્માસ પહેલાં તે વાપરી નાંખવો, પૂરો કરી નાંખવો.

(૬) મેથીવાળું અથાણું બીજે દિવસે 'અભક્ષ્ય' બને છે. અને દહીં

સાથે વપરાઈ જાય; તો 'દ્વિદળ' બને છે. માટે, મેથીનો ઉપયોગ કરવો જ નહીં. તેનાં સ્થાને, જીરું વાપરવાથી કામ ચાલી જાય.

(૭) બરણી ઉપર કીડી, મંકોડા વગેરે ન ચડે, તેની સંભાળ લેવી. બરણી યોગ્ય સ્થાને રાખવી, અંધારામાં ન મૂકવી. અથાણું લેતાં-મૂકતાં, નીચે છાંટો ન પડે, તેની સંભાળ લેવી. નહીં તો, કીડી વગેરે ભેગાં થઈ જવાનો સંભવ છે → તેથી મોટી વિરાધના થાય.

(૮) બજારું અથાણાં વગેરેમાં ઉપર મુજબની કોઈ જ કાળજી પ્રાયઃ લેવાતી ન હોય, માટે તે 'અભક્ષ્ય' છે. વળી, તેમાં, તે બગડે નહીં તે માટે, રસાયણો ભેળવવામાં આવે છે, જે આરોગ્ય માટે પણ ઘાતક છે. માટે, બજારું અથાણાં કદી વાપરવાં નહીં. ફાવશે ને?

(૯) કંદમૂળ, લીલી હળદર, આદુ, ગરમર, ગાજર, લીલી વાંસ, મલબારનાં મીઠાનાં પાણીવાળાં લીલાં મરી વગેરે પ્રથમથી જ 'અભક્ષ્ય' છે. માટે, તેનાં અથાણાં પણ 'અભક્ષ્ય' જ ગણાય. તે વપરાય નહીં. વાપરવામાં અસંખ્ય બેઈન્દ્રિયાદિ જીવોની તથા નિગોદ-ફુગાદિ અનંતા જીવોની વિરાધના થાય છે, આત્મા કર્મબંધથી ભારે બને છે અને ભવાંતરમાં દુર્ગતિમાં જવું પડે છે. શું કરવું છે? જાતે જ વિચારજો.

(૧૨૨) આજે ઘણાં ઘરોમાં, જૂના દહીંનું મેળવણ નાંખવાનો આગ્રહ અથવા ઉપયોગ કરાય છે, જે ચાલી શકે નહીં. દહીં બે દિવસે 'અભક્ષ્ય' થઈ જાય છે - તે આગળ વિસ્તારપૂર્વક જણાવેલ છે. તે મુજબ જૂનું દહીં 'અભક્ષ્ય' છે, તો પછી, તેનાં દ્વારા બનતું નવું દહીં પણ 'અભક્ષ્ય' જ બનશે. માટે, જાગૃતિ રાખીને, આ જયણા પાળવાની છે. ઘણાં ઘરોમાં, શુકનની માન્યતા- માંગલિક રૂપે પણ, દહીં-મેળવણ જેટલું પણ, કાયમ માટે, ઘરમાં રાખવામાં આવે છે. અને બહારગામ જાય ત્યારે પણ, શુકન માટે, થોડું દહીં ઘરમાં રાખી મૂકાય છે, જે ચાલી ન શકે, અને તેનો ઉપયોગ પણ કરી શકાય નહીં. (તેનાં કારણો વિસ્તારથી આગળ સમજાવ્યાં છે.) માટે, આ પ્રકારની અવળી માન્યતાથી દૂર થઈને, આ પ્રવૃત્તિઓનો ત્યાગ કરી, મોટી વિરાધનાથી બચવાનું કરવું. બે દિવસથી વધારે જૂનું મેળવણ વાપરવામાં, અસંખ્ય બેઈન્દ્રિયાદિ ત્રસ જીવોની ઉત્પત્તિ તથા વિરાધના થાય છે.

(૧૨૩) દહીં સવારે મેળવ્યો તો, જામીં ગયાં પછી, બીજા મીનીટે પણ તેને વાપરી શકાય છે. આજે ઘણાં ઘરોમાં એવી માન્યતા છે કે રાતવાસી થયાં પછી કે ૮ કલાક પસાર થયાં પછી જ, દહીં વાપરી શકાય. પરંતુ, આ માન્યતા ખોટી છે. સવારે મેળવેલું દહીં, તે જ દિવસે, જામી ગયાં પછી, તરત જ, ખુશીથી વાપરી શકાય છે, ખપી શકે છે, તેમાં કોઈ જ દોષ લાગતો નથી.

(૧૨૪) કાચું દૂધ, કાચાં પાણીમાં બનાવેલી છાશ કે ગરમ કર્યા વગરનું કાચું દહીં – વાપરી શકાય છે. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને વહોરાવી પણ શકાય છે. પરકાય શસ્ત્રનાં કાયદાનાં આધારે, આ છાશ અચિત્ત બની જાય છે, અને તેથી એકાસણામાં વાપરવાં કે વહોરાવવામાં કોઈ જ બાધ નથી. માત્ર, આ વાપરતાં વખતે, 'દ્વિદળ' ન થાય, તેની ચોક્કસપણે ખાતરી કરવી જરૂરી છે. માટે, કાચું દૂધ, કાચું દહીં, કાચી છાશ વગેરે વિહાર વખતે (ગામડાંનાં વિહાર દરમ્યાન) સાધુ-સાધ્વીજી ભગવંતો, અજૈન-ભરવાડ, પટેલ વગેરેનાં ઘરેથી ઘણીવાર વહોરે પણ છે અને વાપરે પણ છે. માત્ર, 'દ્વિદળની' ચોકસાઈ વાપરતી વખતે રાખવી જરૂરી છે.

(૧૨૫) ધાણાજીરું પણ કાચી છાશમાં નાંખી શકાય છે. તેનાંથી 'દ્વિદળ' થતું નથી. માટે, તે નાંખીને વાપરવામાં, કોઈ જ બાધ નથી.

(૧૨૬) આજે, જલેબી-ફાફડાં વાપરવાનું ચલણ, ગાંડપણની જેમ વધ્યું છે. 'દશેરા' કે અન્ય લોક તહેવારો વખતે કે છેવટે રવિવારે પણ, આપણાં જૈનોનાં ઘણાં ઘરોમાં, આનો ઉપયોગ વધ્યો છે, જે ચલાવી શકાય નહીં અને અતિ અનુચિત છે. આ બજારું ફાફડાં વગેરે રાતનાં પલાળેલ લોટનાં – ચાળ્યાં વિનાનાં, અણગળ પાણીમાં બંધાયેલ લોટનાં, હોવાથી 'અભક્ષ્ય' હોય છે. જલેબી તો, ૯૯.૯૯%, રાતનાં જ આથો આપીને બનાવાયેલ હોય છે. માટે, અસંખ્ય બેઈન્દ્રિય જીવોનાં ઉત્પાદન અને વિરાધના પૂર્વક જ, બજારું જલેબી બને છે, માટે, ચાલી શકે નહીં. છતાં પણ, આપણાં સારાં-સારાં જૈન શ્રાવકો, લાઈન લગાડીને, દુકાનની બહાર, પડાપડી કરતાં જોવા મળે છે, જે અનુચિત છે. તેથી, અસંખ્ય બેઈન્દ્રિયાદિ જીવોની વિરાધનાથી બચવા માટે, બજારું જલેબી-ફાફડાંનો ત્યાગ, સદાને માટે, કરી દેવો....

(૧૨૭) આજે, ઘણી માવાની તથા બંગાળી મિઠાઈનાં બોક્સ ઉપર "૬ કલાકની અંદર જ આ મિઠાઈ વાપરી લેવી" – તેવી સ્પષ્ટ સૂચના

હોય છે. આ સૂચના એ જ બતાવે છે કે, આ મિઠાઈઓ આજની તાજી બનેલી હોય તો જ ચાલે. કારણ કે, તેમાં પાણીનો ભાગ હોવાથી, બીજાં દિવસે, તે મિઠાઈઓ 'અભક્ષ્ય' થઈ જાય. માટે, તેવી વસ્તુઓનો ત્યાગ કરીને, અસંખ્ય બેઈન્દ્રિયાદિ જીવોની વિરાધનાથી બચવું. રાતવાસી થતાં, ચાસણીવાળી અથવા કાચાં માવાવાળી આ મિઠાઈઓમાં, અસંખ્ય-અસંખ્ય વિકલેન્દ્રિય તથા અનંતા નિગોદાદિ જીવોની ઉત્પત્તિ + વિરાધના થાય છે. આવું કહેનાર હું નથી, પણ, સર્વજ્ઞ એવાં તિર્થંકરનાં આ વચનો છે.

(૧૨૮) વરિયાળી, ધાણાદાળ વગેરે જે મુખવાસ રૂપે વપરાય છે અથવા તો મકાઈ, કોથમીર, તાંદળજા, સુવાની ભાજી વગેરે સાથે કાચાં દહીં-છાશ વાપરવાથી, દ્વિદળની વિરાધના થતી નથી. માટે, કાચાં દહીં-છાશ સાથે, દ્વિદળનાં ભય વગર, આ વસ્તુઓ ખુશીથી વાપરી શકાય છે, કોઈ જ બાધ નથી, વાંધો નથી.

(૧૨૯) બહારનું પનીર, આજનું જ બનાવેલું હોય, તેવી શક્યતા બહુ જૂજ હોય છે. માટે, તે ચાલી શકે નહીં અને પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતને પણ વહોરાવી શકાય નહીં. પનીર જો આજનું બનાવેલું હોય, તો જ ચાલે, બાકી નહીં. તેથી, બજારનું પનીર કે પનીરમાંથી બનેલ ફરસાણ-શાકાદિ વાનગીઓ ખપી શકે નહીં, વાપરી ન શકાય. વાપરવાથી અસંખ્ય બેઈન્દ્રિયાદિ જીવોની ઉત્પત્તિ તથા વિરાધના થાય છે.

(૧૩૦) સૂકવેલી કાળી દ્રાક્ષ (ઠંડક માટે ખાસ વપરાતી) બારેમાસ માટે વાપરી શકાય છે. પણ, આમાં પણ, seedless – બીયાં વગરની વાપરવી, કારણ કે, તે 'અચિત્ત' હોય છે. બીજવાળી દ્રાક્ષ સચિત્ત હોય છે, તેથી જો થઈ શકે તો, seed વાળી સચિત્ત દ્રાક્ષનો ત્યાગ કરવો. વળી, ગરમ પાણીમાંથી પસાર કરવી કે તેના બે ટુકડાં કર્યાં પછી જ વાપરવી, તેવું પણ જરૂરી નથી. કારણ કે, seedless દ્રાક્ષ તો અચિત્ત જ હોય છે. કદાચ, seed વાળી (બીયાંવાળી) કાળી સૂકી દ્રાક્ષ, જો વાપરવી જ હોય, તો બીયાંથી (seed) થી દ્રાક્ષને છૂટી પાડીને, બે ઘડી (૪૮ મીનીટ) બાદ, ખુશીથી એકાસણાં-બેસણાંદિમાં વાપરી શકાય છે અને પૂજ્ય સાધુ-સાધ્વીજીને પણ વહોરાવી શકાય છે.

No. ..................

Date

(૧૩૧) લીંબુનાં ફૂલ (citric acid) ની પ્રક્રિયા પણ જાણવા જેવી છે. સાકર બનાવવામાં આવે છે ત્યારે 'molasis' એટલે કે ગોળનાં રસ જેવો પદાર્થ બચે છે. તેને મોટાં ધાતુનાં વાસણમાં નાંખવામાં આવે છે. પછી, વજનથી પા કિલો જેટલાં, અમુક પ્રકારનાં જીવાણુઓ, એ વાસણમાં નાંખવામાં આવે છે. આ જીવાણુંઓનું હલન-ચલન માઈક્રોસ્કોપ વડે જોઈ શકાય છે. આ પ્રક્રિયા, સતત સાત દિવસ સુધી, ચાલ્યાં કરે છે. સાત દિવસને અંતે, આ બધું મીઠું પ્રવાહી, ખાટું થઈ જાય છે. પછી, એ ખાટાં પ્રવાહીને પરાળમાંથી પસાર કરવામાં આવે છે. ત્યારે, તેમાં રહેલાં બધાં જ જીવાણુંઓ નાશ પામે છે. પછી, પ્રવાહીને બારીક ગળણીથી ગાળવામાં આવે છે. ગળણીમાં, નાશ પામેલાં જીવાણુંઓનો, આઠથી દસ કિલો જેટલો લોંદો નીકળે છે, જે જમીનમાં દાટી દેવામાં આવે છે. ગાળેલાં પ્રવાહીને, ફરીથી ઉકાળવામાં આવે છે. જેથી, એ પ્રવાહી ઘટ્ટ બને છે. તેમાંથી, સ્ટીમ દ્વારાં 'તાર' બનાવાય છે. અને તેમાંથી, નાનાં-નાનાં ક્રીસ્ટલ બનાવાય છે. આ ક્રીસ્ટલ એટલે જ 'લીંબુના ફૂલ'. આનો ઉપયોગ, ઠંડા પીણાંમાં, પીપરમીન્ટ, ચોકલેટ, દવા, દાળ, શાક, ફરસાણ વગેરેમાં થાય છે. હવે પછી, આ વસ્તુઓ વાપરવાની ઈચ્છા થાય, તો લીંબુના ફૂલ બનાવવાંની આ હિંસક પ્રક્રિયાને નજર સમક્ષ લાવવી, આપોઆપ ઈચ્છા છૂટી જશે.

(૧૩૨) જુદાં-જુદાં શરબતની બનાવટ કૃત્રિમ હોય છે. જેમાં રંગ, ગંધ, સ્વાદ બધું જ રસાયણોને આભારી છે, જે આરોગ્ય માટે હાનિકારક છે. પાણીનો ભાગ તેમાં હોવાથી, બીજે દિવસે વાપરવાથી, અસંખ્ય બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે + તેમની વિરાધના થાય છે.

ફ્રૂટ જ્યુસનાં પીણાં કે જેને સોફ્ટ ડ્રીંક્સ કહેવાય છે, તેમાં એપલ જ્યુસ, ઓરેંજ જ્યુસ કે મેન્ગો જ્યુસમાં - સફરજન, સંતરા કે કેરીના રસનો અંશ પણ નથી હોતો. માત્ર ખાંડ, ફ્લેવર અને રસાયણો હોય છે.

પીણાંઓમાં કેલરી ઓછી કરવાં, સાકરને બદલે સેકરિનનો ઉપયોગ થાય છે. સેકરિન તો કેન્સર જેવાં રોગને આમંત્રણ આપે છે. ચાલશે? તેથી, કાયમ માટે, આવાં બજારું કૃત્રિમ શરબતોનો ત્યાગ કરવો.

(૧૩૩) બજારું લોટની બનાવટો અને લોટની મિલોમાં આજે જે તૈયાર લોટ મળે છે, તેનાં ઊંડાણમાં જવા જેવું છે. મિલમાં, કોલ્ડ સ્ટોરેજમાં,

KOKUYO W-NB260U

છ-બાર મહિનાં જૂનાં ઘઉં, મકાઈ, ચણા વગેરે ભરેલાં હોય છે. જેમાં સડો થાય છે. ગુણીઓમાં, પુષ્કળ ધનેરાં-ઈયળો-જીવાંતો પડેલી હોય છે. જે ગુણીઓનો વારો આવે, ત્યારે તે જીવાંતવાળા સડેલાં ઘઉં વગેરે ગરમ પાણીમાં ઠલવાય છે. તે વખતે, બધાં જીવો મરી જાય છે. પછી તેને દળીને લોટ બનાવાય છે. તે લોટ પણ ઘણો સમય સુધી પડી રહે છે. તેમાં પણ, સમય જતાં, ઈયળો, ધનેરાં વગેરે થાય છે. તે જથ્થાબંધ લોટ બજારમાં આવે છે. મોટા વેપારીને ત્યાં પણ તે ઘણાં દિવસ સુધી પડ્યો રહે છે. તેથી, તેમાં પાર વિનાનાં જંતુઓ થઈ ગયાં હોય છે. તે પછી, તે પાઉં, બિસ્કીટ, ગાંઠિયા વગેરે બનાવનારને ત્યાં પહોંચે છે. વિચારો! બજારનો મેંદો કે બજારનો લોટ અને બજારનાં લોટની વસ્તુ, કેવી રીતે વાપરી શકાય? આ બધી જ 'અભક્ષ્ય' છે અને આરોગ્યને નુકસાન-કર્તા છે. જીવહિંસા તો કલ્પના બહારની થાય જ છે.

(૧૩૪) બગડેલી, સડેલી અને જીવાંતવાળી કેરીનો રસ બજારમાં મળતો હોય છે. સડેલાં ટામેટાંમાંથી બનેલાં, વાસ મારતાં સોસને, અમુક સુગંધી પાવડર વડે, વાસ-રહિત બનાવાતાં હોય છે. આવી બધી ચીજો આરોગ્યનું ધોવણ કરે છે. વિકલેન્દ્રિયાદિ ત્રસ જીવોની વિરાધનાનાં દંડથી, આપણાં આત્માને ભારી કરી નાંખે છે.

(૧૩૫) જૈન પાઉંભાજી, જૈન આઈસક્રીમ, જૈન સમોસા-કચોરી-ભજીયા વગેરેમાં 'જૈન' શબ્દથી ભોળવાઈ જવાની જરૂર નથી. તે બજારું ચીજો પણ અનેક રીતે 'અભક્ષ્ય' જ હોય છે. આ વસ્તુઓ વાપરવાથી, મોટી સંખ્યામાં ત્રસ જીવોની વિરાધના થાય છે.

(૧૩૬) સૂકાવેલા ફળો, ડબ્બા-પેક ફળો, દૂધનો પાવડર, કન્ડેન્સડ મિલ્ક, ઈન્સ્ટન્ટ કૉફી, પુડીંગ, મિલ્કશેક, ચીઝ-પનીર, અથાણી, પીણાં, હૉટ ડૉગ, જામ-જેલી, વેફર, પીપરમીન્ટ, ચોકલેટ, આઈસક્રીમ, બિસ્કીટ, બીજી પેકેટની ચીજો વગેરેમાં જાત-જાતનાં રસાયણો વપરાય છે. અને રંગો પણ ઉમેરાય છે. તે આરોગ્ય માટે ઘાતક છે. તેનાંથી કેન્સર, કીડનીનાં રોગ, નપુંસકતા, આંખના રોગ, ચામડીનાં રોગ, એલર્જી, અસ્થમા, માનસિક રોગો, હતાશા-નિરાશા, ડિપ્રેશન, વાઈ વગેરે અનેક રોગોને નિમંત્રણ મળે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ, ફાસ્ટફુડ વગેરે માટે લાલબત્તી ધરી છે.

No.

Date

(૧૩૭) આજે અનેક જૈનોમાં ઘરે, નીચે આવેલી વાનગીઓ, ઘુસી ગઈ છે. આ બજારુ ચીજો આરોગ્ય અને આત્માની દૃષ્ટિએ વિશ્વાસપાત્ર નથી. આરોગ્ય પ્રેમી, કુટુંબપ્રેમી, જીવદયા પ્રેમી, અને ધર્મપ્રેમી જગતે, બજારની આ તમામ ચીજોને જીવનમાંથી તિલાંજલી આપી દેવી, એ જ શ્રેષ્ઠ માર્ગ છે. નાનાં બાળકો માટે તો ખાસ નુકસાનકારક હોય એવી ચીજો નીચે પ્રમાણે છે :

(a) Pasta - Spaghetti :
- mono unsaturated fatty acid
- poly unsaturated fatty acid
- trans fatty acid

(b) Maggi :
- Edible veg. oil
- wheat gluten
- Mineral (170 ci)
- Onion powder, garlic powder, ginger, flavour enhancer (635), coriander, Raising agent (500 ci)

(c) Pasta :
- Mono & poly unsaturated fatty acids
- Trans fatty acids
- Saturated fats

(d) Pasta - Treat (Sunfeast) :
- Dehydrated onion bits
- Thickness & flavour enhancer

(e) Maggi - Pizza - Mazza :
- Onion bits • Garlic powder
- Thickening agent (1422)
- Preservative (211)

(f) English mustard (Aatash) :
- Acidyfying agent (E-260, E-330)
- Stabilising agent (E-413, E-1440, E-420)
- Class II preservatives.

KOKUYO W-N8280U

(g) Fun foods - Sandwich Spread:
- Cucumber, carrot, cheese powder
- Emulsifying & stabilising agents (E-1442, E-415)
- Permitted acids (E-260, E-330)

(h) Mayonnaise:
- Stabilising agents (E-415, E-1442)
- Acidity regulator (E-260, E-270)

અંતે એટલું યાદ રાખજો :

જેનું અન્ન બગડે, તેનું પેટ બગડે.
જેનું પેટ બગડે, તેનું મન બગડે.
જેનું મન બગડે, તેનું જીવન બગડે.
જેનું જીવન બગડે, તેનું મરણ બગડે.
જેનું મરણ બગડે, તેનું પરભવ, ભવોભવ બગડે.

શું તમે તમારા બાળકનો પરભવ બગાડવા માંગો છો? અગર હા, તો જ તેમને બજારની આ અભક્ષ્ય ચીજોની આદત લગાડજો. તેમને શું ખવડાવવું, શું નહીં, તે તમારાં જ હાથમાં છે. તેમના પરભવની, ભવોભવની ચિંતા, એ તમારી જ જવાબદારી છે.

વર્તમાનકાળની ફેશન અને દેખાદેખીમાં અંજાઈને, તમારા ઘરે અવતરેલ બાળકનો પરભવ બગડી ન જાય તેની પૂરેપૂરી કાળજી રાખજો. ફાવશે ને?

આ રીતે, રોજંદા જીવનમાં થતી, બેઇન્દ્રિય જીવોની વિરાધનાથી બચવાનો પ્રયત્ન કરવો. ફાવશે ને?

બેઇન્દ્રિય જીવનો વિભાગ સમાપ્ત (THE END)

# તેઈન્દ્રિય જીવો



વ્યાખ્યા: ચામડી, જીભ, નાક - આ ત્રણ ઈન્દ્રિયોને ધારણ કરનારને તેઈન્દ્રિય જીવો કહેવાય.

દા.ત.: કીડી, જૂ, લીખ, કાનખજૂરાં, ઈયળ, માંકડ, મંકોડા, ગીંગોડાની જાતો, ઉધઈ, ધનેરાં, વીષ્ટાનાં કીડા, ધીમેલ, કંથવા, કૂતરા-ગાય-ભેંસ-ગધેડા-વાંદરાદિ પશુઓનાં કાનમાં થઈ જતી જીવાંતો, છાણમાં થઈ જતી જીવાંત વગેરે.

## ❀ તેઈન્દ્રિય જીવોની વિરાધનાથી બચવાનાં સરળ ઉપાયો:

(૧) માથાનાં વાળમાં, વધુ પડતો ખોડો થઈ જવાને લીધે, અથવા અવાર-નવાર સુગંધી શેમ્પૂ વગેરેનાં વપરાશથી, જૂ-લીખાદિ તેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. તેથી વાળમાં આવાં જીવોની ઉત્પત્તિ ન થાય તેની કાળજી લેવી. કદાચ ઉત્પન્ન થઈ ગયાં હોય, તો મરી ન જાય તેવી કાળજી લેવી અને જયણાપૂર્વક તેમને માથામાંથી કાઢી, ભેગાં કર્યાં બાદ, તેમને તકલીફ ન પડે, તેવાં નિર્જન ઠંડકવાળા સ્થાનમાં જઈને, ઝૂણામાં ધીરેથી કાઢવી (નાખી) દેવાં.

(૨) ચોમાસામાં ઘણી જગ્યાએ ઉત્પન્ન થઈ જતાં કાનખજૂરાંનાં જીવો પગ નીચે કચડાઈને મરી ન જાય, તેની પૂર્ણ કાળજી લેવી.

(૩) ગોળ, સાકર કે લીલી વનસ્પતિમાં (શાકભાજીમાં), ઘણી વાર ભેજ લાગી જવાને લીધે, નાની-નાની ઈયળો ઉત્પન્ન થઈ જાય છે. આ જીવોની વિરાધનાથી બચવાં માટે, કોઈપણ ખાવાની વસ્તુમાં ભેજ ન લાગી જાય, તેની પૂર્ણ કાળજી શ્રાવકોએ રાખવી. કારણ કે, જો ભેજ ન લાગે, તો આ જીવોની ઉત્પત્તિ જ ન થાય. તેથી, વિરાધના થવાનો પ્રશ્ન જ ઊભો ન રહે. શાકભાજી વેચનારાં ભૈયાઓ, શાકભાજીની ઉપર વારંવાર પાણીનો છંટકાવ કરતાં હોય છે. આવું કરવાથી, ઠંડક થવાને લીધે, સહેજ પણ પોલાણવાળી વનસ્પતિ હોય, તો તેમાં ઈયળોની ઉત્પત્તિ શક્ય બની જાય છે. તેથી, શાકભાજી ખરીદીને ઘરે લાવ્યાં બાદ, સમારતાં પૂર્વે, ધ્યાનથી તપાસી લેવું. જેથી આ ઈયળો અજાણતામાં કપાઈ ન જાય, કચડાઈ ન જાય, રંધાઈ ન જાય.

(૪) નીચે જોઈને ન ચાલવાથી, રસ્તાં ઉપર રહેલાં મંકોડા, માંકડ, કીડી આદિ તેઈન્દ્રિય જીવો કચડાઈ જાય છે. તેથી, આપણાં થોડાં પ્રમાદને લીધે, આ નિર્દોષ જીવો કચડાઈને મરી જાય છે. તેવું ન

થાય એની પૂર્ણ કાળજી શ્રાવકોએ રસ્તામાં કે મકાનમાં ચાલતી વખતે લેવી જોઈએ. પીપળાનાં ઝાડ આદિની આજુબાજુમાં મંકોડા આદિ જીવની ઉત્પત્તિ વધારે પ્રમાણમાં થતી હોવાથી, આવાં વૃક્ષોની બાજુમાંથી પસાર થતાં, વિશેષ કાળજી રાખવી જોઈએ. આજે મોટા ભાગના શ્રાવક-શ્રાવિકાઓ, પ્રાયઃ કરીને નીચે જોયાં વિના જ ચાલતાં હોય છે અને જીવદયાનાં આશય સાથે, નીચે જોઈને ચાલનારો વર્ગ ૨% થી ૫% પણ મળવો મુશ્કેલ છે.

(૫) ઘણીવાર કાગળ, કપડું કે કાષ્ઠમાં (લાકડાનાં ફર્નિચર) વિશેષ પ્રમાણમાં ઉધઈ થઈ જતી હોય છે. સારાં-સારાં સમજુ શ્રાવકો પણ, થયેલ ઉધઈનાં નિકાલ માટે, દવા છંટાવીને, ઘણી મોટી જીવહિંસાની પ્રવૃત્તિમાં જોડાય છે. તે ઉચિત નથી. આવી વિરાધનાથી બચવાં માટે, સમજુ-વિવેકી શ્રાવકોએ તો લાકડાં વગેરેમાં ઉધઈની ઉત્પત્તિ જ ન થાય તેની પૂર્ણ કાળજી-તકેદારી રાખવી જોઈએ. તે માટે, થોડાં-થોડાં મહિને, નિયમિતપણે, ફર્નિચર આદિ ઉપર, ફોડેલો ચૂનો જો ઘસી નાંખવામાં આવે, તો ચૂનો અતિશય ગરમ હોવાથી, ઉધઈનાં જીવોને ઉત્પન્ન થવાની યોનિ જ તૈયાર થવાં ન દે. હવે, ઉધઈની ઉત્પત્તિ જ ન થાય એટલે એની વિરાધનાથી બચવાનો પ્રશ્ન જ ન રહે. આજે ઘણાં શ્રાવકો, ઉધઈની ઉત્પત્તિ જ ન થાય, તેને માટે, થોડાં-થોડાં મહિનાઓનાં અંતરે, નિયમિતપણે, પૂર્વ તૈયારી રૂપે, ઉધઈની દવા છંટાવી દે છે.

(૬) ઘણીવાર અનાજમાં લેઆદિ લાગવાને લીધે, મોટી સંખ્યામાં ધનેરાં ઉત્પન્ન થઈ જાય છે. આ જીવોની વિરાધનાથી બચવાં માટે, હલકી quality નાં બદલે, શક્ય બને તો, સારી quality નાં અનાજ ખરીદવાં. અનાજ ખરીદ્યાં બાદ, તે ન વપરાય ત્યાં સુધી, કોઈ પેક ડબ્બામાં રાખી દેવાં જેથી લેઆદિ ન લાગે. તે ઉપરાંતમાં, જીવોત્પત્તિ અટકાવવાં માટે પારાની ઘેપલીઓને અનાજનાં ડબ્બામાં રાખવાથી પણ વિરાધનાથી બચી શકાય છે. જ્યારે અનાજ વાપરવું હોય ત્યારે વ્યવસ્થિત રીતે, કાળજીપૂર્વક અનાજને સાફ કરી, તપાસીને પછી જ વાપરવું. આવી કાળજી રાખવાથી ધનેરાંનાં જીવોની વિરાધનાથી બચી શકાય.

(૭) બચવાનાં લાખ પ્રયત્નો કરવાં છતાંય, અનાજની (કરિયાણાની)

દુકાનમાં ઘણાં મોટાં પ્રમાણમાં ધનેરાં આદિ તેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થતાં તેની વિરાધના થાય છે. તેથી, શ્રાવકોએ અનાજનાં વ્યાપારમાં direct અથવા indirect પણ જોડાવું નહીં. કારણ કે, અનાજનાં વ્યાપારમાં direct - indirect જોડાવનારને, ઘણી મોટી સંખ્યામાં થતી અનાજનાં જીવોની વિરાધનાનો દંડ લાગે છે.

(૮) ઘણાં દિવસનું વાસી ઘી હોય અથવા તો બજારનું ભેળસેળવાળું ઘી હોય, તો કોઈકવાર તે ઘીમાં તેજ વર્ણની ઈયળ જેવી જીવાંત ઉત્પન્ન થાય છે, જેને 'ઘીમેલ' (તેઈન્દ્રિય જીવ) નાં નામે ઓળખાય છે. આ જીવોની વિરાધનાથી બચવાં માટે, શક્ય બને તો, ઘરનું તાજું-ચોખ્ખું ઘી વાપરવું. તે ચોખ્ખાં ઘીનો વપરાશ પણ, વહેલી તકે, ટૂંક સમયમાં કરી નાંખવો. પરંતુ, વધુ પડતું વાસી થવા દેવું નહીં.

(૯) દરેકે-દરેક વસ્તુઓ લેતાં-મૂકતાં, જો પૂંજી-પ્રમાર્જીને લેવા-મૂકવાનું થાય, તો કીડી વગેરે તેઈન્દ્રિય જીવોની વિરાધનાથી બચી શકાય.

(૧૦) ચોમાસામાં વિશેષથી થતી, બહુજ બારિક, ધોળા રંગની ઉડતી જીવાંતને 'કંથવા' તરીકે કહેવાય છે. તે તેઈન્દ્રિય જીવ છે. આ જીવો, પ્રાય: કરીને, ખેતરાદિ વિસ્તારની નજીકમાં ઘણીવાર જોવાં મળે છે. ચોમાસાં દરમિયાન શહેરી વિસ્તારોમાં પણ આ જીવાંત ઘણી જોવાં મળે છે. તેથી, આવાં જીવોની વિરાધનાથી બચવાનો પ્રયત્ન કરવો.

(૧૧) કીડીની વિરાધનાથી બચવાં માટે, વિશેષ પ્રયત્નો કરવાં જોઈએ. આમ તો, બજારની વસ્તુઓ શ્રાવકો વાપરે જ નહીં. છતાંય, બજારમાંથી લાવાની કોઈપણ વસ્તુઓ આવી હોય, તો તે વસ્તુનાં વપરાશ બાદ, તેની થેલી-પેકેટ (wrapper) ને આમ-તેમ ફેંકી દેવાથી, પાછળથી, કીડીઓની વિરાધના મોટે પાયે થવાની શક્યતા છે. તેથી, થેલી-પેકેટને પાણીથી બરોબર ધોઈને, તે પાણી પી જવું. ત્યારબાદ, કોરાં કપડાંથી, ભીનાં પેકેટને કોરું કરીને, યોગ્ય સ્થાને જો પેકેટ પરઠવી દેવાય, તો કીડી આદિ જીવોની ઉત્પત્તિ + વિરાધનાથી બચી શકાય છે. ફાવશે ને? - પેકેટ ધોવાની-લૂંછવાની-યોગ્ય સ્થાને પરઠવવાની માથાફોડી કોણ કરે! - આવું ન વિચારાય. જો આવો વિચાર આપણને આવતો હોય તો સમજી લેવું કે, ભવાંતરમાં ઢોરનાં ભવમાં, કતલખાને જતાં આપણને જોઈને પણ,

જોનારાંઓને બચાવવાનો - દયાનો ભાવ નહીં જાગે, પરંતુ આપણાં પ્રત્યે ઉપેક્ષાનો જ ભાવ જાગશે. ચાલશે ને ?

(૧૨) કીડીનું શરીર બારિક અને ઘણું નાજુક હોય છે. તેથી, રસ્તાં ઉપર ચાલતી વખતે, ધીરજપૂર્વક, ધ્યાનથી ચલાય, તો જ ચાલતી કીડીઓને દેખી શકાય. રસ્તામાં ચાલતી વખતે ઉતાવળથી ન ચાલવું, પરંતુ, શાંતિથી-નીચે જોઈને, ડાફોડિયાં માર્યાં વગર ચાલવું. જેથી, નિર્દોષ કીડી-મંકોડા આદિ તેઈન્દ્રિય જીવોની વિરાધનાથી બચી શકાય. આજે દુઃખની વાત તો એ છે કે, અજૈનો તો નીચે જોયાં વગર ચાલે જ છે, પરંતુ ૯૮-૯૯ ટકા જૈનો પણ જીવહિંસાથી બચવાં માટે, નીચે જોઈને જયણાપૂર્વક ચાલવાને બદલે, ઉપર જોઈને જ, આડા-અવળાં, ડાફોડિયાં મારતાં-મારતાં ચાલે છે. શક્ય બને તો, દોડવું નહીં જ. કારણ કે, દોડવામાં નીચે જોઈને કીડી આદિ જીવોની જયણા સાચવી ન શકાય.

(૧૩) ઘરની લાદી જો સફેદ હોય અથવા ડિઝાઈન વિનાનો સફેદ માર્બલ જો ઘરમાં બેસાડેલ હોય, તો ચાલતી વખતે, કીડીની જયણા સારી રીતે પાળી શકાય છે. કારણ કે, રંગીન લાદીમાં તો કીડી હોવાં છતાંય, દેખાય જ નહીં. તો તેની વિરાધનાથી કઈ રીતે બચી શકાય ? આ વાતની સમજણનાં અભાવે, કદાચ રંગીન લાદી નંખાઈ ગઈ હોય, તો હવે શું કરવું ? ચાલતી વખતે કીડીની વિરાધનાથી જો બચવું હોય, તો રંગીન લાદી ઉપર સફેદ પેઈન્ટ મરાવી દો તો પણ ચાલી શકે. કીડી સ્પષ્ટપણે દેખાવાથી, તેની વિરાધનાથી બચી શકાય છે.

(૧૪) બજારમાંથી, બોટલમાં - બરણીમાં - ડબ્બીમાં કોઈપણ ખાદ્ય પદાર્થ અથવા દવા લાવેલ હોય, તો તે વાપર્યા બાદ, છેલ્લે બોટલને પાણીથી ધોઈને, ધોયેલું પાણી વાપરી નાંખવું. ત્યારબાદ, કપડાંથી બોટલ-બરણી-ડબ્બીને જો પૂરેપૂરી કોરી કરી નાંખવામાં આવે, તો પાછળથી થનાર કીડીની ઉત્પત્તિ અને વિરાધનાથી બચી શકાય છે.

(૧૫) કોઈ ખોરાકનાં કણિયાંની ઉપર ઢગલાબંધ કીડીઓ ચઢી ગયેલ જો તમને દેખાય, તો જયણાપૂર્વક તે ખોરાકનાં કણિયાને લઈ લેવું. ખોરાકનો કણિયો દૂર થવાથી, કીડીઓ આપોઆપ

No.
Date

વેરવિખેર થઈને ચાલી જશે. તેથી કોકનાં પગની નીચે કચડાઈ જવાથી, કીડીઓની વિરાધનાની જે શક્યતા હતી, તે ટળી જાય છે.

(૧૬) કીડીઓને દૂર કરવાં માટે, 'લક્ષ્મણરેખા' અથવા કીડી માટેનો 'ચોક' ભૂલથી પણ વાપરી શકાય નહીં. કારણ કે, તેનાં વપરાશથી, કીડીઓ દૂર થવાને બદલે, તરત જ મરી જાય છે. કોઈ કારણસર, જો ઢગલાબંધ કીડીઓ થઈ જાય, તો તે સ્થળે, સફેદ બરાસનો ભૂક્કો છાંટવો. તેનાથી, કીડીઓ પાંચ જ મિનીટમાં દૂર થઈ જાય અને જીવ-વિરાધનાથી બચી જવાય. તેથી, ઘરમાં દરેક રૂમમાં, જુદાં-જુદાં સ્થળે બરાસનાં પાવડરની ડબ્બી-થેલી અવશ્ય રાખી દેવી, જેથી જરૂર પડે ત્યારે તરત જ લઈને છાંટી શકાય. (બરાસનો પાવડર એટલે દેરાસરમાં બરાસ-પૂજા માટે વપરાતો સફેદ કલરનો ભૂક્કો.)

(૧૭) નવાં મકાનનું બાંધકામ જો તમારા હસ્તે ચાલતું હોય, તો દિવાલ વગેરેમાં પોલાણ ન રહી જાય, તેની ખાસ કાળજી લેવી. કારણ કે, બાંધકામ વખતે જો મકાનમાં પોલાણ રહી જાય, તો તેમાં કીડીઓનાં ઢગલાબંધ દર થઈ જવાની સંભાવના રહે છે. આવાં મકાનોમાં લાખ પ્રયત્નો કરવાં છતાંય, ઢગલાબંધ કીડીઓ ઉભરાતી જોવાં મળે છે. અને વિરાધના પણ વિશેષ પ્રમાણમાં થાય છે.

(૧૮) તમારાં હસ્તે જો બાંધકામ ચાલતું હોય, તો દિવાલ બનાવવાં માટે, જે સિમેન્ટ-માટી-પાણી આદિનું મિશ્રણ કરાય છે, તેમાં જો 'ઘોડાવજ' નામનો પાવડર ભેળવી દેવાય, તો તેવું મકાન તૈયાર થયાં બાદ, તે મકાનમાં પ્રાયઃ કરીને કીડીઓની ઉત્પત્તિ-વિરાધના થતી નથી અથવા તો ઓછી થાય છે. આવું ઘોડાવજ પાવડરની સુગંધને લીધે શક્ય બને છે.

(૧૯) ઘરમાં અનાજ, સાકર, ગોળ, મિઠાઈ વગેરે ખાદ્યપદાર્થોને વ્યવસ્થિત સીલ પેક રહે તેવાં ડબ્બાં-બરણીમાં રખાય, તો તેમની ગંધથી કીડીઓનું આવવું અને ત્યારબાદ તેમની મોટી વિરાધના થવી વગેરે બનતું નથી. કારણ કે, કીડીઓની ત્રીજી ઈન્દ્રિય = છેલ્લી ઈન્દ્રિય = નાક વધારે સતેજ હોવાથી, ગંધના માધ્યમે, દૂર હોવાં છતાંય, ખેંચાઈને આવતાં વાર લાગતી નથી. તમામ બેઈન્દ્રિયથી લઈને ચઉરિન્દ્રિય જીવો સુધી, દરેકમાં, પોતાની છેલ્લી ઈન્દ્રિય વધારે સતેજ હોય છે. કીડી તેઈન્દ્રિય જીવ હોવાથી, તેની ગંધગ્રાહ્ય શક્તિ વધારે સતેજ હોય છે

KOKUYO W-NB280U

(૨૦) જમતી વખતે ખોરાકનાં કણિયાં નીચે ન ઢોળાય, તેની પૂર્ણ કાળજી લેવી. કીડીઓ સંમૂર્છિમ જીવ હોવાથી, ઘણીવાર તેમને ઉત્પન્ન થવા માટેનું અનુકૂળ વાતાવરણ મળતાં, તરત જ ઢગલાબંધ કીડીઓની ઉત્પત્તિ થઈ જાય છે. તેથી, ખોરાકનાં કણિયાં જો વેરાયેલાં હોય, તો ટૂંક સમયમાં ઢગલાબંધ કીડીઓની ઉત્પત્તિ શક્ય હોવાથી, ચીકાશ કે મીઠાશવાળાં પદાર્થોનાં કણિયાં નીચે ન ઢોળાય, તેની અવશ્ય કાળજી લેવી જોઈએ. પ્રભુનાં લોકોત્તર શાસનમાં, સંમૂર્છિમ કીડી વગેરેની ઉત્પત્તિ ન થાય, તેની કાળજી લેવી - આ જીવદયાનું પ્રથમ પગથિયું છે. ઉત્પન્ન થઈ ગયાં બાદ, તેમની વિરાધનાથી બચવું - આ જીવદયાનું બીજું પગથિયું છે. તેથી, આપણી બેકાળજીને લીધે, કીડીઓની ઉત્પત્તિ થઈ જાય - એ જ પ્રથમ કક્ષાની વિરાધના છે. આપણાં અપ્રમાદ નીમિત્તે, જો કીડીઓની ઉત્પત્તિ અટકી જાય તો 'વિરાધનાથી' બચવાની વાત જ ન આવે.

(૨૧) એક વાસણમાંથી બીજા વાસણમાં કોઈ ખાદ્યપદાર્થોને ઉથલાવતી વખતે, કણિયાં નીચે ન ઢોળાય, તેની પૂર્ણ કાળજી લેવી. અથવા તો, જે વાસણમાં ઉથલાવવાનું હોય, તે વાસણને સીધે-સીધું જમીન પર રાખવાને બદલે, કોઈ મોટી થાળી કે પરાતમાં રાખીને પછી ઉથલાવવું. તેથી, ઉથલાવતી વખતે, કદાચ કોઈ કણિયાં જો વેરાય, તો જમીન પર ઢોળાવાનાં બદલે, નીચે રાખેલ થાળી કે પરાતમાં ઢોળાવાથી, તે નિમિત્તે કીડી આદિની ઉત્પત્તિ + વિરાધનાની પરંપરા અટકી જાય છે.

(૨૨) ચંપલ-બૂટ-જોડાં-પગરખાંનો વપરાશ ઘટાડવાથી પણ કીડી-મંકોડા-વાંદા આદિ જીવોની વિરાધનાથી બચી શકાય છે. અનાદિકાળથી આપણને આપણાં શરીર પ્રત્યેનો વધુ પડતો મોહ હોવાથી, ઉઘાડાં પગે જ્યારે ચાલીએ ત્યારે પગમાં કોઈ કાંટો- કાંચ - ખીલ્લી - કાંકરાદિ વાગી ન જાય, તેની કાળજી રાખવાં માટે, આપોઆપ નીચે જોઈને આપણે ચાલીએ છીએ. તેથી, રસ્તામાં રહેલ કીડી વગેરે નિર્દોષ જીવોની દયા પણ આપોઆપ પળાઈ જાય છે. ચંપલ-બૂટ-પગરખાંના તળિયાં તો કોમળ ન હોવાથી, તેમની નીચે આવેલ વિકલેન્દ્રિય જીવોને અભયદાન મળી ન શકે, અને તમામે તમામ કચડાઈને મરી જાય.

No.

Date

જ્યારે, ઉઘાડે પગે ચાલતી વેળાએ, કદાચ ભૂલથી પગની નીચે કોઈ જીવાત આવી જાય તો પણ, પગનાં તળિયાં જોડાં કરતાં ઘણાં કોમળ હોવાથી, પગ નીચે આવેલ જીવાંતો બચી જવાની ઘણી શક્યતા રહે છે. ચાલતી વખતે, ચંપલ-બૂટ આદિનાં તળિયાં જમીનને પૂરેપૂરાં અડતાં હોવાથી, તેની નીચે આવેલ જીવાંતની વિરાધના થવાની શક્યતા વધી જાય છે. પરંતુ, ઉઘાડે પગે ચાલતી વેળાએ, આપણાં પગનાં તળિયાં પૂરેપૂરાં જમીનને અડતાં ન હોવાથી, ભૂલથી પગ નીચે આવેલ જીવાંતની બચવાની શક્યતા વધી જાય છે. એટલે કે, ચાલતી વેળાએ, આપણાં પગનાં તળિયાંનો આગળનો થોડો ભાગ તથા પાછળનો થોડો ભાગ જ માત્ર જમીનને અડે છે, પરંતુ વચ્ચેનો ૮૦% જેટલો ભાગ તો જમીનને અડતો ન હોવાથી, તેની નીચે આવેલ જીવાંત બચી જાય છે. તે ઉપરાંત, ઉઘાડાં પગે ચાલો ત્યારે, આપોઆપ નીચે જોઈને ચાલવાનું હોવાથી, રસ્તામાં ચારે બાજુ રહેલ પિક્ચર આદિ અથવા Advertise આદિનાં પોસ્ટરમાં રહેલ, સ્ત્રીઓનાં બિભત્સ દ્રશ્યો જોવાને લીધે મનનાં પરિણામો મલિન થવાની શક્યતા પણ અટકી જાય છે. તેથી જ, કહેવાય છે કે, ઉઘાડાં પગે નીચે જોઈને ચાલવાથી -

"પગ પણ નવિ ખરડાય, જીવ પણ નવિ કચડાય,
પગ પણ નવિ વિંધાય, મન પણ નવિ ખરડાય."

મુંબઈમાં એવાં પણ શ્રાવકો છે કે જેઓ જીવનભર માટે જોડાં ન વાપરવાનો નિયમ લીધેલ છે. તે કદાચ તમારાં માટે શક્ય ન બને તો, કમસેકમ દેરાસર-ઉપાશ્રય-આયંબિલશાળા જતાં, ચંપલ આદિનો ત્યાગ રાખો તો સારું.

(૨૩) વનસ્પતિ-શાકભાજી આદિમાં ભેજને લીધે, પોલાણમાં અમુક પ્રકારની તેઈન્દ્રિય ઈયળો ઉત્પન્ન થાય છે. તેથી, વનસ્પતિ-શાકભાજી સમારવાનું તથા રાંધવાનું કામ શ્રાવિકા બહેનોએ જાતે જ જયણાપૂર્વક કરવું જોઈએ. માણસો-નોકરોનાં ભરોસે આવાં કામો રાખવાથી, જીવતે-જીવતી ઈયળો કપાઈ જવાની, રંધાઈ જવાની શક્યતા હોય છે. સંઘના રસોડે જમણવારાદિ પ્રસંગોમાં મોટાં પાયે શાકભાજી-અનાજ આદિનું સફાઈ કાર્ય સંઘની બહેનો ભેગી થઈને કરે - એવાં સંઘો પ્રભુનાં શાસનમાં આજે પણ મળે છે. અંધેરી-ઈરલાનાં સુશ્રાવક દેવચંદભાઈ, સંઘના રસોડે જ્યારે માણસો પાસેથી

કામ લેવાનું હોય, ત્યારે શાકભાજી વગેરેને જયણાપૂર્વક સાફ કરાવવાનો વિશેષ આગ્રહ પોતે રાખે છે. તે ઉપરાંત, કામ કરનારાં માણસોને સાફ કરતી વખતે, ઈયળ-જીવાંત મળે તો, એક-એક ઈયળ-જીવાંતની સામે અમુક રૂપિયાં ઈનામમાં આપે છે. તમારાં ઘરનાં માણસો પાસે, ઘરનાં ઝાડુ-પોતાં-રસોઈ આદિ કાર્યો કરાવતી વખતે, જીવદયાનાં આશયથી આવી શરતો કરનારાં શ્રાવકો અહીં કેટલાં મળશે? અલગથી બક્ષિસ આપવાની વાત કરનારાં શ્રાવકો આજે કેટલાં? ધંધામાં થતાં સોદાઓ તો આત્માને માત્ર રખડાવનાર, ભટકાવનાર સાબિત થશે, જ્યારે જીવદયાનાં નિર્મળ આશયથી, કામવાળાં માણસો સાથે થનારાં આવાં સોદાઓ તો આત્માને તારનાર જ સાબિત થાય, ચાર ગતિથી આત્માને છોડાવનાર જ બને. હવે પછી આજથી જ, આવાં સોદાઓ કરવાની શુભ શરૂઆત આપણે કરીએ. ફાવશે ને?

(૨૪) વસ્તુમાં ભેજ ન રહી જાય તથા મકાન આદિમાં વિશેષથી વધુ પડતો કચરો ન રહે, તેની વિશેષ કાળજી લેવી. કારણ કે, રહી ગયેલ ભેજ તથા સાફ-સફાઈનાં અભાવે, કીડી-કંથવા-મંકોડા આદિ તેઈન્દ્રિય જીવો તથા અન્ય વિકલેન્દ્રિય ત્રસ જીવોની ઉત્પત્તિની શક્યતા વધે છે.

(૨૫) તમામ લગ્નાદિ પ્રસંગોમાં જવાનું શ્રાવકોએ ટાળવું. કદાચ ન છૂટકે જવું જ પડે તો પણ, હોંશે-હોંશે અંદરથી રાજી થઈને તો ન જ જવાય. ત્યાં માત્ર વ્યવહાર ખાતર હાજરી આપવાં કદાચ જવું પડે તો પણ ત્યાંનું જમવાનું તો અવશ્ય ટાળવું. કારણ કે, કેટરર્સનાં જમણોમાં, જયણાનાં અભાવે, મોટાં ભાગની વાનગીઓ અભક્ષ્યરૂપે હોય છે. આવાં અભક્ષ્ય પદાર્થો વાપરવાંથી, મોટી સંખ્યામાં તેમાં ઉત્પન્ન થનારાં વિકલેન્દ્રિય આદિ ત્રસ જીવોની વિરાધના થાય છે, આવું જ્ઞાની ભગવંતો જણાવે છે. લગ્નમાં જમણવારમાં રખાયેલ જ મિઠાઈ તથા ૩૨ પકવાનાદિની પ્રશંસા પણ સમજુ શ્રાવકો ન કરે. કારણ કે, આ અભક્ષ્ય મેવા-મિઠાઈ-ફરસાણાદિની પ્રશંસા કરનારાંને, તે વાનગીઓ બનાવવાં નિમિત્તે મોટા પ્રમાણમાં થનારી ત્રસ જીવોની વિરાધનાનો દંડ લાગી જાય છે.

(૨૬) હૉટલમાં-લારી ઉપર મળતાં ઢોસા-ઈડલી-મેંદુવડા-પીઝા-નાન વગેરે પદાર્થો વાપરવાથી, તેમાં વપરાયેલ અણગળ પાણી, વાસી દહીં, બ્રેડાદિ અભક્ષ્ય પદાર્થોને લીધે, થતી વિકલેન્દ્રિય જીવોની વિરાધનાનો દંડ વાપરનારાંઓને પણ લાગે છે. તેથી સ્વાદ ખાતર વપરાતાં

આવાં પદાર્થો છોડી દેવાં.

(૨૭) ખેતીવાડી કરવામાં મોટી જીવહિંસા થાય છે. આજનાં શ્રાવકો આ વિરાધનામાં direct તો નથી જોડાતાં, પરંતુ, ક્યારેક જાત્રા માટે ગુજરાત આદિમાં જ્યારે જવાનું થાય, ત્યારે રસ્તામાં આવતાં ખેતરો જોઈને, જો તે ગમી જાય અથવા વાણીથી તેની પ્રશંસા થાય, તો તે ખેતરમાં થયેલ લાખો-કરોડો મંકોડાદિ વિકલેન્દ્રિય જીવોની વિરાધનાનો હક, ગમાડનાર અથવા પ્રશંસા કરનારને લાગી જાય છે. ખેતરમાં પાણી વગેરે છાંટવાથી, લાખો-કરોડોની સંખ્યામાં જીવોત્પત્તિ + વિરાધના થાય છે. ખેતરની જમીન ખેડાય છે ત્યારે પણ, જીવોની વિરાધના વિશેષ પ્રમાણમાં થાય છે. કપાસ-મગફળી આદિનાં ખેતરોમાં પણ ઘણાં પ્રમાણમાં આ જીવોની વિરાધના થાય છે.

(૨૮) ગેસ-ચૂલો આદિ શરૂ કરતાં પૂર્વે, દરેક વખતે પૂંજણીથી અવશ્ય પૂંજી લેવું જેથી, કીડી આદિ વિકલેન્દ્રિય જીવોની વિરાધનાથી બચી જવાય. તે સિવાય, ઘરમાં અલગ-અલગ રૂમોમાં-સ્થળોમાં, ૧-૧ પૂંજણી રખાયેલ હોય, તો કીડી આદિ જીવોની વિરાધનાથી અટકવાં-બચવાં માટે, અવારનવાર પૂંજણીનો સદુપયોગ થઈ શકે છે. ગેસ શરૂ કરતાં પૂર્વે, જો પૂંજણીથી ન પૂંજાય, તો ખોરાક-પ્રવાહી (દાળ, ચાહ વગેરે) નાં ટીપાં નીચે પડવાને લીધે, ઢગલાબંધ કીડીઓની વિરાધના થવાની સંભાવના છે. તેથી ગેસ-ચૂલો ચાલું કરતાં પૂર્વે, દરેક વખતે, પૂંજી-પ્રમાર્જીને પછી જ આગળ વધવું.

(૨૯) જો શક્ય બને તો, કોબીજનો વપરાશ શ્રાવકોએ ટાળવો. કારણ કે, ભેજનું પ્રમાણ કોબીજમાં વધારે હોવાથી તથા તેમાં પોલાણ પણ હોવાથી, ઘણીવાર વિકલેન્દ્રિય જીવોની ઉત્પત્તિ તેમાં થતી જોવાં મળે છે. તેથી માત્ર શિયાળામાં, અને ત્યારે પણ, એક-એક પાંદડું વ્યવસ્થિત છૂટું કરીને, અત્યંત કાળજીપૂર્વક સમારાય, તો જ વાપરી શકાય. આવું કરવું અઘરું હોવાથી, કોબીજનો ત્યાગ કરવો ઉચિત છે. ચોમાસામાં તો સંપૂર્ણ ભાજીપાલો અભક્ષ્યરૂપે હોવાથી કોબીજ તો ન જ વાપરી શકાય.

(૩૦) ટીંડોળા, ભીંડા વગેરે વનસ્પતિને, સીધે-સીધી છરી ફેરવીને જો સમારાય, તો તેમાં ઘણીવાર ઉત્પન્ન થનાર ઈયળો વગેરે જીવો, જીવતે-જીવતાં કપાઈ જવાની શક્યતા છે. તેથી, આ વનસ્પતિઓ સમારતી વખતે હાથમાં પકડીને ઉપરથી માત્ર સહેજ છેકો મારવો. ત્યારબાદ, બંને હાથથી વનસ્પતિનાં બે વિભાગ કરવાનાં, જેથી, વચ્ચે કોઈ ઈયળ વગેરે

જીવાત હોય, તો જયણાપૂર્વક કાઢી શકાય અને મરી પણ ન જાય.

(૩૧) કાળી કીડી કરતાંય લાલ કીડી તો વધારે બારિક હોય છે. તેનો ડંખ પણ કાળી કીડીની અપેક્ષાએ વધુ તીવ્ર હોય છે. તે ઘણીવાર, આપણી ચામડી પર ચોંટી પણ જાય છે, અને ઘણાં પ્રયત્નો કરવા છતાંય, ઉખડતી નથી. ત્યારે તેને બચાવવાં ખાતર, ખૂબ જ ધીરજ અને સાવધાની પૂર્વક કામ લેવું. થોડી વાર માટે, ચટકાની પીડા સહન કરવી પડે તો કરી લેવી, પણ અધીરાં થઈને કીડીને મારી ન નાંખવી કે તેને કિલામના પણ ન પહોંચાડવી. અજૈનો અને જૈનો વચ્ચેનો આ જ મોટો તફાવત હોય. અજૈનો તો પોતાની તકલીફ-વેદના-પીડાને દૂર કરવાં માટે, બીજાં જીવોને તકલીફ આપવા વિના સંકોચે તરત તૈયાર થઈ જાય. પણ જૈનો તો, પોતાનાં પ્રાણનાં લોગે પણ, બીજાં જીવોને બચાવવાનો જ પ્રયત્ન કરે છે. ચામડીની અંદર ઘૂસી ગયેલી કીડીની આજુબાજુમાં કપૂરનો પાવડર અથવા બરાસ અથવા કેરોસીન લગાડવાથી, થોડી જ વારમાં તે કીડી આપોઆપ હલવાનું શરૂ કરી દેશે. ત્યારબાદ, પૂંજણી દ્વારા, શાંતિથી જયણાપૂર્વક, કીડીને યોગ્ય સ્થાને બસેડી શકાય. ફાવશે ને? બિચારી કીડીને તેવાં પ્રકારની સમજ ન હોવાને લીધે તથા તેવાં પ્રકારનાં ભવ-સ્વભાવને લીધે તે ચટકાં મારે છે. જો આપણી જેમ તે સમજુ હોત, તો શું આ રીતે ચટકાં ભરત?

(૩૨) <u>મદિરા-દારૂ</u>: આજનાં વધતાં ભોગવિલાસનાં વાતાવરણમાં, ઘણાં સારાં-સારાં જૈનોનાં ઘરોમાં પણ, મદિરા-દારૂ-વ્હીસ્કી આદિ અભક્ષ્ય પદાર્થોનો પ્રવેશ થઈ ગયો છે. સારાં-સારાં ખાનદાન કુટુંબના આપણાં જૈન સંતાનો, કોલેજ તાં friend circle નાં પ્રવાહમાં તણાઈને, ન કરવાનાં કામો કરતાં થયાં છે, ન વાપરવાનાં દ્રવ્યોને પેટમાં પધરાવતાં થયાં છે. વિગઈ = વિ + ગઈ એટલે કે, આત્માને સંયમથી વિ=વિપરીત ગઈ = ગતિ માં લઈ જનાર હોય તેને વિગઈ કહેવાય. જ્યારે, મદિરાને તો શાસ્ત્રકારોએ માત્ર વિગઈ તરીકે નથી ઓળખાવી, પણ "મહાવિગઈ" તરીકે ઓળખાવી છે. દારૂ બનાવવાની પ્રક્રિયામાં પણ ઘણી મોટી સંખ્યામાં કીડીઓની ઉત્પત્તિ + વિરાધના થાય છે. તેથી, આ મહાવિગઈ વાપરનારને, અગણિત ઈંડા + બચ્ચાં + કીડી + માખી આદિની હિંસાનો દંડ લાગે છે, મન વિકારી બને છે, પ્રભુની આજ્ઞાનો ભંગ કરવાથી પ્રભુનું શાસન ભવાંતરમાં ક્યારેય ન મળે તથા નરક વગેરે દુર્ગતિમાં જવું પડે છે. દારૂ પીનાર માણસ, અગણિત જીવો (કીડી વગેરે)ની હિંસા કરે છે. પોતે તામસી + વિકારી + ક્રોધી બને છે. તથા વિવેકહીન + ચારિત્રહીન બને,

ધનનો નાશ કરી દરિદ્રતાને પામે, નાની ઉંમરમાં મૃત્યુ પામીને, કુટુંબ-પરિવારની પાયમાલી કરીને, તેમને રસ્તે રઝળતાં કરી મૂકે છે. તેથી આવાં એકપણ અભક્ષ્ય પેયને - મહાવિગઈ (મધ, માખણ, માંસ, મદિરા) ને, ક્યારેય પણ અડવું નહીં. ફાવશે ને ?

(૩૩) <u>મોરપીંછી</u>: મોરનાં પીંછાને બાંધીને બનાવેલ, જયણા માટેનાં એક ઉત્તમ ઉપકરણને 'મોરપીંછ' કહેવાય છે. પુસ્તક-ફોટો વગેરે વસ્તુઓ લેતાં મૂકતાં કે આ વસ્તુઓ વાપરતી વખતે, મોરપીંછી દ્વારા પૂંજવાનું જો થતું હોય, તો આ વસ્તુઓમાં નાની-નાની જીવાંતાદિ થતાં અટકે અને જો જીવાંત already થઈ ગઈ હોય, તો તેને દૂર સુરક્ષિત સ્થાને, કાળજીપૂર્વક ખસેડી શકાય. મોરનાં પીંછ રાખવાથી કે હલાવવાથી, સાંપ અને ગિરોળી) (પંચેન્દ્રિય જીવો) પણ દૂર ભાગી જાય છે.

(૩૪) કચરો કે બિનજરૂરી વસ્તુઓનું કે વનસ્પતિ આદિનાં છોતરાંનું કે ખોરાકનાં કણિયાવાળી પ્લાસ્ટિકની થેલીઓનું-પેકેટોનું વિસર્જન (ફેંકવાનું) જો કાળજી અને જયણાપૂર્વક ન થાય, તો વિસર્જન બાદ, તેનાં નિમિત્તે પાછળથી, ઢગલાબંધ કીડીઓ વગેરેની વિરાધના થાય છે. તેથી, તમામ બિનજરૂરી વસ્તુઓનું વિસર્જન (નિકાલ) કાળજી + જયણાપૂર્વક જ કરવું. ફેંકવા યોગ્ય થયેલ ખાલી ડબ્બી, બાટલી, પેકેટ કે થેલીને અલ્પ પાણીથી, વ્યવસ્થિત ધોઈને, તે પાણી વાપરી જવું (પી જવું). ત્યારબાદ, કોરાં વસ્ત્રથી કુલ ત્રણ વાર, લૂંછીને, તેમાંથી પૂરેપૂરાં ચીકાશ- મીઠાશાદિ નીકળી ગયાં બાદ, યોગ્ય સ્થાને જયણાપૂર્વક તે પેકેટ- ડબ્બી વગેરેને પરઠવી શકાય (ફેંકી શકાય).

(૩૫) <u>દિવેલ</u>: જેમ ચોખા-ઘઉં-અનાજ વગેરેને દિવેલથી મોવાથી, તેમાં જીવાંત પડતી નથી, તેમ જ, દિવેલની ગંધથી કીડીઓ પણ દૂર ભાગી જાય છે. જેમ, પુસ્તકોનાં કબાટમાં 'ઘોડાવજ' મૂકી રાખવાથી, તેમાં જીવાંત થતી નથી, તેમ જ, કીડીઓનાં નિવારણ માટે પણ, ઘોડાવજની પાવડર એક અકસીર અને નિર્દોષ ઉપાય છે. એ જ રીતે, ઘોડાવજને સ્થાને તમાકુનાં પાન મૂકી રાખવાથી પણ કપડાંમાં કે પુસ્તકોનાં કબાટમાં જીવાંત થતી નથી. તેવી જ રીતે, ઉધઈની ઉત્પત્તિને અટકાવવાં માટે ચૂનાનો ઉપયોગ કરી શકાય છે.

(૩૬) કીડી નાની પણ હોય, મોટી પણ હોય અને કાળા તથા લાલ રંગની પણ હોય છે. તે છૂટી છવાઈ અને જથ્થાબંધ પણ હોય છે. કીડી 'તેઈન્દ્રિય ત્રસ જીવ' રૂપે કહેવાય છે. તેની કાયા ઘણી કોમળ હોવાથી, સહેજ

Date

દબાણ આવતાં, તે તરત મરી જાય છે. સાકરવાળા અને ચીકાશવાળાં પદાર્થોથી તે આકર્ષાય છે. ખાદ્ય પદાર્થો ઢોળાય કે વેરાય, તો ત્યાં અચાનક જ, જથ્થાબંધ કીડીઓ ભેગી થઈ જાય છે. તેથી, ખાદ્યપદાર્થનાં કણિયાં કે ટીપાં નીચે ન પડે, તેની પૂર્ણ કાળજી લેવી. કદાચ નીચે પડી જાય તો તરત જ લઈ લેવાં અને દૂધ-ઘી વગેરે પ્રવાહી ઢોળાયાં હોય તો તરત જ ભીનાં પોતાથી તેને સાફ કરી નાંખવું.

<u>કીડી ન થાય અથવા થઈ ગયેલ જથ્થાબંધ કીડીઓને દૂર કરવાનાં ઉપાયો:</u> આજુબાજુમાં બરાસનો પાવડર (કપૂરનો પાવડર) અથવા કંકુ, હળદર, રાખ કે ઘોડાવજનો પાવડર કે સિંધાલૂણનો ભૂક્કો કે હળદર + ફટકડીનો ભૂક્કો (બંને સરખા ભાગે લઈને) ભભરાવવાથી, કીડીઓ તરત ભાગી જાય છે. દિવેલ + લોટની ગોળી બનાવીને મૂકવાથી, ઓડોમસની ગંધવાળું કપડું ખાદ્યપદાર્થાદિ વસ્તુનાં વાસણ ઉપર અથવા આજુબાજુ મૂકવાથી, કપૂરની ગોળીઓ મૂકવાથી, છીંકણી ભભરાવવાથી, આજુબાજુમાં બામ ચોપડી દેવાથી, રાખની લાઈન કરીને તેનાં પર કેરોસીનનાં ટીપાં છાંટવાથી, છીંકણીને પલાળીને તેની પેસ્ટ બનાવીને દિવાલ ઉપર લગાવી દેવાથી, તુલસીનાં પાનનો ભૂક્કો + કપૂરનાં પાવડરને મિશ્ર કરીને છાંટવાથી અથવા સાચાં સુખડનો ટૂકડો મૂકવાથી અથવા ખાદ્યપદાર્થનાં ડબ્બા, વાસણની ફરતે તેલ અથવા દિવેલની લીટી માત્ર કરવાથી, કીડીઓ આવતી નથી અને આવી હોય તો તરત ચાલી જાય છે. કેરોસીનમાં પલાળેલ રૂનાં પુમડાં મૂકવાથી, ડબ્બાં કે બરણી પર ચઢેલી કીડીઓ તરત જ ઉતરી જાય છે. આ બધાં નિર્દોષ ઉપાયો કરવાથી, કીડીઓની હિંસા પણ ન થાય અને કીડીઓ પણ દૂર ચાલી જાય. પરંતુ, તેનાં બદલે, કીડી દૂર કરવાં માટે, ચોક કે લક્ષ્મણરેખા કે ~~ગેમકીસ~~ ગેમકેસીનનો પાવડર વગેરે વાપરવાથી, આ પદાર્થો જલદ અને ઝેરી હોવાથી, કીડીઓ તરત જ મરી જાય છે, તથા તેમને ખૂબ જ કિલામના પહોંચે છે. તેથી આવાં દ્રવ્યો ક્યારેય વાપરવાં નહીં.

(૩૭) પાણીમાં પડેલી કીડી, નિશ્ચેતન-મરી ગયેલી ભલે લાગે, પરંતુ, તેને જો હળવે હાથે આંગળીનાં ટેરવાં પર લઈને, હળવે હાથે સૂકાં કપડાં ઉપર મૂકવાથી, ૫-૭ મીનિટમાં ઘણીવાર ચાલવા માંડે છે. અથવા કીડીવાળા પાણીને હળવેથી લઈને ગાળી દેવું. અને ત્યારબાદ ગળણાંને સૂકવવાં માટે એકબાજુ રાખી દેવાથી, ગળણામાં રહેલ કીડીઓ, થોડી જ વારમાં ચાલવા માંડે

(૩૮) પાણીમાં ફટકડી ઓગાળીને, તેમાં ફિનાઈલનાં ૧૦-૧૫ ટીપાં નાંખીને, તેમાં કેરોસીનનાં ૪-૫ ટીપાં નાંખીને, તે પાણીનું પોતું કરવાથી, કીડીઓ

થતી નથી. માત્ર, કેરોસીનવાળા પાણીનું પોતું કરવાથી પણ કીડી ન થાય.

(૩૯) ઘરમાં કે આજુબાજુમાં આવન-જાવનનાં રસ્તામાં, કીડીની લાઈન ચાલતી હોય, તો તે લાઈનની બંને બાજુ ચૂનાનો પાવડર નાંખવો, તેથી, આવતાં-જતાં બધાને ખ્યાલમાં આવે અને બધાં જયણાથી ચાલે. ઘરમાં વાંદા-ઉંદરાં વગેરે મરેલા હોય, તો તેનું કલેવર તરત યોગ્ય સ્થાને વિસર્જીત કરવું નહીંતર કીડીઓ ખેંચાઈને આવશે.

(૪૦) કીડીની વિરાધનાથી બચવાં માટેનો સરળ અને સહુથી અકસીર ઉપાય: કેરોસીનમાં પલાળેલી રૂવાળી નાની દાંડી દ્વારાં, આપણી આજુબાજુમાં, જો કેરોસીનની લીટી ચારેબાજુ કરી દેવાય, તો ૨-૩ કલાક સુધી, કીડીઓ તે કેરોસીનની ગંધને કારણે આવે નહીં, દેખાય પણ નહીં.

(૪૧) જમીન ઉપર રહેલ પાણીને લૂંછવા માટે, ભીનું કે સૂકું પોતું લઈને લૂંછાય છે. પરંતુ, તેનો ઉપયોગ કરતાં પૂર્વે, પોતાનાં છેડાને પકડીને બરોબર જોઈ લેવું કે કોઈ કીડી આદિ તેને ચોંટેલ છે કે નહીં. જોયાં વગર સીધેસીધો તેનો ઉપયોગ કરવાથી, ઢગલાબંધ કીડી આદિની હિંસા થઈ શકે છે. તે જ રીતે, વસ્તુ ઉપર ચઢી ગયેલ ઢગલાબંધ કીડીઓને દૂર કરવા માટે, તે વસ્તુને ઉપાડીને ઘણાંલોકો ધૂમ તડકે મૂકી દે છે. આવો પ્રયોગ તો ભૂલથી પણ ન કરવો. કારણ કે, કીડીઓનું શરીર એકદમ કોમળ-નાજુક હોય છે, તેથી તડકામાં રાખો તો તેઓ તરત મરી જાય છે.

(૪૨) લાકડાનું ફર્નિચર અને સૂવા માટેનાં પલંગ (ગાદલાં), માંકડનું નિવાસ સ્થાન છે. લાલ રંગના આ જંતુને, માનવ-રક્ત ખૂબ જ પસંદ છે. રાત્રે ઊંઘમાં હોઈએ ત્યારે શરીર ઉપર ચોંટીને, રક્તચોરી કરનાર આ માંકડનાં ચટકાથી ઘણીવાર આપણી ઊંઘમાં, ખલેલ પણ પહોંચે છે. સડેલું લાકડું પણ તેનો ખોરાક છે. પરસેવાની ગંધથી તે ખેંચાઈને આવે છે. આ, તેઈન્દ્રિય જીવની શક્ય એટલી હિંસાથી બચવું અને તેની ઉત્પત્તિ ન થાય તેની કાળજી મુખ્યપણે કરવાથી, વિરાધનાથી પણ બચી શકાય છે.

(૪૩) બે આંગળીની વચ્ચે દબાવીને પકડવા-મારવા અથવા ઝેરી દવા છાંટીને માંકડને મારવા, તે તો ક્રૂરતા છે, હિંસકતા છે, નિર્દયતા છે. માંકડને ખૂબ જયણાપૂર્વક પકડીને, એક નાની વાટકીમાં એકત્ર કરવાં, અને ત્યારબાદ, તે બધાં માંકડને સુરક્ષિત સ્થાને મૂકી દેવાં. તે જ સરળ ઉપાય છે. બીજાં જીવોને બચાવવાં ખાતર પોતાનાં પ્રાણોનું પણ બલિદાન આપી દેનારાં અનેક મહાપુરુષોથી શોભતું, આપણું

જિનશાસન છે. આવું શાસનને પામીને, માંકડ-કીડીને ગુસ્સામાં આવીને આપણાથી કઈ રીતે મારી શકાય? જરા શાંતિથી વિચારજો.

૪૪) માંકડને મારી નાખવામાં આવે તો, તેના કલેવરમાંથી ફરી પુષ્કળ માંકડો પેદા થાય છે. તેથી માંકડ મારી નાખવા, તે તો માત્ર ક્રૂરતા નથી પરંતુ મૂર્ખતા પણ છે. આવી ક્રૂરતામાં અજૈનો ભલે જોડાય, પરંતુ, નાનપણથી જેને જીવદયાનાં સંસ્કારો મળ્યાં છે, એવા જૈનો તો ન જ જોડાય.

(૪૫) માંકડની રક્ષા માટે, આટલી સાવધાની રાખો :

* જે ઓરડામાં કે પલંગમાં માંકડ થયા હોય, તેનો ઉપયોગ, થોડાં દિવસ પુરતો બંધ કરો. માંકડ આપોઆપ ચાલ્યા જશે. બની શકે તો, થોડાં દિવસ માટે, ઘરમાં રહેનારાં બધાં તીર્થયાત્રા કરી આવો.
* ગાદલાંના કવર વગેરે ખૂબ મેલાં રાખવાથી માંકડ થવાની સંભાવના છે. તેથી, કવર વધારે મેલાં ન રાખવાં.
* માંકડ થયા હોય તેવાં ખાટલાં- ગાદલાં - ફર્નીચરને તડકામાં ન મૂકવા. તડકે મૂકવાથી, માંકડ મરી જાય છે. હિંસાનું મહાપાપ લાગે છે. ખાટલાં વગેરે છાંયડાવાળા નિર્જન સ્થાનમાં મૂકી રાખો તો ચાલી શકે.
* માંકડ મારવાની દવાનો ઉપયોગ તો ક્યારેય ન કરવો. 'બીજાનું લોહી પીનાર એવાં માંકડને મારી નાંખવો જોઈએ' = આવાં હિંસક શબ્દ પ્રયોગ કે હિંસક વિચારો તો કદાચ અજૈનોને આવે, પણ, પ્રભુશાસન પામેલાં શ્રાવકો તો, ભૂલથી પણ આવાં વિચારો કે શબ્દ પ્રયોગો ન કરે. લોહી લઈ-લઈને, માંકડનો જીવ તમારું કેટલાં ટીપાં લોહી લેશે? એની સામે, એને તરત જ, મોતની સજા ફટકારવી, એ શું આપણા માટે ઉચિત છે? પોતાને ૬-૬ મહિના સુધી સતત લોહીનાં ઝાડાં કરાવનાર ગોશાળા પ્રત્યે પણ, પ્રભુએ લેશમાત્ર દ્વેષ- દુર્ભાવ ન કર્યો અને માત્ર ૨-૩ ટીપાં લોહી લઈ જનાર માંકડને મારી નાંખવાનો વિચાર કે હિંસક પ્રયોગ, જો આપણે કરીશું, તો શું પ્રભુને ગમશે? શું આપણે પ્રભુનાં વારસદાર કે સંતાનો કહેવાઈશું? શું પ્રભુના હૃદયમાં આપણને, સ્થાન મળશે?
* ઘણાં બધાં માંકડ થઈ ગયાં હોય, તો ખૂબ પોચાં હાથે, જયણાપૂર્વક, માંકડને પકડીને, એક વાટકીમાં એકત્ર કરો. પછી, તે માંકડને,

સહેજ દૂર, અવાવરું સ્થાનમાં; જૂનાં લાકડામાં મૂકી દો. પરંતુ, તડકામાં અથવા લોકોની અવર-જવર થાય તેવાં સ્થાને ન નાંખી દેવાય.

* કપૂરની ગોટીનાં દ્રાવણથી પોતું કરવામાં આવે, તો માંકડ દૂર થાય.
* તકિયામાં-ગાદલામાં રૂ લરાવતાં પહેલાં, તેમાં કપૂરની બે-ત્રણ ગોળીઓ મૂકી દેવાથી પણ માંકડ થતાં નથી.

(૪૬) પોતાને મારી નાંખવા માટે આવેલ, જીવતે-જીવતાં પોતાનાં ચામડાં ઉતારવાં માટે આવેલ કસાઈ વગેરે ઉપર પણ, ખંધકમુનિ, ગજસુકુમાલ મુનિ, વગેરે મહાપુરુષોએ, માત્ર ને માત્ર, વાત્સલ્ય અને કરુણાભાવ જ વરસાવ્યો છે. અને બીજી બાજુ, માત્ર બે-ત્રણ ટીપાં લોહી ચુસી જનાર માંકડ-મચ્છર માટે, આપણાં હૃદયમાં કરુણા ભાવ કે કઠોર ભાવ? શાંત ચિત્તે જરાં વિચારશો, તો ખ્યાલ આવશે કે, પ્રભુશાસનનાં મહાપુરુષોને શરમાવે એવાં આપણાં આચાર-વિચારો, વર્તમાનમાં રહેલાં છે.

(૪૭) 'ઉધઈ' એક સૂક્ષ્મ જીવાંત છે. તે અવાવરુ જમીનમાં, દિવાલો પર, ફર્નીચરમાં તથા પુસ્તકો અને કાગળમાં થાય છે. એકવાર ઉધઈ થયાં પછી, તેની ઉત્પત્તિ ખૂબ જ વધી જાય છે અને તેનું ક્ષેત્ર ઝડપથી બહુ વિસ્તાર પામે છે. ઉધઈ તો, ફર્નીચર-લાકડાં તથા કાગળને કોતરી ખાય છે. દિવાલને પણ કોતરી ખાય છે અને મકાનને જર્જરિત બનાવી દે છે. આ રીતે, 'ઉધઈ' નામની આ તેઈન્દ્રિય જીવાંતને સૌ પ્રથમ ઓળખતાં શીખો. ત્યારબાદ જ, તેની વિરાધનાથી બચવાનાં પ્રયત્નો થઈ શકે. 'ઉધઈ' નો ખ્યાલ જ ન હોય, તો તેની જયણા કઈ રીતે પાળી શકાશે?

(૪૮) ઉધઈ થયાં પહેલાં કે થયાં પછી, ક્યારેય પણ પેસ્ટ કંટ્રોલ ન કરાવવું. પેસ્ટ કંટ્રોલ કરાવવાથી ઢગલાબંધ ઉધઈ તથા અન્ય ઘણી જીવાંતો પણ, એક સાથે, નાશ પામે છે. પેસ્ટ કંટ્રોલ અત્યંત હિંસક પ્રયોગ છે. સેંકડો-હજારો નિર્દોષ જીવોને, દવા-કેમિકલ્સ છાંટીને એક સાથે મોતને ઘાટ ઉતારી દેવા, તે ભયંકર કક્ષાની ક્રૂરતા છે.

No.
Date

(૪૯) ઉધઈ જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાં આજુબાજુમાં લીટી જેવી નિશાની થઈ જાય છે. તેનાથી, ઉધઈનો ખ્યાલ આવી જાય છે. પ્લાયવુડમાં ઉધઈ થવાની શક્યતા વધુ છે. સાગનાં લાકડામાં, ઉધઈ જલ્દી થતી નથી. તેથી, જો શક્ય બને તો, ફર્નીચર જરૂર પૂરતું જ કરાવવું અને પ્લાયવુડને બદલે સાગનાં લાકડાંનો ઉપયોગ કરવો. વળી, તેને રંગ કે વાર્નિશ કે પોલીશ મારવાથી, ઉધઈ થતી નથી.

(૫૦) કબાટમાં ભરેલાં પુસ્તકો, થોડાં-થોડાં સમયે, બહાર કાઢીને, બરોબર જોતાં રહેવું. પુસ્તકો તથા કબાટની સાફ-સફાઈ જયણાપૂર્વક કરવી. જેથી, ઉધઈ વગેરે જીવોની ઉત્પત્તિ જ ન થાય. પુસ્તકોનાં કબાટમાં, ઘોડાવજ કે ડામરની ગોળી જેવાં પદાર્થો, થોડાં-થોડાં અંતરે, મૂકતાં રહેવાથી પણ, તેની ઉત્પત્તિ થતી નથી. કપડાંનાં કબાટમાં પણ, ડામરની ગોળી જેવી ચીજનો ઉપયોગ કરવાથી, કપડાંમાં જીવાત પડતી નથી.

(૫૧) પુસ્તક, ફર્નીચર કે દિવાલ ઉપર ઉધઈ થઈ જાય તો, તે જીવોને ખૂબ જયણાપૂર્વક, ત્યાંથી લઈને, દૂર કોઈ વૃક્ષમાં મૂકી દેવાં. જે જગ્યા પર ઉધઈ હતી, તે જગ્યા સંપૂર્ણ જીવાત-રહિત થઈ ગઈ છે - એવી સંપૂર્ણ ખાતરી કર્યા બાદ, તે જગ્યા પર, કેરોસીન નીતરતું પોતું ફેરવી દેવું. તો ફરીથી ઉધઈ આવશે નહીં.

(૫૨) ગેરું કે ચૂનાથી મકાન ધોળડાવવાથી ઉધઈ થતી નથી. ગોબરની લીંપણવાળી દિવાલમાં ઉધઈ થતી નથી. કબાટમાં મીઠું ભભરાવવાથી ઉધઈ થતી અટકે છે.

(૫૩) ઘઉં-ચોખા-વગેરે ધાન્ય અને કઠોળમાં ઈયળ-ધનેરાં વગેરે જાત-જાતનાં કીડાં થઈ જાય છે. અનાજને રાખમાં રગદોળીને, ડબ્બામાં ભરવાથી, તે અનાજ સડતું નથી. તેમાં ધનેડાં વગેરે કીડાં થતાં નથી. અનાજ સડી જાય, તો તેમાં પુષ્કળ જીવાત પડી જાય છે. કઠોળમાં, પોલાણ કરીને, તેમાં જીવાત ભરાઈ જાય છે. ચોમાસાની ઋતુમાં, આખા કઠોળમાં, પુષ્કળ જીવાત થવાની સંભાવના રહે છે. તેથી, ચોમાસામાં, મગ સિવાયનાં કોઈ આખા કઠોળ ન ચાલે, ન વપરાય. અનાજ,

એક વાર વીણી લીધાં બાદ, ફરી થોડાં દિવસોમાં; તેમાં જીવોત્પત્તિ સંભવિત છે. ભેજનાં વાતાવરણમાં, જીવોત્પત્તિની સંભાવના વધારે છે. તેથી, થોડાં દિવસો પૂર્વે સાફ કરેલ અનાજ પણ, વાપરતાં પૂર્વે, ફરી વીણવાં જરૂરી છે. વીણ્યાં વગર ધાન્યને જો દળી નાંખવામાં આવે, તો કિલ્લોલ કરતાં અનેક નિર્દોષ જીવો અનાજની સાથે દળાઈ-પીસાઈ જાય છે. અનાજ વીણવાનું કાર્ય, નોકર-નોકરાણીનાં ભરોસે છોડવાથી, ઘણી બેદરકારી થવાની સંભાવના છે. કદાચ નોકર પાસે, વીણવાનું કાર્ય કરાવવું જ પડે તો નોકરોને સમજાવી, બક્ષીસની લાલચ-પ્રોત્સાહન આપીને, શક્ય એટલી વધુમાં વધુ જીવદયા પળાવવાનો પ્રયત્ન, તેનાં દ્વારાં કરાવવો.

(૫૪) અનાજનાં લોટમાં પણ, અમુક સમય પછી, જીવાંતો પડવાની ઘણી સંભાવના છે. બહારનાં તૈયાર લોટમાં તો, પુષ્કળ જીવાંતો હોવાની પૂરી સંભાવના છે. તેથી, શક્ય હોય તો, બજારનો તૈયાર લોટ ન ખરીદવો. પરંતુ, ઘરની ઘંટીમાં, જયણાપૂર્વક, લોટ દળવો અને દળ્યાં બાદ પણ, થોડાં-થોડાં દિવસે તપાસ કરવી કે, તેમાં જીવાંત થઈ છે કે નહીં. તો જ, નિર્દોષ ધનેરાં વગેરે તેઈન્દ્રિય જીવોની બિનજરૂરી વિરાધનાનાં દંડથી આપણાં સમગ્ર પરિવારને બચાવી શકાશે. ફાવશેને!

(૫૫) ધાન્યની જીવાંતોની રક્ષા કાજે, નીચે મુજબની કાળજી જરૂરી છે:

★ અનાજ કાળજીપૂર્વક સાફ કરીને પછી ભરો. ભર્યાં બાદ, વાપરતાં પૂર્વે, ફરી પાછું કાળજીપૂર્વક સાફ કરી લેવું.

★ સાફ કરેલાં ઘઉં-ચોખા વગેરેને દીવેલથી મોઈને ભરો.

★ ધાન્યની સાથે પારાંની ચેપલીઓ મૂકી રાખવાથી, જીવાંત થતી નથી.

★ અનાજને દળતાં પૂર્વે, ફરી એકવાર વીણી લો.

★ ચોમાસાની ઋતુમાં, મગ સિવાયનાં આખાં કઠોળનો ત્યાગ કરો.

★ અનાજ વીણવાનું કામ નોકર-નોકરાણીને ભરોસે ન છોડો.

★ તૈયાર લોટનો ઉપયોગ બિલકુલ ન કરો.

★ લોટમાં પણ કાળમર્યાદાનું ઉલ્લંઘન ન થઈ જાય તેની પૂર્ણ કાળજી રાખો

★ અનાજ ભરવાં માટે, ચુસ્ત બંધ થાય, તેવાં સાધન રાખો.

(૫૬) બહારનો રવો-મેંદો બિલકુલ વાપરવો નહીં. હોટલનાં અનાજ-લોટમાં બિલકુલ જયણા સચવાતી નથી. માટે, હોટલમાં જમવું જ નહીં. હોટલ-રેસ્ટોરંટનું જમણ તો માત્ર આપણાં શરીર માટે હાનિકારક નથી, પરંતુ, આપણાં આત્મા માટે પણ અત્યંત હાનિકારક છે, અહિતકર છે.

(૫૭) આ જીવ સૃષ્ટિ કેટલી વિશાળ છે. જાત-જાતનાં પદાર્થોમાં, જાત-જાતનાં વિકલેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. લીલાં શાકભાજીમાં, લીલા રંગની ઈયળો છુપાયેલી હોય છે. વનસ્પતિનો રંગ અને ઈયળનો રંગ સમાન હોવાથી, તેને ઓળખવી મુશ્કેલ બને છે. કાળજીપૂર્વક જોવામાં આવે, તો જ તે નજરે પડે છે. કાચાં શાક, આખાંને આખાં, જોયાં વગર ખાઈ જવાથી, ઈયળો જીવતે-જીવતી, આપણાં જડબામાં ચવાઈ જાય છે. તેથી, કાચાં શાક આખાંને આખાં ક્યારેય પણ વાપરવાં નહીં.

(૫૮) બેદરકારીપૂર્વક, શાક સમારવામાં આવે, તો તેમાં રહેલ ઈયળ, જીવતે-જીવતી કપાઈ જાય છે. શાક સુધાર્યા વગર, આખાં શાકને રાંધવામાં આવે, તો અંદર ઈયળ તો જીવતે-જીવતી ચૂલા ઉપર બફાઈ જાય છે. તેથી, વનસ્પતિ સમારતાં અથવા બાફતાં-રાંધતાં પૂર્વે, તેની ખાસ-ખાસ કાળજી લેવી.

(૫૯) પાપડી-વટાણાં-ભીંડા-શીંગો-સિમલા મરચાં-કારેલાં વગેરેમાં ઈયળની સંભાવના ઘણી વધારે છે. તેથી, આ વનસ્પતિનો ઉપયોગ કરતી વેળાએ, ઈયળોની વિરાધનાથી બચવાનો ખાસ પ્રયત્ન કરવો. શક્ય હોય તો આ શાકભાજી ખાવાનો આગ્રહ છોડી દો. ન છૂટકે વાપરો, તો પણ, અતિ કાળજીપૂર્વક જ વાપરો.

(૬૦) કોબીજ-ફ્લાવરમાં, બેઈન્દ્રિય જીવો અત્યંત સૂક્ષ્મ હોય છે અને પોલાણ-ખાંચામાં ભરાયેલાં હોય છે. તેથી, કોબીજ-ફ્લાવરનો ઉપયોગ, કાયમ માટે, કરવો નહીં. ક્યારેક, નાનાં સાંપ પણ તેમાં ભરાયેલાં હોય છે. બીજાં તમામ શાકને, પાણીમાં પલાળ્યાં પછી, હજુ કદાચ સુધારી શકાય, પરંતુ, ભાજીપાલાંને તો, જયણાપૂર્વક ચૂંટ્યા બાદ, ચાયણીમાં ચાળ્યા પછી જ વાપરવાં. કારણ કે, તેમાં ઘણી વાર ઈયળો-જીવાંતો નીકળે જ છે.

(६१) કોઈ શાકભાજી સમાર્યા વગર આખાંને આખાં ન રાંધવા. ભીંડા આડા ન સુધારવાં, ઉભા સુધારતી વખતે પણ ખૂબ જયણા રાખો. શાક સમારતી વખતે, વાતચીત કરવી, ટી.વી. જોવું કે અન્ય પ્રવૃત્તિ કરવી નહીં. શાક બરોબર ધ્યાનથી જોવું. જો ઈયળ નીકળે તો તેને નાનાં વાસણમાં એકત્ર કરી, જયણાપૂર્વક, સલામત સ્થળે મૂકી દેવી. ઈયળવાળાં ફોતરાં પણ, યતનાથી સલામત સ્થળે છોડવાં. ભીની વાટકીમાં ઈયળો ન નાખવી. પરંતુ એકદમ કોરી વાટકીમાં ઈયળોને ભેગી કરવી. ભેગી થયેલ ઈયળોને, ઘરની બારીમાંથી ફેંકી ન દેવાય. પરંતુ, નીચે ઉતરીને, જ્યાં તડકો ન હોય તથા જ્યાં લોકોની અવર-જવર ન થતી હોય, તેવાં ઠંડકવાળાં નિર્જન સ્થાનમાં જઈને, કાળજીપૂર્વક, છોડી આવવું.

(૬૨) શાક સમારવાનું કાર્ય નોકરોને ભરોસે ન છોડવું. મેથીની ભાજીમાં ખૂબ જ સૂક્ષ્મ કેસરી રંગની ઈયળો, લગભગ, હોય જ છે. ચારણીમાં ચાળવાથી, તેની જયણા થઈ શકે. ઓછી દૃષ્ટિવાળાંઓએ શાક સમારવું નહીં. આજે વર્તમાનમાં, શિયાળામાં મળનારી મેથીની ભાજીમાં નાની-નાની જીવાંતની ઉત્પત્તિ તથા વિરાધના પુષ્કળ પ્રમાણમાં વધી ગયેલ હોવાથી, જો શક્ય બને તો, કાયમ માટે, મેથીની ભાજીનો વપરાશ, છોડી જ દેવો જોઈએ.

(૬૩) ઝાંડને બરાબર સાફ કરીને, ચુસ્ત ડબ્બામાં રાખો. તેને ભેજ લાગતાં, તેમાં પણ, ઘણીવાર ઝીણી-ઝીણી સફેદ ઈયળો થાય છે. તેથી, પૂર્ણ કાળજી રાખવી.

(૬૪) લાલ બોર મરચાંમાં, તે વર્ણની પુષ્કળ જીવાંત થવાની સંભાવના છે. તેથી, ખૂબ જયણાપૂર્વક, મરચાંને બરાબર જોઈ લેવાં. તેલ અને પાકાં મીઠાથી મોઈ દેવાથી, લાલ મરચાં સુરક્ષિત રહે છે. ત્યારબાદ, તેમાં જીવાંતોની ઉત્પત્તિ, પ્રાયઃ કરીને રહેતી નથી.

(૬૫) રાઈ, મરચાં, ધાણાંજીરું તથા અન્ય મસાલામાં, તેનાં જ વર્ણની ઝીણી-ઝીણી જીવાંતો થવાની ઘણી સંભાવના છે. તેથી, બરાબર

સાફ કરીને, બરણીમાં ભરવાં અને ઉપયોગ કરતાં પૂર્વે પણ ખૂબ બારીકાઈથી જોઈ લેવાં. આ ચીજોને જરાય ભેજ ન લાગે, તેનું પણ ધ્યાન રાખવું. ધાણાજીરાનાં પાવડરમાં શેકેલું પાકું મીઠું મિશ્ર કરવાથી, તેમાં જીવાંત પડતી નથી.

(૬૬) આખા ગંઠોડામાં પુષ્કળ જીવાંતની સંભાવના છે. તેથી, ગંઠોડા (પીપરામૂળ) નો તૈયાર પાવડર વાપરવો નહીં. કારણ કે, તેમાં, ગંઠોડા સાથે, પુષ્કળ જીવાંતો કૂટાયેલ હોય, તે સંભવિત છે. તેથી, આખાં ગંઠોડા લાવી, ખૂબ જ જયણાપૂર્વક જોઈને, ઘરે કૂટવાથી, મોટી જીવ-વિરાધનાથી બચી શકાય છે.

(૬૭) રોજબરોજની ઉપયોગી ચીજોને સાચવવાનાં ઉપાયો :

* પીપરામૂળના ડબ્બામાં, પારાંની થેપલી મૂકી રાખવાથી, જીવાંત પડતી નથ
* ચાની ભૂકીને ચાળીને જ વાપરવી. ચોમાસામાં કે ભેજવાળાં વાતાવરણમ તેમાં ઝીણી જીવાંત થવાની પૂરી સંભાવના છે.
* ઘઉં-બાજરા-ચોખા વગેરે અનાજનાં ડબ્બામાં, પારાંની થેપલી મૂકી રાખવાથી, તેમાં જીવાંત પડતી નથી.
* બાજરાનાં ડબ્બામાં, કડવાં લીમડાંનાં પાન મૂકી રાખવાથી, તેમાં જીવાંત પડતી નથી.
* તુવેરની દાળ, દીવેલથી મોએલી હોય, તો જીવાંત થતી નથી.
* ચોખા-મગને, તેલ અથવા બોરિક પાવડરથી મોઈ દેવાથી, જીવાંત પડતી નથી.
* મસાલાંનાં ડબ્બામાં, પાણીનાં છાંટા ન પડે, તેનું ખાસ ધ્યાન રાખવું
* મસાલાંના ડબ્બામાં, કાચું મીઠું સાથે ન રાખવું. તેને જુદાં ડબ્બામાં ભરવું. નહીંતર, મીઠાના અંશો પડવાથી, બીજો મસાલો પણ સચિત્તયુક્ત થઈ જશે.

(૬૮) <u>રસોડાંની જયણા :</u>

* ખાદ્યપદાર્થોનાં વાસણો ખુલ્લાં ન રાખો.
* ગેસ-સ્ટવ વગેરે પેટાવતાં પહેલાં, પૂંજણીથી બરાબર પૂંજી લો.
* સૂર્યોદય પહેલાં ચૂલો પેટાવવો નહીં અને સૂર્યાસ્ત પછી ચૂલો

પેટાવવો નહીં, ચાલુ રાખવો નહીં.

* રસોઈ બનાવતાં પહેલાં, લોટ-ધાન્ય ચાળી લો, બરાબર જોઈ લો.
* ખાલી વાસણો ઉંધા કે આડાં મૂકી રાખો. જેથી તેમાં જીવાંત પડીને ગુંગળાઈ ન જાય.
* ખાદ્ય પદાર્થો નીચે ઢોળાય કે વેરાય નહીં, તેની પૂરી કાળજી રાખો. ઢોળાય, તો તરત જ સાફ કરો. વારંવાર પોતું કરવાનો ઉપયોગ રાખો.
* ખાંડને દૂધ-ચા માં નાંખતા પહેલાં, રકાબીમાં પહોળી કરીને બરાબર જોઈ લો, તેમાં કીડી કે અન્ય જંતુ તો નથીને ?
* ઘણીવાર, સાકરનાં ડબ્બામાં કીડીઓ ચઢી જવાની સંભાવના હોય છે. તેથી, ચૂલા ઉપર રહેલ, દૂધ-ચા વગેરે કોઈપણ પદાર્થમાં, સીધે-સીધી સાકર ન નાંખવી. પરંતુ ધીરે-ધીરે તપાસીને, જયણાપૂર્વક, જોઈને નાંખવી. જેથી, અંદર જો કીડી હોય, તો બચી જાય.
* રસોડાંના ચૂલા ઉપર, લાઈટની આસપાસ ઉડતી જીવાંત, ચૂલા પર કે તપેલીમાં પડે તો મરી જાય. તેથી, ચૂલા ઉપર લાઈટને ન ગોઠવવી.

(૬૯) <u>રસોડાંની વિશેષ જયણા :</u>

* પર્વતિથિનાં દિવસે કે ઉપધાન વગેરેમાં, આંબોળિયાનું શાક ઘણીવાર વાપરવામાં આવે છે. તેનાં પોલાણમાં, જીવાંત થઈ જાય છે. તેથી, ઝીણાં ટૂકડાં કરીને, બારીકાઈથી, બરાબર જોઈ લીધાં બાદ જ, આંબોળિયાંનો ઉપયોગ કરવો.
* રસોડું સાંજે આટોપાઈ જાય એટલે ગેસના બર્નર ઉપર કપડું બાંધી દેવું જોઈએ. જેથી, બર્નરનાં કાણાઓમાં કોઈ જીવાંત પેસી ન જાય. સવારે પૂંજણીથી પૂંજવાથી, ઉપર ફરતી જીવાંતોની જયણા થાય. પરંતુ કાણામાં ઘુસી ગયેલ જીવાંતનું શું ? તેથી, બર્નર ઉપર કપડું બાંધવું, એ જયણાની ઉત્તમ પ્રક્રિયા છે.
* પૌંઆ અને મમરામાં પુષ્કળ જીવાંત થવાની સંભાવના છે. તેથી, તે બંનેનો ઉપયોગ કરતાં પૂર્વે, ચાયણીથી બરાબર ચાળી લેવાં

અને બારીકાઈથી તપાસી લેવાં. લોટનો ઉપયોગ કરતાં પૂર્વે પણ, લોટને બરાબર ચાળી લેવો.

* દિવસે વપરાયેલાં પાણી કે રસોઈનાં વાસણો, ધોવાઈ ગયાં પછી, કોરાં કપડાંથી લૂંછીને, યોગ્ય ઠેકાણે, ઊંધા મૂકી દેવા જોઈએ. તે વાસણો, લીનાં ન રહેવાં જોઈએ.
* લીંબુનાં ફૂલની બનાવટ મહાહિંસક છે. માટે, તેનો ઉપયોગ ટાળો.
* સીંગદાણા, ચણા, કીસમીસ વગેરે ચાળીને અને વીણીને જ વાપરવાં જોઈએ. તેમાં પણ, ઘણીવાર, જીવાંતો જોવા મળે છે.
* બળતણ માટેનાં લાકડાં - કોલસા, પૂંજીને, જમીન ઉપર ઠપકારીને, પછી જ વાપરવાં જોઈએ. કોલસાંને વાપરતાં પહેલાં, ચાયણીથી ચાળી લેવાં જોઈએ. જમીન પર ઠપકારવાથી, અંદર પોલાણમાં ભરાયેલી, નાની-નાની જીવાંત બહાર આવી જાય છે.
* અનાજ-લોટ વગેરે ચાળવાં માટે, અલગ-અલગ ચારણાં-ચારણી ઘરમાં હોવાં જોઈએ. તેનો નીચે પ્રમાણે ઉપયોગ કરી શકાય :

(૧) ઘઉંનો ચારણો : ઘઉં, મમરા, પૌંઆ, દાળિયાં, શીંગ, આખી સૂંઠ, ગંઠોડા, મોટાં કઠોળ વગેરે ચાળવાં માટે.
(૨) ચોખાનો ચારણો : મગ, ચોખા, જીરું, મેથી વગેરે નાનાં દાણાં માટે
(૩) લોટની ચારણી : મસાલાંના પાવડર તથા લોટ ચાળી શકાય.
(૪) મેંદાની ચારણી : આમચૂર વગેરે બારીક મસાલા તથા મેંદા માટે.

અલગ-અલગ, ચારણાં રાખવાની માથાકૂટ ટાળવાં માટે, અલગ-અલગ જાળીવાળાં ચારણાં પણ બજારમાં મળે છે. પરંતુ, તેમાં નવી જાળી નાંખતા પૂર્વે, આખી ચાયણી વ્યવસ્થિત સાફ કરવી. જેથી, દ્વિદળનો પ્રશ્ન ન રહે.

* ભાતનાં ઓસામણને ઠંડુ પાડતાં પૂર્વે, નિકાલ ન કરવો. બાકી, ઠંડુ કર્યાં વગર, ગરમાગરમ ઓસામણ જો કાઢી નંખાય તો જ્યાં જ્યાં પણ તેનો પ્રવાહ જશે, ત્યાં ત્યાં બીજાં જીવોની હિંસા તથા વિરાધના થશે.

(૭૦) એઠું મૂકો નહીં, થાળી ધોઈને પીઓ. થાળી સ્વચ્છ ધોઈને, ચોખ્ખાં નેપકીનથી લૂંછી નાંખો. તે નેપકીન છેલ્લે ધોઈને સૂકવી દેવો. એઠાં ખોરાક અને પાણીમાં, બે ઘડી બાદ, અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે.

(૭૧) ગરમ રસોઈનાં વાસણ, સીધાં જમીન ઉપર ન મૂકો, સ્ટેન્ડ ઉપર મૂકો. વાસણ ગરમ હોય તો, તેનાં સ્પર્શથી કીડી વગેરેની વિરાધના સંભવિત છે. ગરમ વાસણ સીધે-સીધાં જાળમાં, ધોવા ન મૂકવાં. અપકાયનાં જીવોને પણ ખૂબ કિલામનાં થાય.

(૭૨) જમતી વખતે, ભોજનની થાળી-વાટકી, પાટલાં ઉપર મૂકીને જમો. ગરમ વાનગીથી, થાળી-વાટકી ગરમ થતાં, કીડી વગેરેની વિરાધના ન થાય તે માટે પાટલો જરૂરી છે. ભોજનની થાળી મૂકવાનો પાટલો સ્થિર રાખવો. તે ડગમગતો હોય, તો કીડી વગેરે સૂક્ષ્મ જંતુ દબાઈ જવાની સંભાવના છે.

(૭૩) ઘરમાં કીડીઓ, મચ્છર વગેરે ખૂબ થયાં હોય ત્યારે 'કીડી-મચ્છર વગેરેનો ખૂબ ઉપદ્રવ છે.' 'માખીનો ખૂબ ત્રાસ છે.' વગેરે વાક્યપ્રયોગો ન કરવા. 'માખી-મચ્છર-કીડી બહુ વધી ગયાં છે' - એમ કહી શકાય. 'ત્રાસ' કે 'ઉપદ્રવ' શબ્દનો પ્રયોગ, દિલમાં કઠોરતાં અને ક્રૂરતાનાં ભાવ પેદાં કરે છે.

(૭૪) જિનાલયમાં પ્રભુજીનો પક્ષાલ અંધારામાં ન કરવો. અંધારામાં પક્ષાલ કરવાથી, કીડી-વાંદા આદિ નાની-નાની જીવાંતોની જયણા સચવાતી નથી. ડેરીનું દૂધ પણ વાસી હોય છે, તેનાથી, પ્રભુજીનો પક્ષાલ, જો શક્ય હોય તો, ન કરવો.

(૭૫) પ્રભુજીનાં અંગ ઉપરથી નિર્માલ્ય ઉતારીને, મોરપીંછ પ્રભુજીનાં અંગ ઉપર ફેરવવું. પૂંજણીથી પબાસણ બરોબર પૂંજી લેવું. ત્યાર પછી જ, પક્ષાલ કરવો. પ્રભુજીનાં અંગ ઉપરથી ઉતારેલાં ફૂલ વગેરે નિર્માલ્યને, અભિષેકનાં જળની બાલદીમાં, ભેગું ન નાંખવું. અલગ જગ્યાએ, ધીમેથી મૂકવું. જેથી, તેમાં રહેલી નાની-નાની જીવાંતો મરી ન જાય.

(૭૬) દીવામાં ઘી પૂરતી વખતે, નીચે ન ઢોળાય, તેનું ખાસ ધ્યાન રાખવું. કારણ કે, ઢોળાયેલ ઘીની સુગંધથી, ઢગલાબંધ કીડીઓ

No.
Date

જીવાઈને આવશે અને મરી જશે.

(७७) દેરાસરમાં કલાકે-કલાકે કાજો લેવો. જેથી, કીડી-મંકોડાની વિરાધનાથી બચી શકાય. દર ત્રણ મહિને વ્યવસ્થિત જિનાલયની શુદ્ધિ કરવી, જેથી, નવી જીવોત્પત્તિ અને વિરાધનાનો દંડ ન લાગે.

(७८) દેરાસરમાં જયણા :

★ નૈવેદ્ય અને ફળ, પોતાનાં હાથે, તેનાં માટે દેરાસરમાં રાખેલાં, ડબ્બામાં મૂકી દો. જેથી કીડીઓ ન થાય.

★ જાસૂદ વગેરે કેટલાંક પુષ્પો સુવાસિત અને ઉત્તમ હોવાં છતાંય, તેમાં કીડી કે જીવાત ખૂબ થઈ જતી હોય છે. તો, તેવાં ફૂલોનો ઉપયોગ ટાળવો અથવા ખૂબ જયણા રાખવી.

★ નિર્માલ્ય પુષ્પોનો ઢગલો, ઘણો વખત સુધી પડ્યો રહે, તો તેમાં, ઘણી જીવાત થવાની સંભાવના છે. નિર્માલ્યનાં નિકાલમાં, વિધિ અને જયણા ખૂબ જાળવવી. જેથી, તેમાં રહેલ કીડી આદિ જીવોની વિરાધના ન થાય.

★ જિનપૂજામાં ઉત્તમ અને ઉચ્ચ દ્રવ્યો વાપરવાં. શુદ્ધ દ્રવ્યો વાપરવાં. બહારની કે અભક્ષ્ય મિઠાઈ, નૈવેદ્ય તરીકે વાપરવી નહીં.

(७९) સામાયિક આદિ ક્રિયામાં, કટાસણું - સફેદ અને ભરતકામ વગરનું વાપરવું. તો, કીડી આદિ જીવોની જયણા વ્યવસ્થિત રીતે પળાય. ચરવળો લાકડાંની દાંડીનો રાખવો, પ્લાસ્ટીકની દાંડીનો ઉપયોગ ન કરવો. ચરવળાની દસી, ઉનની-કોમળ રાખવી. જેથી, કીડી આદિને દૂર કરતી વખતે, તેમને તકલીફ ન પડે.

(८०) દેરાસરમાં કે ઉપાશ્રયમાં કાજો લેવાં માટે, મોરપીંછનું મોટું દંડાસન રાખવું. પૂજન નીમિત્તે થતાં જમણવારો, સંઘ સ્વામીવાત્સલ્ય વગેરેમાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક, જયણા વગેરેનું સંપૂર્ણ પાલન થવું જોઈએ. આવાં સંઘના જમણવારોમાં કેટરીંગ પદ્ધતિ તો જરાય અપનાવવાં જેવી નથી. જો જમણવાર બાદ, સાફ-સફાઈ બરાબર ન થાય, તો ઢગલાબંધ કીડીઓ થાય અને અવર-જવર કરનારાંના પગ નીચે, દબાઈને મરી જાય.

(૮૧) સ્વામિવાત્સલ્ય આદિ તો બને ત્યાં સુધી, સાંજે ન રાખવાં. રાત્રિભોજન ન થાય, તેનો ખૂબ ઉપયોગ રાખવો. સાંસારિક પ્રસંગોમાં પણ, સામૂહિક રાત્રિ-ભોજન કરાવવું નહીં. જે સંસારીઓને ખુશ કરવા તમે સામૂહિક રાત્રિભોજન કરાવીને, કર્મથી ભારે થાવ છો, તે સંસારીઓ, શું દુર્ગતિમાં મળનારી ભયંકર પીડા-વેદનામાં ભાગ પડાવવાં આવશે ?

(૮૨) ગાદલાં નીચે, તમાકુનાં પાન રાખવાથી, માંકડની ઉત્પત્તિ થતી નથી. ઘોડાવજને પાણીમાં મિશ્ર કરી, અવારનવાર, ખાટલાં-પલંગ પર છાંટતાં રહેવાથી, માંકડની ઉત્પત્તિ થતી નથી. માંકડ થયાં હોય તો, તમાકુનાં પાન કે ઘોડાવજનાં પાણીનો ઉપયોગ ન કરવો. તેવાં સંજોગોમાં, લીમડાંનાં સૂકાં પાન મૂકી શકાય.

(૮૩) કોઈપણ જગ્યા વાપરતાં પહેલાં, જયણાપૂર્વક, ઝાડુ ફેરવી લો. પરંતુ, જંતુનાશક દવા વાપરવી નહીં. તેનો વેપાર પણ કરવો નહીં. બાથરૂમનો ઉપયોગ કરતાં પૂર્વે, મૃદુતાથી ઝાડુ ફેરવી લો.

(૮૪) પર્વતિથિઓ અને પર્યુષણ આદિ ૬ અઠ્ઠાઈઓમાં, અનાજ દળવું નહીં. આ બધી કાળજી રાખવાથી, નિર્દોષ કીડી-ધનેરાં વગેરે જીવોની હિંસાથી બચી શકાશે.

(૮૫) ટેબલ, પલંગ વગેરે કોઈપણ સામાન, જમીન પર ઘસીને ન ખેંચો, ઊંચકીને ફેરવો. કબાટ, બેગ, ડબ્બા, ડબ્બી વગેરે ચુસ્ત બંધ કરીને રાખો, અર્ધખુલ્લાં ન રાખો. જેથી કીડીઓ ન ચડે અને તેમની વિરાધના ન થાય.

(૮૬) ઘરનાં ઓરડાંની દિવાલો, છત વગેરે પણ, ૨-૩ દિવસે જયણાપૂર્વક સાફ કરો. જેથી, કીડીઓનાં નવાં દર વગેરે બને જ નહીં.

(૮૭) શરીરનાં હાથ વગેરે ખુલ્લાં ભાગ ઉપર, ક્યાંય પણ, ખંજવાળ આવે તો, ખંજવાળતાં પહેલાં, બારીકાઈથી ત્યાં જોઈ લો. અથવા

No.

Date

હાથ દ્વારાં હાથરૂમાલને ત્યાં ફેરવી જુઓ. જેથી, કોઈ ઝીણી જીવાંત ત્યાં ચોંટી હોય, તો તેની જયણા થઈ શકે.

(૮૮) કપડાં ધોવાં નાંખતા, પહેલાં, આગળ-પાછળ કરીને, ઉંધા-ચત્તા કરીને તથા ખીસ્સાં બહાર કાઢીને, બરાબર જોઈ લેવાં.

(૮૯) કોઈપણ નાનાં કે મોટાં વાસણમાં પાણી, ખાદ્યપદાર્થો, અનાજ કે કોઈપણ ચીજ ભરતાં પહેલાં, બરાબર જોઈ લો કે તેમાં ખૂણે-ખાંચરે પણ કોઈ સૂક્ષ્મ જંતુ તો નથી ને?

(૯૦) કોઈપણ ચીજ-વસ્તુ મૂકતાં પહેલાં, જમીન ઉપર દૃષ્ટિ બરાબર ફેરવી લો. છત તથા દિવાલનો ઉપરનો ભાગ સાફ કરવાં માટે લાકડી સાથે બાંધેલી, મુલાયમ સાવરણીનો ઉપયોગ કરવો.

(૯૧) સ્મશાનમાં ચિતામાં બાળવાં માટેનાં, એક-એક લાકડાંને, વ્યવસ્થિત પૂંજી લેવાં જોઈએ અને જમીન ઉપર ઠપકારી-ઠપકારીને પછી જ, વાપરવાં જોઈએ. જમીન ઉપર ઠપકારવાથી, અંદર પોલાણમાં ભરાયેલી જીવાંત, બહાર નીકળી જાય છે. તેની હિંસાથી બચી શકાય છે.

(૯૨) પુસ્તકોમાં તથા કપડામાં કંસારી વગેરે ઝીણી જીવાંત થવાની સંભાવના છે. વ્યવસ્થિત દૃષ્ટિથી કપડાં-પુસ્તકો જોતાં રહેવું. કંસારી વગેરે નજરે પડે તો, મોરપીંછીથી સૂપડીમાં લઈ સુરક્ષિત સ્થાને મૂકી દેવાય. પુસ્તકો ખુલ્લાં ન રાખવાં. ખુલ્લાં મૂકી રાખવાથી, તેમાં કીડી વગેરે જીવાંત ચડી જાય અને પછી પુસ્તક બંધ કરવાથી, તે ચગદાઈ જાય છે, મરી જાય છે.

(૯૩) ઘરમાં કાનખજૂરો દેખાય, તો મુલાયમ પૂંજણીથી સૂપડીમાં લઈને દૂર મૂકી દેવો.

(૯૪) કપડાનાં કબાટમાં, નીચે કાળી જીરી વેરી, તેની ઉપર એક કપડું પાથરવું. પછી બધાં કપડાં મૂકવાં. તેમ કરવાથી, કબાટમાં જીવાંત થતી નથી.

(९५) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયું અને વનસ્પતિ સિવાયનાં, જે ત્રસ જીવો છે, તેની રક્ષા પણ, શ્રાવકો દ્વારાં થતી નથી. ગાડી, સ્કૂટર વગેરે વાહનોનો બેફામ ઉપયોગ વધવાથી, તેનાં પૈડાંઓ નીચે તો, સેંકડો ત્રસ જીવોનો સંહાર થતો હોય છે. મકાનો વગેરે બાંધવા-બંધાવવામાં તો, ત્રસ જીવોની એટલી ઘોર હિંસા થાય છે કે, તેનો કોઈ સુમાર નથી.

(९६) એક છોકરીએ, છ કર્મગ્રંથ સુધીનો અભ્યાસ કરેલો હતો. સગપણ થયું અને કોઈ કારણે સાસરિયામાં - ગામડે જવાનું થયું. ત્યાં, છાણાં બાળીને રસોઈ બનાવવાની હતી. એક છાણું તોડ્યું, તો તેમાંથી કીડો નીકળ્યો. હૃદયમચી ગઈ. 'આવાં તો કેટલાંય જીવોનો સંહાર કરીને, આ સંસારી જીંદગી ચલાવવાની ! પાપ કરીને, સંસારનાં ક્ષણિક સુખો ભોગવવાં કરતાં, સંયમ જીવન શું ખોટું ?' આવું વિચારી, તે છોકરીએ, ટૂંક સમયમાં જ, સંસારનો ત્યાગ કરી, દીક્ષા લઈ લીધી.

આજે તો, ગેસ અને વીજળી શોધાઈ ગયાં છે. તેની હિંસા તો, છાણાં - લાકડાં કરતાં પણ, અનેક ગણી વધારે છે. સંસારમાં રહીને, સંપૂર્ણ જીવદયા પાળવી, ખૂબ જ મુશ્કેલ છે. જીવદયા પ્રેમી હોય અને ઘોરાતિઘોર હિંસાનાં પાપથી બચવા ઝંખતા હોય, એવાં પાપભીરુ આત્માઓએ તો, વહેલી તકે, આ સંસારને છોડીને, સાધુજીવનનો સ્વીકાર કરી લેવો જોઈએ. સાધુજીવનમાં, પૃથ્વી- પાણી- અગ્નિ- વાયુ- વનસ્પતિ કે ત્રસ જીવોની, કોઈની પણ, હિંસા કર્યા વિના, સમગ્ર જીવન નિર્વાહ, સુખ- સમાધિ- સમતા પૂર્વક કરી શકાય છે. પ્રભુવીરે સમગ્ર હિંસાથી બચવાં માટે બતાવેલી જીવન પદ્ધતિ એટલે - 'સાધુ-જીવન'.

(९७) ઘર-દુકાન વગેરેમાં, કીડી સ્પષ્ટ દેખાય, તેવું ફ્લોરીંગ હોવું જોઈએ. ચાલતાં કે કોઈપણ કાર્ય કરતાં પહેલાં બરાબર જુઓ. રસોડામાં સવારે રસોઈનાં સાધનોનો ઉપયોગ કરતાં પહેલાં, પુંજણીથી પૂંજો. બારી-બારણાં ખોલ-બંધ કરતાં, ઘર વગેરે વાપરતાં, કાળજી નહીં રાખો તો, તમારાં હાથે કોઈ જીવોનો સંહાર થઈ જશે.

No. Date

(૯૮) ઘરમાં કીડી, માખીઓ, મંકોડા, મચ્છર, વાંદા વગેરે જીવાત ઉત્પન્ન ન થાય, તે માટે, પહેલેથી સ્વચ્છતા જાળવવી જોઈએ. જ્યાં ત્યાં એંઠવાડો, ખાંડ, દૂધ, ઘી વગેરે ન પડે, તેની કાળજી રાખવી જોઈએ. કચરો, કેળાંની છાલ, કેરીનાં ગોટલાં વગેરે જ્યાં-ત્યાં ફેંકો નહીં. ઘરમાં, વસ્ત્રો વગેરે જેમ-તેમ, જ્યાં-ત્યાં પડ્યા ન રાખો. ઘરની ચીજ-વસ્તુઓ પણ જેમ-તેમ પડેલી ન રાખો. ઘરમાં હવા-ઉજાસ પણ હોવાં જોઈએ. સ્વચ્છતા અને હવા-ઉજાસની જાળવણીથી, જંતુઓનો ઉપદ્રવ અટકે છે. અને તે સંબંધી વિરાધનાથી બચી જવાય છે.

(૯૯) નવું મકાન બનાવતી વખતે, સ્લેબ ઉપર લાદી જડતાં પહેલાં, ડામરનાં રસનું પાતળું પડ પાથરી દેવાથી, મકાનમાં ઉધઈ થતી નથી.

(૧૦૦) ગાડાં, ગાડાંની ધુસરી, પૈડાં વગેરે અંગો ઘડવાં, ઘડાવવાં, વહન કરવાં, કરાવવાં, વેચવાં, વેચાવવાં; સાયકલ-સ્કૂટર-કાર-રીક્ષા-ટેક્સી-ટ્રેન-વિમાન વગેરે બનાવવાં, વેચવાં, વેચાવવાં; તેનાં અંગો વગેરે ઘડવાં, ઘડાવવાં, વેચવાં, વેચાવવાં વગેરે વ્યવસાય કે નોકરી; આ ઉપરાંત, રથ-ઘોડાગાડી-લારી વગેરે કે તેનાં અંગો ઘડવાં, ઘડાવવાં, ફેરવવાં, વેચવાં, વેચાવવાં વગેરે, સર્વ વ્યવસાયોનો ત્યાગ કરવો. કારણ કે, આ બધાં યાંત્રિક વાહનોથી છકાયનાં જીવોની, વિશેષથી હિંસા થાય છે. કીડી વગેરે વિકલેન્દ્રિય જીવો પણ, આ વાહનોનાં પૈડાં નીચે, ઘણી મોટી સંખ્યામાં, કચડાઈને મરી જાય છે. તેથી, આપણે ભલે કીડીને (direct) ન મારીએ, પરંતુ, આ વાહનોને વેચવાં દ્વારાં, તે વાહનોનાં વેચાણ બાદ, તે વાહનો દ્વારાં થનારી તમામ જીવહિંસાની ભાગીદારી, આપણી થઈ જાય છે. કારણ કે, કરવું-કરાવવું-અનુમોદવું-એ ત્રણેયનાં સરખાં ફળ કહ્યાં છે.

(૧૦૧) ગાડાં, બળદ, ઊંટ, પાડા, ગધેડા, ઘોડા, ખચ્ચર વગેરે પાસે ભાડાં માટે, ભાર ખેંચાવડાવવો; ગાડાં, ગાડી, મોટરો, સાઈકલો, રીક્ષાઓ, વિમાનો વગેરે વાહનોથી ભાડાં ઉપજાવવાં; વેપાર માટે મકાન બનાવવાં કે ભાડાં ઉપજાવવાં; ટ્રાન્સપોર્ટનો ધંધો કરવો → આ બધામાં છજીવનિકાયની હિંસા થતી હોવાથી, આવાં વ્યવસાય કે નોકરી ત્યાજ્ય છે.

(१०२) ખાંડણીઓ, સાંબેલું, ઘંટી, પાણીના રેંટ વગેરેનો વ્યવસાય; વાળ ઓળવાની કાંસકી વગેરેનો વ્યવસાય; તલ, શેરડી, સરસવ, એરંડા, અળસી વગેરેને ઘાણી, ફેક્ટરી વગેરે યંત્રોથી પીલવાનો વ્યવસાય; પંપ-બોરિંગ વગેરે પાણીનાં યંત્રો ચલાવવાનો વ્યવસાય; વરાળ, ઘાસતેલ, પેટ્રોલ કે વીજળીનાં બળથી ચાલતી કોઈપણ ફેક્ટરીઓ, મિલો, કપાસ લોઢવાનાં જીન, પ્રેસ વગેરેનો વ્યવસાય, ખેતી માટેનાં - ઘાસ કાપવાનાં કે ખેડ કરવાનાં યંત્રો ચલાવવાનો વ્યવસાય; આદિ યાંત્રિક વ્યવસાયમાં પુષ્કળ ત્રસ અને સ્થાવર જીવોની હિંસા થતી હોવાથી, તે ત્યાજ્ય છે.

(૧૦૩) ઘરનું લોયતળિયું, ફ્લોરીંગ - ઘેરા રંગનું કે ઝીણી-ઝીણી ડીઝાઈનવાળું ન કરાવવું, રંગબેરંગી કલરફૂલ ન કરાવવું. તથા, ખાસ કરીને, રસોડાંના પ્લેટફોર્મ, મોરી વગેરેમાં ડાર્ક કલરનાં granite- marble વગેરે ન નંખાવવા. જેથી, કામ કરતી વેળાએ, ચાલતી વેળાએ, વસ્તુઓ લેતાં-મૂકતાં, કીડી, મંકોડા આદિ જીવોની દબાઈને - કચડાઈને હિંસા ન થાય. જમીનની લાદી, જો સફેદ અથવા લાઈટ કલરની ન હોય, તો નાનાં જીવો, ન દેખાવાનાં કારણે, જોવાં છતાંય, તેમની જયણા પાળી શકાતી નથી.

(૧૦૪) જો શક્ય બને તો, ઘરમાં - ઓફીસમાં - દુકાનમાં ગાલીચાં વગેરે ન વાપરવાં. કારણ કે, આ carpet - ગાલીચાંની નીચે આવી જનાર, કીડી આદિ જીવોની જયણા ન પાળી શકાય. તેથી જ, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો, જમીન પર પથરાયેલ carpet - ગાલીચાં ઉપર પગ મૂકવાનું કે ચાલવાનું ટાળે છે. તે ગાલીચાદિ ખસેડી નંખાય, તો પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો વહોરવાં-પગલાં કરવાં આવી શકે છે. અથવા તો, ગાલીચા- carpet આદિને લાદી સાથે પૂરેપૂરાં ચોંટાડી દેવાય, તો હજુ વાંધો ન આવે.

(૧૦૫) ઘરમાં, ઘરનો સામાન, ફર્નીચર, ડબ્બા, ટેબલ વગેરે જો એક જ જગ્યાએ પડેલાં રહેશે તો, એની નીચે અથવા પાછળ અનેક જીવજંતુઓ ભરાઈ જશે. તેથી જો, શક્ય હોય તો, સામાન-વસ્તુની જગ્યા,

No
Date

દર થોડાં-થોડાં દિવસે, બદલવી અથવા સામાન ખસેડીને, એની નીચે તથા પાછળ, નિયમીત તેની સફાઈ કરવી અને જો શક્ય હોય, તો એ વસ્તુની નીચેનો ફર્શ-જમીનનો ભાગ ખુલ્લો રહે તે રીતે કરવું. જૂનો, ભંગારમાં આપવાનો સામાન, એક જ જગ્યાએ પડી રહેવાથી, એમાં પુષ્કળ જીવજંતુઓ ભરાઈ જશે. એટલાં માટે, જે વસ્તુઓનો ઉપયોગ નથી, તે બીજાં કોઈને અથવા ભંગારવાળાને તરત આપી દેવી. બહુ દિવસ ઘરમાં સંગ્રહી રાખવી નહીં. વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ પણ, ઘરમાં અનુપયોગી વસ્તુઓ રાખવાથી, વાસ્તુમાં ભાર પણ આવશે અને આપણાં મગજમાં મૂંઝવણો વધશે. જીવહિંસા પણ વધશે, કર્મબંધ પણ વધશે અને દુર્ગતિનું Reservation પણ થઈ જશે. ચાલશે ને?

(૧૦૬) ગૅસ-સ્ટવ વગેરે પેટાવતાં પહેલાં, પૂંજણીથી બરાબર પૂંજી, પ્રમાર્જતાં વખતે દુહો બોલવો અને ધ્યાનથી પ્રમાર્જવું.

દુહો : " ખસો જીવો ચૂલેથી પેલે પાર,
બળશે હમણાં અગ્નિ જ્વાળ,
નહીં બાળું, નહીં દઝાડું,
જયણા કરી, તમોને જીવાડું.
ષટ્કાયજીવને દેવાં અભયદાન
હે આત્મન્! આપો અનુકંપા દાન,
સુપાત્રદાનની કરવી ભક્તિ, જેથી પમાય જલ્દી મુક્તિ ...."
— આ. નંદિઘોષ સૂરિજી

આવાં શબ્દ પ્રયોગો કોમળતાં જાળવવાં માટે અને વધારવાં માટે કરી શકાય.

(૧૦૭) ઘરમાંથી કચરો કાઢ્યાં પછી, આધુનિક ઝેરી ફિનાઈલ વગેરે જંતુનાશક પદાર્થોનો ઉપયોગ પોતું મારવા માટે ન કરવો. પાણીનું પોતું તો હંમેશા સૂકો કચરો કાઢ્યાં પછી- સૂકું ઝાડું ફેરવ્યાં પછી જ કરવું. સાદા પાણીથી પોતું કરીને, પછી એક નાની બાલદીમાં, ૨ ચમચી ઘાસતેલ નાંખીને, તે પાણીથી પાછું પોતું કરવું. પણ, ઘાસતેલનાં પાણીવાળું પોતું, રૂમનાં વચલા ભાગમાં જ, ભીંતથી ૧½-૨ ફૂટ દૂર, સુધી જ કરવું. જેથી, ઘાસતેલની વાસથી, જીવડાંઓ ભીંત

KOKUYO W-NB280U

Date

પાસે જઈ, સ્વ-સ્થાને જતાં રહેશે.

(૧૦૮) જેમાં કીડીઓની હિંસા, મોટા-પ્રમાણમાં થતી હોય, એવી કંપનીઓ- મિલો ચલાવવી નહીં. એવાં પદાર્થોનો વ્યાપાર, direct કે indirect કરવો નહીં. આવી મોટી જીવહિંસા જેમાં થતી હોય, એવી કંપનીઓનાં શેર ખરીદવાં નહીં. બાકી, થોડાં ઘણાં પણ શેર ખરીદવાથી, તે કંપનીમાં થતી, તમામે તમામ જીવહિંસાનો દંડ આપણાં માથે લાગી જાય છે.

આ રીતે, આપણાં રોજિંદા જીવનમાં ચાલતી કીડી, મંકોડા આદિ વિકલેન્દ્રિય જીવોની હિંસાથી શક્ય એટલો બચવાનો વધુમાં વધુ પ્રયત્ન કરવો.

## તેઈન્દ્રિય જીવનો વિભાગ સમાપ્ત (THE END)

# ચઉરિન્દ્રિય જીવો



વ્યાખ્યા: જે જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય → એમ ચાર ઈન્દ્રિયો હોય, તે 'ચઉરિન્દ્રિય' કહેવાય.

દા.ત: વીંછી, બગાઈ, ભમરાં, ભમરી, તીડ, મધમાખી, માખી, ડાંસ, મચ્છર, કંસારી, કરોળિયો, ખડમાંકડી, વાંદા (cockroach), પતંગિયું, આગિયો, તીતીઘોડા (grasshopper) વગેરે ચઉરિન્દ્રિય જીવો છે.

## ચઉરિન્દ્રિય જીવોની વિરાધનાથી બચવાનાં સરળ ઉપાયો:

(૧) સુદર્શનચક્રની જેમ ફરતાં ભમરાં પંખાની હડફેટમાં આવવાથી, ઘણીવાર માખી-મચ્છરો મરી જતાં હોય છે. પંખાની પાંખમાં ભરાઈને, કોઈ ઉડતી જીવાંત મરી ન જાય, તેવાં શુભ આશયથી, અમુક શ્રાવકો, પોતાનાં ઘરે અથવા ઑફિસમાં વસાવેલ ટેબલ-ફેન અથવા નાનાં સીલીંગ ફેનોની ઉપર જાળી-નેટ બેસાડે છે.

(૨) સ્વીચ-બોર્ડનાં કે સિલાઈ મશીનોનાં ખુલ્લાં કાણાઓમાં, ઘણીવાર ઉડતી જીવાંત અથવા ભમરાં-ભમરી પોતાનાં ઘર બનાવી દે છે. ત્યારબાદ, ગૃહસ્થ-સંસારીને ખ્યાલ ન હોવાથી, અચાનક સિલાઈ મશીનાદિનો ઉપયોગ શરૂ કરી દે છે, જેનાં કારણે, અંદર ભરાયેલ જીવાંતાદિની વિરાધના થાય છે.

(૩) સિલ્કનાં (રેશમનાં) કપડાંઓ બનાવવાં માટે, મોટી સંખ્યામાં - કોસેટાંનાં કીડાંઓને ઉકાળીને, તેમની હિંસા કરાય છે. ત્યારબાદ, રેશમી વસ્ત્રો (ભાઈઓ તથા બહેનો માટે) બનાવાય છે. તેથી, શક્ય બને તો સિલ્કનાં વસ્ત્રો પહેરવાં નહીં.

(૪) બાથરૂમ, toilet વગેરે સ્થળોમાં કોક્રોચાદિ જીવોની ઉત્પત્તિ તથા વિરાધના ન થાય, તે માટે, ફીનાઈલની ગોળીઓ (ડામરની ગોળીઓ) થોડે-થોડે અંતરે, જુદાં-જુદાં સ્થળે રાખી દેવી.

(૫) જીવોત્પત્તિનું મુખ્ય કારણ, ગંદકી અને સાફ-સફાઈ કરવાની આળસ છે. તેથી, કરોળિયાનાં જાળાંઓ મકાનમાં ન થઈ જાય તે માટે મકાનને નિયમીતપણે, સાફ-સફાઈ કરાવીને, ચોખ્ખું રાખવું. કારણ કે, ચોખ્ખાઈ-સાફ-સફાઈ માટે, મકાનમાં નિયમીતપણે, કાજો-ઝાડુ નીકળવાથી, કરોળિયાનાં જીવોને ઉત્પન્ન થવા માટેની યોનિ જ

તૈયાર ન થઈ શકે, તો પછી, ઉત્પન્ન થવાની કે વિરાધના થવાનો તો પ્રશ્ન જ ન રહે.

(૬) ચોમાસાં દરમ્યાન, ઘણાં જુદાં-જુદાં પ્રકારની, ઉડતી નાની-નાની જીવાંતોની ઉત્પત્તિ થઈ જતી હોવાથી, દરેક વસ્તુ, લેતાં કે મુકતાં, પૂંજવા-પ્રમાર્જવાનો પૂરેપૂરો ઉપયોગ રાખવાનો પ્રયત્ન શ્રાવકોએ અવશ્ય કરવો.

(૭) આજે વર્તમાનમાં, પૌષધ કરનારાં ઘણાં શ્રાવકો, પ્રાય: રાત્રિ-પૌષધ ન કરે અને જો કરનારાં હોય, તો આળસ-પ્રમાદને લીધે, ઉપાશ્રયમાં મચ્છર હોવાં છતાંય, મચ્છરદાની ન વાપરે. હવે પછી, આવી ભૂલ ન કરવી. રાત્રે સૂતી વખતે, મચ્છરદાની વાપરવાનો આશય – પ્રમાદ પોષવાનો કે દેહાધ્યાસ પોષવાનો નથી. પરંતુ, રાત્રે સૂતી વખતે, જ્યારે પડખાં ફેરવવાનાં હોય, ત્યારે પૂંજવા અને પ્રમાર્જવાનો ઉપયોગ, ઘર ઉંઘમાં, આપણને રહેતો નથી. તેનાં લીધે, પડખાં ફેરવતી વખતે, આપણાં શરીરાદિ અંગોની નીચે કીડી, માંખી આદિ કચડાઈને મરી જવાની શક્યતા છે. તેથી, મચ્છરદાની અવશ્ય વાપરવી.

(૮) ગરમ રસોઈ-પાણી-ચા આદિ ખાદ્ય પદાર્થો, જો ઢાંકીને ન રખાય, તો મચ્છર, માંખી, કંથવા આદિ ઉડતી જીવાંતો, તેમાં પડીને મરી જાય તેવી શક્યતા છે. તેથી, દરેક વસ્તુઓ ઢાંકીને જ રાખવી. સાબુનાં ફીણાદિમાં પણ, માંખી વગેરે પડવાથી મરી જાય, તેવી શક્યતા હોવાથી, તેને પણ ઢાંકીને જ રાખવું.

(૯) ઘણી વખત, લાંબા સમયથી પડી રહેલાં પુસ્તકોમાં, 'કંસારી'ની ઉત્પત્તિ થતી જોવા મળે છે, જેને ચઉરિન્દ્રિય જીવ તરીકે કહેવાય છે. આ જીવોની ઉત્પત્તિ તથા વિરાધનાથી બચવાં માટે, પુસ્તકોનાં કબાટમાં કે ખાનામાં, થોડાં-થોડાં અંતરે, ડામરની ગોળીઓ અથવા તમાકુનાં પાન અથવા લીમડાનાં પાન રાખી શકાય છે.

(૧૦) ઘણીવાર, સૂર્યાસ્ત બાદ, ચાલુ રહેલ બલ્બની આજુબાજુમાં, ઘણી બધી ઉડતી જીવાંતો આવીને ચોંટી પડે છે, અને તરત, મરી જાય છે. જો આવું જ્યારેક દેખાય, તો તરત જ, તે સ્થળની લાઈટનો વપરાશ ટાળી દેવો. ઘણીવાર, આ બધી ઉડતી જીવાંતોને જીવતે-જીવતી પકડીને, ચાવી જવા માટે, ગીરોળી, બલ્બની આજુબાજુમાં આવીને,

ચ્યોરય, એક પછી એક જીવાંતોને મોઢામાં પધરાવતી જાય છે.
આ વિરાધનાથી બચવા માટે, બલ્બ વગેરે લાઈટની બાજુમાં, જો
'મોર પીંછ' રાખવામાં આવે, તો મોર-પીંછના ભયથી, ગીરોળી
પ્રાયઃ કરીને બલ્બની બાજુમાં નહીં આવે. કારણ કે, ગીરોળી- સાંપ
વગેરે જીવોને મોરથી ઘણો મોટો ડર હોય છે.

(૧૧) મોટાં- મોટાં સ્ટેડિયમોમાં રમાતી ક્રિકેટ મેચમાં, મોટી-મોટી ફ્લડસ
લાઈટો વપરાય છે. આ ફ્લડસ લાઈટોને ચોંટી-ચોંટીને, લાખો-કરોડો,
નાની-નાની ઉડતી જીવાંતો મરી જાય છે. આ વિરાધનાનો દંડ, માત્ર
ક્રિકેટ રમનારાં ખેલાડીઓને નહીં, કે માત્ર આ રમત ગોઠવનારાં - સંચાલન
કરનારાં સંચાલકોને નહીં લાગે, પરંતુ, હોંશે- હોંશે રસપૂર્વક ક્રિકેટ
જોનારાં સમજુ શ્રાવકોને પણ આ વિરાધનાનો દંડ લાગે છે. બીજાં
કામ-ધંધા છોડીને, રસપૂર્વક ટી.વી. જોનારાઓને, શું અમારે, સમજુ
શ્રાવક તરીકે કહી શકાય? ગણી શકાય? ટી.વી. પરનાં ક્રિકેટમાં રસ
લેવાં માત્રથી અથવા ટી.વી. સીરીયલો વગેરે જોવાં માત્રથી, આપણાં
આત્માને કોઈ જ લાભ ન થાય, પરંતુ, મોટામાં- મોટી જીવ-વિરાધનાની
બિનજરૂરી નુકસાની વેઠવી પડે. એવામાં અમારાં સમજુ શ્રાવકો તો કઈ
રીતે જોડાય? એટલે કે, ન જ જોડાય, બરોબર ને?

(૧૨) <u>મધ અભક્ષ્ય</u>: માંખી, ભમરી, કુંતાની લાળમાંથી, ઉલ્ટીમાંથી
બનેલું છે. માખી ફૂલમાંથી રસ ચૂસે છે અને મધપૂડામાં ઓકે છે.
મધપૂડાં નીચે ધૂમાડો કરીને, માંખીઓને ઉડાડવામાં આવે છે. મધપૂડાંને
નીચોવતાં, અનેક અશક્ત માંખીઓ, બચ્ચાંઓ, ઈંડાઓ નાશ પામે છે.
નાશ પામેલ આ તમામની અશુચિ તો મધમાં ભળે જ છે. <u>રસજ જંતુઓ</u>
પણ તેમાં ઉત્પન્ન થાય છે. આમ, મધમાં ઘણી જીવહિંસા અને
નરકનું કારણ હોવાથી, વર્જ્ય છે, ત્યાગ કરવાં યોગ્ય છે. મધની
જગ્યાએ, તેનાં વિકલ્પ રૂપે, ઘી + સાકર ભેગાં કરીને, અથવા તો,
મુરબ્બાંની પાકી ચાસણી પણ ખુશીથી ચાલી શકે છે. તેથી, દવા
વગેરેનાં પ્રયોજનથી પણ મધ અથવા તો મધવાળી દવાઓનો,
શ્રાવકોએ અવશ્ય ત્યાગ કરવો. જ્ઞાની ભગવંતોએ બતાડેલ, બાવીસ
અભક્ષ્યમાંથી, આ મધને પણ અભક્ષ્ય તરીકે ઓળખાવેલ છે. તેથી,
અગણિત ઈંડાં, બચ્ચાં, માખીઓની હિંસાથી બચવા તથા ભવાંતરમાં
મળનારી નરક ગતિનાં ફળથી બચવાં માટે, કોઈપણ કારણવશાત,

મધનો વપરાશ ન કરવો જોઈએ.

(૧૩) માખણને છાશમાંથી બહાર કાઢ્યાં પછી, અંતર્મુહૂર્ત કાળમાં જ, તેમાં તે જ રંગનાં ત્રસ જંતુઓની ઉત્પત્તિ, મોટી સંખ્યામાં થાય છે. તેથી, સીધેસીધું માખણ તો શ્રાવકોએ ન જ વપરાય. પરંતુ, માખણ (cheese- butter) માંથી બનેલ હોટેલાદિની વાનગીઓ પણ ન જ વપરાય. પૂ. સાધુ-સાધ્વીજીને એકલાં મૂકીને, તેમને ન ખપે, એવાં અભક્ષ્ય ખાદ્ય પદાર્થો વાપરવાની મજા તો એકલાં-એકલાં કઈ રીતે માણી શકાય? એટલે કે, ન જ માણી શકાય.

(૧૪) બટર, પોલ્સન, સેન્ડવીચ, કેક, બીસ્કીટ આદિ પદાર્થોમાં માખણનો વપરાશ થતો હોવાથી, આ બધાં પદાર્થો અભક્ષ્ય છે, વાપરી ન શકાય.

(૧૫) આજે જમવામાં, ઘણાં લોકો, જાણી જોઈને પણ, ખોરાક એંઠું મૂકી દે છે. લગ્નાદિમાં અથવા સંઘના જમણવાર આદિ મહોત્સવમાં તો, ખાવાનું એંઠું મૂકવાનું, વિશેષ પ્રમાણમાં થાય છે. ત્યારબાદ, આજ એંઠવાડ મોરીમાં ઢોળવાથી અને ખાળમાં, ગટરમાં જવાથી, વાંદા વગેરે પુષ્કળ જીવો પેદાં થાય છે. તેથી, આ વિરાધનાથી બચવાં માટે, નક્કી કરો કે જમતી વખતે, હવે પછી, ક્યારેય પણ, ખોરાક એંઠું છોડશું કે મૂકશું નહીં... ફાવશે ને?

(૧૬) બનાવેલ રસોઈ આદિ ખાદ્ય પદાર્થોનાં વાસણોને વ્યવસ્થિત ઢાંકીને ન રખાયાં હોય; છુંદો, મુરબ્બો કે અથાણાં વગેરેની બરણીઓનાં ઢાંકણાઓ જો ચુસ્ત (tight) બંધ ન કરાયાં હોય; ગોળ, સાકરાદિ ખાદ્ય પદાર્થોનાં ઢાંકણાઓ પણ જો વ્યવસ્થિત બંધ ન કરાયાં હોય, તો ઢગલાબંધ કીડીઓ ખેંચાઈને આવશે, ખોરાકાદિને ચોંટી જશે અને મરી પણ જશે. તેથી, દરેક વાસણ, બરણી કે ડબ્બા વ્યવસ્થિત air-tight pack કરીને, ઢાંકીને રખાય, તો આ બિનજરૂરી વિરાધનાથી બચી શકાય. ખાદ્ય પદાર્થો-રસોઈ (solid કે liquid), જો ભૂલથી કે બેદરકારીથી, સહેજ પણ ખુલ્લાં રહી જાય; તો તેમાં માખી, મચ્છર, વાંદા વગેરે ઉડતી જીવાત પડીને મરી જવાની પૂરી સંભાવના છે. તેથી, દરેક વસ્તુને, ખાસ, કાળજીપૂર્વક, ઢાંકીને જ રાખવી જોઈએ.

(૧૭) વધું પડતાં માખી-મચ્છરને લીધે, બિમારી ફેલાય છે.

આ માખી-મચ્છરો, ઉડતાં-ઉડતાં, શરીર ઉપર, ખાદ્ય પદાર્થ ઉપર, કચરાં ઉપર કે અશુચિ ઉપર પણ બેસે છે. ઘણીવાર, ગંદકી ઉપર બેઠાં પછી, આ જીવજંતુઓ ખાદ્ય પદાર્થ ઉપર બેસે છે. તેથી, ગંદકીનાં જીવાણુંઓ ખાદ્ય પદાર્થ ઉપર સંક્રાન્ત (transfer) થાય છે, તે રોગનો ફેલાવો કરે છે. માત્ર મચ્છરનાં ડંખથી બચવાનો પ્રયત્ન નથી કરવાનો, પરંતુ, મચ્છરનાં ડંખની સાથે-સાથે તેમની વિરાધનાથી બચવાં માટે પણ પૂર્ણ કાળજી લેવાની છે. આપણને બિમારી ન આવે અને જાણતાં-અજાણતાં પણ, માખી-મચ્છરની હિંસા ન થઈ જાય, તે માટે, માખી-મચ્છરાદિ જંતુઓની ઉત્પત્તિનું નિવારણ કરવું, એ જ 'શ્રેષ્ઠ ઉપાય' છે. ફાવશે ને? એવાં અમુક ઉપાયો હવે આપણે વિચારીએ :

૧ સૂર્યાસ્ત સમયે, અંધારું થતાંની સાથે જ, તરત જ, બારી-બારણાં બંધ કરી દેવાથી, ઘરમાં માખી-મચ્છર-ડાંસાદિ પ્રવેશતાં નથી.

૧ ખુલ્લાં કપડાં, થેલાં, બેગ વગેરેમાં મચ્છરો ભરાઈ જતાં હોવાથી, કોઈ વસ્તુ, ખુલ્લી કે વિખરાયેલી ન રખાય, તેની કાળજી લેવી.

૧ ઘરમાં કોઈપણ ચીજ અસ્તવ્યસ્ત ન રાખો. મોટાં ભાગે, જ્યાં ગંદકી હોય, ત્યાં માખી-મચ્છરો પેદા થાય છે. કચરો, કેળાંની છાલ, ફ્રૂટની છાલ, કેરીનાં ગોટલાં, છાલ વગેરે ઉપર ખૂબ માખીઓ ખેંચાઈને આવે છે. ટૂંકમાં, 'ગંદકી' - એ તો માખી-મચ્છરોનું પ્રસુતિગ્રહ (ઉત્પત્તિ-સ્થાન) છે. ઘરમાં જેટલી ગંદકી વધારે, તેટલી માખી-મચ્છરની ઉત્પત્તિ વધારે, વિરાધના પણ વધારે - એમ સમજવું.

૧ માખી-મચ્છરની કાયા અત્યંત કોમળ હોય છે. જરાક પણ, ભારે (સખત) સ્પર્શ થતાં, તેઓ તરત મરી જાય છે. ઉડતાં-બેસતાં કે પડખું ફેરવતાં પણ જો બેકાળજી રખાય તો માખી-મચ્છર તરત મરી જાય છે. વસ્તુ લેતાં-મૂકતાં-ખસેડતાં, પૂંજવા-પ્રમાર્જવામાં બેદરકારી રાખવાથી માખી-મચ્છરની હિંસા થઈ જાય છે. તેથી, કોઈપણ વસ્તુઓ લેતાં-મૂકતાં, માખી-મચ્છર દબાઈ ન જાય તેનું પૂરું ધ્યાન રાખો.

૧ માખી-મચ્છર ઉડીને, ખુલ્લાં દૂધ-ઘી-તેલ-દાળ-શાક-સાબુનાં ફીણ કે પાણીમાં, ઘણીવાર પડી જાય છે. આવું જો ક્યારેક થઈ જાય, તો તરત જ, માખી-મચ્છરને આંગળી દ્વારાં કાઢીને, બચાવી લેવાનું. બહાર કાઢ્યાં બાદ, જોવાનું કે 'શું તે ઉડી શકે છે?' જો ઉડી શકે તેમ ન હોય, તો તરત જ, સૂકો ચૂનો અથવા રાખ લઈને, તેની માખી

ઉપર થોડી ભભરાવવી. ચૂનાની ગરમીથી ગરમાવો મળતાં જ, તે સક્રિય બનીને, થોડીવારમાં ઉડી જશે. આ રીતે, પ્રયત્ન કરનારને, માખી-મચ્છરની વિરાધનાથી બચવાનો મોટો લાભ મળી જાય છે.

૧ ઘરનાં બારી-બારણાં બંધ રાખીને, કુદરતી હવા-ઉજાસને રોકવાથી પણ, માખી-મચ્છર-જંતુઓ વધે છે. તેથી, હવા-ઉજાસને અવરોધો (અટકાવો) નહીં. બારી-બારણામાં, ઝીણી જાળી ફીટ કરાવવાથી, માખી-મચ્છરોનો ઘરમાં પ્રવેશ થતો અટકાવી શકાય છે.

૧ માખી-મચ્છરોનાં ત્રાસથી બચવાં માટે, પંખો ચાલુ કરવાનો વિકલ્પ અપનાવવાનાં બદલે, મચ્છરદાની બાંધીને સૂઈ જવાથી, મચ્છરોનાં ડંખ અને વિરાધનાથી, સરળતાપૂર્વક, બચી શકાય છે.

૧ દિવેલનો દીવો કરવાથી, મચ્છરો ભાગી જાય છે, આવતાં નથી.

૧ કળી ચૂનો ભભરાવવાથી, વાંદાઓ ભાગી જાય છે.

૧ માખી-મચ્છર વધી ગયાં હોય, તો તેમને દૂર કરવાં અથવા માખી-મચ્છરો આવે જ નહીં, તે માટેનાં, સરળ, નિર્દોષ ઉપાયો નીચે પ્રમાણે છે:

⇒ લીમડાંનો ધૂપ કરવાથી, તુલસીનાં પાન બાળવાથી, લીંબોડીનું તેલ કે ઓડોમસ કે સંતરાનું તેલ કે પછી લવિંગનું તેલ કે માલકાંગણીનો તેલ શરીર ઉપર ચોપડવાથી, મચ્છર કરડતાં નથી માખી, મચ્છરો તેની ગંધથી ભાગી જાય છે.

⇒ ગુગળ અથવા લોબાન કે કંદુપ કે કડવાં લીમડાંનાં પાન કે સંતરાની છાલનો કે કૉફીના પાવડરનો કે ચાની સૂકવેલી ભૂકીનો ધુમાડો કે આકડાંનાં સૂકાં પાનનો ધુમાડો કરવાથી, માખી-મચ્છરો ભાગી જાય છે.

⇒ આંબાના સૂકાં પાનને, સળગતાં કોલસા ઉપર નાંખવાથી, તેની વાસથી પણ, માખી-મચ્છર ભાગી જાય છે.

⇒ ૧૦ ગ્રામ લીમડાંનાં પાન + ૫ દાણાં મરી + પ્રમાણયુક્ત ખડી સાકર, આ ત્રણેયનું મિશ્રણ કરીને, ૨૧ દિવસ સુધી સળંગ ખાવાથી, મચ્છર કરડતાં નથી. તેવું કેટલાંક નિષ્ણાતોનું કથન છે.

⇒ સ્નાન કરતી વખતે, લીંબુની છાલ ત્વચા ઉપર ઘસવાથી પણ મચ્છર કરડતાં નથી, માખીઓ આવતી નથી.

⇒ બ્લુ-કાળાં-ઘેરાં રંગનાં કપડાંથી-દિવાલથી-પડદાંથી આકર્ષાઈને માખી-મચ્છરો આવે છે. તેથી, જો શક્ય બને તો, આવાં ઘેરા

રંગને બદલે, લાઈટ- સોબર રંગો પસંદ કરવાથી, માખી-મચ્છર ઓછાં આવશે, તેની ખાતરી..
⇒ સિટ્રોનેલા તેલનાં થોડાં ટીપાંઓ, પાણીમાં નાંખીને, તે પાણીમાં બોળેલી રિબીનીને, જો ઘરનાં અલગ-અલગ ખૂણામાં લટકાવી દેવાય, તો માખી-મચ્છર ભાગી જશે, આવશે નહીં.
આ બધાં, ઉપર બતાવેલ ઉપાયો કરવાથી, માખી- મચ્છરો દૂર પણ થઈ જાય છે અને જીવહિંસાથી પણ બચી શકાય છે.

(૧૮) ખુલ્લાં દૂધ-ઘી- દાળ-શાક-તેલ-સાબુનાં ફીણ વગેરેમાં, માખી-મચ્છર જંતુઓ પડીને મરી જાય છે. માટે, તેમને ખુલ્લાં ન રખાય. ઉકાળેલું પાણી ઠારેલી પરાતને પણ ખુલ્લી ન મૂકવી. પરંતુ, તેની ઉપર જાળી (net) ઢાંકી દેવાથી, જીવહિંસા પણ ન થાય અને પાણી પણ ઠરી જાય. સાબુનાં પાણીમાં બોળેલ કપડાંની બાલદી વગેરે સાધનો પણ, ઢાંકીને જ રાખવાં.

(૧૯) માખી, મચ્છર કે વાંદા મારવાની કોઈ પણ દવા, ન જ છંટાવાય કે તેવાં કોઈપણ અન્ય ઉપાયો ન જ અજમાવાય. ફાવશે ને?

(૨૦) ઘરમાં મીઠાવાળાં પાણીનું અથવા ચાની ભુક્કીવાળાં પાણીનું પોતું કરવાથી, માખી-મચ્છર થતાં નથી.

(૨૧) માખી- મચ્છરો દૂર કરવાં માટે, જંતુનાશક D.D.T. વગેરે કોઈપણ દવાઓ છંટાવવી નહીં. 'Pest Control' વાળાંને પણ બોલાવવાં નહીં. કારણ કે, તેમાં ઘોર હિંસા થાય છે. એ જ રીતે, 'All out', 'Good Knight', 'કાચબા coil અગરબત્તી', 'Mortein Foil', 'mosquito mat' વગેરે પણ વાપરવું નહીં. કારણ કે, આ બધી વસ્તુઓમાં 'પેલિથ્રિન' નામની જંતુનાશક દવા નાંખવામાં આવે છે. તેથી, તેનાં ધુમાડાંથી, માખી- મચ્છરો, તરત મરી જાય છે, અથવા તેમને વિશેષ ઈજા- કિલામના - ગૂંગળામણ - ત્રાસાદિ પહોંચે છે. આ ઝેરી ધુમાડો તો, માનવના આરોગ્ય માટે પણ, અત્યંત ઘાતક અને હાનિકારક હોય છે. મચ્છર- અગરબત્તીઓનાં ઝેરી રસાયણોને લીધે, તેનો ધુમાડો પણ, વિશેષ નુકસાનકારક સાબિત થાય છે.

(૨૨) ઘરમાં કેળાંની છાલ, વનસ્પતિ- શાકભાજી, ફળાદિની છાલ વગેરે કચરાંનો સંગ્રહ ન થવા દેવો. પરંતુ, તરત જ, જયણાપૂર્વક

યોગ્ય નિકાલ કરી નાંખવો. ગાયાંદિ પશુઓને પણ ખવડાવી શકાય. કેરીનો રસ કાઢતી વખતે, છાલ અને ગોટલાં, પાણીમાં ડૂબાડી રાખવાથી, માખીઓ થતી નથી. આ કાળજી જો ન રખાય, તો ગંદકી થવાને લીધે, ઘણી માખીઓ આકર્ષાઈને આવશે. આજુબાજુમાં માખીઓનો બણબણાટ જો સતત ચાલુ હોય, તો બેસવાની- સૂવાની- ખાવાની કે અન્ય કોઈ પણ પ્રવૃત્તિમાં, આપણને ખલેલ પણ પહોંચે છે.

(૨૩) રસોડાનાં કબાટમાં, બાથરૂમમાં કે ખાળ અને ગટરમાં, વારંવાર જોવાં મળતાં વાંદાનો પરિચય કોને ન હોય? અચાનક, કબાટનાં ખૂણામાંથી બહાર ધસી આવતાં આ જંતુને જોઈને ઘણાં લોકો ગભરાઈ જાય છે. આ જંતુ, ખાસ કરીને, ગંદકીમાંથી ઉત્પન્ન થાય છે. રસોડામાં સાફ-સફાઈ બરાબર ન થતી હોય, એંઠવાડ પડ્યો રહેતો હોય, મોરી બરાબર સાફ ન થતી હોય, કે અન્ય કચરો જમા થયાં કરતો હોય, ત્યાં વાંદા જલ્દી ઉત્પન્ન થઈ જાય છે.

(૨૪) વાંદા ઉત્પન્ન થઈ ગયાં પછી, તેનો નિકાલ કરવાં માટે, ઘણાં લોકો વાંદાની દવા છાંટે છે. આ દવાની સુગંધથી ખેંચાઈને, ખૂણે-ખાંચરે ભરાયેલાં વાંદાઓ બહાર આવી જાય છે અને દવાની નજીક આવતાંની સાથે જ, તેનાં ઝેરથી ટપાટપ મરી જાય છે. આવી દવા છાંટવી, તે તો આપણી ભયંકર ક્રૂરતા છે, હિંસકતા- નિર્દયતા છે. નિર્દોષ ઉપાયો કરવાને બદલે, આવાં હિંસક ઉપાય કરવાં, એ તો દયાનું દેવાળું જ ગણાય. નીચે અહિંસક ઉપાયો બતાવેલ છે:

૧ વૉશ-બેસીનમાં, મોરીમાં કે બાથરૂમમાં- સંડાસમાં, સતત ભીનાશ રહેવા ન દઈએ, તો વાંદા વગેરે જીવાતો ઉત્પન્ન જ ન થાય.

૧ સાંજે વાસણો સાફ કર્યા બાદ, મોરીને બરાબર સાફ કરવી, પાણી લૂંછી નાંખવું અને ખાળની જાળી ઉપર તથા આજુબાજુમાં કેરોસીનનું પોતું કરી દેવું.

૧ ગટરનાં ઢાંકણાં પેક- બંધ જ રાખવાં. જ્યારે ખોલવું પડે ત્યારે ધ્યાન રાખો. ઢાંકણું ખોલતાં જ વાંદા બહાર ધસી આવશે. પગ નીચે દબાઈ ન જાય, તેનું ખાસ ધ્યાન રાખો.

૧ ફટકડીનાં દ્રાવણમાં કેરોસીનનાં ૩-૪ ટીપાં નાંખી, તેનું પોતું રસોડામાં કરવાથી, વાંદા થતાં નથી.

१ कळी चूनो ભભરાવવાથી, વાંદા ભાગી જાય છે.

१ નીલગીરીનાં શ્રાપણનું પોતું કરવાથી, વાંદા થતાં નથી.

१ પીપરમીન્ટનાં તેલવાળાં પાણીનું પોતું કરવાથી, વાંદા થતાં નથી.

१ કડવા લીમડાનાં તેલમાં, કપૂર નાંખીને, ઢોરવાથી પણ વાંદા થતાં નથી.

(૨૫) બારીની જાળી પર, કેરોસીનનું પોતું ફેરવવાથી, કરોળિયાંનાં જાળાં થતાં નથી.

(૨૬) ચામડી પર કેરોસીનનાં ૩-૪ ટીપાં ઘસી નાંખવાથી, મચ્છર કરડતાં નથી. જમીન પર, કેરોસીનવાળા પાણીનું પોતું ફેરવવાથી પણ મચ્છરો આવતાં નથી.

(૨૭) દેરાસરમાં ઘી, ફૂલ, નૈવેદ્ય વગેરેનાં કારણે, ક્યારેક કીડીઓ ઉભરાય કે મકોડાં વગેરે થાય, તેવી પૂરી શક્યતા છે. માટે, ઉપયોગ રાખવો. દેરાસરમાં ચાલતી વખતે પણ, ભમતી ફરતાં પણ, ખાસ-ખાસ ઈર્યા સમિતિનો ઉપયોગ રાખવો. દેરાસરમાં કલાકે-કલાકે કાજો લઈ લેવો. જેથી, કીડી, મંકોડાની વિરાધનાથી બચી શકાય. દર ત્રણે મહિને, જિનાલયની વ્યવસ્થિત શુદ્ધિ કરવી.

(૨૮) ખાસ કરીને ચોમાસામાં, ટ્યુબલાઈટ તથા બલ્બ ઉપર, નાનાં પતંગિયા જેવાં ફુદાં, પુષ્કળ પ્રમાણમાં, ઉત્પન્ન થઈ જાય છે. સવારે, ક્ચરામાં તે ફુદાંનાં કલેવરો ભેગાં થાય છે. ટ્યુબલાઈટની લાકડી સાથે, લીમડાનાં પાંદડાંની નાની ડાળખી બાંધી દેવાથી, આવાં ફુદાં થતાં નથી, તેની વિરાધનાથી બચી શકાય છે.

(૨૯) સાંજે સૂર્યાસ્ત પછી, કપડાં સૂકાવવાની દોરી થોડી હલાવો. જેથી, તેનાં પર માખીઓ રાતવાસો ન કરે. રાતનાં સમયે, દોરી પર આવીને, કોઈ ગરોળી, માખીઓનું ભક્ષણ ન કરે તે માટે આમ કરવું અતિ જરૂરી છે.

(૩૦) ન વપરાતાં, વધારાનાં ઘડાં-માટલાં, જે ઘરમાં રાખેલાં હોય; તેને મોઢાનાં ભાગે, કપડાંના ટુકડાં વડે બાંધીને મૂકવાં જોઈએ. નહીંતર તેમાં કરોળિયાનાં જાળાં થઈ જવાની પૂરી શક્યતા છે.

(૩૧) ટ્યુબલાઈટ કે બલ્બનાં પ્રકાશમાં ઉત્પન્ન થતાં ફુદાં વગેરે ઉડતાં નાનાં જીવોનાં શિકાર માટે ગરોળી આવે છે અને ઘોર હિંસા કરે છે. તે હિંસાના નિવારણ માટે, લાઈટનો ઉપયોગ, બને તેટલો ઓછો કરવો. રાત્રે નાસ્તો-રસોઈ વગેરે કરવું નહીં. કારણ કે, લાઈટ પર ઉડતાં પતંગિયા-ફુદાં-મચ્છરો વગેરે તેમાં પડીને નાશ પામવાની પૂરી સંભાવના છે.

(३२) સંડાસ-બાથરૂમની ટાઈલ્સ સાફ કરવાં માટે, એસિડનો ઉપયોગ કરવાથી, ઘોર હિંસા થાય છે. આમલીનાં પાણી કે લીંબુના ઘોડિયાથી, સંડાસ-બાથરૂમની ટાઈલ્સ ઘસીને સાફ કરી શકાય છે.

(૩૩) ભીંતમાંથી ખીલ્લી, ખીંટી, વગેરે કાઢ્યાં પછી, જે છિદ્ર રહી જાય, તેને ભીનાં ચૂના કે ચોકથી ભરી દેવું. તેથી, તેમાં જીવાત ભરાય નહીં.

(૩૪) બલ્બનાં હોલ્ડર ખુલ્લાં ન રાખવાં. ખુલ્લાં હોલ્ડરોમાં, જીવાંતો ભરાઈ જવાની અને મરી જવાની પૂરી શક્યતા છે.

(૩૫) મચ્છરોનું શરીર ખૂબ નાજુક હોય છે. તેથી તેને કદિ અડો નહીં. શરીર ઉપર કરડે ત્યારે ત્યાં તુરંત હાથ જવા ના દો. નહીં તો, તુરંત જ તે મરી જશે. પરંતુ વસ્ત્રાદિનાં છેડાથી તેને હળવેથી દૂર કરી શકાય.

✿ <u>ત્રસ જીવોની વિરાધનાથી બચવા જયણાનાં ઉપકરણો</u> :

ઘરની સાફ-સફાઈ, માવજત માટે, જે કોઈ પણ સામાનનો ઉપયોગ, જો નીચે પ્રમાણે બતાવેલ પદ્ધતિથી અને તેવા સામાનથી કરવામાં આવે, તો તે સાફ-સફાઈનાં સામાન ન રહેતાં, 'જયણાનાં ઉપકરણો' બનશે. વિશેષત: તેનાથી, ચઉરિન્દ્રિય અને તેઈન્દ્રિય જીવોની જયણા થાય છે. પણ, સર્વ પ્રકારનાં ઉપકરણોનો અહીં, વિશેષથી શ્રાવક-શ્રાવિકાઓ વસાવી શકે, તે માટે, એક સાથે આ વિભાગમાં જ સમાવ્યાં છે :

✿ <u>જયણાનાં ઉપકરણો</u> :

[A] <u>ગળણાં</u> : ઘરે કુલ સાત ગળણાં રાખવાં જોઈએ.

(૧) પાણી ગાળવા માટે : (a) નદી-કૂવાનું મીઠું પાણી (b) બોરવેલનું પાણી
(૨) ઘી ગળણી
(૩) તેલ ગળણી
(૪) દૂધ ગાળવાનું
(૫) છાશ ગાળવાનું
(૬) ઉકાળેલું અચિત્ત પાણી ગાળવાનું
(૭) લોટ ચાળવાનું

આ સાત ગળણાં રાખવાથી, કીડી, કંસારી, મચ્છર, માખી વગેરે ત્રસ જીવોનાં પુદ્ગલો હોય, તો તે ગાળવાથી નીકળી જશે. પાણી અને લોટ ચાળવા-ગાળવાથી, ત્રસ જીવોનું રક્ષણ થાય છે.

No.

Date

[B] સાવરણી : મુલાયમ સ્પર્શવાળી (બરછટ નહીં) સાવરણી રાખવી.

[C] પૂંજણી : ખાસ પ્રકારનાં સુકોમળ ઘાસમાંથી બનાવેલી મુલાયમ સ્પર્શવાળી, નાની પીંછી, દરેક Room માં, બને તો ૨-૩ રાખવી.

[D] ચરવળો : સામાયિક-પ્રતિક્રમણમાં, ઉઠતાં-બેસતાં, પૂંજવા-પમાર્જવાં માટે જરૂરી ઉપકરણ = ચરવળો. તેનો ઉપયોગ વ્યવસ્થિત કરવાથી, કોઈ જીવ વિરાધના ન થાય.

[E] ચરવળી : લાકડાંની નાની દાંડી ઉપર, ચરવળાં જેવી ઊનની નાની દસીઓ બનાવેલું હોય, તે 'ચરવળી'. કબાટ વગેરે સાફ કરવા માટેનું આ જયણાનું સુંદર સાધન છે.

[F] મોરપીંછી : મોરનાં પીંછાને બાંધીને બનાવેલું આ ઉપકરણ છે. પુસ્તકો, ફોટાં વગેરે પૂંજવાનું આ ઉત્તમ સાધન છે.

[G] ચારણા : અનાજ, લોટ, મસાલાં વગેરે કરિયાણું-ધાન્ય ચાળવાના ચારણાં.

[H] ચંદરવો : રંધાતી રસોઈમાં, ઉપરથી જંતુ ન પડે તે માટે, રસોડામાં ઉપર બાંધવામાં આવતું કપડું - એટલે ચંદરવો. ઘરમાં ૧૦ ઠેકાણે ચંદરવા અવશ્ય બાંધવા જોઈએ :

(૧) ચૂલા ઉપર
(૨) પાણિયારા ઉપર
(૩) ભોજન કરવાનાં સ્થાન પર
(૪) ઘંટી ઉપર
(૫) ખાંડણિયા ઉપર
(૬) પલીવણા (છાશ કરવાનાં સ્થાન) ઉપર
(૭) સૂવાનાં બિછાનાં ઉપર
(૮) ન્હાવાનાં સ્થાન પર
(૯) સામાયિક વગેરે ધર્મક્રિયા કરવાનાં સ્થાને (પૌષધશાળામાં)
(૧૦) દેરાસરમાં.

[I] સુપડી : અનેક પ્રકારનાં જંતુઓ, જો ઘરમાં ક્યાંય પણ મળે, તો તેમને હળવાશથી, વાગી ન જાય તે રીતે, સુપડીમાં લઈને, સુરક્ષિત સ્થાન પર મૂકવાં. ક્યાં કોઈનો પગ ન પડે, કોઈ ચકલી-કાગડાં વગેરે પંખીઓ કે નાનાં પશુઓ ખાઈ ન જાય, તેવાં સુરક્ષિત સ્થાનમાં જ મૂકવાં.

[J] નળે બાંધવાની કોથળી : "શ્રાવક-શ્રાવિકાએ, કોઈપણ કાર્ય માટે, અણગળ પાણી ન વપરાય" - એવું આગમ-વચન છે. ૨૪ કલાકે, નળ ઉપર બાંધેલી કોથળી બદલવી, ખૂબ જરૂરી છે.

[K] માટલું : રોજ ખાલી કરીને, ધોઈને, ગાળીને ભરવું.

No. (૨૭૬)

Date

[L] કપડાંની પીંછી : લાકડીનાં ડંડાનાં એક છેડા ઉપર, પાતળું કપડું બાંધીને, તેનાં વડે, વસ્તુઓ પર જામેલી ધૂળ ધીમેથી કાઢી નાંખવી. પરંતુ, આપટ-ઝૂપટ ન કરવી. કારણ કે, આપટવાથી, જીવજંતુઓ મરી જાય છે.

[M] જાળાં પાડવાનું ઝાડું : દિવાલો પર, સીલીંગમાં, વસ્તુઓ પર, ઘરનાં સીલીંગનાં ખૂણાઓમાં જામેલાં જાળાં કાઢવાં માટે એક અલગ, નરમ તાંતણાવાળું તથા લાંબા દાંડાવાળું ઝાડું રાખવું. જૂટની (Jute) બનેલી પૂંજણીથી, ઘરમાં, નીચેનાં ભાગમાં રહેલાં જાળાં કાઢી શકાય. જીવજંતુ-કરોળિયાં મરે નહીં તે રીતે.

આ જયણાનાં ઉપકરણો, વહેલી તકે, ઘરમાં વસાવીને, વ્યવસ્થિતપણે તેનો ઉપયોગ કરવાથી, આપણા ઘરમાં થતી બિનજરૂરી હિંસાનાં દંડથી, આપણાં સમગ્ર પરિવારને બચાવી શકાય છે. ફાવશે ને ?

(૩૬) વાંદા ન થાય તે માટે સ્વચ્છતા જરૂરી છે. ચોરા-બેસીનમાં, મોરીમાં, બાથરૂમ, સંડાસ વગેરેમાં ભીનાશ ન રહેવા દેવી. એક મોટા ડબ્બામાં નાળિયેરની છાલ, જૂનાં કપડાં, થોડાં કોલસા વગેરે ભરીને, ઉપર ખાખરાં કે કડક પૂરીનાં ટુકડાં મૂકો. જ્યાં વાંદા થયા હોય, ત્યાં આ ડબ્બો મૂકો. વાંદાઓ આ ડબ્બાનાં પોલાણમાં આવીને ભરાઈ જશે. ૪-૫ દિવસ પછી, સાંજના સમયે, ડબ્બો કોઈ અવાવરાં સુરક્ષિત સ્થાનમાં લઈ જઈ, ખાલી કરી દેવો. વાંદા થવાની સંભાવના હોય, ત્યાં કેરોસીનનું પોતું કરવાથી પણ વાંદા થશે નહીં. 'દેવીકા-મહાદેવીઆ' પ્રોડક્સની એક હર્બલ મેડીસીન બજારમાં મળે છે. તે મલમ, ઘરમાં અમુક જગ્યાએ લગાવી દેવાથી, વાંદા થતાં નથી. થયાં હોય, તો ચાલ્યાં જાય છે. વાંદા તેનાથી મરતાં નથી.

Address : દેવીકા-મહાદેવીઆ પ્રોડક્સ
૪૩, હુસેન મેનોર, બમનજી પેટીટ રોડ,
પારસી જનરલ હૉસ્પીટલની ગલી, કેમ્પસ કૉર્નર,
મુંબઈ - ૩૬.

આ રીતે, આપણાં રોજીંદા જીવનમાં ચાલતી, માખી; મચ્છર, વાંદા આદિ ચઉરિન્દ્રિય જીવોની હિંસાથી બચવાનો વધુમાં વધુ પ્રયત્ન કરવો. ફાવશે ને ?

## ચઉરિન્દ્રિય જીવનો વિભાગ સમાપ્ત (THE END):

<u>નોંધ:</u> ચઉરિન્દ્રિય જીવોનો વિભાગ પુરો થવાથી, વિકલેન્દ્રિય જીવોનો વિભાગ પણ પુરો થાય છે. કારણ કે, વિકલેન્દ્રિય જીવોમાં : બેઈન્દ્રિય + તેઈન્દ્રિય + ચઉરિન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે.

યંત્ર નીચે મુજબ છે

- ત્રસ જીવો
  - વિકલેન્દ્રિય જીવો
    - બેઈન્દ્રિય
    - તેઈન્દ્રિય
    - ચઉરિન્દ્રિય
  - પંચેન્દ્રિય જીવો

હવે પંચેન્દ્રિય જીવોનો વિભાગ શરૂ થાય છે.

KOKUYO W-NB260U

# પંચેન્દ્રિય જીવો

પંચેન્દ્રિય જીવો (મુખ્ય ૪ ભેદ)

↓ દેવ | ↓ તિર્યંચ | ↓ નરક | ↓ મનુષ્ય

હવે, પંચેન્દ્રિય જીવો વિષે શરૂઆતમાં સામાન્યથી કંઈક સમજીશું. ત્યારબાદ, પંચેન્દ્રિય જીવોમાં ક્રમસર દેવ, તિર્યંચ, નરક અને મનુષ્ય અંગે વિસ્તારથી સમજવાનો કંઈક પ્રયત્ન આપણે કરીશું.

**ખાસ નોંધ :**

'પંચેન્દ્રિય તિર્યંચ જીવો' જ્યારે કહેવાય, ત્યારે તેમાં પંચેન્દ્રિયનાં વિભાગમાં આવતાં તિર્યંચ જીવો એટલે કે પશુ-પક્ષી (જળચર, સ્થળચર, ખેચર) નો સમાવેશ કરવો.

∴ પંચેન્દ્રિય તિર્યંચ = પંચેન્દ્રિય પશુ + પક્ષી

જ્યારે, 'તિર્યંચ જીવો' - એમ સામાન્યથી કહેવાય અથવા 'તિર્યંચ ગતિનાં જીવો' કહેવાય, ત્યારે તેમાં, તમામ એકેન્દ્રિય + વિકલેન્દ્રિય + પંચેન્દ્રિય તિર્યંચ જીવોનો સમાવેશ થાય છે.

∴ તિર્યંચ જીવો અથવા તિર્યંચ ગતિ = એકેન્દ્રિય + વિકલેન્દ્રિય (બેઈ+તેઈ+ચઉરિ) + પંચેન્દ્રિય તિર્યંચ

# પંચેન્દ્રિય જીવો



**વ્યાખ્યા:** જે જીવોને ચામડી, જીભ, નાક, આંખ, કાન - એ પાંચેય ઈન્દ્રિયો હોય, તેને 'પંચેન્દ્રિય જીવો' કહેવાય.

**દા.ત.:** દેવ, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય (પશુ-પક્ષી), નારક વગેરે.

❀ પંચેન્દ્રિય જીવો (૪ પ્રકાર)

- નારક
- તિર્યંચ
- મનુષ્ય
- દેવ

**નારક:** નારકનાં જીવો 'અત્યંત દુઃખવાળા' છે. પોતાનાં ક્રૂર કર્મોને ભોગવવાં તેઓ નારકીમાં (૭ નરકમાં) જન્મે છે. તેઓનાં દુઃખોનું વર્ણન જ્ઞાનીઓ પણ કરી શકતાં નથી.

**તિર્યંચ:** તિર્યંચ ગતિનાં જીવો પણ 'દુઃખવાળા' હોય છે. તેમને 'પરવશતા' ઘણી હોય છે. ક્યારેક આંશિક સુખ ભોગવે છે.

- તિર્યંચ ગતિનાં જીવો = એકેન્દ્રિય + વિકલેન્દ્રિય + પંચેન્દ્રિય તિર્યંચ
- તિર્યંચ પંચેન્દ્રિય જીવો = જળચર + સ્થળચર + ખેચર = પશુ-પક્ષી

**મનુષ્ય:** આ ગતિ 'સુખ-દુઃખવાળી' છે. પરંતુ, સવિશેષતા એ છે કે, મનુષ્યદેહે જીવ યોગ્યતાને પામીને પરિભ્રમણથી મુક્ત થઈ શાશ્વત સુખ પ્રાપ્ત કરી શકે છે. આવું સંજ્ઞીપણું - વિચાર શક્તિ ધારણ કરનારું જીવન પ્રાપ્ત થવું દુર્લભ છે.

**દેવ:** આ ગતિમાં, જીવને સર્વ પ્રકારનાં ભૌતિક સુખો હોય છે, પરંતુ, મનુષ્યગતિ જેવાં ધર્મનાં સાધન કે સંયમની પ્રાપ્તિ થતી નથી. તેથી, સુખભોગમાં રાચીને પ્રાયઃ તિર્યંચ ગતિ પામે છે. પરંતુ, સમકિતી દેવ, સુખમાં પણ સભાન હોવાથી, મનુષ્ય દેહ ધારણ કરી મુક્તિ પામે છે.

આ ચાર ગતિ એટલે જન્મ-મરણાદિનાં દુઃખ અને પરિભ્રમણ છે. 'મોક્ષ' અર્થાત પંચમગતિ જ જીવનાં સાચાં સુખનું સ્થાન છે.

આ જીવવિચારનું જ્ઞાન તે ગતિની પ્રાપ્તિની રૂચિ માટે છે.

## સમગ્ર જીવસૃષ્ટિનું નિવાસ સ્થાન :

### ૧૪ રાજલોક



સર્વ જીવોનાં રહેવાનાં સ્થાનને આપણે 'વિશ્વ' કહીએ છીએ. તેને 'લોક' પણ કહેવાય છે.

**લોક** : 'લુક્' ધાતુ ઉપરથી 'લોક' શબ્દ બન્યો છે. જેનો અર્થ 'જોવું' એમ થાય છે. એટલે, જેમાં જીવ-પુદ્ગલાદિ દ્રવ્યો જોવામાં આવે છે તે 'લોક' અને તેનો પ્રતિપક્ષી- જ્યાં જીવ-પુદ્ગલાદિ દ્રવ્યો જોવા ન મળે તેને 'અલોક' કહેવાય.

અલોક અનંતાનંત આકાશાસ્તિકાય (પોલાણ) રૂપ છે. જેમ કોઈ વિશાળ સ્થાનમાં વચ્ચે નિરાધાર માણસનું પુતળું લટકાવ્યું હોય તેમ અલોકના મધ્યમાં લોક રહેલ છે. આ લોક કોઈએ બનાવ્યો નથી. તે સદાશાશ્વત છે.

**લોકનો આકાર અને તેનું માપ** :

લોકનો આકાર બંને બાજુએ કેડે હાથ રાખીને તથા બે પગ પહોળા કરીને ઉભેલા મનુષ્ય સમાન (વૈશાખ સંસ્થાન જેવો) છે અથવા તો 'ત્રિશરાવ સંપુટ આકાર' એટલે કે સુપ્રતિષ્ઠિત સરવલાને આકારે છે. જેમ કે એક શરાવ (કોડિયું) ઊંધુ રાખીને તેનાં ઉપર એક સવળું રાખીને, તેનાં ઉપર ફરી પાછું એક ઊંધુ શરાવ ગોઠવવાથી લોકનો આકાર થઈ જાય છે. તે નીચેથી વિસ્તીર્ણ, મધ્યમાં સંકીર્ણ અને ઉપર વિશાળ છે. નીચે પલ્યંકની સમાન, મધ્યમાં શ્રેષ્ઠ વજ્રની સમાન અને ઉપર ઊર્ધ્વમુખ મૃદંગ સમાન છે. આ લોક કોઈએ કર્યો નથી, સ્વયં સિદ્ધ, નિરાધાર અને સદાશાશ્વત છે.

તે લોકની લંબાઈ ૧૪ રજ્જુની છે. 'રજ્જુ' એક જાતનું માપ છે અને તે માપથી માપતાં વિશ્વલોક = ૧૪ રજ્જુલોક = ૧૪ રાજલોક પ્રમાણ થાય છે. માટે વિશ્વને '૧૪ રાજલોક' પણ કહેવાય છે.

**રજ્જુ = રાજ નું માપ** :

કોઈ દેવ, ૩,૮૧,૧૨,૯૭૦ મણના વજનનો એક ભાર, તેવાં ૧૦૦૦ ભાર વજનનાં લોઢાનાં ગોળાને ઉપરથી નીચે ફેંકે, ત્યારે તે ગોળો ૬ માસ, ૬ દિવસ, ૬ પ્રહર અને ૬ ઘડીમાં જેટલું ક્ષેત્ર પસાર કરીને નીચે આવે, તેટલાં ક્ષેત્રને એક રજ્જુ = એક રાજ કહેવાય. જે અસંખ્ય કોડાકોડી યોજન પ્રમાણ હોય છે.

KOKUYO W-N8280U

આપણે જ્યાં રહીએ છીએ, તે 'લોક' નીચેના તળ ભાગમાં શંકુ આકારે ૭ રજ્જુ પહોળો છે. ત્યાંથી ઉપર અનુક્રમે ઘટતા ૭ રજ્જુ ઉપર આવે ત્યાં એક રજ્જુ યાવત્ પહોળો રહે છે. ત્યારબાદ, ઉપર પહોળો થતો, ૩½ રજ્જુ ઉપર આવતાં ૫ રજ્જુ પહોળો છે, પછી ઉપર ઘટતાં-ઘટતાં ૩½ રજ્જુએ છેલ્લે ૧ રાજ પહોળો રહે છે. એમ સંપૂર્ણ લોક, નીચેથી ઉપર સુધી સીધો ૧૪ રજ્જુનો લાંબો છે.

¶ **ત્રસનાડી** : જેમ ઘરનાં મધ્યભાગમાં થાંભલો ઊભો હોય, તેમ આ લોકનાં મધ્યભાગમાં ૧ રજ્જુ પહોળો અને ૧૪ રજ્જુ નીચેથી ઉપર સુધી લાંબો સ્તંભ જેવો આકાશવિભાગ 'ત્રસનાડી' કહેવાય છે. આ ત્રસનાડીની અંદર ત્રસ અને સ્થાવર બંને પ્રકારનાં જીવો છે. જ્યારે ત્રસનાડી બહારના લોકાકાશમાં માત્ર એકેન્દ્રિય સ્થાવર જીવો જ હોય છે, એટલે કે, ત્રસ જીવો ન હોય.

આખોય લોક જીવ અને અજીવથી સંપૂર્ણ ભરેલો છે. લોકમાં એવી ક્યાંય જગ્યા નથી કે જ્યાં જીવ ન હોય અને પરમાણુ પુદ્ગલ ન હોય.

¶ લોકાકાશના મુખ્ય ૩ ભેદ

| ઊર્ધ્વલોક | તિર્છાલોક | અધોલોક |
|---|---|---|
| (સ્વર્ગ કે દેવલોક) | (મૃત્યુલોક કે મધ્યલોક) | (પાતાળલોક કે નરક) |

(૧) ઊર્ધ્વલોક : તેને સ્વર્ગ કે દેવલોક તરીકે પણ ઓળખાય છે. તે ઊંચાઈમાં ૧૮૦૦ યોજન ન્યૂન ૭ રાજ પ્રમાણ છે. લોકાગ્રસ્થાનેથી નીચે નીચે ક્રમશઃ સિદ્ધ પરમાત્મા, સિદ્ધશિલા, ૫ અનુત્તર વિમાન, ૯ ગ્રૈવેયક, ૧૨ વૈમાનિક દેવલોક રહેલા છે. તે ઉપરાંત ૯ લોકાંતિક અને ૩ કિલ્બીષિક દેવોનાં સ્થાનો પણ છે.

No. ..........
Date ..........

(૨) તિર્છાલોક : લોકમાં મધ્યમાં હોવાથી તેને 'મધ્યલોક' પણ કહેવાય છે. તેમાં તિર્યંચ અને મનુષ્યો રહે છે. વળી તેમાં, જ્યોતિષચક્ર, મેરુપર્વત, જંબુદ્વીપાદિ અસંખ્ય દ્વીપ-સમુદ્રો, તથા મેરુપર્વત-વૈતાઢ્ય પર્વત વગેરે ઉપર ૧૦ તિર્યગ્ જૃંભક દેવોનાં સ્થાનો પણ છે. તથા નીચેનાં ૯૦૦ યોજન સુધીમાં વાણવ્યંતર અને વ્યંતર દેવોનાં સ્થાન છે. આમ, તિર્છાલોકની ઊંચાઈ ૧૮૦૦ યોજન છે.

(૩) અધોલોક : તેને પાતાળલોક પણ કહેવાય છે. ત્યાં નરકગતિનાં જીવો રહે છે. અને ૧૦ ભવનપતિ તથા ૧૫ પરમાધામી દેવોનાં સ્થાન પણ અધોલોકમાં આવેલ છે. આ અધોલોક ૭ રાજ પ્રમાણ ઊંચો છે.

આ રીતે, જીવને રહેવાનાં 'ત્રણ લોક' છે, ~~અને~~ 'ગતિ-ચાર' છે, 'યોનિ - ચોર્યાશી લાખ' છે અને પ્રકારો- અનંતા છે.

ઉપરોક્ત રીતે ૧૪ રાજલોકનું વર્ણન જાણ્યાં બાદ, તેનાં પ્રત્યેક આકાશપ્રદેશમાં આપણો આત્મા, અજ્ઞાન-મિથ્યાત્વવશ, અનંતાનંતવાર જન્મ-મરણનાં ફેરા કરી ચૂક્યો છે. એ હકીકત, લોક-સ્વભાવ ભાવનાના અભ્યાસથી, દૃષ્ટિ સમક્ષ લાવી, સમ્યગ્દર્શન પ્રગટાવવા, તત્વજ્ઞાનનો જિજ્ઞાસાપૂર્વક, ગુરુભગવંત પાસે અભ્યાસ કરવો જરૂરી છે. જેથી, પર-પરિણતિનો છેદ કરનારી નિર્મળ આત્મ-પરિણતિ પ્રાપ્ત થાય. સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના દ્વારાં, સાધ્ય મોક્ષની પ્રાપ્તિ સુલભ બને, તેમાં જ મનુષ્ય જન્મની સાર્થકતા છે.

# દેવ (પંચેન્દ્રિય જીવની પહેલો પ્રકાર)

વ્યવહારની દૃષ્ટિએ સુખ, વૈભવ, આહાર, શરીર, જન્મ આદિની પદ્ધતિ જ્યાં મનુષ્યગતિથી તદ્દન જુદી છે, તેવાં સર્વશ્રેષ્ઠ સ્થાનને 'દેવગતિ' કહેવાય છે. દેવો - પંચેન્દ્રિય જીવો છે. તેઓ ૭ મા રાજથી ૧૪ મા રાજ સુધી વસે છે. એટલે કે, ત્રણે લોકમાં હોય છે.

## ❀ દેવોનાં મુખ્ય ૪ ભેદ

(૧) ભવનપતિ (૨) વ્યંતર (૩) જ્યોતિષ (૪) વૈમાનિક

ભવનપતિ દેવો અધોલોકમાં રહે છે.
વ્યંતરદેવો અને જ્યોતિષ દેવો તિર્છાલોકમાં રહે છે.
વૈમાનિક દેવો ઊર્ધ્વલોકમાં રહે છે.

## (૧) ❀ અધોલોકમાં ભવનપતિ દેવો

રત્નપ્રભા નામની પહેલી નરક પૃથ્વીનાં ૧,૮૦,૦૦૦ યોજનનાં જાડા થર (ઊંચાઈ) માંથી ઉપર અને નીચેનાં એક-એક હજાર યોજન બાદ કરતાં, વચ્ચે ૧,૭૮,૦૦૦ યોજન રહે. તેમાં, પહેલી નરકનાં જીવોને રહેવાં માટે ૧૩ પ્રતરો આવેલા છે. આ ૧૩ પ્રતરો વચ્ચે કુલ ૧૨ આંતરા (જગ્યા-ખાર) છે. આ ૧૨ આંતરા-માંથી ઉપર-નીચેનું એક-એક આંતરું છોડી દેતાં, વચલા ૧૦ આંતરામાં દશ પ્રકારનાં ભવનપતિનાં દેવો ઘર જેવા ભવનો અને માંડવા જેવા આવાસોમાં રહે છે. ભવનોમાં રહેતાં હોવાથી તેઓ ભવનપતિ દેવો કહેવાય છે. વળી તેઓ કુમાર જેવાં રૂપાળા, આનંદી, રમતિયાળ, છેલબટાઉ (શોખીન) હોવાથી, તેઓનાં જાતિનામની પાછળ 'કુમાર' શબ્દ લગાડેલ છે.




પ્રથમ રત્નપ્રભા નરક પૃથ્વીનું ચિત્ર
ભવનપતિ નિકાયનાં સ્થાનો

દસ પ્રકારનાં ભવનપતિ દેવોનાં નામો આ પ્રમાણે છે :
(૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુતકુમાર
(૫) અગ્નિકુમાર (૬) દ્વિપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશિકુમાર
(૯) વાયુકુમાર (૧૦) સ્તનિતકુમાર.

૧૧ મા આંતરામાં રહેલા અસુરકુમાર નિકાયના (જાતિના) ભવનપતિ દેવોમાં, અત્યંત ક્રૂર પંદર પ્રકારની 'પરમાધામી' દેવજાતિઓ આવેલી છે. તેઓ, પ્રથમ ત્રણ નારકનાં જીવોને ત્રાસ આપીને જે આનંદ લૂંટવાની મનોવૃત્તિ અને પ્રવૃત્તિવાળા હોય છે, તેને કારણે અન્ય અસુરકુમાર જાતિનાં દેવો કરતાં તેમની ગણતરી અલગ કરવામાં આવે છે. પરમ અધર્મ (નારકનાં જીવોને દુ:ખ આપીને ખુશ થવા રૂપ અધર્મ) ને સેવનારાં હોવાથી 'પરમાધાર્મિક' કહેવાય છે. તેઓ મિથ્યાત્વી છતાં ભવી જ હોય છે. અંતે અત્યંત દુઃખમાં મૃત્યુ પામીને 'અંડગોલિક' થાય છે. ત્યાંથી ભયાનક વેદનામાં મૃત્યુ પામીને (કરેલાં પાપોનાં પરિણામરૂપે) નારકીનાં જીવો તરીકે ઉત્પન્ન થઈને દુ:ખો ભોગવે છે.

આ પરમાધાર્મિક દેવો, નરકનાં જીવોને ઉંચે ઉછાળીને પછાડવાં, ભઠ્ઠીમાં પકાવવાં, તેમનાં આંતરડા ચીરવાં, શરીરમાં ભાલા પરોવવાં, બાણોથી વીંધવા, શરીરનાં રાઈ જેવડાં ટુકડાં કરવાં, કરવતાદિથી ચીરવાં, તીક્ષ્ણ ચાંચોવાળા વિરાટ પક્ષીઓનાં રૂપો લઈ ચાંચો મારી-મારીને ફેંદવા, ઉકળતાં લોહી-પરુની વૈતરિણી નદીમાં ડૂબાડવાં, ધગધગતાં લોખંડના સ્તંભ સાથે બાંધવા, ઈત્યાદિ અનેક ભયાનક વેદનાઓ આપે છે. અને આવું કરીને તેમાં અતિ આનંદ લૂંટે છે અને તેથી ચીકણાં કર્મો ઉપાર્જન કરે છે.

પંદર પરમાધાર્મિક દેવોનાં નામો આ પ્રમાણે છે :
(૧) અંબ (૨) અંબરિષ (૩) શ્યામ (૪) શબલ (૫) રૌદ્ર (૬) ઉપરૌદ્ર
(૭) અસિપત્ર (૮) ધનુ (૯) કુંભ (૧૦) કાળ (૧૧) મહાકાળ
(૧૨) વૈતરણ (૧૩) વાલુક (૧૪) મહાઘોષ (૧૫) ખરસ્વર.

આ રીતે, ૧૦ ભવનપતિ + ૧૫ પરમાધાર્મિક = ૨૫ ભેદ થાય. તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા મળીને કુલ ભેદ ૫૦ થાય.

## (૨) મધ્યલોકમાં વ્યંતર દેવો

રત્નપ્રભા નામની પહેલી નરક પૃથ્વીનાં ૧,૮૦,૦૦૦ યોજનનાં જાડા થર (ઊંચાઈ) માંથી, ઉપરનાં જે એક હજાર યોજન છે, તેમાં ઉપર-નીચે ૧૦૦-૧૦૦ યોજન છોડી દેતાં, વચલાં ૮૦૦ યોજનમાં વ્યંતરદેવોની આઠ જાતિઓ રહે છે. તેમાં વ્યંતરદેવોનાં અસંખ્ય નગરો આવેલાં છે.

તેવી જ રીતે, ઉપરનાં છોડેલાં ૧૦૦ યોજનમાંથી, ઉપર-નીચે ૧૦-૧૦ યોજન છોડી દેતાં, વચલાં ૮૦ યોજનમાં આઠ વાણવ્યંતર જાતિનાં દેવોનાં નગરો છે.

વ્યંતર એટલે અંતર વગરનાં (મનુષ્યોથી- મનુષ્યલોકથી બહુ અંતર ન હોવાથી) અથવા વ્યંતર એટલે વિવિધ પ્રકારનાં અંતરવાળાં (તેઓનાં નગરો છેટે-છેટે હોવાથી) અથવા વનાન્તરો (વનોમાં), શૈલાન્તરો (પર્વતોમાં), કંદરાન્તરોમાં (ગુફાઓમાં) વસતાં હોવાથી, વ્યંતર કે વાણવ્યંતર કહેવાય છે.

| | | |
|---|---|---|
| ઉપરનાં ૧૦૦૦ યોજન | ૧૦ યોજન | ઉપરનાં ૧૦૦ યોજન |
| | ૮૦ યોજનમાં વાણવ્યંતરના નગરો | |
| | ૧૦ યોજન | |
| | વચલા ૮૦૦ યોજનમાં વ્યંતરોના અસંખ્ય નગરો | ૮૦૦ યોજન |
| | નીચેનાં છોડેલા ૧૦૦ યોજન | નીચેનાં ૧૦૦ યોજન |
| | ↑ રત્નપ્રભા પૃથ્વી ↓ વચ્ચેનાં ૧,૭૮,૦૦૦ યોજન | |
| નીચેનાં ૧૦૦૦ યોજન | | |

વળી, વ્યંતરજાતિમાં, દસ પ્રકારનાં 'તિર્યગ્જૃંભક' દેવો પણ છે. તેઓ તિર્છાલોકમાં (ચિત્ર, વિચિત્ર, મેરુ, વૈતાઢ્ય વગેરે પર્વતો ઉપર) વસતાં હોવાથી, તેમ જ, તેમનો સ્વચ્છંદાચાર નિત્ય વધતો હોવાથી અથવા તેઓ પ્રભુનાં જન્માદિ કલ્યાણકો વખતે તેમનાં ઘરો ધન-ધાન્યાદિથી ભરી દેતાં હોવાથી, 'તિર્યગ્જૃંભક' કહેવાય છે. (જૃંભક = વધવું, વૃદ્ધિ કરવી). તિર્યગ્જૃંભક દેવો, ભક્તિ કરનારની ઉપર અનુગ્રહ (કૃપાપાત્ર) કરવાની અને આશિષ આપવાની શક્તિ ધરાવે છે. તેમ જ, વૈરીને શાપ (વેર લેવાં રૂપે) આપવાની પણ શક્તિ ધરાવે છે.

આમ, વ્યંતર નિકાયમાં ૮ વ્યંતર + ૮ વાણવ્યંતર + ૧૦ તિર્યગ્જૃંભક = ૨૬ ભેદ થાય. તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં, વ્યંતરના કુલ ભેદ ૫૨ થાય.

૮ વ્યંતર દેવોનાં નામો નીચે પ્રમાણે છે :
(૧) કિન્નર, (૨) કિંપુરુષ (૩) મહોરગ (૪) ગંધર્વ
(૫) યક્ષ (૬) રાક્ષસ (૭) ભૂત (૮) પિશાચ

૮ વાણવ્યંતર દેવોનાં નામો નીચે પ્રમાણે છે :
(૧) આણપન્ની (૨) પાણપન્ની (૩) ઈસિવાદિ (૪) ભૂતવાદિ
(૫) કંદીત (૬) મહાકંદીત (૭) કોહંડ (૮) પયંગદેવ.

૧૦ તિર્યગ્જૃંભક દેવોનાં નામો નીચે પ્રમાણે છે :
(૧) અન્ન જૃંભક (૨) પાણ જૃંભક (૩) લયન જૃંભક (૩) વસ્ત્રજૃંભક
(૫) શયન જૃંભક (૬) પુષ્પ જૃંભક (૭) ફળ જૃંભક
(૮) બીજ જૃંભક (૯) વિદ્યા જૃંભક (૧૦) અવિયત જૃંભક.

No.

Date

## ③ મધ્યલોકમાં જ્યોતિષ દેવો

આ દેવોનાં વિમાનો, જ્યોતિ સ્વરૂપ હોવાથી, 'જ્યોતિષ દેવો' કહેવાય છે. તેમનાં પાંચ ભેદો પાડવામાં આવ્યાં છે. તેમનાં નામ આ પ્રમાણે છે : (૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) ગ્રહ (૪) નક્ષત્ર (૫) તારા.

સમભૂતલાથી ઉપર ૭૯૦ યોજને તારાનાં વિમાનો છે. તે પછી ૧૦ યોજને સૂર્યનાં વિમાનો છે. તે પછી ૮૦ યોજને ચંદ્રનાં વિમાનો છે. તે પછી ૪ યોજને નક્ષત્રનાં વિમાનો છે અને તેનાથી ૧૬ યોજને ગ્રહોનાં વિમાનો આવેલાં છે. આમ સમભૂતલાથી ઉપર, ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન વચ્ચે (૧૧૦ યોજનની અંદર) જ્યોતિષનાં વિમાનો આવેલાં છે.

આ જ્યોતિષનાં વિમાનો મેરુ પર્વતની આજુબાજુ ફરે છે. જંબુદ્વીપમાં સૂર્ય-ચંદ્ર એક-એક નથી, પરંતુ બે-બે છે. તેઓ નીચેનાં ભાગથી (પીઠનાં ભાગથી) અર્ધકોઠાનાં આકારનાં હોય છે, તેથી આપણને ગોળ દેખાય છે.

આ જ્યોતિષ દેવોનાં વિમાનો તિર્છાલોકમાં મેરુપર્વતથી ૧૧૨૧ યોજન દૂરથી વિચરણ કરે છે. અને લોકાંતથી ૧૧૧૧ યોજન દૂર તે જ્યોતિષદેવનું છેલ્લું વિમાન છે. પછી જ્યોતિષીના વિમાન હોતાં નથી.

૨ ચંદ્ર અને ૨ સૂર્ય જંબુદ્વીપમાં, ૪ ચંદ્ર અને ૪ સૂર્ય લવણ સમુદ્રમાં, ૧૨ ચંદ્ર અને ૧૨ સૂર્ય ધાતકીખંડમાં, ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય કાળોદધિ સમુદ્રમાં અને ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય અર્ધપુષ્કર દ્વીપમાં હોય છે. આમ, અઢી દ્વીપમાં બધાં મળીને ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય છે. તેમજ, જ્યાં એક ચંદ્ર અને એક સૂર્ય હોય, ત્યાં તેનો પરિવાર એટલે કે ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર, ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા હોય છે, અને તે દેવના સામાનિક, આત્મરક્ષક તથા પરિષદનાં હજારો દેવો હોય છે. અઢીદ્વીપમાં, આ પાંચેય પ્રકારનાં વિમાનો, ચર (ફરતાં) છે તેથી રાત-દિવસ આદિનાં ભેદો થાય છે. અઢીદ્વીપની બહાર, જ્યોતિષ વિમાનો અચર (સ્થિર) છે. આમ, ૫ ચર + ૫ અચર = ૧૦ ભેદ જ્યોતિષ દેવનાં થાય. તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા મળીને જ્યોતિષ દેવનાં કુલ ભેદ ૨૦ થાય.

KOKUYO W-N828N

## (૪) ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવો

વિશિષ્ટ માન-માપવાળાં તે વિમાન અથવા વિશિષ્ટ પુણ્યશાળી આત્માથી જે ભોગવાય તે વિમાન. આ વિમાનમાં રહેનારાં દેવો તે વૈમાનિક દેવો કહેવાય.

૧૮૦૦ યોજનનો તિર્છાલોક પૂરો થતાં ઊર્ધ્વલોકની શરૂઆત થાય છે. આ ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવો રહે છે. તે દેવોનાં બે પ્રકાર છે : (૧) કલ્પોપન્ન અને (૨) કલ્પાતીત

(૧) કલ્પોપન્ન દેવો : કલ્પ = મર્યાદા, ઉપપન્ન = યુક્ત.
જે દેવોમાં ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશત્ આદિ નાના-મોટાની મર્યાદા છે, જ્યાં સ્વામી-સેવકનો ભેદ છે, તેને 'કલ્પોપન્ન દેવ' કહેવાય છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિકનાં ૧૨ દેવલોકમાં કલ્પ = ઈન્દ્ર, સામાનિક, નોકર આદિની વ્યવસ્થા હોય છે. તેથી, તેમાં ઉત્પન્ન થયેલાં દેવો કલ્પોપન્ન કહેવાય. તેમનાં કુલ ૬૪ ઈન્દ્રો છે. તે નીચે પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| (૧) ભવનપતિ : દસ નિકાયમાં દરેકમાં બે ઈન્દ્ર હોવાથી | | | = ૨૦ |
| (૨) વ્યંતર અને વાણવ્યંતરના ૧૬ નિકાયમાં દરેકમાં ૨ ઈન્દ્ર | | | = ૩૨ |
| * (૩) જ્યોતિષમાં સૂર્ય અને ચંદ્રનો ૧ + ૧ | | | = ૨ |
| (૪) વૈમાનિક - | (a) પહેલા ૮ દેવલોક - દરેકમાં | ૧ | = ૮ |
| | (b) ૯માં - ૧૦મા દેવલોકનો | ૧ | = ૧ |
| | (c) ૧૧મા - ૧૨મા દેવલોકનો | ૧ | = ૧ |
| | | કુલ ઈન્દ્ર | = ૬૪ |

આ ઈન્દ્રો તથા ત્યાંના દેવોનો, પ્રભુના જન્મ કલ્યાણકાદિ ઉજવવાનો કલ્પ = આચાર છે. તેથી, પણ તેઓ 'કલ્પોપન્ન દેવો' કહેવાય છે.

* નોંધ: અસંખ્ય દ્વીપ-સમુદ્રનાં ચંદ્ર-સૂર્ય અસંખ્ય છે, તેથી તેમનાં ઈન્દ્રો પણ અસંખ્ય છે. પરંતુ, અહીં સઘળા સૂર્ય ઈન્દ્રની એક અને સઘળા ચંદ્ર ઈન્દ્રની એકમાં જ ગણતરી કરી છે.)

No.
Date

## ❀ ૧૨ દેવલોકનાં નામ :

(૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આણત (૧૦) પ્રાણત (૧૧) આરણ (૧૨) અચ્યુત .

## ❀ વૈમાનિક દેવોનાં સ્થાન :




### ૧૨ દેવલોકનું ચિત્ર

તિર્ચ્છાલોકમાં મેરુ પર્વતના સમતલ ભૂમિભાગથી ૧½ રજ્જુ એટલે કે અસંખ્યાત યોજન ઉપર જતાં, મેરુ પર્વતથી દક્ષિણ દિશામાં સૌધર્મ' અને ઉત્તર દિશામાં બીજું 'ઈશાન' દેવલોક છે. બંને , દેવલોક જોડાજોડ છે. બીજું દેવલોક પહેલા દેવલોકથી હથેળીના તળિયાની જેમ થોડું ઊંચું છે. બંને દેવલોક મળીને પૂર્ણ ચંદ્રમાને આકારે છે. ત્યાંથી અસંખ્યાત યોજન (૨½ રજ્જુ) ઊંચે જવા પર

मेरुनी दक्षिण दिशामां त्रीजुं 'सनत्कुमार' देवलोक अने उत्तर दिशामां चोथुं 'माहेन्द्र' देवलोक छे. बंने मळीने पूर्ण चंद्रमाने आकारे छे. त्यांथी असंख्यात योजन (3½ रज्जु) ऊंचे जतां पांचमुं 'ब्रह्मलोक' देवलोक छे. ते परिपूर्ण चंद्रमाने आकारे छे.

आ पांचमा देवलोकनी दक्षिण दिशामां ९ 'कृष्णराजु' छे. जेमां चार दिशा, चार विदिशा अने एक मध्यमां, एम कुल नव विमान छे. जेमां नव जातिनां 'लोकांतिक देवो' रहे छे. (चित्रमां देखाडेल नथी).

★ लोकांतिक देवो :

पांचमा ब्रह्मलोक देवलोकना अंतमां रहे छे, माटे तेने 'लोकांतिक' कहेवाय छे. अथवा लोक = औदयिक भाव रूप संसार, तेना अंते रहेला माटे 'लोकांतिक' कहेवाय - अर्थात् तेना स्वामी देव प्राय: एकावतारी होय छे. लोकांतिक देवोनुं मान-सन्मान घणुं होय छे. तेनां मुख्य देव सम्यग्दृष्टि होय छे. तीर्थंकरना दीक्षा लेवाना समये, लोकांतिक देवो मनुष्य लोकमां आवीने तेमने प्रार्थना करे छे : "हे भगवन्! आप प्रव्रज्या अंगीकार करो अने जगत जीवोनां कल्याणने माटे धर्मतीर्थनी स्थापना करो." जो के, तीर्थंकर देवो तो स्वयंसंबुद्ध ज होय छे, छतां लोकांतिक देवोनो आ प्रकारनो व्यवहार छे.

९ लोकांतिक देवोनां नामो नीचे प्रमाणे छे :
(१) सारस्वत (२) आदित्य (३) वह्नि (४) वरुण (५) गर्दतोय (६) तुषित (७) अव्याबाध (८) आग्नेय (९) अरिष्ठ.

पांचमा देवलोकथी असंख्यात योजन (3½ रज्जु) ऊंचे जतां छट्ठुं 'लांतक' देवलोक छे. ते पण चंद्रमा जेवुं गोळ छे. त्यांथी असंख्यात योजन (3॥ रज्जु) ऊंचे जतां सातमुं 'महाशुक्र' देवलोक छे. ते पूर्ण गोळ छे. त्यांथी असंख्यात योजन (४ रज्जु) ऊंचे जतां आठमुं 'सहस्रार' देवलोक छे. ते पण पूर्ण गोळ छे. त्यांथी असंख्यात योजन (४½ रज्जु) ऊंचे जतां दक्षिण दिशामां नवमुं 'आणत' अने उत्तर दिशामां दसमुं

'પ્રાણત' એ બે દેવલોક જોડાજોડ છે. ત્યાંથી અસંખ્યાત યોજન (૫ રજ્જુ) ઊંચે જતાં દક્ષિણમાં અગિયારમું 'આરણ' અને ઉત્તરમાં બારમું 'અચ્યુત' દેવલોક છે.

★ કિલ્બિષીક દેવો :

હલકી જાતિના દેવો - તેનાં ત્રણ પ્રકાર છે :

(૧) ત્રણ પલ્યા : ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા દેવો. તે જ્યોતિષી દેવોની ઉપર અને પહેલા-બીજા દેવલોકની નીચેના પ્રતર ભાગમાં રહે છે.

(૨) ત્રણ સાગરિયા : ત્રણ સાગરોપમની સ્થિતિવાળા દેવો. તે બીજા દેવલોકની ઉપર અને ત્રીજા-ચોથા દેવલોકના નીચેના પ્રતર ભાગમાં રહે છે.

(૩) તેર સાગરિયા : તેર સાગરોપમની સ્થિતિવાળા દેવો. તે પાંચમા દેવલોકની ઉપર અને છઠ્ઠા દેવલોકના નીચેના પ્રતર ભાગમાં રહે છે.

જિનેશ્વર દેવોની વાણીના ઉત્થાપક, તીર્થંકર દેવોની આશાતના કરવાવાળા, જિનાજ્ઞાના વિરાધક, તપ-સંયમની ચોરી કરવાવાળા, આચાર્ય-ઉપાધ્યાયના અવર્ણવાદ બોલવાવાળા જીવો 'કિલ્બિષીક દેવ' તરીકે ઉત્પન્ન થાય છે.

નોંધ: લોકાંતિક તથા કિલ્બિષીકોનું વૈમાનિક દેવોની સાથે સ્થાન હોવાથી, વૈમાનિક દેવોમાં જ સમાવિષ્ટ થાય છે.

(૨) કલ્પાતીત દેવો :

જે દેવોમાં ઈન્દ્ર, સામાનિક આદિ નાના-મોટાનો ભેદ હોતો નથી, બધા જ દેવો અહમેન્દ્ર (ઈન્દ્ર સમાન) હોય છે, તેને 'કલ્પાતીત' કહેવાય છે. તેનાં ૧૪ ભેદ છે → ૯ ગ્રૈવેયક + ૫ અનુત્તર વિમાન = ૧૪.

★ ૯ ગ્રૈવેયક દેવો :

૧૧-૧૨ મા દેવલોકથી અસંખ્યાતા યોજન ઊંચે જતાં ૯ ગ્રૈવેયકનાં વિમાન આવે છે. લોકનો આકાર પુરુષાકારે મનાય છે, તેમાં આ

દેવોનાં વિમાનો ગ્રીવા = ગળાનાં ભાગમાં રહેલા હોવાથી તેને 'ગ્રૈવેયક દેવો' કહેવાય છે. તેની ત્રણ ત્રિક છે, દરેક ત્રિકમાં ત્રણ-ત્રણ પ્રકારનાં દેવો રહે છે. તેનાં નામો નીચે પ્રમાણે છે :
નીચલી (પહેલી ત્રિક) - (૧) ભદ્દે (૨) સુભદ્દે (૩) સુજાએ
મધ્યમ બીજુ ત્રિક - (૪) સુમાણસે (૫) પ્રિયદંસણે (૬) સુદંસણે
ઉપલી ત્રીજુ ત્રિક - (૭) આમોહે (૮) સુપડિબદ્ધે (૯) જશોધરે.

* ૫ અનુત્તર વિમાનનાં દેવો :

નવ ગ્રૈવેયકની ઉપલી ત્રિકથી અસંખ્યાત યોજન ઊંચે 'અનુત્તર વિમાન'નાં દેવોનું સ્થાન છે. તે વિમાન અનુત્તર અર્થાત્ સર્વોત્તમ છે. તે વિમાનમાં રહેવાવાળાં દેવોનાં શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ સર્વશ્રેષ્ઠ હોય છે, તેથી તે વિમાનોને 'અનુત્તર વિમાન' કહેવાય છે. તે વિમાનમાં રહેવાવાળાં બધાં દેવો સમ્યગ્દૃષ્ટિ જ હોય છે. તે વિમાનોનાં નામ નીચે પ્રમાણે છે :
(૧) વિજય (૨) વૈજયંત (૩) જયંત (૪) અપરાજિત (૫) સર્વાર્થસિદ્ધ.

આ પાંચમાંથી, પહેલા ચાર વિમાનનાં દેવો જઘન્ય એક ભવ અને ઉત્કૃષ્ટ ૧૩ ભવ કરીને મોક્ષે જનારા હોય છે. જ્યારે, સર્વાર્થસિદ્ધ વિમાનનાં દેવો એક ભવ કરીને મોક્ષે જનારા હોય છે. અનુત્તર વિમાનમાં બે ભવથી વધારે ભવ થતાં નથી.

આ અનુત્તર વિમાનનાં દેવોનું સુખ બધાં દેવોનાં સુખથી અધિક હોય છે.

* ઊર્ધ્વલોકમાં દેવોનાં ભેદ :

૧૨ દેવલોક + ૩ કિલ્બિષીક + ૯ લોકાંતિક + ૯ ગ્રૈવેયક + ૫ અનુત્તર વિમાન = ૩૮ ભેદ થયા.
તેનાં પર્યાપ્તા અને અપર્યાપ્તા મળીને, વૈમાનિક દેવોનાં કુલ ભેદ ૭૬ થાય.




કલ્પાતીત - ૯ ગ્રૈવેયક + ૫ અનુત્તર વિમાનનું ચિત્ર

⊛ દેવોનાં વિમાનોની સંખ્યા : કુલ વિમાન = ૮૪,૯૭,૦૨૩

| | દેવલોક | વિમાનોની સંખ્યા | |
|---|---|---|---|
| (૧) | સૌધર્મ | ૩૨ લાખ | |
| (૨) | ઈશાન | ૨૮ લાખ | |
| (૩) | સનત્કુમાર | ૧૨ લાખ | |
| (૪) | માહેન્દ્ર | ૮ લાખ | |
| (૫) | બ્રહ્મલોક | ૪ લાખ | |
| (૬) | લાંતક | ૫૦ હજાર | |
| (૭) | મહાશુક્ર | ૪૦ હજાર | |
| (૮) | સહસ્રાર | ૬ હજાર | |
| (૯) | આણત + પ્રાણત | ૪૦૦ | (૨૦૦ + ૨૦૦) |
| (૧૦) | આરણ + અચ્યુત | ૩૦૦ | (૧૫૦ + ૧૫૦) |
| (૧૧) | નીચલી ત્રિક | ૧૧૧ | |
| (૧૨) | મધ્યમ ત્રિક | ૧૦૭ | |
| (૧૩) | ઉપલી ત્રિક | ૧૦૦ | |
| (૧૪) | અનુત્તર વિમાન | ૫ | (દરેકમાં એક) |

KOKUYO W-NB280U

## ૩ દેવો સંબંધી જાણવાં યોગ્યં :

(૧) વર્તમાનના ૬૪ ઈન્દ્રો સમ્યક્દૃષ્ટિ અને એકાવતારી છે.
(૨) અનુત્તર વિમાનમાં દેવો એકાંત 'સમ્યગ્દૃષ્ટિ' જ હોય છે.
(૩) દેવો જરૂર પડ્યે મૂળ શરીરથી બીજું શરીર બનાવે છે, જેને 'ઉત્તરવૈક્રિય' શરીર કહેવાય છે.
(૪) બધાં દેવો 'અવિરતિ' હોય છે, તેથી વ્રત-પ્રત્યાખ્યાન કરી શકતા નથ
(૫) દેવ મરીને ફરીથી દેવ થતા નથી, પણ વચ્ચે એક ભવ મનુષ્ય કે તિર્યંચ ગતિનો કર્યા પછી દેવ થવું હોય તો થઈ શકે છે.
(૬) દેવો દેવલોકમાંથી ચ્યવીને મનુષ્ય, તિર્યંચ, પૃથ્વી, પાણી અને વનસ્પતિ - એ પાંચ સ્થાનમાં ઉત્પન્ન થઈ શકે છે, પરંતુ બીજા દેવલોકથી ઉપરના દેવલોકના દેવો પૃથ્વી, પાણી અને વનસ્પતિ એ ત્રણ સ્થાનમાં ઉત્પન્ન થતાં નથી.
(૭) નવમા દેવલોકથી લઈને સર્વાર્થસિદ્ધ વિમાન સુધીનાં દેવો ચ્યવીને નિયમા મનુષ્ય જ થાય છે, પણ તિર્યંચ થતા નથી અને મનુષ્ય જ મરીને તે દેવલોકમાં જઈ શકે છે.
(૮) દેવોમાં મુખ્યત્વે 'લોભ કષાય' અને સંજ્ઞામાં 'પરિગ્રહ સંજ્ઞા' વધારે હોય છે.
(૯) સમ્યગ્દૃષ્ટિ દેવોને મતિ, શ્રુત અને અવધિજ્ઞાન એમ ૩ જ્ઞાન હોય છે જ્યારે, મિથ્યાદૃષ્ટિ દેવોને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એમ ૩ અજ્ઞાન હોય છે.
(૧૦) યુગલિક મનુષ્ય અને યુગલિક તિર્યંચ અવશ્ય દેવગતિમાં જ જાય છે.
(૧૧) તિર્યંચ જીવો વધારેમાં વધારે આઠ દેવલોક સુધી જઈ શકે છે.
(૧૨) જૈનદર્શનના અપ્રમતાદિ સાધુ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ તરીકે ઉત્પન્ન થઈ શકે છે અને તથારૂપના શ્રાવક બારમા દેવલોક સુધી જઈ શકે છે.
(૧૩) સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચો મરીને વૈમાનિક દેવ થાય છે, જેનું આયુષ્ય સમ્યક્ત્વના સદ્ભાવમાં બંધાયું હોય.
(૧૪) ચારિત્ર લીધાં વિના ૯ ગ્રૈવેયક કે ૫ અનુત્તર વિમાનમાં જઈ શકાતું નથ
(૧૫) ૧૨ દેવલોક સુધીના દેવો, તીર્થંકરના કલ્યાણક આદિ પ્રસંગોમાં મૃત્યુલોકમાં આવે છે. ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર વિમાનનાં દેવો 'અહમેન્દ્ર' હોવાથી, પોતાનું સ્થાન છોડી નીચે આવતાં નથી.

No.
Date

(૧૬) ચાર પ્રકારનાં દેવોમાં સૌથી વધારે સંખ્યા જ્યોતિષી દેવોની છે. બધા મળીને અસંખ્યાતા દેવો છે.
(૧૭) દેવોને પ્રાય: શારીરિક કષ્ટ હોતું નથી. ભૂખ-તરસ, ટાઢ-તડકા, રોગ-બિમારી, ગર્ભવાસ કે વૃદ્ધાવસ્થાનું દુ:ખ હોતું નથી.
(૧૮) દેવલોકમાં દેવ-દેવીઓ મનુષ્યની જેમ ગર્ભમાં ઉત્પન્ન થતાં નથી. તેમને ઉત્પન્ન થવાં માટે 'દેવ શય્યા' હોય છે.
(૧૯) દેવોની ભાષા 'અર્ધમાગધી' હોય છે અને મધુરભાષી હોય છે.
(૨૦) દેવલોકમાં ઉત્પન્ન થતાંની સાથે દેવોને સામાન્ય રૂપથી અવધિજ્ઞાન થાય છે. તેનાં દ્વારા ભૂત-ભવિષ્યની વાતોને જાણી શકે છે.
(૨૧) દેવોનું આયુષ્ય 'નિરૂપક્રમી' હોય છે, તેથી અકાળે મૃત્યુ પામતાં નથી.
(૨૨) મનુષ્ય પોતાની શક્તિથી પણ દેવલોકમાં જઈ શકે નહીં. ત્યાં કોઈ વિમાન કે રૉકેટ પણ જઈ શકતાં નથી.
(૨૩) દેવોને સંતાન હોતાં નથી.
(૨૪) જો કે દેવલોકમાં ક્યાંયે હાથી, ઘોડા વગેરે પશુઓ હોતાં નથી, પણ દેવો પોતાની વૈક્રિય શક્તિ વડે હાથી, ઘોડા, વગેરેનાં રૂપો બનાવે છે.
(૨૫) દેવોમાં પણ પરસ્પર ઈર્ષ્યા, વૈમનસ્ય વગેરે હોય છે.

(*) દેવોને મૃત્યુલોકમાં ન આવવાનાં કારણો :
(૧) દેવો દેવલોકના દિવ્ય કામભોગમાં મૂર્છિત થયેલાં હોય છે અને મનુષ્યનાં કામભોગને તે સારાં જાણતાં નથી.
(૨) મનુષ્ય સંબંધીનો પ્રેમ દેવ-દેવીઓનાં પ્રેમમાં ફેરવાઈ જાય છે.
(૩) દેવો દેવલોકનાં દિવ્ય કામભોગમાં અને નાટક આદિ જોવામાં એટલા તલ્લીન હોય છે કે હમણાં જ નીચે જઈશ, એમ કરતાં ઘણો કાળ પસાર થઈ જાય છે, અને ત્યાં સુધી મનુષ્યલોકનાં અલ્પ આયુષ્યવાળા સ્વજન-સંબંધીઓનું મૃત્યુ થઈ જાય છે.
(૪) મનુષ્યલોકની દુર્ગંધ ૪૦૦-૫૦૦ યોજન સુધી ઊંચે જાય છે, તેથી દુર્ગંધને કારણે દેવો મનુષ્યલોકમાં આવતાં નથી.

(*) દેવોને મૃત્યુલોકમાં આવવાનાં કારણો :
(૧) આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આદિનાં દર્શન આદિ માટે.
(૨) મહાન જ્ઞાની, તપસ્વી અને અતિદુષ્કર કરણી કરનારને તેનાં તપ

આદિથી આકર્ષાઈને વંદન-નમસ્કાર કરવા માટે.
(૩) પૂર્વભવના સ્નેહીઓના અનુરાગથી કે દ્વેષથી.
(૪) પૂર્વભવમાં મિત્ર આદિની સાથે કરેલ સંકેતથી.

## ✲ દેવોના ૧૯૮ ભેદોની ગણના :

① ભવનપતિ : ૧૦ ભવનપતિ
+ ૧૫ પરમાધાર્મિક
૨૫

② વ્યંતર : ૮ વ્યંતર
૮ વાણવ્યંતર
૧૦ તિર્યગ્જૃંભક
૨૬

③ જ્યોતિષી : ૫ ચર
૫ અચર
૧૦

④ વૈમાનિક કલ્પોપન્ન : ૧૨ દેવલોક
૩ કિલ્બિષીક
૯ લોકાંતિક
વૈમાનિક કલ્પાતીત : ૯ ગ્રૈવેયક
૫ અનુત્તર
૩૮

એટલે : ભવનપતિ + વ્યંતર + જ્યોતિષી + વૈમાનિક = કુલ દેવ
૨૫ + ૨૬ + ૧૦ + ૩૮ = ૯૯

એ ૯૯ પર્યાપ્ત અને ૯૯ અપર્યાપ્તા ગણતાં,
દેવના કુલ ભેદ ૧૯૮ થાય.

No.

Date

# તિર્યંચ પંચેન્દ્રિય (પંચેન્દ્રિય જીવનો બીજો પ્રકાર)

તિર્યંચ પંચેન્દ્રિય
- જળચર
- સ્થળચર
  - ચતુષ્પદ
  - ઉરપરિસર્પ
  - ભુજપરિસર્પ
- ખેચર

**વ્યાખ્યા:** જે તિર્યંચ જીવોને પાંચ ઈન્દ્રિયો હોય, તે તિર્યંચ પંચેન્દ્રિય જીવ કહેવાય.

**દા.ત.:** જળચર, સ્થળચર, ખેચર (પશુ-પક્ષી વગેરે)

**ખાસ નોંધ:** 'તિર્યંચ પંચેન્દ્રિય જીવો' જ્યારે કહેવાય, ત્યારે તેમાં પંચેન્દ્રિય વિભાગમાં આવતાં તિર્યંચ જીવો એટલે કે જળચર, સ્થળચર, ખેચર એટલે કે પશુ-પક્ષીનો સમાવેશ કરવો.

∴ તિર્યંચ પંચેન્દ્રિય = પંચેન્દ્રિય પશુ-પક્ષી

જ્યારે 'તિર્યંચ જીવો' એમ સામાન્યથી કહેવાય અથવા 'તિર્યંચ ગતિનાં જીવો' કહેવાય, ત્યારે તેમાં તમામ એકેન્દ્રિય + વિકલેન્દ્રિય + પંચેન્દ્રિય તિર્યંચ જીવોનો સમાવેશ થાય છે.

∴ તિર્યંચ જીવો અથવા તિર્યંચ ગતિ = એકેન્દ્રિય + વિકલેન્દ્રિય + પંચેન્દ્રિય તિર્યંચ

❀ તિર્યંચ પંચેન્દ્રિય જીવો ત્રણ પ્રકારનાં છે:
(૧) જળચર (૨) સ્થળચર (૩) ખેચર

(૧) **જળચર:** જે પંચેન્દ્રિય તિર્યંચો જળાશયમાં - કૂવા, વાવ, તળાવ, નદી, સમુદ્રાદિમાં જીવન ચલાવી / ટકાવી શકે, તે 'જળચર' કહેવાય છે.

**દા.ત.:** મોટાં મગરમચ્છો, મગર, કાચબા, માછલાં, ગ્રાહ (ગ્રાહને સુંઢ પણ કહેવાય છે - તે હાથીને પણ ખેંચી જાય તેવું ઘણું બળવાન તાંતણાના આકારનું જળચર પ્રાણી છે)

KOKUYO W-NB280U

(૨) <u>સ્થળચર</u> : જે પંચેન્દ્રિય તિર્યંચો, જળાશયમાં જીવન ચલાવી શકતાં નથી તેમ જ આકાશમાંય ઉડી શકતા નથી, પરંતુ જમીન ઉપર જ જીવન ચલાવે છે, તેઓ 'સ્થળચર' કહેવાય. તે સ્થળચર તિર્યંચો ત્રણ પ્રકારનાં છે :

ⓐ <u>ચતુષ્પદ</u> : ચાર પગવાળાં પ્રાણી - ગાય, બળદ, હાથી, ઘોડા, સિંહ, વાઘ, હરણ, કૂતરા, ગધેડા, ઊંટ, બકરા, દિપડા વગેરે

ⓑ <u>ઉરપરિસર્પ</u> : પેટ વડે ચાલનારાં - સર્પ, અજગર, નાગ (ફણાવાળો સર્પ), આશીવિષ સર્પ (દાઢમાં ઝેર હોય), દ્રષ્ટિવિષ સર્પ, ઉગ્રવિષ સર્પ, ભોગવિષ સર્પ (શરીરમાં ઝેર હોય), ત્વંગવિષ સર્પ, નિઃશ્વાસવિષ સર્પ, આસાલિક સર્પ (સંમૂર્છિમ હોય અને ૧૫ કર્મભૂમિમાં જ થાય) વગેરે...

ⓒ <u>ભુજપરિસર્પ</u> : જેમનાં ચાર પગમાંથી પાછળનાં બે પગનો ઉપયોગ માત્ર પગ તરીકે જ થાય, અને આગળનાં બે પગનો ઉપયોગ હાથ અને પગ બંને તરીકે થાય તે - નોળિયો, ઉંદર, કાચીંડો, ખિસકોલી, ચંદનઘો, ગરોળી, પાંદરો, સસલું, કાંગારૂ, દેડકા વગેરે

(૩) <u>ખેચર</u> : જે પંચેન્દ્રિય તિર્યંચો આકાશમાં ઉડી શકે, તે ખેચર કહેવાય. તેમાં કેટલાંક <u>રૂંવાટાની પાંખવાળા</u> (રોમજ) હોય → દા.ત. ચકલી, પોપટ, મોર, કબૂતર, હંસ, સારસ, ઘુવડ વગેરે. અને કેટલાંક <u>ચામડાની પાંખવાળા</u> હોય → દા.ત. ચામાચિડીયા, વાગોળ, વડવાગોળ, સમુદ્રનાં કાગડાં, ભારંડ પક્ષી વગેરે...
વળી, મનુષ્યલોકની બહાર (અઢીદ્વીપની બહાર) કેટલાંક એવાં પક્ષીઓ છે કે જેઓ ઉડે ત્યારે પણ તેમની પાંખો સંકોચાયેલી (ખુલ્લી નહીં પણ બેઠેલા પક્ષીની જેમ સંકોચાયેલી) જ હોય છે. અને કેટલાંક પક્ષીઓ એવાં હોય કે જેઓ ઉડતાં હોય કે બેઠેલાં હોય - તેમની પાંખો ઉઘાડી - પહોળી કરેલી જ હોય.
આ પક્ષીઓનાં જન્મ-મરણ આકાશમાં જ થાય છે - એ વાત આપણાં પૂર્વાચાર્યો પરંપરાથી કહેતાં આવ્યાં છે.

❀ <u>તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદ</u> :
જળચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ, ખેચર - એ પાંચના ગર્ભજ અને સંમૂર્છિમ - એટલે ૧૦ ભેદ થાય. અને એ ૧૦ ભેદમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા - એટલે કુલ ૨૦ ભેદ થાય.

તિર્યંચ પંચેન્દ્રિયના કુલ ૨૦ ભેદ નીચે પ્રમાણે છે :

(૧) પર્યાપ્તા ગર્ભજ જલચર (૨) અપર્યાપ્તા ગર્ભજ જળચર
(૩) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ જળચર (૪) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ જળચર
(૫) પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ (૬) અપર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ
(૭) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ (૮) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ
(૯) પર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ (૧૦) અપર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ
(૧૧) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ (૧૨) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ
(૧૩) પર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ (૧૪) અપર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ
(૧૫) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ (૧૬) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ
(૧૭) પર્યાપ્તા ગર્ભજ ખેચર (૧૮) અપર્યાપ્તા ગર્ભજ ખેચર
(૧૯) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર (૨૦) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર.

આમાં, જળચર અને ખેચરનાં ૪-૪ એટલે ૮ ભેદ થાય અને સ્થળચરનાં કુલ ૧૨ ભેદ થાય. પર્યાપ્તા-અપર્યાપ્તાના ૧૦-૧૦ ભેદ થાય અને ગર્ભજ-સંમૂર્ચ્છિમના ૧૦-૧૦ ભેદ થાય.

✲ ગર્ભજ : માતાનાં ગર્ભ દ્વારા જન્મે, તે ગર્ભજ કહેવાય.
સંમૂર્ચ્છિમ : માતાનાં ગર્ભ વિનાં જ, અમુક પ્રકારનાં સંયોગો મળવાથી ઉત્પન્ન થાય, તે સંમૂર્ચ્છિમ કહેવાય.

• એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીનાં જીવો સંમૂર્ચ્છિમ જ હોય.
તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો, ગર્ભજ અને સંમૂર્ચ્છિમ, બંને પ્રકારે હોય.

• એકેન્દ્રિય અને બેઈન્દ્રિય જીવો, પોતાની ઉત્પત્તિને યોગ્ય સંજોગો મળી જતાં, લગભગ પોતાની સ્વજાતિનાં જીવોની આસપાસ ઉત્પન્ન થઈ જાય છે.
તેઈન્દ્રિય જીવો સ્વજાતિનાં મળ-વિષ્ટા વગેરેમાંથી ઉત્પન્ન થઈ જાય છે.
ચઉરિન્દ્રિય જીવો સ્વજાતિનાં લાળ-મળ વગેરેમાંથી ઉત્પન્ન થઈ જાય છે.

• ગર્ભજ જીવો ત્રણ પ્રકારનાં હોય છે :
(a) અંડજ : ઈંડામાંથી પેદા થાય તે - ચકલી, કાગડો, ચંદનઘો, કાચબો વગેરે
(b) પોતજ : ખુલ્લા અંગે- સીધાં બચ્ચાં રૂપે જન્મે તે - હાથી, સસલું, ઉંદર, નોળિયો, ચામાચીડીયો વગેરે
(c) જરાયુજ : પેદા થનાર બચ્ચું લોહી-માંસથી ભરેલ એક પ્રકારની જાળમાં લપટાયેલું હોય જેને 'ઓર' કહેવાય - જેમ કે મનુષ્ય, ગાય, ભેંસ, બકરી, બળદ, ઘેટાં વગેરે...

No.
Date

## ✿ પંચેન્દ્રિય તિર્યંચ જીવોની વિરાધનાથી બચવાનાં ઉપાયો :

(૧) સાપ, ગાય, ભેંસાદિ પશુઓને મારીને, તેમનાં ચામડાંમાંથી, ચામડાનાં belt, purse, બૂટ, ચંપલ, બેગાદિ વસ્તુઓ બનાવવામાં આવે છે. તેથી, ચામડાંની કોઈપણ વસ્તુઓ, શ્રાવકોએ વાપરવી નહીં. કારણ કે, વાપરનાર શ્રાવકને, તે વસ્તુ બનાવવાં માટે થયેલ જીવહિંસાનો મોટો દંડ લાગે છે.

(૨) જાતજાતનાં લોશનો, શેમ્પુ, સ્પ્રે આદિ વસ્તુઓ બનાવતી વેળાએ, આ વસ્તુઓનો પ્રયોગ, વાંદરા તથા સસલાં જેવાં પશુઓની આંખો ઉપર કે ચામડી ઉપર લગાડીને થાય છે. જો તેમની આંખો-ચામડી વગેરેને નુકસાન પહોંચે, તો તે વસ્તુઓમાં વપરાયેલ કેમિકલ પદાર્થોનાં પ્રમાણમાં ફેરફાર કરીને, ફરી પાછાં, પશુઓ ઉપર પ્રયોગો કરાય છે. ત્યારબાદ જ, માર્કેટમાં તે વસ્તુઓ વેચાણ માટે રખાય છે. આવાં અનેક પ્રયોગો પશુઓ ઉપર થવાથી, ઘણાં પશુઓને આંખે દેખાતું બંધ થઈ જાય અથવા બીજી પણ અનેક પીડાઓ વેઠવી પડે છે. આ રીતે અન્ય પશુઓને અપાયેલ તમામ તકલીફોનો દંડ, લોશનાદિ વસ્તુઓ વાપરનારાંઓને પણ લાગે છે.

(૩) જડ એવાં શરીરને સજાવવાં માટે, શરીરની આળ-પંપાળ માટે, વપરાતી સજાવટની સામગ્રીઓ, scent-perfume આદિ પદાર્થોમાં તથા બહેનોનાં સજાવટ માટે વપરાતાં લીપસ્ટીક, નેલપોલીશ, મહેંદી આદિ બનાવવાં માટે, માછલી આદિ પંચેન્દ્રિય પશુઓની હિંસા થાય છે. તેથી આવી સામગ્રીઓનો વપરાશ શ્રાવક-શ્રાવિકાઓએ કરવો નહીં.

(૪) અત્યંત હિંસકતા-ક્રૂરતા તથા નિર્દયતાપૂર્વક, ભૂંડ આદિ પશુઓનાં શરીર ઉપર રહેલાં વાળને, કસાઈઓ ખેંચી-ખેંચીને કાઢે છે. ત્યારબાદ, shaving brush, polish brush, paint brush આદિ વસ્તુઓ બનાવવાં માટે, આ વાળનો ઉપયોગ કરાય છે. તેથી, શક્ય બને તો, આવી વસ્તુઓનો ત્યાગ કરવો.

(૫) ચોમાસામાં, શક્ય બને તો, વાહનો દ્વારા મુસાફરી કરવાનું ટાળવું કારણ કે, ચોમાસામાં ઘણીવાર, રસ્તાં ઉપર ઝડપથી પસાર થતી ગાડીઓની નીચે સાપ, ખીસકોલી, દેડકાં, કૂતરાં, બિલાડી, ગાય, ભેંસ જેવાં પશુઓ કચડાઈને મરી જતાં જોવાં મળે છે. આ ગાડીની

નીચે કચડાઈને મરી જનાર, કીડી-મંકોડા આદિ વિકલેન્દ્રિય જીવોની સંખ્યા તો પૂછવાની જ ન હોય!

(૬) ખાદ્ય પદાર્થોમાં, પ્રાણીજ તત્ત્વો રહેલાં હોય, તેની જાણ થઈ શકે તે માટે, સરકારી કાયદા અન્વયે શાકાહારી, માંસાહારી અને બંનેના સંયુક્ત ખાદ્યપદાર્થો બાબતે, જે રંગચિહ્નો નક્કી કરવામાં આવ્યા છે, તે નીચે મુજબ છે. ત્રણેયમાં ⊡ નિશાની મૂકેલી હોય છે, પણ તે નિશાનીનો રંગ નીચે મુજબ હોય છે:

લીલો - Green : શાકાહારી (100 % Vegetarian)

લાલ - Red : માંસાહારી (100 % Non-vegetarian)

કત્થઈ - Brown : મિશ્ર (Vegetarian & non-vegetarian)

શાકાહારી ખાદ્યપદાર્થમાં, અન્ય કોઈ માંસાહારી ઉત્પાદનની મેળવણી થઈ હોય, તો તેનાં નામનું સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે.

એલોપથી દવાની સ્ટ્રીપ ઉપર જો લાલ કે બ્રાઉન કલરમાં ઉપરની નિશાની કરેલી હોય, તો તે દવા ન લેવી. એટલે કે, non-vegetarian (માંસાહાર) રૂપે તે દવા જાણવી.

દુઃખની વાત એ છે, કે ખાવા-પીવાની વસ્તુ અથવા દવા કે ફૂડ સપ્લીમેન્ટમાં, મુખ્ય ઘટકોમાં કદાચ પ્રાણીજ તત્ત્વો ન હોય; પણ વાપરેલાં બીજાં ઘટકોમાં પ્રાણીજ તત્ત્વો હોય, તો તેનો નિર્દેશ, કંપનીઓ ઘણીવાર જાણી-જોઈને કરતી નથી અને green (લીલો) બોક્સ લગાવે છે. આ ઘરાક સાથે થયેલી મોટી છેતરપીંડી છે. તે સિવાય, રંગ, ફ્લેવર, પ્રિઝરવેટીવ વગેરે ઘણાં બધાં ઘટક દ્રવ્યોમાં શું હોય છે, તેનો સ્પષ્ટ નિર્દેશ હોતો જ નથી.

માટે જ, બહારની બનેલી કોઈપણ વસ્તુ વાપરતાં પહેલાં, સો વખત વિચારવું. અગત્યનું હોય, તો જ લેવું. નહીં તો, તમારો ધર્મ ભ્રષ્ટ થઈ જશે. દરેક બાબતમાં બાંધછોડ કરતાં રહીશું, તો માંસાહાર-અધર્મ અને અશાતનાનાં કાદવમાં ખૂંપતા જશું અને ત્યારે બહાર કાઢવાવાળું, કોઈ નહીં મળે! ૮૪ લાખ ફેરા ફર્યા કરીશું અને દરેક ભવમાં, આપણને લોકો, કાપી-કાપીને મજાથી ખાતાં અચકાશે નહીં. નરકની અપાર વેદનાઓ, જેની આપણને કલ્પના પણ નથી, તે વેઠતાં જઈશું! ચાલશે?

No

Date

આના ઉપરની વિશેષ માહિતી નીચે મુજબ છે:

Green [•] : 100% શાકાહારીની વિશ્વાસનીયતા પર પ્રશ્નચિહ્ન!!

શું તમે બજારમાં વેચાતી, ખાદ્ય સામગ્રી પર રહેલાં, ઝીણાં અક્ષરોમાં લખેલાં - 'E Number' નો અર્થ જાણો છો ?

'ગુમરાહ ન થાઓ'

E-Numbering ભાષા - [•] Green માં 'Animal Origin Product' નો સમાવેશ થાય છે. જેમ કે, અંડાની જર્દી, પશુની ચરબી, પાંખ, સીંગડા, વાળ વગેરે ....

## ✿ Animal Derived (પ્રાણીજન્ય સ્રોત)

(1) Colouring Agents : E-120, E-153

(2) Emulsifiers, Stabilizers, Thickeners : E-422, E-441, E-442, E-471, E-476, E-485, E-488.

(3) Anti-coagulants : E-542

(4) Taste Enhancers : D-626, E-631, E-635

(5) Modified Starches : E-904, E-910, E-920, E-921, E-1100, E-1101, E-1105.

## ✿ Possibly Animal Derived (સંભવત: પ્રાણીજન્ય સ્રોત)

E-252, E-270, E-319, E-322, E-325, E-326, E-327, E-330, E-335, E-336, E-430, E-431, E-432, E-433, E-434, E-435, E-436, E-470a, E-470b, E-472a, E-472b, E-472c, E-472d, E-472e, E-472f, E-473, E-474, E-475, E-476, E-477, E-478, E-479a E-480, E-481, E-482, E-483, E-491, E-492, E-493, E-494, E-495, E-570, E-572, E-585, E-627, E-628, E-629, E-630, E-632, E-633, E-634, E-635, E-640.

જે ખાદ્ય પદાર્થો પર ઉપરનાં E-Number હોય, તેને માંસાહાર સમજીને, શ્રાવકોએ વાપરવાં જોઈએ નહીં.

KOKUYO W-NB290U

No. 308

Date

❀ Specifically harmful to children (વિશેષ રૂપથી બાળકો માટે હાનિકારક) :

E-120, E-104, E-107, E-110, E-122, E-123, E-124, E-128, E-131, E-132, E-133, E-151, E-154, E-155, E-160b, E-162, E-210, E-211, E-212, E-213, E-214, E-215, E-216, E-217, E-218, E-219, E-250, E-251, E-296.

## ICE CREAMS

Company : (1) Mother Dairy (2) Cream Bell (3) Dinshaw's (4) Vadilal (5) Nestle (6) Top N Town (7) Kwality Wall's (8) B R Baskin Robins (9) Nanula's Jicauan (10) Amul

### LIST OF ICE-CREAMS

| S.No. | Product | Ingredients |
|---|---|---|
| 1. | Vanila | E471, E407, E466, E-415, E412 |
| 2. | Strawberry | E471, E407, E466, E415, E412 |
| 3. | Green Pista | E471, E407, E466, E415, E412 |
| 4. | Rajbhog | E471, E407, E466, E415, E412, E133, E102 |
| 5. | Chocolate | E471, E407, E466, E415, E412 |
| 6. | Kaju Draksh | E471, E407, E466, E415, E412 |
| 7. | Butter Scotch | E102, E471, E407, E466, E415, E412 |
| 8. | Mango Cup | E471, E407, E466, E415, E412, E102 |
| 9. | Cornetto Cone | E471, E407, E466, E415, E412, E122, E102, E133 |
| 10. | Choco Bar | E471, E407, E466, E415, E412 |
| 11. | Raspberri Dolly | E471, E440, E407, E466, E415, E412 |
| 12. | Cassatta | E471, E440, E407, E466, E415, E412, E102, E124, E127 |
| 13. | Ice Candy | E471, E407, E466, E440, E412, E102 |
| 14. | Shahi Anjir | E471, E407, E466, E415, E412, E440 |
| 15. | Black Forest | E471, E407, E466, E415, E412, E440 |
| 16. | Shahi Pista Kulfi | E471, E407, E435, E412 |
| 17. | Masti Kulfi | E471, E407, E435, E412 |
| 18. | Roll Cup | E471, E407, E466, E412, E435 |
| 19. | Sunday Surprise | E407, E466, E415, E471, E412, E440, E102, E122, E132 |
| 20. | Chocolate | E407, E466, E415, E471, E412, E440, E102, E122, E132 |
| 21. | KhattaMeetha Mango | E407, E466, E415, E471, E412, E440, E102, E122, E132 |
| 22. | Black Current | E407, E466, E415, E471, E412, E440, E102, E122, E132 |
| 23. | Forest | E407, E466, E415, E471, E412, E440 |

| ई नम्बर<br>E.No. | ई नम्बर का नाम<br>Full Name of E | श्रेणी<br>Category | उत्पादन स्रोत<br>Source of Product |
|---|---|---|---|
| E-120 | कॉचनील/कारमिनिक एसिड<br>Cochineal, Carminic Acid | लाल रंग खाद्य वस्तुओं को रंगने में उपयोग<br>(Red Colour) Colour Use in Food Product in Coloring | प्राणीजन्य स्रोत<br>मादा जानवरों को सुखा कर<br>Animal Origin |
| E-153 | कार्बन ब्लेक<br>Carbon Black | कत्था काला रंग<br>खाद्य वस्तुओं में उपयोग<br>Maroon/Black Colour<br>Use in Food Product | प्राणीजन्य स्रोत<br>Various parts of Animal |
| E-161G | केन्थाजेन्थिन<br>Canthaxanthin | कलर नारंगी<br>खाद्य वस्तुओं में उपयोग<br>Orange Colour<br>Use in Food Product | मछली एवं पानी में हड्डी वाले जानवरों से<br>Fish & Invertebrates with Hard Shells |
| E-252 | पोटेशियम नाइट्रेट<br>Potassium Nitrate | आयोडीन रहित नमक<br>पिकलिंग साल्ट<br>Pikling Salt | प्राणीजन्य स्रोत<br>Animal Origin |
| E-322 | लेसिथिन<br>Lecithins<br>एवं आईसक्रीम को जल्दी पिघलने | इमलसीफायर व स्टेब्लाइजर<br>खाद्य पदार्थों के रंगों को स्थाईत्व<br>Fat अण्डे की जर्दी एवं पानी<br>से बचाने के लिये उपयोग | अण्डा/जानवरों में पाई जाने वाली चर्बी Egg/Animal<br>को मलाईदार बनाने के लिये |
| E-422 | ग्लायसरौल<br>Glycerol | सुगर/मदिरा<br>Sugar/Alcohol | प्राणी जन्य स्रोत/ जानवरों की चरबी से |
| E-441 | जिलेटिन<br>Geletine | इमसीफायर स्टेब्लाइजर<br>Emulsifier and Stabilizer | प्राणीजन्य स्रोत जानवरों की चमड़ी एवं हड्डी से निर्मित<br>Animal Origin |
| E-442 | अमोनियम फॉस्फेटाईड्स<br>Ammonium Phosphatides | इमल्सीफायर-ऊँचे तापमान में रंग न छूटे इसके लिये उपयोग | जानवरों में पाई जाने वाली चर्बी /Animal Fat |
| E-470A | सोडियम, पोटेशियम, केल्शियम सॉल्ट्स ऑफ फेटी एसिड<br>Sodium Potassium and | इमल्सीफायर<br>एन्टीकेकिंग एजेंट<br>Emulsifier/Anti-Caking Agent | प्राणीजन्य स्रोत<br>जानवरों की चर्बी से<br>Animal Fat |
| E-470B | मेग्नेशियम स्टियरेट ऑफ फेटीएसिड<br>Magnesium Stearate of Fatty Acids | इमल्सीफायर/एन्टीकेकिंग एजेंट<br>Emulsifier/Anti Caking Agent | प्राणीजन्य स्रोत<br>Animal Fat |
| E-471 | मोनो एण्ड डिग्लिसराइड्स ऑफ फेटी एसिड<br>Mono & Diglycerides of Fatty Acids | इमल्सीफायर Emulsifier<br>खाद्य पदार्थों में स्पंज बनाने एवं | प्राणीजन्य स्रोत<br>जानवरों की चर्बी से ज्यादा समय तक रखने के लिये<br>Animal Origin |
| E-472 | मोनो एण्ड डायऐसिटाइलटारटेरिक | इमल्सीफायर | प्राणीजन्य स्रोत |
| A-F | E-472-A-F इमल्सीफायर<br>Mono & Diglycerides of Fatty Acids E-472, A-F Emulsifier | Emulsifier | Animal Origin<br>जानवरों की चर्बी से |



| | | | |
|---|---|---|---|
| E-475 | पॉलीग्लायसरॉल एस्टर ऑफ फेटीएसिड<br>Polyglyceral esters of Fattyacid | इमलसीफायर एण्ड स्टेब्लाइजर्स<br>Emulsifier and Stabilizer | प्राणीजन्य स्रोत<br>Animal Origin |
| E-476 | पॉलीग्लायसरॉल पॉलीरीसाइनोलीट<br>Polyglyceral Ployricinoleate | इमल्सीफायर एण्ड स्टब्लेइजर्स<br>Emulsifier & Stabilizer | प्राणीजन्य स्रोत<br>Animal Origin |
| E-477 | प्रोपेन-१,२ डायोल एस्टर्स ऑफ फेटीएसिड<br>Propane-1,2, Diol esters of Fatty acids | इमल्सीफायर एण्ड स्टेब्लाइजर्स<br>Emulsifier and Stabilizer | प्राणीजन्य स्रोत<br>Animal Origin |
| E-478 | लेक्टीलेटेड फेटीएसिड एस्टर्स ऑफ ग्लायसरॉल एण्ड प्रोपेन १-२ डायोल<br>Lactylated Fatty Acids esters of Glycerol and Propane-1 | इमलसीफायर एण्ड स्टेब्लाइजर्स<br>Emulsifier and Stabilizer | प्राणीजन्य स्रोत<br>जानवरों की चर्बी से<br>Animal Origin |
| E-479B | थर्मली ऑक्सीडाइज्ड सोयाबीन ऑयल एण्ड डिग्लिसराइड्स ऑफ फेटीएसिड<br>Thermally oxidized soyabean oil & diglycerides of Fattyacid | इमल्सीफायर एण्ड स्टेब्लाइजर्स<br>Emulsifier and Stabilizer | प्राणीजन्य स्रोत<br>जानवरों की चर्बी से<br>Animal Origin |
| E-481 | सोडियम स्टीरियॉल-२ लेक्टीलेट<br>Sodium Stearoyl-2 Lactylate | इमल्सीफायर एण्ड स्टेब्लाइजर्स<br>खाद्यपदार्थों को स्पंज बनाने | प्राणीजन्य स्रोत<br>Animal Origin |
| E-483 | स्टीरियल टॉर्ट्रेट<br>Stearoyl Tartrate | इमल्सीफायर एण्ड स्टेब्लाइजर्स | प्राणीजन्य स्रोत<br>Animal Origin |
| E-542 | बोन फॉस्फेट (खाने योग्य हड्डी) का पावडर<br>Bone Phosphate | एन्टीकेकिंग एजेन्ट<br>Anti Caking Agent | प्राणीजन्य स्रोत<br>जानवरों की हड्डी से |
| E-572 | मेग्नीशियम स्टीयरेट<br>Magnesium Stearate | इमल्सीफायर/एन्टीकेकिंग एजेन्ट<br>Emulsifier/Anti Caking Agent | प्राणीजन्य स्रोत<br>जानवरों की हड्डी से |
| E-631 | डीसोडियम इनोसिनेट<br>Disodium Inosinate | स्वाद बढ़ाने वाला<br>Flavour Enhancer | प्राणीजन्य स्रोत<br>Animal Origin |
| E-635 | डीसोडियम ५, राइबोन्यूक्लियोटाईड<br>Disodium 5, ribonucleotides 5 | स्वाद बढ़ाने वाला<br>Flavour Enhancer | जानवरों की चर्बी से<br>Animal Origin |
| E640 | ग्लायसाइन और इसका सॉल्ट सोडियम<br>Glycine & its Sodium Salt | स्वाद बढ़ाने वाला<br>Flavour Enhancer | जानवरों एवं मछलियों से<br>Animal Origin |
| E-901 | बीसवेक्स (मधुमोम)<br>Beeswax-white and Yellow | खाद्यपदार्थों को चमकाने वाला<br>Glazing Agent | मधुमक्खी द्वारा निर्मित<br>Animal Origin |
| E-904 | शेलेक<br>Shellac | खाद्य पदार्थों को चमकाने वाला<br>Glazing Agnet | लाख के कीड़े से निर्मित<br>Animal Origin |
| E-910 | एल-सिस्टीन<br>L-Cysteine | चाकलेट में उपयोग<br>Improving Agent | मानव बाल एवं मुर्गी के पंख<br>Human/Animal Origin |
| E-920 | एल-सिस्टायन हाईड्रोक्लोराइड<br>L-Cysteine Hydrochloride | चाकलेट में उपयोग<br>Improving Agent | प्राणीजन्य स्रोत<br>Animal Origin |
| E-921 | एल-सिस्टायन हाइड्रोक्लोराइड मोनोहाइड्रेट<br>L-cysteine Hydrochloride Monohydrate | चाकलेट में उपयोग<br>Improving agent | प्राणीजन्य स्रोत<br>Animal Origin |

इन उत्पादों के अतिरिक्त अन्य उत्पादों में ई नम्बर देखकर उपयोग करें

| Company | Item | Animal Derived | Possibly Animal Derived | Harmful for Children |
|---|---|---|---|---|
| BRITANIA | Good Day Cake | 471 | 322 | 500ll, 503ll |
| | Good Day Biscuit | 471 | 322 | 500ll, 503ll |
| | Treat | 471 | 322,481,472 | 500,503,223,102 |
| | Nice Creame | 471 | 322,481 | 500ll, 503ll |
| | Milk Biscuit | 471 | 322,481 | 500ll, 503ll |
| | 50-50 | 1100, 1001 | 341,481,500 | 503,223,290 |
| | Time-Pass | 471,1100 | 322,378 | 500ll, 503ll, 223 |
| | Tiger | 471 | 322, 481(l) | 500ll, 503ll |
| | Marri Gold | 471 | 481 (l) | 500ll, 503ll, 223, 150b |
| | Time Pass Namkin | 471,1101 | 322,481 | 500ll, 503ll, 223 |
| | Nutri Choice | 471,1100-01 | 322,481,330,270 | 500ll, 503ll |
| | Treat Mango & Elaychi | 471 | 322,481,472e | 500,503,223,102 |
| | Pune Magic, Chocolate | 471,1101 | 471,322 | 500,503 |
| | Little Hearts | 471 | 481,322 | 500,503,102 |
| | Rusk | 471,1100 | 330 | 500ll, 503ll, 102 |
| PARLE | Krack Jack Biscuit | E471 | E322,E481, E270 | E296 |
| | Frooti Mango Juice | - | - | E110 |
| | Parle-G Biscuit | E471 | E322, E481 | - |
| | Hide & Seek Biscuit | - | E322 | - |
| | Kismi Bar Toffee | - | E222 | - |
| | Monaco Biscuit | E471 | E322,E481,E270 | E269 |
| | Orange Cream Biscuit | E471 | E222,E472 | - |
| | Butter Cup Toffee | E102 | E322,E481 | E102 |
| | Kaccha Mango Bite | E102 | - | E102,E133 |
| | Gol Gappa | - | - | E296 |
| BISK-FARM | Googlay | 471 | 322,481,335,336 | 500ll, 502ll, 223 |
| | Top | 471 | 472,319 | 500ll, 503ll, 223 |
| | Spice | 471 | 335,336,472 | 500, 503, 102 |
| | Top Gold | 471 | 472,319,481 | 500ll, 503, 223 |
| | Marie | 471 | 481(ll), 319 | 500ll, 503, 223 |
| | Rusk | 1100,1101 | 472, 306,319,320 | 500, 503, 223 |
| | Butter Bite | 471 | 322,481,319 | 500ll, 503, 223 |
| | Coconut | 471 | 322, 336, 335 | 500, 503, 223 |
| PRIYAGOLD | Classic Cream Biscuit | E471 | E322,E481 | |
| | Snacky Zig Zug Biscuit | E471 | E322,E481 | |
| | Cashew | 471 | 481,322 | 223, 102 |
| | Butter Bite | 471 | 322 | 500ll, 503ll, 223 |
| | CNC | 471,1100-01 | 322,481,330,341 | 500,503,223,270 |
| | CNC Bake | 471,1100-01 | 322,481,330,341ll | 500ll, 503ll, 270 |
| | Snacks | 471,1101 | 322,481 | 500ll, 503ll, 270 |
| | Marie Lite | 471 | 322,481 | 270 |
| | Cookies | 471 | 322,481 | 270 |
| SUNFEAST | Sunfeast Biscuit | E471 | E322, E481 | - |
| | Special Biscuit | - | E322 | - |
| | Snacky Zig Zug Biscuit | E471 | E481 | - |
| CADBURRY | Five Star Chocolate | E471 | E476 | - |
| | Dairy Milk Chocolate | - | E476 | - |
| | Bornvita Milk Powder | E471 | E322 | - |
| | Eclairs Toffee | E471 | E476 | - |
| | Fruit & Nut | 442,476 | - | - |
| | Crackle | 442 | 476,322 | - |
| | Bournville | 442 | 476,322 | - |
| | Park | 442 | 446,493,322 | 150 |
| | Milk Treat | 442,476 | - | - |
| | Gems | 476,442 | 414,903 | 102,133,122,124 |
| | Silk | 442,447 | - | - |
| NESTLE | Milk Chocolate | E471 | E476 | - |
| | Maggi | E631 | E627 | - |
| | Kitkat | 516,501(ll) | - | - |
| WRIEGLY | Boomer | - | - | E102,E124 |
| | Boomer, Jelly | - | - | E110 |
| | Center Fresh | E471,E422 | - | - |
| NUTRINE | Santra Goli | - | - | E110,E102 |
| | Gulcand Toffee | - | - | E133 |
| | Maha Lacto | - | E322 | - |
| CANDYMAN | Gems | - | E476 | E102,E132,E122,110 |
| | Toffee Chocolate | E471 | E322 | - |
| | Eclairs | E471 | E322,E476 | - |
| Minto | GolMint | E904 | - | - |
| Parry's | Coffee Bite | E471 | E322 | - |
| Heinz | Complain Milk Powder | - | - | E160b |
| Bingo | Tomato Chips | E631 | E627 | - |

No.
Date

(૭) પ્લાસ્ટીકનો ઉપયોગ શક્ય તેટલો ટાળો. પ્લાસ્ટીકની કોથળીઓ, જ્યાં-ત્યાં ફેંકવી નહીં. તે ફેંકેલી કોથળીઓ, ગાય વગેરેનાં પેટમાં જાય, તો તે મૃત્યુ પામે છે. સ્ટેપલરનો વપરાશ પણ બંધ કરવા જેવો છે. સ્ટેપલર લગાડેલાં કાગળો - ગાય વગેરે ખાઈ જાય છે ત્યારે તેમનાં માટે જોખમ વધી જાય છે.

(૮) બારી-બારણાં ખોલતાં-બંધ કરતાં પહેલાં, સહેજ ખખડાવો, જેથી, ખાંચામાં ક્યાંય ગરોળી કે અન્ય કોઈ જીવાત ભરાયેલી હોય, તો તે અવાજ-ધ્રુજારીથી ખસી જાય. બારી-બારણાં, ખોલતાં-બંધ કરતાં પૂર્વે, દ્રષ્ટિ નાંખીને બરાબર જોઈ લો. જોયાં બાદ, દંડાસન કે ચરવળા કે સાવરણીથી, જો શક્ય બને તો, પૂંજી લેવું. જેથી ખાંચામાં રહેલ નિર્દોષ તિર્યંચ પંચેન્દ્રિય જીવ અથવા વિકલેન્દ્રિય જીવની હિંસાથી બચી શકાય.

(૯) પહેરવાનાં કપડાં, ઓઢવાની-પાથરવાની ચાદર વગેરે પશુ-પક્ષીની છાપવાળાં ન વાપરવાં. પોસ્ટલ સ્ટેમ્પ કે પુસ્તક વગેરેમાં માણસ-પશુનાં ફોટાં હોય, તો તે ફાડવાં નહીં. પશુ-પક્ષીનાં આકારનાં કોઈ ખાદ્ય-પદાર્થો ખાવા કે ખવરાવવાં નહીં. પશુ-પક્ષીનાં ચિત્રોવાળાં વસ્ત્રો ધોવાય નહીં, નીચોવાય નહીં. બાકી, ભાવ-હિંસાનો દોષ લાગે.

(૧૦) કૂતરાં, બિલાડી, પોપટ વગેરે પ્રાણીઓ પાળવાં નહીં. અસતિ પોષણનો મોટો દોષ લાગે છે. આપણાં ઘરે રહેલાં આ પાળતું પશુઓ દ્વારા જો કોઈપણ જાતની જીવહિંસા થાય, તો આપણે પણ તેનાં ભાગીદાર થઈ જઈએ.

(૧૧) કોઈપણ દવા, ટૂથપેસ્ટ કે અન્ય પ્રોટીન પાવડર જેવાં ખાદ્ય પદાર્થો વાપરતાં પહેલાં, ખાતરી કરી લો કે, તેમાં કોઈ પ્રાણીજ તત્વ તો નથી ને? બજારું ટુથપેસ્ટ આદિ વસ્તુમાં, પશુનાં હાડકાંનો ભુક્કો (bone marrow) તથા ઈંડાનો રસ આદિ પ્રાણીજ તત્વો, મોટે ભાગે વપરાય.

(૧૨) ઉંદરના માર્ગ ઉપર, કળી ચૂનો અને હળદર ભેગાં કરી છાંટવાથી, ઉંદર આવતાં અટકે છે. ઉંદરના દર પાસે, ફટકડીનો ભૂક્કો મૂકી રાખવાથી પણ ઉંદર તરત ભાગી જાય છે. ફુદીનાનાં પાન વેરવાથી પણ ઉંદર આવતાં નથી. ઉંદરને પીંજરામાં પકડી, સુરક્ષિત સ્થાનમાં છોડી દેવાની રીત, ઘણાં ઘરોમાં, આજે પણ, જોવાં મળે છે. તેમાં પીંજરાનું સતત ધ્યાન રાખતાં રહેવું. અંદર ઉંદર આવ્યાં પછી, તરત તેને સુરક્ષિત સ્થાને છોડી દેવો. પીંજરામાં ઘણી વખત પૂરાઈને રહે, તેમ ન થવું જોઈએ. ઉંદરને છોડતી વખતે, આજુબાજુ

KOKUYO W-NB250U

કાગડા-બિલાડી-સમડી-બાજ-કૂતરાં જેવાં ઉંદર-ભક્ષી પશુ-પક્ષી હાજર હોય, તો ઉંદરને છોડતાં જ, તેનાં ઉપર તરાપ મારી, તેને મારી નાંખશે. તેથી; કાળજીપૂર્વક, ઉંદરને છોડવો. ઉંદરના અવર-જવરનાં માર્ગ ઉપર કપૂરની ગોળી મૂકી રાખવાથી, ઉંદર આવતાં નથી. કપૂરની ગંધથી ઉંદર ઓછાં થઈ જાય છે, ભાગી જાય છે. તેથી, થોડાં-થોડાં અંતરે કપૂરની ગોટીઓ (naphthalene balls) ગોઠવી દેવી. ઘરમાં ઘુસી ગયેલ ઉંદરનાં ત્રાસથી બચવા માટે, આવાં બધાં નિર્દોષ ઉપાયો કરવાં. પરંતુ તેને લાકડીથી ફટકારવાનો કે મારી નાંખવાનો, વિચાર પણ, આપણાંથી ન કરી શકાય.

(૧૩) ઘરમાં, મોરનાં પીંછાં ટીંગાડી રાખવાથી, ગરોળી આવતી નથી. સાપ પણ મોરનાં પીંછાંથી આવતાં નથી. આજે, અમુક લોકો એવાં પણ છે કે જેઓ, સાપ કે ગરોળી દેખાતાં, તેને મારી નાંખવા પ્રયત્નો કરવા તરત દોડી પડે છે. પ્રભુનું શાસન પામેલ જૈનોએ તો આવું કરવું જરાય ઉચિત નથી.

(૧૪) ઘરમાં પક્ષીઓ માળાં બાંધે, તો ઈંડા-બચ્ચાં વગેરેની અજાણતાં પણ, વિરાધનાનો સંભવ રહે છે. ક્યારેક, ઉડતાં પંખીનો, પંખામાં આવી જવાથી, અકસ્માતને લીધે, ઈજા કે મૃત્યુ થવાનો પણ ભય રહે છે. તેથી, પક્ષીઓ માળાં બાંધી શકે તેવું પોલાણ જ ઘરમાં ન રાખવું. જેથી, આગળ જતાં, પંખીની કે તેનાં બચ્ચાં-ઈંડાની, મોટી હિંસાની સંભાવના જ ન રહે. કારણ કે, એકેન્દ્રિય, બેઈન્દ્રિયાદિ જીવોની હિંસા કરતાંય, પંચેન્દ્રિય જીવોની હિંસાનો દંડ, ઘણો મોટો લાગે છે, અનેક ગણો વધારે દંડ લાગે છે.

(૧૫) લીપસ્ટીક, નેલપોલીશ, શેમ્પૂ - વગેરે જાનવરોનાં હાડકાં, હાડકાનાં ભૂક્કાં, લાલ લોહી, તેમજ જુદાં-જુદાં અવયવોનાં રસમાંથી અને ચરબીમાંથી તૈયાર થાય છે. સસલાં, વાંદરા, ઉંદર ઉપર તે પદાર્થોનાં અનેક પ્રયોગો થાય છે. આ પ્રયોગો દરમ્યાન, અનેક પશુઓ પીડાય છે, વીંધાય છે, આંધળા બની જાય છે, અને અમુક બિચારાં તો મરી પણ જાય છે. લિપસ્ટીકમાં, માછલીનાં શરીરનાં ભીંગડા સૂકવીને તેનો ઉપયોગ થાય છે. તેથી, જીવનભર માટે, અનેક પશુઓની હિંસાથી બનેલ, સજાવટનાં તમામ cosmetics પદાર્થોનો ત્યાગ કરવો.

(૧૬) બ્રેડ-પાઉંમાં અલક્ષ્ય મેંદો, ધનેરાં-ઈયળનો નાશ, આથો લાવતાં અબજો ત્રસ જીવોનો સંહાર અને પાણીનાં અંશને કારણે, વાસી રહેતાં કરોડો બેક્ટેરીયા- લાળિયાં જીવોની ઉત્પત્તિ અને વિનાશની પરંપરા ચાલે છે. એટલે, બ્રેડ-પાઉં, ન જ ખવાય.

(૧૭) 'સેન્ડવીચ સ્પ્રેડ' તથા 'મેયોનીઝ' માં ઈંડાનો રસ હોય છે. બ્રેડ ઉપર લગાડીને ખાવામાં તેનો ઉપયોગ થાય છે. તે ન વપરાય.

(૧૮) 'માર્જરિન' સીંગતેલ કે વનસ્પતિ તેલમાંથી બને છે. પણ તેને મુલાયમ બનાવવાં માટે માછલીનું તેલ ઉમેરવું પડે છે. માર્જરિન બ્રેડ ઉપર ચોપડવામાં આવે છે. તે ન વપરાય.

(૧૯) બે-ત્રણ દિવસનાં જન્મેલાં વાછરડાંની હોજરીનાં રસનાં મિશ્રણથી 'રેનેટ' બને છે. તેનો ઉપયોગ પણ બ્રેડ ઉપર લગાડવામાં થાય છે. તે પણ ન વપરાય.

(૨૦) ચીઝ બનાવવામાં 'રેનિન' વાછરડાંનાં જઠરમાંથી મેળવાય છે. ડુક્કરનાં પેટની ચરબીમાંથી 'પેપ્સીન' બને છે - જે ચીઝમાં વપરાય છે. ચીઝમાં 'ક્લિસેરીન' પણ વપરાય છે. તેથી, 'ચીઝ' ન વપરાય.

(૨૧) કૂતરાની ચરબીમાંથી ઢરસાણનું તેલ બને છે. ગાય-બળદ વગેરેની ચરબી મિઠાઈઓમાં, ખારી બિસ્કીટમાં અને તળેલી વસ્તુમાં વપરાય છે. હવે, તમે જ કહો કે તે કઈ રીતે ખપે?

(૨૨) નુડલ્સ (સેવ) પેકેટમાં, ચિકન ફ્લેવર (કુકડાંનો રસ) ભેળવાય છે. કાંદા, લસણ અને ઈંડાનું મિશ્રણ પણ થાય છે. તે નાસ્તાની આઈટમ તરીકે, આજે છૂટથી ઘણાં ઘરોમાં વપરાય છે, જે ઉચિત નથી.

(૨૩) સાબુદાણાંના કંદ, ૪-૬ મહિનાઓ સુધી, જાણી જોઈને, ખુલ્લામાં પડી રહે છે. તેમાં ઘણી લીલ-ફુગ અને પાર વિનાનાં જંતુઓ પેદા થાય છે. પછી, તેનાં રસમાંથી સાબુદાણા બને છે. તે, પીપરમીન્ટ, બિસ્કીટ વગેરે માટેનું ગળપણ, સેલાઈન ઈંજેક્શન, સેલાઈન બાટલાં, ડીટરજંટ પાવડર, ડેટ વગેરે સાબુ, કપડાં ધોવાનાં સ્ટાર્ચ પાવડર વગેરે માટે વપરાય છે. તેથી, તે પણ ન ખપે.

(૨૪) ટુથપેસ્ટમાં ઈંડાનો રસ, હાડકાંનો પાવડર, પ્રાણીજ ગ્લીસરીનનું મિશ્રણ થાય છે. વળી, તેમાં વપરાતું, 'સોડિયમ ફ્લોરાઈડ' હૃદયરોગ અને કેન્સર કરે છે. તેનાં વિકલ્પ રૂપે દંતમંજન વાપરી શકાય છે. પેસ્ટ વગેરેમાં પાણીનો ભાગ હોવાથી, ચલિત રસ થાય છે,

તેમાં અસંખ્ય વિકલેન્દ્રિય તથા અનંતા નિગોદાદિ જીવોની ઉત્પત્તિ તથા વિરાધના થાય છે. તેથી, અહિંસક Amar આદિ પેસ્ટનાં બદલે, દંતમંજન વાપરવું જ શ્રેષ્ઠ ગણાય.

(૨૫) તૈયાર પાઉચમાં મળતાં, પાન-મસાલા, સુગંધી સોપારીઓ અને રંગીન વરિયાળી ઉપર 'સેકરિનનાં' પડ ચડાવેલાં હોય છે. સેકરિન તો કેન્સર જેવાં રોગોને આમંત્રણ આપે છે. તેથી, આવાં પદાર્થો વાપરવામાં, દ્રવ્ય આરોગ્ય (શરીરનાં સ્તરનું) અને ભાવ આરોગ્ય (આત્માનાં સ્તરનું), બંને જોખમાય છે, ડબલ નુકસાન થાય છે.

(૨૬) હોટલ કે લારી ઉપરની વાનગીઓ ક્યારેય ભક્ષ્ય હોતી નથી. અણગળ પાણીનો ઉપયોગ, બજારનાં અભક્ષ્ય લોટ, ટેસ્ટ માટે એસેન્સ, કલર માટે જુદાં-જુદાં રંગો, તેલની જગ્યાએ લૂંડ વગેરેની ચરબી, વપરાતી હોય છે. વધેલી રસોઈ, બીજે દિવસે, ગરમ કરી ઉપયોગમાં લેવાય છે. ઘી, તેલ, દૂધ, પાણી, જ્યુસ વગેરેનાં વાસણો-ભાજનો ઉઘાડાં પડ્યાં રહે છે. તેમાં મચ્છર, વાંદા, ગરોળી, ઉંદર વગેરે પડતાં હોય છે. તેઓ તેને ચીપીયા વગેરેથી પકડીને બહાર કાઢે છે અને એજ દૂધ વગેરેમાંથી તમને બાદશાહી ચા વગેરે બનાવી પીવડાવાય છે. હવે આવી ચા તો સ્વાદિષ્ટ જ લાગે ને?

(૨૭) કસ્ટર્ડ પાવડરવાળી આઈસક્રીમમાં 'જિલેટીન' (પશુઓનાં હાડકાંનો પાવડર), ઈંડાનો રસ તથા 'ઈ' નામનું માંસાહારી એડેટીવ વપરાય છે. આઈસક્રીમની શરૂઆતમાં, ચરબીનો થરને કડક અને રબર જેવો છિદ્રાળુ બનાવાય છે. ચરબી મોઢામાં મૂકતાં, સહેલાઈથી ઓગળે, તે માટે, નિર્દોષ, અબોલ પશુ-પક્ષીઓની ગુદાની ચામડી, નાક, આંચળ, આંખ, પૂંછડી વગેરે પદાર્થોનો ચીકણો અર્ક (રસ), એમાં ભેળવવામાં આવે છે. તથા, પ્રાણીજ ગુંદર અને ગંધાતાં પાણી પણ ઉમેરવામાં આવે છે. મોંઘા આઈસક્રીમમાં હજુ કદાચ ઈંડા પરવડી શકે, પણ, લારીમાં વેચાતાં આઈસક્રીમમાં તો ઈંડાને બદલે "ડીઈ-ઈથિલ ગ્લુકોઝ" નામનું એન્ટી-ફ્રીઝ, સસ્તુ, રસાયણ વપરાય છે. માથામાં થતી 'ખોડો' અને 'જૂ' મારવાનું 'પેપરાનોલ' એ 'વેનિલા'ના નામે આજે પીરસાય છે. જુદો-જુદો સ્વાદ લાવવાં માટે, જુદાં-જુદાં રસાયણ-કેમિકલ્સ વપરાય છે. અને જુદાં-જુદાં

No.
Date

રંગ પણ વપરાય છે. રસાયણો અને રંગો, એ ઘીમાં ઝેર સમાન છે. હોજરી, પાચક રસો, લોહીનાં લાલ કણ, આંતરડા, ફેફસાં, હૃદય, લીવર વગેરે ઉપર તેની ગંભીર અસર પડે છે. આરોગ્ય માટે ખતરાં સમાન છે. ઘરે બનતાં આઈસક્રીમ પણ અભક્ષ્ય છે, અને આરોગ્યને નુકસાન-કર્તા છે. એટલે, આ બધી વસ્તુઓ, માત્ર સ્વાદ ખાતર વાપરનાર, બહારથી 'શાકાહારી' કહેવાતો હોવા છતાં, વાસ્તવમાં તો, તે 'માંસાહારી' જ બની ગયેલ કહેવાય છે.

(૨૮) કસ્ટર્ડ પાવડરમાં ઈંડાના રસનું મિશ્રણ થાય છે. જે પુડીંગ, આઈસક્રીમ, બાસુંદી, ફ્રુટ સલાડ વગેરેમાં વપરાય છે. તેથી, જો ઈંડાની વિરાધનાથી બચવું હોય, તો આ પદાર્થો વાપરવાનું કાયમ માટે છોડી દેવું.

(૨૯) ચોકલેટ બનાવવાં માટે, કોકો પાવડર, દૂધનું મિશ્રણ અને કોકો બટર વપરાય છે. કોકો બટર મોંઘુ હોવાથી, તેનાં બદલે 'સાલફેટ' નામની પશુની ચરબી ઉમેરી દેવામાં આવે છે. હવે, તમે જ કહો કે, આવી દેશી-વિદેશી ચોકલેટો વાપરવાથી-વપરાવવાથી, આપણે શાકાહારી કઈ રીતે કહેવાઈએ ?

(૩૦) કેટલીક ચોકલેટ, પીપરમીન્ટ અને ચ્યુઈંગ-ગમ વગેરેમાં - માંસ-મચ્છી, ઈંડાનું મિશ્રણ અને જિલેટીન વપરાય છે. આજે, ઈંડાનાં રસવાળી અને ગાય-બળદનાં માંસવાળી પણ ચોકલેટ, પીપરમીન્ટ અને ચ્યુઈંગ-ગમ બનાવાય છે. ચ્યુઈંગ-ગમમાં વપરાતું 'ગ્લિસરીન' તો ગાય-બળદની ચરબીમાંથી જ બને છે. આ રીતે, કેડબરી, કેક વગેરેમાં પણ, આવાં પદાર્થોનું મિશ્રણ હોવાથી, ખાઈ શકાય નહીં.

આજકાલની ચોકલેટો, કોકોબીજનું કેફીન, થિયો-બ્રોમીન, ચરબી, ઈંડા, નિકલ તત્વ, ફ્લેવર-રસાયણોથી બને છે. 'કેફીન' તો હૃદયોત્તેજક છે; તે હૃદય-નાડીનાં ધબકારાંને વધારે છે; ઉલ્ટી, માથાનો દુઃખાવો, ચક્કર, અનિદ્રા, સાંધાનો દુઃખાવો, બેચેની વગેરે પેદા કરે છે. 'નિકલ' તો બાળકો માટે ખૂબ જ નુકસાનકારક છે. કોકોથી શારીરિક અને માનસિક બિમારીઓ ઉભી થાય છે. માટે, ચોકલેટ કદી ખાવી નહીં. ચાલશે ને ?

(૩૧) બિસ્કીટ બનાવવાં માટે, મેંદાની ગુણોનો ગોદામમાં સંગ્રહ થાય છે. તેની ઉપર માખીઓ બણબણે છે. તેને દૂર કરવાં માટે, ઝેરી દવા છાંટવામાં આવે છે, જે લોટમાં ભળે છે. વળી, બિસ્કીટમાં ઘી

KOKUYO W-N825U

અથવા સ્પેશ્યલ બેકરી Fats જે જબ્બે પ્રાણીની ચરબી વાપરવામાં આવે છે. પરદેશનાં બિસ્કીટમાં માંસ-મચ્છી, ઈંડા, ગાયની ચરબી અને બકરાંનાં આંતરડાંનો રસ વપરાય છે. ઘણાં બિસ્કીટ, કેક, પેસ્ટ્રીમાં માછલીનું સસ્તું તેલ વપરાય છે.

(૩૨) હાથીદાંત વગેરે પશુ, પક્ષી કે મનુષ્યનાં શરીરનાં અવયવોનો વ્યવસાય કરવો નહીં. દાંત, વાળ, રૂંવાટાં, નખ, હાડકાં, ચામડાં, શીંગડાં, શંખ, છીપ, કોડા, કસ્તુરી, ગોરોચંદન, અંબર, ઊન, ચામરના પૂંચ્છ, મોરપીંછ વગેરે ત્રસ જીવોનાં અંગોને, તેનાં ઉત્પત્તિસ્થાને જઈને, વ્યાપાર માટે ખરીદવાં નહીં. કેમ કે, આમાં ત્રસ જીવોની પુષ્કળ હિંસા થાય છે. આજે તો, લોહી, કીડની, ચક્ષુ વગેરે મનુષ્યનાં અંગોનો પણ વ્યાપાર શરૂ થયો છે. અને તે માટે, બાળકો વગેરેનાં અપહરણો પણ ખૂબ વધ્યાં છે. આવાં વ્યવસાય કે નોકરીનો ત્યાગ કરવો.

(૩૩) ગાય, ઘોડાં, બકરાં, ઊંટ, ઘેટાં વગેરે પશુઓ તથા પોપટ, કબૂતર વગેરે પક્ષીઓનો વ્યાપાર કરવો નહીં. ટૂંકમાં, કેશ, પીંછા કે રૂંવાટીઓનો વ્યાપાર direct કે indirect કરવો નહીં.

(૩૪) બળદ, ઘોડા, ઊંટ વગેરે પંચેન્દ્રિય જીવોનાં અંગો કે અવયવો વગેરે છેદવાનો ધંધો ન કરવો. જેમ કે, બળદ વગેરેનાં કાન, શીંગડા, પૂંછડા વગેરે કાપવા, નાક વિંધવા, ઘોડાઓને આંકવા, સાંઢને બળદ કરવો, તેમને ડામ દેવા, ખસી કરવી વગેરે વ્યવસાયવાળી નોકરીનો ત્યાગ કરવો.

ટૂંકમાં, જે વ્યવસાય કે નોકરીમાં, પુષ્કળ જીવહિંસા થતી હોય, ખૂબ અનુચિત કાર્યો કરવાં પડતાં હોય, ધર્મ-સંસ્કૃતિ માટે ખતરનાક હોય, તેવાં ધંધા, નોકરી વગેરેનો ત્યાગ કરવો જોઈએ. છતાંય, ભૂલથી કે લાચારીથી તેવો વ્યવસાય કરવો પડે, તો ખુલ્લા દિલે, સઘળું પ્રાયશ્ચિત્ત સદ્‌ગુરુ પાસે કરી લેવું જોઈએ, અને ભાવિ માટે, યોગ્ય માર્ગદર્શન મેળવી લેવું જોઈએ.

(૩૫) સમગ્ર ભારતભરમાં, ગાયને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગાય દૂધ આપે છે. એને વાછરડાં હોય છે. વાછરડાંનાં પેટમાં 'રેનેટ' નામનો પદાર્થ રહેલો હોય છે. આ રેનેટને મેળવવાં માટે, વાછરડાંને મારી નાંખવામાં આવે છે.

No.
Date

એનો ઉપયોગ 'ચીઝ' બનાવવા માટે થાય છે. આવું ચીઝ સ્વાદિષ્ટ હોય છે. વધુમાં 'માઈક્રો બાયલ રેનેટ' નો પણ ઉપયોગ કરાય છે, જે વનસ્પતિથી બને છે. પરંતુ, આ તો સ્વાદની વાત છે. માત્ર સ્વાદ ખાતર, નવજાત વાછરડાંનો વધ-કતલ કરાય છે.....!!

(૩૬) <u>સસલું કહે છે કે, 'મારો વાંક શું છે?'</u> : આ નિર્દોષ પ્રાણીનું મસ્તક (ડોક), એક સાણસામાં જકડી લેવામાં આવે છે અને ધાતુની ક્લીપથી એની આંખો ખુલ્લી રાખવામાં આવે છે. માથું ધોવાનાં શેમ્પુનાં એક-એક ટીપાં, સસલાંની આંખમાં ટપકાવવામાં આવે છે. બીચારું સસલું તો ચીસાચીસ કરી મુકે છે. એની આંખોમાં એવી તીવ્ર જલન પેદા થાય છે કે, એ સાણસામાંથી છૂટવાં માટે, લાખ પ્રયત્નો કરવાં જતાં, પોતાની કમર તોડી નાંખે છે. આંખોમાંથી સતત આંસુ નીકળે છે. સસલું આંધળું થઈને, તુરંત મોતને ભેટે છે. શેમ્પુ બનાવીને, આ રીતે, તેની ચકાસણી- Testing માટે, સસલાંની આંખમાં નંખાય છે. બિચારા જાનવરનું 'મોત' અને આપણી 'મજા'. આપણાં વાળને મુલાયમ રાખવા માટે, કેવો ક્રૂર વ્યવહાર, આ નિર્દોષ પ્રાણી સાથે કરવામાં આવે છે! સસલું કેટલું પ્યારું, કેટલું સ્નેહી અને નિરુપદ્રવી-ભલું જીવ છે અને માનવસમાજ.....?? માનવજાત- કઠોર, નઠોર, ક્રૂર, હિંસક અને ઉપદ્રવી છે. આપણે પોતે ભલે આવી ક્રૂર હિંસા ન કરીએ, પણ આવી ઘોર હિંસા કરીને બનાવેલાં પદાર્થોનો ઉપયોગ કરવા માત્રથી પણ આપણાં આત્માને હિંસાનો દંડ લાગે છે. ચાલશે?

(૩૭) <u>ઝેરીલું કોણ? સાંપ કે માનવી?</u> : સાંપની ચામડી માટે, અસંખ્ય સાંપને પકડીને, મારી નાંખવામાં આવે છે. એ ચામડીમાંથી, સંસારીઓ માટે પટ્ટાં (belt), જોડાં, પર્સ, ચંપલ વગેરે તૈયાર કરવામાં આવે છે. જો કે, જીવતાં સાંપની ચામડી વધારે મુલાયમ હોય છે અને તે ખેંચવી વધુ સરળ હોય છે. એટલે, જીવતાં સાંપની જ ચામડી ઉતારવામાં આવે છે. સાંપના માથાને, ખીલીથી, ઝાડનાં થડ સાથે ઠોકી દેવામાં આવે છે. સાંપ તડપતો રહે છે, તરફડીયાં મારતો રહે છે, અને અણીદાર ચાકુની મદદથી, એની ચામડી જીવંત દશામાં જ, ઉતારી લેવામાં આવે છે. કામ પૂરું થતાં, શિકારી થાક દૂર કરતો, આનંદનો શ્વાસ લે છે અને બિચારાં તડપતાં સાંપને કડક તડકામાં જ, મરવા માટે, છોડી દેવામાં આવે છે. એનાં મરવા

KOKUYO W-NB750U

સુધીની રાહ પણ જોવાતી નથી. એને બિચારાંને ખીલ્લીથી છૂટાં પાડવાની તકલીફ લેવાં પણ કોઈ તૈયાર ન થાય.

મહેરબાની કરીને વિચારો, તમે તમારી જાતને આવાં (ક્રૂર) પદાર્થોથી ફેશનેબલ ગણીને, 'સન્માનિય' કેવી રીતે માની શકો? ખીલ્લે લટકતાં, તરફડીયાં મારતાં સાંપને નજર સામે રાખીને, ચામડાંનાં બૂટ, ચંપલ, બેલ્ટ, પર્સ, સૂટકેસ આદિ તમામ વસ્તુઓનો ત્યાગ, સદાને માટે કરી લેવો.

(૩૮) ઘેટાની ટોપી :- માસૂમ અને નિર્દોષ એવાં ઘેટાને પણ લોકોએ બક્ષ્યાં નથી. પરમ-શાંત એવાં ઘેટાના વાળ એકદમ ઘુંઘરાળું હોય છે અને એની ચામડી તો અત્યંત નરમ-સુકોમળ હોય છે. મનમોજી લોકો, પોતાનાં શોખ પૂરાં કરવાં ખાતર, તેની ચામડીમાંથી બનેલ વસ્ત્રો અને ટોપી પહેરવાનું પસંદ કરે છે. જનમતાંની સાથે જ, ઘેટાનાં બચ્ચાનાં શરીર ઉપરનાં વાળની કુમળાશ-નરમાશ- softness તરત ખતમ થઈ જાય છે. તેથી, માદા ઘેટાને, ગર્ભાવસ્થામાં જ, લાકડીઓથી ગાંડો માર મારવામાં આવે છે. એટલી હદ સુધી માર મારવામાં આવે- પ્રહાર કરવામાં આવે કે ઘણીવાર એ માદાનાં પ્રાણ પંખેરુ પણ ઉડી જાય. પછી, માદાનાં પેટને છરાથી ફાડીને, અંદર જે બચ્ચું હોય, તેને કાઢવામાં આવે છે. ક્રૂરતાની આનાથી વધારે સીમા- ઊંચાઈ- height શું હોઈ શકે? કે એ બચ્ચાંની ચામડી પણ, જીવંત અવસ્થામાં જ પૂરેપૂરી ઉતારી લેવામાં આવે છે. એના મરવા સુધીની પણ રાહ જોવામાં આવતી નથી. કેવી ક્રૂરતા.... જીવતે-જીવતાં જ પૂરાં શરીરની ચામડી ઉતારવામાં આવે, તો કેવી જાલિમ- કાતિલ પીડા, અસહ્ય વેદના થાય, તે જરાં કલ્પના કરશો તો પણ તમે ધ્રુજી જશો. એટલે, શોખ ખાતર, આવી ક્રૂરતા સાથે બનેલાં, મુલાયમ ઉનની ટોપીઓ, જેકેટ, હાથ-પગનાં મોજાં વગેરે, કાયમ માટે, છોડી દેવાં.

(૩૯) કાચબાનું તેલ :- પાણીનાં કિનારે, કોઈક થોડી ઊંચાઈ પર, કાચબો જમીન ખોદીને પોતાનું ઘર બનાવે છે, જ્યાં તે, દુનિયાથી દૂર, એકલો-અટૂલો છુપાઈ જાય છે. બિચારા કાચબાને શું ખબર કે ક્રૂર માનવના હાથે મારે ભયંકર વેદના સહન કરવાની છે. અને અચાનક એનાં પગ નીચેની જમીન, એકાએક સરકાવી દેવામાં આવે છે. અને એ એવાં પ્રકારે જોરથી પછડાટ ખાઈને ઝુટકી જાય છે,

પલટી જાય છે કે - પીડાને લીધે, સીધો થઈ શકતો નથી. એનાં શરીરનાં નીચેનાં ભાગનાં કોમળ અંગોને, થોડીવાર તડકે તપાવીને, કસાઈ તેનાં શરીરનાં ટુકડે-ટુકડાં કરી નાંખે છે. કારખાનામાં આ ટુકડાઓને મોકલીને, એમાંથી એક વિશિષ્ટ તેલ નીકળવામાં આવે છે. આ તેલનો ઉપયોગ, સૌંદર્ય સામગ્રી બનાવવામાં થાય છે. આ રીતે, કાચબાઓ સમુદ્ર તટથી સીધાં તમારાં રૂમમાં, સૌંદર્ય સામગ્રી રૂપે (cosmetics) પહોંચી જાય છે. તમારી સુંદરતા માટે, કેટલાં કાચબાની દર વર્ષે, દરરોજ, દર મીનીટે, જનહાનિ થતી હશે? હત્યા થતી હશે? - તે જરા શાંતિથી વિચારજો અને નાશવંત શરીરની શોભા માટે, કાતિલ હિંસાથી બનેલાં આ cosmetics પદાર્થો (cream powder, lipstick, nail polish, soap વગેરે)નો વપરાશ કાયમ માટે છોડી દેશો. ફાવશે ને?

(૪૦) બિજ્જુનું અત્તર : બિજ્જુ નામનું નિર્દોષ-ભોળું પ્રાણી, બિલાડીથી પણ બહુ જ નાનું હોય છે. આ પ્રાણીને, ઘણાં ઓછાં લોકોએ જંગલમાં જોયું હશે. ચિડિયાઘર - zoo વગેરેમાં, ખાસ, આ પ્રાણી જોવા મળે છે. આ નાના-નાજુક જાનવરને, લાકડાનાં મોટા દંડા - 'બેંત'થી પીટવામાં આવે છે કે જેનાથી તે ઉત્તેજીત થાય, ઉદ્વેગમય થાય. આ ઉદ્વેગથી પરેશાન થયેલ અવસ્થામાં, એનાં શરીરમાંથી એક વિશેષ પ્રકારનો પદાર્થ નીકળવા લાગે છે કે જેનામાં ખૂબજ સુગંધ હોય છે. તેને નીચોડવામાં આવે છે. એની આ ગ્રંથીને ચાકુથી ખરોંચવામાં આવે છે અને ચાકુનાં લગાતાર પ્રહાર ચાલુ રખાય છે. કારણ કે, અત્તર તો જ બની શકશે! બીજ્જુનાં લોહીમાં સુવાસ છે - જેને આપણે, અત્તર અને perfume ના રૂપે ઉપયોગમાં લઈએ છીએ.

તમારી પાસે કોઈ હિસાબ છે કે કેટલાં નિર્દોષ જાનવરોને તમારી ફેશન અને આનંદ માટે, હણવામાં આવ્યાં હશે - હણાતાં હશે? .... ભવાંતરમાં આવાં ભવોની આવી વેદનાથી જો બચવું હોય તો જીવનભર માટે perfume - અત્તરનો ત્યાગ કરવો.

(૪૧) તમારી હજામત : 'ગીની પીગ' જેવાં નાનાં-અમથાં જાનવરની ચામડી ખરોંચીને, આફ્ટર શેવ લોશનનો લેપ કરાવાય છે. પરિક્ષણ, ટેસ્ટીંગ, અખતરાંથી તપાસ કરવામાં આવે છે કે આ લોશન, માણસનાં ગાલ ઉપર, ફોલ્લાં, ફોડાં, ખુજલીનું રીએક્શન તો નહીં કરે ને? એટલે ગીની પીગની ખાલ ખરોંચવામાં આવે છે. એકવાર નહીં પરંતુ

વારંવાર અનેક ગીની પીગને જાનથી મારી દેવાય છે. શા માટે? તમને આફ્ટર શેવ લોશન પહોંચાડવા માટે .... આ રીતે એક નિર્દોષ પ્રાણીની ક્રૂર હત્યા થાય છે → માટે આ કોઈ After shave lotion નથી પણ, it is a shame lotion. કાતિલ મોતની વેદના કોકને આપીને, કોક નિર્દોષ પ્રાણીની આંતરડી બાળીને, આ after shave lotion ઠંડક તો કઈ રીતે આપી શકે? તે જરા શાંતિથી વિચારજો.

(૪૨) જીવનભર ત્યાગ કરવાં જેવી વસ્તુઓ :

(૧) જિલેટીન : પ્રાણીઓનાં હાડકાંનો પાવડર છે. જેનો ઉપયોગ જેલી, આઈસક્રીમ, પીપરમીન્ટ, કેપ્સ્યુલ, ચ્યુઈંગગમ, ટુથપેસ્ટમાં થાય છે.

(૨) જુજુબ્સ : રંગબેરંગી રબ્બર જેવી નરમ અને સાકર લગાડેલી પીપર. તે જિલેટીનના મિશ્રણથી નરમ બને છે. જે ખાવા જેવી નથી. દેરાસરમાં કોઈપણ પીપર નૈવેદ્ય તરીકે ન ચડાવાય.

(૩) એક્સ્ટ્રા સ્ટ્રોંગ સફેદ પીપરમીન્ટ : જિલેટીનનું મિશ્રણ, બોન (હાડકાનાં) પાવડરનું મિશ્રણ તેમાં વપરાયેલું હોય છે.

(૪) જેલી ક્રિસ્ટલ : તેમાં જિલેટીન આવે છે, તેથી ન વપરાય.

(૫) સેન્ડવીચ સ્પ્રેડ તથા મેયોનીઝ : તેમાં ઈંડાનો રસ મીક્સ કરાય છે. તે બ્રેડ ઉપર લગાડીને, ખાવામાં ઉપયોગમાં લેવાય છે.

(૬) બટર : માખણમાં અસંખ્ય ત્રસ જંતુ છે, જે વિકાર અને રાગ કરે છે. કેક, બિસ્કીટ, સેન્ડવીચમાં લગાડવામાં આવે છે.

(૭) ચાયના ગ્રાસ : જે દરિયાઈ વનસ્પતિ છે, લીલ-સેવાળનાં મિશ્રણથી બને છે.

(૮) પાઈન બિસ્કીટ : નાનાં-ચપટાં-ગોળ બિસ્કીટ. તેમાં ઈંડાનાં રસનું મિશ્રણ હોય છે તેથી અભક્ષ્ય છે.

(૯) એનીમલ ટાઈપ બિસ્કીટ : જુદાં-જુદાં પ્રકારનાં પશુઓનાં આકારનાં હોય છે. જેમ કે, હાથી, ઘોડો, વાંદરો, માછલું વગેરે આકારનાં હોય છે. ખાવાથી હિંસક સંસ્કારો બાળકોમાં પડે છે. માટે ખાવાં નહીં. બાળકોને જાગૃતિ આપવી, પ્રતિજ્ઞાથી ત્યાગ કરાવવો.

(૧૦) ક્રાફ્ટ ચીઝ : રેનેટ ફ્રોમ કાઉઝ (૨-૩ દિવસનાં જન્મેલાં વાછરડાંની હોજરીનાં રસનાં મિશ્રણથી બને છે. તેનો ઉપયોગ, બ્રેડ ઉપર લગાડવામાં તથા પીઝા બનાવવામાં થાય છે.

માંસાહારનો દોષ લાગે છે. દયા-ગુણ નાશ પામે છે.

(૧૧) આઈસક્રીમ પાવડર : તેમાં જિલેટીન આવે છે. જુદાં-જુદાં કેમિકલ્સ-રસાયણનાં મિશ્રણ આઈસક્રીમમાં થાય છે. જે આંતરડાને બગાડે છે, આરોગ્યનો નાશ કરે છે, મંદાગ્નિ કરે છે.

(૧૨) ફુટેલા ચ્યુઈંગ-ગમ : તેમાં બીફટેલો અને હાડકાંનો પાવડર હોય છે.

(૧૩) મેન્ટોસ : તેની બનાવટમાં, બીફટેલો, બોન પાવડર તથા જિલેટીન વપરાય છે. કૉલેજનાં વિદ્યાર્થીઓ પુષ્કળ ખાય છે. તે શાકાહારીને માંસાહારી બનાવે છે - દિલની કોમળતા રહેતી નથી.

(૧૪) પોલો : સફેદ એક્સ્ટ્રા-સ્ટ્રોંગ પીપર- જેમાં જિલેટીન અને બીફ ઓરીજીનનું (ગાય-બળદનું માંસ) મિશ્રણ થાય છે. પેટમાં, માંસનાં અણુઓ, તામસિક અસર ઉભી કરે છે. કામ-ક્રોધ વધે છે.

(૧૫) નુડલ્સ (સેવ) પેકેટ : જેમાં ચિકન ફ્લેવર (કુકડીનો રસ) ભેળવવામાં આવે છે. કાંદા-લસણ અને ઈંડાનું મિશ્રણ થાય છે. નાસ્તાની આઈટમ તરીકે વપરાય છે. લોટનો કાળ વીતી જવાથી પણ અભક્ષ્ય છે.

(૧૬) સૂપ પાવડર તથા સૂપ ક્યુબ્સ : જેમાં ચિકન ફ્લેવરનું મિશ્રણ થાય છે. તે સૂપ બનાવવામાં વપરાય છે. જે માંસાહારનો એક પ્રકાર છે.

(૧૭) પેપ્સીન : સાબુદાણાંની વેફર- રતાળું કંદમૂળનાં રસમાંથી બને છે. જે સડેલાં રતાળુનાં રસનાં હોજમાં, અસંખ્ય કીડાઓ પગ નીચે કચડાયાં પછી, મશીનમાં ગોળ-ગોળ દાણાં પડે છે. અનંતકાય અને અસંખ્ય ત્રસ જંતુઓનો નાશ થવાથી, તે વર્જ્ય છે. તેનો ધંધો પણ કરવા જેવો નથી. દયા-કરુણાનો નાશ કરે છે. કર્મબંધ થાય છે.

(૧૮) ટુથપેસ્ટ : જેમાં ઈંડાનો રસ, હાડકાંનો પાવડર તથા પ્રાણીજ ગ્લિસરીનનું મિશ્રણ હોય છે. સવારના પહોરમાં દાંત સાફ કરવા લગાડતાં, હિંસક વસ્તુઓનો દોષ લાગે છે. તેનાથી બચવા, આયુર્વેદિક મંજન સારું. દા.ત. : કાંટાળુ માયુ + ફુલાવેલી ફટકડી + સફેદ સિંધાલૂણ : આનું મંજન પાયોરિયાં અટકાવી દાંતને મજબૂત કરે છે

(૧૯) ઈન્સ્યુલીનનાં ઈંજેક્શનો : કતલ કરેલાં ઘેટાં-બકરાં-ભૂંડના pancreas નામનાં અવયવોમાંથી બને છે. Diabetes માં ઉપયોગમાં લેવાય છે.

(૨૦) કસાટા આઈસક્રીમ : તેમાં ઈંડાના રસવાળી કેક વપરાય છે.

રસાયણિક દ્રવ્યનું પણ મિશ્રણ થાય છે. તે અભક્ષ્ય છે અને આરોગ્ય માટે હાનિકારક હોય છે.

(૨૧) નાહવાનાં સાબુ : ઘણાં ખરાં સાબુમાં પ્રાણીજ ચરબી આવે છે. જે ટેલોમાંથી બનાવવામાં આવે છે. હિંસક પદાર્થોનો ત્યાગ કરી, નિર્દોષનો ઉપયોગ કરવો – એ જ દયાળુ આત્માનું કર્તવ્ય છે.

(૨૨) સૌંદર્ય પ્રસાધનો : લિપસ્ટીક, નેલપોલીશ, શેમ્પૂ વગેરે જાનવરોનાં હાડકાંનો ભૂક્કો, લાલ લોહી તેમજ જુદાં-જુદાં અવયવોનાં રસમાંથી અને ચરબીમાંથી તૈયાર થાય છે. સસલાં-વાંદરા ઉપર, તે પદાર્થોનો પ્રયોગ થાય છે. તેમાં અસંખ્ય જાનવરો મરી જાય છે, અંધ બની જાય છે. હિંસક પદાર્થોનો, પ્રતિજ્ઞા કરી, જીવનભર માટે ત્યાગ કરો, જીવન દયામય બનાવો.

(૨૩) લિપસ્ટીક : તેમાં ચરબી-લોહી તથા માછલીનાં શરીરનાં ભીંગડા સૂકવીને તેનો ઉપયોગ થાય છે. જેટલીવાર તમારી જીભ, હોઠને લાગે, તેટલી વાર, માંસના અણુઓ પેટમાં જાય છે. દરેક દયાપ્રેમી બહેનોએ ત્યાગ કરવો અને કરાવવો જોઈએ.

(૪૩) પ્રાણીજ પદાર્થોને જાણો અને ત્યાગ કરો :

(૧) એસ્ટ્રોજન : ઘોડીઓને સતત બાંધેલી, ગર્ભિણી રાખી, તેના મૂત્રમાંથી તથા કતલ કરેલાં જાનવરની ગ્રંથિમાંથી મળે છે.
ઉપયોગ : દવા અને સૌંદર્ય પ્રસાધન

(૨) ઓલિયેટ્સ : જાનવરમાંથી મેળવી ક્રીમ-સૌંદર્ય માટે વપરાય છે.

(૩) ઈસીંગ્લાસ : માછલીમાંથી મેળવી જેલી, સૌંદર્ય અને આલ્કોહોલીક પીણાં અને તેલને પાતળું કરવા માટે વપરાય છે.

(૪) કસ્ટર્ડ પાવડર : ઈંડાના મિશ્રણથી બનેલ છે. પુડીંગ, આઈસક્રીમ, બાસુંદી, ફ્રૂટ સલાડ વગેરેમાં વપરાય છે.

(૫) કેસ્ટોરિયમ : નર 'બીવર' પ્રાણીમાંથી મેળવાય છે. સૌંદર્ય અને હોર્મોન માટે વપરાય છે.

(૬) કોચિનિયલ : લાલ રંગની જીવાતની સૂકવણીમાંથી મેળવાય છે. ખાદ્ય પદાર્થ તથા સૌંદર્યમાં લાલ રંગ માટે વપરાય છે.

(૭) ગ્લિસરીન : પ્રાણીજ ગ્લિસરીન દવા-ટુથપેસ્ટ - ક્રીમ - કાજળ-

શેમ્પુ - મલમ - રબર વગેરે માટે વપરાય છે.

(૮) બીફ ટેલો ચરબી : ગાય-બળદ વગેરેની ચરબી હલ્કી મિઠાઈઓમાં, સસ્તી ચીજોમાં, ચોકલેટ-પીઝ્ઝમાં વપરાય છે.

(૯) પ્લેસેન્ટી : ઢોરનાં બચ્ચાંમાંથી મેળવી, હોર્મોન - સૌંદર્ય માટે વપરાય છે.

(૧૦) રેનેટ : ત્રણ દિવસનાં જન્મેલાં વાછરડાંનો રસ - જે ચીઝ માટેનાં મેળવણ તરીકે વપરાય છે.

(૧૧) પેપ્સીન : ડુક્કરનાં પેટનો રસ જે ચીઝ માટેનાં મેળવણ તરીકે વપરાય છે.

(૧૨) મીણ : મધમાખીનાં મધપૂડામાંથી બનાવી - બારિક કલા - લિપસ્ટીક વગેરેમાં વપરાય છે.

(૧૩) લોર્ડ : ડુક્કરની ચરબી જે ક્રીમ - સૌંદર્ય સાબુ માટે વપરાય છે.

(૧૪) લેસીથીન : ઈંડામાંથી મેળવી - પરદેશી ચોકલેટ અને સૌંદર્ય માટે વપરાય છે.

(૧૫) સિવેટ : બિલાડી જેવાં 'સિવેટ' પ્રાણીમાંથી મેળવી - સુગંધી સેન્ટ માટે વપરાય છે.

(૧૬) સ્ટાયરેટ : પશુઓની ચરબીમાંથી મેળવી ક્રીમ - લિપસ્ટીકમાં વપરાય છે.

(૧૭) વિટામીન 'એ' અને 'ડી' વાળી દવાઓ : ફેરોડોલ, શાર્કોફેરીલ, કોડલીવર ઓઈલ, શાર્ક ઓઈલ, પીલર્સ કોડ, પીલર્સ શાર્ક, અને હેલીવર નામની અનેક દવાઓ માછલીનાં લીવર તથા પ્રાણીઓમાંથી તૈયાર થાય છે. જેનાથી રિએક્શન આવે છે, સ્વભાવ તામસી - ક્રોધી - હિંસક બને છે.

(૧૮) સ્કાટ ઈમલ્શન : બળદ, ભેંસ, પાડાના માંસમાંથી બને છે.

(૧૯) વિરોલ : ગાયના મગજનાં રસમાંથી બને છે.

(૨૦) એક્સટ્રેટ : સૂકાવેલાં માંસના મિશ્રણમાંથી બને છે.

(૨૧) એક્સટ્રેટ ચીકન : ઉંદરનાં માંસમાંથી બને છે.

(૨૨) પેપસેંટ પાવડર : કૂતરાં - સુવરનાં વૃષણમાંથી બને છે.

(૨૩) એડ્રેનેલીન : કતલ કરેલાં પશુનાં લિવર અને ગ્રંથિમાંથી બને છે જે દમની દવામાં વપરાય છે.

(૨૪) ડેક્સોરેન્જ : કતલ કરેલાં પ્રાણીની થાઈરોઈડ ગલ-ગ્રંથિમાંથી બને છે જેનો ઉપયોગ ટોનીકમાં થાય છે.

(૨૫) સ્ટ્રેસ કેપ : (ટોનીક ગોળી) : ગાયના સુકવેલાં લીવરમાંથી બને છે.

આવી પ્રાણીજ પ્રશુઓની હિંસાથી બનેલ દવાઓ,
ખાદ્ય પદાર્થોનો જીવનભર ત્યાગ કરી સુખી બનો અને
સ્વાસ્થ્યની રક્ષા કરો.

(૨૬) સાબુદાણાંનો ઈતિહાસ : સાબુદાણાંના કંદને, સેલમ બાજુ 'કલંગ' કહે છે. 'Torpeo' અંગ્રેજી નામ છે. ૫ કિલો મેટરનું વજન હોય છે. છાલ કાઢ્યાં પછી, ખુલ્લામાં ૪-૬ મહિના પડી રહેતાં, તેમાં ઘણી લીલ-ફુગ થઈ જાય છે, પાર વિનાનાં કીડાં-ઈયળો તેમાં ઉપજે છે. અનંતા જીવોની ઘોર હિંસા થયાં બાદ, પગથી ખુંદેલા, એવાં રસમાંથી 'સાબુદાણાં' બને છે. તદુપરાંત, સાબુદાણાંમાંથી પીપરમીન્ટનું ગળપણ, બિસ્કીટ માટેનું ગળપણ, સેલાઈન ઈન્જેક્શન, સેલાઈનનાં બાટલાં, ડીટરજંટ પાવડર, ડેટ વગેરે સાબુ, કપડાં માટેનો સ્ટાર્ચ પાવડર વગેરે બને છે. આ સાબુદાણાંના વેસ્ટેજ રૂપે રહેલ, ગંદા રસમાં, પાર વિનાનાં કીડાંઓ ખદબદતાં હોય છે. સાબુદાણાં બનાવવાની પ્રોસેસમાં ઘોર હિંસા હોવાને કારણે 'રસ વાણિજ્ય' નામનો કર્માદાનનો ધંધો તરીકે બનતો હોવાથી, ત્યાજ્ય છે. આત્માને પાપથી જે ભારે કરતો હોય, એવાં સાબુદાણાંનો વ્યાપાર, પાપભીરુ દયાળુઓએ ક્યારેય કરવાં જેવો નથી. કારણ કે, કર્માદાનનાં ઘોર પાપકર્મ બંધાવી, ભવિષ્યમાં નરક-નિગોદમાં અનંતી વેદના, અસંખ્ય કાળ સુધી, આત્માને વેઠવી પડે છે. ચાલશે ?

(૨૭) ટુથપેસ્ટ : તેમાં ફ્લોરાઈડ, સોર્બિટોલ અને સોડિયમ લોરિલ સલ્ફેટ હોય છે જે બાળકો માટે જીવલેણ સાબિત થાય છે - આવું અમેરિકાના 'વૉશિંગ્ટન ટાઈમ્સ' છાપામાં પણ આવ્યું છે.

(૨૮) પીઝા : તેમાં ૭ કે વધુ દિવસની વાસી મેંદાની કાચી રોટલી તથા સમોસાં માટે, મેંદાની વાસી પટ્ટીઓમાં, અસંખ્ય ત્રસ જંતુઓનો નાશ હોઈ 'અભક્ષ્ય' છે. માટે, જમણવારોમાં બહેનોએ મેંદા તથા આવી વાસી પટ્ટીઓનો ઉપયોગ જરાય કરવો નહીં.

(૨૯) ચમરી-ચામર : ગાયનાં વાળમાંથી બને છે. ગાયની કતલ થયાં પછી કસાઈ કાઢે છે. ક્યારેક જીવતાં પણ આ વાળ ઉતારાય છે. અજૈન મંદિરોમાં ઉપયોગ થાય છે.

(૩૦) મીણ : પાળેલી મધમાખીનું મીણ, પ્રમાણમાં, ઓછું મળે છે.

No.
Date

મીણની વધુ પેદાશ તો જંગલમાં રહેલ મધપૂડાને તોડીને થાય છે. દરેક મધપૂડો તોડતી વખતે, ૧૦ થી ૩૦ હજાર મધમાખી, તેની ઈયળ, ઈંડા વગેરેનો નાશ થાય છે. મધપૂડો નીચોવીને, મધ કાઢી લીધાં પછી, જે વધે છે તેને અગ્નિ દ્વારાં તપાવી, ઓગાળી, ગાળીને, ઠરાવાય. તેને જ 'મીણ' કહેવાય છે. એનો ઉપયોગ મીણબત્તી, બારીક કળા, પોલીશ, મોચીનો દોરો, લિપસ્ટીક વગેરેમાં થાય છે.

(૩૨) લાખ અને શેલક: લાખો ઝીણાં જીવડાં મરાય ત્યારે માંડ-માંડ અડધા કિલો જેટલી લાખ તૈયાર થાય છે. તેનો ઉપયોગ જડતર દાગીનાં, બ્રશ બનાવવામાં સીલ તરીકે, રમકડાં, પોલીશ, રંગ, વાર્નીશ વગેરેમાં થાય છે. લાખનો અર્થ જ ૧,૦૦,૦૦૦ થાય - એટલે કે: કહી શકાય કે: લાખ જીવડાં મરે તેને 'લાખ' કહેવાય. ૩૩૩ ગ્રામ લાખ માટે એક લાખ જીવડાં મારવામાં આવે છે. જીવહિંસાનો આ જંગી આંકડો જો આપણે નજર સામે રાખીએ, તો સરળતાથી લાખના પદાર્થોનો વપરાશ છોડી શકીએ.

(૩૩) શુદ્ધ રેશમ: લાખો રેશમનાં કીડાંઓને મારીને જ 'રેશમ' બની શકે છે, બાકી નહીં. રેશમનો કીડો, પોતાની લાળમાંથી બનાવેલો, પોતાનો રેશમી તાંતણાનો કોશેટો કાપીને, સાધારણ રીતે, અઢારેક દિવસમાં બહાર પડતો હોય છે. કોશેટો કાપતાં, રેશમી તાંતણાનાં ટુકડે-ટુકડાં થઈ જાય છે. ટુકડાંઓની કિંમત નજીવી છે. અખંડ, લાંબો તાંતણો જ કિંમતી છે. આવો અખંડ તાંતણો આશરે સો ફૂટ લાંબો હોય છે. તાંતણો અખંડ મેળવવાં માટે, રેશમનો કીડો કોશેટો કાપીને બહાર આવે તે પહેલાં જ, તેને ઉકળતાં પાણીમાં ડુબાડી મારી નાંખવામાં આવે છે. આથી, બિચારાં કીડાંને બહાર આવવાની તક જ નથી મળતી. આવી રીતે, ૧૦૦ ગ્રામ રેશમી કાપડ માટે, આશરે ૧૫૦૦ કીડાંઓને મારવાં પડે છે. એ દ્રશ્ય જોયું હોય, તો હ્રદય હલી જાય, સંસાર પ્રત્યે વૈરાગ્ય ભાવ જાગી ઉઠે. આવાં વસ્ત્રો-ઉપવસ્ત્રો પહેરીને, આપણે એક પ્રકારનું ગૌરવ અનુભવીએ છીએ. કેવાં આનંદ અને ગૌરવથી આપણે એવાં વસ્ત્રોનું પ્રદર્શન કરીએ છીએ! હજારો-લાખો કીડાંઓની હિંસા બાદ બનેલ, આવાં વસ્ત્રો તો કઈ રીતે ખરીદી શકાય? ખરીદીને કઈ રીતે પહેરી

KOKUYO W-N82S0U

શકાય? પહેરીને કઈ રીતે રાજી થઈ શકાય. એ જ સમજાતું નથી.

(૪૫) **મોતી**: મોતી મેળવવાની હ્રદય-દ્રાવણ પ્રક્રિયા :
ખારાં સમુદ્રમાંની, 'કાલુ' ની છીપમાં, 'મોતી' પેદા થાય છે.
કાલુ = એક પ્રકારનું જળચર પ્રાણી છે. કાલુનું શરીર, તેની બે છીપોની વચ્ચે, સંપૂર્ણ રીતે, રક્ષાયેલું હોય છે. અથવા એમ કહી શકાય કે - 'કાલુ' આ બંને છીપોની કિનારીઓને બિડાવીને - બંધ કરીને, જાણે તેની અંદર બેસી રહેલ હોય છે. આ છીપો, સમુદ્રનાં તળિયે, સાતમા પેટાળમાં પેદા થાય છે, અને ત્યાં જ પડી રહે છે. કાલુનાં શરીરનો જે ભાગ, છીપની સાથે જોડાયેલો છે, તેની અને છીપની વચ્ચે જ્યારે બહારની રેતી-કણ જેવી કઠણ વસ્તુ ભરાઈ જાય છે, ત્યારે તેને ખૂંચે છે. અને પીડા ઉત્પન્ન કરે છે. આપણી આંખમાં કોઈક કણ ભરાઈ જાય, ને જેવી પીડા કરે, બરાબર, તેવી જ રીતે. આ પીડાનું નિવારણ કરવા માટે, તે આવાં કઠણ કણની આસપાસ, લગલગ તેનાં 'છીપ'નાં જેવો જ પદાર્થ, પોતાનાં શરીરમાંથી ઝરપાવે છે (છોડે છે). આ ચુંવાળો પદાર્થ, કણની આસપાસ, સંપૂર્ણ રીતે જામી જાય છે. એક હાથ પર, માછલીની પીડા દૂર થાય છે તો બીજા હાથ પર એક સુંદર મોતી સર્જાય છે. કઠણ કણની આસપાસ, ઝરપીને ગોળાકારમાં જામતો પદાર્થ, એ જ 'મોતી' છે. કાલુની પીડા જેટલી તીવ્ર હોય અને જેટલાં લાંબા સમય સુધી ચાલે, તેટલાં પ્રમાણમાં, તેનાં શરીરમાંથી વધુ પદાર્થ ઝરપાવે. અને મોતી તેટલું વધું મોટું બંધાય.

કાલુ અને છીપની સાથે જોડાયેલાં શરીરના ભાગની વચ્ચે, બહારનો રેતી જેવો કઠણ કણ ઘૂસવાનો બનાવ તો ક્યારેક જ બને. એ કારણે, કોઈક જ છીપમાં, મોતી બંધાય. આમ, કુદરતી સંજોગોમાં તો, લાખો છીપમાંથી, થોડાંક જ મોતી પ્રાપ્ત થાય છે. પરંતુ, છીપો તો બધી તોડવી પડે અને છીપો તૂટતાં 'કાલુ' જીવી શકતાં નથી. લાખોનાં હિસાબે, નિરર્થક સંહાર થતો જ રહે. આમ, કુદરતી સંજોગો પર આધાર રાખવામાં આવે, તો મોતી અત્યંત વિરલ વસ્તુ બની રહે.

હજારો વર્ષો પછી, જ્યારે માનવીને, કાલુ ક્યા કારણસર અને કેવી રીતે મોતી પેદા કરે છે, તે જ્યારે સમજાયું ત્યારે તેનો લાભ લઈને, તેણે 'કલ્ચર્ડ' cultured મોતી પેદા કરવાની પદ્ધતિ

No.
Date

વિકસાવી. જાપાનીઓ તેમાં આગેવાન હતાં અને છે પણ.

કાલુને એકઠી કરીને, ખારાં પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. પછી, કાલુની છીપ અને જોડાયેલાં શરીરનાં ભાગની વચ્ચે, કઠણ દાણો કૃત્રિમ રીતે દાખલ કરવામાં આવે છે. અમેરિકાના 'પિગચે કલગ'ની છીપનો દાણો, આ કાર્ય માટે, ઉત્તમ ગણાય છે. કાલુનાં શરીરમાં ઊંડે કાપો પાડીને, તેમાં આવાં કઠણ દાણાને ઘુસાડવામાં આવે છે. અને તેની સાથે બીજા કાલુનો માંસકોષનો પડ પણ દાખલ કરવામાં આવે છે. ૧૨ થી ૧૫ કાલુ દીઠ, એક કાલુનો ઉપયોગ કરવામાં આવે છે. કઠણ દાણો દાખલ કરવાની શસ્ત્રક્રિયા કરેલી ૫૦-૬૦ કાલુ છીપોને, એક પીંજરામાં રાખવામાં આવે છે અને આ પીંજરાને ૪-૬ અઠવાડિયાં સુધી, દરિયામાં ડૂબેલું રાખવામાં આવે છે. આ વખતે, શસ્ત્રક્રિયાનાં આઘાતથી, કેટલીક કાલુઓ, મરી જાય છે. નાના દાણામાંથી નાનું મોતી એક મોસમમાં તૈયાર થાય છે, જ્યારે મોટાં મોતી તૈયાર થતાં ૩ થી ૭ વર્ષ લાગે છે. કાલુ, અત્યંત સંવેદનશીલ અને નામણી-નાજુક હોવાથી, તેને કઠણ દાણાથી, અત્યંત પીડા થાય છે. અલંકાર અને શોખીન વસ્તુઓ તરીકે વપરાતાં આ 'કલ્ચર્ડ મોતી' પેદા કરવા માટે, તેઓને લાંબા સમય સુધી, તીવ્ર પીડાની વચ્ચે રાખવામાં આવે છે. જે ખરેખર, તેમનાં પર ગુજરાતો જુલમ છે. છેવટે, મોતી મેળવવાં માટે, કાલુઓનો તો નાશ જ કરવામાં આવે છે. કેટલાંક માને છે કે, 'આ કૃત્રિમ મોતી છે અને એમાં કોઈ હિંસા નથી.' પરંતુ એવું નથી. આ 'કલ્ચર્ડ મોતી' તો બનાવટી કે ખોટું મોતી નથી. એ તો, કાલુ છીપ પાસેથી જ, એને ખૂબ પીડીત કરી, એની પાસેથી જ સર્જાવવામાં આવે છે. અને કામ પૂરું થયા પછી, કાલુને તો મારી જ નાંખવામાં આવે છે. હવે, તમે જ બોલો, શું તમને મોતીનાં દાગીનાઓ ખરીદવા, પહેરવાં, જોવાં કે જોઈને વખાણવાં ગમશે?

(૭૬) <u>હાથીદાંત</u> : હાથીદાંતની બંગડીઓ, રમકડાંઓ, મૂર્તિઓ, પિયાનોની પટ્ટીઓ, કાંસકા, બટન અને કલાત્મક વસ્તુઓનાં શોખને સંતોષવા, દર વર્ષે, અંદાજે, લાખથી દોઢ લાખ હાથીઓને મારી નંખાય છે. હાથીદાંત, મુખ્યત્વે, આફ્રિકાથી આયાત થાય છે. હાથીનું મરણ નીપજાવવા માટે, બેટરીના એસિડવાળા ઝેરી કેળાં, ફણસ વગેરે

No. (324)

Date

હાથીઓના માર્ગમાં મૂકવામાં આવે છે. હાથી મરતાં પહેલાં, જમીન ઉપર પછડાય છે. જમીન પર પડતાં જ, ગીધ જેવાં પક્ષીઓ આવી જાય છે. અને આવી હિલચાલથી, પ્રાણી કઈ જગ્યાએ મરી ગયું છે, તેનો ખ્યાલ, હિંસક કસાઈઓને - શિકારીઓને, આવી જાય છે. અને આ કામમાં રોકાયેલા લોકો ત્યાં જઈ, મરેલાં હાથીઓનાં દાંત કાઢી લે છે. સન ૧૯૭૬ માં, હોંગકોંગના બજારમાં, ૭૦૦ ટન જેટલાં હાથીદાંત આવ્યાં હતાં. આટલાં હાથીદાંત મેળવવાં માટે, આશરે, ૧૨૦૦૦ હાથીઓનો સંહાર કરવો પડે. આવું જાણીને, શું તમે હવે હાથીદાંતમાંથી બનેલ વસ્તુઓ વાપરી શકશો? ગમાડી શકશો?

(૭૭) <u>ઉત્તર ધ્રુવના પ્રાણીઓ</u> : ઉત્તર ધ્રુવની નજીક, શીત કટિબંધનો પ્રદેશ છે. ત્યાં માનવીની વસ્તી ઓછી છે. ત્યાંના પ્રાણીઓ, તેની સુંદર રુંવાટીવાળી ચામડી માટે પ્રખ્યાત છે. આ પ્રાણીઓને પકડવાં માટે, છટકા ગોઠવવામાં આવે છે. પછી, પ્રાણીઓ પકડાયાં-સપડાયાં કે નહીં, તે જોવા માટે, ૧૦-૧૨ દિવસ પછી, આવે છે. આમ, જે પ્રાણી વહેલું પકડાય, તેટલાં પ્રમાણમાં તે વધુ દિવસ કષ્ટ ભોગવે છે. છટકામાં, પ્રાણીનાં પગનો પંજો સપડાય છે અને તેને અત્યંત પીડા થાય છે. તે ભયની લાગણી પણ મુંઝવણ સાથે અનુભવે છે. સતત ફાંફાં મારીને, થાકીને, ફરી-ફરી પગ છૂટો કરવાં માટે પોતે ગાંડો પ્રયત્ન કરતો રહે છે. ૧૦-૧૨ દિવસ સુધી, તે પ્રાણી, આ રીતે સતત વેદના ભોગવતું જ રહે છે. તરસ અને ભૂખથી પણ પીડાય છે અને સૂઝેલાં પગને પોતાનાં તીણાં દાંતથી કરડીને છૂટો કરવાં મથે છે. ખુલ્લાં મેદાન જેવાં બરફીસ્તાનનાં પ્રદેશની ઠંડી પણ સખત ડંખતી રહે છે. આખરે, તે ખૂબ ત્રાસ પામીને, રીબાતાં-રીબાતાં, ચીચીયારીઓ પાડતાં-પાડતાં, રડતાં-રડતાં, મૃત્યુને ભેટે છે. - એવો અંદાજ છે કે, દર વર્ષે, એકલાં ઉત્તર કેનેડામાં જ, <u>૪૦ લાખ</u> પ્રાણીઓનો ભોગ લેવાય છે. તેથી, પશુઓની સુંદર રૂંવાટીવાળી મુલાયમ કોમળ ચામડીમાંથી બનેલ વસ્ત્રો, ટોપીઓ, મોજાંઓ, વગેરે ન વપરાય. ફેન્સી બેગ પણ ન વાપરવી.

(૪૮) દરિયાઈ સીલ : દરિયાઈ સીલની ચામડીનાં જબ્બર આકર્ષણને કારણે, લોકો તેનો વપરાશ કરવા લલચાય છે. તેની સુંદર રૂંવાટીવાળી ચામડી માટે, મોટાં પ્રમાણમાં, લેબ્રેડોર (કેનેડા)નાં કિનારાં પાસે, 'હાર્પ-સીલ' તરીકે ઓળખાતી પ્રાણીની આ જાતનો શિકાર થાય છે.

પ્રથમ બચ્ચાંને માતાની નજર સામે જ, અઢી ફુટ લાંબા ધોકાં જેવો દંડો, જેનો છેડો વધુ જાડો અને ગોળ હોય, તેનાથી ફટકાં મારી-મારીને બેભાન કરી નાંખવામાં આવે છે. પછી તેને ચત્તું સુવાડીને, જીવતી હાલતમાં જ, દૂટીથી જડબા સુધીની તેની ચામડી ચીરી નાંખવામાં આવે છે. પછી, છરી ઘોંચીને, તેનાં હૃદયની ધોરી નસને, કાપી નાંખીને ક્રૂરતાથી મારી નાંખવામાં આવે છે. તે બેશુદ્ધ હોવાં છતાં, જ્ઞાનતંતુઓની આમમેળે થતી પ્રક્રિયાને લીધે, જ્યારે તેની ચામડી ઉતરડાતી હોય ત્યારે તે બિચારું પીડાથી તરફડિયાં મારતું હોય છે. આ દ્રશ્ય નરી આંખે જોઈ ન શકાય તેટલું કરુણ હોય છે. આ ઉપરાંત, વધુ કરુણતા તો એ છે કે, બચ્ચાંની ઉંમર કુમળી થતાં જ, તેની મા ગભરાઈને, બરફના પોપડામાંના પાણીવાળા ખાડામાં સંતાઈ જાય છે. તે બચ્ચાંની દર્દભરી ચીસ સાંભળે છે, પોતાનાં બચ્ચાંની પાસે જવાની લાખ ઈચ્છા હોવાં છતાં પણ, બિચારી બીકના માર્યે બહાર આવતી નથી. જ્યારે શિકારીઓ ચાલ્યાં જાય, ત્યારે ચામડી વગરનાં, લોહી નીકળતાં પોતાનાં બચ્ચાં પાસે આવી, તેની મા, તેના પર પોતાનું નાક ઘસીને, પોતાનું હૃદય-દ્રાવક દુઃખ વ્યક્ત કરે છે. પરંતુ, તેના દુઃખનો અહીં અંત આવતો નથી. બચ્ચાં પછી તેનો પોતાનો વારો આવે છે. મોટાં પ્રાણીને ગોળીથી ઠાર મારવામાં આવે છે. દરેક મોસમમાં, અંદાજે દોઢેક લાખ સીલ પ્રાણીઓની આ ક્રૂરતાભરી રીતે કતલ થાય છે.

ફેશનની દુનિયામાં, જે પ્રાણીઓની કિંમત વધુ ઉપજે, તેઓની ચામડી, કોઈ પણ રીતે, ખંડિત થયાં વિનાં, આખીને આખી, મેળવવાંનો પ્રયત્ન કરવામાં આવે છે. એથી, આવાં પ્રાણીઓની ચામડી અખંડ રહે, તે રીતે, તેઓનું મોત નીપજાવવામાં આવે છે. પછી, ભલે તેમાં અતિશય ક્રૂરતા રહેલી હોય. તેથી મહેરબાની કરીને, આવાં ફેશનનાં સાધનો, cosmetics, સ્વેટર - જેકેટ વગેરે વસ્ત્રોને, કાયમ માટે, તિલાંજલી આપશો, વાપરશો નહીં.

(૪૯) <u>હલબાગી દીપડા</u> : આફ્રિકાનાં દીપડાંને મારી નાંખવા માટે, પ્રથમ તેને સાદા પાંજરામાં રાખવામાં આવે છે. પછી, "ક્રશ ક્રેઈટ" નામના ખાસ પાંજરામાં, ફેરબદલી કરવામાં આવે છે. જેનો ઉપયોગ, તબીબી તપાસ માટે અથવા સારવાર માટે, તેમને જકડીને સ્થિર રાખવા માટે, કરવામાં થતો હોય છે. સળિયાંનાં ગોદાં મારીને, તેમને આવાં પાંજરામાં જવા માટેની ફરજ પડાય છે. ક્રશ ક્રેઈટમાં ધકેલ્યાં પછી, ચારેબાજુથી તેને જકડી લેવામાં આવે છે. દીપડાનું પૂંછડું બહાર કાઢીને, ઊંચું કરીને, પકડી રખાય છે. આ પછી, ત્રણેક ફૂટ લાંબો, ધગધગતો લોખંડનો સળિયો, દીપડાનાં ગુદામાર્ગમાં ખૂબ જોરથી પ્રવેશાવવામાં આવે છે, અને વધુને વધુ અંદર ધકેલાવાય છે. પ્રાણી, સખત આઘાત, વેદનાનો અનુભવ કરી, અડધી પળ સુધી તો, એકદમ અવાક્ બની જાય છે. પછી, તેનાં ગળામાંથી, દર્દભરી ત્રાડો અને હૃદયવેધક ચીસો નીકળીને, વાતાવરણને અત્યંત કરુણ બનાવી દે છે. આંખો બહાર નીકળી પડે છે. આ સમયે, દીપડાનું શરીર, જકડાયેલી હાલતમાં પણ, તીવ્રતાથી ખેંચાય છે. આ, અસહ્ય, જાલિમ વેદનાં સહન કરતાં-કરતાં, થોડી જ વારમાં, તે મરણને શરણ પામે છે. મરતાં દીપડાનાં દર્દભર્યા અવાજ સાંભળીને, બીજાં દીપડાંઓ પણ દર્દભરી કિકિયારીઓ કાઢે છે. ત્યાર પછી, તરત જ, મરેલાં દીપડાંની ચામડી ઉતારી લેવામાં આવે છે.

એવું જ, શિકારો વિશે પણ છે.

જાતજાતની ચામડી મેળવવાં માટે, અથવા ફક્ત પોતાનાં શિકારનાં શોખને સંતોષવા માટે, કોઈ નિરપરાધી પશુ-પંખી-જીવજંતુની કતલ કરવી, તેઓને જખમી કરવાં, તેમની પાછળ પડીને - સખત ગભરાટમાં તેમને દોડાવવાં - એ ખરેખર, અતિ દિલદ્રાવક દૃશ્યો છે. મનુષ્યના શોખની સીમા નથી. આવી રીતે, કરોડો પ્રાણીઓ અને જીવજંતુઓનો સંહાર થતો જ રહે છે.

(૫૦) ફેશનેબલ હૅટો, ટોપીઓ, મુગટો, કલગી, બ્રશ, પીંછા વગેરે માટે બતક, બગલાં, શાહમૃગ વગેરે સુંદર પક્ષીઓની, મોટા પ્રમાણમાં કત્લેઆમ થયાં જ કરે છે. જે ખરેખર અતિ દયાજનક છે. આપણે આવી વસ્તુઓનાં વપરાશથી અવશ્ય દૂર રહી શકીએ. ફાવશે ને?

(૫૪) દૂધના તબેલામાં, વાછરડાંની 'બળી' તબેલાવાળાં વેચે છે. આ બળી એ જેલી જેવું semi-liquid form માં રહેલું હોય છે. સ્વાદ માટે તથા વાપરતી વખતે તેનાં લીસા સ્પર્શનો આનંદ માણવા માટે, તેનો વપરાશ થતો હોય છે. આ વાપરી શકાય નહીં. કારણ કે, વાછરડાંના જન્મ પછી, આ જાડું-ઘટ્ટ-દૂધ-જેવું, પ્રવાહી રૂપે રહેલ પદાર્થ ઉપર; માત્ર ને માત્ર, વાછરડાંનો જ હક્ક છે. કુદરતનાં નિયમ પ્રમાણે, તેનાં શરીરનાં ઘડતર માટે, આ ખૂબ જ જરૂરી પોષક પદાર્થ છે. તબેલાંવાળાં, પૈસા મેળવવાની લાલચમાં, તેની પાસેથી આ ઝૂંટવી લઈને, વેચે છે અને લોકો હોંશે-હોંશે ખરીદીને, તેનો વપરાશ કરે છે. જન્મેલાં જીવનાં હક્કને ઝૂંટવીને, ખાવામાં શું દોષ લાગી શકે, તે સમજવાં માટે, વિશેષ લખાણની શું જરૂર છે? સમજુને ઈશારો કાફી છે. સમજણનાં અભાવે કે જીવદયાનાં પરિણામોનાં અભાવે, અજૈનો કદાચ આવાં પદાર્થો વાપરવામાં ભલે જોડાય, પણ, જીવદયા-પ્રેમી એવાં પ્રભુનાં શાસનનાં સમજુ શ્રાવકો તો આવાં પદાર્થો કઈ રીતે વાપરી શકે? એટલે કે, ન જ વાપરી શકે.

## તિર્યંચ પંચેન્દ્રિયનો વિભાગ સમાપ્ત (THE END)

હવે નરક વિશે જાણીએ :

No.

Date

## નારક (પંચેન્દ્રિય જીવનો ત્રીજો પ્રકાર)

૭ નરકો ધરતી નીચે પાતાળલોકમાં એટલે કે અધોલોકમાં આવેલી છે. તેમાં નારકીનાં જીવો એટલે કે નારકો રહે છે.




અધોલોકનું ચિત્ર - ૭ નરક

KOKUYO W-N82R0U

Date

## ❀ નારકનાં સાત પ્રકારો :

૭ નરકો અધોલોકમાં એકની નીચે એક એમ આવેલી છે. દરેક નરકની અંદર 'નરકાવાસ' આવેલાં છે અને તેમાં નારકીનાં જીવો ઉત્પન્ન થાય છે. દરેક નરકના નરકાવાસમાં ઉત્પન્ન થનારાં જીવોનો એક-એક પ્રકાર ગણીએ, તો નારક જીવોનાં કુલ સાત પ્રકાર થાય. તેમને અનુક્રમે પહેલી નારકીનાં જીવો, બીજી નારકીનાં જીવો, ત્રીજી નારકીનાં જીવો, ચોથી નારકીનાં જીવો, પાંચમી નારકીનાં જીવો, છઠ્ઠી નારકીનાં જીવો અને સાતમી નારકીનાં જીવો કહેવાય છે.

આ સાતના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળીને નારકીનાં કુલ ભેદ ૧૪ થાય.

## ❀ સાત નરકનાં નામ અને ગોત્ર :

| | નરકનાં નામ | નરક પૃથ્વીનાં ગોત્ર | પૃથ્વીમાં જે વસ્તુનું બાહુલ્ય |
|---|---|---|---|
| (૧) | ઘમા | રત્નપ્રભા | રત્ન |
| (૨) | વંશા | શર્કરાપ્રભા | શર્કરા = કાંકરા |
| (૩) | શૈલા | વાલુકાપ્રભા | વાલુકા = રેતી |
| (૪) | અંજના | પંકપ્રભા | પંક = કાદવ |
| (૫) | રિટ્ઠા | ધૂમપ્રભા | ધૂમ = ધુમાડો |
| (૬) | મઘા | તમઃપ્રભા | તમસ્ = અંધારું |
| (૭) | માઘવતી | તમસ્તમઃપ્રભા | ગાઢ અંધકાર |

❀ **સાત નરકનાં આકાર :** સાતેય પૃથ્વીનો સમુદિત આકાર 'છત્રાતિછત્ર' જેવો છે, એટલે પ્રથમ નાનું છત્ર, તેની નીચે મોટું છત્ર, તેની નીચે વધારે મોટું છત્ર, એમ ક્રમશઃ વિસ્તારવાળા સાત છત્રો હોય તેવો છે.

વળી, આ પૃથ્વીઓ એક-બીજાથી સંલગ્ન નથી. એટલે કે, તેમની વચ્ચે મોટું અંતર છે. સાતેય પૃથ્વીઓ એકબીજાથી સ્વતંત્ર છે અને તે ઘનોદધિ (જામેલું પાણી), ઘનવાત (ઘટ્ટ હવા) અને તનવાત (પાતળો વાયુ) ના આધારે આકાશમાં રહેલી છે.

❀ **સાત નરકમાં પ્રકાશ કેટલો ? :** અધોલોકમાં, સૂર્ય-ચંદ્રનો પ્રકાશ પહોંચતો નથી. તેથી, આ સાતેય નરકમાં (પૃથ્વીઓમાં) અંધકાર વ્યાપેલો હોય છે.

No.
Date

| ❀ | સાત નરક | લંબાઈ | પહોળાઈ | જાડાઈ (યોજન) | પ્રતર | નરકાવાસ |
|---|---|---|---|---|---|---|
| (૧) | રત્નપ્રભા | ૧ રાજ | ૧ રાજ | ૧,૮૦,૦૦૦ | ૧૩ | 30 લાખ |
| (૨) | શર્કરાપ્રભા | ૨ાા રાજ | ૨ાા રાજ | ૧,૩૨,૦૦૦ | ૧૧ | ૨૫ લાખ |
| (૩) | વાલુકાપ્રભા | ૪ રાજ | ૪ રાજ | ૧,૨૮,૦૦૦ | ૯ | ૧૫ લાખ |
| (૪) | પંકપ્રભા | ૫ રાજ | ૫ રાજ | ૧,૨૦,૦૦૦ | ૭ | ૧૦ લાખ |
| (૫) | ધૂમપ્રભા | ૬ રાજ | ૬ રાજ | ૧,૧૮,૦૦૦ | ૫ | ૩ લાખ |
| (૬) | તમઃપ્રભા | ૬ાા રાજ | ૬ાા રાજ | ૧,૧૬,૦૦૦ | ૩ | ૯૯,૯૯૫ |
| (૭) | તમસ્તમઃપ્રભા | ૭ રાજ | ૭ રાજ | ૧,૦૮,૦૦૦ | ૧ | ૫ |
| | | | | | ૪૯ | ૮૪ લાખ |

નોંધ: નારકીને ઉપજવાનાં સ્થાન = નરકાવાસ, પૃથ્વીમાં સર્વત્ર આવેલાં નથી, પણ તેની પ્રતરોમાં આવેલાં છે. એટલે, પહેલાં પૃથ્વીનો ખાલી ખંડ, પછી પ્રતર, પછી ખાલી ખંડ, પછી પ્રતર – એ રીતે દરેક નરકની પૃથ્વીમાં ગોઠવણ છે. એક પ્રતરની જાડાઈ ૩૦૦૦ યોજન હોય છે. આ રીતે, ૭ નરકનાં ૪૯ પ્રતરોમાં કુલ ૮૪ લાખ નરકાવાસ છે.

❀ <u>સાત નરકનાં નરકાવાસનાં આકાર</u>: બધાં નરકાવાસ, છરાનાં જેવાં વજ્રનાં તળિયાવાળાં છે. પરંતુ, તેમનો આકાર જુદો-જુદો છે - કોઈનો ગોળ, કોઈનો ત્રિકોણ તો કોઈનો ચતુષ્કોણ. વળી કેટલાંક નરકાવાસ હાંડલાના આકારનાં તો કેટલાંક ઘડાનાં આકારનાં છે.

❀ <u>નરકનાં જીવોની વેદના</u>: નરકનાં જીવોને ત્રણ પ્રકારની વેદના હોય: (૧) ક્ષેત્રકૃતવેદના (૨) પરમાધામી કૃત વેદના (૩) અન્યોન્યકૃત વેદના.

(૧) <u>ક્ષેત્રકૃતવેદના</u>: દસ પ્રકારની તત્ત્વાર્થ સૂત્રમાં દર્શાવી છે.

ⓐ <u>ભૂખની વેદના</u> એટલી બધી સખત હોય છે કે એક જ નારકીય જીવ આખી દુનિયાનાં બધાં અનાજ, ફળ, ફૂલ, મીઠાઈ વગેરે ખાવાલાયક બધી ચીજો ખાઈ જાય, તો પણ, ભૂખ શાંત થાય નહીં, પણ વધતી જાય.. આવી અતિ-સખત ભૂખમાં કાયમ (સંપૂર્ણ આયુષ્ય દરમિયાન) બળબળે.

ⓑ <u>તરસની વેદના</u> એવી કે દુનિયાભરનાં તમામે તમામ કૂવા, વાવ, તળાવ સરોવર, નદીઓ, દ્રહો, કુંડો, સમુદ્રનાં પાણી એક નારકી જીવ પી જાય

તો પણ, એની તરસ છીપે નહીં. કંઠ, તાળવું, જીભ, હોઠ કાયમ સુકાયા કરે. દુઃખ ટાળવા જાય તેમ તેમ દુઃખ વધતું જાય.

(c) શીત વેદના પણ એટલી જોરદાર ભોગવે કે અહીંના માનવ ભવમાં, શરદીના પ્રકૃતિવાળો હોય, દમ, ખાંસી આદિની પીડા કાયમ અનુભવતો હોય, જરા ઠંડો પવન આવે તે સહન કરી શકતો ન હોય - એવા માણસને પોષ કે મહા માસની અતિશય શીતળતાવાળી રાત્રિમાં, ઘણી ટાઢ વાત હોય, ચારે તરફથી શીતળ પવનનાં ઝાપટાં આવતાં હોય, હિમ પડતો હોય અને ઊંચામાં ઊંચી પર્વતની ટોચ ઉપર તદ્દન ઉઘાડા શરીરે સુવાડવામાં આવે, એને જે ટાઢની પીડા લાગે, એનાં કરતાં અનંતગુણી શીત વેદના ઉષ્ણ યોનિમાં ઉત્પન્ન થયેલાં નારકીય જીવોને કાયમ ભોગવવાની હોય.

(d) ઉષ્ણ વેદના એટલે ગરમીની પીડા, એ પણ નારકીને બહુ સહેવી પડે. ઠંડા પ્રદેશમાં જન્મેલો માનવ હોય, ગરમી જરા પણ સહન ન કરી શકતો હોય, એવાને ગરમમાં ગરમ હવાવાળા પ્રદેશમાં, ભર-ઉનાળામાં, વૈશાખ-જેઠના સખત તાપ વચ્ચે, ખેરનાં લાકડાનાં ધગધગતાં કોલસા પર સુવડાવતાં જે વેદના થાય, એનાં કરતાં અનંતગુણી ગરમીની વેદના, નરકમાં રહેલા શીત યોનિમાં ઉત્પન્ન થયેલા નારકના જીવોને રહે.

(*) ઉષ્ણતાની વેદના કરતાં શીતળતાની વેદના ઘણી વધારે આકરી લાગે. પહેલી ચાર નરકમાં ઉષ્ણ વેદના હોય, પાંચમી નરકમાં ઉષ્ણ અને શીત બંને વેદના હોય, છઠ્ઠી- સાતમી નરકમાં શીત વેદના હોય.

(e) જ્વર વેદના એટલે તાવની પીડા, તે દરેક નારકી જીવોને કાયમ રહ્યા કરે. નીચે નીચેના સ્થાનના નારકી હોય તેમ વધારે રોગથી દુઃખી બને.

(f) દાહ વેદના એટલે બળતરાની પીડા. નરકમાં રહેલા જીવોને શરીરમાં અંદરથી અને બહારથી સદાય બહુ બળતરા રહ્યા કરે, અને જ્યાં જાય ત્યાં બળતરા વધારનારા સાધનો જ મળી આવે, શાંત કરવાનું કોઈ પણ ઠેકાણું કે સાધન મળે નહીં.

(g) કંડુ વેદના એટલે ખણજ- ચળની વેદના. એ જીવોને શરીરમાં કાયમ એટલી ચળ આવે કે ગમે તેટલું ખણો, તો પણ એ પીડા મટે નહીં. ચાકુ, છરી, તલવાર કે એવાં અતિ-તીક્ષ્ણ હથિયારો વડે, શરીરને છોલી નાખવા જેવું કરે તો પણ ખણજની પીડા ટળે નહીં.

(h) પરવશતા પણ એટલી જ હોય. કોઈપણ અવસ્થામાં એને સ્વાધીનતા જેવી વસ્તુનો અનુભવ ન થાય, સદા પરાધીન જ રહે.

(i) ભય પણ ઘણો રહ્યા કરે. આમાંથી કષ્ટ આવશે કે પેલી બાજુથી, એવી ચિંતા અહોનિશ રહ્યા કરે. સદા ત્રાસ, નિર્બળતા, ગભરામણ, પાર વિનાની મુંઝવણમાં જ રહે. કોઈપણ જાતની શારીરિક કે માનસિક શાંતિનો લેશમાત્ર અનુભવ થાય નહીં. વિભંગજ્ઞાનથી આગામી દુઃખ જાણી સતત ભયાકુલ રહે.

(j) શોક ની પીડા પણ પાર વગરની હોય. ચીસો પાડવી, કરુણ રુદન કરવું, ઘણા ગમગીન રહેવું વગેરે દુઃખદ સ્થિતિમાં જ જીવન પસાર થાય.

(૨) પરમાધામી (પરમાધાર્મિક દેવો) કૃત વેદના : નરકમાં દુઃખ આપનારાં ૧૫ પ્રકારનાં પરમાધાર્મિક દેવો હોય છે. આ પરમાધામી દેવો ત્રણ નરક સુધી હોય છે, અને તેઓ જીવોને તેમનાં પાપો યાદ કરાવી-કરાવીને ઘોર-કઠોર શિક્ષા આપી રીબાવે છે.

નારકી જીવ ઉત્પન્ન થાય એટલે તરત જ તેઓ ગર્જના કરતા કરતા ચારે બાજુથી દોડીને આવે છે અને બોલે છે - આ પાપીને જલ્દી મારો, છેદો, ભેદો...! તેઓ ભાલા-તલવાર-બાણ વગેરે વડે તેના ટુકડા ટુકડા કરીને કુંભીમાંથી બહાર ખેંચી કાઢે છે. (નારકીનાં જીવોનાં જન્મનું કોઠી જેવું સ્થાન કે જેનું મુખ સાંકડુ અને પેટ મોટું હોય છે તે 'કુંભી' કહેવાય છે.) આ પ્રમાણે કુંભીમાંથી કઢાતો જીવ અત્યંત આક્રંદ કરે છે, તો પણ, નિષ્ઠુર હૃદયવાળા પરમાધામી તેને શૂળી ઉપર ચઢાવે છે. ત્યાંથી કાંટાના ઢગલામાં પછાડે છે. ભડભડતી વજ્ર-અગ્નિની જેવી ચિત્તામાં ફેંકે છે. આકાશમાં ઊંચે લઈ જઈને ઉંધે મસ્તકે નીચે પછાડે છે, નીચે પડતા તેને વજ્રમય શૂળી-સોયથી વીંધી નાખે છે. ગદા વગેરેથી મારે છે. આખા શરીરનાં નાના-નાના ટુકડા કરી નાંખે છે, અંગોપાંગને છેદી નાખે છે, ઘાણીમાં તલની જેમ પીલે છે, પડેલા ઘા ઉપર મીઠું ભભરાવે છે, ખાવા માટે જાનવરોના સડેલા કલેવર જેવા પુદ્ગલો આપે છે. કેટલાક પરમાધામીઓ, નારકીજીવના ટુકડા કરીને ઉકળતા કડકડતા તેલમાં ભજીયાની જેમ તળે છે! ભઠ્ઠીમાં ચણા, સીંગ વગેરે ફોડે તેમ ભઠ્ઠી કરતાં અનંતગણી તપેલી રેતીમાં એને ભુંજી-શેકી નાખે છે. કેટલાક નારકી જીવોને તપાવેલી લોખંડની નાવડીમાં બેસાડે છે. ચરબી-માંસ-પરુ-હાડકાં જેવી ખદબદતી, ઘણી ખારવાળી, કડકડતા લાવારસના પ્રવાહવાળી અત્યંત ઉષ્ણસ્પર્શવાળી નદીમાં નારકીઓને

ડુબાડે છે, ચલાવે છે. એક બીજા નારકીઓ પાસે એકબીજાની ચામડી છોલાવે છે અને પોતે કરવત વડે નિર્દયપણે લાકડાની જેમ વેરી નાંખે છે. પરમાધામીઓ એ જીવોને તેમના પાપ યાદ કરાવી, પૂર્વભવમાં હોંશે-હોંશે કરેલા રાત્રિભોજન, માંસ-મદિરા આદિના ટેસ્ટ પાછળ લંપટ થયેલા, હોંશે હોંશે કઠોર હૃદયે અભક્ષ્યના ભક્ષણ કરનારાઓને એની સજારૂપ મોંઢામાં કીડીઓ ભરીને મોઢું સીવી નાંખે છે. એના મોઢામાં ભયંકર સર્પ, વીંછી જેવી તથા વિષ્ટાથી અનંતગણી અશુભ અને દુર્ગંધવાળી વસ્તુઓ નાંખે છે. સ્વાદની લોલુપતાથી નિષ્ઠુર બનીને અપેયપાન-ઈંડાની કેકવાળા-જીલેટીનવાળા આઈસ્ક્રીમાદિમાં બહુ મજા આવતી હતી ને? એમ યાદ કરાવી ધગધગતા સીસા જેવું પ્રવાહી નારકના મોઢામાં રેડે છે. પરસ્ત્રીલંપટ અને વિષયાસક્ત જીવોને તાંબાની તપાવેલી ધગધગતી પૂતળીઓનું આલિંગન કરાવે છે.

(3) <u>અન્યોન્યકૃત વેદના</u> : જેમ મનુષ્યલોકમાં એક શેરીના કૂતરા બીજી શેરીના કૂતરાને જોઈ સામસામા ધસે છે, ભસે છે અને ઘુરકીયા કરે છે તેમ નારકીઓ પણ પરસ્પર ક્રોધથી ધમધમતા એકબીજા સામે ધસે છે, ઘુરકીયા કરે છે, ઝગડે છે, મારે છે, છેદે છે, દુઃખ આપે છે કારણ કે તેઓને પરસ્પર જન્મજાત વૈર હોય છે. ભાલા-તલવાર-બાણ તેમજ હાથ-પગ કે દાંતના પ્રહારથી એકબીજાના અંગોપાંગ છેદાઈ જાય છે અને કતલખાનામાં કપાયેલા અંગોપાંગવાળા પશુઓની જેમ તરફડીયા મારે છે.

રાત-દિવસ દુઃખથી પીડાતા નારકો એક શ્વાસ પણ સુખપૂર્વક લઈ શકતા નથી. એમના ભાગે કેવળ દુઃખ જ લખાયેલું છે. નારકના જીવોને પછાડવામાં આવે, કાપવામાં આવે, તળવામાં આવે, ભેદવામાં આવે, તોડવામાં આવે, ઓગાળવામાં આવે, તો પણ, અશુભ વૈક્રિય પુદ્ગલો પાછા પારાના રસની જેમ હતા એવા થઈ જાય છે. તેઓ દુઃખથી કંટાળીને મરવા ઈચ્છે તો પણ પોતાના <u>નિરુપક્રમ</u> આયુષ્યની પૂર્ણાહુતિ પૂર્વે મરી શકતા નથી. ઘણો ઘણો કાળ આ ઘોર પીડા-વેદનાઓ તેઓને રડતાં-રડતાં અનિચ્છાએ સહેવી જ પડે છે.

No.
Date

## ❀ નરકભૂમિ કેવી? :

- નરકભૂમિ દાંતરડા અને કરવત જેવી કર્કશ હોય છે. ભૂમિનો સ્પર્શ અત્યંત દુઃખદાયી હોય છે.
- એ નરકભૂમિમાં કાળી અમાસની રાત્રિ કરતાં પણ વધુ ભયાનક અતિ ભીષણ અને ગાઢ અંધકાર હોય છે ! પ્રકાશનું તો નામ માત્ર નથી. ત્યાં કોઈ બારી-બારણાંદિ કે વેન્ટીલેશન નથી !
- લીમડાની ગળો જેવી, દુનિયાની કડવામાં કડવી ચીજ કરતાં પણ અનંતગુણી કડવાશ ત્યાંની ભૂમિમાં હોય છે.
- ઠેર ઠેર, ચોમેર વીંટ-બળખા-પેશાબ અને વિષ્ટા જેવા દુર્ગંધમય પુદ્ગલો પથરાયેલા હોય છે, જ્યાં પગ મૂકો ત્યાં લોહી-ચરબી-પરુ જેવા અશુચિ પદાર્થો હોય છે. સ્મશાનની જેમ ચારે બાજુ ઠેક ઠેકાણે માંસ-હાડકા જેવા ઢગલા ખડકાયેલા હોય છે અને લોહી-પરુ જેવી નદીઓ વહેતી હોય છે. સડી રહેલા મડદાંથી અધિક દુર્ગંધ મારી રહી હોય છે. આ દુર્ગંધ મનુષ્ય તો સહન જ ન કરી શકે. અરે ! આ સડાનો બદબૂ મારી રહેલો માત્ર એક જ કણિયો જો મનુષ્યલોકનાં મુંબઈ કે કલકત્તા જેવાં ગીચ વસ્તી ધરાવતાં મોટાં શહેરમાં લાવીને મૂકવામાં આવે તો તે શહેરના તમામ મનુષ્યો ખતમ થઈ જાય. મનુષ્યો તો શું ? કૂતરા-બિલાડા-ઉંદર જેવા પ્રાણીઓ પણ આ બદબૂથી જીવતા ન રહે!

## ❀ નરકનાં જીવો વિશે જાણવા યોગ્ય :

(૧) મિથ્યાદૃષ્ટિ, મહારંભી, પરિગ્રહી, તીવ્ર ક્રોધી, શીલ રહિત, પાપની મતિવાળો અને રૌદ્ર પરિણામી જીવ નરકાયુને બાંધે છે.

(૨) નારકીના જીવો નપુંસક વેદવાળા હોય છે.

(૩) તેમનું શરીર વૈક્રિય હોય છે. એટલે નાનું-મોટું થઈ શકે. તેમનું શરીર કપાય, છેદાય તો પણ પારાની જેમ ભેગું થઈ જાય.

(૪) સાતે નરક પૃથ્વીમાં ક્ષેત્રકૃત અને અન્યોન્યકૃત વેદના હોય છે. પહેલી ત્રણ નરકમાં પરમાધામીકૃત વેદના પણ હોય છે.

(૫) નારકો મરીને પુનઃ નરકગતિમાં ન જન્મે. તેમજ દેવગતિ પણ ન પામે. નરકમાંથી નીકળી જીવ મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જન્મે છે.

(૬) નારકીનાં જીવોને કૃષ્ણ, નીલ, કાપોત – ત્રણ અશુભ લેશ્યા હોય છે.

(૭) નારકીનાં જીવોને વિભંગજ્ઞાન (અવધિજ્ઞાન - પરંતુ મિથ્યાત્વ સહિતનું)

Date

હોય છે. માત્ર, સમ્યગદૃષ્ટિ જીવો કે જેમનો આયુષ્યનો બંધ સમ્યક્ત્વ પ્રાપ્તિ પહેલાં પડ્યો હોય, તેમને અવધિજ્ઞાન હોય.

(૮) <u>કોણ કઈ નરક સુધી જઈ શકે ?</u>

ⓐ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જીવો પહેલી નરક સુધી જઈ શકે છે.
ⓑ ગર્ભજ ભુજપરિસર્પ (ખિસકોલી, ગિરોળી) બીજી નરક સુધી જઈ શકે.
ⓒ પક્ષીઓ વધુમાં વધુ ત્રીજી નરકે જઈ શકે. (બેચર)
ⓓ ચતુષ્પદ પ્રાણીઓ ચોથી નરક સુધી જઈ શકે.
ⓔ ઉરપરિસર્પ (સાપ આદિ) પાંચમી નરક સુધી જઈ શકે.
ⓕ સ્ત્રીઓ છઠ્ઠી નરક સુધી જઈ શકે.
ⓖ મનુષ્ય (પુરુષ) અને માછલા સાતમી નરક સુધી જઈ શકે.

(૯) <u>કયા સંઘયણવાળો જીવ કઈ નરક સુધી જઈ શકે ?</u>

ⓐ છેવટ્ટુ સંઘયણવાળો જીવ વધુમાં વધુ બીજી નરક સુધી જઈ શકે.
ⓑ કિલીકા સંઘયણવાળો જીવ વધુમાં વધુ ત્રીજી નરક સુધી જઈ શકે.
ⓒ અર્ધનારાચ સંઘયણવાળો જીવ વધુમાં વધુ ચોથી નરક સુધી જઈ શકે.
ⓓ નારાચ સંઘયણવાળો જીવ વધુમાં વધુ પાંચમી નરક સુધી જઈ શકે.
ⓔ ઋષભનારાચ સંઘયણવાળો જીવ વધુમાં વધુ છઠ્ઠી નરક સુધી જઈ શકે.
ⓕ વજ્રઋષભનારાચ સંઘયણવાળો જીવ વધુમાં વધુ સાતમી નરક સુધી જાય.

(૧૦) <u>નરકમાંથી નીકળેલો જીવ શું બની શકે ?</u>

ⓐ પહેલી નરકમાંથી આવેલો જીવ ચક્રવર્તી બની શકે.
ⓑ બીજી નરકમાંથી આવેલો જીવ બળદેવ અને વાસુદેવ બની શકે.
ⓒ પહેલી ત્રણ નરકમાંથી આવેલો જીવ તીર્થંકર બની શકે.
ⓓ પહેલી ચાર નરકમાંથી આવેલો જીવ કેવળી બની શકે.
ⓔ પહેલી પાંચ નરકમાંથી આવેલો જીવ સાધુ બની શકે (ચારિત્ર પામી શકે)
ⓕ પહેલી છ નરકમાંથી આવેલો જીવ દેશવિરતી શ્રાવક બની શકે.
ⓖ ગમે તે નરકમાંથી આવેલો જીવ સમ્યક્દર્શન પામી શકે છે.

ⓢ નરકનું વર્ણન જાણીને, સમજદાર કે સુખવાંચ્છુ જીવે, તીવ્ર કષાયનો ત્યાગ કરવો, અતિ આરંભને ત્યજવો, હિંસાદિ ભાવોને શમાવવા, પાપસ્થાનકોમાં જાગૃત થવું, સાત વ્યસનનો ત્યાગ કરવો, પરસ્ત્રીનો ત્યાગ કરવો, રાત્રિભોજન - મહાવિગઈનો ત્યાગ કરવો, રૌદ્ર ધ્યાન કરવું નહિં અને જીવને શુભભાવમાં જોડી રાખવો.

## —: નરક વિભાગ સમાપ્ત :—

No.

Date

# મનુષ્ય (પંચેન્દ્રિયનો ચોથો પ્રકાર)

## મધ્યલોક :

મનુષ્યોનાં જન્મ અને મરણ મધ્યલોકમાં આવેલ મનુષ્યલોકમાં જ થાય છે. માટે, મનુષ્યનાં ભેદોની વિચારણા કરતાં પહેલાં મધ્યલોકનું જ્ઞાન મેળવીએ.

મધ્યલોક, ૧૪ રાજલોકમાં ઊર્ધ્વલોક અને અધોલોકની વચ્ચે આવેલો છે. માટે મધ્યલોક કહેવાય છે. મધ્યલોક ૧ રાજ પ્રમાણ તિર્છા વિસ્તારવાળો છે (લંબાઈ = પહોળાઈ = ૧ રાજ), તેથી તેને તિર્છાલોક કે તિર્યગ્લોક પણ કહેવાય છે. તેની ઊંચાઈ = જાડાઈ ૧૮૦૦ યોજન છે. મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો આવેલાં છે.

મધ્યલોકની બરાબર મધ્યમાં જંબુદ્વીપ આવેલો છે. તે એક લાખ યોજનનાં વિસ્તારવાળો (લાંબો-પહોળો) છે, તથા દેખાતાં પૂર્ણિમાનાં ચંદ્ર જેવો કે રોટલી જેવો ગોળાકારે છે.

જંબુદ્વીપની ફરતે, બે લાખ યોજનનાં વિસ્તારવાળો લવણસમુદ્ર આવેલો છે. તેની ફરતે, અનુક્રમે નીચે જણાવેલ નામોવાળાં અને ડબલ-ડબલ વિસ્તારવાળાં દ્વીપ-સમુદ્રો આવેલાં છે :

(૧) જંબુદ્વીપ (૧ લાખ યોજન) (૨) લવણ સમુદ્ર (૨ લાખ યોજન)
(૩) ધાતકીખંડ દ્વીપ (૪ લાખ યોજન) (૪) કાલોદધિ સમુદ્ર (૮ લાખ યોજન)
(૫) પુષ્કરવર દ્વીપ (૧૬ લાખ યોજન) (૬) પુષ્કરવર સમુદ્ર (૩૨ લાખ યોજન)
(૭) વરુણવર દ્વીપ (૬૪ લાખ યોજન) (૮) વરુણવર સમુદ્ર (૧૨૮ લાખ યોજન)
(૯) ક્ષીરવર દ્વીપ (૨૫૬ લાખ યોજન) (૧૦) ક્ષીરવર સમુદ્ર (૫૧૨ લાખ યોજન)
(૧૧) ઘૃતવર દ્વીપ (૧૦૨૪ લાખ યોજન) (૧૨) ઘૃતવર સમુદ્ર (૨૦૪૮ લાખ યોજન)
(૧૩) ઈક્ષુવર દ્વીપ (૪૦૯૬ લાખ યોજન) (૧૪) ઈક્ષુવર સમુદ્ર (૮૧૯૨ લાખ યોજન)
(૧૫) નંદીશ્વર દ્વીપ (૧૬૩૮૪ લાખ યોજન) (૧૬) નંદીશ્વર સમુદ્ર (૩૨૭૬૮ લાખ યોજન)

આ રીતે, સરખા જ નામવાળા દ્વીપ-સમુદ્ર વારાફરતી આવ્યા કરે છે. વળી હવે જે-જે દ્વીપનાં નામ આવશે, તેને 'વર' અને 'વરાવભાસ' લગાડવાથી જે નામ બને, તે નામવાળા દ્વીપ-સમુદ્રો અનુક્રમે જાણવા. (તેને 'ત્રિપ્રત્યવતારતા' કહે છે). તે આ રીતે :
નંદીશ્વર સમુદ્રને ફરતો અરુણ દ્વીપ → અરુણ સમુદ્ર → અરુણવર દ્વીપ → અરુણવર સમુદ્ર → અરુણવરાવભાસ દ્વીપ → અરુણવરાવભાસ સમુદ્ર.

આ પછી, અનુક્રમે, કુંડલ, શંખ, રુચક, ભુજગ, કુશ, ક્રૌંચ અને ત્યાર પછી, ઉત્તમ વસ્તુઓનાં નામવાળાં અને શુભ-

KOKUYO W-NB2SOU

શાશ્વતાં પદાર્થોનાં નામોવાળાં અસંખ્ય-અસંખ્ય દ્વીપ-સમુદ્રો વારાફરતી ત્રિપ્રત્યવતારતા વડે જાણવાં.

આ રીતે, અસંખ્ય દ્વીપ-સમુદ્રો ગયાં પછી, બીજો એક જંબુદ્વીપ નામે દ્વીપ આવે છે. એમ દરેક દ્વીપ-સમુદ્રોનાં નામવાળાં જ દ્વીપ-સમુદ્રો અસંખ્યાત-અસંખ્યાત દ્વીપ-સમુદ્રો ગયાં પછી, ફરી ફરી આવે છે. તેથી, જંબુદ્વીપ આદિ તમામ દ્વીપ-સમુદ્રોનાં નામવાળાં જ બીજાં અસંખ્ય-અસંખ્ય દ્વીપ-સમુદ્રો આવેલાં છે. અર્થાત્ જંબુદ્વીપ નામવાળાં કુલ દ્વીપ અસંખ્ય છે. કુલ લવણ સમુદ્ર નામવાળાં સમુદ્રો અસંખ્ય છે. વળી દરેક નામોમાં; ત્રિપ્રત્યવતારતા પણ સમજી જ લેવો.

આ રીતે, છેલ્લી ત્રિપ્રત્યવતારતામાં સૂર્ય દ્વીપ, સૂર્ય સમુદ્ર, સૂર્યવર દ્વીપ, સૂર્યવર સમુદ્ર, સૂર્યવરાવભાસ દ્વીપ અને સૂર્યવરાવભાસ સમુદ્ર આવે છે. તે પછી, છેલ્લાં પાંચ દ્વીપ અને પાંચ સમુદ્ર છે. તેમાં ત્રિપ્રત્યવતારતા નથી. તે આ પ્રમાણે છે: દેવ દ્વીપ → દેવ સમુદ્ર → નાગ દ્વીપ → નાગ સમુદ્ર → યક્ષ દ્વીપ → યક્ષ સમુદ્ર → ભૂત દ્વીપ → ભૂત સમુદ્ર → સ્વયંભૂરમણ દ્વીપ → સ્વયંભૂરમણ સમુદ્ર. એ પછી, અલોક આવે છે.

ખાસ ધ્યાનમાં રાખવું કે, ઉત્તર-ઉત્તરનાં (પછી-પછીનાં) દ્વીપ કે સમુદ્રનો વિસ્તાર, પૂર્વ-પૂર્વનાં દ્વીપ કે સમુદ્રનાં વિસ્તાર કરતાં ડબલ-ડબલ હોય છે. વળી, જંબુદ્વીપ, દેખાતાં પૂર્ણિમાનાં ચંદ્ર જેવો ગોળ છે. જ્યારે બાકીનાં તમામ સમુદ્ર અને દ્વીપ, બંગડીની જેમ વલયાકારે છે.

❀ <u>મધ્યલોકની ઊંચાઈ :</u>

મધ્યલોકની મધ્યમાં, જંબુદ્વીપ આવેલ છે. તેની મધ્યમાં મેરુપર્વત આવેલ છે. મેરુપર્વતની અંદરનાં કંદના (મૂળના) ઉર્ધ્વ ભાગમાં, ગાયનાં સ્તનની જેમ ૪+૪ = ૮ રૂચક પ્રદેશો આવેલાં છે. તે 'ચોરસ રૂચક'ના નામથી ઓળખાય છે. તે 'સમભૂતલા' પણ કહેવાય છે. વળી તે; એક રાજ પ્રમાણ, મધ્યલોકનો બરાબર મધ્યનો ભાગ છે. આ રૂચકની અપેક્ષાએ, ઉપરનાં ૯૦૦ યોજન અને નીચેનાં ૯૦૦ યોજન મધ્યલોકમાં ગણાય છે. તેથી, મધ્યલોકની ઊંચાઈ ૧૮૦૦ યોજન છે.

No.

Date

# મધ્ય લોકનું ચિત્ર




મધ્યલોકમાં આવેલાં અસંખ્ય દ્વીપ- સમુદ્રો

જંબુદ્વીપ થી સ્વયંભૂરમણ સમુદ્ર સુધી

## મનુષ્યનાં ૩૦૩ ભેદ

આગળ જણાવ્યાં પ્રમાણે, મધ્યલોકમાં પહેલો જંબુદ્વીપ, બીજો ઘાતકીખંડ દ્વીપ અને ત્રીજો પુષ્કરવર દ્વીપ આવેલ છે. પુષ્કરવરદ્વીપનાં મધ્યમાં ગોળાકારે (વલયાકારે) 'માનુષોત્તર પર્વત' આવેલ હોવાથી, તેનાં બે ભાગ પડી જાય છે. તેથી, જંબુદ્વીપ, ઘાતકીખંડ દ્વીપ, અને અડધો પુષ્કરવર દ્વીપ મળીને, અઢી દ્વીપ થાય છે. મનુષ્યોનાં જન્મ અને મરણ આ અઢીદ્વીપમાં જ થતાં હોવાથી, તે 'મનુષ્યલોક' તરીકે ઓળખાય છે.




આ મનુષ્યલોક (અઢી દ્વીપ) ૪૫ લાખ યોજનનાં વિસ્તારવાળો છે.

| | | | | |
|---|---|---|---|---|
| તે આ પ્રમાણે : | જંબુદ્વીપ → | | | ૧ લાખ યોજન |
| | લવણસમુદ્ર → | ૨ + ૨ | = | ૪ લાખ યોજન |
| | ઘાતકીખંડ → | ૪ + ૪ | = | ૮ લાખ યોજન |
| | કાળોદધિ સમુદ્ર → | ૮ + ૮ | = | ૧૬ લાખ યોજન |
| | અર્ધપુષ્કરવર દ્વીપ → | ૮ + ૮ | = | ૧૬ લાખ યોજન |
| | અઢીદ્વીપ = મનુષ્યલોક → | | | ૪૫ લાખ યોજન |

No.

Date

આ અઢીદ્વીપમાં / મનુષ્યલોકમાં, મનુષ્યોને ઉત્પન્ન થવાનાં ૧૦૧ ક્ષેત્રો છે. તે નીચે પ્રમાણે છે:

જંબુદ્વીપમાં ૯ ક્ષેત્ર
લવણસમુદ્રમાં ૫૬ ક્ષેત્ર
ધાતકીખંડમાં ૧૮ ક્ષેત્ર
અર્ધપુષ્કરવરદ્વીપમાં ૧૮ ક્ષેત્ર
૧૦૧ ક્ષેત્ર

❀ જંબુદ્વીપ:




જંબુદ્વીપ

આગળ બતાવેલ જંબુદ્વીપનાં ચિત્રમાં જોશો તો જણાશે કે જંબુદ્વીપમાં કુલ ૯ ક્ષેત્રો છે જ્યાં મનુષ્ય હોય છે. તેમનાં નામ દક્ષિણથી ઉત્તર તરફ આ પ્રમાણે છે :
(૧) ભરતક્ષેત્ર (૨) હિમવંત ક્ષેત્ર (૩) હરિવર્ષ ક્ષેત્ર (૪) દેવકુરુ ક્ષેત્ર, (૫) મહાવિદેહ ક્ષેત્ર (૬) ઉત્તરકુરુ ક્ષેત્ર (૭) રમ્યક્ ક્ષેત્ર (૮) હિરણ્યવંત ક્ષેત્ર (૯) ઐરાવત ક્ષેત્ર.

★ **૫૬ અંતરદ્વીપ :**

આગળ બતાવ્યાં પ્રમાણે, જંબુદ્વીપનાં દક્ષિણ ભાગમાં, ભરતક્ષેત્ર અને હિમવંતક્ષેત્રની વચ્ચે 'લઘુ હિમવંત પર્વત' આવેલ છે. તેમજ, જંબુદ્વીપનાં ઉત્તર ભાગમાં, ઐરાવત ક્ષેત્ર અને હિરણ્યવંત ક્ષેત્રની વચ્ચે 'શિખરી પર્વત' આવેલ છે. આ બંને પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં, લવણ સમુદ્રમાં, દાઢનાં આકારે, બે-બે ટુકડા નીકળે છે. તેથી કુલ આઠ દાઢા થાય. દરેક દાઢા પર ૭ દ્વીપ આવેલાં છે. આમ ૮×૭ = ૫૬ દ્વીપ થાય. આ દ્વીપોની ચારેબાજુ પાણી હોવાથી, તે '૫૬ અંતરદ્વીપ' તરીકે ઓળખાય છે. આ રીતે, લવણસમુદ્રમાં ૫૬ અંતરદ્વીપ એટલે કે મનુષ્ય જ્યાં ઉત્પન્ન થાય એવાં ૫૬ ક્ષેત્રો આવેલાં છે.

✪ **ધાતકીખંડ દ્વીપ :**

૨ લાખ યોજનનાં લવણ સમુદ્રને ફરતો ૪ લાખ યોજનનો ધાતકીખંડ દ્વીપ આવેલ છે. ધાતકીખંડ દ્વીપમાં, દક્ષિણ અને ઉત્તરમાં 'ઈષુકાર પર્વત' આવેલ છે જેને કારણે ધાતકીખંડના બે વિભાગ થાય છે : (૧) પૂર્વ ધાતકી ખંડ અને (૨) પશ્ચિમ ધાતકી ખંડ. આ બંનેય ખંડમાં, જંબુદ્વીપની માફક ૯-૯ ક્ષેત્રો આવેલાં છે. તેથી, ધાતકી ખંડમાં, પૂર્વ-પશ્ચિમ બંને ખંડનાં મળીને, કુલ ૧૮ ક્ષેત્ર આવેલાં છે. તે ક્ષેત્રોનાં નામ પણ જંબુદ્વીપનાં ક્ષેત્રો પ્રમાણે જ છે. તેથી ધાતકીખંડના ૧૮ ક્ષેત્રો આ પ્રમાણે છે : (૧) બે ભરતક્ષેત્ર, (૨) બે હિમવંતક્ષેત્ર (૩) બે હરિવર્ષ ક્ષેત્ર (૪) બે દેવકુરુ ક્ષેત્ર, (૫) બે મહાવિદેહ ક્ષેત્ર (૬) બે ઉત્તરકુરુ ક્ષેત્ર (૭) બે રમ્યક્ ક્ષેત્ર (૮) બે હિરણ્યવંત ક્ષેત્ર (૯) બે ઐરાવત ક્ષેત્ર.

No.

Date

## ધાતકી ખંડનુ ચિત્ર:




❀ પુષ્કરવર દ્વીપ → અર્ધપુષ્કરવર → પુષ્કરાર્ધ દ્વીપ :

પુષ્કરવર દ્વીપની મધ્ય ભાગમાં, વલયાકારે (બંગડી આકારે) 'માનુષોત્તર પર્વત' આવેલ છે જેનાં કારણે પુષ્કરવરદ્વીપનાં બે ભાગ પડે છે : (૧) બાહ્ય પુષ્કરાર્ધ દ્વીપ અને (૨) અભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપ. આ અભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપમાં ઘાતકીખંડની જેમ ૧૮ ક્ષેત્રો આવેલા છે. આ ૧૮ ક્ષેત્રોમાં મનુષ્યો હોય છે. તેથી પુષ્કરાર્ધ દ્વીપનાં ૧૮ ક્ષેત્રોનાં નામો આ પ્રમાણે છે : (૧) બે ભરત ક્ષેત્ર (૨) બે હિમવંત ક્ષેત્ર, (૩) બે હરિવર્ષ ક્ષેત્ર (૪) બે દેવકુરુ ક્ષેત્ર (૫) બે મહાવિદેહ ક્ષેત્ર, (૬) બે ઉત્તરકુરુ ક્ષેત્ર (૭) બે રમ્યક્ ક્ષેત્ર (૮) બે હિરણ્યવંત ક્ષેત્ર, (૯) બે ઐરાવત ક્ષેત્ર.

બાહ્ય પુષ્કરાર્ધ દ્વીપમાં મનુષ્યો હોતાં નથી અથવા માનુષોત્તર પર્વતની બહારની બાજુ મનુષ્યો હોતાં નથી.

KOKUYO W-N8280U

# પુષ્કરવર દ્વીપનું ચિત્ર






❀ અઢી દ્વીપ = મનુષ્યલોકનાં ૧૦૧ ક્ષેત્રો :

| | ક્ષેત્ર | જંબુદ્વીપમાં | ધાતકીખંડમાં | પુષ્કરાર્ધમાં | કુલ |
|---|---|---|---|---|---|
| (૧) | ભરતક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| (૨) | હિમવંત ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| (૩) | હરિવર્ષ ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| (૪) | દેવકુરુ ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| (૫) | મહાવિદેહ ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| (૬) | ઉત્તરકુરુ ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| (૭) | રમ્યક્ ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| (૮) | હિરણ્યવંત ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| (૯) | ઐરાવત ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | ૫ |
| | કુલ ક્ષેત્ર | ૯ | ૧૮ | ૧૮ | ૪૫ |
| (૧૦) | ૫૬ અંતરદ્વીપ | લવણ સમુદ્રમાં | | | ૫૬ |
| | કુલ ક્ષેત્ર | અઢી દ્વીપમાં - મનુષ્યલોકમાં | | | ૧૦૧ |

No. ..................

Date

અઢી દ્વીપમાં પંદર કર્મભૂમિ અને ત્રીસ અકર્મભૂમિ છે તે ચિત્રના માધ્યમે આ રીતે સમજી શકાય.




સામેનું કોષ્ટક જોતાં ખ્યાલ આવશે કે, અઢી દ્વીપમાં, ભરતક્ષેત્ર આદિ ~~દરેક~~ દરેક ક્ષેત્રો ૫-૫ની સંખ્યામાં છે. તેમાંથી,

૫ ભરતક્ષેત્ર + ૫ મહાવિદેહ ક્ષેત્ર + ૫ ઐરાવત ક્ષેત્ર = ૧૫ કર્મભૂમિ થાય

તેમજ, ૫ હિમવંત + ૫ હરિવર્ષ + ૫ દેવકુરુ + ૫ ઉત્તરકુરુ + ૫ રમ્યક્વર્ષ + ૫ હિરણ્યવંત ક્ષેત્ર = 30 અકર્મભૂમિ થાય.

એટલે, ૧૫ કર્મભૂમિ + 30 અકર્મભૂમિ + ૫૬ અંતરદ્વીપ = ૧૦૧ ક્ષેત્ર.

✿ કર્મભૂમિ : જ્યાં અસિ (શસ્ત્ર), મસિ (વ્યાપાર), કૃષિ (ખેતી) પ્રવર્તતા હોય અથવા જ્યાં મોક્ષમાર્ગ પ્રવર્તતો હોય, તેવા ક્ષેત્રને 'કર્મભૂમિ' કહેવામાં આવે છે.

✿ અકર્મભૂમિ: જે ક્ષેત્રમાં ક્યારેય અસિ, મસિ, કૃષિનો વ્યવહાર હોય જ નહીં, તેમજ, મોક્ષમાર્ગ પણ પ્રવર્તતો ન હોય, પરંતુ, યુગલિક

અને કલ્પવૃક્ષની વ્યવસ્થા હોય, તે ક્ષેત્રને 'અકર્મભૂમિ' કહેવાય છે. યુગલિકો ઈચ્છિત વસ્તુઓ દસ પ્રકારનાં કલ્પવૃક્ષ પાસેથી મેળવી લે છે.

જો કે, અંતરદ્વીપમાં પણ અકર્મભૂમિની જેમ યુગલિકાદિ વ્યવસ્થા છે. છતાં તે લવણ સમુદ્રમાં હોવાથી અને તેની ચારે તરફ પાણી હોવાથી તે અંતરદ્વીપનાં નામે ઓળખાય છે.

આમ, મનુષ્યલોકમાં આગળ જણાવ્યાં મુજબ ૧૦૧ ક્ષેત્રો આવેલાં છે. આ ૧૦૧ ક્ષેત્રોમાં મનુષ્યોનો વસવાટ હોવાથી મનુષ્યનાં ૧૦૧ ભેદ થાય. આ મનુષ્યો બે પ્રકારે છે : (૧) ગર્ભજ અને (૨) સંમૂર્છિમ
(ગર્ભજ = માતા-પિતાના સંયોગ દ્વારા ઉત્પન્ન થાય તે
સંમૂર્છિમ = માતા-પિતાના સંયોગ વિના અશુચિમાં ઉત્પન્ન થાય તે)
વળી, ગર્ભજ મનુષ્યો પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે ભેદે હોય જ્યારે સંમૂર્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ હોય (પર્યાપ્તા હોતાં નથી).

તેથી, ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા
+ ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા
+ ૧૦૧ સંમૂર્છિમ અપર્યાપ્તા
કુલ **303** ભેદ મનુષ્યના થાય.

પ્રશ્ન: સંમૂર્છિમ મનુષ્યો ક્યાં હોય ? કેવા હોય ?

જવાબ: સંમૂર્છિમ મનુષ્યોની અવગાહના (ઊંચાઈ) અંગુલનાં અસંખ્યાતમાં ભાગ જેટલી હોવાથી, તે ચર્મચક્ષુથી કે સૂક્ષ્મદર્શક યંત્ર વગેરે સાધનોથી પણ, દેખી શકાતાં નથી. સંમૂર્છિમ મનુષ્યો માનવની અશુચિમાં પેદા થતાં હોવાથી, તે માનવની અશુચિમાં હોય છે. મનુષ્યનાં શરીરથી છૂટાં પડેલાં મળ (વિષ્ટા), મૂત્ર, કાનનો મેલ, આંખનો મેલ (પિયાં), નાકનો મેલ (સેડાં અને ગુંગા), કફ, થૂંક, પિત્ત, ઉલ્ટી, એંઠવાડ, નખનો મેલ, શરીરનો મેલ, લોહી, પરુ, માંસ, વગેરે કોઈપણ અશુચિમાં ૪૮ મિનીટ પસાર થયે, અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે, અને તેમાં તેમની જન્મ-મરણની પરંપરા પણ ચાલ્યાં કરતી હોય છે. સંમૂર્છિમ મનુષ્યો પંચેન્દ્રિય જીવ છે માટે તેમને પાંચેય ઈન્દ્રિયો હોય છે, પરંતુ મન હોતું નથી. તેથી તે અસંજ્ઞી હોય છે.

No.
Date

✿ **સંજ્ઞી** : જે જીવોને મન હોય, તે જીવો સંજ્ઞી કહેવાય છે.
દા.ત. : ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, ગર્ભજ મનુષ્ય, દેવ, નારકી.

✿ **અસંજ્ઞી** : જે જીવોને મન ન હોય, તે જીવો અસંજ્ઞી કહેવાય છે.
દા.ત. : એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્છિમ મનુષ્ય.

✿ **અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યોની હિંસાથી બચવાના ઉપાયો** :

(૧) નાક, કાન, નખ, શરીર વગેરેનો મેલ કાઢવો નહીં. જો કાઢો, તો ચૂનો, રાખ કે ધૂળમાં મસળીને મિક્સ કરી દેવો.

(૨) જ્યાં ત્યાં થૂંકવું નહીં. જો થૂંકવું જ પડે, તો કીડી વગેરે જીવ ન હોય તેવી ધૂળમાં થૂંક્યા બાદ, થૂંકને રેતીમાં બરાબર મિક્સ કરી દેવી.

(૩) શરદી થઈ હોય, તો જ્યાં-ત્યાં લીંટ નાખવી નહીં. બેરીયામાં (વસ્ત્રનાં ટુકડામાં) લીંટ લઈને ઘસી નાખવી. થોડીવારમાં બેરીયું સૂકાઈ જાય તેમ ખુલ્લું મૂકવું.

(૪) નગરની વહી જતી ખાળ, ગટર વગેરેમાં કોઈ વસ્તુ નાખવી નહીં. કેમકે તેમાં માનવોની અશુચિ વગેરે હોવાથી અસંખ્ય સંમૂર્છિમની પરંપરાનો સંભવ છે.

(૫) સ્નાનનું પાણી કે ધોયેલ વસ્ત્રાદિનું પાણી ગટરમાં ન જવા દેવું. ખુલ્લાં સ્થાનમાં સૂકાઈ જાય તે રીતે ઉપયોગ રાખવો. કૂવા, નદી, તળાવ વગેરેનાં કિનારે બેસીને કપડાં ન ધોવાં, સ્નાન ન કરવું.

(૬) સ્નાનનું પાણી, એંઠુ પાણી, પગ વગેરે ધોયેલ પાણી, ચોકનાં એક સ્થાને પડ્યું ન રહે, તેનો ઉપયોગ રાખવો. જો બે ઘડીમાં બધું સૂકાઈ ન જાય, તો સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિનો સંભવ છે. ઘણી વાર, પત્થરનાં નાનાં-નાનાં ખાડાં-ખાંચામાં પાણી રહી જાય છે. તો તે ન રહી જાય તેની કાળજી લેવી જોઈએ.

(૭) ઘડા વગેરેમાંથી પાણી પીધાં બાદ, એંઠા ગ્લાસને ઘડા વગેરેમાં ફરી ન નાંખવો. કારણ કે, તેમ થતાં ઘડાનું બધું જ પાણી એંઠુ થઈ જાય, અને બે ઘડી બાદ અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિનો સંભવ રહે. પાણી પીધાં બાદ ગ્લાસને વસ્ત્રાદિથી લૂંછી લેવો જોઈએ.

(૮) મેલું વસ્ત્ર કે પસીનો વગેરે અશુચિ જે પાણીમાં પડી જાય, તે

KOKUYO W-NB290U

પાણીનો બે ઘડીમાં નિકાલ કરી દેવો જોઈએ.

(૯) રસ્તામાં ઢોળાયેલ પાણીમાં ચાલવું નહીં. કારણ કે, તેથી પાણીનાં જીવોની હિંસા તો થાય જ, પણ સાથે, પાણીમાં પગનો મેલ ઉતરવાથી, તેમાં બે ઘડી બાદ, અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ અને વિરાધનાની પરંપરા શરૂ થઈ જાય.

(૧૦) જમ્યાં બાદ, ભોજન-પાણી એંઠા મૂકવાં નહીં. કારણ કે, બે ઘડી બાદ, તેમાં સંમૂર્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. માટે, જમ્યાં બાદ, થાળી આદિ ધોઈને પીધાં બાદ, થાળી આદિ વાસણો બે ઘડી પહેલાં સૂકાઈ જાય તેમ કરવું ઉચિત છે. કેટલાંક સમજુ શ્રાવકો, થાળી આદિ રૂમાલથી લૂંછીને કોરી કરી નાંખતા હોય છે.

(૧૧) જમતી વખતે એંઠવાડો જમીન ઉપર ન પડે તેની કાળજી રાખવી. જો તબિયતાદિનાં કારણે, ભોજન એંઠું મૂકવું પડે, તો તુરંત કૂતરાદિની અનુકંપા કરીને, સંમૂર્છિમ મનુષ્યની વિરાધનામાંથી બચવું ઉચિત છે. વળી, જમ્યાં બાદ, એંઠા થાળી વગેરે કોઈ કુંડમાં રાખેલ પાણીમાં નાંખીને ન ધોવાં. ઘણે સ્થળે એવી પ્રથા જોવાં મળે છે કે, કુંડમાં પાણી રાખેલ હોય અને તેમાં જ જમનારા થાળી વગેરે ધોઈ નાંખે. આમ કરવાથી, કુંડના પાણીમાં અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યની હિંસાની પરંપરા ઉભી થાય છે.

(૧૨) હૉટલ-લારી વગેરે ઉપર કોઈ પણ ભોજન ન લેવું. કારણકે, ત્યાં સંમૂર્છિમ મનુષ્યોની વિરાધના ઘણી હોય છે.

(૧૩) સ્થંડિલ (સંડાસ) બહાર ખુલ્લામાં જ જવાય તો સારું. વર્તમાનમાં, પાતાળ કૂવાવાળાં સંડાસોથી હિંસકતા વધી છે. મનુષ્યની વિષ્ટા, પાતાળ કૂવામાં એકઠી થાય છે અને સંડાસમાં ગયાં બાદ, એક ડોલ જેટલું પાણી પણ અંદર નાંખવું પડે છે. અંદર તડકો વગેરે ન મળવાથી અને પાણી પણ સાથે હોવાથી, વિષ્ટા સૂકાતી નથી. બે ઘડી બાદ, અનેક વર્ષો સુધી, અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યોનાં જન્મ-મરણની પરંપરા ચાલે છે. વળી તેમાં, અનેક પ્રકારનાં ત્રસ જીવો પણ ઉત્પન્ન થઈ જાય છે. માટે વર્તમાનકાળનાં સંડાસો એટલે જીવહિંસાની ફૅક્ટરી છે. સંડાસનું પાપ ઘણું મોટું છે. પાપભીરૂ આત્માઓએ, આ પાપથી કોઈપણ હિસાબે બચવું જોઈએ, શક્ય એટલો પ્રયત્ન કરવો જ જોઈએ.

No.
Date

(૧૪) મૂતરડી વગેરેમાં જઈને પેશાબ ન કરવો. જ્યાં પેશાબ બે ઘડીમાં સૂકાઈ જાય તેવાં સ્થાનનો ઉપયોગ કરવો ઉચિત છે.

(૧૫) પિત્ત કે ઉલ્ટી થાય, ત્યારે તેને ધૂળ કે રાખ સાથે બરોબર મિશ્ર કરી દેવાથી, સંમૂર્છિમ મનુષ્યોની વિરાધનાથી બચી શકાય.

(૧૬) ગળામાં કફ થયો હોય અને વારે-વારે કફ નીકળતો હોય, તો જ્યાં-ત્યાં થૂંકવું નહીં. એક નાની કૂંડીમાં રાખ રાખી, તેમાં કફ કાઢવો અને પછી સળી દ્વારા તે કફને રાખમાં મિશ્ર કરી દેવો.

(૧૭) ઘણી વ્યક્તિઓને પાનપરાગ, તમાકુ, માવો કે પાન ખાવાની કુટેવ હોય છે. આવી વ્યક્તિઓને હાલતાં-ચાલતાં રસ્તામાં પિચકારી મારવાની પણ કુટેવ હોય છે. જો તે પિચકારી (થૂંક) નીચે કીડી આદિ આવે, તો મરી જાય અને બે ઘડીમાં જો ન સૂકાય, તો સંમૂર્છિમ મનુષ્યોની વિરાધના થાય. માટે, પાનપરાગાદિ ખાવાનું કે પિચકારી મારવાનું છોડી દેવું જોઈએ.

(૧૮) લોહી, પરુ વગેરે શરીરથી છૂટાં પડે તો, બે ઘડીમાં સૂકાઈ જવાં જોઈએ. તે માટે રાખાદિમાં મિશ્ર કરી દેવાં.

(૧૯) ઘણાં ઘરોમાં, સાબુવાળાં પાણીમાં, રાત્રે કપડાં પલાળી દેવાય છે. ત્યારબાદ, બીજા દિવસે સવારે તે કપડાં ધોવાય છે. પરંતુ, તે ઉચિત નથી. કારણ કે, પાણીમાં પલાળ્યાં બાદ, પાણી મેલું થઈ જતું હોવાથી, ૪૮ મિનીટ સુધી તે પાણી જો સ્થિર રાખી મૂકાય, તો તે પાણીમાં અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્યનાં જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. દર ૪૮-૪૮ મિનીટે, ઉત્પન્ન થયેલાં આ જીવોની સંખ્યામાં સતત ગુણાકાર થવાથી, સવાર સુધીમાં તો તેમાં ઘણી મોટી સંખ્યામાં સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ + વિરાધના થઈ જાય છે. તેથી, રાત્રે કપડાં પલાળાય નહીં. દિવસે પણ, કપડાં પલાળ્યાં બાદ, ૪૮ મિનીટ પસાર થાય તે પહેલાં, કપડાં ધોવાનું કાર્ય શરૂ કરી દેવાય, તો જીવ વિરાધનાથી બચી શકાય છે.

(૨૦) એંઠા વાસણો ધોવામાં લંબાયા બાદ, જો બે ઘડીમાં ન ધોવાય, તો તે એંઠા વાસણોમાં પણ અસંખ્ય સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. જેમ-જેમ સમય પસાર થતો જાય, તેમ-તેમ સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિની સંખ્યામાં પણ વધારો થતો જાય છે. તેથી, એંઠા વાસણો, વધુ સમય પડ્યાં ન રહે, તેવી કાળજી શ્રાવકોએ લેવી જોઈએ.

(૨૧) મેલાં-પરસેવાવાળા અથવા વરસાદમાં ભીનાં થયેલાં મેલાં વસ્ત્રો બદલતી વખતે, જૂનાં પહેરેલાં વસ્ત્રો, જો ખૂણામાં ચોળીને રાખી મૂકાય અને વ્યવસ્થિત ન સૂકાવાય, તો તે મેલાં-પરસેવાવાળાં-ભીનાં વસ્ત્રોમાં ૪૮ મિનીટ બાદ, અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્ય જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. તેથી, મેલાં કપડાં બદલતી વેળાએ, ખૂણામાં ડૂચો વાળીને ફેંકી દેવાને બદલે, વ્યવસ્થિત રીતે સૂકાવાય, તેવી કાળજી લેવી. તે વસ્ત્રો સૂકાયાં બાદ તરત જ દોરી ઉપરથી લઈ લેવાં જેથી વાઉકાયનાં અસંખ્ય જીવોની બિનજરૂરી વિરાધનાથી પણ બચી શકાય. આ નિયમ પરસેવાવાળાં મેલાં થયેલાં ગંજી, મોજાં, રૂમાલાદિ માટે પણ લાગુ પડે છે.

(૨૨) સ્નાન માટે વપરાયેલ ટુવાલ અથવા જમ્યાં બાદ હાથ લૂંછવા માટે વપરાયેલ જાડું નેપકીન અથવા પરસેવો લૂંછવા માટે વપરાયેલ હાથ-રૂમાલાદિ, વપરાયાં બાદ જો એક ખૂણામાં ડૂચો વાળીને રાખી દેવાય તો ૪૮ મિનીટ બાદ, તેમાં પણ સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ શરૂ થઈ જાય છે. તેથી રૂમાલાદિનો ઉપયોગ કર્યા બાદ, જલ્દીથી ધોવાઈ જાય તથા સૂકાવાઈ જાય તેવી ખાસ કાળજી લેવી. હાથ રૂમાલાદિ જાડો રાખવાને બદલે, જો પાતળો રખાય, તો વપરાયાં બાદ, ઝડપથી ધોવાઈ જાય અને ઝડપથી સૂકાઈ પણ જાય. તેથી, સંમૂર્ચ્છિમ જીવોની તથા વાઉકાયનાં જીવોની વિરાધનાથી બચી શકાય.

(૨૩) જમ્યાં બાદ, જમવા માટે વપરાયેલ થાળી જો વ્યવસ્થિત ધોઈને પીવાઈ જાય તથા ધોવાયેલ થાળી રૂમાલથી વ્યવસ્થિત લૂંછીને કોરી કરી દેવાય, તો અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્યનાં જીવોની વિરાધનાથી બચી શકાય છે. એંઠી થાળીમાં આપણી લાળ લાગેલ હોવાથી, જો ન ધોવાય, ન લૂંછાય, તો ૪૮ મિનીટ બાદ, તેમાં અસંખ્ય સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ અને વિરાધના થાય. વળી, થાળી ધોઈને પીવાથી આયંબિલનો લાભ પણ મળે છે.

(૨૪) પાણી પીધાં બાદ, તે પાણીવાળો એંઠો ગ્લાસ જો બરોબર ન લૂંછાય તો ૪૮ મિનીટ બાદ, તેમાં અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થઈ જાય છે. તેથી, આ વિરાધનાથી બચવાં માટે, પાણી પીધાં બાદ, ગ્લાસને વ્યવસ્થિત લૂંછીને રૂમાલથી કોરું કરીને, રૂમાલને સૂકવી દેવું.

(૨૫) શક્ય બને તો, ઘર સિવાય પીવાનું પાણી વાપરવાનું ટાળવું. કારણ કે, સંમૂર્છિમ જીવો સંબંધી ઝીણી સમજ, મોટા ભાગનાં લોકો પાસે ન હોવાથી, એંઠા ગ્લાસને લૂંછ્યા વિના, વારંવાર ઘડામાં નંખાય છે. તેથી, એંઠા ગ્લાસને લીધે, ઘડાનું સંપૂર્ણ પાણી સંમૂર્છિમ જીવોવાળું થઈ જવાથી, તેવાં પાણીને અડવા માત્રથી પણ અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્ય જીવોની વિરાધના થાય છે. હવે, આવું પાણી જો અડાય પણ નહીં, તો પછી પીવાય કઈ રીતે?

(૨૬) સ્નાનનું, કપડાં ધોયેલું, હાથ ધોયેલું પરસેવાવાળું મેલું પાણી, બાથરૂમમાં નાખવાને બદલે, જો શક્ય બને તો, ખુલ્લી જમીનમાં નાંખવું. જેથી, અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યોની વિરાધનાથી બચી શકાય.

(૨૭) ઘરમાં પોતું કરવા માટે વપરાયેલ મેલાં વસ્ત્રને, ડૂચો વાળીને એક ખૂણે ન રખાય. પરંતુ, વ્યવસ્થિત ખુલ્લી જમીન પર નીચોવીને પછી સૂકવી દેવાય. એવી કાળજી-જાગૃતિ રાખવાથી સંમૂર્છિમ જીવોની વિરાધનાથી બચી શકાય છે.

(૨૮) કપાયેલાં નખને સીધે-સીધાં ફેંકી ન દેવાય. પરંતુ, તે નખને ભેગાં કરીને, ચૂના અથવા રાખ સાથે ભેળવી દેવાય. જેથી, નખમાં રહેલ મેલને લીધે સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ અને વિરાધના ન થાય. શરીર સાથે નખ જોડાયેલ હોય, ત્યાં સુધી નખનાં મેલમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ ન થાય. પરંતુ, એક વખત શરીરથી છૂટાં થયા બાદ, એટલે કે નખ કપાયાં બાદ, જો ૪૮ મિનીટમાં તેનાં મેલને રાખ અથવા ચૂના સાથે ન ભેળવાય, તો તેમાં અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્યોની ઉત્પત્તિ-વિરાધના શરૂ થઈ જાય છે. ચૂનો-રાખ ગરમ હોવાથી, નખનાં મેલમાં જીવોત્પત્તિની સંભાવના રહેતી નથી.

(૨૯) બોરનાં ઠળિયાં, જાંબુનાં ઠળિયાં, સીતાફળનાં બીજ, પ્લમ આદિનાં બીજ, કેરીની છાલ, કેરીની ગોટલી, કલિંગરના બીજ, શેરડીનાં છોતરાં વગેરેને મોંઢામાંથી ચૂસીને જો બહાર ફેંકી દેવાય તો મનુષ્યની લાળ સાથે ભળેલ હોવાથી, તે ઠળિયાં-છાલ-બીજાદિમાં અસંખ્ય સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્યોની ઉત્પત્તિ શરૂ થઈ જાય છે. તે ઉપરાંતમાં કીડી આદિ ત્રસ જીવોની વિરાધના પણ થઈ શકે છે. તેથી, આ વિરાધનાથી બચવાં માટે, ઠળિયાં-બીજ-છાલ-ગોટલી વગેરે મોંઢામાંથી કાઢ્યાં બાદ, પાણીમાં ધોઈને, તે પાણી વાપરી જવું.

त्यारबाद, ते दरेक ठणियां आदिने कपडांथी व्यवस्थित लूंछीने पूरेपूरां कोरां करीने कोई छांयडावाळा स्थानमां व्यवस्थित राखी आववा, जेथी कोईना पग नीचे के गाडीना टायर नीचे न आवी जाय ते रीते.

(३०) सामायिकनी जोड - पूजनी जोड वापर्या बाद, घडी वाळीने तरत ज मूकी न देवाय. परंतु, परसेवाथी लीनां थयेल ते वस्त्रोने सूकावीने पछी ज घडी कराय. आवुं जो न कराय, अने लीनी परसेवावाळी जोड संकेलीने जो राखी देवाय, तो ४८ मिनीट बाद, ते परसेवांवाळां वस्त्रोमां असंख्य संमूर्छिम मनुष्य जीवोनी उत्पत्ति शरू थई जाय छे. अने ज्यां सुधी ते वस्त्रो न सूकाय त्यां सुधी तेमां संमूर्छिम जीवोनी उत्पत्तिनो सतत वधारो थया राखे छे.

(३१) वारंवार wash-basin अथवां बाथरूममां मेलां हाथ-पगने धोवानुं जो थाय, तो ४८ मिनीट बाद, अगर जो मेलुं पाणी न सूकाय, तो तेमां असंख्य संमूर्छिम जीवोनी उत्पत्ति थई जाय छे.

(३२) मेलां परसेवावाळां, लीनां बूट-मोजां तथा उनाळामां सूईने उठ्या बाद, परसेवाथी लीनां थयेलां तकियां-गादी-चादर आदि जो ४८ मिनीटमां न सूकाय, तो तेमां पण असंख्य संमूर्छिम पंचेन्द्रिय मनुष्य जीवोनी उत्पत्ति थाय छे. तेथी परसेवाथी अथवा परसादमां लीनां थवाथी, लीनां थयेल बूटने कोरां कपडांथी लूंछीने सूकवी देवा. तेमज तकिया आदिने पण तडके सूकवी देवाथी, संमूर्छिम जीवोनी विराधनाथी बची शकाय छे.

(३३) संसारमां पति-पत्नी द्वारा थनार, एक वखतनी संलोगनी प्रक्रियामां, बे लाख थी नव लाख जेटलां संमूर्छिम मनुष्य जीवोनी उत्पत्ति तथा विराधना थाय छे. तेथी, जो शक्य बने तो, श्रावकोए लग्न प्रसंगोमां जवुं ज नहीं. कदाच जवुं ज पडे, तो , लग्न करनार जोडीनी प्रशंसा तो भूलथी पण न करवी अने मनथी गमाडवी पण नहीं. कारण के, लग्न जीवनमां जोडायां बाद, ते जोडला (कपल) द्वारा, अनेकवार थनार संमूर्छिम जीवोनी विराधनानो दंड, प्रशंसा करनारने पण लागे छे. एक वखतनी प्रक्रियामां जो २ लाख थी ९ लाख संमूर्छिम पंचेन्द्रिय जीवोनी विराधना थती होय, तो संपूर्ण लग्नजीवनमां तो आ जीवोनी कुल विराधना केटली थाय ते

સમજી શકાય છે. તે ઉપરાંતમાં, લગ્ન જીવનમાં જોડાયાં બાદ, થનાર ષટ્કાય જીવની વિરાધનાનો દંડ પણ પ્રશંસા કરનારને લાગે છે.

(૩૪) તૈયાર toilet - બાથરૂમનો ઉપયોગ કરવાથી અથવા સ્નાનનું મેલું પાણી ગટરમાં જવાથી, અસંખ્ય સંમૂર્છિમ જીવોની વિરાધનામાં શ્રાવકો જોડાય છે. આ વિરાધનાથી પૂરેપૂરાં અટકવું કદાચ શ્રાવકો માટે શક્ય ન બને. પરંતુ, પાણીનો વપરાશ ઘટાડવાથી, આ સંમૂર્છિમ જીવોની વિરાધનાને ઘટાડવું, તો અવશ્ય શક્ય છે. તે ઉપરાંત, આ વિરાધના પ્રત્યેનો ડંખ- પશ્ચાત્તાપ વ્યક્ત કરવા રૂપે તથા આ વિરાધના સાથેનો બાહ્ય + આંતરિક connection તોડવા સ્વરૂપે, તેનાં પ્રતીકરૂપે દરેક વખતે, સ્નાન- માત્રુ આદિ કર્યાં બાદ, ત્રણ વાર "વોસિરઈ, વોસિરઈ, વોસિરઈ" શબ્દો બોલવા. જેથી, થયેલ વિરાધનાનો દંડ ઓછો લાગે. એટલે જ, પૌષધમાં પણ, માત્રુ પરઠવતી વેળાએ, શ્રાવકો આ જ શબ્દોનો પ્રયોગ કરે છે.

(૩૫) મૃત્યુ બાદ, મડદામાં પણ બે ઘડી બાદ અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યો પેદા થઈ જાય છે. માટે, ઘણાં પાપભીરૂ આત્માઓ મૃતદેહનો જલ્દી નિકાલ કરાવતાં હોય છે, શબને અડવાનું પણ ટાળે છે.

ટૂંકમાં, આપણાં (માનવનાં) શરીરમાંથી છૂટી પડતી કોઈપણ પ્રકારની અશુચિમાં (શરીરમાં તમામ અશુચિ જ છે - શરીર એટલે અશુચિનો પિંડ) બે ઘડી બાદ, સંમૂર્છિમ મનુષ્યો પેદા થવાનો સંભવ છે. માટે, આ વિરાધના ન લાગે તેની પાપભીરૂ આત્માઓએ ખૂબ જ ચીવટપૂર્વક કાળજી લેવી જોઈએ.

આ ઉપરાંત, ગર્ભજ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યોની વિરાધનાનો દંડ ન લાગે તે માટે નીચે પ્રમાણે કાળજી લેવી :

(૧) છાપાં-પત્રિકા વગેરેમાં દોરાયેલાં મનુષ્યોનાં ચિત્રો - ફોટાઓ ભૂલથી પણ ફાટી ન જાય તેની કાળજી શ્રાવકોએ અવશ્ય રાખવી.

(૨) મનુષ્યોનાં ફોટાં ચિતરાયેલાં હોય તેવાં વસ્ત્રો પહેરવાં નહીં, તેવાં વસ્ત્રોને ધોકા મારીને ધોવાય પણ નહીં અને નીચોવાય પણ નહીં.

(૩) શક્ય બને તો છાપાં - magazine આદિમાં સમાચાર વાંચવાનું અથવા ટી.વી. ઉપર News જોવાનું ટાળવું, કારણ કે, છાપામાં - ટી.વી.

News માં આતંકવાદી લાદેન, ભ્રષ્ટાચારી નેતા, કસાબ આદિનાં મરવાનાં સમાચાર વાંચવાથી- સાંભળવાથી, જો આપણે રાજી થઈએ, તો પંચેન્દ્રિય મનુષ્યની હિંસાનો દોષ અનુમોદનાનાં માધ્યમે, છાપું વાંચનાર- ટી.વી. જોનારને લાગી જાય છે. કોમી રમખાણ વખતે, હિંદુઓએ ભેગાં મળીને જો અમુક મુસલમાનોને મારી નાંખ્યા હોય અથવા જીવતે-જીવતાં બાળી નાંખ્યા હોય - એવાં સમાચાર મળવાથી જો આપણે રાજી થઈએ અથવા વાણીથી તે પ્રસંગની પ્રશંસા કરીએ તો આપણને પંચેન્દ્રિય મનુષ્યની હિંસાનો દોષ લાગી જાય છે. એક બાજુ શ્રાવકો કીડી વગેરે નાનામાં-નાનાં જીવોની હિંસાથી બચવાનો પ્રયત્ન કરતાં હોય અને બીજી બાજુ પંચેન્દ્રિય મનુષ્યોની હિંસાના સમાચાર મળવાથી, રાજી થતાં અથવા પ્રશંસા કરતાં, સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યોની હિંસાનો દંડ પોતાને માથે લઈ લે, તે ક્યાંની હોંશિયારી છે?

(૪) Abortion - ગર્ભપાત : શુક્રજંતુ (sperm) અને રજ (ovum) નું મિલન એ જ 'ગર્ભધારણ' - નવા જીવનની- બાળકની શરૂઆત છે. તેનાં પછી, ૧૮ મા દિવસે તો, વિકસીત હૃદય ધબકારા મારતું થઈ જાય છે. અને બે મહિને, પૂર્ણ વિકસીત વ્યક્તિમાં રહેલી બધી જ વસ્તુઓ શિશુમાં જોવા મળે છે. પાંચમા મહિને તો તેનાં મુક્કાં અને લાતોની ચોક્કસપણે ખબર પડે છે. સાતમે મહિને તો તે ૧૩" થી ૨૦" નો લાંબો થાય છે.

'Silent Scream' નામની ગર્ભપાત પરની film જે ભારતમાં banned છે, તેમાં સ્પષ્ટ બતાવે છે કે, જ્યારે ગર્ભપાત થાય છે, ત્યારે બાળક કઈ રીતે બચવા માંગે છે, પ્રતિકાર કરે છે. અને છેલ્લે, અસહાય બને ત્યારે એક મુંગી ચીસ (silent scream) પાડે છે.

ગર્ભપાત કરવાની પદ્ધતિઓ પણ અતિશય ક્રૂર છે:

(a) Suction method : ચૂસકનળી ગર્ભાશયનાં મુખમાંથી દાખલ કરાય છે. તે એટલી જબરદસ્ત શક્તિશાળી હોય કે બાળકનાં શરીરનું વિભાજન કરીને તરત જ લોહી, ડેરામંડળ અને કુર્ચાઓનાં ટુકડાઓનો એક જથ્થો બની જાય છે. તે જથ્થો પછી એક શીશીમાં ભેગો કરાય.

(b) Curette method : ચીપીયાથી બાળકને ખેંચીને કે ઘોલીને બહાર કાઢી લેવામાં આવે છે. ઘણીવાર, માથાને છૂંદી નાંખવામાં પણ આવે છે.

No. ............

Date ............

ⓒ Ceasarian method : ગર્ભાશયં ઉપર કાપ મુકીને, બાળકને ઉંચકી લેવાય છે. બાળક મરે એ પહેલાં કલાકો સુધી તેનું હૃદય ધબકતું હોય છે.

ⓓ ગર્ભાશયમાંથી, મોટી સોય વડે, પ્રવાહી બહાર ખેંચી, મીઠાનું પાણી અંદર દાખલ કરાય છે. તેનાંથી, થોડો સમય તરફડીયાં મારી બાળક મૃત્યુ પામે છે.

ⓔ પ્રોસ્ટાગ્લાન્ડીન નામની દવા ગર્ભાશયને સંકોચે છે. જેનાં લીધે બાળક ગર્ભાશયની બહાર ધકેલાય છે. આને લીધે, જીવતું કે મરેલું બાળક કસમયે બહાર આવી જાય છે.

તેથી, Abortion - ગર્ભપાત પોતે કરવું નહીં, બીજાનું કરાવવું નહીં અને કોઈ કરતું હોય તો તેને સારું માનવું નહીં. ગર્ભપાત કરાવવાથી, ગર્ભમાં રહેલ, પંચેન્દ્રિય મનુષ્યની હિંસાનો દોષ લાગે છે.

વાંચીને સંકલ્પ કરજો કે જીવનમાં કદિ પણ, નરકગતિમાં કારણભૂત બને એવું, આ પાપ કરવું નથી પરંતુ અજ્ઞાનવશ જો કદાચ આ પાપ થઈ ગયું હોય તો કોઈ મહાપુરુષ ગીતાર્થ એવા ગુરુ ભગવંત પાસે જઈ આ પાપનું પ્રાયશ્ચિત સાચા દિલથી કરી લેજો અને થઈ ગયેલા આ પાપની નિંદા-ગર્હા આત્મસાક્ષીએ વારંવાર કરજો, તો બાંધેલા કર્મો નિર્બળ થશે અને આયુષ્યનો બંધ ન પડ્યો હોય તો નરકાદિ દુર્ગતિથી બચી જવાશે.

પશુ-પંખીઓ પણ પોતાનાં બચ્ચાંને પ્યાર કરે છે. કુતરી પણ પોતાનાં બચ્ચાંને વ્હાલ જ કરે છે. પણ સાંભળ્યું છે કે ક્યારેક કોઈક વાર અત્યંત ભૂખની પીડાથી વ્યાકુળ થાય છે, ત્યારે કુતરી પોતાનાં તાજા જન્મ આપેલાં બચ્ચાને ખાવા પ્રયત્ન કરે છે. પણ, આજની નારી તો વગર કારણે માત્ર પોતાની મોજમજા માટે બાળકનું ખૂન કરાવે છે. આવી નારી કૂતરી કરતાં વધુ નીચ ન કહેવાય ?

## મનુષ્યનો વિભાગ સમાપ્ત (THE END)

No. ૩૫૫

Date

# જીવના ૫૬૩ ભેદ

**I** ઈન્દ્રિય પ્રમાણે :

એકેન્દ્રિયના = ૨૨ (પૃથ્વીકાય+અપકાય+તેઉકાય+વાઉકાય+વનસ્પતિકાય)

વિકલેન્દ્રિયના = ૬ (બેઈન્દ્રિય + તેઈન્દ્રિય + ચઉરિન્દ્રિય)

પંચેન્દ્રિયના = ૫૩૫ (નારક + દેવ + મનુષ્ય + તિર્યંચ પંચેન્દ્રિય)

૫૬૩ ભેદ

**II** ગતિ પ્રમાણે :

નરક ગતિ = ૧૪ (૭ નરકના પર્યાપ્તા + અપર્યાપ્તા)

દેવ ગતિ = ૧૯૮ (૪ પ્રકારના ૯૯ દેવના પર્યાપ્તા + અપર્યાપ્તા)

મનુષ્ય ગતિ = ૩૦૩ (૧૦૧ ક્ષેત્રના પ. ગર્ભજ + અપ. ગર્ભજ + સંમૂર્છિમ)

તિર્યંચ ગતિ = ૪૮ (એકેન્દ્રિયના ૨૨ + વિકલેન્દ્રિયના ૬ + તિર્યંચપંચે. ૨૦)

૫૬૩ ભેદ



# જીવોના ૫૬૩ ભેદ સંબંધી પાંચ દ્વાર

## પ્રથમ દ્વાર : શરીર-અવગાહના દ્વાર

શરીર અવગાહના = જીવોનાં શરીરનું પ્રમાણ = માપ = ઊંચાઈ

અહીં શરીરને અનુલક્ષીને તેની ઊંચાઈ કહેવાની છે, એટલે શરીર સંબંધી કેટલીક સ્પષ્ટતા કરીએ :

- 'શરીર' એ જીવને ક્રિયા કરવાનું સાધન છે.
- કાયા, કલેવર, તનુ, ચય, ઉપચય, સંઘાત, દેહ એ બધાં તેનાં પર્યાય શબ્દો છે.
- સંસારી જીવો અનંતા છે, પરંતુ તેમના શરીરો અસંખ્યાત છે.
- તેના જુદી-જુદી અપેક્ષાએ અનેક પ્રકારો પાડી શકાય છે, પણ, જૈન શાસ્ત્રકારોએ કાર્ય-કારણની સમાનતાને અનુલક્ષીને તેના ૫ પ્રકાર પાડેલા છે : (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ, (૫) કાર્મણ.

(૧) **ઔદારિક શરીર** : જે શરીર ઉદાર-ઉત્કૃષ્ટ પુદ્ગલોનું બનેલું હોય, તે 'ઔદારિક શરીર' કહેવાય. અથવા જે શરીર અન્ય શરીરોની અપેક્ષાએ ઉચ્ચ સ્વરૂપવાળું હોય તે 'ઔદારિક' કહેવાય. અથવા જેનું છેદન, ભેદન, ગ્રહણ, દહન વગેરે થઈ શકે તે 'ઔદારિક' કહેવાય.

(૨) **વૈક્રિય શરીર** : જે શરીર વિવિધ વિક્રિયાને પામે, એટલે કે, નાનામાંથી મોટું, મોટામાંથી નાનું, જાડામાંથી પાતળું, પાતળામાંથી જાડું, એકમાંથી અનેક, અનેકમાંથી એક - એમ વિવિધ પ્રકારનું બની શકે તે 'વૈક્રિય શરીર'.

(૩) **આહારક શરીર** : સૂક્ષ્મ અર્થના સંદેહનો નિવારણ કરવા માટે, ચતુર્દશ પૂર્વધારી મુનિ, કેવળી ભગવંત પાસે જવા માટે, વિશુદ્ધ પુદ્ગલોનું બનાવેલું જે અવ્યાઘાતી શરીર ધારણ કરે, તે 'આહારક શરીર' કહેવાય.

(૪) **તૈજસ શરીર** : જે શરીર તેજસ્થી બનેલું હોય એટલે કે તેજોમય હોય, તે 'તૈજસ શરીર' કહેવાય.

(૫) **કાર્મણ શરીર** : આત્મપ્રદેશ સાથે એકતા પામેલો એવો કર્મનો સમૂહ, તે 'કાર્મણ શરીર' કહેવાય.

- ઔદારિક કરતાં વૈક્રિય, વૈક્રિય કરતાં આહારક, આહારક કરતાં તૈજસ, અને તૈજસ કરતાં કાર્મણ શરીર વધારે સૂક્ષ્મ હોય છે.
- મનુષ્ય, પશુ-પક્ષી, વનસ્પતિ વગેરેનાં શરીરો ઔદારિક હોય છે.
- નારક અને દેવોને સ્વભાવથી જ વૈક્રિય શરીર હોય છે.

KOKUYO W-NB23CU

- આહારક શરીર, ઉપર જણાવ્યાં મુજબ, કોઈ કારણ પ્રસંગે જ ચતુર્દશ પૂર્વધર મુનિઓ દ્વારા ધારણ કરાય છે.
- તૈજસ શરીર દરેક સંસારી જીવને હોય છે અને તે ઔદારિક કે વૈક્રિયની અંદર રહેલું હોય છે.
- કાર્મણ શરીર પણ દરેક સંસારી જીવને હોય છે અને તે આત્મા સાથે ઓતપ્રોત થયેલું હોય છે.
- કોઈપણ જીવ, મરણ પામે ત્યારે તેનું ઔદારિક કે વૈક્રિય શરીર પડી જાય છે, પણ તૈજસ અને કાર્મણ - એ બે શરીરો તો તેની સાથે જ રહે છે.
- જ્યારે સંસારી જીવ કર્મોનો નાશ કરી મુક્તિને પામે ત્યારે એકેય શરીર તેની સાથે ન રહે. ફક્ત 'આત્મા' જ મુક્તિમાં જાય.

- અવગાહના (ઊંચાઈ)
  - જઘન્ય (ઓછામાં ઓછી)
  - ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે)

- ઊંચાઈનું કોષ્ટક નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| ૮ જવ = ૧ અંગુલ | ૧૨ અંગુલ = ૧ વેંત |
| ૨ વેંત = ૧ હાથ | ૪ હાથ = ૧ ધનુષ્ય |
| ૨૦૦૦ ધનુષ્ય = ૧ ગાઉ | ૪ ગાઉ = ૧ યોજન |

- સઘળાં જીવોની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી હોય છે. (નોંધ : દેવો અને નારકોની જઘન્ય-અંગુલના અસંખ્યાતમાં ભાગની અવગાહના ઉત્પત્તિના પ્રથમ સમયની અપેક્ષાએ સમજવી.)

- સઘળાં અપર્યાપ્ત જીવોની ઉત્કૃષ્ટ અવગાહના પણ અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી હોય છે.

- સઘળાં પર્યાપ્ત જીવોની ઉત્કૃષ્ટ અવગાહના અલગ-અલગ હોય છે.

No.

Date

# પર્યાપ્ત જીવોની ઉત્કૃષ્ટ અવગાહના

| એકેન્દ્રિય | વિકલેન્દ્રિય | પંચેન્દ્રિય |
|---|---|---|
| (૧) પૃથ્વીકાય | (૧) બેઈન્દ્રિય | (૧) નારક |
| (૨) અપકાય | (૨) તેઈન્દ્રિય | (૨) દેવ |
| (૩) તેઉકાય | (૩) ચઉરિન્દ્રિય | (૩) મનુષ્ય |
| (૪) વાઉકાય | | (૪) તિર્યંચ – ગર્ભજ, સંમૂર્છિમ |
| (૫) વનસ્પતિકાય – પ્રત્યેક, સાધારણ | | |

## I એકેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના :

૧ એકેન્દ્રિય જીવોનાં કુલ ૧૧ પર્યાપ્ત ભેદમાંથી, પ્રત્યેક વનસ્પતિકાય સિવાયનાં બધાં જીવોની ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી હોય. અલબત્ત, આમાં પણ તરતમતા એટલે નાના-મોટા પણું હોય છે. તે નીચે પ્રમાણે છે :

(a) સહુથી નાનું શરીર સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયનું હોય.
(b) તેનાથી અસંખ્યાતગણું મોટું શરીર સૂક્ષ્મ વાઉકાયનું હોય.
(c) તેનાથી અસંખ્યાતગણું મોટું શરીર સૂક્ષ્મ તેઉકાયનું હોય.
(d) તેનાથી અસંખ્યાતગણું મોટું શરીર સૂક્ષ્મ અપકાયનું હોય.
(e) તેનાથી અસંખ્યાતગણું મોટું શરીર સૂક્ષ્મ પૃથ્વીકાયનું હોય.
(f) તેનાથી અસંખ્યાતગણું મોટું શરીર બાદર વાઉકાયનું હોય.
(g) તેનાથી અસંખ્યાતગણું મોટું શરીર બાદર તેઉકાયનું હોય.
(h) તેનાથી અસંખ્યાતગણું મોટું શરીર બાદર અપકાયનું હોય.
(i) તેનાથી અસંખ્યાતગણું મોટું શરીર બાદર પૃથ્વીકાયનું હોય.
(j) તેનાથી અસંખ્યાતગણું મોટું શરીર બાદર સાધારણ વનસ્પતિકાયનું હોય.
આમ છતાં તે અંગુલના અસંખ્યાતમાં ભાગથી અધિક હોતું નથી.

૨ પ્રત્યેક વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ શરીર એક હજાર યોજનથી કંઈક અધિક હોય છે. આ પ્રમાણ-માપ, કેટલાંક દ્રહો એક હજાર યોજનની ઊંડાઈવાળા હોય છે જેમાં કમળો થાય છે, તેને આશ્રયીને કહ્યું છે.

KOKUYO W-NB280U

તેમાં એક હજાર યોજન જેટલો પાણીનો ભાગ - તેટલી કમળની નાળ હોય છે અને પાણીની સપાટી ઉપર રહેલું કમળ તેથી અધિક હોય છે → તેથી "એક હજાર યોજનથી કંઈક અધિક" એવી તેની ઊંચાઈ- અવગાહના કહેલી છે. અઢી દ્વીપની બહાર કેટલીક લતાઓ પણ આવડાં પ્રમાણવાળી થાય છે.

૧ આપણી વર્તમાન દુનિયા, કે જે જૈન શાસ્ત્રોએ વર્ણવેલા મધ્યલોકની વચ્ચે આવેલાં જંબુદ્વીપનો એક બહુ નાનો ભાગ છે, તેમાં પણ પ્રત્યેક વનસ્પતિકાય સંબંધી કેટલોક આશ્ચર્યજનક વિકાસ જોવા મળે છે, તેની અહીં નોંધ કરવી ઉચિત ગણાશે :

(a) United States ના California પ્રાંતના ટુલેર પરગણાનાં જંગલમાં એવાં વૃક્ષો મળી આવ્યાં છે કે જેનો ઘેરાવો મૂળમાં ૧૦૮ ફૂટ જેટલો અને ૧૨ ફૂટની ઊંચાઈએ ૭૬ ફૂટ જેટલો છે.

(b) ફ્લોરીડાના દરિયાઈ ભાગમાં ૨૦ ફૂટ ઊંચો, ૧૫ ફૂટ પહોળો અને દર વર્ષે ૫૦,૦૦૦ ફૂલ આપતો ગુલાબનો છોડ છે.

(c) Australia માં યુકેલિપ્ટસનાં વૃક્ષો ૫૦૦ ફૂટ ઊંચા થાય છે.

તાત્પર્ય એ કે, સ્થાન- સંયોગો અનુસાર, છોડ, લતા, વેલ, વૃક્ષો વગેરે ઘણાં મોટાં થાય છે. એટલે અહીં જે પ્રત્યેક વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ પ્રમાણ બતાવવામાં આવ્યું છે, તેનાથી જરાપણ નવાઈ પામવા જેવું નથી.

૧ સૂક્ષ્મ શરીર ગમે તેટલાં ભેગાં કરવામાં આવે, તો પણ આપણે જોઈ શકતાં નથી, જ્યારે બાદર શરીરો અમુક પ્રમાણમાં ભેગાં થાય ત્યારે આપણે જોઈ શકીએ છીએ.

૧ જૈન શાસ્ત્રોમાં જણાવ્યું છે કે, જો માત્ર લીલા આમળાની size જેટલા પૃથ્વીકાયનાં જીવો સરસવના દાણા જેટલી કાયા કરે તો એક લાખ યોજન-પ્રમાણ જંબુદ્વીપમાં સમાય નહીં. તેમજ, અપકાયનાં એક બિંદુમાં રહેલાં જીવો જો કબૂતર જેવડી કાયા કરે તો તે પણ જંબુદ્વીપમાં સમાય નહીં.

## II વિકલેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના :

(a) પર્યાપ્તા બેઈન્દ્રિય જીવો : ૧૨ યોજન (શંખ વગેરે)
(b) પર્યાપ્તા તેઈન્દ્રિય જીવો : 3 ગાઉ (કાનખજૂરા વગેરે)
(c) પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવો : ૧ યોજન (ભમરા વગેરે)

૧ વિકલેન્દ્રિયની આ ઉત્કૃષ્ટ અવગાહના પ્રાયઃ અઢીદ્વીપની બહાર થતાં જીવોની સમજવી.

અહીં 'પ્રાયઃ' શબ્દ એટલા માટે કહેલો છે કારણ કે :

અંતર્મુહૂર્તના આયુષ્યવાળા, ઉત્પન્ન થતાં જ ૧૨ યોજન શરીરવાળા થઈ, (મરણ પામતાં) પૃથ્વીમાં તેવડી મોટો (૧૨ યોજનનો) ખાડો પડવાથી, ચક્રવર્તીનાં સૈન્યને પણ ગરકાવ કરી દેનારા, 'આસાલિક' જાતિના સર્પને શાસ્ત્રમાં ઉરપરિસર્પ અને મતાંતરે બેઈન્દ્રિય કહ્યાં છે, તેવાં આસાલિક સર્પ અઢીદ્વીપમાં જ સંભવે છે. માટે, 'પ્રાયઃ અઢીદ્વીપની બહાર' એમ કહ્યું છે.

## III પંચેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના :

(a) નારક જીવોની ઉત્કૃષ્ટ અવગાહના : (૧ ધનુષ્ય = ૯૬ અંગુલ)

| | ઉત્કૃષ્ટ | જઘન્ય |
|---|---|---|
| પહેલી નરક = | ૭॥ ધનુષ્ય ૬ અંગુલ | ૩ હાથ |
| બીજી નરક = | ૧૫॥ ધનુષ્ય ૧૨ અંગુલ | ૭॥ ધનુ. ૬ અંગુલ |
| ત્રીજી નરક = | ૩૧। ધનુષ્ય | ૧૫॥ ધનુ. ૧૨ અંગુલ |
| ચોથી નરક = | ૬૨॥ ધનુષ્ય | ૩૧। ધનુ. |
| પાંચમી નરક = | ૧૨૫ ધનુષ્ય | ૬૨॥ ધનુ. |
| છઠ્ઠી નરક = | ૨૫૦ ધનુષ્ય | ૧૨૫ ધનુ. |
| સાતમી નરક = | ૫૦૦ ધનુષ્ય | ૨૫૦ ધનુ. |

૧ આ ઉત્કૃષ્ટ અવગાહના, મૂળ વૈક્રિય શરીરની અપેક્ષાએ કહી છે.

૧ ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ, એનાથી (મૂળથી) ડબલ અવગાહના જાણવી.

૧ અગાઉ જણાવ્યાં પ્રમાણે, જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ પ્રમાણે ઉત્પત્તિના પ્રથમ સમયે જાણવી. પરંતુ, ઉત્પન્ન થયાં બાદ, જઘન્ય અવગાહના : પહેલી નરકમાં ૩ હાથ અને બીજી → સાતમી નરકમાં મૂળ વૈક્રિય શરીર કરતાં અડધી જાણવી.

નોંધ: ઉત્તર વૈક્રિય શરીર : કારણ પ્રસંગે દેવતા, નારકી, તથા લબ્ધિધારી મનુષ્ય-તિર્યંચ પોતાના શરીરથી જુદું બીજું શરીર બનાવે તે ઉત્તર વૈક્રિય શરીર કહેવાય.

(b) દેવતાઓની ઉત્કૃષ્ટ અવગાહના :

| | અવગાહના | | દેવોની જાતિ |
|---|---|---|---|
| (૧) | ૭ હાથ | : | ભવનપતિ, પરમાધાર્મિક, વ્યંતર, વાણવ્યંતર, તિર્યગ્જૃંભક, જ્યોતિષી (ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા), પહેલા (સૌધર્મ) અને બીજા (ઈશાન) દેવલોક, ત્રણ પલ્યા કિલ્બિષીક |
| (૨) | ૬ હાથ | : | ત્રીજા (સનત્કુમાર) અને ચોથા (માહેન્દ્ર) દેવલોક, ત્રણ સાગરિયા કિલ્બિષીક |
| (૩) | ૫ હાથ | : | પાંચમા (બ્રહ્મલોક) અને છઠ્ઠા (લાંતક) દેવલોક, તેર સાગરિયા કિલ્બિષીક, નવ લોકાંતિક |
| (૪) | ૪ હાથ | : | સાતમા (મહાશુક્ર) અને આઠમા (સહસ્રાર) દેવલોક |
| (૫) | ૩ હાથ | : | નવમા (આણત), દસમા (પ્રાણત), અગિયારમા (આરણ), બારમા (અચ્યુત) |
| (૬) | ૨ હાથ | : | નવ ગ્રૈવેયક |
| (૭) | ૧ હાથ | : | પાંચ અનુત્તર વિમાન |

- ઉપર જણાવેલી અવગાહના મૂળ વૈક્રિય શરીરની અપેક્ષાએ છે.
- ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના એક લાખ યોજન હોય.
- નવ ગ્રૈવેયક અને ૫ અનુત્તરનાં દેવો શક્તિ હોવાં છતાં પણ ઉત્તર વૈક્રિય શરીર બનાવતાં નથી.
- દેવોની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી ઉત્પત્તિના પ્રથમ સમયે જાણવી.

(c) પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના :

- પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના, ક્ષેત્ર પ્રમાણે અને આરા પ્રમાણે અલગ-અલગ હોય છે.

મનુષ્ય

૧૫ કર્મભૂમિ    ૩૦ અકર્મભૂમિ    ૫૬ અંતરદ્વીપ

No.
Date

(a) ૫૬ અંતરદ્વીપનાં મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના ૮૦૦ ધનુષ્ય હોય છે.

(b) ૩૦ અકર્મભૂમિનાં મનુષ્યોની અવગાહના :
〈i〉 ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ = ૩ ગાઉ
〈ii〉 ૫ હરિવર્ષ અને ૫ રમ્યક્ = ૨ ગાઉ
〈iii〉 ૫ હિમવંત અને ૫ હિરણ્યવંત = ૧ ગાઉ

(c) ૧૫ કર્મભૂમિનાં મનુષ્યોની અવગાહના :
〈i〉 ૫ મહાવિદેહ ક્ષેત્રમાં = ૫૦૦ ધનુષ્ય
〈ii〉 ૫ ભરત અને ૫ ઐરાવત ક્ષેત્રમાં આરા પ્રમાણે હોય :

| અવસર્પિણી | ઉત્સર્પિણી |
|---|---|
| પહેલો આરો = ૩ ગાઉ | પહેલો આરો = ૨ હાથ |
| બીજો આરો = ૨ ગાઉ | બીજો આરો = ૭ હાથ |
| ત્રીજો આરો = ૧ ગાઉ | ત્રીજો આરો = ૫૦૦ ધનુષ્ય |
| ચોથો આરો = ૫૦૦ ધનુષ્ય | ચોથો આરો = ૧ ગાઉ |
| પાંચમો આરો = ૭ હાથ | પાંચમો આરો = ૨ ગાઉ |
| છઠ્ઠો આરો = ૨ હાથ | છઠ્ઠો આરો = ૩ ગાઉ |

૧ દેવકુરુ - ઉત્તરકુરુમાં અવસર્પિણીના પહેલાં આરા જેવાં ભાવો, હરિવર્ષ - રમ્યક્‌માં અવસર્પિણીના બીજાં આરા જેવાં ભાવો, હિમવંત - હિરણ્યવંતમાં અવસર્પિણીના ત્રીજાં આરા જેવાં ભાવો, મહાવિદેહ ક્ષેત્રોમાં અવસર્પિણીનાં ચોથાં આરા જેવાં ભાવો, અંતરદ્વીપમાં અવસર્પિણીનાં ત્રીજાં આરાનાં છેડા જેવાં ભાવો, પ્રવર્તે છે.

(d) <u>પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના:</u>

પર્યા. તિર્યંચ પંચેન્દ્રિય જીવો
→ 〈i〉 જળચર
→ સ્થળચર
  → 〈ii〉 ચતુષ્પદ
  → 〈iii〉 ઉરપરિસર્પ
  → 〈iv〉 ભુજપરિસર્પ
→ 〈v〉 ખેચર

ઉપર જણાવેલ ૫ ભેદના - ગર્ભજ અને સંમૂર્છિમ = ૧૦ ભેદ.

| | પર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિય | ગર્ભજ | સંમૂર્છિમ |
|---|---|---|---|
| (i) | જળચર | હજાર યોજન | હજાર યોજન |
| (ii) | ચતુષ્પદ | છ ગાઉ | ગાઉ પૃથક્ત્વ |
| (iii) | ઉરપરિસર્પ | હજાર યોજન | યોજન પૃથક્ત્વ |
| (iv) | ભુજપરિસર્પ | ગાઉ પૃથક્ત્વ | ધનુષ્ય પૃથક્ત્વ |
| (v) | ખેચર | ધનુષ્ય પૃથક્ત્વ | ધનુષ્ય પૃથક્ત્વ |
| | | | |

૧ પૃથક્ત્વ એટલે શું ?

જવાબ: પૃથક્ત્વ એટલે ૨ થી ૯.
ગાઉ પૃથક્ત્વ એટલે ૨ ગાઉ થી ૯ ગાઉ
યોજન પૃથક્ત્વ એટલે ૨ યોજન થી ૯ યોજન
ધનુષ્ય પૃથક્ત્વ એટલે ૨ ધનુષ્ય થી ૯ ધનુષ્ય

૧ ગર્ભજ ચતુષ્પદની ઉત્કૃષ્ટ અવગાહના ૬ ગાઉ અને સંમૂર્છિમ ચતુષ્પદની ઉત્કૃષ્ટ અવગાહના ગાઉ પૃથક્ત્વ કહી છે, તો શું ગર્ભજ કરતાં સંમૂર્છિમની અવગાહના વધુ હોઈ શકે ?

જવાબ: ના, ગર્ભજ કરતાં સંમૂર્છિમની અવગાહના અલ્પ (ઓછી) જ હોય છે. માટે ગાઉ પૃથક્ત્વ કહ્યું છે અને તેમાં પણ છ ગાઉથી વધુ ન સમજતાં, ૬ ગાઉથી અલ્પ જ સમજવું.

૧ લવણ સમુદ્રમાં = ૫૦૦ યોજનના
કાળોદધિ સમુદ્રમાં = ૭૦૦ યોજનના } માછલા હોય છે.
સ્વયંભૂરમણ સમુદ્રમાં = ૧૦૦૦ યોજનના

૧ ઉત્કૃષ્ટ અવગાહના (છ ગાઉ) વાળા ચતુષ્પદ હાથી વગેરે ઉત્તરકુરુક્ષેત્ર અને દેવકુરુ ક્ષેત્રમાં હોય છે.

૧ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ઉરપરિસર્પ (સર્પ વગેરે) અને ભુજપરિસર્પ (ગિરોલી વગેરે) અઢી દ્વીપની બહાર હોય છે.

No.
Date

## બીજું દ્વાર : આયુષ્ય દ્વાર

આયુષ્ય અંગે વિશેષ માહિતી :

(૧) જીવ પરભવનું આયુષ્ય આખા ભવમાં એક જ વાર બાંધે છે.

(૨) દેવો, નારકો, યુગલિક મનુષ્યો, યુગલિક તિર્યંચો પોતાનાં આયુષ્યનાં છ મહિના બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે.

(૩) ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, નારદજી વગેરે અનપવર્તન આયુષ્ય વાળાં જીવો, પોતાનાં આયુષ્યનાં ૨/૩ ભાગે = બે ભાગ પસાર થયે અને ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે.
દા.ત. : ૯૯૦૦૦ વર્ષનું આયુષ્ય હોય, તો ૬૬૦૦૦ વર્ષ પસાર થયે અને ૩૩૦૦૦ વર્ષ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે.

(૪) તે સિવાયનાં સઘળાં જીવો, પોતાનાં આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે, અથવા નવમો ભાગ બાકી રહે ત્યારે, અથવા ૨૭મો ભાગ બાકી રહે ત્યારે ; એમ વિચારતાં-વિચારતાં છેવટે મૃત્યુને અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે.
દા.ત.: ૧૦૮ વર્ષનું કોઈનું આયુષ્ય હોય, તો તે ૩૬ વર્ષ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે; જો ત્યારે ન બાંધે, તો ૧૨ વર્ષ બાકી રહે ત્યારે બાંધે ; જો ત્યારે પણ ન બાંધે, તો ૪ વર્ષ બાકી રહે ત્યારે બાંધે .... એમ વિચારતાં-વિચારતાં છેવટે મૃત્યુને અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધી, શેષ અંતર્મુહૂર્ત જીવી પછી મૃત્યુ પામે છે.

(૫) આયુષ્ય કર્મ બાંધવાનો સમય અંતર્મુહૂર્તનો છે.

(૬) આયુષ્ય બે પ્રકારનાં છે : (a) દ્રવ્ય આયુષ્ય (b) કાળ આયુષ્ય.
આયુષ્ય કર્મનાં પુદ્ગલોનો જથ્થો તે 'દ્રવ્ય આયુષ્ય' કહેવાય, અને તે દ્રવ્ય આયુષ્ય ક્રમશઃ થોડું થોડું ભોગવતાં જેટલાં સમય સુધી ચાલે તે સમય મર્યાદાને 'કાળ આયુષ્ય' કહેવાય.

(૭) દરેક જીવ 'દ્રવ્ય આયુષ્ય' તો પૂરેપૂરું ભોગવે જ છે, પણ 'કાળ આયુષ્ય પૂરેપૂરું ભોગવે પણ ખરા અને ન પણ ભોગવે. તેથી કાળ આયુષ્યના બે પ્રકાર થાય :
(a) નિરૂપક્રમ – કાળ આયુષ્ય પૂરેપૂરું ભોગવે
(b) સોપક્રમ – કાળ આયુષ્ય પૂરેપૂરું ન ભોગવે.

દા.ત. : એક લાંબુ દોરડું હોય, તે દોરડું એક છેડેથી ક્રમશઃ બળતાં-બળતાં, એક કલાકે પૂરેપૂરું બળે તેમ હોય, પરંતુ, તે જ દોરડાનું ગુંચળુ બનાવીને અગ્નિમાં નાખી દેવામાં આવે તો પાંચ જ મિનિટમાં બળી જાય. એટલે બંને રીતે દોરડું તો પૂરેપૂરું (≈ દ્રવ્ય આયુષ્ય) બળે જ પરંતુ તેનો કાળ અલગ-અલગ (નિરૂપક્રમ = ૧ કલાક) (સોપક્રમ = ૫ મિનીટ) (≈ કાળ આયુષ્ય) હોય છે.

દા.ત. : એક ભાઈનું આયુષ્ય એટલે આયુષ્ય કર્મના દલિકો ૧૦૦ વર્ષ ચાલે તેટલાં હતાં. પરંતુ, ૪૦ વર્ષની ઉંમરે દરિયામાં પડીને આપઘાત કરવાથી બાકીના ૬૦ વર્ષના કર્મદલિકો અંતર્મુહૂર્તમાં એક સાથે જ ખલાસ થઈ ગયાં અને મૃત્યુ થયું.

(૮) આયુષ્યનો ક્ષય સાત પ્રકારે થાય છે :

ⓐ પ્રબળ અધ્યવસાયથી : કોઈ સ્ત્રી અથવા પુરુષને અત્યંત કામાસક્તિ હોય અને પ્રિયપાત્રનો વિયોગ થાય, તો શીઘ્ર આયુષ્યનો ક્ષય થાય છે અને મૃત્યુ નીપજે છે.

ⓑ નિમિત્તથી : શસ્ત્રાદિકનો આઘાત થાય, વિષપાન કર્યું હોય, કે દંડ-ચાબૂકનો સખત પ્રહાર થાય, તો શીઘ્ર આયુષ્યનો ક્ષય થાય અને મરણ નીપજે છે.

ⓒ આહારથી : અતિ અલ્પ આહાર કરતાં શરીર કૃશ થતાં, અતિ સ્નિગ્ધ આહાર કરવાથી રોગાદિ થતાં, અને અતિ ભારે, ઘણો, અહિતકર આહાર કરવાથી પણ આયુષ્યનો શીઘ્ર ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

ⓓ વેદનાથી : શૂળ વગેરે ભયંકર વ્યાધિઓની વેદનાથી પણ શીઘ્ર આયુષ્યનો ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

ⓔ પરાઘાતથી : અન્ય તરફથી થયેલા આઘાતથી, અથવા ઊંડા ખાડા-ખીણ વગેરેમાં પડવાથી કે પર્વત પરથી ઝંપાપાત કરવાથી શીઘ્ર આયુષ્યનો ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

ⓕ સ્પર્શથી : ચામડીને તાલપુટ વિષનો સ્પર્શ થાય, અગ્નિનો સ્પર્શ થાય કે ભયંકર સર્પાદિક ઝેરી વસ્તુનો સ્પર્શ થાય કે વિષકન્યાનો સ્પર્શ થાય તો શીઘ્ર આયુષ્યનો ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

No ..........
Date

(૭) આણપ્રાણથી : શ્વાસનું રુંધન થવાથી, કોઈ ગળે ફાંસો ઘાલે તો શ્વાસનું રુંધન થાય છે. અથવા ગળા કે નાકમાં કોઈ પ્રકારની આડખીલી ઊભી થાય તો પણ શ્વાસનું રુંધન થાય છે. વળી રોગાદિ કારણોએ પણ શ્વાસનું રુંધન થાય છે અને તેથી શીઘ્ર આયુષ્યનો ક્ષય થાય છે અને મરણ નીપજે છે. જેને આજે લોક-વ્યવહારમાં હાર્ટ-એટેક (heart attack) નાં નામથી ઓળખાવે છે.

ઉપર જણાવેલ કારણોને 'ઉપક્રમ' કહેવાય છે. આવાં ઉપક્રમો લાગવાં છતાં પણ જે આયુષ્યમાં લેશમાત્ર ઘટાડો ન થાય તે 'અનપર્વતન્' આયુષ્ય ≈ 'નિરૂપક્રમ' આયુષ્ય કહેવાય. અને આવાં ઉપક્રમો લાગવાથી જે આયુષ્યમાં ઘટાડો થાય - જલ્દી ભોગવાઈ જાય તે 'અપર્વતન્' આયુષ્ય ≈ 'સોપક્રમ' આયુષ્ય કહેવાય.

(૯) અનપર્વતન્ આયુષ્ય ગાઢ નિકાચિત બંધ વડે બંધાયેલ હોય છે, તેથી ગમે તેવા સંજોગોમાં - મરણાંત કષ્ટોમાં પણ આયુષ્ય ઘટતું નથી. જ્યારે અપર્વતન્ આયુષ્ય, તથાવિધ અધ્યવસાયના કારણે અપર્વતન પામે = ઘટી જાય, તે રીતે જ બંધાયેલ હોય છે.

દા.ત. : પ્રભુ વીર અનપ્પવર્તન્ આયુષ્યવાળા હતા - તેથી સંગમે માથા પર કાળચક્ર ફેંક્યું તો પણ નિર્વાણ (મૃત્યુ) ન પામ્યા. જ્યારે તેવું કાળચક્ર આપણા જેવાં અપવર્તન્ આયુષ્યવાળાના માથા પર ફેંકવામાં આવે તો તત્કાળ મૃત્યુ થઈ જાય. કદાચ બીજા ૫૦ વર્ષ જીવવાનું બાકી હોય તો પણ તત્કાળ મૃત્યુ થઈ જાય. તે વખતે અંતર્મુહૂર્તમાં જ આયુષ્યનાં બધાં પુદ્ગલો એક સાથે ભોગવાઈ જાય.

(૧૦) દેવ, નારક, યુગલિક મનુષ્ય, યુગલિક તિર્યંચ, તિર્થંકર, ચરમદેહી (આ ભવે જ મોક્ષે જનાર), ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, પ્રતિવાસુદેવ, નારદજી વગેરે અનપવર્તન્ આયુષ્યવાળા હોય છે. તે સિવાયનાં જીવોમાં કેટલાક અનપવર્તન્ આયુષ્યવાળાં પણ હોય અને કેટલાક અપવર્તન્ આયુષ્યવાળાં પણ હોય. અનપવર્તન્ આયુષ્યવાળાં જીવો પૂરેપૂરું આયુષ્ય (કાળ આયુષ્ય) ભોગવે અને અપવર્તન્ આયુષ્યવાળાં જીવોને ઉપક્રમ લાગે છે અને પૂરેપૂરું આયુષ્ય (કાળ આયુષ્ય) ભોગવી શકતાં નથી.

## ॐ કાળનું માપ :

અસંખ્ય સમય = એક આવલિકા
૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લકભવ
૧૭॥ ક્ષુલ્લકભવ = ૧ શ્વાસોશ્વાસ (પ્રાણ)
૭ પ્રાણ = ૧ સ્તોક
૭ સ્તોક = ૧ લવ
૭૭ લવ = ૧ મુહૂર્ત
૧ મુહૂર્ત = ૪૮ મીનિટ = ૨ ઘડી
30 મુહૂર્ત = ૧ દિવસ-રાત = ૨૪ કલાક
૧૫ દિવસ = ૧ પક્ષ
૨ પક્ષ = ૧ માસ
૨ માસ = ૧ ઋતુ
૩ ઋતુ = ૧ અયન
૨ અયન = ૧ વરસ
૮૪ લાખ વરસ = ૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ = ૭૦૫૬૦ અબજ વર્ષ

★ ૧ પલ્યોપમ = ૧ યોજન ઊંડા, ૧ યોજન લાંબા, ૧ યોજન પહોળા વર્તુળાકાર કૂવાને સાત દિવસની ઉંમરના યુગલિકના (એક વાળના અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે અસંખ્ય ટુકડા કરીને) વાળના અસંખ્ય ટુકડાથી ખીચોખીચ ભરીએ. એ કૂવામાં વાળ એવા ઠાંસીઠાંસીને ભર્યા હોય કે તેની પરથી ચક્રવર્તીની સેના, હજારો-લાખો સૈનિકો ચાલતાં પસાર થઈ જાય તો પણ ખાડો ન પડે. હવે આ ખાડામાંથી દર સો વરસે એક વાળનો ટુકડો કાઢતાં આખો કૂવો ખાલી થતાં જે સમય લાગે તેને '૧ પલ્યોપમ' કહેવાય.

૧ ક્રોડ પલ્યોપમ × ૧ ક્રોડ પલ્યોપમ = ૧ ક્રોડાક્રોડી પલ્યોપમ
૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમ = ૧ સાગરોપમ
૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ = ૧ ઉત્સર્પિણી = ૧ અવસર્પિણી
૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ = ૧ ઉત્સર્પિણી + ૧ અવસર્પિણી = કાળચક્ર
અનંતા કાળચક્ર = ૧ પુદ્ગલ પરાવર્ત

No.

Date

✿ આયુષ્યના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારો છે.
જઘન્ય = ઓછામાં ઓછું, ઉત્કૃષ્ટ = વધારેમાં વધારે અને
મધ્યમ એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેનું.

- સર્વે ઔદારિક શરીરનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.
- સર્વે અપર્યાપ્તા જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.
- સર્વે સૂક્ષ્મ જીવોનું (સ્થાવર એકેન્દ્રિય) ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.
- સર્વે બાદર જીવો (સ્થાવર એકેન્દ્રિય) અને પર્યાપ્તા જીવો (વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો) નું ઉ. આયુષ્ય અલગ-અલગ હોય છે. તે નીચે પ્રમાણે જાણીએ :

**[I] એકેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય :**

- સૂક્ષ્મ એકેન્દ્રિય અને અપર્યાપ્તા એકેન્દ્રિય અને બાદર સાધારણ વનસ્પતિકાયનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય.
- બાદર-પર્યાપ્તા એકેન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય :

પૃથ્વીકાય = ૨૨૦૦૦ વર્ષ　　વાઉકાય = ૩૦૦૦ વર્ષ
અપકાય = ૭૦૦૦ વર્ષ　　પ્રત્યેક વનસ્પતિકાય = ૧૦,૦૦૦ વર્ષ.
તેઉકાય = ૩ અહોરાત્ર

- બાદર-પર્યાપ્તા પૃથ્વીકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય :

સુંવાળી પૃથ્વીકાય = ૧૦૦૦ વર્ષ
શુદ્ધ પૃથ્વીકાય = ૧૨૦૦૦ વર્ષ
વાલુકારૂપ પૃથ્વીકાય = ૧૪૦૦૦ વર્ષ
મણસિલ પૃથ્વીકાય = ૧૬૦૦૦ વર્ષ
કાંકરારૂપ પૃથ્વીકાય = ૧૮૦૦૦ વર્ષ
અતિ કઠિન પૃથ્વીકાય = ૨૨૦૦૦ વર્ષ

- શત્રુંજય ગિરિરાજ ઉપર ઘણા જૂનાં કાળનું રાયણનું ઝાડ વિદ્યમાન છે.
- પ્રયાગ પાસે લોયરાનો વડ ૧૫૦૦ વર્ષ જૂનો ગણાય છે.
- જેરુસલેમમાં ઓલીવ્લા ઝાડો વર્ષો પુરાણાં મળી આવે છે - ૫૦૦૦ વર્ષ પુરાણાં હોવાના પુરાવા મળ્યાં છે.
- એટલે બાદર પ્રત્યેક વનસ્પતિકાય (પર્યાપ્ત)ની ઉત્કૃષ્ટ આયુષ્ય મર્યાદા ૧૦૦૦૦ વર્ષની હોય તેમાં કોઈ શંકા રહેતી નથી.

II વિકલેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય :

૧ સર્વે અપર્યાપ્તા વિકલેન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય.

૧ સર્વે વિકલેન્દ્રિય જીવો (અપર્યાપ્તા + પર્યાપ્તા) નું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે.

૧ પર્યાપ્તા વિકલેન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય :
બેઈન્દ્રિય = ૧૨ વર્ષ તેઈન્દ્રિય = ૪૯ દિવસ ચઉરિન્દ્રિય = ૬ માસ

III પંચેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય :

(a) નારક જીવો (વૈક્રિય શરીર) :

| નરક | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|
| પહેલી - રત્નપ્રભા | ૧૦ હજાર વર્ષ | ૧ સાગરોપમ |
| બીજી - શર્કરાપ્રભા | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ત્રીજી - વાલુકાપ્રભા | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ચોથી - પંકપ્રભા | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| પાંચમી - ધૂમપ્રભા | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| છઠ્ઠી - તમ: પ્રભા | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| સાતમી - તમસ્તમ: પ્રભા | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

(b) દેવતા (વૈક્રિય શરીર) :

| | દેવ | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|---|
| ૧ | ભવનપતિ વગેરે | ૧૦ હજાર વર્ષ | સાધિક ૧ સાગરોપમ |
| ૨ | વ્યંતર વગેરે | ૧૦ હજાર વર્ષ | ૧ પલ્યોપમ |
| ૩ | જ્યોતિષી દેવો - ચંદ્ર | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ + ૧ લાખ વર્ષ |
| | સૂર્ય | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ + ૧ હજાર વર્ષ |
| | ગ્રહ | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| | નક્ષત્ર | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્યોપમ |
| | તારા | ૧/૮ પલ્યોપમ | ૧/૪ પલ્યોપમ |
| ૪ | પહેલું સૌધર્મ દેવલોક | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ૫ | બીજું ઈશાન દેવલોક | સાધિક ૧ પલ્યોપમ | સાધિક ૨ સાગરોપમ |
| ૬ | ત્રીજું સનત્કુમાર દેવલોક | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૭ | ચોથું માહેન્દ્ર દેવલોક | સાધિક ૨ સાગરોપમ | સાધિક ૭ સાગરોપમ |

No

Date

| | દેવ | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|---|
| ૮ | પાંચમો બ્રહ્મલોક દેવલોક | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૯ | છઠ્ઠો લાંતક દેવલોક | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| ૧૦ | સાતમો મહાશુક્ર દેવલોક | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૧૧ | આઠમો સહસ્રાર દેવલોક | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| ૧૨ | નવમો આણત દેવલોક | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| ૧૩ | દસમો પ્રાણત દેવલોક | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| ૧૪ | અગિયારમો આરણ દેવલોક | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| ૧૫ | બારમો અચ્યુત દેવલોક | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૧૬ | નવ ગ્રૈવેયક - ભદ્દે | ૨૨ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| | સુભદ્દે | ૨૩ સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| | સુજાએ | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| | સુમાણસે | ૨૫ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| | પ્રિયદંસણે | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| | સુદંસણે | ૨૭ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| | આમોહે | ૨૮ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| | સુપડિબદ્ધે | ૨૯ સાગરોપમ | 30 સાગરોપમ |
| | જશોધરે | 30 સાગરોપમ | 31 સાગરોપમ |
| ૧૭ | પહેલાં ૪ અનુત્તર વિમાન | 31 સાગરોપમ | 33 સાગરોપમ |
| | સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાન | 33 સાગરોપમ | 33 સાગરોપમ |
| ૧૮ | ૯ લોકાંતિક દેવો | ૮ સાગરોપમ | ૮ સાગરોપમ |
| ૧૯ | 3 કિલ્બિષીક દેવો : | | |
| | ત્રણ પલીયા | | 3 પલ્યોપમ |
| | ત્રણ સાગરિયા | | 3 સાગરોપમ |
| | તેર સાગરિયા | | 13 સાગરોપમ |

<u>નોંધ</u>: આ રીતે સર્વ નારક જીવોની અપેક્ષાએ અને સર્વ દેવતાઓની અપેક્ષાએ, નારક જીવોનું અને દેવોનું જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ આયુષ્ય 33 સાગરોપમ જાણવું.

KOKUYO W-N8280U

(c) **મનુષ્ય :**

૧ સર્વે સંમૂર્ચ્છિમ મનુષ્યોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ (આયુષ્ય) અંતર્મુહૂર્તનું હોય.

૧ સર્વે અપર્યાપ્તા મનુષ્યોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય.

૧ બાકીનાં મનુષ્યોનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય નીચે પ્રમાણે સમજવું:

| | મનુષ્ય ક્ષેત્ર | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|---|
| (૧) | 30 અકર્મભૂમિ : | | |
| | • ૫ દેવકુરુ | 3 પલ્યોપમથી કંઈક ન્યૂન | 3 પલ્યોપમ |
| | • ૫ ઉત્તરકુરુ | 3 પલ્યોપમથી કંઈક ન્યૂન | 3 પલ્યોપમ |
| | • ૫ હરિવર્ષ | ૨ પલ્યોપમથી કંઈક ન્યૂન | ૨ પલ્યોપમ |
| | • ૫ રમ્યક્ક્ષેત્ર | ૨ પલ્યોપમથી કંઈક ન્યૂન | ૨ પલ્યોપમ |
| | • ૫ હિમવંત | ૧ પલ્યોપમથી કંઈક ન્યૂન | ૧ પલ્યોપમ |
| | • ૫ હિરણ્યવંત | ૧ પલ્યોપમથી કંઈક ન્યૂન | ૧ પલ્યોપમ |
| (૨) | ૫૬ અંતરદ્વીપ | પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી કંઈક ન્યૂન | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| (3) | ૧૫ કર્મભૂમિ | | |
| | • ૫ મહાવિદેહ ક્ષેત્ર | અંતર્મુહૂર્ત | પૂર્વ ક્રોડ વર્ષ |

| | આરો | જઘન્ય | ઉત્કૃષ્ટ અવસર્પિણી | ઉત્કૃષ્ટ ઉત્સર્પિણી |
|---|---|---|---|---|
| • ૫ ભરત અને ૫ ઐરાવત ક્ષેત્રમાં આરા પ્રમાણે આયુષ્ય બદલાય | પહેલો | ↑ | 3 પલ્યોપમ | ૨૦ વર્ષ |
| | બીજો | | ૨ પલ્યોપમ | 130 વર્ષ |
| | ત્રીજો | અંતર્મુહૂર્ત | ૧ પલ્યોપમ | ૧ ક્રોડ પૂર્વ |
| | ચોથો | | ૧ ક્રોડ પૂર્વ | ૧ પલ્યોપમ |
| | પાંચમો | | 130 વર્ષ | ૨ પલ્યોપમ |
| | છટ્ઠો | ↓ | ૨૦ વર્ષ | 3 પલ્યોપમ |

No.
Date

(ઘ) તિર્યંચ પંચેન્દ્રિય :

૧ સર્વે અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય.

૧ સર્વે પર્યાપ્તા ગર્ભજ અને સંમૂર્છિમનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય.

૧ સર્વે પર્યાપ્તા ગર્ભજ અને સંમૂર્છિમનું ઉત્કૃષ્ટ આયુષ્ય નીચે પ્રમાણે છે:

| પર્યાપ્તા | ગર્ભજ | સંમૂર્છિમ |
|---|---|---|
| જળચર | ક્રોડ પૂર્વ વર્ષ | ક્રોડ પૂર્વ વર્ષ |
| ચતુષ્પદ | ૩ પલ્યોપમ | ૮૪ હજાર વર્ષ |
| ઉરપરિસર્પ | ક્રોડ પૂર્વ વર્ષ | ૫૩ હજાર વર્ષ |
| ભુજપરિસર્પ | ક્રોડ પૂર્વ વર્ષ | ૪૨ હજાર વર્ષ |
| ખેચર | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ | ૭૨ હજાર વર્ષ |

૧ યુગલિક તિર્યંચનું આયુષ્ય : ગર્ભજ ચતુષ્પદ અને ગર્ભજ ખેચરનું જે આયુષ્ય કહ્યું છે - તેના અસંખ્ય વર્ષ થાય. એ અસંખ્ય વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય યુગલિક તિર્યંચનું સમજવું અને જઘન્ય આયુષ્ય તેનાં કરતાં કાંઈક ઓછું સમજવું.

૧ મનુષ્યનાં આયુષ્ય જેટલું આયુષ્ય હાથી, સિંહ વગેરેનું હોય. એનાથી ચોથા ભાગે ઘોડા વગેરેનું હોય, બકરાં-ઘેટાં-શિયાળ વગેરેનું આઠમે ભાગે હોય, ગાય-ભેંસ-હરણ-ઊંટ-ગધેડા વગેરેનું પાંચમે ભાગે અને કૂતરા વગેરેનું દશમા ભાગે હોય છે. આ પ્રમાણે, તિર્યંચોના આયુષ્ય પ્રાયઃ સર્વે આરાઓમાં સરખા હોય છે.

૧ જૈન હિતોપદેશમાં વર્તમાનકાલે પ્રાણીઓનું વધારેમાં વધારે કેટલું આયુષ્ય હોય, તેની યાદી નીચે પ્રમાણે છે :

| નામ | આયુષ્ય (વર્ષ) | નામ | આયુષ્ય (વર્ષ) |
|---|---|---|---|
| કાચબો | ૧૦૦૦ | સુવર | ૫૦ |
| હાથી | ૧૨૦ | ઘોડો | ૪૦ |
| સિંહ | ૧૦૦ | ગાય | ૨૫ |
| વાઘ | ૬૪ | બળદ | ૨૫ |

KOKUYO W-NB260U

| નામ | આયુષ્ય (વર્ષ) | નામ | આયુષ્ય (વર્ષ) |
|---|---|---|---|
| ભેંસ | ૨૫ | બકરી | ૧૬ |
| ઊંટ | ૨૫ | ઘેંટુ | ૧૬ |
| હરણ | ૨૪ | સસલું | ૧૪ |
| ગધેડો | ૨૪ | શિયાળ | ૧૩ |
| ગેંડો | ૨૦ | બિલાડી | ૧૨ |
| કૂતરો | ૧૬ | | |

૧ પંચમકાળ તથા ભરતક્ષેત્રને આશ્રયીને પક્ષીઓનું આયુષ્ય નીચે પ્રમાણે હોય છે :

| નામ | આયુષ્ય (વર્ષ) | નામ | આયુષ્ય (વર્ષ) |
|---|---|---|---|
| હંસ | ૧૦૦ | બગલો | ૬૦ |
| કાગડો | ૧૦૦ | ઘુવડ | ૫૦ |
| ગીધ | ૧૦૦ | ચીબરી | ૫૦ |
| સારસ | ૬૦ | સમડી | ૫૦ |
| ક્રૌંચ | ૬૦ | વાગોળ | ૫૦ |
| મરઘો | ૬૦ | બપૈયા | ૩૦ |
| | | પોપટ | ૧૨ |

૧ સાપ – ૧૨૦ વર્ષ
ગરોળી – ૧ વર્ષ
કાંકીડો (કાચંડો) – ૧ વર્ષ

૧ <u>નોંધ</u>: યુગલિક તિર્યંચ ફક્ત ચતુષ્પદ અને ખેચર જ હોય. જળચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ જીવો યુગલિક તરીકે ન હોય.

No.
Date

## ત્રીજું દ્વાર - સ્વકાયસ્થિતિ દ્વાર

- 'સ્વ' એટલે 'પોતાની'. 'કાય' એટલે 'કાયા'
સ્વકાયસ્થિતિ = પોતાની જ કાયામાં પુનઃ પુનઃ સ્થિતિ કરવી.
એટલે, એક જ જાતિની કાયમાં વારંવાર ઉત્પન્ન થવા અને મરણ પામવા વડે પસાર થતો કાળ, તે 'સ્વકાયસ્થિતિ' કહેવાય.
- દેવ અને નારકો, પોતાની કાયામાં તરત ફરી જન્મતા નથી. એટલે કે, દેવ મરીને દેવગતિ ન પામે અને નારક મરીને નરકગતિ ન પામે.
એટલે, દેવ અને નારકોને સ્વકાયસ્થિતિ હોતી નથી.
તેવી જ રીતે, યુગલિક (મનુષ્ય કે તિર્યંચ) મરીને દેવગતિમાં જ જાય છે. તેથી, તેની પણ સ્વકાયસ્થિતિ હોતી નથી.
- તેથી, તિર્યંચો અને મનુષ્યોમાં જ સ્વકાયસ્થિતિ હોય છે, તે નીચે પ્રમાણે જાણવી :

(I) એકેન્દ્રિય જીવો :

- સૂક્ષ્મ પૃથ્વીકાય :- અસંખ્ય ઉત્સર્પિણી- અવસર્પિણી (અસંખ્ય કાળચક્ર)
- સૂક્ષ્મ અપકાય :- અસંખ્ય ઉત્સર્પિણી- અવસર્પિણી (અસંખ્ય કાળચક્ર)
- સૂક્ષ્મ તેઉકાય :- અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી (અસંખ્ય કાળચક્ર)
- સૂક્ષ્મ વાઉકાય :- અસંખ્ય ઉત્સર્પિણી- અવસર્પિણી (અસંખ્ય કાળચક્ર)
- બાદર પૃથ્વીકાય :- ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ (૩॥ કાળચક્ર)
- બાદર અપકાય :- ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ (૩॥ કાળચક્ર)
- બાદર તેઉકાય :- ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ (૩॥ કાળચક્ર)
- બાદર વાઉકાય :- ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ (૩॥ કાળચક્ર)
- પ્રત્યેક વનસ્પતિકાય :- ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ (૩॥ કાળચક્ર)

• સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય

અસાંવ્યવહારિક જીવો → અનાદિ- અનંત, અનાદિ- સાંત → અનંતા કાળચક્ર →(અઢી પુદ્ગલપરાવર્ત)

સાંવ્યવહારિક જીવો → સાદિ- સાંત → અસંખ્યાતા કાળચક્ર

• સાંવ્યવહારિક બાદર સાધારણ વનસ્પતિકાય :- ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ

KOKUYO W N8280U

Date

* જે જીવો અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાં પડેલા છે અને કોઈપણ સમયે, તથાવિધ સામગ્રીનાં અભાવે તેમાંથી બહાર નીકળી વ્યવહાર રાશિમાં એટલે કે સૂક્ષ્મ-બાદર-પૃથ્વીકાયાદિપણે વિવિધ વ્યવહારમાં આવ્યાં નથી, તેમને 'અસાંવ્યવહારિક' જીવો કહેવામાં આવે છે. તે બે પ્રકારનાં હોય છે : (૧) અનાદિ-અનંત સ્થિતિવાળા : જે કદાપિ વ્યવહાર રાશિમાં આવ્યા નથી અને ક્યારેય પણ આવવાના નથી. (૨) અનાદિ-સાંત સ્થિતિવાળા : જે હજુ સુધી વ્યવહાર રાશિમાં આવ્યા નથી પણ ભવિષ્યમાં નિશ્ચિત આવવાના છે.
* જે જીવો સૂક્ષ્મ નિગોદમાંથી તથાવિધ સામગ્રીના યોગે પૃથ્વીકાયાદિ સૂક્ષ્મ-બાદર ના વ્યવહારમાં એક વખત પણ આવેલાં હોય, તે 'સાંવ્યવહારિક' જીવો કહેવાય. પછી કર્મયોગે ભલે તેઓ પાછા સૂક્ષ્મ નિગોદમાં આવેલાં હોય. તે સાદિ-સાંત સ્થિતિવાળા કહેવાય.
* અસાંવ્યવહારિક જીવોની સ્વકાયસ્થિતિ અનંતા કાળચક્ર છે અને સાંવ્યવહારિક જીવોની સ્વકાયસ્થિતિ અસંખ્યાતા કાળચક્ર છે.

II <u>વિકલેન્દ્રિય જીવો</u> : ઉત્કૃષ્ટ સ્વકાયસ્થિતિ

બેઈન્દ્રિય જીવો :- સંખ્યાતા વર્ષ
તેઈન્દ્રિય જીવો :- સંખ્યાતા વર્ષ
ચઉરિન્દ્રિય જીવો :- સંખ્યાતા વર્ષ

III <u>પંચેન્દ્રિય જીવો</u> :

* નારક અને દેવોને સ્વકાયસ્થિતિ હોતી નથી.
* તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યની સ્વકાયસ્થિતિ ૭ કે ૮ ભવ હોય છે. એટલે કે, તેઓ સતત વધુમાં-વધુ સાત ભવ સુધી સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તરીકે જન્મ લે અને આઠમો ભવ બીજી ગતિમાં કરે. જો આઠમો ભવ તે જ ગતિમાં કરે તો તે અવશ્ય યુગલિક (મનુષ્ય કે તિર્યંચ) તરીકે જ કરે અને યુગલિકો મરીને નિયમા દેવલોકે જ જાય. વળી તિર્યંચમાં આઠમો ભવ ગર્ભજ ચતુષ્પદ કે ગર્ભજ ખેચરનો જ સમજવો કારણ કે બાકીના તિર્યંચ યુગલિક ન હોય.
* કોઈપણ તિર્યંચ પંચેન્દ્રિય એક જ જાતિના ૭-૮ ભવ અથવા જુદા-જુદા જાતિના તિર્યંચ પંચેન્દ્રિય તરીકે પણ ૭-૮ ભવ જ કરે.

No.
Date

## ચોથું દ્વાર : પ્રાણ દ્વાર

જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ જીવનાં લક્ષણો છે. અર્થાત્ એ જીવને જ હોય અને જીવ સિવાય કોઈને પણ ન હોય. આ લક્ષણોને 'ભાવપ્રાણ' કહેવામાં આવે છે. મોક્ષના જીવોને (સિદ્ધોને) આ ભાવપ્રાણો પરિપૂર્ણ રીતે પ્રગટ થયેલાં હોય છે, જ્યારે સંસારી જીવોને ઓછા-વત્તા અંશે પ્રગટ થયેલાં હોય છે. ભાવ પ્રાણોનો અનંતમો ભાગ તો દરેક સંસારી જીવોને ખુલ્લો હોય જ છે. શરીરધારી જીવોમાં કેવળજ્ઞાન પામેલા આત્માઓને (કેવળી, તીર્થંકર) ભાવપ્રાણો પરિપૂર્ણ રીતે પ્રગટ થયેલાં હોય છે.

સંસારી જીવોને, ભાવપ્રાણો ઉપરાંત 'દ્રવ્યપ્રાણ' પણ હોય છે. તેથી, તેમને 'પ્રાણી' પણ કહેવામાં આવે છે.

દ્રવ્યપ્રાણ હોવાને કારણે સંસારી જીવને 'દ્રવ્ય જીવ' પણ કહેવાય જ્યારે મોક્ષનાં આત્માઓને ભાવ પ્રાણ જ હોવાથી 'ભાવ જીવ' કહેવાય છે. તેમને દ્રવ્યપ્રાણ હોતાં નથી. દ્રવ્યપ્રાણ ફક્ત શરીરધારી જીવોને (સંસારી) હોય છે, અશરીરી (સિદ્ધ) જીવોને હોતાં નથી.

❀ દ્રવ્યપ્રાણનાં દસ પ્રકાર :

૫ ઈન્દ્રિય + ૩ બળ + શ્વાસોશ્વાસ + આયુષ્ય = ૧૦ દ્રવ્યપ્રાણ

૫ ઈન્દ્રિય : શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય

૩ બળ : મનબળ, વચનબળ, કાયબળ

❀ પ્રાણ એટલે સંસારી જીવોનું જીવન. કોઈ વ્યક્તિ જીવે છે કે નહીં- તે ઉપર જણાવેલ દ્રવ્યપ્રાણોનાં આધારે જાણી શકાય છે. આ દ્રવ્યપ્રાણો જ્યારે નાશ પામે છે ત્યારે જીવ મૃત્યુ પામ્યો તેમ 'વ્યવહારમાં' કહેવાય. પરંતુ હકીકતમાં, આત્માનાં લક્ષણરૂપ ભાવપ્રાણો તો જીવની સાથે જ રહેતાં હોવાથી (ક્યારેય આત્માનો ભાવપ્રાણોથી વિયોગ થતો ન હોવાથી) જીવ કદાપિ મૃત્યુ પામતો નથી. મૃત્યુ એટલે આત્મા-શરીરનો દ્રવ્યપ્રાણોથી વિયોગ, ભાવપ્રાણો તો સૂક્ષ્મ નિગોદથી કરીને મોક્ષ સુધી આત્માની સાથે જ હોય છે. એટલે ભાવજીવ કદાપિ મૃત્યુ પામતો નથી, ફક્ત દ્રવ્યજીવ મૃત્યુ પામે છે.

KOKUYO W N8280U

(*) કયા જીવને કેટલાં પ્રાણ હોય ? : (પર્યાપ્તા જીવોને)

(૧) એકેન્દ્રિય જીવને ૪ પ્રાણ હોય : સ્પર્શેન્દ્રિય, કાયબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય
(૨) બેઈન્દ્રિય જીવને ૬ પ્રાણ હોય : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય.
(૩) તેઈન્દ્રિય જીવને ૭ પ્રાણ હોય : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય
(૪) ચઉરિન્દ્રિય જીવને ૮ પ્રાણ હોય : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ, આયુષ્ય
(૫) અસંજ્ઞી પંચેન્દ્રિય જીવને ૯ પ્રાણ હોય : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોતેન્દ્રિય, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય
(૬) સંજ્ઞી પંચેન્દ્રિય જીવને ૧૦ પ્રાણ હોય : સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોતેન્દ્રિય, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય.

(*) પર્યાપ્તિ : પ્રાણનું કારણ પર્યાપ્તિ છે. પર્યાપ્તિ 'કારણ' છે અને પ્રાણ 'કાર્ય' છે. પર્યાપ્તિ વડે પ્રાણ ચાલે છે.
પર્યાપ્તિ ૬ છે : આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા, મન.

| | કઈ પર્યાપ્તિ વડે | કયા પ્રાણ ચાલે |
|---|---|---|
| (૧) | આહાર પર્યાપ્તિ વડે | આયુષ્ય પ્રાણ ચાલે |
| (૨) | શરીર પર્યાપ્તિ વડે | કાયબળ પ્રાણ ચાલે |
| (૩) | ઈન્દ્રિય પર્યાપ્તિ વડે | ૫ ઈન્દ્રિય પ્રાણ ચાલે |
| (૪) | શ્વાસોશ્વાસ પર્યાપ્તિ વડે | શ્વાસોશ્વાસ પ્રાણ ચાલે |
| (૫) | ભાષા પર્યાપ્તિ વડે | વચનબળ પ્રાણ ચાલે |
| (૬) | મન પર્યાપ્તિ વડે | મનબળ પ્રાણ ચાલે. |

(*) અપર્યાપ્તા જીવો માત્ર ત્રણ જ પર્યાપ્તિઓ (આહાર, શરીર, ઈન્દ્રિય) પૂર્ણ કરતાં હોવાથી, તેમને શ્વાસોશ્વાસ, વચનબળ, મનબળ - આ ત્રણ પ્રાણ તો હોય જ નહીં.

No.
Date

✿ કયા જીવને કેટલાં પ્રાણ હોય? : (અપર્યાપ્તા જીવોને)

(૧) અપર્યાપ્તા એકેન્દ્રિયને ૩ પ્રાણ હોય :
આયુષ્ય, કાયબળ, સ્પર્શેન્દ્રિય.

(૨) અપર્યાપ્તા બેઈન્દ્રિયને ૪ પ્રાણ હોય :
આયુષ્ય, કાયબળ, સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય

(૩) અપર્યાપ્તા તેઈન્દ્રિયને ૫ પ્રાણ હોય :
આયુષ્ય, કાયબળ, સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય.

(૪) અપર્યાપ્તા ચઉરિન્દ્રિયને ૬ પ્રાણ હોય :
આયુષ્ય, કાયબળ, સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય

(૫) અપર્યાપ્તા પંચેન્દ્રિયને ૭ પ્રાણ હોય :
આયુષ્ય, કાયબળ, સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય.

✿ પર્યાપ્તા - અપર્યાપ્તા જીવ :
જે જીવને જેટલી પર્યાપ્તિઓ પૂર્ણ કરવાની હોય, તેટલી પૂર્ણ કરે તો તે 'પર્યાપ્ત' કહેવાય. અને જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે તો તે 'અપર્યાપ્ત' કહેવાય.
એકેન્દ્રિય - ૪ પર્યાપ્તિ, વિકલેન્દ્રિય - ૫ પર્યાપ્તિ,
પંચેન્દ્રિય - ૬ પર્યાપ્તિ હોય છે.
જો ઉપર જણાવેલ પર્યાપ્તિ પૂર્ણ કરે તો 'પર્યાપ્ત' કહેવાય અને પર્યાપ્તિ પૂર્ણ ન કરે તો 'અપર્યાપ્ત' કહેવાય.

**નોંધ:** પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય = પર્યાપ્તા સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય
પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય = દેવ, નારક, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, (પર્યાપ્તા), ગર્ભજ મનુષ્ય (પર્યાપ્તા).

સંમૂર્છિમ મનુષ્યો અપર્યાપ્તા હોવાથી તેમને ૭ પ્રાણ હોય છે.

# પાંચમું દ્વાર : યોનિ દ્વાર

૧ યોનિ : જીવને ઉત્પન્ન થવાનું સ્થાન

૧ આ આત્મા, પૂર્વ ભવના શરીરનો નાશ થયા પછી, નવું શરીર ધારણ કરવાના સ્થાને, શરીર રચના માટે, ગ્રહણ કરેલાં પુદ્ગલોને, તપ્ત લોઢાનો ગોળો પાણીને જે રીતે ગ્રહણ કરી લે છે, તે રીતે કાર્મણ શરીરની સાથે ભેળવી દે છે, તે સ્થાનને 'યોનિ' કહેવાય છે.

૧ યોનિનાં મુખ્ય ૯ પ્રકારો છે :

(૧) સચિત્ત યોનિ : જીવપ્રદેશવાળી યોનિને સચિત્ત યોનિ કહેવાય.
દા.ત. : ગાયના શરીરમાં કૃમિ વગેરે ઉત્પન્ન થાય છે, તો ગાયનું શરીર ચૈતન્ય પરિણામવાળું હોવાથી, કૃમિ માટે તે સચિત્ત યોનિ થાય.

(૨) અચિત્ત યોનિ : જીવપ્રદેશથી રહિત યોનિને અચિત્ત યોનિ કહેવાય.
દા.ત. : સૂકા લાકડામાં કીડા ઉત્પન્ન થાય છે, તો તે સૂકું લાકડું ચૈતન્ય પરિણામથી રહિત હોવાથી, કીડા માટે તે અચિત્ત યોનિ થાય.

(૩) સચિત્તાચિત્ત યોનિ : સચિત્ત અને અચિત્તનાં મિશ્રણવાળી યોનિને સચિત્તાચિત્ત યોનિ કહેવાય. દા.ત. : ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચોની યોનિમાં શુક્ર અને શોણિતના પુદ્ગલો હોય છે. તેમાં જે પુદ્ગલો આત્મસાત્ કરાયેલા છે એટલે કે આત્મપ્રદેશો સાથે સંબંધ છે, તે સચિત્ત હોય અને બાકીનાં અચિત્ત હોય છે.

(૪) શીત યોનિ : જે યોનિનો સ્પર્શ શીત એટલે કે ઠંડો હોય, તે શીત યોનિ કહેવાય છે.

(૫) ઉષ્ણ યોનિ : જે યોનિનો સ્પર્શ ઉષ્ણ એટલે કે ઊનો હોય, તે ઉષ્ણ યોનિ કહેવાય છે.

(૬) શીતોષ્ણ યોનિ : જે યોનિનો સ્પર્શ અતિ શીત કે અતિ ઉષ્ણ ન હોય, તે શીતોષ્ણ યોનિ કહેવાય છે.

(૭) સંવૃત યોનિ : જે યોનિ ઢંકાયેલી હોય, તે સંવૃત યોનિ કહેવાય.
દા.ત. : દેવલોકની દિવ્ય શય્યા કે જ્યાં દેવો ઉત્પન્ન થાય છે, તે વસ્ત્રાદિથી ઢંકાયેલી હોય છે.

No.

Date

(૮) <u>વિવૃત યોનિ</u> : જે યોનિ ઉઘાડી હોય, તે વિવૃત યોનિ કહેવાય.
<u>દા.ત.</u> : જળાશય - તે જીવોને ઉત્પન્ન થવાનું સ્થાન છે અને ઉઘાડું હોવાથી સ્પષ્ટપણે જોઈ શકાય છે.

(૯) <u>સંવૃત-વિવૃત યોનિ</u> : જે યોનિ કેટલેક અંશે ઢંકાયેલી અને કેટલેક અંશે ઉઘાડી હોય, તે સંવૃત-વિવૃત યોનિ કહેવાય.
<u>દા.ત.</u> : ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચની યોનિનો અંદરનો ભાગ ઢંકાયેલો હોય અને બહારનો ભાગ દેખાતો હોય.

૧ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્છિમ મનુષ્યોની યોનિ સચિત્ત, અચિત્ત અને સચિત્તાચિત્ત - એ ત્રણેય પ્રકારની હોય છે.

૧ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યોની યોનિ સચિત્તાચિત્ત અને સંવૃત-વિવૃત એટલે કે મિશ્ર જ હોય છે.

૧ નારક અને દેવોની યોનિ અચિત્ત જ હોય છે.

૧ દેવો, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યોની યોનિ શિતોષ્ણ હોય છે.

૧ નારક જીવોની યોનિ શીત અથવા ઉષ્ણ હોય છે, પરંતુ શીતોષ્ણ હોતી નથી.

(a) રત્નપ્રભા, શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા - એટલે પહેલી ત્રણ નરકમાં જે નૈરયિકોનાં ઉપપાત (ઉત્પન્ન થવાના) ક્ષેત્રો છે, તે બધાં શીત પરિણામે પરિણત છે. એથી, ત્યાં ઉત્પન્ન થનાર નારકીનાં જીવોને ઉષ્ણ વેદનાનો અનુભવ થાય છે.

(b) પંકપ્રભા (ચોથી) અને ધૂમપ્રભા (પાંચમી) નરકમાં, કેટલાંક ઉપપાત ક્ષેત્રો શીત છે અને કેટલાંક ઉપપાત ક્ષેત્રો ઉષ્ણ છે. તેથી ત્યાં, અનુક્રમે, ઉષ્ણ અને શીત વેદનાનો અનુભવ થાય છે.

(c) તમઃપ્રભા (છઠ્ઠી) અને તમસ્તમઃપ્રભા (સાતમી) નરકમાં બધાં જ ઉપપાત ક્ષેત્રો ઉષ્ણ યોનિવાળા છે, એટલે ત્યાં ઉત્પન્ન થનાર નારકનાં જીવોને ભયંકર શીતવેદનાનો અનુભવ થાય છે.

૧ માનવ સ્ત્રીની યોનિના ૩ પ્રકાર છે :

(૧) કૂર્મોન્નત : કાચબાની પીઠની જેમ ઊંચી હોય

(૨) વંશીપત્ર : વાંસના બે સંયુક્ત પત્ર જેવા આકારની હોય

(૩) શંખાવર્ત : શંખના જેવા આવર્તવાળી હોય.

- અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ તથા બળદેવની માતાની યોનિ કૂર્મોન્નત હોય છે.
- બાકીની સર્વ સ્ત્રીઓની યોનિ વંશીપત્ર હોય છે.
- ચક્રવર્તી જે સ્ત્રી રત્નને પરણે છે, તેની યોનિ શંખાવર્ત હોય છે. આ યોનિથી સંતાન ઉત્પન્ન થતું નથી, કારણ કે અનંત કામાગ્નિને લીધે તેમાંનો ગર્ભ નાશ પામે છે.

- જીવોને ઉત્પન્ન થવાનાં સ્થાનો અસંખ્ય છે, પરંતુ જેનાં સ્પર્શ, ગંધ, રસ, વર્ણ સમાન હોય, તેવાં બધાં સ્થાનોની એક યોનિ ગણીએ, તો એવી યોનિઓની સંખ્યા ૮૪ લાખ થાય છે, તે નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| પૃથ્વીકાય | : | ૭ લાખ |
| અપકાય | : | ૭ લાખ |
| તેઉકાય | : | ૭ લાખ |
| વાઉકાય | : | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | : | ૧૦ લાખ |
| સાધારણ વનસ્પતિકાય | : | ૧૪ લાખ |
| બેઈન્દ્રિય | : | ૨ લાખ |
| તેઈન્દ્રિય | : | ૨ લાખ |
| ચઉરિન્દ્રિય | : | ૨ લાખ |
| દેવતા | : | ૪ લાખ |
| નારકી | : | ૪ લાખ |
| તિર્યંચ પંચેન્દ્રિય | : | ૪ લાખ |
| મનુષ્ય | : | ૧૪ લાખ |
| કુલ યોનિ | : | ૮૪ લાખ |

## જીવના ભેદો ઉપર પાંચ દ્વારોનો કોઠો

| સંસારી જીવો | શરીરની ઉંચાઈ | આયુષ્ય | સ્વકાય સ્થિતિ | પ્રાણ | યોનિઓ |
|---|---|---|---|---|---|
| સ્થાવર | | | | | |
| (૧) બાદર-પૃથ્વીકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૨૨૦૦૦ વર્ષ | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | ૭ લાખ |
| (૨) સૂક્ષ્મ-પૃથ્વીકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | |
| (૩) બાદર-અપ્કાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૭૦૦૦ વર્ષ | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | ૭ લાખ |
| (૪) સૂક્ષ્મ-અપ્કાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | |
| (૫) બાદર-તેઉકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ત્રણ અહોરાત્ર | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | ૭ લાખ |
| (૬) સૂક્ષ્મ-તેઉકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | |
| (૭) બાદર-વાઉકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૩૦૦૦ વર્ષ | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | ૭ લાખ |
| (૮) સૂક્ષ્મ-વાઉકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | |
| (૯) બાદર-સાધારણ વનસ્પતિકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | અનંત ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | |
| (૧૦) સૂક્ષ્મ-સાધારણ વનસ્પતિકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | અનંત ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | - |
| (૧૧) પ્રત્યેક-બાદર વનસ્પતિકાય | ૧૦૦૦ યોજનથી અધિક | ૧૦૦૦૦ વર્ષ | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોશ્વાસ, કાયબળ | ૧૦ લાખ |
| ત્રસવિકલેન્દ્રિય (૧૨) બેઇન્દ્રિય | બાર યોજન | બાર વર્ષ | સંખ્યાત વર્ષ | વચનબળ, રસના ઇન્દ્રિય વધારે ૬ | ૨ લાખ |
| (૧૩) તેઇન્દ્રિય | ત્રણ ગાઉ | ૪૯ દિવસ | સંખ્યાત દિવસ | ઘ્રાણેન્દ્રિય વધારે ૭ | ૨ લાખ |
| (૧૪) ચઉરિન્દ્રિય | ૧ યોજન | છ માસ | સંખ્યાત માસ | ચક્ષુરિન્દ્રિય વધારે ૮ | ૨ લાખ |
| પંચેન્દ્રિયો-નારકો (૧૫) ૧લી ના નારકો | ૭॥ ધનુષ ૬ અંગુલ | ૧ સાગરોપમ | નથી | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | સાતેય |
| (૧૬) ૨જીના નારકો | ૧૫॥ ધનુષ ૧૨ અંગુલ | ૩ સાગરોપમ | નથી | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | નારકોની |
| (૧૭) ૩ જીના નારકો | ૩૧ ધનુષ | ૭ સાગરોપમ | નથી | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | મળીને |
| (૧૮) ૪થીના નારકો | ૬૨॥ ધનુષ | ૧૦ સાગરોપમ | નથી | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | ૪ લાખ |

No. 323

Date

| સંસારી જીવો | શરીરની ઉંચાઈ | આયુષ્ય | સ્વકાય સ્થિતિ | પ્રાણ | યોનિઓ |
|---|---|---|---|---|---|
| (૧૯) ધમીના નારકો | ૧૨૫ ધનુષ | ૧૭ સાગરોપમ | નથી | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | સાતેય |
| (૨૦) ૬ઠ્ઠીના નારકો | ૨૫૦ ધનુષ | ૨૨ સાગરોપમ | નથી | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | નારકોની |
| (૨૧) ૭મી ના નારકો | ૫૦૦ ધનુષ | ૩૩ સાગરોપમ | નથી | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | મળીને ૪ લાખ |
| તિર્યંચો ગર્ભજ (૨૨) જલચર | ૧૦૦૦ યોજન | ક્રોડ પૂર્વ વર્ષ | ૭-૮ ભવ | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | સર્વ |
| ગર્ભજ સ્થલચર (૨૩) ચતુષ્પદ | છ ગાઉ | ત્રણ પલ્યોપમ | ૭ - ૮ ભવ | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | તિર્યંચ |
| (૨૪) ઉરપરિસર્પ | ૧૦૦૦ યોજન | ક્રોડ પૂર્વ વર્ષ | ૭-૮ ભવ | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | પંચેન્દ્રિયો ની |
| (૨૫) ભુજપરિ-સર્પ | ગાઉ પૃથક્ત્વ | ક્રોડ પૂર્વ વર્ષ | ૭-૮ ભવ | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | મળીને |
| (૨૬) ગર્ભજ - ખેચર | ધનુષ પૃથક્ત્વ | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ | ૭-૮ ભવ | કુલ ૧૦, શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | ૪ લાખ સમજવી |
| સંમૂર્છિમ (૨૭) જલચર | ૧૦૦૦ યોજન | ક્રોડ પૂર્વ વર્ષ | ૭-૮ ભવ | મન વિના ૯ પ્રાણ | સર્વ તિર્યંચ |
| સંમૂ. સ્થલચર (૨૮) ચતુષ્પદ | ગાઉ પૃથક્ત્વ | ૮૪૦૦૦ વર્ષ | ૭-૮ ભવ | મન વિના ૯ પ્રાણ | પંચેન્દ્રિયો ની |
| (૨૯) ઉરપરિસર્પ | યોજન પૃથક્ત્વ | ૫૩૦૦૦ વર્ષ | ૭-૮ ભવ | મન વિના ૯ પ્રાણ | મળીને |
| (૩૦) ભુજપરિસર્પ | ધનુષ પૃથક્ત્વ | ૪૨૦૦૦ વર્ષ | ૭-૮ ભવ | મન વિના ૯ પ્રાણ | ૪ લાખ |
| (૩૧) સંમૂર્છિમ ખેચર | ધનુષ પૃથક્ત્વ | ૭૨૦૦૦ વર્ષ | ૭-૮ ભવ | મન વિના ૯ પ્રાણ | સમજવી |
| (૩૨) ગર્ભજ મનુષ્ય | ત્રણ ગાઉ | ત્રણ પલ્યોપમ | ૭-૮ ભવ | ૧૦ પ્રાણ | સર્વ |
| (૩૩) સંમૂર્છિમ મનુષ્ય | અંગુલનો અસં-ખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | ૭ ભવ | મન વિના ૯ પ્રાણ | મનુષ્યોની ૧૪ લાખ |
| દેવો ભવનપતિ (૩૪) અસુરકુમાર | ૭ હાથ | ૧ સાગરોપમ થી અધિક | નથી | ૧૦ પ્રાણ | સર્વ દેવોની |
| દેવો ભવનપતિ ૩૫ થી ૪૩ બાકીના ૯ | ૭ હાથ | કાંઈક ઓછા ૨ પલ્યોપમ | નથી. | ૧૦ પ્રાણ | મળીને |
| ૪૪ થી ૫૧ વ્યંતરો | ૭ હાથ | ૧ પલ્યોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| જ્યોતિષ્કો - (૫૨) ચંદ્ર | ૭ હાથ | ૧ પલ્યોપમ અને ૧ લાખ વર્ષ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૫૩) સૂર્ય | ૭ હાથ | ૧ પલ્યોપમ ૧ હજાર વર્ષ | નથી. | ૧૦ પ્રાણ | ૪ લાખ |
| (૫૪) ગ્રહ | ૭ હાથ | ૧ પલ્યોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૫૫) નક્ષત્ર | ૭ હાથ | અર્ધ પલ્યોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૫૬) તારા | ૭ હાથ | ૦। પલ્યોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| વૈમાનિક દેવો (૫૭ કલ્પોપપન્ન (૧) સૌધર્મ | ૭ હાથ | બે સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | સમજવી |

| સંસારી જીવો | શરીરની ઉંચાઈ | આયુષ્ય | સ્વકાય સ્થિતિ | પ્રાણ | યોનિઓ |
|---|---|---|---|---|---|
| (૨) ઈશાન | ૭ હાથ | ૨ સાગરોપમ થી અધિક | નથી. | ૧૦ પ્રાણ | સર્વ |
| (૩) સનત્કુમાર | ૬ હાથ | ૭ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૪) માહેન્દ્ર | ૬ હાથ | ૭ સાગરોપમ થી અધિક | નથી. | ૧૦ પ્રાણ | દેવોની |
| (૫) બ્રહ્મલોક | ૫ હાથ | ૧૦ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૬) લાંતક | ૫ હાથ | ૧૪ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૭) મહાશુક્ર | ૪ હાથ | ૧૭ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | મળીને |
| (૮) સહસ્રાર | ૪ હાથ | ૧૮ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૯) આનત | ૩ હાથ | ૧૯ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૧૦) પ્રાણત | ૩ હાથ | ૨૦ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | ૪ લાખ |
| (૧૧) આરણ | ૩ હાથ | ૨૧ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૧૨) અચ્યુત | ૩ હાથ | ૨૨ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૫૮) કલ્પાતીત ગ્રૈવેયક | | | | | સમજવી |
| (૧) સુદર્શન | ૨ હાથ | ૨૩ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૨) સુપ્રતિબદ્ધ | ૨ હાથ | ૨૪ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૩) મનોરમ | ૨ હાથ | ૨૫ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | સર્વ |
| (૪) સર્વતોભદ્ર | ૨ હાથ | ૨૬ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૫) સુવિશાળ | ૨ હાથ | ૨૭ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૬) સુમનસ | ૨ હાથ | ૨૮ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | દેવોની |
| (૭) સૌમનસ્ય | ૨ હાથ | ૨૯ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૮) પ્રિયંકર | ૨ હાથ | ૩૦ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | મળીને |
| (૯) નંદીકર | ૨ હાથ | ૩૧ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| અનુત્તર વૈમાનિક (૧) વિજય | ૧ હાથ | (૩૧ થી ૩૩) સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| (૨) વિજયંત | ૧ હાથ | ” | નથી. | ૧૦ પ્રાણ | ૪ લાખ |
| (૩) જયંત | ૧ હાથ | ” | નથી. | ૧૦ પ્રાણ | |
| (૪) અપરાજિત | ૧ હાથ | ” | નથી. | ૧૦ પ્રાણ | સમજવી |
| (૫) સર્વાર્થસિદ્ધ | ૧ હાથ | ૩૩ સાગરોપમ | નથી. | ૧૦ પ્રાણ | |
| સિદ્ધ જીવોને | નથી | નથી | સાદિ અનંત | નથી | નથી |

# સિદ્ધ – મુક્ત જીવો (જીવનો બીજો પ્રકાર)

જીવ

સંસારી (૫૬૩ ભેદ) | મુક્ત (૧૫ ભેદ)

નિશ્ચયનયથી (તત્વદૃષ્ટિએ) સિદ્ધ-મુક્ત જીવોનાં કોઈ ભેદ નથી. પરંતુ, વ્યવહારનયથી તમામ સિદ્ધોની પૂર્વભવની - છેલ્લી સંસારી અવસ્થાની અપેક્ષાએ, આ પંદર ભેદ નીચે મુજબ છે :

(૧) જિન સિદ્ધ : તીર્થંકર થઈને મોક્ષે જનાર
દા.ત. : મહાવીર સ્વામી વગેરે તીર્થંકર

(૨) અજિન સિદ્ધ : તીર્થંકર સિવાયના મોક્ષે જનાર
દા.ત. : ગણધર, કેવળી વગેરે

(૩) તીર્થ સિદ્ધ : તીર્થ સ્થપાયા પછી મોક્ષે જનાર
દા.ત. : ગણધર, જંબૂસ્વામી વગેરે

(૪) અતીર્થ સિદ્ધ : તીર્થ સ્થપાયા પહેલાં મોક્ષે જનાર
દા.ત. : મરુદેવા માતા વગેરે

(૫) ગૃહસ્થલિંગ સિદ્ધ : ગૃહસ્થવેષમાં કેવળજ્ઞાન થયું અને પછી દીક્ષા.
દા.ત. : ભરત ચક્રવર્તી

(૬) સ્વલિંગ સિદ્ધ : સાધુવેષ અંગીકાર કરી જે સાધુઓ મોક્ષે જાય તે.
દા.ત. : અઈમુત્તા મુનિ

(૭) અન્યલિંગ સિદ્ધ : સાધુવેષ વિના જે મોક્ષે જાય તે - તાપસ વગેરે
દા.ત. : વલ્કલચીરી, તાપસ વગેરે

(૮) સ્ત્રીલિંગ સિદ્ધ : સ્ત્રીલિંગે મોક્ષે જનાર
દા.ત. : ચંદનબાળા, મૃગાવતી, મરુદેવા, મલ્લિનાથ

(૯) પુરુષલિંગ સિદ્ધ : પુરુષલિંગે મોક્ષે જનાર
દા.ત. : ગૌતમ ગણધર, અઈમુત્તા મુનિ વગેરે

(૧૦) નપુંસકલિંગ સિદ્ધ : નપુંસકલિંગે મોક્ષે જનાર
દા.ત. : ગાંગેય મુનિ

(૧૧) સ્વયંબુદ્ધ સિદ્ધ : પોતાની મેળે, બાહ્ય નિમિત્ત વિના, બોધ પામીને મોક્ષે જનાર.
દા.ત. : તીર્થંકરો, કપિલ વગેરે

(૧૨) <u>પ્રત્યેકબુદ્ધ સિદ્ધ</u> : કોઈ નિમિત્તં પામીને વૈરાગ્ય પામી મોક્ષે જનાર
<u>દા.ત.</u>: કરકંડુ વગેરે
<u>નોંધ</u>: સ્ત્રી પ્રત્યેકબુદ્ધ ન હોય.

(૧૩) <u>બુદ્ધબોધિત સિદ્ધ</u>: બીજાથી (ગુરુથી) બોધ પામી મોક્ષે જનાર
<u>દા.ત.</u>: જંબૂસ્વામી વગેરે

(૧૪) <u>એક સિદ્ધ</u> : એક સમયે એક જ જીવ મોક્ષે જનાર
<u>દા.ત.</u>: વીર પ્રભુ વગેરે

(૧૫) <u>અનેક સિદ્ધ</u> : એક સમયે અનેક સાથે મોક્ષે જનાર
<u>દા.ત.</u>: ઋષભદેવ (એક સાથે ૧૦૮ મોક્ષે ગયા)
તેમના ૯૯ પુત્રો અને ભરત ચક્રવર્તીના ૮ પુત્ર
= ૧૦૮ જીવ.

❀ સિદ્ધ ભગવંતોને શરીરની અવગાહના નથી, પરંતુ તેઓનો આત્મા વધારેમાં વધારે ૩૩૩⅓ ધનુષ્ય (૩૩૩ ધનુષ્ય અને ૩૨ આંગળ) અને ઓછામાં ઓછા ૪⅔ હાથ પ્રમાણના અવકાશમાં તીર્થંકરો હોય છે, અને સામાન્ય કેવળી ભગવંતો જઘન્ય ૩૨ અંગુલના અવકાશમાં સિદ્ધ હોય છે. સિદ્ધશિલા ૪૫ લાખ યોજન પ્રમાણ છે.

❀ આચારાંગ સૂત્રમાં સિદ્ધ પરમાત્માના ૩૧ ગુણ આ પ્રમાણે કહેલા છે: તેઓ દીર્ઘ નથી, હ્રસ્વ નથી, ગોળ નથી, ત્ર્યસ્ત્ર (ત્રિકોણાકાર) નથી, ચતુરસ્ત્ર (ચોખુણાકાર) નથી, પરિમંડળ (વડવૃક્ષના આકારે) નથી, રાતા (લાલ) નથી, પીળા નથી, ધોળા નથી, કાળા નથી, લીલા નથી, સુગંધવાળા નથી, દુર્ગંધવાળા નથી, કડવા નથી, તીખા નથી, કષાયેલા (તુરા) નથી, ખાટા નથી, મધુર નથી, કર્કશ (ખરબચડા) નથી, સુંવાળા નથી, ભારે નથી, હલકા નથી, શીત નથી, ઉષ્ણ નથી, સ્નિગ્ધ (ચીકાશવાળા) નથી, રૂક્ષ (લુખા) નથી, દેહધારી નથી, ક્રિયાવાળા નથી, સ્ત્રીરૂપ નથી, પુરુષરૂપ નથી, અને નપુંસક નથી.

## ~~: જીવ-વિચાર ગ્રંથ - સમાપ્ત :~~

<u>ખાસ નોંધ</u>: પૂ. દર્શનયશ મ. સાહેબે આ લખાણ શ્રાવકો દ્વારા કરાવેલ હોવાથી, ભૂલો સુધારીને વાંચવા નમ્ર વિનંતી.